धर्मो
रक्षति
रक्षितः

# ઘરવાપસી

## પીરાણા સતપંથ થી સનાતન

ક.ક.પા.સનાતન જ્ઞાતિનો સ્વબળે ઘરવાપસીનો ઇતિહાસ

ઇતિહાસવિદ સમિતિ
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ-૩૭૦૬૧૫



sharpex
forest & garden solutions
A beautiful lawn doesn't
just happen by itself.
INTRODUCING NEW &
EXCLUSIVE RANGE OF
ELECTRIC LAWN MOWERS
We Are The Lawn Mower People®
Wall Mount
Hose Hanger
Snake Catcher
Eco Chair
Manual
Lawn Mower
Flower Pot Stands
Gardening Hand Tools
Bird Bracket
Pot Trolley
European
Flower Pots
Sharpex Engineering Works
Plot No 1-5, L Type Estate, GIDC, Odhav, Ahmedabad- 382 415 India.
Email: info@sharpex.com Call: +91-9998222622 Toll Free: 1800 313 3303
Our Online Partners: amazon.in Flipkart
Buy it From
www.sharpex.com

धर्मो
रक्षति
रक्षितः

# ઘરવાપસી

## પીરાણા સતપંથ થી સનાતન

એક શોષિત, વંચિત, ગરીબ, અભણ અને લાચાર જ્ઞાતિનો, ૫૫૦ વર્ષથી ચાલતા સ્વબળે-ઘરવાપસીના યશસ્વી સંઘર્ષનો ઇતિહાસ છે.

સંઘર્ષના સમયકાળ થી વિકાસ, પ્રગતિ અને સમૃદ્ધિના શિખરો આંબતી ક. ક. પા. જ્ઞાતિના ગરિમામય ઇતિહાસને આ પુસ્તકમાં ખૂબ આનંદ અને ગૌરવ સાથે આવરી લીધેલ છે.

ઇતિહાસવિદ સમિતિ
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ-૩૭૦૬૧૫

## TITLE VERSO

| | |
|---|---|
| **પુસ્તકનું નામ** | : ઘરવાપસી – પીરાણા સતપંથ થી સનાતન |
| **સંકલન** | : ઇતિહાસવિદ સમિતિ |
| **પ્રકાશન દિનાંક** | : 11-May-2023; વિક્રમ સંવત 2079 વૈશાખ વદ 6, ગુરુવાર |
| **આવૃત્તિ** | : પહેલી |
| **નકલ** | : 5000 |
| **ભાષા** | : ગુજરાતી |
| **પ્રકાશક** | : ઇતિહાસવિદ સમિતિ,<br>શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ (abkkpsamaj.org) |
| **સ્થળ** | : શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ, ગુજરાત ૩૭૦૬૧૫ |

| | |
|---|---|
| **Title** | : Gharwaapsi – Pirana Satpanth Thi Sanatan |
| **Compiled by** | : Itihasvid Samiti (Committee of Historians) |
| **Date of Publication** | : 11-May-2023; Vikram Samvat 2079 Vaisakh Vad 6, Thursday |
| **Edition** | : 1st |
| **No. of copies** | : 5000 |
| **Language of Book** | : Gujarati |
| **Paperback/hardback** | : Hardback |
| **Published by** | : Itihasvid Samiti (Committee of Historians)<br>Shri Akhil Bhartiya Kutch Kadva Patidar Samaj (abkkpsamaj.org) |
| **Place of Publication** | : Shri Akhil Bhartiya Kutch Kadva Patidar Samaj, Patidar Vidyarthi Bhavan, Nakhtrana, Kutch, Gujarat 370615 |


**Short Description of Book:**

Critical analysis of the religious history of Kutch Kadva Patidar Sanatan community. The book contains the history about the community's initial religious conversion from Hindu Sanatan religion to Pirana Satpanth religion (a branch of Shia Islam) and re-conversion back to Sanatan Religion popularly known as Hindu religion.

Copyright © 2023. All rights reserved. No part of this publication may be reproduced, distributed, or transmitted in any form or by any means, including photocopying, recording, or other electronic or mechanical methods, without the prior written permission of the publisher, except in the case of brief quotations embodied in critical reviews and certain other non-commercial uses permitted by copyright law.

**NOT FOR SALE FOR PRIVATE CIRCULATION AND MEMBERS USE ONLY**



સનાતની કચ્છ કડવા પાટીદાર જ્ઞાતીના ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ



કડવા પાટીદાર કુળદેવી મા ઉમિયા



# બ્રહ્મલીન સંત
# શ્રી ઓધવરામજી મહારાજ

## જ્ઞાતિ સુધારક સંતો અને વડીલો



સંત લાલરામજી



સંત દયાલરામજી



કેસરા પરમેશ્વરા



નારાયણજી રામજી લીંબાણી



રતનશી ખીમજી ખેતાણી

SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR SAMAJ
(Trust Regd. No. A-828 Kutch Dt. 6-4-1965)
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
મુખ્ય કાર્યાલય : પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ. પીન - ૩૭૦ ૬૧૫.
Head Office : Patidar Vidhyarthi Bhavan, Nakhatrana, Kutch. Pin - 370 615.
Phone : (02835) (O) 222149, 292700 Fax : 221049
E-mail : info@abkkpsamaj.org • Website : www.abkkpsamaj.org



## સંદેશ

પાટીદાર સમાજ ભારતના કૂર્મિઓમાં અગ્રગણ્ય જ્ઞાતિમાંની એક છે, તેવું આદર સાથે માનવામાં આવે છે. તેમાંય પોતાની ભાતીગળ સંસ્કૃતિને કારણે આપણો કચ્છ કડવા પાટીદાર સમાજ વીરતા, સાહસિકતા અને સ્વભાવગત સ્થિરતા, નીડરતા અને વિવેક સાથેના વટ જેવા સદગુણોને કારણે મુઠ્ઠી ઊંચેરો લેખવામાં આવે છે.

આવા આદર્શ સમાજનો ધાર્મિક બાબતોનો ભૂતકાળ એવમ કંઇક અંશે વર્તમાન પણ શુદ્ધ હિન્દુત્વના અસ્તિત્વ માટે સંઘર્ષમય રહ્યો છે. આપણને ભોળવી હિન્દુ શાસ્ત્રો જેવા જ ભળતા બનાવટી શાસ્ત્રો તૈયાર કરી ધાર્મિક રીતે આપણી જ્ઞાતિને આયોજન પૂર્વક ગુમરાહ કરી છે. આ રમતને ના ઓળખી શકવાની કમજોરી વશ આપણા વડવાઓ વિધર્મને અપનાવી લીધો. સમાજની દશા કે દિશા વિચાર્યા વગર પરપંથ ભણી જ્ઞાતિ આગળ વધી રહ્યો હતી, ત્યારે મા ઉમાની કૃપાથી તત્કાલીન સમાજના દ્રષ્ટિવંત જાગૃત પ્રહરીઓની દીર્ઘદ્રષ્ટિથી જ્ઞાતિને સ્વધર્મમાં પાછી વાળવાનું ઐતિહાસિક મંડાણ થયું.

**"જાનામિ ધર્મમ નચ મેં પ્રવૃત્તિ, જાનામિ અધર્મ નચમે નિવૃત્તિ"**

**"સાચો ધર્મ જાણવા છતાં તે માર્ગે જઈ શકાતું નથી,**
**ખોટો ધર્મ સમજવા છતાં એ ધર્મનો માર્ગ છોડી શકાતો નથી"**

દુર્યોધન જેવી સ્થિતિ ધરાવતા આપણા તે વખતના ધર્મ પ્રચારકો, કાકાઓ, મુખીઓ, ગેઢેરાઓ સામે જાગૃત આગેવાનોએ મોરચો માંડીને જાગૃતિનો શંખનાદ કર્યો. જ્ઞાતિને પાછી વાળવા સામે પ્રવાહે પડીને "ઘરવાપસી"ના શ્રી ગણેશ કર્યા. ત્યાર પછી અનેક ધાર્મિક સંઘર્ષો અને અંતરાયો પાર કરીને આજે આપણે કિનારે પહોંચ્યા છીએ. આ અત: થી ઇતિ સુધીની ઘરવાપસીની યાત્રા દરમિયાન જે તે સમયના અનેક જાગૃત વડીલોએ મહાનતા અને ઉદારતાના દર્શન કરાવી સમાજને સ્વધર્મમાં પરત લાવવા સહકાર આપ્યો છે તેથી આ મહાન કાર્ય શક્ય બન્યું છે.

ભારત દેશ, જેવી રીતે દાયકાઓ અને સદીઓ વીતી ગઈ બાદ પણ અંગ્રેજો અને મોગલોની ગુલામીની માનસિકતામાંથી પૂર્ણતઃ મુક્ત થવાના આવવાના પ્રયત્ન કરી રહ્યો છે, તેવી રીતે સનાતન ધર્મમાં ઘરવાપસી થયેલ આપણી જ્ઞાતિ પણ સતપંથના મોહબંધનથી છૂટી શકે, આગળ જતા સતપંથ સાથે જોડાયેલ તમામ પ્રકારની માનસિકતાથી મુક્ત થાય અને કયામ માટે શુદ્ધ સનાતન ધર્મને વળગી રહે, તેને કોઈ ફરીથી ભોળવી ના જાય, તેવી ભાવના સાથે "ઘરવાપસી – પીરાણા સતપંથ થી સનાતન" પુસ્તકનું લેખન અને સંપાદન કરવા માટે ઇતિહાસવિદ સમિતિના કન્વીનર CA ચંદ્રકાંતભાઈ કાંતિલાલ છાભૈયા અને એમની ટીમને અભિનંદન અને ધન્યવાદ આપું છું. અને આ સઘળી સત્ય હકીકત જાણ્યા, સમજ્યા પછી સમાજ નેક અને સર્વશ્રેષ્ઠ બનશે જ તેવી મને શ્રધ્ધા છે.



**શ્રી અબજીભાઈ વિશ્રામભાઇ કાનાણી.**
પ્રમુખશ્રી, શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ.
દિનાંક: 05-Apr-2023
(હનુમાન જયંતી)

# સંદેશ

આજે દુર્લભ અને ગૌરવશાળી મુઠ્ઠી ઉંચેરો સમાજ ગણાતા આપણા કચ્છ કડવા પાટીદાર સમાજના ઇતિહાસના પાંના આર્થિક રીતે છત-અછતની સાથે, સામાજિક અને ધાર્મિક સંઘર્ષોથી ભરેલા છે. એક તો પરધર્મની આધીનતાએ ફળદ્રુપ અને જાગૃત મહેસાણા પંથકને છોડવા આપણા પૂર્વજોને મજબૂર કર્યા હતા તો બીજી વખત દુકાળીયા કચ્છ પ્રદેશે પેટીયુ રળવા માદરે વતનને છોડાવ્યું. વતનને છોડવાની આફતને આપણા પૂર્વજોએ અવસરમાં ફેરવીને આર્થિક પ્રગતિની સાથે ધાર્મિક જાગૃતિની તક ઝડપી લીધી. આપણી જ્ઞાતિનું એ અપ્રતિમ સદભાગ્ય રહ્યું છે કે આપણા જ્ઞાતિજનોમાં નિસ્વાર્થ સંનિષ્ઠ અને સમાજ માટે પોતાની જાત ઘસી નાખનારા સામાજિક ભાવના સભર વ્યક્તિઓએ કાળક્રમે જન્મ લીધો છે અને કોઈને કોઈ સ્વરૂપે પોતાનું શ્રેષ્ઠત્વ સમાજને ચરણે ધર્યું છે.

ધાર્મિક ક્ષેત્રે વિપરીત સંજોગોમાં પ્રવાહોની સામે તરીને સમાજના શુભેચ્છક દ્રષ્ટિવંત વડીલોએ 1920માં કરાચી મુકામે પરિષદના માધ્યમથી સનાતનની જ્યોત પ્રગટાવી જેને આજે 100 વર્ષ પૂરા થતાં એ નાનકડી જ્યોત આજે સમાજમાં ઝળહળતો કેસરિયો પ્રકાશ પાથરતી વિરાટ મશાલ બની ચુકી છે. સમાજ માટે આ ગૌરવ પૂર્ણ ધન્યતાની પળોને 100 વર્ષ પૂરા થતાં શ્રીસમાજની તારીખ 12-Aug 2022 ના રોજની શ્રી સમાજની સામાન્ય સભામાં શતાબ્દી મહોત્સવ ઉજવવાની રજૂઆતને સૌએ ઉત્સાહભેર ટેકો આપતા સનાતનની શતાબ્દી મહોત્સવ ઉજવવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું. સદર સભામાં આયોજન સમિતિના ચેરમેન તરીકે મારી નિમણૂક કરીને જવાબદારી સોંપવામાં આવી તે મારા માટે ધન્યતાની સાથે ગૌરવદાયી, આનંદવર્ધક પળ બની રહી.

એક પૃથ્વી એક ધર્મ એક પરિવાર એક સમાજના છત્ર નીચે અનેક સંગઠિત સમાજો સમગ્ર ભારતમાં પથરાયેલી છે. આવી સદગુણી ઘટક સમાજના સહયોગથી કેન્દ્રીય સમાજે સંગઠન તથા જ્ઞાતિના સર્વાંગી વિકાસમાં હરણફાળ ભરી છે, જેનો ઇતિહાસ સાક્ષી છે.

સનાતનની શતાબ્દી મહોત્સવ એટલે સનાતનની અસ્તિત્વનો ઉત્સવ. સમાજ એકતાની શક્તિને ઉજાગર કરવાનો બહુમૂલ્ય અવસર આપણને પ્રાપ્ત થયો છે. આ શક્તિ શસ્ત્રોની શક્તિ નથી, આ શક્તિ શાસ્ત્રોની શક્તિ છે. કોઈને પરાધીન બનાવવાની શક્તિ નથી પરંતુ આ શક્તિ છે વસુદેવ કુટુંબકમની ભાવનાના ઉમદા સંદેશ સાથે આખી સમાજને એક કરવાની શક્તિ છે. અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ સંપૂર્ણ હિંદુત્વના રાહ પર સ્નેહ-આદર અને ભાવપૂર્વક નિર્માણ થયેલ સનાતની સમાજ છે. વૈદિક સંસ્કૃતિની ગૌરવરૂપ પરંપરામાં જોડીને સૌને એક અને નેક કરવાના મક્કમ ઈરાદા સાથે આગળ વધી રહી છે. સનાતની સમાજ સામે કોઈ શકુની બનીને આવશે, તો કૃષ્ણ બનીને એને નશ્યત કરી દેવામાં આવશે.

સમાજના સ્વાભિમાની કાર્યકર્તા નીલકંઠ શંકર બની ઝેર પીવાની અને સમાજને અમૃત પ્રદાન કરવાની ક્ષમતા ધરાવે છે અને જરૂર પડે કૃષ્ણ જેવા વિરાટ બની અસ્તિત્વની રક્ષા પણ કરે છે. સમાજ માટે ઘસાઈને ઉજળા થવું, સદાચાર, પરોપકાર, માનવતા જેવા સદગુણો આપણને વારસામાં મળ્યા છે. આપણા વડીલોએ પોતાનું જીવન સમાજના કલ્યાણ માટે સમર્પિત કરી સમાજનો વિકાસ સાધી નાના છોડમાંથી આજે વટવૃક્ષ બનાવ્યું છે એટલે આપણે સૌ તેના છાયડે શીતળતાનો અનુભવ કરીએ છીએ. સમાજને સજાવવા માટે વડીલોનો સમર્પિત અમર ઈતિહાસ વડીલોની ગજબની કોઠા સૂઝની પ્રતીતિ કરાવે છે આવા સેવાના ભેખધારી વડીલોના ચરણે નતમસ્તક વંદન.

"ઘરવાપસી – પીરાણા સતપંથ થી સનાતન" ગ્રંથ દ્વારા જિજ્ઞાસુ જ્ઞાતિજનોને આપણા વડીલોના સનાતની સંઘર્ષની જાણકારી મળશે તથા શુદ્રઢ સનાતનની અસ્તિત્વ માટે પ્રેરણા અને માર્ગદર્શન આ પુસ્તક દ્વારા મળતું રહેશે તેવી મને શ્રધ્ધા છે.



દિનાંક: 05-Apr-2023
(હનુમાન જયંતી)

**શ્રી ગોપાલભાઈ વાલજીભાઈ ભાવાણી.**
ચેરમેન શ્રી,
સનાતની શતાબ્દી મહોસત્વ આયોજન સમિતિ

પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, જિલ્લો કચ્છ -ભુજ : ૩૭૦૬૧૫ • Ph: 02835 222149
M: 99090 51360 • 78018 77774

રજી.નં.- A ૧૪૧૪ કચ્છ

Tel.:02832-276232, 299551

SHRI UMIYA MATAJI ISHWAR RAMJI ANNAKSHETRA TRUST

"Umiya Mataji Sansthan" Vandhay (Ishwarnagar), Po.Deshalpar, Bhuj-Kutch.370 040

શ્રી ઉમિયા માતાજી ઈશ્વર રામજી અન્નક્ષેત્ર ટ્રસ્ટ

''ઉમિયા માતાજી સંસ્થાન'' મુ.વાંઢાય (ઈશ્વરનગર), પો.દેશલપર, તા.ભુજ(કચ્છ)-૩૭૦ ૦૪૦. ફોન : ૦૨૮૩૨-૨૭૬૨૩૨, ૨૯૯૫૫૧

તા. ૧૮/૦૪/૨૦૨૩

# શુભેચ્છા સંદેશ

પ્રતિ,
પ્રમુખશ્રી,
અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
નખત્રાણા-કચ્છ.

સાદર જણાવવાનું કે, કેન્દ્રીય સમાજ દ્વારા કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના ઈતિહાસના તથ્યોને ઉજાગર કરતું પુસ્તક 'ઘર વાપસી, પીરાણા સતપંથથી સનાતન'નું પ્રકાશન કરાઈ રહ્યું છે એ અભિનંદનીય છે. દરેક રાષ્ટ્રનો ઈતિહાસ હોય છે તેમ દરેક સમાજનો પણ પોતીકો ઈતિહાસ હોય છે અને તે ઈતિહાસ સમાજના દરેક સભ્યોએ જાણવો આવશ્યક છે. પૂર્વજોએ જે કંઈ કર્યું હોય તેમાંથી આજની પેઢીએ પ્રેરણા લેવી જોઈએ અને વડીલોએ જાણે અજાણે કોઈ ભૂલો કરી હોય તો તેનું પુનરાવર્તન ન થાય તેનું ધ્યાન રાખવું જોઈએ અને આવનારી પેઢીને ગૌરવપૂર્ણ વારસો મળે એવા કાર્યો કરવા જોઈએ. એ સંદેશ આપવાનો ઈતિહાસનો ઉદ્દેશ હોય છે.

આ પુસ્તકમાં કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના વડીલોને ભોળવીને તેમને બ્રેઈનવોશ કરીને એવી રીતે સનાતન ધર્મમાંથી પીરાણા પંથમાં જોડવાનો હીણપતભર્યો પ્રયાસ કર્યો તેની સચોટ સમજણ આપવમાં આવી તેની સાથે સાથે આ અર્ધદગ્ધ પીરાણા પંથમાંથી મુક્ત થઈને પાછા મૂળ સનાતન ધર્મમાં જ્ઞાતિને લાવવા જ્ઞાતિના સુધારકો શ્રી કેશરાબાપા, નારાયણજીબાપા, રતનશીભાઈ, નથુભાઈ જેવા આગેવાનો તેમજ સંતશ્રી લાલરામજી, ઓધવરામજી, દયાલરામજી જેવા વાંઢાયના સંતોએ જે સંઘર્ષપૂર્ણ પ્રયાસો કર્યા તેની સિલસિલાબંધ વિગતો આલેખવામાં આવી છે અને આ ધર્મજાગૃતિની મોહીમમાં જ્ઞાતિની સંસ્થાઓએ પણ જે યોગદાન આપ્યું છે તેનો ઉલ્લેખ કરાયો છે. એ રીતે જોઈએ તો જ્ઞાતિની ૫૦૦ વર્ષની ઘણી ઐતિહાસિક હકીકતોને આ પુસ્તકમાં આવરી લેવામાં આવી છે એ આજની અને આવનારી પેઢી માટે જ્ઞાતિનો અતીત અને વર્તમાન જાણવા માટે ઉપયોગી બની રહેશે એવું અમને લાગે છે. આ પુસ્તક ઈતિહાસની દ્રષ્ટિએ સમાજની દીવાદાંડીરૂપ બની રહે એવી શુભેચ્છા પાઠવીએ છીએ.



**હંસરાજભાઈ દેવજી ધોળુ**
પ્રમુખ
ઉમિયા માતાજી ઈશ્વરરામજી અન્નક્ષેત્ર ટ્રસ્ટ
વાંઢાય-કચ્છ.




શ્રી લક્ષ્મીનારાયણ વિજયતેતરામ ટ્રસ્ટ રજી. નં. એ / ૧૬૯૯

**અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજ**

શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાન - સંસ્કાર ધામ, મુ.પો. દેશલપર, તા. ભુજ, કચ્છ - ૩૭૦ ૦૪૦.

**Akhil Bharatiya Laxminarayan Sanatan Samaj**

Shri Laxminarayan Kendrasthan - Sanskardham, At. Po. Desalpar, Ta. Bhuj, Kutch - 370040.

Ph.: 02832 - 276345, 276044 • E-mail : sanskardham276345@gmail.com • Website : www.shreelaxminarayan.org


તા. ૧૮-૪-૨૦૨૩

## શુભેચ્છા સંદેશ

પ્રતિ,
પ્રમુખશ્રી,
અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
નખત્રાણા-કચ્છ.

સહર્ષ જણાવવાનું કે, કેન્દ્રીય સમાજ જ્ઞાતિના ધાર્મિક ઈતિહાસને આલેખતું પુસ્તક 'ઘરવાપસી, પીરાણા સતપંથથી સનાતન' પ્રકાશિત કરી રહી છે એવું જાણીને આનંદ થયો. દરેક જ્ઞાતિનો ચોક્કસ ધર્મ હોય છે અને તે તેમને વારસામાં મળતો હોય છે, પરંતુ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં ૫૦૦ વર્ષથી જે ધર્મ પ્રવર્તતો હતો તે વાસ્તવમાં ભ્રામક હતો. કડવા પાટીદાર જ્ઞાતિના ભોળાભલા પૂર્વજોને ભ્રમમાં નાખીને સનાતન ધર્મમાંથી પીરાણા પંથમાં લઇ જવામાં આવ્યા હતા. આ બધું શી રીતે બન્યું તેની વિગતવાર માહિતી આ પુસ્તકમાં અપાઇ છે. વળી અર્ધદગ્ધ પીરાણા પંથમાંથી છૂટવા માટે જે સંઘર્ષ કરવો પડ્યો એ જ્ઞાતિના સુધારકો કેશરા મુખી સાંખલા, નારાયણજીબાપા લીંબાણી, રતનશીભાઇ ખેતાણી, નથુભાઇ કેશરાણી તેમજ સંતો લાલરામજી, ઓધવરામજી, દયાલરામજીના સંનિષ્ઠ કાર્યોનો આલેખન પણ આ પુસ્તકમાં સારી રીતે કરવામાં આવ્યું છે. ધર્મજાગૃતિના આ અધૂરા રહેલા કાર્યને પરિપૂર્ણ કરવા કેન્દ્રીય સમાજ, ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાય અને લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાન જેવી સંસ્થાઓ દ્વારા વર્તમાનમાં જે પ્રયાસો ચાલી રહ્યા છે તેનો ઉલ્લેખ પણ આ પુસ્તકમાં કરાયો છે. એ દષ્ટિએ વિચારીએ તો આજની અને આવનારી પેઢીને જ્ઞાતિનો ધાર્મિક ઈતિહાસ જાણવા માટે આ પુસ્તક ખૂબ જ ઉપયોગી બની રહેશે એવું અમારું માનવું છે. જે ભૂલો ભૂતકાળમાં થઇ તે ભવિષ્યમાં ન થાય અને જ્ઞાતિ મૂળ સનાતન ધર્મ છોડી જુદા-જુદા પંથમાં ફંટાઇ ન જાય તેની પ્રેરણા પણ આ પુસ્તકમાંથી જ્ઞાતિજનોને જરૂરથી મળશે એવી આશા સાથે આપનું આ પ્રકાશન યશસ્વી બને એવી શુભકામના પાઠવીએ છીએ.



**ગંગારામ શિવદાસ રામજી**
પ્રમુખ
અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજ
દેશલપર

# અભિલેખ ગ્રંથના વિમોચન દાતા

**સમાજના ૫૦૦ વર્ષના ગૌરવશાળી ઈતિહાસની ખોજ અને તેના લિપિબધ્ધ ગ્રંથના રૂપમાં પ્રકાશન નિમિત્તે સનાતની શતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં સમસ્ત જ્ઞાતિજનોની ઉત્તરોતર પ્રગતી અને મંગલમય જીવનની મનોકામના સાથે...**



| | | |
|---|---|---|
| શ્રીમતી લીલાબેન રતનશીભાઈ લાલજી દિવાણી | વિરાણી | તા. માંડવી |
| શ્રીમતી વર્ષાબેન વિનોદ રતનશી દિવાણી<br>દિતી, હેતી | વિરાણી | તા. માંડવી |
| શ્રીમતી ગીતાબેન સુરેશ રવજી લીંબાણી<br>સાક્ષી, હર્શિલ | નવાવાસ | તા. માંડવી |
| શ્રીમતી વર્ષાબેન રાજેશ શાન્તીલાલ ચૌધરી<br>વંશ, માહી | ગાંધીગ્રામ | તા. માંડવી |
| શ્રીમતી ઉષાબેન હિતેશ અમૃતલાલ રૂડાણી<br>ધીર | જીયાપર | તા. નખત્રાણા |
| શ્રીમતી રશ્મિબેન કેતન ભાગવત પોકાર<br>વેદી | જનકપુર | તા. માંડવી |

**જય લક્ષ્મીનારાયણ...જય ઉમિયા મા...જય સનાતન**

# સ્વ. વાલાબેન રવજીભાઇ કાનજીભાઇ ભગત પરિવાર

## અંકલેશ્વર (ઉગેડી)

## તરફથી ઇતિહાસવિદ ગ્રંથની હાર્દિક શુભકામનાઓ...



સ્વ. રવજીભાઇ કાનજીભાઇ ભગત



સ્વ. વાલાબેન રવજીભાઇ ભગત



સ્વ. હરિભાઇ રવજીભાઇ ભગત

### ◆ શુભેચ્છક ◆

જયાબેન પુરષોત્તમભાઈ રવજીભાઈ ભગત
મંજુલાબેન હરિભાઈ રવજીભાઈ ભગત
દમયંતિબેન દિનેશભાઈ રવજીભાઈ ભગત
નિમિષા સૌરભ પુરષોત્તમભાઈ ભગત
જીનલ દીક્ષિત પુરષોત્તમભાઈ ભગત
આરઝુ રોહિત દિનેશભાઈ ભગત
નિષ્ઠા સૌરભ ભગત । ક્રિશા સૌરભ ભગત
વ્યોમ દિક્ષિત ભગત । રાઘવ સૌરભ ભગત

### સંબધિત પ્રતિષ્ઠાન

**Shree Surya**
Timbers
Plot No. 94/2, Timber Market,
Ankleshwar

**Shree Surya**
Wood Industries
AN ISO 9001 : 2015 CERTIFIED COMPANY
Shed No. A-1/320, Asian Paint Crossing,
GIDC, Ankleshwar

**Satyam**
Wood Industries
Plot No. D-2/E/378, GIDC,
Dahej

**Satyam**
Packers
Plot No. D-2/E/378, GIDC,
Dahej



## ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

તા. ૨૮-૦૪-૨૦૨૩

### સંદેશ

ધર્મોઃ રક્ષતિ રક્ષિતઃ ધર્મનું પાલન, સંસ્કૃતિનું સંવર્ધન અને રક્ષણ તથા પરંપરાને પૂર્વજોએ સ્થાપેલા સંસ્કાર ગણીને પેઢીઓ સુધી પોષતા રહેવું એ સમાજના ઐક્ય માટેનું સનાતન સત્ય છે.

આ સનાતન સત્યને વળગી રહેનાર સમાજ ૧૦૦ વર્ષના સંઘર્ષ સાથે આજે સ્વધર્મને સાચવી રાખવાના ક્રાંતિકારી ઈતિહાસનો સાક્ષી બને છે એ ગૌરવની ગાથા અને સન્માનનું છોગું ગણાય. વડીલોએ સદી પહેલાં ભેગા મળી પરિષદ રચીને સમાજ સુધારણા માટે રચેલો ઈતિહાસ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના અસ્તિત્વ ગ્રંથનું સુવર્ણ સોપાન છે.

આનંદની વાત છે કે તા. ૧૧ થી ૧૪ મે, દરમ્યાન સમાજ તેના શતાબ્દી વર્ષે ક્રાંતિકારી ગૌરવ ગાથાના ઈતિહાસગ્રંથનું વિમોચન કરવા જઈ રહ્યો છે. સમસ્ત ભારત અને વિશ્વભરમાંથી ઉજવણી માટે નખત્રાણા નગરે ઉપસ્થિત રહેનાર સર્વ વ્હાલા કચ્છી સનાતની પરિવારોને મારી ઉર્મિસભર શુભેચ્છા. આ ઉજ્જવળ અવસરે મને નિમંત્રણ મળ્યાનો આનંદ છે. ધન્યવાદ.

આપનો,

(ભૂપેન્દ્ર પટેલ)

To,
**Shree Gopalbhai Valjibhai Bhavani,** Chairman,
Shri Akhil Bhartiya Kutch Kadva Patidar Samaj,
Patidar Vidhyarthi Bhavan, Nakhatrana, Kutch-370615.
Email:info@abkkpsamaj.org
Mo. 8169949593

apro/ug/2023/04/28/vj

# શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજ
# શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ
# શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ



## શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજ

### :: પ્રમુખશ્રીઓ ::



**શ્રી રતનશીભાઈ ખીમજીભાઈ ખેતાણી(દિવાણી)**
વિરાણી મોટી
હાલ : મુંબઈ — ૧૯૩૮ થી ૧૯૪૭



**શ્રી ભીમજી કેશરા લીંબાણી**
કોટડા - જડોદર
૧૯૪૭ થી ૧૯૬૦

### :: મહામંત્રીશ્રીઓ ::



**શ્રી નથુભાઈ નાનજીભાઈ કેશરાણી**
નખત્રાણા
૧૯૩૮ થી ૧૯૬૦

## શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

### :: પ્રમુખશ્રીઓ ::



**શ્રી શીવદાસભાઈ કાનજીભાઈ નાકરાણી**
વિરાણી મોટી
૧૯૬૦ થી ૧૯૭૨



**શ્રી ખીમજીભાઈ નાગજીભાઈ લીંબાણી**
મથલ
૧૯૭૨ થી ૧૯૮૭



**શ્રી પ્રેમજીભાઈ પૂંજાભાઈ વાસાણી**
વિથોણ
૧૯૮૭ થી ૧૯૯૩



**શ્રી મણીલાલ પૂંજાભાઈ રામાણી**
નખત્રાણા
હાલ : મુંબઈ — ૧૯૯૩ થી ૧૯૯૬



**શ્રી પ્રેમજીભાઈ પૂંજાભાઈ વાસાણી**
વિથોણ
૧૯૯૬ થી ૧૯૯૯



**શ્રી ખીમજીભાઈ લખમશીભાઈ લીંબાણી**
નખત્રાણા
હાલ : કલકત્તા — ૧૯૯૯ થી ૨૦૦૨



**શ્રી વાલજીભાઈ શીવજીભાઈ વાડીયા**
દયાપર — ૨૦૦૨ થી ૨૦૦૫
હાલ : જામનગર — ૨૦૦૫ થી ૨૦૦૮



**શ્રી રામજીભાઈ કરમશીભાઈ નાકરાણી**
વિરાણી મોટી
હાલ : રાયપુર — ૨૦૦૮ થી ૨૦૧૧



**શ્રી ગંગારામભાઈ હિરાલાલ સાંખલા**
રસલીયા — ૨૦૧૧ થી ૨૦૧૪
હાલ : નવી દિલ્હી — ૨૦૧૪ થી ૨૦૧૭



**શ્રી અબજીભાઈ વિશ્રામભાઈ કાનાણી**
વિરાણી મોટી — ૨૦૧૭ થી ૨૦૨૧
હાલ : નવી મુંબઈ — ૨૦૨૧ થી ૨૦૨૪

### :: મહામંત્રીશ્રીઓ ::



**શ્રી ખીમજીભાઈ નાગજીભાઈ લીંબાણી**
મથલ
૧૯૬૦ થી ૧૯૭૨



**શ્રી પ્રેમજીભાઈ પૂંજાભાઈ વાસાણી**
વિથોણ
૧૯૭૨ થી ૧૯૮૭



**શ્રી વાલજીભાઈ નારણભાઈ ભગત**
નખત્રાણા — ૧૯૮૭ થી ૧૯૯૩
૧૯૯૩ થી ૧૯૯૬ — ૧૯૯૬ થી ૧૯૯૯



**શ્રી મોહનભાઈ શીવજીભાઈ ધોળુ**
નાગલપર
૧૯૯૯ થી ૨૦૦૨



**શ્રી ઈશ્વરભાઈ માવજીભાઈ ભગત**
કોટડા(જ.)
૨૦૦૨ થી ૨૦૦૫



**શ્રી વાલજીભાઈ કેશરાભાઈ નાકરાણી**
સાંયરા
હાલ : મોરબી — ૨૦૦૫ થી ૨૦૦૮



**શ્રી મોહનભાઈ શીવજીભાઈ ધોળુ**
નાગલપર
૨૦૦૮ થી ૨૦૧૧



**શ્રી માવજીભાઈ કેશરાભાઈ ભગત**
વિથોણ — ૨૦૧૧ થી ૨૦૧૪
હાલ : ભુજ
૨૦૧૪ થી તા. ૦૩-૦૭-૨૦૧૭



**શ્રી વાલજીભાઈ હિરજીભાઈ ચૌહાણ**
દયાપર
હાલ : દહાણું રોડ — ૨૦૧૭



**શ્રી પુરષોત્તમભાઈ રવજીભાઈ ભગત**
ઉગેડી — ૨૦૧૭ થી ૨૦૨૧
હાલ : અંકલેશ્વર — ૨૦૨૧ થી ૨૦૨૪

નિવેદન

# ઇતિહાસવિદ સમિતિનું નિવેદન

અસરકારક ઇતિહાસ એ હોય કે જે લોકોના મનમાં હંમેશા રહેલા એવા મૂલ્યો અને આદર્શોને પ્રગટ કરવા મદદ રૂપ થાય કે જેનાથી જ્ઞાતિ સુધારનું કામ સાચી દિશામાં સ્ફુરિત થાય અને તેનો વિકાસ થાય. ઇતિહાસ વડે એવા મૂલ્યો અને આદર્શોનું સિંચન થાય કે એ સામન્ય લોકોના પ્રવૃત્તિઓના માધ્યમથી અભિવ્યક્ત થાય. આવો અસરકારક ઇતિહાસ લખવો એ પ્રગતિશીલ જ્ઞાતિની પહેલી નિશાની હોય છે. કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિનો આવો અસરકારક ઇતિહાસ લખવાના ધ્યેય સાથે આ પુસ્તક તૈયાર કરવાનો વિનમ્ર પ્રયત્ન કરેલ છે. આ પુસ્તક જ્ઞાતિના સમૃધ્ધ સાહિત્યના સંગ્રહનો મુખ્ય ભાગ બનશે, એમાં બે મત નથી.

ક. ક. પા. જ્ઞાતિની ઐતિહાસિક ઘટનાઓની નોંધને આવરી લેતાં ઘણા પુસ્તકો જોવા મળશે. હવે સમય આવી ગયો છે કે ઇતિહાસનો સાર અને સમજ ઉપર એક પુસ્તક તૈયાર કરવામાં આવે. આ ઐતિહાસિક ઘટનાઓને એક તાંતણે પરોવીને એમાંથી ઇતિહાસનું જે ચિત્ર તૈયાર થાય અને એ ચિત્રમાંથી શિખ અને સમજનો જે સંદેશ આપે એવું કોઈ બીજું પુસ્તક અમારા ધ્યાને આવેલ નથી. આ બાબત ઉપર વધુ પ્રકાશ આ પુસ્તકના ભાગ / ખંડ 1 માં આપેલ "પૃષ્ઠભૂમિ – ઇતિહાસ એક આકલાન" નામનું પ્રકરણ પાડશે.

પીરાણા સતપંથનો સદંતર ત્યાગ કરી સનાતન ધર્મમાં ઘરવાપસીના, 550 વર્ષોના સંઘર્ષની, બીનાને આવરી લેતી ઘટનાઓને જે-તે સમયે નોંધાયેલ દસ્તાવેજો તો ઘણા છે. આ પુસ્તકનો હેતુ ઐતિહાસિક ઘટનાઓના લેખોને ફરીથી લખી એનું પુનરાવર્તન કરવાનું નથી. આ પુસ્તકનો હેતુ ઇતિહાસનું આકલન કરવાનું છે. ઇતિહાસની એ ઘટનાઓ, જે અમારા ધ્યાને આવી હોય, એ તમામ ઘટનાઓનું, શક્તિ અને બુધ્ધિનો અભ્યાસ કરવા યથા યોગ્ય ઉપયોગ કરી, એમાંથી સમજ અને શિખ લોકો સામે સરળ ભાષામાં મૂકવા માટેનો હેતુ છે. આ પુસ્તકમાં આપણે એ ઘટનાઓનું ઝીણવટ ભર્યું, પણ સામાન્ય માણસ સમજી શકે એવી રીતે, આકલન કર્યું છે.

ક. ક. પા. જ્ઞાતિનો જે પ્રકારે ઇતિહાસ છે, એના માટે ઇતિહાસનું આકલન (Analysis) ત્રણ કાળમાં કરવામાં આવ્યું છે.

પહેલા કાળમાં જ્ઞાતિ કોણ છે અને ક્યાં હતી. એ સમયમાં એવું શું થયું કે જ્ઞાતિ નબળી પડી. એવા કયા પરિબળો હતા કે જેણે જ્ઞાતિને નબળી પાડી.

ત્યાર બાદ, બીજા કાળમાં જોઇશું કે જ્ઞાતિની નબળી પરિસ્થિતિનો લાભ લઈને તેના ઉપર કેવા પ્રહારો થયા. વિધર્મીઓએ કેવા-કેવા પેંતરાઓ અજમાવ્યા કે જેનો શિકાર જ્ઞાતિ થઈ. "વિચારધારાના વિનાશ"ની વિધર્મીઓની ચાલ/રણનીતિ શું હતી. ઇસ્લામના પ્રચારકોની એ રમત શા માટે ઓળખી ન શક્યા. આવા પ્રહારોનો પ્રતિકાર કરવાના બદલે એનો સહયોગ કરવાની મૂર્ખતા કરાવનાર બ્રેનવોશ (brainwash) થતા કેમ ગયા. કોઈને ખબર પણ ના પડી અને જ્ઞાતિ પોતાનો વહાલો સનાતન ધર્મ ખોઈ બેઠી અને અધોગતિને આમંત્રિત કરી. આ સંપૂર્ણ બીના અને દયનીય પરિસ્થિતિનો ચિતાર આ પુસ્તકમાં વર્ણવેલ છે, જેથી કરીને બીજી વાર આ ભૂલ ન કરે અને અન્ય હિન્દુ જ્ઞાતિઓ પણ આ પુસ્તકથી શિખ લે.

ત્રીજા કાળમાં, અકલ્પનીય પણ અશક્ય કહી શકાય એવી રીતે, મરણ પથારી પર પડેલી જ્ઞાતિને ફરીથી એક રીતે સજીવન કરવાનો ગૌરવશાળી ઇતિહાસ છે. જ્ઞાતિના આગેવાનોએ ઉપાડેલ પગલાં અને લીધેલ નિર્ણયોથી જ્ઞાતિ કેવી રીતે ધીમે-ધીમે ઇસ્લામી ધર્મનો ફાંટો ગણાતો પીરાણા સતપંથ ધર્મને ત્યાગીને સનાતન ધર્મ અંગીકાર કરતી ગઇ, અને જ્ઞાતિનું સનાતન ધર્મમાં ઘરવાપસી થયું. આ તમામ બાબતોને સરળ ભાષામાં અને એકદમ પદ્ધતિસર સમજાવેલ છે. ખાસ નોંધ લેશો કે અહીં વ્યક્તિના ઘરવાપસીની વાત નથી, પણ જ્ઞાતિના ઘર વાપસીની વાત છે.

પણ ખરા અર્થમાં જ્ઞાતિનું ઘરવાપસી ત્યારે થાય કે જ્યારે સનાતની જ્ઞાતિ પોતાના સામાજિક, ધાર્મિક અને અન્ય સંગઠનો તેમજ જ્ઞાતિ માટે જરૂરી પાયાની સુવિધાઓ ઊભી કરે, જેના પર જ્ઞાતિનું અસ્તિત્વ ટકી શકે. પીરાણા સતપંથ ધર્મથી છૂટા પડીને જ્ઞાતિએ પોતાની અલગ સનાતન જ્ઞાતિને શૂન્યમાંથી ઊભી કરવી એ ઇતિહાસમાં કદાચ બેજોડ હશે.

ખરા અર્થમાં ઘરવાપસીનું કામ પરિપૂર્ણ કરવા માટે પીરાણા સતપંથની માનસિકતાથી જ્ઞાતિ મુક્ત થવી બહુજ જરૂરી હોય છે. એના માટે જ્ઞાતિએ ઇતિહાસમાં પહેલવહેલું માત્ર સનાતનીઓનું જ્ઞાતિ અધિવેશન દિનાંક 11 થી 14-May-2023ના બોલાવેલ છે. જેમાં જ્ઞાતિને સતપંથની માનસિકતાથી મુક્ત કરવા જરૂરી મુખ્ય પગલું જેમાં સતપંથીઓ માટે સનાતની જ્ઞાતિના દરવાજા હવે બંધ કરવાનો નિર્ણય લેવામાં આવશે. જ્ઞાતિને બૌદ્ધિક અને માનસિક રીતે સતપંથથી મુક્ત કરવા માટેની શરૂઆત હશે જેના પરિણામે આગામી અમુક વર્ષો પછી ધીમે-ધીમે જ્ઞાતિની ખરા અર્થમાં ઘરવાપસીનું કામ પૂર્ણ થશે. આ બાબતનું મહત્વ અને અહીં સુધી પહોંચવાનો વ્યવસ્થિત ઇતિહાસ આ પુસ્તકમાં આવરી લેવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.

જ્યારે ઇતિહાસ લખાતો હોય, ત્યારે માત્ર સારી સારી વાતો પૂરતો હોય, તો એ ઇતિહાસ માત્ર અધૂરો નથી પણ ભાવિ પેઢીને અંધારામાં રાખવાનું પાપ/ગુનો કરનાર છે. ઇતિહાસની કમીઓ અને ખામીઓના પ્રસંગોનું મહત્વ પણ સારી વાતો જેટલું જ હોય છે. કારણ કે આ કમીઓ અને ખામીઓ જ આપણને ભવિષ્યની સાચી દિશા સૂચવતા હોય છે.

આ પુસ્તકમાં "જ્ઞાતિનો ઇતિહાસ" નથી, પણ "જ્ઞાતિના ઘરવાપસીનો ઇતિહાસ" છે. બંને વચ્ચેનો ફરક તમે સમજી શકો છો. માટે સામાન્ય રીતે જે જ્ઞાતિનો ઇતિહાસ હોય કે કોણ પ્રમુખ હતું કે કોણ મંત્રી હતા, સંસ્થાઓમાં કોણે શું ભાષણ કર્યું, કોણે કેટલું દાન આપ્યું વગેરે બાબતો આ પુસ્તકમાં નથી. એના માટે જે-તે સમયના અહેવાલો કે રિપોર્ટ છે જ. આ પુસ્તકમાં જ્ઞાતિનું સનાતન ધર્મમાં ઘરવાપસી કરાવવા કેવાં કેવાં ક્રાંતિકારી પગલાઓ ભર્યાં, કેવા સમયમાં ભર્યાં, કેવી કઠિન પરિસ્થિતિમાં ભર્યાં, કેવો વિરોધ હતો વચ્ચે કેવી યુક્તિ-પ્રયુક્તિઓ અપનાવી, કેટલ-કેટલાં બલિદાનો આપ્યા અને અંતે તેના કેવા સારાં-નબળાં પરિણામો આવ્યા અંગેનો ઇતિહાસ છે.

સ્વાભાવિક છે કે આવા લાંબા સમયનો ઘરવાપસીના ઇતિહાસમાં અનેક નાયકો છે, કે જેમણે પોતાની શક્તિઓનો સદુપયોગ આ ભગીરથ કામ માટે કર્યો. અમુક લોકોએ તો પોતાના જીવનને એક માત્ર લક્ષ બનાવીને એ અમૂલ્ય જીવન જ્ઞાતિ હિત માટે ખપાવી દીધું. આવા બધાજ લોકોની વ્યક્તિગત માહિતીઓ કરતા એમના કામોની વાતો આ પુસ્તકમાં લેવામાં આવી છે. જ્ઞાતિની સનાતન ધર્મની ક્રાંતિના મુખ્ય 4 મોજાઓ (waves) આવ્યા,

એ મોજાઓના પ્રણેતા અને ઉપાડો લેનાર મુખ્ય નેતા/લીડરના નામથી એ અભિયાનોને ઓળખાવવા માટે એમનું નામ લેવામાં આવેલ છે. પણ એનો અર્થ એમ નથી કે એમના સમકાલીન બીજા લિડરોનું કામ ઓછું મહત્વનું હતું.

જેવી રીતે ભાવિ પેઢીનો હક્ક છે કે પોતાનો સારો કે ખરાબ પણ બધો જ ઇતિહાસ જાણવાનો તેવીજ રીતે આજની પેઢીની ફરજમાં આવે છે કે એમને સાચો ઇતિહાસ જણાવવાનો.

કમીઓ અને ખામીઓ બધામાં હોય જ છે. ઇતિહાસ લખતી વખતે કોઇ માણસ અને મોહિમ તેમજ સંસ્થા અને સંગઠનની ભૂલો કે કમજોરીઓ તરફ ધ્યાન દોરવામાં આવેલ હોય, તો એનો મતલબ એમ ન લેવો કે એ વ્યક્તિ કે સંસ્થાને ઉતારી પાડવાનો પ્રયાસ કે એને બદનામ કરવાના પ્રયાસ છે. આવી વાતો અહીં ઉમેરવાનો માત્ર એકજ મકસદ છે કે એમની ભૂલો અને અનુભવથી જ્ઞાતિજન કઇંક સારું શિખે. તમને જણાવતા ગૌરવ થાય છે કે ભૂલો કરનાર અમુક વડીલોએ ઉદાર મન રાખી, સામેથી અમને સૂચન આપ્યું છે કે આ અમારી ભૂલ હતી, અને એને ઇતિહાસના પુસ્તકમાં જરૂર આવરી લેજો, જેથી કરીને ફરીથી આવી ભૂલોનું કોઇ પુનરાવર્તન ન કરે. આવા વડીલોની હિંમત અને મહાનતાને દાદ આપવી રહી.

ઘરવાપસીના ઇતિહાસની લગભગ બધીજ મહત્વની ઘટનાઓ આવરી લીધી છે. તેમ છતાં કોઈ મહત્વની ઘટના છૂટી ગઇ હોય તો એના બદ્દલ અમને ખેદ છે. આવી છૂટી ગયેલી ઘટનાઓ અમારા ધ્યાને લાવવા વિનંતી, જેથી કરીને ભવિષ્યમાં યોગ્ય કરી શકાય.

ઇતિહાસ આધારભૂત હોય તો જ એને લોકો એને ખરા અર્થમાં માન્ય રાખી સ્વીકારે. અને આધાર પણ એવા સજ્જડ હોવા જોઈએ કે એ ઘટના સાથે જોડાયેલા હોવા જોઈએ અને સત્ય હોવા જોઈએ. બાકી બનાવટી પુરાવાઓનો ઉપયોગ મોટા ભાગે ચમત્કારોની વાતો સાથે જોડાયેલા હોય. ચમત્કારોની વાતોને ઇતિહાસથી દૂર રાખીને મૂળભૂત પુરાવાઓનો આધાર આ પુસ્તકમાં લેવામાં આવ્યો છે. આના માટે અનેક જગ્યાઓનો પ્રવાસ ખેડ્યો છે અને અનેક લોકોએ વર્ષોથી સાચવેલા અને સજાવેલા પુરાવાઓ આપણી ઇતિહાસવિદ સમિતિને આપ્યા એના બદ્દલ સમિતિ એમની સદાય આભારી રહેશે.

વર્ષો સુધી સાચવવા પાછળની એમની મહેનતને ખરેખર બિરદાવવી જોઇએ. આવા મહત્વના પુરાવાઓ બહાર અમારા સુધી પહોંચાડનાર લોકોનો વિશેષ ધ્યાનવાદ માનવો રહ્યો. એમાં મુખ્ય નામો છે;

| | | |
|---|---|---|
| 1 | શ્રી અ. ભા. ક. ક. પા. સમાજ | નખત્રાણા |
| 2 | કચ્છ કડવા પાટીદાર સમાજ | કોટડા જાડોદર |
| 3 | સ્વ. રતનશી ખીમજી ખેતાણી | વિરાણી મોટી |
| 4 | સ્વ. નારાયણ રામજી લીંબાણી | વિરાણી મોટી |
| 5 | સ્વ. પ્રેમજી ભણજી કેશરાણી | ખરઘર / માનકુવા |
| 6 | અબજીભાઈ વિશ્રામ કાનાણી | વિરાણી મોટી |
| 7 | રતનશી લાલજી દિવાણી | વિરાણી ગઢ |
| 8 | ડો. વસંત અર્જણ ધોળુ | તલોદ |
| 9 | પ્રી. રતીભાઈ લધા છાભૈયા | તલોદ |
| 10 | સ્વ. મેઘજી પરબત છાભૈયા | કોટડા જાડોદર |

| | | |
|---|---|---|
| 11 | સ્વ. ડો. મંગુભાઈ પટેલ | અમદાવાદ |
| 12 | જયંતભાઈ જવાહર લીંબાણી | કોટડા જાડોદર |
| 13 | રમેશ માવજી વાગડિયા | બેંગલોર |
| 14 | realpatidar.com | online website |
| 15 | કાંતિભાઈ અર્જણ ધોળુ | તખતગઢ |
| 16 | સતીશ હસમુખ ચોપડા | વડાગામ |
| 17 | કિશોર ખીમજી લીંબાણી | કોલકાતા |
| 18 | ધીરુભાઈ રાજારામ ધોળુ | મુંબઈ |
| 19 | સ્વ. ભવાનજી લખમશી મૈયાત | રાજ્યપાલયમ |
| 20 | ભરત પ્રેમજી ભગત | કોટડા જાડોદર |
| 21 | જીતુભાઈ હરિભાઇ ધોળુ | વડાલી |
| 22 | ગૌરાંગ ખેતાભાઈ ધનાણી | કડોદરા, સુરત |
| 23 | કરમશી કાનજી વાસાણી | વિરાણી ગઢ |

સેંકડો દસ્તાવેજોની દરેક લાઇનને ધ્યાનથી વાંચી એનું મનન કરી તેમાંથી આધારો મેળવીને આ પુસ્તક રચવામાં આવ્યું છે. એમાંથી મહત્વના દસ્તાવેજોને પુસ્તકના Bibliography/ સંદર્ભ સૂચિ પ્રકરણમાં દર્શાવેલ છે. અને આ પુસ્તકના અન્ય પ્રકરણોમાં જ્યાં-જ્યાં સંદર્ભો લખવામાં આવ્યા છે, ત્યાં-ત્યાં એ સંદર્ભ ગ્રંથનો પ્રકાર અને બને ત્યાં પેજ ક્રમ પણ આપેલ છે. એ ઉપરાંત જ્યાં-જ્યાં જરૂરી હતું, ત્યાં ફૂટનોટના માધ્યમથી મુદ્દા ઉપર વધારે છણાવટ કરવામાં આવી છે. જે આપ સમજી શકો છો કે આ બધું ખૂબજ ચીવટ ભર્યું કામ છે અને મહામહેનત માંગી લે તેવું છે.

જ્ઞાતિના ઇતિહાસમાં, આ પુસ્તકના માધ્યમથી, આ વખતે એક નવતર પ્રયોગ પણ કરવામાં આવ્યો છે. આ પુસ્તક અને તેના દરેક પ્રકરણ (Chapter) ઉપર QR Code આપેલ છે. જેને મોબાઇલ એપથી scan કરવાથી એને online પણ વાંચી શકાસે. ઉપરાંત, એજ QR code મારફતે આ પુસ્તકને અંગ્રેજી (English) ભાષામાં પણ online વાંચી શકાશે. Google Translate જેવી સુવિધાઓથી તમે અન્ય ભાષામાં પણ વાંચી શકસો અને વાંચવામાં તકલીફ હોય તો online screen reader / narrator જેવી સુવિધાઓના માધ્યમથી automatic આ પુસ્તક તમને કોમ્પ્યુટર કે મોબાઇલ વાંચી સંભળાવી શકસે. આ બધી સુવિધાઓ internet ઉપર સામાન્ય રીતે મફત મળતી હોય છે, જેનો લાભ લેવા વિનંતી.

**પ્રકાશન થયા બાદ અગર કોઈ ભૂલચૂક અમારા ધ્યાને આવશે, તો આ પુસ્તકના ONLINE આવૃત્તિ (version)માં સુધારો કરવામાં આવશે અને એ સુધારા થવાથી એને online જોઈ શકસો. જેની પણ નોંધ લેવા વિનંતી.**

આ પુસ્તકના ભાગ / ખંડ 2 માં એવા લેખોનો સમાવેશ

આવડા દસ્તાવેજોનું જીણવટ ભર્યું વાંચન કરવું અને એના પરથી જે ઊંડાઈથી સંદર્ભિત કામ કરવું એ સ્વાભાવિક છે કે ખૂબ સમય માંગી લે એવું કામ છે. ભગવાને જે અમને જ્ઞાતિ સેવાની તક આપી છે એના પર આગળ વધી અમારો જીવ રેડીને અમને મળેલ ખૂબજ અલ્પ સમય ગાળામાં, મા ઉમિયા અને ભગવાન શ્રી લક્ષ્મીનારાયણે જે રીતે અમને સુઝાવ્યું એ પ્રમાણે આ પુસ્તક રચવાનું કામ અમે પૂર્ણ કર્યું છે.

## ઇતિહાસવિદ સમિતિનું નિવેદન

અમારી પૂરી કોશિષ હોવા છતાં, કદાચ એવું બન્યું હોય કે કોઈ મહત્વનું ઐતિહાસિક પાસું છૂટી ગયું હોય, તે તેના માટે અમો દિલગીર છીએ. આ પુસ્તકમાં કોઇ પણ ભૂલચૂક રહી ગઈ હોય તો એનો દોષ સમાજ કે જ્ઞાતિનો નથી, પણ એ મારો છે.

અંત પહેલાં હું અમારી ઇતિહાસવિદ સમિતિના દરેક સભ્યોનો, કે જેમના પર વિસ્તાર અને વિષય પ્રમાણે જવાબદારીઓ વહેંચેલી હતી એનો ખાસ આભાર વ્યક્ત કરવા માગું છું. એમના સાથ સહકારથી આ કામ દીપી ઊઠયું છે. ઇતિહાસવિદ સમિતિના સભ્યોની નામાવલી અલગથી આપેલ છે. એમાં વડીલ શ્રી સૂર્યકાંતભાઈ પરસોત્તમભાઈ ધનાણીનો વિશેષ આભાર માનવો રહ્યો કારણ કે તેઓએ પુસ્તકના દરેક શબ્દોને બાજ નજરથી વાંચીચી એમાં શબ્દોની જોડણી અને વ્યાકરણની ભૂલો સુધારવાનું મહા મુશ્કેલ કામ સુપેરે પાર પાડ્યું. દિવસ રાત જોયા વગર, જ્યારે પણ ફોન કરું એટલે તરતજ કામ ઉપાડી ને પૂરું કરવાની એમની ધગસ આજના યુવાનોને શરમાવે એવી છે. એમને પડદા પાછળ રહીને ખૂબ સંગીન સેવા બજાવી છે.

અંતે ગૌરવભેર એટલું કહીશ કે આ પુસ્તક એક શોષિત, વંચિત, ગરીબ, અભણ અને લાચાર જ્ઞાતિનો, 550 વર્ષથી ચાલતા સ્વબળે-ઘરવાપસીના યશસ્વી સંઘર્ષનો ઇતિહાસ છે. સંઘર્ષ થકી આજે વિકાસ, પ્રગતિ અને સમૃદ્ધિના શિખરો આંબતી આ જ્ઞાતિનો ગરિમામય ઇતિહાસનું આ પુસ્તક છે. જેને ખૂબ માનભેર અને ગૌરવ સાથે તમારી સમક્ષ રજૂ કરવાનો ઇતિહાસવિદ સમિતિના સર્વે સભ્યોને ખૂબ હર્ષ અને આનંદ છે.



**CA શ્રી પટેલ ચંદ્રકાંત કાંતિલાલ છાભૈયા**

CA શ્રી પટેલ ચંદ્રકાંત કાંતિલાલ છાભૈયા
કન્વીનર
ઇતિહાસવિદ સમિતિ
પહેલું ક. ક. પા. સનાતની જ્ઞાતિ અધિવેશન – 2023 નિમિત્તે
<u>સ્થળ:</u> મુંબઈ
<u>દિનાંક:</u> રામ નવમી - 30-Mar-2023 / વિક્રમ સંવત 2079 ચૈત્ર સુદ 9 / ભારતીય રાષ્ટ્રીય દિનદર્શિકા 9 ચૈત્ર 1945

# ઈતિહાસવિદ સમિતિના સભ્યો ની યાદી

| ક્રમ | નામ | હાલમાં ગામ | કચ્છમાં ગામ |
|---|---|---|---|
| ૧ | શ્રી ચંદ્રકાંત કાન્તિલાલ છાભૈયા | મુંબઇ | કોટડા-જ. |
| ૨ | પ્રો. ડો. વસંતલાલ અરજણભાઈ ધોળુ | તલોદ | વિથોણ |
| ૩ | ગૌરાંગભાઈ ખેતાભાઇ ધનાણી | કડોદરા | નખત્રાણા |
| ૪ | કીર્તિભાઇ દિનેશભાઈ દિવાણી | મુંબઇ | કોટડા-જ. |
| ૫ | શ્રી રમેશભાઈ માવજીભાઈ વાગડિયા | બેંગ્લોર | ખોંભડી |
| ૬ | સૂર્યકાંતભાઈ પરસોત્તમભાઈ ધનાણી | વિરાણી મોટી | વિરાણી મોટી |
| ૭ | કાંતિલાલ લખમસીભાઈ લીંબાણી | મુંબઇ | ઘડુલી |
| ૮ | રાજેશભાઈ મેઘજી દિવાણી | કોટડા-જ. | કોટડા-જ. |
| ૯ | પ્રવીણભાઈ નારણભાઈ ધોળુ | નાગલપર | નાગલપર |
| ૧૦ | મોહનભાઈ રતનશી રામજીયાણી | મુંબઇ | મદનપુરા |
| ૧૧ | અમૃતભાઈ રતનસીભાઈ રામાણી | રાજપુર કંપા | કોટડા-જ. |
| ૧૨ | હરિભાઈ માવજીભાઈ વાગડીયા | કોલ્હાપુર | ધારેશી |
| ૧૩ | ડો. શાંતિલાલ મેઘજીભાઈ સેંઘાણી | નખત્રાણા | કોટડા-જ. |
| ૧૪ | વિનોદભાઈ માવજીભાઈ ભગત | ભુજ | વિથોણ |
| ૧૫ | શાંતિલાલ અબજીભાઈ લીંબાણી | વિથોણ | આણંદસર |
| ૧૬ | અમૃતલાલ પ્રેમજીભાઈ ભાવાણી | ચેન્નઈ | વિરાણી મોટી |
| ૧૭ | જયશ્રીબેન પરસોત્તમ ભાઈ નાથાણી | બેંગ્લોર | નખત્રાણા |
| ૧૮ | બાબુભાઈ ભાણજીભાઈ કેશરાણી | માનકુઆ | અંગિયા નાના |
| ૧૯ | જયશ્રીબેન પ્રકાશભાઇ છાભૈયા | બલ્લારસા | નખત્રાણા |
| ૨૦ | નમિતાબેન હિતેશ માધાણી | ગોઆ | વિરાણી મોટી |
| ૨૧ | હાર્દિક જયંતીલાલ ડોસાણી | કોટડા-જ. | કોટડા-જ. |
| ૨૨ | સુનીલભાઈ પરસોત્તમભાઈ ભગત | કોટડા-જ. | કોટડા-જ. |
| ૨૩ | ભગવાનદાસ વિઠ્ઠલભાઈ રવાણી | અમદાવાદ | ખોંભડી |
| ૨૪ | કરશનભાઈ વિશ્રામભાઈ પોકાર | દિલ્લી | કાદીયા |
| ૨૫ | કપિલ મગનભાઈ લીંબાણી | ભુજ | મથલ |

# ઈતિહાસવિદ સમિતિના સભ્યો ની યાદી

| ક્રમ | નામ | હાલમાં ગામ | કચ્છમાં ગામ |
|---|---|---|---|
| ૨૬ | રમેશભાઈ વાલજીભાઈ પારસીયા | સુરત | દયાપર |
| ૨૭ | અંબાલાલ શીવજીભાઈ પોકાર | ગાંધીધામ | જીયાપર |
| ૨૮ | મોહનભાઈ કરશનભાઇ પરવાડિયા | ગઢશીશા | ગઢશીશા |
| ૨૯ | ભોગીલાલ નાનજીભાઈ ધોળુ | સવાસલા કંપા | નાગલપર |
| ૩૦ | બ્રિજેશ ચંદુભાઈ ભાવાણી | પાટણ | ઘડુલી |
| ૩૧ | ભીમજીભાઇ લાલજીભાઈ સેંઘાણી | નાગપુર | વાલ્કા |
| ૩૨ | મંગળદાસ ડાહ્યાભાઈ રવાણી | ઔરંગાબાદ | રતડિયા |
| ૩૩ | નરેન્દ્રભાઈ વાલજીભાઈ માકાણી | કોલકતા | નેત્રા |
| ૩૪ | વસંતભાઈ કેશવલાલ ગોરાણી | ઉડીપી | વિઘોડી |
| ૩૫ | કાંતિભાઈ પ્રેમજીભાઇ ગોરાણી | હૈદરાબાદ | રવાપર |
| ૩૬ | ભીમજીભાઇ કરમશીભાઈ જાદવાણી | ઇન્દોર | રવાપર |
| ૩૭ | વિઠ્ઠલદાસ કાનજીભાઈ નાયાણી | રાયપુર | વિથોણ |
| ૩૮ | જીતેન્દ્ર છગનભાઈ રામાણી | મુંબઇ | મદનપુરા |
| ૩૯ | વસંતભાઈ રાજાભાઈ લીંબાણી | મોડાસા | નખત્રાણા |
| ૪૦ | ઉમેશભાઈ હંસરાજભાઈ રંગાણી | નાગપુર | રવાપર |
| ૪૧ | ધીરજભાઈ લધ્ધારામભાઈ ભગત | વિથોણ | વિથોણ |
| ૪૨ | અનસુયાબેન કનુભાઈ કાનાણી | સુરત | વિરાણી મોટી |
| ૪૩ | મણીલાલ કેશરાભાઈ માવાણી | વરજડી | વરજડી |

# Disclaimer / અસ્વીકરણ

ભારત દેશના સંવિધાનમાં દર્શાવેલ મૂળભૂત અધિકારોમાં (fundamental rights under constitution of India) જણાવેલ "અભિવ્યક્તિની સ્વતંત્રતા" (freedom of expression) પ્રમાણે વિચારો, મંતવ્યો, અભિપ્રાયો, સુજાવો વ્યક્ત કરતું તેમજ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના ઇતિહાસને નોંધતું આ પુસ્તક છે. આ પુસ્તકમાં આપેલ જાણકારીથી લોકો પોતપોતાની રીતે વિવેક બુદ્ધિથી પોતાની સમજ તૈયાર કરી, સમાજ કલ્યાણ માટે ભવિષ્યમાં શું સારું કે ખરાબ તેનો નિર્ણય લેવા માટે મદદ રૂપ થાય, અને હકીકત જેમ છે તેમ રજૂ કરવાના હેતુથી આ પુસ્તક તૈયાર કરવામાં આવેલ છે. આ પુસ્તક દ્વારા કોઇ પણ પક્ષ, ધર્મ કે સમાજની લાગણી દુભાવવાનો, વર્ગવિગ્રહ કરવાનો, જાહેર વ્યવસ્થા કે શાંતિ ભંગ કરવાનો કે કોઇનું અપમાન કરવાનો, વગેરે કોઇ જ હેતુ કે આશય નથી. આ પુસ્તક મારફતે કોઇનું ધર્મ પરિવર્તન કરવું કે કરાવવાનો પણ કોઇ આશય નથી.

આ પુસ્તક કેવળ મનુષ્યોની ઉન્નતિ અને સત્ય-અસત્યનો નિર્ણય લેવા માટે, સર્વે મતોના વિષયોનું થોડું થોડું જ્ઞાન મળે અને તેથી મનુષ્યોને પરસ્પર વિચાર કરવાનો સમય મળે. એકબીજાનાં દોષોનું ખંડન કરી, ગુણોનું ગ્રહણ કરે તેમજ કોઇ અન્ય મતવાળાને જૂઠમૂઠ સારું કે ખોટું લગાડવાનું પ્રયોજન નથી. કિન્તુ જે જે ભલાઇ છે તે જ ભલાઇ અને બુરાઇ છે તે જ બુરાઇ સર્વેને વિદિત થાય, એ માટે છે. મનુષ્યોની પ્રગતિનો માર્ગ સુધારવા, સત્ય અને જૂઠને અલગ કરવા, બૌદ્ધિક ચર્ચા વિચારણા કરવાનો એક અવસર / મૌકો તૈયાર કરવા, ત્રુટીઓ / ખામીઓ / દોષને ઓળખીને દૂર કરવા મદદ રૂપ થવા, સારા ગુણો / શ્રેષ્ટતા / ખૂબીઓ / ધર્મને સમજીને પ્રશંસા કરવા, તેમજ તેને સ્વીકારવા અને જીવનમાં ઉતારવાના નિર્દોષ ભાવથી આ પુસ્તક તૈયાર કરવામાં આવેલ છે. કોઇની નિંદા અને ટીકા કરવાનો કોઇ હેતુ નથી, પણ ઉજ્જવળ ભવિષ્ય માટે સુધારાના રસ્તાઓ શોધવાના પ્રયાસો માત્ર છે.

આ પુસ્તકમાં ચળવળ/ક્રાંતિ/લડાઇ/સંઘર્ષને શબ્દોને સમાનાર્થી ભાવે તેમજ એક બીજાના પરીયાયી અથવા તો પુરક તરીકે વાપરવામાં આવ્યા છે. આ પુસ્તકમાં જણાવેલ લડાઇ શબ્દનો અર્થ સંઘર્ષ છે. વાત કરવાના સહેજ, લહેજા અને સામાન્ય લોકોને સમજવાની સ્વાભાવિક સરળતા તથા સહેલાઇ રહે તે માટે અમુક જગ્યાએ લડાઇ શબ્દને વાપરવામાં આવ્યો છે. પણ આમ કરતી વખતે કોઇ પણ પ્રકારના વૈમનસ્ય, વેરઝેર, ઝઘડાઓ કે સમાજ/ધર્મ વિરોધી, સમુદાયમાં ફૂટ પાડવા, વર્ગવિગ્રહ, શાંતિ અને સુમેળ ભંગ કરવા, વગેરે વગેરે અર્થમાં ન લેવો તથા સમજવો. આ પુસ્તક કટ્ટરવાદી સતપંથીઓની ગતિવિધિઓ અને કૃત્યો ઊપર છે. પૂર્વાપર સંદર્ભ કે અર્થ સુસંગત હોય એના સિવાય સામાન્ય રીતે સતપંથીઓ એટલે કટ્ટર સતપંથીઓ ન સમજી લેવું. આ પુસ્તકોમાં જે જાણકારી આપવામાં આવેલ છે, એ લેખકો પાસેથી મળેલ જાણકારીઓ પર આધારિત છે. આ પુસ્તકમાં જે કંઇ છપાયું છે એ લેખકોના વ્યક્તિગત મંતવ્યો છે. શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ કે ક. ક. પા. સનાતન જ્ઞાતિની સંસ્થાઓ આ મંતવ્યોથી સહમત છે, એવું ધારી ન લેવું.

આ પુસ્તકમાં અમુક લોકોના નામો લેવામાં આવ્યા છે. તેનું કારણ એ છે કે ઇતિહાસમાં જે ભૂલો થઇ છે તેનાંમાંથી લોકો પ્રેરણા લે અને એ ભૂલો ફરી ન કરે. ઇતિહાસના દુઃખો અને તકલીફો ફરીથી આપણા સામે ભવિષ્યમાં આવીને ઊભા ન રહે તે માટે સાચી હકીકત લખવા પાછળનો હેતુ છે. કોઇ હોદેદાર, કાર્યકર કે સભ્યના નામ જોગ વાત લખવામાં આવી હોય, તો પણ ઉપર જણાવેલ બાબતને ધ્યાનમાં લેવું કે જેથી કરીને ભવિષ્યમાં આપણે પણ આ ભૂલ ન કરી બેસીએ. આવા લોકોને ઉતારી પાડવાનો કોઇ આશય નથી. નામો લેવામાં આવેલ ઘણા લોકોએ પોતાની ભૂલને પાછળથી સુધારી છે. આજે એ લોકો સમાજમાં મહત્ત્વની જવાબદારીઓ સંભાળી રહ્યા છે. એ લોકો આજે પણ સમાજ માટે સન્માનનીય છે.

ઐતિહાસિક દસ્તાવેજો ઉપરાંત, સામાન્ય હિન્દુ સમાજોમાં આદિકાળથી પ્રચલિત સુંદર કંઠસ્થ પરંપરા પ્રમાણે પેઢી-દર-પેઢીને કહેવામાં આવતો ઇતિહાસનો પાન આધાર લેવામાં આવેલ છે. ક. ક. પા. જ્ઞાતિના વડીલો અને પૂર્વજોના અનુભવોની વાતોનો પણ આધાર લેવામાં આવેલ છે. અમુક વાતોમાં ક્યાંક મતભેદ હોઇ શકે, પણ અમારી વાત આ પુસ્તકમાં જણાવેલ ઇતિહાસ પૂરતી મર્યાદિત રાખીએ છીએ.

## Disclaimer / અસ્વીકરણ

This book is for Private Circulation only and for Members only. This book is not for sale. This book is meant for educational and research purposes only.

The author and publisher appreciate the fundamental rights guaranteed to every citizen of under the constitution of India, towards freedom of speech and expression. Exercising the fundamental rights guaranteed under the constitution they have merely expressed and shared their views, opinions and suggestions including dissenting views and criticism. Some articles may cover summary of frank discussion over controversial topics. Some subjects discussed may have legal implications in some jurisdictions. If you need specific advice, please seek a professional, licensed, or knowledgeable advice in that area. We do not encourage the violation of any laws and cannot be held responsible for any violations of such laws, should you use, reproduce, or republish the information contained herein.

Although the author and publisher have made every effort to ensure that the information in this book was correct and reliable to the best of their knowledge, at press time, the author and publisher do not assume and hereby disclaim any liability to any party for any loss, damage, or disruption caused by errors or omissions, whether such errors or omissions result from use of this information, negligence, accident, or any other cause. The information is provided "as is" without warranty of any kind. Author, publisher or any other person or institution connected with this book, do not take any responsibility or liability for accuracy, content, completeness, legality, or reliability of the information contained in this book.

None of the authors, contributors, administrators, vandals, or anyone else connected with this book, in any way whatsoever, can be responsible for your use of the information contained in or linked from this book. Please take all steps necessary to ascertain that information you receive from this book is correct and has been verified. Also check the independent documentary evidence and references given in the book. Do independent research to ascertain and see if there is something to the contrary. Double-check all information with independent sources.

We shall not be liable for any loss or damage of whatever nature (direct, indirect, consequential, or other) which may arise because of use (or inability to use) or from use of (or failure to use) the information in this book. This book provides links to other websites and material owned by third parties. The content of such third party is not within our control.

The content in this book, such as text, graphics, images, information, and other material are for informational purpose only. The content is not intended to be a substitute for professional legal advice or steps. Always seek legal advice from your lawyer or other qualified legal professional with the questions you may have regarding a legal situation and before taking steps of any kind based on this book.

To explain the circumstances and events in better and easy way, so to enable to grasp the message and symbolism involved in right perspective, metaphors been used in many places. Readers are requested

to appreciate this fact and not take literal & obvious meaning of words as they may appear. There can be deeper meaning and hidden message in the metaphors used which needs to be kept in mind as well.

Copies of pages and documents which are owned by third party, which are reproduced in this book, are responsibility and owned by respective owners, authors, and publishers. We do not claim any right whatsoever over their works. The editor(s) of the book has/have taken all reasonable care to ensure that the contents of the book do not violate any existing copyright or other intellectual property rights of any person in any manner whatsoever. In the event the author(s) has/have been unable to track any source and if any copyright has been inadvertently infringed, please notify the publisher and author in writing for corrective action.

The work in this book is not intended to be a general denigration of any person, especially Satpanthis, but is just a warning to be cautious while dealing with them. Many, if not most, are excellent people. Some may not be. This book refers the acts and deeds related to radical Satpanth. In general, Satpanthis mentioned here, unless context and meaning otherwise suggests, mean radical Satpanthis. There is no intention to create disharmony, disrespect, division in society, disturb the peace and harmony amongst communities, demean anybody etc.

Some names and potentially identity disclosable details have not been disclosed to ensure security of vulnerable individuals who have been instrumental in supplying us the necessary information and proofs. Views expressed in this book are not necessarily of the Publisher and/or Akhil Bhartiya Kutch Kadva Patidar Samaj/Community. Reader’s discretion is requested.

ટૂંકાક્ષર

# ટૂંકાક્ષર / સંક્ષિપ્ત શબ્દો / વિશેષ શબ્દોના અર્થ

**પરસ્પર સંદર્ભ વિરોધી અર્થ કે ભાવાર્થ ન હોય ત્યારે..**

| ટૂંકાક્ષર | = | સંપૂર્ણ સ્વરૂપ |
|---|---|---|
| અ.ભ.ક.ક.પા. સમાજ (A.B.K.K.P. Samaj) | = | શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ |
| ક.ક.પા. (K.K.P.) | = | કચ્છ કડવા પાટીદાર |
| ક.ક.પા. સમાજ | = | શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ |
| કણબી | = | કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ |
| કેન્દ્રીય સમાજ / માતૃ સમાજ / શ્રી સમાજ | = | શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ (ક. ક. પા. સનાતન જ્ઞાતિની માતૃ સંસ્થા) |
| ખાના / ખાનું | = | સતપંથની ધાર્મિક સ્થળ જેનું મૂળ નામ છે; **જમાતખાના**.<br>ત્યારબાદ સમયાંતરે અપભ્રંશના કારણે અને તાકીયાનો ઉપયોગ કરીને ધાર્મિક ઓળખ છુપાવવા માટે...<br>- જમાતખાના પરથી ખાના / ખાનું,<br>- ખાના પરથી જગ્યા / જગયું<br>- જગ્યા પરથી જ્યોત,<br>- જ્યોત પરથી જ્યોતિ ધામ, જ્યોતિ મંદિર,<br>- સતપંથ મંદિર,<br>- મૂર્તઝા અલી તાલીબનું સતપંથી નામ નકલંકી નારાયણ પરથી નકલંકી/નિષ્કલંકી ધામ, નકલંકી/નિષ્કલંકી મંદિર.. વગેરે<br>.. સમય-સમય પર જુદા-જુદા નામો રાખવામાં આવ્યા છે. |
| ગેઢેરા / પટેલ / મુખી પટેલ | = | જ્ઞાતિના આગેવાનો/નેતાઓ/લિડરો. જેમણે અમુક સંદર્ભમાં ક્યારેક "પટેલ" પણ કહેવામાં આવતું. એમને "મુખી પટેલ" પણ કહેવામાં આવતું.[66:Page 546] |
| ઘરવાપસી | = | વિધર્મને સંપૂર્ણ પણએ ત્યાગીને મૂળ સનાતન હિન્દુ ધર્મ સ્વીકારવો |
| જૂનો ધર્મ | = | સતપંથ ધર્મ, પીરાણા પંથ, પીરાણા સતપંથ ધર્મ, ઈમામશાહી મત, ગુપ્ત પંથ, કલ્પિત ધર્મ, મામદાહીન્દુ પંથ [66:Page 9], વગેરે નામથી પણ ઓળખાય છે. |
| જ્ઞાતિ / જ્ઞાતિ | = | સંદર્ભ અનુસાર..<br>કડવા પાટીદાર જ્ઞાતિ, અથવા<br>કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ, અથવા<br>કચ્છ કડવા પાટીદાર સનાતન જ્ઞાતિ |

| | | |
|---|---|---|
| તા. | = | તારીક અથવા તારીખ |
| દા. ત. / દા. x ત. | = | દાખલા તરીકે |
| દી. | = | દિનાંક |
| નવો ધર્મ | = | સાચો સનાતન હિન્દુ ધર્મ |
| પાંચાડો / પાંચાડા | = | વિસ્તાર<br>કચ્છમાં કણબીઓનો વિસ્તાર ત્રણ પાંચાડામાં વહેંચાયેલ છે. [66:Page 545].<br>1) ઉગામણા (પૂર્વ) પાંચાડો,<br>2) વચલો પાંચાડો અને<br>3) આથમણો (પશ્ચિમ) પાંચાડો<br>એટલે ક. ક. પા. જ્ઞાતિને ત્રણ પાંચાડાની જ્ઞાતિ પણ કહેવામાં આવે છે.<br>પાંચાડા પ્રમાણે ગામોની યાદી માટે જુઓ [64:Page 37 to 40]. |
| પાંટીઓ | = | ઘરો ઘર જઇને લોકોને સંદેશો પહોંચાડવાવાળો વ્યક્તિ |
| પાવળ / નૂર / અમી | = | હિન્દુ મંદિરમાં દર્શન પછી જેમ ચરણામૃત આપવામાં આવે છે, તેમ સતપંથના ધાર્મિક સ્થળ એટલે ખાનામાં પીરાણાથી આવેલ એક ગોળીને પાણીમાં પિગળાવીને તૈયાર કરેલું પાણી આપવામાં આવે છે. આ ગોળીને પાવળ / નૂર / અમીની ગોળી કહેવામાં આવે છે. |
| પીરાણાની પોલ | = | નારાયણ રામજી કોન્ટ્રાકટર/લીંબાણી દ્વારા લેખિત “પીરાણા સતપંથની પોલ અને સત્યનો પ્રકાશ” [66] પુસ્તક |
| બોર્ડિંગ | = | વિદ્યાર્થી હોસ્ટેલ, છાત્રાલય |
| રા. રા. | = | રાજ્યમાન રાજશ્રી |
| વર્ષ | = | ઈ. સ. = હાલ પ્રચલિત આંતરાષ્ટ્રીય કેલેન્ડર પ્રમાણેની દિનાંક/વર્ષ. |
| વાડી | = | સમાજના લોકો એક જગ્યા ઉપર ભેગા થઇ શકે એવી વ્યવસ્થા. જેણે સમાજ વાડી પણ હેવામાં આવે છે. દા. x ત. સમાજ ભવન |
| સતપંથની સમસ્યા | = | સતપંથના કારણે ઊભી થતી સમસ્યાઓ |
| સનાતન / સનાતની જ્ઞાતિ | = | કચ્છ કડવા પાટીદાર સનાતન જ્ઞાતિ |
| સનાતન / સનાતની સમાજ | = | કચ્છ કડવા પાટીદાર સનાતન જ્ઞાતિનો સમાજ |
| સમાજ | = | સામાન્ય રીતે કેન્દ્રીય સમાજ, માતૃ સમાજ, અ.ભ.ક.ક.પા. સમાજ, સનાતન સમાજ.<br>સંદર્ભ અનુસાર ક્યાંક એનો અર્થ “જ્ઞાતિ” પણ થાય છે. |

| | | |
|---|---|---|
| Kutch | = | Kachchh, Cutch, Katch = કચ્છ |
| VSA<br>(VS-Ashadh) | = | વિક્રમ સંવત અષાઢ (કચ્છી કેલેન્ડર/દિનદર્શિકા) – દરેક અષાઢ સુદ ૧ થી નવું વર્ષ શરૂ થાય.<br>અષાઢ, શ્રાવણ, ભાદરવો અને આસો મહિનાઓ VSKથી 1 વર્ષ **આગળ** હોય. |

| | | |
|---|---|---|
| VSK<br>(VS-Kartak) | = | વિક્રમ સંવત કારતક (ગુજરાતી કેલેન્ડર/દિનદર્શિકા) – દરેક કારતક સુદ ૧ થી નવું વર્ષ શરૂ થાય.<br>અષાઢ, શ્રાવણ, ભાદરવો અને આસો મહિનાઓ VSAથી 1 વર્ષ **પાછળ** હોય.<br>**Default Calendar / ચોખવટની ખામીમાં આ કેલેન્ડર ગણવામાં આવેલ છે.** |
| VSAK<br>(VS-Ashadh and Kartak) | = | VSA અને VSK બન્ને કેલેન્ડર/દિનદર્શિકા પ્રમાણે.<br>કારતક, માગશર, પોષ, મહા, ફાગણ, ચૈત્ર, વૈશાખ, જેઠ મહિનાઓમાં આવતી તિથિઓ બન્ને કેલેન્ડર પ્રમાણે **એકજ** વર્ષમાં આવે. |
| VSC<br>(VS-Chaitra) | = | વિક્રમ સંવત ચૈત્ર (અન્ય પ્રાંતનું કેલેન્ડર/દિનદર્શિકા) – ચૈત્ર મહિનાના **સુદ ૧** થી નવું વર્ષ શરૂ થાય.<br>ચૈત્ર, વૈશાખ, જેઠ, અષાઢ, શ્રાવણ, ભાદરવો અને આસો મહિનાઓ VSKથી 1 વર્ષ **આગળ** હોય.<br>**ધ્યાન રહે:** અમુક પ્રાંતોમાં **વદ** 1 થી નવો મહિનો બદલે છે, ત્યારે અમુક પ્રાંતોમાં **સુદ** 1 થી મહિનો બદલે છે. |

| | | |
|---|---|---|
|  | = | સમજવા જેવી વાત અથવા બોધ લેવા જેવી વાત |
|  | = | નોંધ કરવા જેવી વાત અથવા ધ્યાને રાખવા જેવી વાત |

Instructions
સૂચનાઓ

# Instructions / સૂચનાઓ

1. **<u>ફૂટનોટ / Footnote:</u>** આ પુસ્તકમાં ક્યાંક ક્યાંક તમને કોઈ શબ્દના અંતમાં નાના અક્ષરમાં (Superscript/ઉપલિપિમાં) એક આંકડો દેખાશે. દાખલા તરીકે .. નીચે બતાવ્યા પ્રમાણે દોહા શબ્દ પછી નાના અક્ષરમાં 4 આંકડો.

   દોહા[4]

   સામાન્ય રીતે એજ પૃષ્ઠમાં (પાનાંમાં / પેજમાં) નીચલા ભાગમાં એ આકડો (ઉપરના દાખલ પ્રમાણે 4) ફરીથી દર્શાવેલ હોય અને તેની સામે એનું વિવરણ જણાવવામાં આવેલ હોય.

   [4] દોહા = ભજનોમાં તાલ/છંદ મેળવતા ૨ વાક્યોની કડી.

   આને ફૂટનોટ કહેવામાં આવે અને એનું વિવરણ મૂળ વિષય પર વધારે જાણકારી આપવા માટે હોય છે.

2. **<u>સંદર્ભ / Reference:</u>** ફૂટનોટ જેવી, પણ એનાથી થોડી જુદી, એક માહિતી આપવામાં આવે છે, જેણે કહેવાય સંદર્ભ. કોઈક જગ્યાએ શબ્દો પાછળ ચોરસ કૌંસ (Square Bracket)માં કોઈક આંકડો દેખાશે.

   **પહેલા** દાખલામાં જોઈશું સરળ, એકજ પુસ્તકનો સંદર્ભ ..

   પેરિસ (Paris)માં એક સમ્મેલન[15]

   અહીં "સમ્મેલન" કયા સંદર્ભ પુસ્તકમાંથી લીધેલ છે, અથવા સમ્મેલન વિષે વધુ જાણકારી માટે કયું પુસ્તક છે, એની સંપૂર્ણ જાણકારી, આ પુસ્તકના **Bibliography / સંદર્ભ સૂચિ** પ્રકરણમાં આપેલ છે..

   **બીજા** દાખલામાં જોઈશું પેજ નંબર સાથેનો સંદર્ભ..

   પેરિસ (Paris)માં એક સમ્મેલન[15:Page 31 to 38]

   અહીં, ઉપરના દાખલ પ્રમાણે, ક્રમ 15માં જણાવેલ સંદર્ભ સામગ્રી (પુસ્તક)ના પેજ ક્રમ 31 થી 38 માં જાણકારી આપેલ છે.

   તમે સમજી ગયા હશો કે આવી રીતે આ પુસ્તકમાં સંદર્ભ અને સંદર્ભોના મિશ્રણ દર્શાવવામાં આવેલ છે.

# ઘરવાપસી
# પીરાણા સતપંથ થી સનાતન

## અનુક્રમણિકા


| ક્ર | પ્રકરણ | પોઈન્ટ | પેજ |
|---|---|---|---|
| | **ખંડ 1** | | |
| 1. | પૃષ્ઠભૂમિ – ઇતિહાસ એક આકલન | 1 to 6 | 35 |
| | **પ્રહર 1** | | 37 |
| 2. | મૂળ - ઊંઝા અને ગુજરાત વિસ્તાર | 7 to 11 | 38 |
| 3. | જ્ઞાતિની નબળાઈ અને ઇસ્લામનું આગમન | 12 to 16 | 40 |
| | **પ્રહર 2** | | 47 |
| 4. | વિચારધારાનો વિનાશ (Ideological Subversion) | 17 to 27 | 48 |
| 5. | સતપંથ – ઇસ્લામની યુક્તિ-પ્રયુક્તિને અમલમાં મૂકવાનું સાધન | 28 to 37 | 64 |
| 6. | બ્રેનવોશિંગ / Brainwashing કેવી રીતે થાય | 38 to 44 | 71 |
| 7. | શ્રીમદ ભાગવતજી ગ્રંથ પ્રમાણે - અધર્મ એટલે શું? | 45 to 46 | 74 |
| 8. | સતપંથ દશાવતાર – ધર્મ પરિવર્તનનો ગ્રંથ | 47 to 58 | 76 |
| 9. | હિન્દુ દેવતાઓ હોવા છતાં, ઇસ્લામ ધર્મ કેમ કહેવાય છે? | 59 to 64 | 99 |
| 10. | પહેલી સમસ્યાનું નિવારણ – દશાવતાર | 65 to 65 | 106 |
| 11. | બીજી સમસ્યાનું નિવારણ – ધર્મ ગુપ્ત રાખવો | 66 to 66 | 107 |
| | **પ્રહર 3** | | 109 |
| 12. | કચ્છમાં સ્થળાંતર – જ્ઞાતિના પતનનું મંડાણ | 67 to 78 | 110 |
| 13. | અધોગતિ – નિરાશા ફેલાવવાનો તબક્કો | 79 to 90 | 118 |
| 14. | પીરાણાની કાર્ય પદ્ધતિ – હિન્દુ અને મુસલમાનની ખીચડી | 91 to 93 | 123 |
| 15. | વિશ્રામબાપા નાકરાણી – હિન્દુ મૂળનું રક્ષણ કર્યું | 94 to 103 | 126 |
| 16. | અસ્થિરતા ફેલાવવાનો તબક્કો | 104 to 108 | 129 |
| 17. | સંવત 1832નો ઠરાવ – હિન્દુ મૂળ કાપવાનો "કાળો" ઠરાવ | 109 to 118 | 136 |
| 18. | કટોકટી / Crisis નો તબક્કો – પૂર્ણ મુસલમાન બનવાની અણીએ | 119 to 122 | 142 |
| | **પ્રહર 4** | | 147 |
| 19. | ઐતિહાસિક વળાંક – મૃત્યુના મુખમાંથી બહાર | 123 to 124 | 148 |

# અનુક્રમણિકા


| ક્ર | પ્રકરણ | પોઈન્ટ | પેજ |
|---|---|---|---|
| 20. | વિદ્રોહનું પહેલું બ્યૂગલ – કેશરા પરમેશ્વરાની ટીમની ચળવળ | 125 to 141 | 150 |
| 21. | જાગૃતિ – નારાયણ રામજી લીંબાણીની ટીમની ચળવળ | 142 to 148 | 163 |
| 22. | ધર્મ પરિવર્તન – રતનશી ખીમજી ખેતાણીની ટીમની ચળવળ | 149 to 154 | 177 |
| | પ્રહર 5 | | 207 |
| 23. | સનાતનીઓની કેન્દ્રીય સમાજ – ચરણ 1: સંગઠન મજબૂત કરવું | 155 to 183 | 209 |
| | પ્રહર 6 | | 226 |
| 24. | વર્ષ 1985નું તાકીયા – હિન્દુ દેખાવ પણ અંદરથી ઇસ્લામ | 184 to 195 | 227 |
| 25. | સફાઇ અભિયાન – સનાતન ધર્મ જાગૃતિ સમિતિની ચળવળ | 196 to 235 | 233 |
| | પ્રહર 7 | | 255 |
| 26. | સતપંથીઓ માટે દરવાજા બંધ – ચરણ 2: માનસિકતા શુદ્ધ કરવી | 236 to 250 | 256 |
| 27. | નિષ્કર્ષ / Findings | 251 to 257 | 263 |
| 28. | Bibliography / સંદર્ભ સૂચિ | | 265 |
| | **ખંડ 2** | | 276 |
| 29 | વાંઢાય દ્વારાનું ઋણ | | 277 |
| 30 | ઇષ્ટદેવ તરીકે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનું મહત્વ | | 283 |
| 31 | જ્ઞાતિના વહીવંચા બારોટ શ્રી ખંડેરાવજીનું યોગદાન | | 285 |
| 32 | મા ઉમિયા સંસ્થાન વાંઢાયનો ઘર વાપસી અભિગમ | | 287 |
| 33 | લક્ષ્મીનારાયણ સંસ્કાર ધામનું યોગદાન | | 289 |
| 34 | યુવાસંઘની દીવાદાંડી સમાન ભૂમિકા | | 291 |
| 35 | સમાજમાં મહિલાઓનું યોગદાન | | 294 |
| 36 | કચ્છ વિધા પ્રતિષ્ઠાન અને કેન્દ્રીય સમાજનું જોડાણ | | 297 |
| 37 | પાટીદાર યુવા ક્રાંતિ દળ | | 299 |
| 38 | સ્વાધ્યાય પ્રવૃત્તિઓનું યોગદાન | | 302 |
| 39 | શ્રી નારાયણ કથા – જ્ઞાતિમાં સનાતની ચેતનાનું પ્રહરી | | 303 |
| 40 | ઐતિહાસિક નાટિકા - સ્વર્ણિમ ને સથવારે ચાલ્યા કડવા પાટીદાર... સમર્થ પાટીદાર.... | | 305 |
| 41 | નારાણ રૈયા લીંબાણી - દયાપર | | 307 |
| 42 | રતનશીભાઈ શીવજીભાઈ નાકરાણી - રવાપર | | 310 |
| 43 | સનાતની આર્યનારી વિરાંગના "કંકુબાઈ" | | 318 |
| 44 | સનાતની લડવૈયા શ્રી દાનાભાઈ અરજણ જાદવાણી | | 320 |
| 45 | મુખી પણાનો ત્યાગ કરનાર પરિવાર - નખત્રાણાનું રામાણી પરિવાર | | 322 |
| 46 | કરમશીભાઈ કાનજી વાસાણી - વિરાણી નાની - માંડવી, કચ્છની આપ બિતી | | 323 |
| 47 | અનોખું સમર્પણ – કોટડા જાડોદરનો ગૌરવવંત કિસ્સો | | 324 |

# અનુક્રમણિકા


| ક્ર | પ્રકરણ | પેજ |
|---|---|---|
| 48 | ધનસુરા સનાતન જાગૃતિની પહેલ.... | 326 |
| 49 | દક્ષિણ ભારત ઝોનનાં ઐતિહાસિક નિર્ણયો | 328 |
| 50 | G30 ઇન્ફ્રા એક વ્યવસાયિક સનાતની સંગઠન | 330 |
| 51 | કેસરી પત્રનું અમલીકરણ | 332 |
| 52 | સાબર : સનાતન જાગૃતિના અનોખા કાર્યો.... | 333 |
| 53 | મોડાસાનું નવ નિર્મિત ઉમિયા મંદિર બન્યું સનાતનની ચેતનાનું કેન્દ્ર ........ | 342 |
| 54 | ખોંભડી ગામનો સનાતની ઈતિહાસ | 344 |
| 55 | કંઠી વિસ્તારના સનાતની શિલ્પકાર : શ્રી વિશ્રામ મેઘજી રામજીયાણી | 346 |
| 56 | સતપંથી ગઢમાં ગાબડું - કોલ્હાપુર | 347 |
| 57 | રવાપર ગામ અને સનાતની ચળવળ | 349 |
| 58 | વેરસલપર ઇતિહાસ | 353 |
| 59 | વિરાણી નાની (ગઢશીશાવાળી) – કોર્ટમાં લડત | 355 |
| 60 | અતિતના ઝરૂખેથી આણંદસરનો ઈતિહાસ | 357 |
| 61 | શ્રી નાના અગીયા લક્ષ્મીનારાયણ સમાજ | 358 |
| 62 | શ્રી લક્ષ્મીનારાયણ મંદિર તથા ધાવડા મોટા ગામનો ઇતિહાસ | 399 |
| 63 | ઘડુલી પાટીદાર સમાજના સનાતની ક્રાન્તિવીરો | 360 |
| 64 | નાગલ પર ગામની માહિતી | 362 |
| 65 | શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - લકડગંજ, નાગપુર. | 363 |
| 66 | કચ્છ યુવાસંઘ - સનાતની હુંકાર | 365 |
| 67 | વિથોણ ગામનો ઘરવાપસીનો ઇતિહાસ | 367 |
| 68 | થરાવડા (ભડલી)નો સનાતની ઇતિહાસ | 369 |
| 69 | મુંબઈ અને કંઠી વિભાગમાં શ્રી લક્ષ્મીનારાયણ - સનાતની ચળવળને પુનર્જીવન | 371 |
| 70 | ઇતિહાસના ઝરૂખેથી -- લગ્ન તથા સાતમ આઠમના પૌરાણિક રીતિ રિવાજો | 374 |
| 71 | જ્ઞાતિની વિશિષ્ઠ પ્રથા – સુરધન | 377 |
| 72 | સનાતની પરિવારોનો સહકાર | 379 |
| 73 | સનાતની એક એક મિશાલ સાથેનું બેસ્ટ દક્ષિણ ગુજરાત | 381 |
| | **ખંડ 3** | 382 |
| 74 | કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના ઇતિહાસની મહત્વની તિથિઓ | 383 |


આ પુસ્તક અને તેમાં દર્શાવેલ લગભગ બધાજ સંદર્ભ ગ્રંથોની ઓનલાઈન સોફ્ટકોપી (online softcopy)ની લિન્ક / URL / QR Code વગેરેને Bibliography / સંદર્ભ સૂચિ પ્રકરણમાં આપલે છે.

આ સુવિધાનો ખાસ લાભ લેવા વિનંતી.

**Links, URL & QR Code**

# ખંડ 1

## ક. ક. પા. જ્ઞાતિનો,
## પીરાણા સતપંથ ધર્મને છોડીને,
## પુનઃ સનાતન હિન્દુ ધર્મનો સ્વીકાર કરવાનો,

## 550 વર્ષોથી ચાલતા ઘરવાપસીનો,
## પદ્ધતિસર ઇતિહાસ.



CA શ્રી પટેલ ચંદ્રકાંત કાંતિલાલ છાભૈયા
ખંડ 1 ના લેખક

# 1

# પૃષ્ઠભૂમિ
# ઇતિહાસ એક આકલન

1. **<u>ખંડ 1ની પૃષ્ઠભૂમિ:</u>** ઇતિહાસના મુખ્ય બે (2) પાંસાઓ (aspects) હોય છે. જ્યાં સુધી બંને પાંસાઓનો બરાબર અભ્યાસ ન  કરવામાં આવે, ત્યાં સુધી ઇતિહાસની ખરા અર્થમાં સમજણ અધૂરી છે. આ બે પાંસાઓ છે;
    - **1.1.** ઐતિહાસિક ઘટનાઓ
    - **1.2.** ઇતિહાસનું આકલન

2. **<u>ઐતિહાસિક ઘટનાઓ:</u>** ઐતિહાસિક ઘટનાઓ કોને કહેવાય એ તમે સમજતા જ હશો. અમુક તારીખે કોઇ સંસ્થા ઊભી થઇ, કોઇ મંદિર બંધાયું, કોઇ વ્યક્તિનો જન્મ થયો, કોઈ સભા/મિટિંગ ભરાઈ વગેરે દાખલાઓ છે ઐતિહાસિક ઘટનાઓના

3. **<u>ઇતિહાસનું આકલન:</u>** સાદી ભાષામાં કહીએ તો ઐતિહાસિક ઘટનાઓના અલગ-અલગ બિંદુઓને સમજ રૂપી રેખાઓથી જોડીને જે રીતે ઇતિહાસનું ચિત્ર તૈયાર થાય એને આકલન કહી શકાય. ઇતિહાસના ચિત્રની પૂર્ણતા (ઘટનાઓ કેટલી આવરી છે) અને ચિત્રની બારીકાઈથી (ઘટના સાથે સંલગ્ન વિવિધ બાબતો) ખ્યાલ આવે કે સમાજ ક્યાં હતો અને કઇ તરફ જઈ રહ્યો છે. જેમાં સારા બૌધ્દ્રિકોની સહભાગિતા (participation) બહુ મહત્વની ભૂમિકા ભજવતી હોય છે. ઇતિહાસમાંથી મળનારી સમજ કે શિખ, આ પાંસા ઉપર સહુથી વધારે નિર્ભર હોય છે. ઇતિહાસનું  આકલન ભલે ઐતિહાસિક ઘટનાઓ ઉપર આધારિત હોય છે, પણ ઇતિહાસના આકલનનું મહત્વ સહુથી વધારે હોય છે.

4. **<u>પુસ્તક વિષે:</u>** આ પુસ્તકના ખંડ 1નો મુખ્ય વિષય છે, ક. ક. પા. જ્ઞાતિના ઇતિહાસનું આકલન. ઐતિહાસિક ઘટનાઓ નોંધતા ઘણા બધા પુસ્તકો અને દસ્તાવેજો જોવા મળે છે. પણ એ ઘટનાઓનો અભ્યાસ કરી, એનું આકલન તૈયાર કરી, એમાંથી સંદેશ અને શિખને તૈયાર કરી, સનાતન ધર્મમાં ઘરવાપસીના પ્રયાસોને પદ્ધતિસર રજૂ કરતું આ પહેલું પુસ્તક છે.

5. **<u>ઇતિહાસની રજૂઆત:</u>** ઘરવાપસીના 550 વર્ષોના સંઘર્ષની બીનાઓ આવરી લેતી ઘટનાઓને જે-તે સમયે નોંધાયેલ દસ્તાવેજો તો ઘણા છે, જે આગાઉ વાત કરી. એ ઘટનાઓને ફરીથી, એમને એમ, આ પુસ્તકમાં લખવાનું કોઇ કારણ નથી. માટે તમે સમજી ગયા હશો કે આ પુસ્તકમાં આપણે એ ઘટનાઓનું ઝીણવટથી, પણ સામાન્ય માણસ સમજી શકે એવી રીતે આકલન કરીશું.

6. **<u>આકલનના વિભાગો (પ્રહરો):</u>** 550 વર્ષોના ઘરવાપસીના સંઘર્ષના ઇતિહાસને, સહેલાઈથી સમજવા માટે, નીચે પ્રમાણે વિભાજિત કરેલ છે.

## 1 પૃષ્ઠભૂમિ ઇતિહાસ એક આકલન

| પ્રહર | સમય ગાળો | ઐતિહાસિક વળાંક |
|---|---|---|
| **પ્રહર 1** | 1475 પહેલાં | **સમસ્ત સનાતની સમાજ - શાંતિ અને નિરાંતનો સમય**<br>શાંતિપ્રિય સામાજિક જીવન જીવતા લોકો વચ્ચે<br>છદ્મ, જૂઠ, છળકપટ, છેતરામણી યુક્ત<br>**વિધર્મીઓ દ્વારા વિશ્વાસઘાતી ષડયંત્ર** |
| **પ્રહર 2** | 1475 થી 1513<br>38 વર્ષ | **ઈમામશાહ  પીરાણામાં આવ્યો**<br>ભોળપણ અને અજ્ઞાન - સંકટને આમંત્રણ<br>**સનાતની વિચારધારાના વિનાશની રણનીતિ**<br>શું ? શા માટે ? કેવી રીતે ? તમામ પ્રશ્નોની પદ્ધતિસરની માહિતી |
| **પ્રહર 3** | 1500 થી 1805<br>305 વર્ષ | **ધર્મ ખોયો એટલે અધોગતિ થઇ**<br>સતપંથના આધિપત્ય થી થયો વિચારધારોના વિનાશ..<br>ગુપ્ત રીતે ઇસ્લામ પાળતી જ્ઞાતિ, હવે જાહેરમાં<br>**મુસલમાન બનવાની અણી સુધી પહોંચી ગઈ.** |
| **પ્રહર 4** | 1805 થી 1960<br>155 વર્ષ | **સતપંથ સામે વિદ્રોહ - જાગૃતિ – ઘરવાપસી**<br>1805 થી 1902 **વિદ્રોહ**નો સમયગાળો  -  **કેશરા બાપા**<br>1902 થી 1925 **જાગૃતિ**નો સમયગાળો - **નારાયણ બાપા**<br>1925 થી 1960 **ઘરવાપસી**નો સમયગાળો - **રતનશી બાપા** |
| **પ્રહર 5** | 1960 થી 1985<br>25 વર્ષ | **ધર્મ મળ્યો એટલે પ્રગતિ થઇ**<br>પરિશ્રમમાં ભળ્યો ધર્મ, સમજાયો સૌને મર્મ..<br>પ્રગતિ અને સમૃદ્ધિથી પ્રભાવિત થઇને<br>**સૌને સનાતની બનવાની તાલાવેલી જાગી..** |
| **પ્રહર 6** | 1985 થી 2023<br>38 વર્ષ | **સફાઇ અભિયાન**<br>સનાતન સમાજને વેરવિખેર કરી,<br>**પુનઃ સતપંથ ધર્મમાં લઈ જવાના ષડયંત્ર**ને<br>નિષ્ફળ બનાવી સમાજને **સ્વચ્છ કરવાનું અભિયાન..** |
| **પ્રહર 7** | 2023 થી<br>અવિરત | **ખરા અર્થમાં ઘરવાપસી પરિપૂર્ણ**<br>ઘરવાપસી ચળવળનું છેલ્લું ચરણ..<br>**સતપંથની માનસિકતામાંથી મુક્તિની શરૂઆત..**<br>સંત ઓધવરામ બાપાની ઈચ્છા પૂરતી.. **સતપંથીઓ માટે કરો બારણાં બંધ..** |

*સમય ગાળો અંદાજીત છે.

# પ્રહર 1

વર્ષ 1475 પહેલાં

## સમસ્ત સનાતની સમાજ
## શાંતિ અને નિરાંતનો સમય

શાંતિપ્રિય સામાજિક જીવન જીવતા લોકો વચ્ચે
છદ્મ, જૂઠ, છળકપટ, છેતરામણી યુક્ત
**વિધર્મીઓ દ્વારા વિશ્વાસઘાતી ષડયંત્ર**

7. **<u>કુર્મી ક્ષત્રિય:</u>** કડવા પાટીદારો (જેણે કુર્મી કણબી પણ કહેવામાં આવે છે) મૂળમાં કુર્મી ક્ષત્રિયો છે. આ બાબતે શંકાનું સમાધાન કરવા દિનાંક 25 અને 26-May-1906ના ચુનાર જિલ્લા ભરેહતા[1] ગામમાં વિદ્વાનોની એક બેઠક કરવામાં આવી હતી. શંકા કરનારાઓના પ્રશ્નો હતા કે;

   **7.1.** જો કણબીઓ ક્ષત્રિય હોય તો એ લોકોની રીતભાત અને ધંધો રોજગાર બીજા ક્ષત્રિયોના જેવાં કેમ નથી?

   **7.2.** તેઓ સઘળા જનોઈ કેમ પહેરતા નથી?

   **7.3.** તેઓ જાતે ખેતી કરવાનું હલકું કામ કરે છે અને હાલના જમાનાના બીજા ક્ષત્રિયો સાથે રોટી-બેટી વ્યવહાર કેમ નથી રાખતા?

   સ્મૃતિઓ, પુરાણો વગેરે શાસ્ત્રોનો તેમજ મનુ[2] અને યાજ્ઞવલ્ક્ય[3] આદિ સ્મૃતિઓના આધાર ઉપરથી પ્રમાણિત કરવામાં આવ્યું કે કણબીઓ ક્ષત્રિય તરીકે સિદ્ધ થઇ ચૂક્યા છે અને ઉપનયન સંસ્કારમાં કશો વાંધો નથી. વિસ્તૃત જાણકારી માટે વાંચો "કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઇતિહાસ" [105:Page 39 to 44].

   આ પુસ્તકમાં "કડવા" શબ્દનો, "લેઉવા" શબ્દનો અર્થ, વહીવંચાઓએ કહેલી ઉત્પત્તિની વાતો, વગેરેની પણ જાણકારી આપેલ છે. કણબીના મૂળ પુરુષ કૂર્મ ઋષિ છે એવું જણાવવામાં આવેલ છે [105:Page 1 to 27].

8. **<u>પંજાબમાં વસવાટ:</u>** કડવા પાટીદારો અનાદિ કાળથી અવિભાજિત[4] પંજાબના વિસ્તારમાં રહેતા હતા. સનાતન ધર્મની માન્યતા પ્રમાણે ધરતીનો પહેલો મનુષ્ય એટલે ભગવાન મનુ અને એમના પહેલા પુત્ર ઇક્ષ્વાકુ, જેણે અયોધ્યામાં રાજ્ય સ્થાપન કર્યું હતું, તે સમય ગાળાથી લઈને પંજાબમાં વસવાટ સુધીના ઇતિહાસ માટે જુઓ કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઇતિહાસ [105:Page 49 to 53].

   આ પુસ્તકમાં પેજ 51 પર કણબીઓના 52 ગોત્ર ઋષિઓ આધારિત શાખો પરથી એમના, પંજાબ અને ઉત્તર હિન્દુસ્તાનમાં આવેલ અસલ સ્થાનની યાદી પણ આપેલ છે [105:Page 51 to 53].

---

**1** ભરેહતા - કાશી (વારાણસી)થી લગભગ 30 કી.મી.ના અંતરે

**2** મનુ - https://abkkpsamaj.org/go/fn2

**3** યાજ્ઞવલ્ક્ય - https://abkkpsamaj.org/go/fn3

**4** અવિભાજિત = ભારત પાકિસ્તાનના વિભાજન પહેલાં

9. **<u>ગુજરાતમાં સ્થળાંતર:</u>** કાળક્રમે પંજાબથી ગુજરાત વિસ્તારોમાં વસવાટ ફેલાતો ગયો. ગુજરાતનો પૌરાણિક કાળનો ઇતિહાસ, વહીવંચાઓની નોંધ વગેરે પરથી કડવા પાટીદારો પંજાબથી ગુજરાત સ્થળાંતર થયા. એનો ઇતિહાસ માટે વાંચો કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઇતિહાસ [105:Page 54 to 57].

10. **<u>સદગુણોથી અલંકૃત નિર્મળ અંતઃકરણ:</u>** ગુજરાતમાં કડવા પાટીદારોનો મુખ્ય વ્યવસાય ખેતી હતી. તેઓ સનાતન ધર્મ પ્રિય હતા અને સદગુણોથી અલંકૃત હતા. એમના અંતઃકરણથી ઉદાર અને નિર્મળ હતા. તેમનું મન શુદ્ધ અને સરળ હતું. સેંકડો વર્ષોથી ઉચ્ચ સંસ્કારો વાળું અને કૂડકપટ વિનાનું જીવન જીવતા આવ્યા હતા. પોતે સારા તો કોઇ માણસ એમની સાથે કપટ નહીં કરે, એવો ભાવ સાથે જીવતા હતા.



***સુખ શાંતિની જીવન શૈલી દર્શાવતું ચિત્ર***

11. **<u>ઉદારતા અને દયાભાવ:</u>** હિન્દુ સંસ્કૃતિની ખાસિયત છે કે એ ઉદાર અને દયાભાવની સંસ્કૃતિ છે. હજારો વર્ષો જૂની આ સંસ્કૃતિમાં તપ અને સાધના કરવાવાળા ઋષિ-મુનિઓ અને સાધુ-સંતોનું જીવન ભિક્ષા અને દાન ઉપર નિર્ભર રહેતું. એટલે સમાજમાં એવી પ્રથા હતી કે આંગણે આવેલ ઋષિ-મુનિ, સાધુ-સંતોને કોઇ દિવસ ખાલી હાથ પાછા મોકલવા નહીં. બીજી તરફ ઋષિ-મુનિઓ, સાધુ-સંતો પણ સમાજની સમસ્યાઓ દૂર કરવા અને એને વધારે સારો કરવા, એમના તપ અને સાધનાથી મેળવેલ જ્ઞાન આપતા અને સંતો જેવાઓ ભોગ પણ આપતા.

**"ભોળા અને ભલા" કેમ બન્યા?**

એક તરફ ભિક્ષાનું દાન હતું અને બીજી બાજુ જ્ઞાનનું દાન હતું. માટે સમાજ વ્યવસ્થામાં ઉદારતા અને દાનનું બહુજ મહત્વ હતું. આવી વ્યવસ્થા માટે "ઉદારતા અને દયાભાવ" સંસ્કૃતિ હોવી જરૂરી હોય, જે હજારો વર્ષોથી હિન્દુ સમાજમાં હતી.

આવી ઉચ્ચ સંસ્કૃતિના વાહક એવા હિન્દુઓ માટે સાધુ-સંતોની વાણી (એટલે કે જ્ઞાન) ઉપર શંકા કુશંકા કરવાની કોઇ દિવસ જરૂરત પડતી નહીં. બધું જ સુખરૂપ ચાલતું હતું. એમના મન પણ શુદ્ધ અને નિર્મળ બની ગયાં હતાં. એટલે કોઇ ઊંડા કપટ, ષડયંત્ર, દગો વગેરેને ઓળખવાની ક્ષમતાને સામાન્ય હિન્દુઓ ખોઇ બેઠો. જેના કારણે એ "ભોળા અને ભલા" બની ગયા. ક. ક. પા. જ્ઞાતિ આનાથી અછૂત નહોતી. એની પણ આજ સ્થિતિ હતી.

**એના થી થયું શું?**

પણ સમય બદલાયો. વિદેશી અને વિધર્મી આક્રમણકારી અને ષડયંત્રકારીઓનું ભારત પર આક્રમણ થવા લાગ્યું. યુક્તિ પ્રયુક્તિથી હિન્દુઓનું ધર્મ પરિવર્તન કરાવા વાળાઓએ હિન્દુઓના આ ભોળપણનો ખૂબ લાભ લીધો. કારણ કે સાધુના વેશમાં આવેલ વ્યક્તિ ઉપર કોઇ શંકા કુશંકા કરવાની કોઇને ટેવ નહોતી.

# 3

# જ્ઞાતિની નબળાઈ અને ઇસ્લામનું આગમન

**12. <u>ઉચ્ચ જીવન શૈલી:</u>** આજથી લગભગ 550 વર્ષ પહેલાં હાલની કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ ઊંઝા, અમદાવાદ, વીરમગામ, આણંદ વગેરે વિસ્તારોમાં સુખ, શાંતિ, સમૃધ્ધિ યુક્ત જીવન જીવતી હતી.

એમનું સામાજિક, પારિવારિક, ધાર્મિક અને અધ્યાત્મિક જીવન એટલું ઉચ્ચ અને શ્રેષ્ઠ કક્ષાએ પહોંચી ગયું હતું કે એમના જીવનમાં જૂઠ, કપટ, ષડયંત્ર, દગાખોરી, છેતરપિંડી વગેરે દુર્ગુણોને કોઇ સ્થાન નહોતું.

પણ કહેવાય છે ને કે કોઇ ખૂબીની સાથે ખામી પણ આવતી હોય છે. જીવનના વિકાસ ક્રમમાં એ લોકો એટલું ઉચ્ચ આદર્શ જીવન જીવતા હતા, કે એમણે જૂઠ, કપટ, ષડયંત્ર, દગાખોરી, છેતરપિંડી વગેરે અવગુણોને ઓળખવાની શક્તિ પણ ખોઇ બેઠા. મૂળ સનાતન હિન્દુ ધર્મ આધારિત એમનું જીવન ખૂબ શ્રેષ્ઠ હતું. સમાજ વ્યવસ્થા પણ એટલી જ સરસ હતી કે આવું ખોટું કરનાર વ્યક્તિ, સમાજમાં કોઇ દિવસ માથું ઊંચું કરીને સ્વમાનભેર જીવી ન શકે, જેના કારણે લોકો ખોટું કરવાથી બચતા. તેઓ ખૂબ સરળ અને સ્વચ્છ જીવન જીવતા હતા.

**13. <u>નબળા પડવા પાછળનું મુખ્ય કારણ:</u>** એમનું જીવન વધુ પડતું સરળ અને સ્વચ્છ બની ગયું. વધુ પડતું મીઠું ખાવાથી પણ શરીરને નુકસાન થાય છે. એવી રીતે કોઇ પણ વસ્તુની અતિશયોક્તિ પણ એક પ્રકારનું ઝેર છે. બધી વસ્તુઓ પ્રમાણમાં હોય તો જ એ શરીર માટે હિતકારક હોય છે. એમની સરળતા પ્રમાણમાં વધુ પડતી હતી જેના કારણે એમની સરળતા જ એમના માટે ઘાતક બની ગઇ. પરિણામે જ્ઞાતિ એકદમ **"ભોળી અને ભલી"** બની ગઇ.



***નબળી કડી***

એ એટલા હદ સુધી ભોળા બની ગયા કે એમણે ધર્મની બાબતે વિવેકથી વિચારવાનું પણ બંધ કરી દીધું. ધર્મના નામે કોઇ બનાવટી બાવો એમને કાંઇ કહી જાય, તો એ એને સત્ય માની લેતા [88:Page 17].

ભોળપણની પરાકાષ્ઠા એટલે હદ સુધી પહોંચી ગઈ કે એવા સિદ્ધાંતને માનવા લાગી ગયા કે, **"અગર આપણે કોઈનું ખરાબ નથી કર્યું, તો કોઈ આપણું ખરાબ નહીં કરે"**. આ વાત વડીલોના મોઢે ઘણાં લોકોએ સાંભળી હશે જ. હતાશાના સમયે મનોબળ ટકાવવા પૂરતો આ સિદ્ધાંત બરાબર છે, પણ અન્ય પરિસ્થિતિ માટે નથી. આ બાબતે ભારત દેશનો એક ખૂબ સુંદર દાખલો છે.. કે તે સમયના આપણા પ્રધાનમંત્રી જવાહરલાલ નેહરુ પણ આ સિદ્ધાંતની વાતોમાં ફસાઇ ગયા. જેના કારણે "હિન્દી ચીની ભાઇ ભાઇ"ના ચીનીઓના નારા

પાછળની તેમની કુટીલ મનશા નેહરુ ઓળખી ન શક્યા અને એટલે જ ભારત વર્ષ 1962ની ચીન સામેની લડાઇ હારી ગયું.

જે વિષયમાં સમજણ શક્તિ ખોઇ બેસે ત્યારે એ વિષય પર નિર્ણય સમજણથી ન લેવતો હોય. આવામાં સમજાવટ કામ ન આવે. ત્યારે પ્રભાવ કામ કરતો હોય છે. પ્રભાવ પાડવા માટે ચમત્કારનો ઉપયોગ સહુ થી સરળ રસ્તો બની જાય છે.

**ચમત્કારિક વાતો સફળ થવાના કારણો - સમજ અને પ્રભાવ:**

જ્યારે કોઇ વ્યક્તિ એટલી ભોળી હોય કે સાચું શું ખોટું શું એ "સમજ" એનામાં ન હોય, ત્યારે એ માણસ "પ્રભાવ"ના આધારે ચાલતો હોય છે.

સમાજમાં આગેવાનો, પૈસા અને પાવરવાળા લોકોનું અનુકરણ કરવું એજ એમના માટે સાચો નિર્ણય હોય છે.

**ચમત્કારિક વાતો ક્યારે સફળ થાય?**

એટલે એવું કહી શકીએ કે..

**જ્યાં સાચી "સમજ"નો અભાવ હોય, ત્યાં "પ્રભાવ" કામ કરે છે. અને પ્રભાવ પાડવા માટે "ચમત્કાર" ખૂબ ઉપયોગી સાબિત થતો હોય છે. ચમત્કાર પાછળની સચ્ચાઇ ઓળખી શકવાની સમજ ન હોવાના કારણે, આવા લોકો ચમત્કારની વાતો સહજ સ્વીકારી લેતા હોય છે.**

14. **ઇસ્લામનું ભારતમાં આગમન:** ભારતનું જ્ઞાન, એની સમૃધ્ધિ અને વૈભવની કીર્તિ આખા વિશ્વમાં ફેલાઈ ગઇ હતી. ભારતને "સોને કી ચિડિયા" કહેવામાં આવતું. ભારતના જ્ઞાન અને તેની સમૃધ્ધિ તેમજ વૈભવને લૂંટવા વિદેશીઓ આક્રમણ કરવા લાગ્યા. સહુથી પહેલાં વર્ષ 712માં મહમદ બીન કાસીમ આવ્યો અને પછી વર્ષ 997માં મુહમ્મદ ઘઝની ભારતમાં લૂંટીને પાછા પોતાના દેશ જતો રહ્યો. આ લોકોએ ઇસ્લામ ધર્મનો ફેલાવો કરવા માટે કોઇ ખાસ પ્રયત્ન નહોતા કર્યા.



પણ વર્ષ 1192માં પૃથ્વીરાજ ચૌહાણને હરાવી મોહમ્મદ ઘોરીએ ભારતમાં ઈસ્લામી રાજ્યની સ્થાપના કરી હતી. ગુજરાતમાં ઇસ્લામનું રાજ્ય વર્ષ 1297માં સ્થપાયું. ભારતીય લોકો એટલે કે હિન્દુઓ પાસેથી લુંટેલી સમૃધ્ધિ અને વૈભવને પોતાના દેશમાં લઇ જવા કરતાં અહીં જ એ લુંટને માણવાનું વધારે પસંદ કરવા લાગ્યા. એટલે આ મુસલમાન રાજાઓ ભારતમાં જ રહેવા લાગ્યા.

પોતાનાથી સંખ્યા બળમાં અનેક ઘણી મોટી સંખ્યામાં સ્થાનિક હિન્દુઓ પર ઇસ્લામની સત્તા કાયમ માટે ચલાવી એ અશક્ય હતું, એ મુસલમાન રાજાઓ ખૂબ સારી રીતે જાણતા હતા. કાયમી રીતે હિન્દુઓને ગુલામ બનાવી અને તેમની સમૃદ્ધિ અને વૈભવ લૂંટી જલ્સા કરવા માટે જરૂરી હતું કે એક એવો પાયો નાખવો કે જેના ઉપર ઇસ્લામી રાજાઓ નિર્ભર રહી શકે. પોતાનું ભાવિ સુરક્ષિત રાખવા માટે તેઓ માટે એવા લોકોની જરૂરત હતી કે જેઓ પોતાના મુસલમાન રાજા સાથે એકદમ વફાદાર રહે. માટે હિન્દુઓને મુસલમાન બનાવવાનું ખૂબ જ જરૂરી હતું,

બીજી બાજુ ઇસ્લામના પ્રચારકો માટે ગઝવા-એ-હિંદ[5]નું મિશન હતું. જેને હિન્દુઓને જબરદસ્તી મુસલમાન બનાવવાના અનૈતિક કાર્યને ધાર્મિક દૃષ્ટિએ નૈતિકતાનું લેબલ આપી દીધું. આવા બધા કારણોને લઈને ગમે તે કિંમતે હિન્દુઓને મુસલમાન બનાવવાનું કામ શરૂ થયું.

**ઇસ્લામ બે પદ્ધતિથી મુખ્ય રીતે ફેલાયો**

**14.1.<u>તલવારના માધ્યમથી (સુન્ની મુસલમાન):</u>** આમાં હિન્દુઓ ઉપર જોર જબરદસ્તી કરી, મારી નાખવાની ધમકીઓ આપી, ભય બતાવી, લોકોને બળજબરીથી મુસલમાન બનાવવામાં આવતા. ઇતિહાસમાં આના અસંખ્ય દાખલાઓ જોવા મળે છે. આ વિષયનો વિસ્તૃત ઇતિહાસ લગભગ બધાજ જાણે છે, જેની ચર્ચા અહીં આપણે કરવાના નથી.



**14.2.<u>યુક્તિ-પ્રયુક્તિ એટલે "અલ-તાકીયા"ના માધ્યમથી (શિયા મુસલમાન):</u>** આ માધ્યમ બહુ જ ખતરનાક છે. આ માધ્યમથી લોકોને એવી રીતે છેતરવામાં આવે કે લોકોને ખબર જ ન પડે કે એમનું ધર્મ પરિવર્તન થઈ ગયું. વિરોધના બદલે લોકો સામેથી પોતાનો ધર્મ પરિવર્તન કરવા તૈયાર થઈ જાય. આ પદ્ધતિ આજે પણ ઘણા ઈસાઈઓ અને મુસલમાન ધર્મ પ્રચારકો હિન્દુઓને વટલાવવા માટે અપનાવી રહ્યા છે. ષડયંત્ર એટલું ઊંડું હોય છે કે બધુ દેખાતા હોવા છતાં, સરકાર અને કોર્ટ પણ આને જલ્દીથી પકડી નથી શકતી.



[5] ગઝવા-એ-હિંદ - https://abkkpsamaj.org/go/fn5

દુર્ભાગ્યવશ યુક્તિ-પ્રયુક્તિ પદ્ધતિથી થતા ધર્મ પરિવર્તનનો શિકાર ક. ક. પા. જ્ઞાતિ બની. અગાઉ જણાવ્યા પ્રમાણે, જ્ઞાતિના લોકો એટલા હદ સુધી ભોળા અને ભલા થઇ ગયા હતા કે આવા ઊંડા ષડયંત્રને ઓળખી ન શક્યા. આ ષડયંત્ર શું છે, તે કેવી રીતે કામ કરે છે અને જ્ઞાતિનું કેવી રીતે ધર્મ પરિવર્તન થયું, એની વાત આગળ જણાવેલ છે.

**<u>આ પુસ્તકનો મુખ્ય વિષય</u> આ યુક્તિ-પ્રયુક્તિની જાણકારી લોકોને આપવી. કચ્છ કડવા પાટીદાર (ક.ક.પા.) જ્ઞાતિ કેવી રીતે આ ષડયંત્રની શિકાર બની અને ત્યાર બાદ કેવી રીતે આની સામે ક. ક. પા. જ્ઞાતિ 550 વર્ષો સુધી ઝઝૂમી તેમજ લડી અને આખરે આજે 95%થી વધારે જ્ઞાતિના લોકોએ મૂળ સનાતન હિન્દુ ધર્મમાં ધરવાપસી કરી લીધી છે.**

15. **<u>ઇસ્લામ સામે સમસ્યાઓ:</u>** યુક્તિ-પ્રયુક્તિના માધ્યમથી ઇસ્લામના પ્રચારકોમાં "સૂફી"[6] સંતોએ મુખ્ય ભૂમિકા ભજવી છે. આ લોકો ભારતમાં આવ્યા અને ઇસ્લામનો પ્રચાર કરવા માટે, પ્રેમ-એકતા-સંપ-સંગઠન, ઉપરવાળો તો એકજ છે, ગમે તે નામથી ભગવાનને બોલાવો, ફરક તો માત્ર ભાષાનો છે બાકી બધું તો એક જ છે, આવી ડાહી-ડાહી વાતોનો ઉપયોગ કરવામાં આવ્યો. હિન્દુઓ વાતની પાછળનો મકસદ સમજ્યા વગર એમની વાતો સાંભળતા. અને હિન્દુ મુસલમાન ભાઇ-ભાઇ, લોહી એક જ છે, વગેરે વાતોની આડમાં સૂફીઓ પોતાનો ઇસ્લામ ધર્મનો પ્રચાર કરતા. પણ જોઈએ એટલા સફળ નહોતા થતા. [32]

ઈતિહાસકારો જણાવે છે કે બધાજ પ્રયત્નો કરી છૂટવા છતાં, હિન્દુઓ મુસલમાન બનતા નહોતા. ઇસ્લામની બધીજ સારી-સારી આદર્શવાદી લોભામણી વાતો નિષ્ફળ થવા લાગી. ધર્મ પરિવર્તન કરવા માટે લોભ-લાલચો પણ નાકામ થવા લાગ્યા. સામાન્ય રીતે અપનાવવામાં આવેલ સામ-દામ-દંડ-ભેદમાં પણ નિફળતા સિવાય કઈં હાથ લાગ્યું નહીં.

બધાજ પ્રકારના પ્રયત્નોની નિષ્ફળતા બાદ, વાત એમના બૌદ્ધિક વર્ગ પાસે પહોંચી. બૌદ્ધિકોએ હિન્દુઓની જીવન શૈલીનો અભ્યાસ કર્યો. બૌદ્ધિકોએ જોયું કે હિન્દુઓ ઇસ્લામના પ્રચારની બધી જ સારી-સારી વાતો સાંભળે છે, પણ પોતાના ઘરે ગયા પછી એ લોકો હિન્દુના હિન્દુ જ રહે છે, વટલાતા નથી એટલે કે મુસલમાન બનતા નથી. આવું થવા પાછળના કારણોમાં ઊંડા ઊતર્યા, ત્યારે ઇસ્લામના બૌદ્ધિકોને મુખ્ય બે કારણો જોવા મળ્યા [27:Page 282 to 284].

---

[6] સૂફી = Sufi - https://abkkpsamaj.org/go/fn6

## હિન્દુઓનું ધર્મ પરિવર્તનમાં અવરોધ રૂપે સમસ્યાઓ




**15.1.<u>સનાતન ધર્મના મૂલ્યો અને આદર્શો બહુજ ઊંચા હતા:</u>** ઇસ્લામના પ્રચારકોએ જોયું કે હિન્દુ ધર્મના મૂલ્યો અને આદર્શો એટલા બધા ઊંચા છે કે ઈસ્લામ એની બરાબરી કરી શકતો નથી. (આજે પણ, ઘણા વિદ્વાનો માને છે કે સનાતન ધર્મના મૂલ્યો અને આદર્શોની બરાબરી કોઇ અન્ય ધર્મ કરી શકતો નથી.) બીજા શબ્દોમાં કહીએ તો જે કોઈ ઉપદેશો ઇસ્લામના પ્રચારકો આપતા હતા એ વાત હિન્દુઓ આગાઉથી જ જાણતા અથવા પાળતા હતા જ. હિન્દુઓ માટે કોઈ નવી ચીજ ઇસ્લામ લાવી શકતો નહોતો. **એટલે ઇસ્લામ હિન્દુઓને પોતાના તરફ આકર્ષિત કરી શકતો નહોતો.**



**15.2.<u>હિન્દુઓનું રક્ષણ કરતી સજ્જડ સમાજ વ્યવસ્થાનું કવચ:</u>** બીજું મુખ્ય કારણ, જે એમને જોવા મળ્યું, એ હતું હિન્દુ સમાજ વ્યવસ્થાનું રક્ષણ કવચ. આ કવચ શું છે એ સમજવા માટે આજથી લગભગ 600 થી 700 વર્ષ જૂની પરિસ્થિતિની કલ્પના કરવી પડે.

આજથી 600 વર્ષ પહેલાંની કલ્પના કરવાથી ખ્યાલ આવશે કે મોટાભાગે બધા ગામડામાં રહેતા, ખેતી કરતા, સાધારણ લોકો હતા. તે સમયે દરેક ગામમાં સામાન્ય રીતે આવી જ વ્યવસ્થા હતી.

તે સમયે ખેતી મુખ્ય વ્યવસાય હતો. લોકો એકબીજાની ખેતીમાં જરૂરિયાત પ્રમાણે મદદ માટે એકબીજાની ખેતીમાં કામ કરવા જતા. જેણે કચ્છી ભાષામાં "વેરી" કહેવામાં આવે છે. એવીજ રીતે લગ્ન અને મરણ પ્રસંગમાં પણ આવેલ મહેમાનોની ઉતારાની વ્યવસ્થા હોય કે રસોઈ બનાવવાની વ્યવસ્થા હોય, એવી તમામ સગવડો પરિવાર અને સમાજના સભ્યો સાથે મળીને કરતા. આજના આધુનિક યુગમાં પૈસા ખર્ચીને મજૂર/લેબર મળી જાય, પૈસા ખર્ચીને જરૂરી સગવડો ઊભી કરી શકાય, એવી આર્થિક પરિસ્થિતિ અને અન્ય સગવડો એ જમાનામાં નહોતી. **લોકો પોતાની આજીવિકા માટે તેમજ પારિવારિક જીવન માટે એક બીજા ઉપર ખૂબ નિર્ભર હતા.**

આવી પરિસ્થિતિમાં અગર કોઇ હિન્દુ ઇસ્લામ તરફ આકર્ષાઇને ઇસ્લામ ધર્મ કબૂલ કરે, તો તરતજ એની સમાજના લોકો એને બહિષ્કૃત કરી દેતા. જેનાથી પરિવાર અને સમાજ તરફથી મળતા તમામ સહયોગ પહેલાં બંધ થતા અને પછી તેને પાછા હિન્દુ ધર્મમાં લાવા માટે એની સાથે અસહયોગ પણ કરવામાં આવતો.

પરિણામે એ માણસ પાસે છેલ્લે હિન્દુ ધર્મમાં પાછા વળવા સિવાય કોઇ બીજો વિકલ્પ ન બચતો. આવી રીતે સમાજ વ્યવસ્થા હિન્દુ સમાજનું કવચ બનીને એનું રક્ષણ કરતી હતી.

ઇસ્લામના પ્રચારકો માટે આ કવચ તોડવાની કોઇક રણનીતિની સખત જરૂરત જણાવા લાગી.

**સમાજ વ્યવસ્થા કવચ**

**<u>નોંધ:</u>** ઇસ્લામ ધર્મના પ્રચારકો ભારતમાં મોટે ભાગે સફળ ન થવા પાછળનું મુખ્ય કારણ છે હિન્દુ ધર્મનું **"સમાજ-વ્યવસ્થાનું-કવચ"**. ઇસ્લામનો ઇતિહાસ કહે છે કે ભૂતકાળમાં જે-જે દેશ ઉપર ઇસ્લામે આક્રમણ કર્યું, એ દેશ માત્ર થોડા જ વર્ષોમાં મુસલમાન બની ગયું. સૌથી વધારે 18 વર્ષ ઈરાન દેશને મુસલમાન બનતા લાગ્યાં.

પણ ભારત ઉપર સેંકડો વર્ષો સુધી રાજ કર્યા બાદ પણ ભારત ઉપર જીત નથી મેળવી શક્યા એની પાછળનું મુખ્ય કારણ છે હિન્દુ **સમાજ વ્યવસ્થાનું રક્ષા કવચ.**

**ઉદારતા, આઝાદી, છૂટ વગેરેના આદર્શવાદી સિદ્ધાંતોમાં ફસાઇને અગર હિન્દુ સમાજ કોઈને વિધર્મ સ્વીકારવાની છૂટ આપે, તો પછી હિન્દુ ધર્મ છોડી, ધર્મ પરિવર્તન કરનાર લોકોને કોઈનો ડર જ નહીં રહે. હિન્દુ ધર્મ છોડનાર લોકોનો પ્રવાહ કોઈ દિવસ રોકી શકાશે નહીં. આવું ન થાય એના માટે સમાજ વ્યવસ્થાનું કવચે હિન્દુઓની ખૂબ રક્ષા કરી છે.**

આપ નોંધ કરજો કે આજે પણ હિન્દુ વિરોધી તત્વોનો પહેલો પ્રહાર હિન્દુ સમાજ વ્યવસ્થા પર જ હોય છે. પ્રચાર એવો કરે કે જાણે પહેલાં પોતાનું જોવું જોઈએ. સમાજ શું કહેશે એનું આપણે વિચારવું ન જોઈએ. આવી ડાહી-ડાહી અને ભ્રામક વાતો કરીને લોકોને પોતાના રક્ષા કવચ ઉતારી પાડવા માટે પ્રેરણા આપવામાં આવે છે. આવી વાતો સિનેમા અને ટી. વી. સિરિયલ કાર્યક્રમોમાં ખાસ જોવા મળે છે. આનાથી બચવું જોઇએ અને ભાવિ પેઢીને યોગ્ય સમજ આપવી જોઇએ.

**માટે, આપણે બધાએ સમાજ વ્યવસ્થાને મજબૂત કરવા પાછળ ધ્યાન આપવું જોઇએ અને ભાવિ પેઢીને સમાજનું મહત્વ સમજાવવું જોઇએ.**

16. **<u>ઇસ્લામના પ્રચારકોની યુક્તિ/રણનીતિ - "વિચારધારાનો વિનાશ":</u>** ઇસ્લામના પ્રચારકોને એવી યુક્તિ કે રણનીતિની જરૂરત હતી કે જેના થકી ઉપર જણાવેલ મુખ્ય બે સમસ્યાઓ દૂર કરી શકે. તેમની આ રણનીતિ એવી છૂપી રીતે કામ કરે કે સામાન્ય વ્યક્તિને ખબર જ ન પડે. કારણ કે તેમની રણનીતિની પોલ જો ખુલી પડી જાય તો કોઇ હિન્દુ એમની રણનીતિનો શિકાર નહીં બને.

જ્યારે દુશ્મન આપણાંથી બહુ મોટી સંખ્યામાં હોય અને તેના કારણે એની સામે આર-પાર વાળી સીધી લડાઇ લડવી યોગ્ય ન હોય, ત્યારે આક્રમણકારીઓ દ્વારા જે રણનીતિનો ઉપયોગ કરવામાં આવે છે, એ

રણનીતિનો ઉપયોગ ઇસ્લામના પ્રચારકો દ્વારા કરવામાં આવી. આ રણનીતિનું નામ છે **"વિચારધારાનો વિનાશ"** જેણે અંગ્રેજીમાં **Ideological Subversion** કહેવામાં આવે છે.

આ રણનીતિ ઇસ્લામના પ્રચારકો માટે એકદમ યુક્ત હતી. કારણ કે હિન્દુ સમાજ પોતાની ઉચ્ચ જીવન શૈલીના કારણે ખૂબ "ભોળો અને ભલો" બની ગયો હતો. તદુપરાંત સેંકડો વર્ષોની ઇસ્લામી લુંટથી ત્રસ્ત, ઘણા સમયથી સત્તા અને શાસનથી વિમુખ અથવા ઇસ્લામી રાજા ઉપર અવલંબિત હોવાના કારણે હિન્દુ સમાજ દબાયેલો અને શોષિત બની ગયો હતો. આવી પરિસ્થિતિમાં પોતના સાથે રમાતી રમતને ઓળખવાની શક્તિ ખોઇ બેઠો હતો. અને જો ક્યાંક કોઈ સમજતું હતું તો આવી રમતો સામે અવાજ ઉઠાવવાની હિંમત પણ તેમનામાં નહોતી (સત્તાથી વિમુખ અને અવલંબિત હોવાના કારણે).

# પ્રહર 2

1475 થી 1513
38 વર્ષ

# ઈમામશાહ પીરાણામાં આવ્યો

ભોળપણ અને અજ્ઞાન - સંકટને આમંત્રણ

**સનાતની વિચારધારાના વિનાશની રણનીતિ**

શું ? શા માટે ? કેવી રીતે ? તમામ પ્રશ્નોની પદ્ધતિસરની માહિતી

4

# વિચારધારાનો વિનાશ
## (Ideological Subversion)



17. **"વિચારધારાનો વિનાશ" (Ideological Subversion) એટલે શું:** જ્યારે આક્રમણકારી સામે એવી પરિસ્થિતિ આવી જાય કે પોતે બહુ નાની સંખ્યા કે નિર્બળ પરિસ્થતિમાં હોય અને એના સામેવાળો બહુ બળવાન હોય, ત્યારે આવી પરિસ્થિતિમાં આક્રમણકારી માટે સીધી લડાઈ કરવી, એ બુધ્ધિમાનીનું કામ નથી. આવી પરિસ્થિતિમાં આક્રમણકારી હજારો વર્ષોથી જાણતે-અજાણતે જે રણનીતિ અપનાવતા આવ્યા છે, એ રણનીતિનું નામ છે "વિચારધારાનો વિનાશ".

**VERY IMPORTANT / બહુજ મહત્વનું**

**આ પ્રકરણ (chapter) બહુજ મહત્વનું છે. "વિચારધારાનો વિનાશ"ના માધ્યમથી કેવી રીતે ક. ક. પા. જ્ઞાતિનું ધર્મ પરિવર્તન કરવામાં આવ્યું અને મોતના મોઢામાં પહોંચી ગયેલી આ જ્ઞાતિએ પાછી સનાતન ધર્મમાં ઘરવાપસી કેવી રીતે કરી, એ વાતની ગંભીરતાને બરાબર સમજવા માટે આ પ્રકરણને બરાબર બારીકાઈથી મગજમાં ઉતારી લેવું જરૂરી છે.**

## વિચારધારાનો વિનાશ / Ideological Subversion

સભ્યતા, ધર્મ, સંસ્કૃતિ અને દેશનું પતન (Collapse of Civilisation, Religion, Culture and Nation) થવાના કારણો પર સંશોધન (Research) કરનાર વિશેષજ્ઞ (Experts) જણાવે છે કે..

**યુદ્ધની સર્વોચ્ચ કળા છે.. કે યુદ્ધ લડવું જ નહીં** (The highest art of warfare is not to fight at all). પણ દુશ્મનની શક્તિ, ગૌરવ, મહત્વ અને મૂલ્યવાન વસ્તુઓના સ્ત્રોત (Sources of Strength, Pride, Importance and Value)ને, ભ્રષ્ટતા (ભેળસેળ) કે અન્ય માધ્યમથી નાશ કરતા રહેવું. આ વિનાશ એવા સમય સુધી કરતા રહેવું કે જ્યાં સુધી દુશ્મનની વાસ્તવિકતાને સમજવાની વિવેક બુદ્ધિ (Perception of Reality) ભ્રષ્ટ અથવા નાશ થઈ જાય. આ વિનાશને એ સીમા પર લઈ જવું કે દુશ્મન તમને શત્રુ તરીકે જોતો જ બંધ થઈ જાય.

પરિણામે તમારો દુશ્મન આક્રમણકારીની સભ્યતા, ધર્મ અને મહત્વકાંક્ષાઓ (Civilisation, Religion and Ambitions)ને એક પ્રકારનો વિકલ્પ (Alternative) તરીકે જોવા લાગે. કદાચ એને ઇચ્છનીય (Desirable) ન લાગે, તો કમ-સે-કમ અપનાવી શકાય (Feasible) એવી રીતે તો જોતો થઈ જાય.

વિચારીક વિનાશની સર્વોચ્ચ એટલે કે પરમ ઉદ્દેશ (Ultimate Purpose)ની આ સ્થિતિ છે. જે વિચારધારાના વિનાશનું છેલ્લું ચરણ છે. આના પછી બંદૂકની એક પણ ગોળી ચલાવ્યા વગર, તમે ખૂબ સહેલાઈથી શત્રુને તુરંત હટાવી શકો છો.

18. **વિચારધારાનો વિનાશ કેવી રીતે કામ કરે?:** આ વિષયમાં જેમને નિષ્ણાત એટલે કે એક્સપર્ટ (Expert) ગણાય એવા પ્રોફેશનલ પ્રોપગાંડિસ્ટ (Professional Propagandist) એટલે કે વ્યાવસાયિક પ્રચારકો કહે છે કે વિચારધારાનો વિનાશ જેને અંગ્રેજી ભાષામાં આઇડીયોલોજીકલ સબવર્શન (Ideological Subversion) કહેવાય છે એનું કાર્ય ચાર તબક્કાઓના સમયગાળાનામાં કરવામાં આવે છે.

**1. Demoralisation / નિરાશા ફેલાવવી**

↓

**2. Destabilisation / અસ્થિરતા લાવવી**

↓

**3. Crisis / કટોકટીની સ્થિતિમાં મૂકવું**

↓

**4. Normalisation / સામાન્ય પરિસ્થિતિ બહાલ કરવી**

**19. <u>Demoralisation / નિરાશા ફેલાવવી:</u>** સરળ શબ્દોમાં કહીએ તો નિરાશા ફેલાવવી એટલે એવા પ્રકારના દબાણો લાવવા અથવા કાર્યો કરવા કે જેનાથી સામેવાળાને ભટકાવી શકાય એના તેને અસ્થિર પરિસ્થિતિમાં મૂકી દેવાય. જે ત્રણ પ્રકારે કરી શકાય.




1) **<u>પ્રત્યક્ષ / Overt:</u>** પ્રત્યક્ષ રીતે એટલે કે ખુલ્લે-આમ જાહેરમાં કરવામાં આવતા પ્રયાસો.

2) **<u>માન્ય / Legitimate:</u>** આ પ્રયાસો સર્વ સામાન્ય રીતે માન્ય અથવા ઉચિત ગણાતા હોય. કાયદાનું ભંગ ન થતું હોય, એટલે એ વાજબી હોય.

3) **<u>પારખી શકાય / Easily Observable:</u>** આ પ્રકારમાં થતા કાર્યોનું સહેલાઈથી નિરક્ષણ કરીને પારખી શકાય. જો આપણે સમય કાઢીએ એના પાછળ થોડી મહેનત કરીએ તો. સરકારી નિયમો અને દેશની કાયદા વ્યવસ્થા પ્રમાણે આ કાર્યોની વ્યાખ્યા ગુનામાં ન આવતી હોય. ગેરસમજો ફેલાવવી અને બહુજ ચાલાકીથી શબ્દોની પરિભાષા બદલવી વગેરે બાબતો આમાં કરવામાં આવે.



નિરાશા ફેલાવવી એ ખૂબ જ ધીમી પ્રક્રિયા હોય છે. આનો સમય ગાળો કમ સે કમ 3 (ત્રણ) પેઢીનો હોય છે. નવી બાહ્ય (આક્રમણકારી/વિધર્મી) વિચારધારાને સમજાવવી, એ વિચારધારાને લોકોના મનમાં ઠસાવવી અને એ પ્રમાણે એમના વ્યક્તિત્વો ઘડવા અને ત્યાર બાદ જ સંપૂર્ણ **સમાજને ભરમાવવા માટે ઓછામાં ઓછા 3 પેઢીઓ સાથે કામ કરવું પડતું હોય છે**. કારણ કે ત્યાં સુધી આ 3 પેઢીથી આગળની (જૂની) પેઢી, જે બધું જાણતી હોય એ બચી ન હોય. **જરૂર પડે તો (મૂળ જાગૃતતા હજી ચાલતી હોય તો) આ સમય ગાળો 3 પેઢીથી પણ વધારે લાંબો થઈ શકે છે.** એટલે કે એવા સમયે જ્યારે સાચી વાત સમજાવવા માટે કોઈ બચ્યું ન હોય, ત્યારે લોકોને ભ્રમિત કરવા માટે અનેકો પ્રકારના પ્રભાવોનો ઉપયોગ કરવામાં આવે. લાગવગ લગાડવી, પ્રચાર કરવો, સીધો સંપર્ક કરવો કે પછી કોઇ અન્ય રીત હોય, બધીજ રીતો અપનાવવામાં આવે. અને લોકોના અભિપ્રાયો બદલાવવામાં આવે. બદલેલા અભિપ્રાયોને કેવી રીતે પોતાના (આક્રમણકારીના) ફાયદા માટે ફેરવવામાં આવે, એના વિષે વધુ ખુલાસાઓ આગળ આપેલ છે.

**20.** **Main Areas of Demoralisation / નિરાશા ફેલાવવાના મુખ્ય ક્ષેત્રો:** આ સહુથી મહત્વનો અને મોટો તબક્કો છે. વિચારધારાના વિનાશનો પાયો આ તબક્કામાં નાખવામાં આવે છે. મૂળ વિચારધારા અને લોકોના અભિપ્રાયો કે મંતવ્યોને નવો રૂપ આપવા અથવા એને નવા આકારમાં ઢાળવા માટે ઉપયોગમાં લાવવાના મુખ્ય ક્ષેત્રો નીચે પ્રમાણેના હોય છે.

**1. Demoralisation Areas / નિરાશાના ક્ષેત્રો**

- **1. Religion / ધર્મ**
- **2. Education / શિક્ષા**
- **3. Social Life / સામાજિક જીવન**
- **4. Power Structure / સત્તાનું માળખું**
- **5. Law and Order / કાયદો અને વ્યવસ્થા**
- **6. Leadership / નેતૃત્વ**

**ઉપર જણાવેલ દરેક ક્ષેત્રમાં શું કરવામાં આવે છે, એ હવે આપણે જોઈશું.**

**20.1.** **Religion / ધર્મ:** આ વિષયમાં, ધર્મનો નાશ (Destroy), ધર્મને હાસ્ય કે મજાક (Ridicule)માં ખપાવવો, મૂળ ધર્મને કાઢી કે બદલી (Replace)ને એની જગ્યાએ પંથ (Sect) કે સંપ્રદાય (Cult)ને સ્થાપિત કરવાનું હોય છે. આ નવો પંથ કે સંપ્રદાયમાં અગર ખામીઓ હોય અથવા એ અવિકસિત હોય અથવા શ્રદ્ધાના બદલે અંધશ્રદ્ધા હોય, તો તેનાથી કોઈ ફરક ન પડે.

મૂળ વાત છે કે લોકોને પોતાના અસલ કે મૂળ ધર્મ ઉપરની શ્રદ્ધા, મૂલ્યો, આદર્શો અને સુદ્ધાંતો (Religious Dogma)નું ધીરે-ધીરે ધોવાણ (ઘસારો/Erosion) કરવામાં આવે. જેના મદદથી લોકોને પોતાના અસલ કે મૂળ ધર્મને છોડાવવામાં આવે, એ મહત્વનું છે. અહીં, ધર્મનો જે સર્વોચ્ચ હેતુ હોય છે કે લોકોને સીધા પરમાત્મા સાથે જોડી રાખવા, એ હેતુને નુકસાન થાય એના તરફ ધ્યાન આપવામાં આવે છે.

આવું કરવા માટે સ્વીકૃત, સર્વ માન્ય, આદરણીય ધાર્મિક સંગઠનો (Accepted and Respected Religious Organisations)ને બદલી (Replace) એની જગ્યાએ નકલી સંગઠનોને મૂકી દેવામાં આવે.

આમાં, સાચા કે મૂળ ધર્મથી લોકોને દૂર રાખવા, તેમજ તેમને ધ્યેયથી ભટકાવવામાં (Distract) આવે. ત્યાર બાદ એમને અન્ય પંથ કે સંપ્રદાય તરફ જવા પ્રેરિત કરવામાં આવે.

ક. ક. પા. જ્ઞાતિ ઉપર આ મુદ્દાની અસર કેવી રીતે થઈ, એ જોવા માટે જુઓ પોઈન્ટ (68).

**20.2.** **Education / શિક્ષા – કેળવણી:** આ ચરણમાં, રચનાત્મક, વ્યવહારીક, કાર્ય-કુશળ, વિવેકી શિક્ષાથી દૂર રાખવા માટે, જરૂરી ભ્રમણાઓ ફેલાવવામાં આવે. ગણિત, વિજ્ઞાન, ભાષા, પોતાનો ગૌરવવંત ઇતિહાસ અને મૂળ ધર્મના શાસ્ત્રોની જગ્યાએ, લોકોને ભટકાવતી સામાન્ય વાતો કહેવામાં આવે. જેવી કે સવારના ઉઠીને નાહવું, નૈસર્ગિક કે કુદરતી ખાવું-પીવું, વ્યાપાર ધંધામાં ઈમાનદારી રાખવી, જેવી કોઈ પણ સામાન્ય વસ્તુ શિખડાવવી.

લોકોને ઉપર જણાવ્યા પ્રમાણેના મૂળ (સાચા) શિક્ષણથી દૂર રાખવા માટે, વ્યર્થ અને જે સામાન્ય લોકો જાણતા-પાળતા હોય એવી વાતો કરીને, સાચી શિક્ષા આપવાનો ડોળ કરવામાં આવે.

**20.3.** **Social Life / સામાજિક જીવન:** આ ચરણમાં, પરંપરાગત સંસ્થાઓ / સંગઠનો / સમાજોને બદલીને નકલી સંગઠનો મૂકી દેવામાં આવે. લોકો દ્વારા કરવામાં આવતી પહેલને (Initiative)ને દૂર કરવામાં આવે. સ્વાભાવિક રીતે લોકો, સમૂહ અને સમાજને જોડી રાખતી સંપર્કની કડીઓ અને, સમાજને ચલાવતા તેમજ સાચવતા જિમ્મેદાર લોકોને દૂર કરો. અને એની જગ્યાએ ખાસ તૈયાર કરવામાં આવેલ અમલદારના નામે ખાસ લોકોના નિયંત્રણ અને સત્તાના હેઠળ આ સમાજ કે સંગઠનને મૂકી દેવામાં આવે.

પરસ્પર લોકો વચ્ચે, સામાજિક જીવન અને મિત્રતાના બદલે, એવી સંસ્થાઓ મૂકી દેવામાં આવે કે જેમાં પોતાના લોકો નિયુક્ત હોય.

દાખલા તરીકે, પરંપરાગત રીતે પરિવારના અંદરના ઝઘડાઓ પરિવારના લોકો ઉકેલે. પણ અહીં આ સત્તા જમાત-ખાના (ઉર્ફે ખાના)ના મુખીને દેવામાં આવે. એટલે ખાનાના મુખી સાથે બધાજ સારા સંબંધો રાખે. જેથી કરીને એનું મહત્વ વધે અને લોકો પર નિયંત્રણ રાખી શકે.

**20.4.** **Power Structure / સત્તાનું માળખું:** પરંપરાગત રીતે ઊભી થયેલ વહીવટીય વ્યવસ્થા, જેમાં પરંપરા પ્રમાણે સંચાલન થતું હોય અને જેમાં લોકોની પસંદ પ્રમાણે વ્યક્તિઓ જવાબદારીઓ સંભાળતા હોય અથવા સમાજ દ્વારા આવા માણસોને પસંદ કરવામાં આવ્યા હોય, આવી વ્યવસ્થાના સ્થાન પર ખાસ ઊભી કરવામાં આવેલ એવી વ્યવસ્થા હોય કે જેમાં કોઈ આવા માણસોને પસંદ કે નિયુક્ત કરેલ ન હોય. ઉપરથી જે માણસ મોકલી દેવામાં આવે.

જરૂરી કાબેલિયતનો અભાવ ધરાવતા અને લોકોની માન્યતા પણ ન ધરાવતા, અયોગ્ય/ અપાત્ર લોકો દ્વારા સામાજિક સત્તાની માળખાનું ધીરે-ધીરે ધોવાણ (ઘસારો/Erosion) કરવામાં આવે. આવા લોકોને પ્રજાએ સત્તા ન આપી હોય તો પણ આવા લોકો પાસે સત્તા હોય છે.

દાખલા તરીકે, આવો એક સમૂહ છે, મિડીયા. એમને કોણે નિયુક્ત કર્યા? કોઇએ નહીં. પણ મીડિયા છે. મીડિયા પાસે આવડી શક્તિ કેમ છે? તમારા મગજ ઉપર અસર કરતી અને મોટા ભાગે એકાધિકાર ધરાવતી આ શક્તિ, એમના પાસે હોય છે. તમારા મગજ અને વિચારો સાથે ગમે તેમ રમતો રમી શકે. પણ એમને કોણે નિયુક્ત કર્યા? તમારા માટે શું સારું છે કે શું ખરાબ છે એ નક્કી કરવાની મનોવૃત્તિ એમની હોય છે.

**નોંધ:** ઉપર જણાવેલ મુદ્દા વિષે સમાજની વ્યવસ્થા સમજાવવા, આ માત્ર એક દાખલો છે. કોઈ ખાસ મીડિયા વિષે ટિપ્પણી નથી. કોઈએ બંધ બેસતી પાઘડી ન પહેરી લેવી એવી ખાસ વિનંતી.

આવા ઘણા દાખલાઓ છે. જેવા કે હિન્દુ સંગઠનોમાં RSS, BJP, VHP, બજરંગ દળ, સાધુ સંગઠનો વગેરે. મુસલમાન સંગઠનોમાં મુલ્લાઓ, PFI, SDPI, Wakf Board અને એમના ફાર્માનો. ઈસાઈ સંગઠનોમાં ચર્ચ, ધાર્મિક શિક્ષણ સંસ્થાઓ અને હોસ્પિટલો વગેરે. મને લાગે છે કે શું કહેવા માંગુ છું, એનો અંદાજો આવી ગયો છે. એટલે વધારે ખુલાસો અહીં નથી કરતો. આગળ આપણે આના વિષે નક્કર દાખલાઓ જોઇશું.

ક. ક. પા. જ્ઞાતિ ઉપર આ મુદ્દાની કેવી રીતે અસર થઈ, એના માટે જુઓ પોઈન્ટ (76 અને 77).

**20.5. <u>Law and Order / કાયદો અને વ્યવસ્થા:</u>** આ ચરણમાં, કાયદાની અમલવારી (Law Enforcement) તેમજ કાયદો અને વ્યવસ્થા (Law and Order)ના સંચાલનના માળખાનું ધોવાણ (ઘસારો/Erosion) કરવામાં આવે.

છેલ્લા 50 વર્ષની ફિલ્મો જુઓ. વધુ પડતી ફિલ્મોમાં પોલીસની છબી કેવી ખરાબ રીતે ચિતરવામાં આવી છે. પોલીસ ઓફિસરને લાંચ લેતો (Corrupt), ક્રોધી, સામાન્ય લોકોને રાહત ન આપતો, પોતાની સત્તાનો દુરુપયોગ કરતો, વગેરે બતાવવામાં આવે છે. જ્યારે ગુનેગારનો દેખાવ એક શક્તિ શાલી, પ્રભાવી માણસ જેવો હોય. આવા પ્રકારની એક સામાન્ય છબી નિર્માણ કરવામાં આવે. પોલીસ વેચાયેલી છે અથવા કોઇકની દબાણમાં આવીને પોતાનું કામ બરાબર નથી કરતી. તેવીજ રીતે રાજકારણીઓ પોતાના સ્વાર્થ ખાતર વેચાય જવાના કે નબળા પાડવાના ઘણા કિસ્સાઓ આપણાં સામે રોજ-રોજ આવતા હોય જ છે.

પરિણામે જ્યાં દીવા જેવી ચોખ્ખી વાત હોય તો પણ લોકોને ન્યાય મળતો નથી. પોલીસ અને કોર્ટના ચક્કર ખાતા કરી દઈ, હેરાન-પરેશાન કરી થકાવી અંતે ચૂપ કરી દેવામાં આવે છે. આવી રીતે સામાન્ય અને નિર્દોષ જનતાને પોલીસ અને રાજકારણીઓના મદદથી તેમજ પ્રશાસનના માધ્યમથી લોકોને દબાવી રાખવામાં આવે. આવું કરીને પોતાની અઘોષિત-સત્તા ટકાવી રાખવામાં આવે છે.

જે લોકો તમારી રક્ષા માટે હોય, જે લોકો કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે હોય, એવા લોકો પ્રત્યે એટલી હદ સુધી નફરત ફેલાવવામાં આવે કે, લોકો એમના પર વિશ્વાસના બદલે અવિશ્વાસ કરતા થઈ જાય.

નૈતિકતાનું ધોરણ અપનાવવામાં અસમાનતા વાપરવામાં આવે. દાખલા તરીકે આતંકવાદી સારા છે, માત્ર એમના પર ખૂબ અત્યાચાર કરવામાં આવ્યા એટલે એને બંદૂક ઉપાડવી પડી. આવું કહીને એની ક્રૂરતાનો બચાવ કરે. જ્યારે કોઇ સામાન્ય માણસથી આવું થઇ જાય, તો એજ લોકો એના માટે ફાંસીની સજાની માંગણી કરવા માટે જરાય પાછીપાની ન કરે.

મૂળભૂત નૈતિક મૂલ્યોને સૌમ્ય રીતે પોતાના ફાયદા માટે ફેરવી નાખવા અથવા વાળી નાખવામાં આવે. વર્તન એવું હોય કે કોઇ ગૂનો સાબિત થઇ જાય તો પણ એ વ્યક્તિ ગુનેગાર નથી. વાસ્તવમાં એ તો પોતાનો માત્ર બચાવ કરનાર વ્યક્તિ છે, એવી ખોટી વાતો કરવામાં આવે. સાચા માણસો પ્રત્યે હમેશા શંકાઓ વ્યક્ત કરી, નિર્ણય કરતાઓને મૂંઝવણની પરિસ્થિતિમાં રાખવામાં આવે.

આવો બીજો દાખલો છે કે પોતે કોઇ તદ્દન જૂઠું પ્રમાણ પત્ર લાવે તોય એ સાચું છે. અને એમની સચ્ચાઇની પોલ દુનિયા સામે ખુલ્લું પાડતું કોઇ બીજા પ્રમાણ પત્ર લાવે તો એ પૈસા આપીને વેચાતું લીધું છે, એવી જુઠ્ઠી વાતો ફેલાવી.

ક. ક. પા. જ્ઞાતિ ઉપર આ મુદ્દાની કેવી રીતે અસર થઇ, એના માટે જુઓ પોઇન્ટ (76 અને 77).

**20.6. <u>Leadership / નેતૃત્વ:</u>** આ ચરણમાં ઉપર જણાવેલ પોઇન્ટ (19)માં જણાવેલ જે સમય ગાળો છે (ઓછામાં ઓછો ત્રણ પેઢીઓનો), એ સમય ગાળામાં ધીરે-ધીરે પરંપરાગત મૂળ ધર્મના ગુરુઓ, આગેવાનો અને બૌદ્ધિકો (જેવા કે બ્રાહ્મણો) અને એમના અનુયાયીઓના વચ્ચેના સંબંધોને નષ્ટ / ખતમ કરી નાખવામાં આવે.

આના કારણે મૂળ ધર્મ અને સમાજ વિષે બોધ / જાણકારી / સમજ મળવાનો સ્ત્રોત સાથે સંબંધ (Connection with source of true knowledge) તૂટી જાય.

એની જગ્યાએ નવું નેતૃત્વને (મૂળ ધર્મ સાચા નેતા તરીકે) પ્રસ્થાપિત કરવામાં આવે. જ્યારે આ નેતૃત્વનો સાચો હેતુ હોય કે મૂળ – અસલ વિચારધારાના પ્રશ્નોના જવાબો અને સમસ્યાઓના ઉકેલ તરીકે, નવી વિધર્મી વિચારધારા સાથે સુસંગત હોય એવા સૂચનો આપવામાં આવે. સાથે સાથે મૂળ વિચારધારાને લોકોને શંકા-કુશંકાની નજરે જોતા કરી દેવા. એના માટે મૂળ વિચારધારામાંથી, એવા-એવા દાખલાઓ, ભલે અપ્રાસંગિક હોય, એવા સાચા-ખોટા દાખલાઓ લોકો સામે રજૂ કરવા. અને બાહ્ય વિચારધારાને (મૂળ કે અસલ વિચારધારાના નામે) છૂપી રીતે અનુયાયીઓની સમાજમાં હાલતી કરી દેવી. જેથી કરીને લોકોના મનમાં પોતાની મૂળ-અસલ વિચારધારા માટે નિરાશા ફેલાય અને ધીરે ધીરે એ અસ્થિરતા કાયમ માટે સ્થાપિત થતી જાય.

ક. ક. પા. જ્ઞાતિ ઉપર આ મુદ્દાની કેવી રીતે અસર થઇ, એના માટે જુઓ પોઇન્ટ (76 અને 77).

**20.7. <u>Total Demoralisation / સંપૂર્ણ નિરાશાની સ્થિતિ:</u>** ઉપર જણાવ્યા પડાવો/ચરણો પાર થાય ત્યારે દેશ, સમાજ અને સભ્યતા એવી સ્થિતિ સુધી પહોંચી જાય કે જ્યાં ફક્ત સંપૂર્ણ નિરાશા જ ફેલાયલી હોય. એવી પરિસ્થિતિમાં કે જ્યાં કોઇ વસ્તુ કામ ન કરતી હોય. જ્યારે લોકો ચોક્કસ પણે કહી ન શકે કે શું સાચું કે સારું છે તેમજ શું ખોટું કે ખરાબ છે. સારા અને ખોટા વચ્ચેનો ભેદ મટી ગયો હોય. મૂળ વિચારધારાના નેતાઓ / આગેવાનો / સાધુઓ પણ એવા ભરમાઇ જાય કે માનવા લાગે કે ક્યારેક-ક્યારેક વિધર્મ તરફી વાત કરવામાં કોઇ વાંધો નથી.

દાખલા તરીકે રામાયણના વિખ્યાત કથાકાર મુરારી બાપુ એ હિન્દુ ધર્મની રામાયણની કથા વચ્ચે ઇસ્લામ ધર્મના એક નાયક અલીની ધૂન.. "યા અલી.. યા અલી.." બોલાવી હતી. સામાન્ય હિન્દુ લોકો ભરમાઇ જાય કે પોતે મૂળ હિન્દુ વિચારધારાને પાળે કે વિધર્મી એવી ઇસ્લામી વિચારધારાને. શું સારું શું ખરાબ વિચારવાની શક્તિ ખોઇ બેઠા.

જ્યારે આવું થાય ત્યારે, "Demoralisation / નિરાશા ફેલાવવી"નું ચરણ પૂરું થયું ગણાય.

**21. <u>Destabilisation / અસ્થિરતા લાવવી:</u>** "અસ્થિરતા" શબ્દથી સ્પષ્ટ છે કે નિશાન પર રહેલા લોકો દ્વારા પરંપરાગત રીતે સ્વીકૃત બધાજ સંબંધો, સંપર્કો, સૂત્રો, સંગઠનો, સંસ્થાઓ વગેરેને અસ્થિર કરી નાખવામાં આવે. આના માટે કોઇ બહારથી લોકો ન આવે. પણ અંદરના લોકો હાથા બનીને પોતે આ કામ કરે.

**Stage 2**



આ તબક્કામાં હવે કાર્યક્ષેત્ર નાનું બની જાય. આગાઉના તબક્કામાં એટલે કે, પોઈન્ટ (19)ના દર્શાવેલ "Demoralisation / નિરાશા ફેલાવવી" તબક્કામાં જણાવેલ પ્રત્યક્ષ, માન્ય અને પારખી શકાય એવી કાર્યવાહીઓ તરફ કોઇનું ધ્યાન પણ ન જાય. લોકો એને જીવનનો ભાગ તરીકે સ્વીકારી લીધો હોય.



દાખલા તરીકે વિધર્મનો પ્રચાર કરવો એ કોઇ ગુનો નથી. એવી જ રીતે સરકારી કાયદાની દૃષ્ટિએ સનાતન સમાજમાં સતપંથ ધર્મનો પ્રચાર કે તરફેણવાળી વાત કરવી, એ કોઇ સરકારી ગુનો નથી, પણ નૈતિક ગુનો છે. પણ જ્યારે સમાજમાં અસ્થિરતાને બરાબર ફેલાવી, સમાજમાં એવો માહોલ ઊભો કરવામાં આવે કે સમાજમાં જેણે જે ધર્મ પાળવો હોય એને છૂટ છે, અને ત્યાર બાદ હિન્દુ સમાજમાં વિધર્મ કે સતપંથનો પ્રચાર કરવો, તો તેને એ લોકો સહજ સ્વીકારી લે. ત્યારે આવા કાર્યને નૈતિક ગુનામાં ન ગણવામાં આવે.

માટે આ તબક્કામાં જે કામ આગાઉ નૈતિક ગુનામાં ગણાતું હોય, એ કામને હવે સ્વીકૃતિ મળી જાય.

**21.1. <u>Finance / આર્થિક:</u>** આ ચરણમાં સમાજ, જ્ઞાતિ કે દેશને આર્થિક રીતે પાયમાલ કરવામાં આવે. બીજા શબ્દોમાં કહીએ તો આર્થિક કટોકટીની પરિસ્થિતિમાં ધકેલવામાં આવે. આર્થિક રીતે કમર તોડવા માટે આર્થિક બોજ નાખવા માટે, જેવા કે શ્રદ્ધા અને અંધશ્રદ્ધાના માધ્યમથી ધાર્મિક કર અને લાગાઓ આપવાનું ફરજિયાત કરવું. પૈસા ન આપનારને સ્વર્ગમાં જગ્યા નહીં મળે, નરકમાં જવું પડશે વગેરેનો ડર બતાવવામાં આવે.

ધર્મનું કામ થશે, ગરીબનું કામ થશે એવા આદર્શવાદી વાતોના માધ્યમથી લોકોને આંજીને સતત દાનની માંગણીઓ ચાલુ જ રાખવી. એક પછી બીજો નાના-મોટા કાર્યક્રમો ચાલુ જ રાખવામાં આવે. સ્વયંસેવકોને પ્રેરિત કરી મફતમાં એમના પાસેથી કામ કરાવી લેવામાં આવે. દાનના પૈસાઓથી ષડયંત્રકારી પ્રચારકો જલસા કરે અને પોતે લોકો વચ્ચે મોટા થાય એ જુદું.

**21.2. <u>Law and Order / કાયદો અને વ્યવસ્થા:</u>** આ ચરણમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર પણ નિયંત્રણ મેળવી લેવામાં આવે. આર્થિક બળે કે લોક સંખ્યાના બળે પોલીસ, કોર્ટ અને રાજકીય ક્ષેત્રે આગાઉ પોઈન્ટ (20.5)માં જણાવ્યા પ્રમાણે નાખેલ શંકાના બીજોના (પોલીસ ભ્રષ્ટાચારી છે, ન્યાય નહીં મળે વગેરે) વટવૃક્ષ બનાવવાનો સમય આવી ગયો હોય છે.

લોકોના મનમાં પરોક્ષ રીતે એવી દહેશત કે આતંક બેસાડવામાં આવે કે કાયદો અને વ્યવસ્થાનું તંત્ર અમારા હાથમાં છે. અમારા વિરુદ્ધ પોલીસ કે કોર્ટના દરવાજે જશો, તોય તમારું કોઇ ભલું નહીં થાય, અથવા અમારું કઇં નહીં બગાડી શકો, એવો માહોલ ઊભો કરવામાં આવે. માટે અમે જે કહીએ અને બતાવીએ એજ સાચું છે એવું તમે સતત માનતા રહો, એવો ગર્ભિત સંદેશ આપવામાં આવે.

**21.3. <u>Media / મીડિયા:</u>** આ ચરણમાં મીડિયાને પણ મેનેજ કરવામાં આવે છે. જાહેર મીડિયાને પૈસાના જોરે ખરીદવામાં આવે. મીડિયાના રિપોર્ટરને પોતાના તરફી મુદ્દાઓથી ભરેલ લિટરેચર અને પ્રચાર સામગ્રીઓનું સતત મારણ કરવામાં આવે. મીડિયા હાઉસને મોટી મોટી જાહેરાતો આપીને પોતાના તરફી લેખો અને સમાચારો પ્રકાશિત કરાવડાવે. પેઇડ ન્યુઝનું (Paid News) કન્સેપ્ટ પણ વાપરવામાં આવે. જાહેરમાં પોતાની વિચારધારા સાચી અને સારી છે અને એનો વિરોધ કરવાવાળા ખોટા અને સ્વાર્થી છે, એવી વાતોનો મારો ચાલુ રાખીને સામાન્ય લોકોને મેસેજ આપે કે અમારો વિરોધ કરનારનું કઈ ચાલતું નથી.

## 22. <u>અસ્થિરતા ફેલાય:</u>

**22.1. <u>સંબંધોમાં કટ્ટરતા:</u>** સંબંધોમાં કડવાશ / કટ્ટરતા એટલા હદ સુધી આવી જાય કે પરિવારના વ્યક્તિઓ પણ એક બીજા સાથે સમાધાન ન કરી શકે. બાપ અને દીકરા નક્કી ન કરી શકે કે કયો ધર્મ કે કઈ વિચારધારા સાચી છે. દીકરાને સનાતનમાં જવું હોય તો બાપ એને સતપંથ છોડવા ન આપે. પતિ સનાતનમાં જવા માંગતો હોય, તો પત્ની સાથે છૂટાછેડા કરવાની વાત મૂકવામાં આવે, જેનાથી ઝઘડો શરૂ થાય.

નાની-મોટી બાબતોમાં પણ વિરોધનું વાતાવરણ સમાજમાં ફેલાઈ જાય. એક બીજાની આંખો લડે. નજર ન મલાવી શકે. વિવાદ કોર્ટે ચડે. સામાન્ય સંબંધોમાં હાલતેચાલતે ઝઘડાઓનું પ્રમાણ ખૂબ વધી જાય. ઝઘડાઓ કરનાર લોકોને નાયકનો દરજો આપવામાં આવે. ભાઈ તારી વિચારધારા મૂળમાં જ ખોટી છે, એવું સત્ય કહેનારનું આવી બને.

**22.2. <u>મવાળો:</u>** આ સમયે મવાળો (Sleeper Cells) સક્રિય થાય. જુઓ પોઇન્ટ (192). મવાળો ધીરે ધીરે સનાતન સ્વાંગમાં વર્ષોથી સનાતન સમાજના સભ્યો તરીકે પોતાને પ્રસ્થાપિત કરીને બેઠા હોય. જાહેરમાં સનાતન સમાજના સભ્યો હોય, પણ અંદરખાને સતપંથમાં આસ્થા ધરાવતા હોય. પીરાણાને છુપા દાન આપતા હોય. ગામમાં સતપંથને નુકસાન કરતો કોઈ નિર્ણય કરવાની વાત આવે, ત્યારે આદર્શવાદી, શ્રદ્ધા-અંધશ્રદ્ધા વગેરે વાતોની આડમાં લોકોને ભરમાવીને, સતપંથને ટકાવી રાખે. જેથી કરીને સમાજમાં સતપંથની સમસ્યા ચાલુજ રહે.

તેવીજ રીતે સતપંથીઓ એક-એક સનાતની આગેવાનને શોધી-શોધીને એમની સાથે વ્યક્તિગત રીતે બહુજ મીઠી-મીઠી વાતો કરે. દાખલા તરીકે હું, ઇતિહાસનો વિદ્યાર્થી છું, ઇતિહાસ સમજવો છે, હું પણ તમારા વિચારવાળો છું, આપણે ભેગા થઈને સમસ્યાનો ઉકેલ લાવવો છે, વગેરે કારણો આપે. ત્યાર બાદ કહે કે એ કામ માટે આપણે મળીએ, અમારા થોડા પ્રશ્નો છે, એને સમજીએ વગેરે વાતો કરીને એ સનાતની ભાઈની નબળાઈઓ શોધવાનો તેમજ એને ભ્રમિત કરવાનો, અને એને પ્રભાવમાં લેવાનો પ્રયત્ન કરે. કોઈ નબળો મુદ્દો મળી જાય તો એને પકડી સનાતની આગેવાનોનો અવાજ દબાવી દેવાના રસ્તાઓ શોધવામાં આવે.

મવાળો જે વર્ષો સુધી ચૂપચાપ બેઠા હતા, એ આવા સમયે મૂળ વિચારધારાની સમાજમાં આગેવાન અને લીડર તરીકે ઝંડો ઉપાડીને આગળ આવે. મૂળ વિચારધારાને નબળી અને પાંગળી કરવા માટે આવાજ ઉપાડે અને પોતાના સમર્થનમાં લોકોને ભેગા કરે, જેથી સમાજ તૂટવાની પરિસ્થિતિમાં આવી જાય.

આ ચરણમાં સમાજ તોડવાનું કામ કરનાર માણસ સમાજની અંદર જ હાજર હોય છે. બહારથી લાવવાની જરૂરત નથી. આવા અંદરના વ્યક્તિની છાપ સમાજના એક પ્રતિષ્ઠિ વ્યક્તિ તરીકે હોય છે. આવા વ્યક્તિને આર્થિક મદદ પણ આપવામાં આવતી હોય છે. વિચાર કરશો તો તમને પણ દેખાશે કે સમાજમાં કે ધર્મની સંસ્થામાં કોઇ માણસ હોદ્દા પર આવ્યા પછી અચાનક એની આર્થિક સમૃદ્ધિ ખૂબ વધી ગઇ હોય. આવો માણસ તમને કોઈ દિવસ સાચી વાત કહેશે?

**22.3.** **<u>પરિણામ:</u>** આ ચરણના અંતે અસ્થિરતા એટલી હદ સુધી વધી ગઇ હોય કે એ સમાજને કટોકટી (Crisis)ની પરિસ્થિતિમાં મૂકી દેતી હોય છે.

**23. <u>Crisis / કટોકટીની સ્થિતિમાં મૂકવું:</u>** કટોકટીની સ્થિતિ એ હોય કે જ્યારે કોઈ સમાજ કે સંસ્થા એના અપેક્ષિત કામો ન કરી શકે, ત્યારે એનું પતન થતું હોય છે. આ ચરણમાં સામાન્ય લોકો કંટાળીને થાકી ગયેલા હોય છે. લોકોની આર્થિક પરિસ્થિતિ પણ ખરાબ થઇ ગયેલી હોય છે. અન્ય સમાજોની સરખામણીમાં ખૂબ પછાત રહી ગયો હોય.






લોકોને કટોકટીમાંથી કોઇ ઉગારનાર / બચાવનાર / ઉદ્ધારક જોઈતો હોય છે. જેના માટે મોટા નેતાની રાહ જોવા લાગે કે જે સમાજને આવી કટોકટીની પરિસ્થિતિથી કોઈ બહાર કાઢે. ધાર્મિક સંગઠનો હોય તો તે કોઇ એ આશ રાખીને રાહ જુએ કે હવે કોઈ અવતાર તુલ્ય સાધુ/સંત આવશે અને એમને મુક્ત કરશે.

**23.1.** સામાન્ય રીતે આ ચરણ ત્યારે ચાલુ થાય કે જ્યારે લોકો દ્વારા ઊભી કરેલ સંસ્થાઓનું કામ કરવું બંધ થઈ ગયું હોય. લોકો દ્વારા ચૂંટાયેલા નેતા કામ ન કરી શકતા હોય. ત્યારે બહારની સંસ્થાઓનો હસ્તક્ષેપ ચાલુ થાય. બહારનો વ્યક્તિ તેમનો નેતા બનીને સામાન્ય લોકો માટે નિર્ણય લેવાનું શરૂ કરે.



જેવી રીતે બની બેઠેલા ગેઢેરાઓ, રાજકારણીઓ વગેરે ખોટી દખલગીરી કરતા હોય. સાધુઓના અવનવા સંગઠનો, જે સાંભળ્યાં પણ ન હોય, એવા સંગઠનો આગળ આવે અને દાવો કરે કે તમારા બધાજ સંકટોનો ઉકેલ આમરી પાસે છે. જ્યારે વાસ્તવમાં એ લોકો માત્ર પોતાની ઉપજાવી કાઢેલી વિચારધારાનો જ પ્રચાર કરવા આવતા હોય છે. આ ચરણમાં ધર્મ અને વિચારધારાનું ગડબડાયેલું મિશ્રણ યેનકેન પ્રકારે ગોઠવવાનો પ્રયત્ન કરવામાં આવે.

**23.2.** અહીં, બનાવટી સંસ્થાઓ, સંગઠનો અને વ્યક્તિઓ સક્રિય થાય અને દાવો કરે કે એમની પાસે ઉકેલ લાવવા માટે જરૂરી બધી જ શક્તિઓ છે. અગર એમને ન પાડવામાં આવે, તોય પણ એમના ચમચાઓના માધ્યમથી સતત ભલામણો મોકલ્યા રાખે.

ઘણી વખત આવા લોકો તો અધકચરા બૌદ્ધિકો માત્ર હોય છે. કોઈ દેશ-વિદેશથી અભ્યાસની સામાન્ય ડિગ્રી પણ લીધેલ ન હોય. આવી વ્યક્તિ જ્યારે સમાજમાં પટસ્થળ પર આવે ત્યારે પોતાને એમ સમજતો હોય કે મારી પાસે સમાજની બધીજ સમસ્યાના ઉકેલો છે.

**23.3.** **<u>સંકટ મોચક / ઉદ્ધારક:</u>** અહીં એન્ટ્રી થાય કહેવાતા સંકટમોચકની. જે સંકટમાંથી લોકોને ઉગાર કરશે. આ વ્યક્તિ સમાજની અંદરનો હોઈ શકે, અગાઉ પોઈન્ટ (22.2)માં જણાવેલ મવાળ, ગાદીપતિ મુજાવર કાકા [85:Page 23] અથવા બહારથી કૂદી પડેલ કોઈ અન્ય વ્યક્તિ પણ હોઇ શકે.

"Ideological Subversion / વિચારધારાનો વિનાશ"ની સતત માર ઝીલી-ઝીલીને હવે સમાજ કે જ્ઞાતિ ખૂબ નબળી પડી ગઇ હોય. "Demoralisation / નિરાશા ફેલાવવી"ના આ ચરણના કારણે વર્ષોથી ભ્રમમાં પડેલ જ્ઞાતિ મૂળ વિચારધારાથી ભટકાઈ ગઈ હોય. એના માટે શું સાચું કે ખોટું એ નક્કી કરવાની શક્તિ એમાં ન બચી હોય.

બીજી બાજુ "Destabilisation / અસ્થિરતા લાવવી" એ ચરણના કારણે સમાજ અને લોકોને દબાણમાં મૂકી દેવામાં આવ્યા હોય. લોકોને આશાની કોઇ કિરણ ન દેખાતી હોય, **ત્યારે જો કોઇ પણ વ્યક્તિ આવીને કહે કે હું તમારી સમસ્યાનો ઉકેલ લાવીશ, તો લોકો એવા માણસને તરતજ સ્વીકારી લે.** એટલે કહેવાતા સંકટ મોચકને જોઇતી બધી જ સત્તા મળી જાય.

**સંકટ મોચકને સત્તા**

**આવું થાય, એટલે જ્ઞાતિ, સમાજ કે દેશ, સંપૂર્ણ રીતે "વિચારધારાનો વિનાશ"ના ચક્રવ્યૂહમાં ફસાઈ જાય. બહાર નીકળવાની કોઈ જ આશા ન બચી હોય.**

**ચક્રવ્યૂહ**

દાખલા માટે, હિન્દુ લોહાણા જ્ઞાતિનો એક વર્ગ સેંકડો વર્ષોથી સતપંથ ધર્મ પાળી રહ્યો હતો. તે સમયે એમના સતપંથના શાસ્ત્રોમાં હિન્દુ દેવતાઓના ઠેર-ઠેર ઉલ્લેખો હતા અને એની સાથે ઇસ્લામના અલ્લાહ, અલી, નિષ્કલંકી નારાયણ વગેરેનો પણ ખૂબ ઉલ્લેખ હતો. એમના પૂર્વજોને સતપંથ કલિયુગનો સાચો હિન્દુ ધર્મ છે, એવું કહીને સતપંથ પાળતા કરી દેવામાં આવ્યા હતા. એટલે મોટા ભાગના લોકો સતપંથને હિન્દુ ધર્મનો ભાગ ગણતા હતા. પણ બીજી બાજુ સતપંથના શાસ્ત્રો કઈં બીજું કહેતા હતા. એમના સમાજમાં પોતાની સાચી ઓળખને લઈને બહુ મોટું સંકટ નિર્માણ થયું અથવા કરવામાં આવ્યું. આવા સંકટના સમયે "આગા ખાન" બહારથી આવ્યો અને પોતાને "નિષ્કલંકી નારાયણ" તરીકે સ્થાપિત કરવામાં સફળ થયો. લોહાણા જ્ઞાતિના લોકોના હાથમાંથી પોતાના સમાજનું નિયંત્રણ જતું રહ્યું. આજે એ સમાજ ખોજા મુસલમાન સમાજ તરીકે ઓળખાય છે.

**24. Normalisation / સામાન્ય પરિસ્થિતિને બહાલ કરવી:** આ તબક્કામાં વિદેશી / બાહ્ય / વિધર્મી વિચારધારા પ્રસ્થાપિત થઇ જાય. બીજા શબ્દોમાં કહીએ તો જ્ઞાતિ, સમાજ કે દેશનું **મન, વચન, કર્મથી સંપૂર્ણ** પણે ધર્મ પરિવર્તન થઇ જાય. મૂળ-અસલ વિચારધારાથી લોકો કાયમ માટે વિમુખ થઇ જાય.



**1. Demoralisation / નિરાશા ફેલાવવી**

**2. Destabilisation / અસ્થિરતા લાવવી**

**3. Crisis / કટોકટીની સ્થિતિમાં મૂકવું**

**4. Normalisation / સામાન્ય પરિસ્થિતિ બહાલ કરવી**

**24.1.** તથાકથિત ઉદ્ધારકના હાથમાં સમાજ / જ્ઞાતિ / દેશ ની બાગડોર ચાલી ગયા પછી, સમાજને અસ્થિર કરવાવાળા, સંકટમાં નાખનાર પરિબળોને હટાવવામાં આવે. લોકોનું સામાન્ય જીવન ધીરે ધીરે રાબેતા મુજબ (હમેશની જેમ) ચાલતું કરી દેવામાં આવે. કોઈ ઝઘડાઓ, વિવાદો ન રહે. પણ **એક મુખ્ય ફરક હોય. અને એ ફરક હોય કે સમાજ / જ્ઞાતિ / દેશ પોતાની મૂળ-અસલ વિચારધારાથી સંપૂર્ણ વિમુખ થઇ ગઇ હોય અને આક્રમણકારીઓ / વિધર્મીઓની વિચારધારાને અપનાવી લીધી હોય.**



**24.2.** હવે, મવાળોનું અસ્તિત્વ નાબૂદ કરી દેવામાં આવે છે. એ લોકોએ પોતાનું કામ પૂરું કર્યું હોય એટલે હવે એમની જરૂરત નથી. નવા સત્તાધીશોને સ્થિરતાની જરૂરત હોય છે. જેથી કરીને એ પોતાની સત્તા ટકાવી શકે. જૂની વિચારધારાને ઝડમૂળમાંથી ઉખાડી દેવા માટેના કામો હાથ ધરવામાં આવે. ભેળસેળ વાળું ભ્રષ્ટ શિક્ષણને હવે વિધર્મી વિચારધારાનું શિક્ષણમાં ફેરવી નાખવામાં આવે. જેથી નવી પેઢીને આ નવી વિધર્મી વિચારધારાને પોતાની વિચારધારા હોવાનું ગૌરવ આપીને એમને કટ્ટર બનાવી દેવામાં આવે છે. જેથી કરીને નવી પેઢી એ નવી વિધર્મી વિચારધારાના રક્ષણ માટે જરૂરી બધુંજ કરી છૂટવા તૈયાર થઈ જાય. એમની સામે અસંખ્ય પુરાવાઓનો ભંડાર મૂકવામાં આવે તોય એને સ્વીકારવા તેઓ તૈયાર ન થાય.

**24.3.** સતપંથ પાળતો ખોજા સમાજનો જ દાખલો લઈએ. એક વાર આગા ખાનની પકડ ખોજા સમાજ ઉપર આવી ગઈ એટલે એને પહેલું કામ ખોજા સમાજના મવાળોને હટાવવાનું શરૂ કર્યું. મુંબઈમાં એમના 4 કટ્ટર અને મજબૂત વિરોધીઓની હત્યા બાદ જ આગા ખાનની સત્તા મજબૂત થઈ [141:Page 32]. સતપંથ એટલે કલિયુગનો સાચો હિન્દુ ધર્મનો પ્રચાર કરવામાં આવેલ આ ધર્મના શાસ્ત્રોમાંથી ધીરે ધીરે હિન્દુ દેવતાઓનો ઉલ્લેખ કાઢી નાખવામાં આવ્યો. હિન્દુ ધર્મ સાથેના તમામ સંબંધો ભૂસી નાખવામાં આવ્યા. આ શ્રુંખલામાં વર્ષ 1975માં આગા ખાને પેરિસ (Paris)માં એક સંમેલન (Conference)[140] બોલાવીને ઈમામશાહ અને પીર સદરૂદ્દીન દ્વારા લેખિત વિષ્ણુના દશાવતાર ગ્રંથને ધાર્મિક ગ્રંથ તરીકે રદ્દ કરી દીધો. અને એની જગ્યાએ ઇસ્લામી કુરાનને મુખ્ય ધાર્મિક ગ્રંથ તરીકે પ્રસ્થાપિત કરવામાં આવ્યો [140:Page 105 and 106].

**25. <u>નોંધપાત્ર:</u>** એક વાત આપણને અહીં ધ્યાનમાં રાખવી જોઇશે કે વિચારધારાનો વિનાશ (Ideological Subversion)ની યુક્તિ કે રણનીતિનું, ઉપર જણાવ્યા પ્રમાણે પદ્ધતિસર (systematic) જ્ઞાન અને સમજ કદાચ લોકો પાસે હોય કે ન પણ હોય. પણ માણસની પ્રતિક્રિયા કરવાની સામાન્ય વૃત્તિની સમજનો લાભ લઈ એના પર કામ કરતા હોય છે.

આ કેવી રીતે થાય એ પણ સમજીએ. પ્રચારને સતત ચાલુ રાખવો, મીડિયાનો મોટે પાયે ઉપયોગ કરવો, વિચારધારાનો પ્રવાહ ચાલુ જ રાખવો વગેરે પદ્ધતિથી લોકોના મગજ ઉપર સતત મારો ચાલુ રાખવામાં આવે. પ્રચાર સાચો હોય કે ખોટો હોય, પણ પ્રચાર સાંભળ્યા બાદ લોકો જે પણ રીતે પ્રતિક્રિયા આપે અથવા વર્તે એનો લાભ લેવામાં આવે. (જેવી રીતે આજકાલ રાહુલ ગાંધી દેશવિદેશમાં જઈને, ભારતનું સંવિધાન ખતરામાં છે, ભારતમાં બોલવાની આઝાદી નથી વગેરે, સતત જૂઠ કે બનાવટી વાતો બોલ્યા કરે છે.)

કહેવામાં આવે લોકો પાસે ધાર્મિક આઝાદી છે, જેણે જે ધર્મ પાળવો હોય એ પાળે.. લોકો પોતાનો ગમતો ધર્મ પસંદ કરી શકે છે.. પણ શું વાસ્તવમાં આવું છે? હકીકતમાં ધર્મ પસંદ કરવાની ઈચ્છા કે શક્તિ, લોકો પાસેથી છીનવી લેવામાં આવી છે. કોના દ્વારા? કોના કારણે? આ યુક્તિ કે રણનીતિના કારણે. અને તેના બદલે લોકોને વિશ્વાસ આપવામાં આવે... મીડિયા દ્વારા, પ્રચાર કાર્યો તેમજ કાયદા અને વ્યવસ્થાની અકુશળતાને હાથો બનાવીને.. કે આ વિધર્મી વિચારધારાવાળો જ સાચો ધર્મ છે અને એ એના માટે એકદમ સચોટ છે.

**26. <u>નિયમોમાં અસમાનતા:</u>** બીજી નોંધપાત્ર વાત આપણને સમજવા જેવી એ છે કે આ "વિચારધારાનો વિનાશ"ની જે પ્રક્રિયા છે એ પ્રક્રિયામાં વિવિધ ચરણોમાં જ્ઞાતિના બધાજ લોકો એક સાથે ચાલતા હોય, એ જરૂરી નથી. અમુક લોકો આગળના ચરણમાં હોય તો અમુક લોકો પાછળના ચરણમાં. પણ વિવિધ ચરણોમાં ફસાયેલ લોકો હોવા છતાં જ્ઞાતિ સ્તરે મોટા ભાગના લોકો જરૂર એક ખાસ સ્તરે/ચરણમાં હોય છે. એટલે, એકજ સમયમાં, ક્યાંક એવું જોવા મળે કે અમુક લોકો કોઈ વિષયમાં કટ્ટર છે, ત્યારે બીજા સૌમ્ય છે, જે અલગ અલગ ચરણની નિશાની છે. ત્યારે મોટો સમુદાય શું કરે છે, એને ધ્યાને લેવું જોઈએ.

માટે ક્યારેક સમાજને અમુક બાબતે અથવા અમુક વિસ્તારમાં કડક નિયમો અપનાવવા પડે, ત્યારે અન્ય વિસ્તારમાં નરમાઈ દાખવવી પણ પડે. આવી પરિસ્થિતિમાં બધાને એક જ લાકડીએ હાંકી ન શકાય. પણ જેમ-જેમ વિધર્મી વિચારધારાનો પ્રભાવ ઓછો થતો જાય, તેમ તેમ નિયમોમાં સમાનતા આવતી જાય. સમાજ કે જ્ઞાતિ વિકાસની પ્રક્રિયાનો આ મૂળ સિદ્ધાંત છે. જેને સૌ લોકોએ ધ્યાનમાં રાખવો જોઈએ અને પોતાને લાગુ પડતા નિયમોનું ચુસ્ત રીતે પાલન કરતા રહેવું જોઈએ.

27. **<u>ફેરફારો ઉપર નજર / Tracking ટેબલ:</u>** ઉપર જણાવે બધાજ તબક્કાઓ પરથી નીચેની ટેબલ તૈયાર કરવામાં આવી છે, જેનાથી એક-એક તબક્કામાં તથા ફેરફારો અને એની અસર ઉપર નજર રાખી શકીએ, એટલે કે ટ્રેક કરી શકીએ.

| **ફેરફારો ઉપર નજર / Tracking ટેબલ** | |
|---|---|
| **Ideological Subversion / વિચારધારા વિનાશ** | **વિનાશ વિગત** |
| **1. Demoralisation Areas / નિરાશાના ક્ષેત્રો** | 19 |
| 1.1. Religion / ધર્મ | 20.1 |
| 1.2. Education / શિક્ષા – કેળવણી | 20.2 |
| 1.3. Social Life / સામાજિક જીવન | 20.3 |
| 1.4. Power Structure / સત્તાનું માળખું | 20.4 |
| 1.5. Law and Order / કાયદો અને વ્યવસ્થા | 20.5 |
| 1.6. Leadership / નેતૃત્વ | 20.6 |
| **2. Destabilisation / અસ્થિરતા લાવવી** | 21 |
| 2.1. Finance / આર્થિક | 21.1 |
| 2.2. Law and Order / કાયદો અને વ્યવસ્થા | 21.2 |
| 2.3. Media / મીડિયા | 21.3 |
| **3. Crisis / કટોકટીની સ્થિતિમાં મૂકવું** | 23 |
| 3.1. So called Saviour / કહેવાતા ઉદ્ધારકો<br>• અંદરની વ્યક્તિ<br>• બહારની વ્યક્તિ | 23.3 |
| **4. Normalisation / સામાન્ય પરિસ્થિતિ બહાલ કરવી** | 24 |
| 4.1. નવો સમાજ પ્રસ્થાપિત કરવો – 2 ચરણોમાં | |

**<u>વિશેષ નોંધ:</u>** ઉપરના ટેબલને ખાસ ધ્યાને રાખવા વિનંતી. આગળ જતાં, ઇતિહાસને બરાબર સમજવા માટે આ ટેબલનો ઘણી વખત સંદર્ભ લેવામાં આવશે.

# 5 સતપંથ – ઇસ્લામની યુક્તિ-પ્રયુક્તિને અમલમાં મૂકવાનું સાધન

**28. <u>સાધનની જરૂરત:</u>** ઇસ્લામના પ્રચારકો પાસે "વિચારધારાનો વિનાશ"ની યુક્તિ તૈયાર હતી. પણ એને અમલમાં મૂકવા માટે કોઈ વ્યવસ્થા કે સાધનની જરૂરત હતી. આગાઉ જણાવેલ પોઈન્ટ (15.1) અને (15.2)માં જણાવ્યા પ્રમાણે ખુલ્લો ઇસ્લામનો પ્રચાર નિષ્ફળ ગયો હતો. એટલે પરોક્ષ રીતે ઇસ્લામનો પ્રચાર કરવા સિવાય એમના પાસે કોઈ બીજો રસ્તો નહોતો. માટે એમણે ઉપર જણાવ્યા પ્રમાણે "વિચારધારાનો વિનાશ"ની યુક્તિ અપનાવી હતી.

**29. <u>અલ-તાકીયા:</u>** કોઈ પણ ધર્મ, શાસ્ત્રો અને શ્રદ્ધા વગર ન ટકે. એટલે અહીં ઇસ્લામના અલ-તાકીયા હથિયારનો ઉપયોગ કરવામાં આવ્યો. આ હથિયાર પ્રમાણે, હિન્દુ શાસ્ત્રોને ભ્રષ્ટ કરી, પુનઃ લખવામાં આવ્યા. આ શાસ્ત્રોના નામો, એના અંદરના હિન્દુ દેવતાઓ, હિન્દુ ધાર્મિક નાયકો અને ખલનાયકો અને મુખ્ય હિન્દુ વાર્તાઓ પણ એ ને એ જ રાખવામાં આવી. ફરક માત્ર એટલો કરવામાં આવ્યો કે આ શાસ્ત્રોમાં હિન્દુ દેવોના મોઢે હિન્દુ ધર્મને પરોક્ષ રીતે ઉતારી પાડવામાં આવે અને ઇસ્લામ ધર્મને ઉચ્ચ અને સર્વમાન્ય બતાવવામાં આવે.




સામાન્ય રીતે ઇસ્લામ, અન્ય ધર્મોના દેવતાઓને કોઈ દિવસ પોતાના ધર્મમાં સહન ન કરે. પણ અહીં તો, હિન્દુ ધર્મના દેવતાઓનો ભરપૂર ઉપયોગ કરવામાં આવ્યો. આવું કરવાની અનુમતિ ઇસ્લામનો અલ-તાકીયા આપે છે.

અલ-તાકીયા (ટૂંકમાં તાકીયા)નો વપરાશ કરવાથી મૂર્તિ પૂજા કરવી, હિન્દુ સાધુ બનાવી, હિન્દુ ધર્મનો પ્રચાર કરવો, જેવા બધા જ કામો કરવાની અનુમતિ મળી જાય છે. તાકીયા વિષે વધુ જાણકારી માટે જુઓ સતપંથ છોડો [27] પેજ 321 થી 332 (ખાસ પેજ 328 થી 330 જોવા).

**30. <u>હિન્દુ શાસ્ત્રોનો અભ્યાસ:</u>** ઇસ્લામના પ્રચારકોએ હિદુ ધર્મના શાસ્ત્રોનો અભ્યાસ કરવાનું શરૂ કર્યું. ઇસ્લામના બૌધ્ધિકો હિન્દુ ધર્મનો ગહન અભ્યાસ કરવા લાગ્યા તેમજ હિન્દુ શાસ્ત્રો, રીતરીવાજો, માન્યતાઓ, પરંપરાઓ વગેરેનો પણ ખૂબ અભ્યાસ કર્યો [156:Page 29].

**31. <u>હિન્દુ શાસ્ત્રોની રચનાની ખૂબીઓ:</u>** હિન્દુ ધર્મના મૂળભૂત શાસ્ત્રો, એટલે કે વેદો, ઉપનિષદો, પુરાણો, રામાયણ, મહાભારત, ગીતા, શ્રીમદ ભાગવદ વગેરેની બનાવટ પાછળની ખૂબીઓના અમુક મુખ્ય મુદ્દાઓ, જે શાસ્ત્રોને મજબૂતાઇ આપે છે અને ભ્રષ્ટ થવાથી બચાવે છે, એ આ પ્રમાણે છે.

**31.1.** **<u>સંસ્કૃત ભાષા:</u>** હિન્દુ ધર્મના મૂળ શાસ્ત્રો સંસ્કૃત ભાષામાં છે. સંસ્કૃત ભાષા પર પ્રભુત્વ મેળવવું કંઈ સહેલું નથી. એમાંય અરબદેશ / વિદેશથી આવેલ મુસલમાન લોકો માટે સંસ્કૃત ભાષા ઉપર પ્રભુત્વ મેળવવું બહુ જ અઘરું હતું. માટે, સંસ્કૃત ભાષામાં બનાવટી ભ્રષ્ટ ગ્રંથ તૈયાર કરવો, એ એમની ક્ષમતાથી બહારની વાત હતી.

**31.2.** **<u>કાવ્યાત્મક રચના:</u>** મહાભારત દુનિયાની સૌથી મોટી કવિતા છે, એ આપણે સૌ જાણીએ છીએ. હિન્દુ ધર્મશાસ્ત્રોને મૂળમાં કાવ્યાત્મક ઢબે રચવામાં આવેલ છે. આ એક બહુજ જબરદસ્ત ટેકનિક (શૈલી) છે. ધર્મના મોટા-મોટા શાસ્ત્રોને કોઈ પ્રકારે ભેળસેળ કે ભ્રષ્ટ થયા વગર, જન-માનસના મગજમાં વાત કાયમ માટે ઉતારી દેવી હોય, તો કવિતા કે ગીતોનું માધ્યમ એ બહુ જ સરળ અને ઉત્તમ માધ્યમ છે. અને એ હિન્દુ ધર્મની વિશેષતા પણ છે. આગળ વધવા પહેલાં આના પાછળના કારણો જોવા જરૂરી છે.

એક સામાન્ય રીતે વિચારવા જેવી વાત છે કે, વર્ષો પહેલાં આપણને ગમતી કોઇ કથા કે પુસ્તક વાંચ્યું હોય અને આજે, વર્ષો બાદ આપણને કોઈ કહે કે એ પુસ્તકના અમુક વાક્યો ફરી બોલી બતાવો, ત્યારે અસલ વાક્ય અને શબ્દો યાદ કરતી વખતે એમાં ફેરફારો થઈ જશે. કોઈ પણ ભૂલ વગર આપણે એ વાક્યો નહીં બોલી શકીએ. પણ વર્ષો પહેલાં સાંભળેલ કોઈ જૂનું ગીત કે કવિતા આપણે બરાબર ગાયી અથવા બોલી જશું અને એ પણ ખૂબ ઓછી ભૂલો સાથે. તેમજ એ ગીતો અને કવિતાઓ સાંભળનાર માણસ પણ ગીતોના શબ્દોને ખૂબ સહેલાઈથી યાદ રાખી લે છે અને ખૂબ લાંબા સમય સુધી યાદ પણ રાખી શકે છે.

એટલુંજ નહીં કવિતા અને ગીતો એક પેઢીથી બીજી પેઢીને જ્ઞાન ટ્રાન્સફર (હસ્તાંતરણ) કરવાની એક પદ્ધતિ પણ છે. કોઈ અભણ/અશિક્ષિત માણસ પણ આ સિસ્ટમનો ઉપયોગ કરીને જ્ઞાન મેળવી શકે છે અને આગળ ફેલાવી પણ શકે છે. માટે ભજન, દોહા, ચૌપાઇ વગેરે હિન્દુ ધર્મમાં ખૂબ પ્રચલિત છે. માટે આપણાં પૂર્વજો કદાચ અભણ હશે, પણ અબોધ તો જરાય નહોતા. એમનામાં વિવેક અને ધાર્મિક જ્ઞાન બહુ ઊંચા સ્તરનું હતું. આ સિસ્ટમ/વ્યવસ્થા પ્રમાણે પેઢી-દર-પેઢી ટ્રાન્સફર થયેલું કે ફેલાયેલું જ્ઞાન ભ્રષ્ટ કે ભેળસેળવાળું હોવાની શક્યતા ખૂબ ઓછી થઈ જાય છે.

ઉપર જણાવેલા કારણો સર હિન્દુ ધર્મના ભજનો, દોહાઓ, ચૌપાઇઓ વગેરે એટલા પ્રભાવશાળી હોય છે કે એક સામાન્ય હિન્દુ તો ઠીક, પણ અન્ય ધર્મના વ્યક્તિ પર પણ ખૂબ ઊંડી અસર છોડે છે. માણસ પોતાના સુષુપ્ત મગજમાં આવા ભજનો, ગીતો વગેરે વાગોળ્યા કરે અને હિન્દુ ધર્મનું ઉચ્ચ જ્ઞાન મનમાં ધીરે-ધીરે ક્યારે પેસી જતું હોય છે. હિન્દુઓના ભજનોની પહોંચ અને કારગરતા જોયા બાદ કટ્ટર ઇસ્લામમાં ગીતો પર બંધી હોવા છતાં પાછળથી ખાસ શિયા પંથમાં કવ્વાલી શરૂ થઈ.

***<u>નોંધ:</u>***

*ભજન, કાવ્ય અને સંગીત – પેઢી દર પેઢી જ્ઞાન*

ભવાઈ અને નાટકો વગેરે, એ જમાનામાં મનોરંજનનું મુખ્ય સાધન હતું, જેમાં મનોરંજન સાથે ગૌરવવંત ઇતિહાસને વણી નાટકો રજૂ કરવામાં આવતા. મનોરંજન સાથે હિન્દુત્વનું ગૌરવ અને ધાર્મિક જ્ઞાન પણ આવરી લેવામાં આવતું. માટે હિન્દુઓના નાટકો, ભવાઈઓ, રામલીલા, આખ્યાનો વગેરે પણ હિન્દુત્વ ટકાવી રાખવામાં ખૂબ પ્રભાવી અને અસરકારક હતા.

જાણકારો માને છે કે મુસલમાનોને, તેમાંય ખાસ કરીને હિન્દુથી મુસલમાન બનેલા લોકોને, હિન્દુ ધર્મના પ્રભાવથી દૂર રાખવા માટે જ ઇસ્લામ ધર્મમાં ગીત-સંગીત, નાટક, સિનેમા, ટીવી વગેરે પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

*હસ્તાંતરણ (Transfer) કરવાની જબરદસ્ત પદ્ધતિ.*

***ખાસ:*** *અભણ લોકો પણ આ પદ્ધતિનો ઉપયોગ કરી શકે.*

**31.3.** **<u>છંદ, લય, તાલમેલ, અક્ષરોની ગણના વગેરે</u>**: હિન્દુ શાસ્ત્રોને ભ્રષ્ટ અથવા ભેળસેળથી બચાવવા માટે, હજી એક ઉપાય શાસ્ત્રોની રચના વખતે જ એના ગળથૂથીમાં ઉમેરવામાં આવેલ હોય છે. જાણકારો કહે છે કે દરેક મૂળ શાસ્ત્રના શ્લોકો/ઋચાઓ ગાવામાં કોઈ નિશ્ચિત છંદ કે ઢબ હોય છે, જેનાથી જ એ ગવાય. એમાં મહર્ષિ પાણીની દ્વારા તૈયાર કરેલ વ્યાકરણના કડક નિયમો પણ લાગુ પડે.

તેમજ અક્ષરોની ખાસ ગણતરી પણ હોય છે. જેમ કે કોઈ શ્લોક કે ઋચામાં 32 અક્ષરો હોય છે (અડધા અક્ષરો ગણવા નહીં). આવી વ્યવસ્થામાં કોઈ ફેરફાર કરવાનો પ્રયત્ન કરે તો ગાવાનો છંદ, લય, તાલમેલ તૂટી જાય અથવા શબ્દોની ગણતરી તૂટી જાય. વિચાર તો કરો કેટલી જબરદસ્ત અને સજ્જડ સુરક્ષા વ્યવસ્થા શાસ્ત્રો માટે ગોઠવેલી છે, જે આજે હજારો વર્ષો પછી પણ ભેદી નથી શકાતી. માત્ર હિન્દુઓની અજ્ઞાનતા સિવાય.

હિન્દુ શાસ્ત્રોમાં અક્ષરોની ગણતરી તો હોય છે, પણ એનું પઠન કરવાની કાવ્યાત્મક પદ્ધતિ હોય છે. તેમજ પઠન કરતી વખતે છંદ, સ્વર, માત્રા, વ્યંજન, વાક્ય, પદ, કર્મ, જાત, માલા વગેરે આધારિત હાથ હલાવવાની પણ એક નિશ્ચિત પદ્ધતિ હોય છે.

એક પણ ખોટી માત્રા આવી જાય, તો પણ એક જ ઝાટકે ખબર પડી જાય કે અહીં કંઈ ફેરફાર કરવામાં આવ્યો છે.

**દાxત:** શ્રીમદ્ ભગવદ્ ગીતાના તમામ શ્લોકો 32 અક્ષરોના જ હોય છે, 18 એ 18 અધ્યાયના. એવીજ રીતે વિષ્ણુ સહસ્રનામના શ્લોકોના શ્લોકો પણ 32 અક્ષરોના જ હોય છે.

***શાસ્ત્રોને ભ્રષ્ટ થવાથી બચાવવાની એક જોરદાર પદ્ધતિ***

32. **<u>મૂળ શાસ્ત્રોને ભ્રષ્ટ કરવામાં અસમર્થતા:</u>** મૂળ હિન્દુ શાસ્ત્રોની બનાવટમાં સુરક્ષા હેતુથી જે ઉપાયો ગોઠવેલા છે, એ ઉપાયોના કારણે અને સંસ્કૃત ભાષા પર પ્રભુત્વ ન હોવાના કારણે, ઇસ્લામના પ્રચારકો મૂળ શાસ્ત્રોને ભ્રષ્ટ કરી શકે એમ નહોતા. એમને કોઇ એવા ઉપાયની જરૂરત હતી, જેના માધ્યમથી તેઓ ભ્રષ્ટ સાહિત્ય તૈયાર કરી શકે. એટલે હવે એ લોકો કોઇ અન્ય રસ્તો શોધવા લાગ્યા.

33. **<u>બારમતી / મહાપંથ / માતા પંથ / બીજમાર્ગી સાહિત્યો</u>**[7] **<u>:</u>** કચ્છ અને સૌરાષ્ટ્રના મેઘવાળ જેણે દલિત કે હરિજન સમાજ જેવા સન્માનનીય નામોથી સામાન્ય લોકો ઓળખે છે, એવા આ મેઘવાળ સમાજમાં એક "બારમતી સંપ્રદાય" જેણે "મહાપંથ" કે "બીજમાર્ગી પંથ" ચાલે છે. આ પંથની ઉપાસના પદ્ધતિ પર ઇસ્લામના પ્રચારકોની નજર પડી. બારમતી સંપ્રદાયની માન્યતાઓ, ભજનો, પરંપરાઓ વગેરે ઇસ્લામના પ્રચારકો માટે એકદમ યોગ્ય હતા. પહેલી નજરે એ યોગ્ય હોવા પાછળના મુખ્ય કારણ, જેણે સામાન્ય માણસ પણ સમજી શકે છે, એવા છે કે;

**33.1.** **<u>કંઠસ્થ પરંપરા:</u>** બારમતી સંપ્રદાયમાં જે કંઈ સાહિત્ય છે એ મોટે ભાગે કંઠસ્થ પરંપરાથી એમને મળેલ છે. એના શાસ્ત્રો છપાયેલા નથી / નહોતા. પરંપરાગત રીતે વડવાઓ પાસેથી મૌખિક રીતે આ જ્ઞાન મળતું આવ્યું છે. જેના કારણે સમયાંતરે, અને વિસ્તાર પ્રમાણે, આ જ્ઞાનમાં ફેરફારો થઇ ગયા છે. આવા ફેરફારોને લોકો સ્વીકારી પણ લે છે, એટલે ફેરફારો ઉપર કોઈ શંકા કુશંકા ન કરે.

**33.2.** **<u>કાવ્યાત્મક / દોહા રૂપે:</u>** એમના શાસ્ત્રો કાવ્યાત્મક રૂપે હોવાના કારણે, આગાઉ જણાવેલ પોઈન્ટ (31.2) પ્રમાણે એમને એ શાસ્ત્રોના લાભો મળતા હતા. [140:Page 91]

**33.3.** **<u>ભાષા:</u>** આ સાહિત્યોની ભાષા સંસ્કૃત નથી. એના બદલે ગામડાની સામાન્ય પ્રજા સમજી અને બોલી શકે એવી દેશી ભાષા છે. ગુજરાતી, કચ્છી, સિંધી ભાષાનું મિશ્રણ વાળું સાહિત્ય છે. સ્થાનિક ભાષા હોવાથી ઇસ્લામના પ્રચારકો માટે બહુજ સહુલિયત રહી.

**33.4.** **<u>નિયમોના બંધનનો અભાવ:</u>** બારમતી સંપ્રદાયના સાહિત્યમાં ભેળસેળ રોકવા માટે પોઈન્ટ (31.3)માં જણાવ્યા પ્રમાણે કોઈ સુરક્ષાના ઉપાયો ગોઠવેલ નહોતા. સાહિત્ય સ્થાનિક ભાષા સાથે 2 થી 3 અન્ય ભાષાનો સમાવેશ કરીને મિશ્ર ભાષામાં હોવાથી શબ્દોમાં હેરફેર કરવા પણ બહુ વધારે વિકલ્પો મળે એમ હતા. જેથી કરીને શાસ્ત્રોને ભ્રષ્ટ કરે તો કોઈ સહેલાઈથી પકડી ન શકે.

**33.5.** **<u>ગુપ્ત જ્ઞાન:</u>** બારમતી સંપ્રદાયનું ધાર્મિક જ્ઞાન ગુપ્ત રાખવામાં આવતું. વિશ્વાસુ લોકો સામે જ ધર્મની ગૂઢ વાતો કહેવામાં અને રહસ્યમય વિધિઓ કરવામાં આવતી. જેથી પૂરી વાત કે વિધિની સંપૂર્ણ અને ઠોસ જાણકારી સામાન્ય માણસ પાસે ન રહેતી. પૂરતી જાણકારી અને પુરાવાઓ ન હોવાથી જે વાત એમને કહેવામાં આવતી એ વાત સ્વીકારી લેવા સિવાય લોક પાસે કોઈ વિકલ્પ જ નહોતો.

---

[7] સાહિત્યો – માટે જુઓ Bibliography / સંદર્ભ સૂચિમાં જણાવેલ ક્રમ [36] [88:Page 128] [90] [111:Page 5 and 6] [6:Page 25]

બારમતી સંપ્રદાયના શાસ્ત્રોની જાણકારી ઇસ્લામના પ્રચારકોએ ગમેતેમ કરીને મેળવી લીધી. તે સમયે ભારતના ઘણા ક્ષેત્રોમાં અને ખાસ કરીને સિંધ પ્રાંતમાં મુસલમાનો પાસે સત્તા હોવાથી, એમના વિસ્તારમાં રહેતો મેઘવાળ સમાજ પર દબાણ લાવી આ માહિતી મેળવી લેવી કંઈ કઠિન કામ નહીં રહ્યું હોય.

**34. <u>સતપંથની સ્થાપના:</u>** શિયા-ઇસ્લામનો એક પંથ જેનું અરબી નામ "સિરાત અલ-મુસ્તકિમ"[27:Page 276 to 286] છે અને જેનો અર્થ "સીધો રસ્તો" કે "સાચો રસ્તો" થાય, એ પંથના મુખ્ય સિદ્ધાંતોને લઈને સતપંથ ધર્મ બનાવવામાં આવ્યો. જેમાં ઉપર જણાવ્યા પ્રમાણે બારમતી સંપ્રદાયના સાહિત્યોનો ઉપયોગ કરવામાં આવ્યો. **"ઇસ્લામ" ધર્મની શાખા "શિયા", તેની પેટા-શાખા "ઇસ્માઈલી" અને એમાં એક પંથ "નિઝારી"નો પેટા પંથ છે, "સતપંથ".**

અભ્યાસ કરવાથી ખબર પડે કે, સિરાત અલ-મુસ્તકિમ એટલે શિયા-ઇસ્લામના મુખ્ય સિદ્ધાંતો પ્રમાણે હિન્દુ ધર્મના મૂલ્યો અને આદર્શોને વણીને, બનાવટી શાસ્ત્રોને રચવામાં આવ્યા (વિગતે વાત આગળના પ્રકરણોમાં આવરી લેવામાં આવે છે). જેવા કે..

**34.1.** ઇસ્લામના આગમનથી પહેલાં ચાલતા તમામ ધર્મોને ભગવાને રદ્દ જાહેર કરી દીધા છે. અને હાલના સમયમાં એકજ સાચો ધર્મ છે અને એ છે ઇસ્લામ (એટલે અહીં સતપંથ).

**34.2.** કુરાન સિવાય બાકી બધા શાસ્ત્રોને પણ ભગવાને રદબાતલ જાહેર કર્યા છે. કુરાનને સતપંથમાં અથરવેદ નામ આપવામાં આવ્યું છે.

**34.3.** કલિયુગમાં કેવળ એકજ ભગવાન છે અને એ મૂર્તઝા અલી[8] તાલીબ છે કે જેને સતપંથમાં નિષ્કલંકી નારાયણ નામ આપવામાં આવ્યું છે.

**34.4.** કુરાનમાં જણાવેલ સિદ્ધાંત અનુરૂપ એકજ ભગવાન (અલ્લાહ)ને માને છે. પણ હિન્દુઓમાં તો અનેકો ભગવાન હોય છે. માટે સતપંથમાં "ચાર યુગના પૂજ્ય પાત્રોની યાદી"[27:Page 290] તૈયાર કરી, હિન્દુ ધર્મના દેવતાઓના અવતારોને સતયુગ, ત્રેતા અને દ્વાપર યુગમાં વહેંચી દીધા. અને કલિયુગમાં માત્ર એકજ ઇસ્લામના દેવો એટલે કે મૂર્તઝા અલી ઉર્ફે નિષ્કલંકી નારાયણ છે. ઇસ્લામના રિવાજો જેવા કે દફન વિધિ, એકજ વેદ - અથરવેદ (કુરાન) ને ગોઠવી દીધા. આવા સિદ્ધાંતો હિન્દુ ધર્મમાં ક્યાંય નથી.

**34.5.** કલિયુગના ગુરુ એટલે સૈયદ ઇમામશાહ બાવા

**34.6.** ગુરુ મંત્ર એટલે "પીર શાહ"

**34.7.** આ દુનિયામાં હમેશાં દેવો અને દૈત્યો એમ બન્ને હોય છે. માટે દેવ હમેશા દૈત્યને મારવા આ પૃથ્વી પર એક યા બીજા રૂપે અવતરિત થતા હોય છે. અને એ એકજ કુળ (કલિયુગમાં સૈયદ કુળ – હિન્દુઓ માટે હરિવંશ નામ)માં [27:Page 294] જન્મ લેતા આવ્યા છે. આ પરંપરા નિરંતર સતયુગથી ચાલી આવે છે, જે આજે પણ નિરંતર રીતે ચાલ્યા કરે છે.

**34.8.** વગેરે વગેરે

---

[8] અલી - https://abkkpsamaj.org/go/fn8

35. **<u>બારમતી શાસ્ત્રોના આધારે સતપંથના શાસ્ત્રો રચવામાં આવ્યા:</u>** કચ્છ અને સૌરાષ્ટ્રના મેઘવાળ સમાજમાં ચાલતા બારમતી કે મહાપંથ કે બીજમાર્ગી સંપ્રદાયના સાહિત્યોને ભ્રષ્ટ કરી કે ભેળસેળ કરીને ઉપર જણાવ્યા પ્રમાણે (સિરાત અલ-મુસ્તકિમ) સતપંથના સિદ્ધાંતો આવરી લેતા સાહિત્યો તૈયાર કરવામાં આવ્યા.

આના માટે બારમતી સંપ્રદાયમાં પ્રચલિત મુખ્ય સાહિત્યો જેવા કે ..

**35.1.** સૃષ્ટિ તેમજ મહાપંથની ઉત્પત્તિ કથા
**35.2.** જ્યોત ઉપાસના
**35.3.** ઘટપાટ પૂજા
**35.4.** બારાઇ / વારી યજ્ઞ
**35.5.** પાવળનું પાણી પીવું
**35.6.** આગમવાણી – કલિયુગના અંતે થવાનો મહાયુદ્ધ
**35.7.** છત્રીસ ધ્રોક / 36 નિયમોની શિક્ષાપત્રી
**35.8.** બારમતી ભજનો,
**35.9.** વગેરે વગેરે.. શાસ્ત્રો છે.

સાહિત્યોનો મૂળભૂત ઢાંચો લઈને, જરૂરત પ્રમાણે યોગ્ય ફેરફારો કરી, અલગ-અલગ સમયે અને અમુક તો ઈમામશાહ પછી, સતપંથના ભ્રષ્ટ શાસ્ત્રો રચવામાં આવ્યા. બારમતી સંપ્રદાયના સંતો, જેવાકે દેવાયત પંડિત દ્વારા જ્ઞાન આપતા ભજનોમાં થોડા ફેરફારો કરીને "ગીનાન" (જ્ઞાન શબ્દનું અપભ્રંશ) શાસ્ત્રો તૈયાર કરવામાં આવ્યું, જેવા કે ગોરવાણીનું ગીનાન, અમૃતવાણીનું ગીનાન

તમે સમજી ગયા હશો કે આ બધા શાસ્ત્રો કાવ્યાત્મક રીતે દોહા[9] પદ્ધતિથી તૈયાર કરવામાં આવેલ છે. આ બધા શાસ્ત્રોમાં સહુથી મહત્વનો ગ્રંથ જે તૈયાર કરવામાં આવ્યો, એ છે સતપંથ "દશાવતાર" ગ્રંથ. જેના વિષે વધુ જાણકારી આગળ જોઈશું.

36. **<u>સતપંથ સ્થાપક:</u>** ઉપર જણાવ્યા પ્રમાણે સતપંથના સાહિત્યો તૈયાર કરવામાં મુખ્ય બે વ્યક્તિઓની ભૂમિકા રહી છે.

**36.1. <u>પીર સદરૂદ્દીન:</u>** પીર સદરૂદ્દીનનો[10] જન્મ: સબઝવાર ગામ, હાલના ઈરાન દેશમાં વર્ષ ઈ. સ. 1290માં[11] થયો હતો. પીર સદરૂદ્દીનનું મૃત્ય ઈ. સ. 1380માં[10] થયું અને એમના મૃત શરીર

---

**9** દોહા = ભજનોમાં તાલ/છંદ મેળવતા ૨ વાક્યોની કડી. દાખલા માટે..
लूट सके तो लूट ले, राम नाम की लूट ।
पाछे फिरे पछताओगे, प्राण जाहिं जब छूट ॥

**10** સદરૂદ્દીન - https://abkkpsamaj.org/go/fn10

**11** ઈ. સ. = ઈસવી સન = Gregorian Calendar = Present internationally followed calendar

પાકિસ્તાનના ભાવલપૂર પ્રાંતના ઉચ ગામમાં દફનાવેલ છે. એમની દરગાહને “ઉચ શરીફ”ના[12] નામથી ઓળખાય છે. ત્યાં એમના એક દીકરા પીર કબિરુદ્દીનની[13] પણ દરગાહ છે.

**36.2.** **<u>સૈયદ ઈમામશાહ બાવા:</u>** પીર સદરૂદ્દીનના પોત્રા (Grandson) હતા સૈયદ ઈમામશાહ[14] બાવા જેમનું પૂરું નામ સૈયદ ઈમામઉદ્દીન અબ્દુર રહીમ છે. એમના પિતાનું નામ પીર કબિરુદ્દીન છે [136:Page 65] [42]. ઈમામશાહનો જન્મ ઈ. સ. વર્ષ 1452માં થયો અને એમનું મૃત્ય ઈ. સ. 1513માં થયું. એમના મૃતક શરીરને પીરાણાની દરગાહમાં દફનાવેલ છે.

**36.3.** **<u>ગ્રંથોની રચના:</u>** સદરૂદ્દીન અને ઈમામશાહ દ્વારા રચવામાં આવેલ સતપંથના મુખ્ય ગ્રંથો છે;

1. ગાયત્રી
2. અથર વેદ
3. દુઆ / પૂજાના મંત્રો
4. બુધ અવતાર
5. દશાવતાર (નાનો)
6. દશાવતાર (મોટો)
7. ગીનાન
8. મોમિન ચેતામણી – તો મુનિવારભાઈ મોટી
9. ખટ નીરંજન અને ખટ દર્શન
10. ગિરભાવલી નાની અને મોટી
11. ભુજ નીરંજન
12. 52 બોધ, 100 ક્રિયા, સહીસ્મરણી
13. શ્લોકો નાના, વગેરે વગેરે



**37.** આગળ વધવાથી પહેલાં આપણે પહેલાં બ્રેનવોશિંગ શું છે, એ જોઈ લઈએ, આગલા પ્રકરણમાં.

[12] પીર સદરૂદ્દીન અને કબિરુદ્દીનની કબરો - https://abkkpsamaj.org/go/fn12

[13] પીર કબિરુદ્દીન - https://abkkpsamaj.org/go/fn13

[14] સૈયદ ઈમામશાહ - https://abkkpsamaj.org/go/fn14

6

# બ્રેનવોશિંગ / Brainwashing કેવી રીતે થાય

**38. <u>બ્રેનવોશિંગ Brainwashing એટલે શું:</u>** Brainwashing એટલે કે વ્યક્તિ ઉપર એવી અસર નાખવી કે એ વ્યક્તિની વિવેક બુધ્ધિ ભ્રષ્ટ થઇ જાય અને તેની સાથે એનું મન એવું ભ્રમિત થઈ જાય કે એ સાચા-ખોટા વચ્ચે ભેદ ન કરી શકે. જેના કારણે પોતે નિર્ણય લેવામાં અસમર્થ થઇ જાય. જેથી એ બીજા વ્યક્તિના હાથની કઠપૂતળી બની જાય. પરિસ્થિતિનું આકલન કરવા અને નિર્ણય લેવા માટે અસક્ષમ હોવાના કારણે એ કોઈક બીજા વ્યક્તિના ઇશારા પ્રમાણે વર્તન કરતો થઈ જાય.

બીજાના ઇશારા પર ચાલતો હોવા છતાં એ શિકાર બને એ વ્યક્તિને ખબર પણ ન હોય કે એ કોઈક બીજાની બુધ્ધિ પ્રમાણે ચાલે છે.

**બ્રેનવોશ થયેલ વ્યક્તિના મન અને બુધ્ધિ પર કોઈક બીજાનું જ નિયંત્રણ હોય જેનાથી એ માણસ બીજાના એજેન્ડા (Agenda) પર કામ કરતો હોય, અને એ વાત એને ખબર પણ ન હોય.**

**39. <u>બ્રેનવોશિંગ થાય કેવી રીતે?</u>** આપણે એ તો સમજી ગયા કે બ્રેનવોશિંગ એટલે માણસની "નિર્ણય શક્તિ" કોઈ અન્ય વ્યક્તિના હાથમાં મૂકી દેવી. પણ એ કેવી રીતે થાય, એ સમજવા માટે પહેલાં આપણે એ સમજવું પડશે કે કોઈ માણસ નિર્ણય કેવી રીતે લેતો હોય છે.

**40. <u>બુધ્ધિ અને મન પર નિયંત્રણ:</u>** માણસની નિર્ણય શક્તિ બે વસ્તુઓ પર આધારિત હોય છે.

1) બુધ્ધિ
2) મન

માણસ યા તો બુધ્ધિથી વિચાર કરીને નિર્ણય લે, અથવા મનનું સાંભળીને નિર્ણય લે, અને ક્યારેક બન્ને પર આધાર રાખીને નિર્ણય લે.

હવે જો માણસના નિર્ણય શક્તિ પર આપણું નિયંત્રણ લાવવું હોય તો, સ્વાભાવિક છે કે એ માણસની બુધ્ધિ અને મન પર આપણને નિયંત્રણ મેળવવું પડે. પણ એ થાય કેવી રીતે? એ જોઇએ.

**41. <u>બુધ્દિ અને મન પર નિયંત્રણ કેવી રીતે મેળવવું:</u>** આપણે સમજીએ છીએ કે માણસ બુધ્દિથી અને મનથી પ્રેરાઈને જ કોઇ કાર્ય કરે છે. માટે માણસ પાસેથી પોતાનું કામ કરાવી લેવું હોય તો એ માણસની..

1) બુધ્દિને ભ્રષ્ટ કરી નાખો
2) મન ભ્રમિત કરી નાખો

બીજા શબ્દોમાં કહીએ તો, જો બુધ્દિ પર પડદો નાખી (ભ્રષ્ટ કરી) દેવામાં આવે અને મનને ખોટી જગ્યાએ વાળી દેવામાં આવે, તો એ માણસ સાચી વાત સમજવામાં અસક્ષમ બની જાય. જેથી એનું મન એને ખોટી જગ્યા તરફ ખેંચી જાય અને બુધ્દિ એને સમજી ન શકે. અંતે સાચા કામના બદલે, ખોટા કામ કરતો થઈ જાય.

**42. <u>If you can't convince them, confuse them (મનાવી ન શકો, તો મૂંઝાવી દો):</u>** જો કોઈ માણસના મન અને બુધ્દિ પર નિયંત્રણ ન મેળવી શકો, તો કમસે કમ એને મૂંઝાવી દો. મૂંઝાયલો વ્યક્તિ પણ આંધળા જેવો હોય છે. એને આસાનીથી ભટકાવી શકાય. આ સિધ્દાંતનો પણ ખૂબ પ્રયોગ કરવામાં આવે છે.



**43. <u>ભોળપણ અને અજ્ઞાનતાની મદદથી બ્રેનવોશ:</u>** મન અને બુધ્દિ ભ્રષ્ટ કરવા માટે બે પરિબળોનું હોવું બહુ જરૂરી હોય છે.

**43.1. <u>ભોળપણ:</u>** ભોળો માણસ બહુ જલદી છેતરાય. એ માણસ બીજા ઉપર શંકા કરવી એને સૂઝે નહીં. વાત સાચી કે ખોટી, વાતની પાછળનો હેતુ શું હોઈ શકે, વગેરે વિચારે નહીં. આવા માણસને જે કંઇ કહેવામાં આવે એને સહેલાઈથી સાચું માની લે. તમને ફરી યાદ અપાવું કે અગાઉ પોઈન્ટ (13)માં જણાવ્યા પ્રમાણે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ ખૂબ "ભોળી" બની ગઇ હતી, જેનાથી એની અધોગતિને અવકાશ મળી ગયો.

**43.2.** **<u>અજ્ઞાનતા:</u>** અજ્ઞાની અને આંધળો એક રીતે સરખા હોય છે. દેશી ભાષામાં એક કહેવત છે ને કે અંધો (આંધળો) અને અભોઇઓ (માહિતી-વગરનો) હરખો (સરખો). માટે કોઈ માણસને ભટકાવવો હોય, તો એને અજ્ઞાની બનાવી દો.

**કોઈ માણસને અજ્ઞાની બનાવવો હોય તો..**

**1) માણસને ઇતિહાસથી વંચિત કરી દો (ઇતિહાસ ભુલાવી દો)**

- દા.ત. સતપંથના ઘણા યુવાનોને સતપંથ ઇસ્લામ ધર્મનું એક ફાટું છે, એ ખબર જ નથી.

**2) જો એમ ન થઈ શકે તો, એનો ઇતિહાસ બદલી નાખો (ભ્રષ્ટ કરી દો)**

- દા.ત. ઈમામશાહએ તો હિન્દુઓને મુસલમાન બનવાથી બચાવ્યા, એવો ખોટો પ્રચાર કરવામાં આવે છે. જ્યારે વાસ્તવમાં હિન્દુઓને છેતરીને મુસલમાન બનાવવા માટે જ ઈમામશાહ એ સતપંથ ધર્મનો પ્રચાર કર્યો છે.

- દા.ત. ઈમામશાહએ તો ભગવાન વિષ્ણુના અવતારોને ખૂબ સરળ ભાષામાં સમજાવ્યા છે. જ્યારે વાસ્તવમાં એણે હિન્દુઓને મુસલમાન બનાવવા માટે અવતારોને ભ્રષ્ટ કર્યા છે.

ભોળા અને અજ્ઞાની માણસ સામે જ્યારે આવી વાતો મૂકવામાં આવે તો એને સાચું સમજીને સહજ સ્વીકારી લે. જ્યારે વ્યક્તિ આ રીતે વર્તાવ કરવા લાગે, એટલે કે એ માણસ કોઈકના હાથની કઠપૂતળી બની જાય. એ માણસને બ્રેનવોશ થયેલ માણસ કહેવાય. એ બ્રેનવોશિંગના છેલ્લા તબક્કા સુધી પહોંચી જાય. **આવી રીતે માણસને બ્રેનવોશ કરવામાં આવે.**

**44.** **<u>બ્રેનવોશનો દુરુપયોગ:</u>** ઉપર જણાવ્યા પ્રમાણે કોઈક બીજાના હાથની કઠપૂતળી બની ગયા પછી, આવા વ્યક્તિ સામે ષડયંત્રકારી માણસ બહુ યુક્તિ પૂર્વક એવી રીતે વાત મૂકે કે પેલા માણસનું મન એ કામનો વિરોધ ન કરી શકે અને એની બુદ્ધિથી એમજ સમજે કે એ જે કોઈ કામ (ખોટું) કરી રહ્યો છે, એ કામ તો સાચું અને જરૂરી છે. આ તબક્કે બ્રેનવોશ થયેલ માણસનો દુરુપયોગ કરવામાં આવે અને એને ખબર પણ ન પડે.

બીજા શબ્દોમાં કહીએ બ્રેનવોશ થયેલ માણસને એના હિતના કામથી દૂર રાખી, ખોટા અને ન કરવા જેવા કામો, તરફ વાળી દેવામાં આવે. અને આવા ખોટા કામમાં એ માણસ એકદમ મનથી લાગી જાય છે.

મન ખોટા કામમાં લાગેલું હોય અને બુદ્ધિ પર પડદો પડેલ હોય સાથે સચ્ચાઇને દબાવી દેવામાં આવે, તો એ માણસ ખોટા કામમાં જ રાચ્યો પચ્યો રહે. સતપંથના પ્રચારકોએ આ સિદ્ધાંતનો ખૂબ ઉપયોગ કર્યો છે. જેના વિષે આગળ આપણે જોઇશું.

# 7

# શ્રીમદ ભાગવતજી ગ્રંથ પ્રમાણે અધર્મ એટલે શું?

**45. <u>અધર્મ કોને કહેવાય?</u>** અધર્મ શું છે એ વાતની છણાવટ હિન્દુ ધર્મના અસલ શ્રીમદ ભાગવતજીમાં[15] આપેલ છે.

**<u>શ્રીમદ ભાગવતજીના સ્કંદ: 7, અધ્યાય 15, માં જણાવેલ શ્લોક ..</u>**

| | |
|---|---|
| **विधर्मः परधर्मश्च आभास उपमा छलः** | **।** |
| **अधर्मशाखाः पञ्चेमा धर्मज्ञोऽधर्मवत्त्यजेत्** | **॥ १२ ॥** |
| **વિધર્મ: પરધર્મશ્ચ આભાસ ઉપમા છલ:** | **।** |
| **અધર્મશાખા: પઞ્ચેમા ધર્મજ્ઞોઽધર્મવત્ત્યજેત્** | **॥ ૧૨ ॥** |



**અર્થ:** અધર્મની પાંચ શાખાઓ છે.

1) વિધર્મ
2) પરધર્મ
3) આભાસ
4) ઉપમા, અને
5) છળ

ધર્મજ્ઞ મનુષ્યે અધર્મની જેમ આ બધાનો ત્યાગ કરી દેવો

| | |
|---|---|
| **धर्मबाधो विधर्मः स्यात्परधर्मोऽन्यचोदितः** | **।** |
| **उपधर्मस्तु पाखण्डो दम्भो वा शब्दभिच्छलः** | **॥ १३ ॥** |
| **ધર્મબાધો વિધર્મ: સ્યાત્પરધર્મોઽન્યચોદિત:** | **।** |
| **ઉપધર્મસ્તુ પાખણ્ડો દમ્ભો વા શબ્દભિચ્છલ:** | **॥ ૧૩ ॥** |

**અર્થ:**

1) જે કાર્ય ધર્મબુદ્ધિથી કરવામાં આવે તોપણ પોતાના ધર્મપાલનમાં વિઘ્ન આવી પડે તે **"વિધર્મ"** છે.
2) કોઇ બીજા દ્વારા અન્ય પુરુષ માટે ઉપદેશાયેલ ધર્મ **"પરધર્મ"** છે.
3) પાખંડ કે દંભનું નામ **"ઉપધર્મ"** અથવા **"ઉપમા"** છે.
4) શાસ્ત્રોનાં વચનોનો અન્ય પ્રકારનો અર્થ કરવો એ **"છળ"** છે.

---

[15] શ્રીમદ ભાગવતજી - https://abkkpsamaj.org/go/fn15 (See Page 748 onwards)

**નોંધ:** ઉપરના શ્લોકમાં "આભાસ"નો અર્થ નથી આપ્યો, પણ આપણે સમજી શકીએ છીએ કે જે અન્ય ધર્મ, ખોટી રીતે, મૂળ/સાચો ધર્મ હોવાનો ખોટો **"આભાસ"** આપે, એ પણ અધર્મ છે.

**46. હિન્દુ શાસ્ત્રોની દૃષ્ટિએ અધર્મની વ્યાખ્યામાં સતપંથ ક્યાં છે?** ઉપર જણાવ્યા પ્રમાણે અધર્મની શાખાઓ સાથે સતપંથને સરખાવીને જોવામાં આવે તો;

1) વિધર્મ
2) પરધર્મ
3) આભાસ
4) ઉપમા, અને
5) છળ

એમ લગભગ બધીજ શાખા શું સતપંથને લાગુ પડે છે કે નહીં? એ તમારે વિચારવાનું છે?

# 8

# સતપંથ દશાવતાર ધર્મ પરિવર્તનનો ગ્રંથ

**47. <u>હિન્દુ - મુસલમાન વચ્ચે એક-માર્ગીય સેતુ (One-way bridge):</u>** ઇસ્લામના ફેલાવ માટે નડતર રૂપ સમસ્યાઓ વિષે આગાઉ પોઈન્ટ (15)માં આપણે જે જાણ્યું, એના પરથી એક વાત સ્પષ્ટ છે કે ઇસ્લામના પ્રચારકોને હિન્દુ દુનિયામાંથી ઇસ્લામની દુનિયામાં લઈ જવા માટે એક "સેતુ" અથવા એક "હોડી"ની જરૂરત હતી. એ સેતુ કે હોડી જે તૈયાર કરવામાં આવે એનું નામ હતું સતપંથ. આ સેતુ તોજ કામ કરી શકે કે લોકો એટલે કે હિન્દુઓ પહેલાં એના તરફ આકર્ષિત થાય. જો પહેલાંથી હિન્દુઓને ખબર પડી જાય કે આ સેતુ એમને ઇસ્લામની દુનિયામાં લઈ જશે, તો કોઈ દિવસ એમાં ચડે નહીં.

એટલે એવી યુક્તિની જરૂર હતી કે આ સેતુ/હોડીનો દેખાવ હિન્દુ ધર્મનો હોય. પણ જેમ-જેમ આગળ વધે, ત્યારે એ અંતે મુસલમાન દુનિયામાં પૂરો થાય. ત્યારે હિન્દુઓને પાછા હિન્દુ દુનિયામાં વાળવાનો કોઈ રસ્તો બચે નહીં. [120:Page 48]

હિન્દુ-મુસલમાન વચ્ચે પ્રેમ, એકતા, સંપ, સંગઠન, સદભાવ, ભાઈચારો, ભગવાન તો એકજ છે, વગેરે આદર્શવાદી સિદ્ધાંતોનો સહારો લઈને, પહેલા તબક્કે હિન્દુઓને ઇસ્લામના ધર્મસ્થાનકો તરફ આકર્ષિત કરવાનું કામ શરૂ કરવામાં આવ્યું. એ કેમ થયું એ જોઈએ.

**48. <u>દશાવતાર ગ્રંથની રચના:</u>** આવા સેતુની શોધમાં ઇસ્લામના પ્રચારકોએ હિન્દુ શાસ્ત્રોનો ગહન અભ્યાસ કર્યો. "સામગ્રી"માં બારમતી સંપ્રદાયના સાહિત્યો, પોઈન્ટ (33), પસંદ થઈ ચૂક્યા હતા અને એના પર કામ કરવા માટે "સાધન" (Tools) રૂપી યુક્તિ/રણનીતિ ("વિચારધારાનો વિનાશ" – પોઈન્ટ (17)) પણ તૈયાર હતી. આવી "સામગ્રી" અને "સાધન" વાપરીને એવી વસ્તુ તૈયાર કરવામાં આવી કે જેનાથી વિચારધારાના વિનાશનું પહેલું પગલું, એટલે હિન્દુ ધર્મને ભ્રષ્ટ કરવા માટેનો મૂળ ગ્રંથ, તૈયાર કરવામાં આવ્યો. પહેલાં પીર સદરૂદ્દીનએ "નાનો દશાવતાર"[100] ગ્રંથ રચ્યો, અને ત્યારબાદ એમના પૌત્ર સૈયદ ઇમામશાહ બાવાએ એનું વિસ્તૃતિકરણ કર્યું અને "મોટો દશાવતાર"[13] [45] [125] [139] ગ્રંથ તૈયાર કર્યો.

આ ગ્રંથને હિન્દુ ભગવાન વિષ્ણુના મુખ્ય દસ અવતારો પર આધારિત તૈયાર કરવામાં આવ્યો છે. આ ગ્રંથનું નામ "દશાવતાર" રાખવામાં આવ્યું છે. એ ગ્રંથનું નામ ક્યાંક "શ્રીમદ દશાવતાર"[47] તો ક્યાંક "શ્રીમદ ભગવત દશાવતાર"[16] પણ જોવા મળે છે. ધ્યાન રહે નામ પણ કેવું છેતરામણું છે.

---

[16] શ્રીમદ ભગવત્ દશાવતાર – વર્ષ 2002 થી 2017 સુધી 6 અલગ-અલગ આવૃત્તિઓ – સતપંથ પ્રકાશન સમિતિ, પીરાણા – રચનાર સૈયદ ઈમામશાહ બાવા. દા. ત. [47] [49] [124].

મજાની વાતતો અહીં એ છે કે હિન્દુ ધર્મમાં "દશાવતાર" નામનો કોઇ ગ્રંથ જ નથી. હિન્દુ અલગ-અલગ પુરાણોમાં ભગવાન વિષ્ણુના વિવિધ અવતારો વર્ણવેલ છે, પણ કોઈ દશાવતાર કે એવા નામ જેવો કોઇ ગ્રંથ હિન્દુ ધર્મમાં નથી. ઇસ્લામ ધર્મમાં છે.

**49. <u>ગ્રંથમાં વાર્તા શું છે?</u>** દશાવતાર ગ્રંથમાં ભગવાન વિષ્ણુના મુખ્ય દસ અવતારનું વર્ણન છે. એ અવતારોની ભૂમિકા બે ભાગે સમજી શકાય.



**49.1. <u>સહયોગી અવતાર:</u>** (કુલ 7 અવતાર)

1) મત્સ્ય
2) કૂર્મ
3) વરાહ
4) નરસિંહ
5) વામન
6) પરશુરામ
7) રામ

**49.2. <u>બ્રેનવોશિંગ (Brainwashing) અવતાર:</u>** (કુલ 3 અવતાર)

8) કૃષ્ણ
9) બુધ્ધ
10) નકલંકી (કલ્કિના બદલે)

**<u>નોંધ:</u>** હિન્દુ શાસ્ત્રો પ્રમાણેનો છેલ્લો અવતાર, કલ્કિ અવતારને બદલીને, નિષ્કલંકી અવતાર મૂકી દેવામાં આવ્યો છે.

**50. <u>સહયોગી અવતારોની ભૂમિકા:</u>** અભ્યાસ કરવાથી સમજણ પડે છે કે સહયોગી અવતારોની મુખ્ય ભૂમિકા છે કે..

1) હિન્દુ રૂપ જાળવી, ઇસ્લામના આદર્શો, સિદ્ધાંતો, નિયમો, અને માન્યતાને સ્વીકારવું.
2) જ્યાં હિન્દુ નિયમોનો સીધો ટકરાવ ઇસ્લામના નિયમો સાથે થાય, ત્યાં ઇસ્લામના નિયમો પડખે રહેવું.
3) છેલ્લા 3 એટલે કે બ્રેનવોશિંગ અવતારોને મદદ રૂપ થવું.

આ બધાજ અવતારોમાં, યુક્તિના ભાગ રૂપે, રમત એ હોય છે કે હિન્દુ શાસ્ત્રો પ્રમાણે અવતારોનો આધાર લેવો અને તેમાં ઇસ્લામી તત્વોનું ભેળસેળ કરવું. આ સહયોગી અવતારોમાં થયેલ ભેળસેળની વિસ્તૃત વાતો અહીં નહીં કરીએ. વિસ્તૃત જાણકારી માટે વાંચો સતપંથ છોડો પુસ્તક [27].

આ વિષે આછો અંદાજ આપતું એક ભાષણ પ્રકાશિત થયેલ છે. ક.ક.પા. જ્ઞાતિના આધ્ય સુધારક, શ્રી નારાયણ રામજી લીંબાણીના દિનાંક 07 થી 09 ઓકટોબર 1922 સુધી, કરાચીમાં યોજાયેલ જ્ઞાતિની બીજી પરિષદમાં, એક ખૂબ સરસ ભાષણમાં [6:Page 207 to 214] [34:Page 256 to 265] [114:Page 58 to 65] [6:Page 207 to 214] પ્રકાશિત કરેલ છે.

જેના મુખ્ય મુદ્દા આ પ્રમાણે છે;

1. સતપંથ ધર્મનો ઉદ્દેશ શું છે.
2. હિંદુઓના ભોળપણનો કેવો ખોટો લાભ લઈ હિંદુઓના શાસ્ત્રોને વટલાવ્યા.
3. સતપંથનો અથરવેદ એ સાચો હિંદુઓનો અથર્વવેદ નથી.
4. ભગવાન વિષ્ણુના દસમા અવતારને "હજરત અલી" બતાવ્યો છે.
5. નકલંક નારાયણ અવતાર મુસલમાનોમાં થયો.
6. ઈમામશાહે પોતાને નકલંક નારાયણનો વંશજ બતાવ્યો.
7. ઈમામશાહે પોતાને ઇન્દ્ર પણ બનાવી નાખ્યો.
8. સતપંથના દસ અવતારનું જુઠ પકડી પાડ્યું છે.
9. સતપંથને "સનાતન ધર્મ"માં ખપાવવાના પ્રપંચો કેવા છે.
10. ઈમામશાહના દીકરા નુર મુહમ્મદ શાહને ભગવાન વિષ્ણુનો રૂપ બતાવ્યો.
11. વગેરે વગેરે

**50.1.** **<u>અવતારોને જોડી રાખતો મહત્વનો મુદ્દો:</u>** આગાઉ પોઈન્ટ (34.7)માં જણાવ્યા પ્રમાણે, શિયા ઇસ્લામની માન્યતા છે કે આ પૃથ્વીમાં ભગવાન એક યા બીજા રૂપે હમેશા હોય જ છે. એક ઘડીએ પણ જો ભગવાન ન હોય, તો પૃથ્વી એજ ઘડીએ વિનાશ પામી જશે, એવી એમની માન્યતા છે. માટે ભગવાન એક જ કુળમાં સતત જન્મ લેતા હોય છે. એ કુળને "અલી વંશ" કહવામાં આવે છે. અને આ વાતને હિન્દુઓના ગળે ઉતારવા માટે એને "હરિવંશ" નામ આપી દેવાયું છે. પણ હિન્દુ ધર્મમાં વિષ્ણુનો જન્મ, સમય સમય પ્રમાણે, અલગ અલગ કુળમાં થયો છે. દા.ત. શ્રી રામ સૂર્યવંશમાં અને શ્રી કૃષ્ણ ચંદ્રવંશમાં હતા. ક્યારેક તો ભગવાને જન્મ પણ નથી લીધો – નરસિંહ અવતાર. પણ મુસલમાનોને એકજ કુળમાં જન્મ લેવાનો સિદ્ધાંત ઠોકી બેસાડવો હતો. એટલે એમના દશાવતારમાં વિષ્ણુના બધાજ આવતારોને એકજ કુળમાં બતાવ્યા. પાછળથી નારાયણ રામજીના ભાષણના [34:Page 256 to 265] [80] [114:Page 58 to 65] [6:Page 207 to 214] દબાણમાં આવીને એવું કહેવામાં આવ્યું કે ભગવાને કુળ બદલ્યો. પણ એકજ વંશમાં નિરંતર જન્મની વાત ચાલુ રાખી. આ કેમ થાય? આવી ઘણી જગ્યાએ શાસ્ત્રોમાં છળ કરેલ છે. બીજો દાખલો જોઇએ તો આ અવતારોના વંશજોના નામોમાં પણ મોટી ખૂબ ગડબડ કરેલ છે. વધુ માહિતી માટે વાંચો સતપંથ છોડો, પેજ 293 [27].

**51. <u>બ્રેનવોશિંગ (Brainwashing) અવતાર:</u>** આપણે બ્રેનવોશિંગ એટલે શું અને કેવી રીતે એનો ઉપયોગ કરવામાં આવે છે, એ આગાઉ જણાવેલ પોઈન્ટ (38)માં જોયું. માટે સીધા મુદ્દા પર આવીશું.

<u>આ અવતારોનું મુખ્ય કામ હોય છે કે;</u>

1) લોકોના મન અને બુદ્ધિને ભ્રષ્ટ કરવું (હિન્દુ ધર્મની દૃષ્ટિએ - બ્રેનવોશિંગની મદદથી).
2) હિન્દુ ધર્મના મૂલ્યો અને આદર્શોને રદ થયેલ, હલકા અને ઉતરતા બતાવવા.
3) હિન્દુ ધર્મ પ્રત્યે લોકોને અભાવ નિર્માણ કરવો.
4) ઇસ્લામના મૂલ્યો અને આદર્શોને હિન્દુઓ કરતાં સારા અને ચડિયાતા બતાવવા.
5) ઇસ્લામ પ્રત્યે લોકોના મનમાં સન્માન અને આદર જગાડવું.
6) છેલ્લે, લોકોને ઇસ્લામ તરફ વાળવા અથવા ધર્મ પરિવર્તન કરવું.

**52. <u>બ્રેનવોશિંગ (Brainwashing) અવતારોની યોજના / Design:</u>** આગાઉ જણાવ્યા પ્રમાણે બ્રેનવોશિંગ માટે ત્રણ અવતારોનો ઉપયોગ કરવામાં આવેલ છે. જેને નીચે આપેલ Diagram / રેખાકૃતિથી સહેલાઈથી સમજી શકાશે.




**52.1. <u>આ અવતારો ભ્રષ્ટ કરવા પાછળની રણનીતિ:</u>** આગળ દર્શાવેલ કૃષ્ણ અવતારમાં જે ટેબલ આપેલ છે, એના ક્રમ 2માં જે કુંતી માતા વિષે જે મુદ્દો છે, ત્યાંથી આ રણનીતિની ખરી શરૂઆત થાય છે.

ભોળા માણસોને ફસાવવા, હજારો વર્ષોથી એક રણનીતિ અપનાવવામાં આવે છે. એનો ઉપયોગ સતપંથના પ્રચારકોએ પણ કર્યો. એના પ્રમાણે..

1) **પહેલાં હિન્દુ ધર્મમાં એક બનાવટી સમસ્યા ઊભી કરવી, અને**

2) **એના ઉપાય રૂપે સતપંથ ધર્મ રજૂ કરવો.** જેથી ભોળા લોકો તમારી વાતોની જાળમાં ફસાઈ જાય. ત્યાર બાદ;
   i. હિન્દુ ધર્મમાં રહેલી વર્ષો જૂની શ્રદ્ધાને તોડવા માટે – હિન્દુ ધર્મને હલકો, ઊતરતો અને કલિયુગમાં રદ્દ થયેલો જાહેર કરવો. અને
   ii. સતપંથ ધર્મ તરફ આકર્ષિત કરવા અને એમાં લોકોની શ્રદ્ધાને વાળવા માટે, સતપંથને સારો, ઉચ્ચ, ચડિયાતો બતાવવો અને કલિયુગનો સાચો ધર્મ બતાવવો. સાથે-સાથે સતપંથીઓ માટે એ ધર્મ ખૂબ જ લાભદાયી એવો પણ બતાવવો.

***બનાવટી સમસ્યા ઉપજાવી કાઢી – ઉપાયમાં સતપંથ બતાવવો***

આ રણનીતિનો ઉપયોગ અહીં કેવી રીતે કરવામાં આવ્યો, એ જોઈએ...

**53.** **<u>જરૂરી ચોખવટ:</u>** સતપંથના દશાવતારના અલગ-અલગ ગ્રંથમાં ઘણી બધી નાની-નાની બાબતોમાં તફાવતો જોવા મળશે. સતપંથની શાખાઓ અને એમના ધર્મના વાડાઓ પ્રમાણે અને એકજ વાડામાં પણ સમયાંતરે થોડા-ઘણાં ફેરફારો/તફાવતો જોવા મળે છે. પણ આ બધા ફેરફારો અને તફાવતોમાં, વિષ્ણુના અવતારો અને એના હેતુઓમાં (હિન્દુઓનું ધર્મપરિવર્તન કરવું), સમાનતા છે. ભાષા કે શબ્દોમાં ક્યાંક ફેરફાર હોઈ શકે, કોઈ કારણ સર પ્રસંગનું વર્ણન પણ જુદું હોઈ શકે, પણ એમના મુખ્ય હેતુમાં કોઈ ફરક નથી.

કદાચ કોઈ સતપંથી એમ કહે કે અમારો દશાવતાર ગ્રંથ જુદો છે, અને આ પુસ્તકમાં વર્ણવેલ મુદ્દાઓ અમોને લાગુ નથી પડતાં, તો ત્યારે આ પોઈન્ટમાં જણાવેલ વાતને જરૂર ધ્યાનમાં રાખજો.

**54.** **<u>મુખ્ય સંદેશ પર જોર:</u>** આગળ જણાવેલ ત્રણ બ્રેનવોશિંગ અવતારોનું સતપંથના શાસ્ત્રો અને કર્ણોપકર્ણ[17] દ્વારા કંઠસ્થ પરંપરામાં પ્રમાણે પ્રચલિત માહિતી અનુસાર આછેરું વર્ણન કરવામાં આવેલ છે. આ વર્ણનના શબ્દોને પકડવા કરતાં, વાતની પાછળના સંદેશને સમજવાનો પ્રયત્ન કરવા વિનંતી.

આ પુસ્તકમાં સતપંથના કૃષ્ણ, બુદ્ધ અને નિષ્કલંકી અવતારની બધીજ બાબતોની વાતો નથી આવરી લેવામાં આવી. પણ હિન્દુ શાસ્ત્રોને ભ્રષ્ટ કરીને બ્રેનવોશિંગ કેવી રીતે કરવામાં આવી રહ્યું છે, એ વાત સમજવા માટે અમુક જરૂરી મહત્વના મુદ્દાઓ સામેલ કરેલ છે.

**17** કર્ણોપકર્ણ = કાનોકન = મૌખિક કહેલું orally transmitted

**55. <u>કૃષ્ણ અવતાર:</u>** સતપંથના કૃષ્ણ અવતાર[18] પર કોઇ વાત કરવાથી પહેલાં એક જરૂરી ચેતવણી કે..






**અહીં જણાવેલ કૃષ્ણ અવતાર, પહેલી નજરે, એકદમ હિન્દુ શાસ્ત્રોના કૃષ્ણ અવતાર જેવો લાગશે, પણ એમાં નીચે જણાવેલ મહત્વની વાતો હિન્દુ શાસ્ત્રોમાં ક્યાંય નથી. આ વાતો તો માત્ર સૈયદ ઈમામુદ્દીન અબ્દુર રહીમ અને એમના દાદા પીર સદરૂદ્દીન દ્વારા રચેલ સતપંથ દશાવતાર ગ્રંથમાં જણાવેલ છે.**

ફરીથી ચોખવટ કરવામાં આવે છે કે.. અહીં જે જણાવવામાં આવેલ અવતાર છે એ હિન્દુ શાસ્ત્રો પ્રમાણે નથી, પરંતુ સતપંથના શાસ્ત્રો પ્રમાણે જ છે. કોઇ છેતરાશો નહીં.

**55.1. <u>ગ્રંથોનો આધાર:</u>** સતપંથના કૃષ્ણ અવતારને સમજવા માટે નીચે જણાવેલ મુખ્ય ત્રણ ગ્રંથોનો આધાર લેવામાં આવેલ છે.

**સંદર્ભ ગ્રંથ** [88][19] **:** વર્ષ 1926 - પીરાણા સતપંથની પોલ અને સત્યનો પ્રકાશ – નારાયણ રામજી લીંબાણી

**સંદર્ભ ગ્રંથ** [139][19] **:** વર્ષ 1978 - સતપંથ પ્રકાશ અર્થાત .. .. દશ અવતાર – સતપંથી સૈયદ અહમદઅલી "ખાકી"
(**નોંધ:** આ ગ્રંથ અને ઉપર જણાવેલ સંદર્ભ ગ્રંથ [88] (પીરાણાની પોલ) લગભગ એક સરખાજ છે. માત્ર કલમાઓના ક્રમમાં ક્યાંક-ક્યાંક એકથી ત્રણ ક્રમનો અંતર છે.)

---

**18** [45] [47] [88] [139]

**19** ગ્રંથ / પુસ્તકનું URL અને વધુ જાણકારી માટે જુઓ.. નીચે **Bibliography / સંદર્ભ સૂચિ** વિભાગ

**સંદર્ભ ગ્રંથ** [124][19] **:** વર્ષ 2009 - સતપંથ શ્રીમદ્ ભગવત દશાવતાર – નાનકદાસજી મહારાજ (**નોંધ:** આ ગ્રંથમાં જણાવેલ કલમાઓ અને એજ કલમાઓની નીચે આપેલ વિવરણમાં ઘણી જગ્યાએ તફાવત છે. ધ્યાને રાખવા વિનંતી.)

આ ત્રણે ગ્રંથોની એટલે કે સંપૂર્ણ પુસ્તકની ઓનલાઈન સોફ્ટકોપીની લિન્ક આ પુસ્તકના Bibliography / સંદર્ભ સૂચિ પ્રકરણમાં મળશે. ત્યાંથી તમે આ ગ્રંથ મફત મેળવી શકશો.

| **ક્ર.** | **ધ્યાને લેવા જેવા કલમાઓ..** | **સંદર્ભ ગ્રંથ** [88] **કલમા ક્ર.** | **સંદર્ભ ગ્રંથ** [139] **કલમા ક્ર.** | **સંદર્ભ ગ્રંથ** [124] **કલમા ક્ર.** |
|---|---|---|---|---|
| 1. | **પ્રસંગ:** ભીમ અને દુર્યોધનની લડાઈ<br><br>**ત્યારે ભીમ ભુજદર તોડિયાં ને પાટુ દીધું જહાં, ત્યાં દેવ શ્રી <u>બુધ્ધ રૂપ</u> ધરી બળ મુકિયાં ભાઈ મૃત ઓળખું તહાં.**<br><br>**ટિપ્પણી:** કૃષ્ણ અવતારમાં બુધ્ધ અવતાર ક્યાંયથી આવ્યો? | 547<br>પેજ: 293<br>(કૃષ્ણ)<br><br>1002<br>પેજ: 328<br>(બુધ્ધ) | 544<br>પેજ: 255<br>(કૃષ્ણ)<br><br>1005<br>પેજ: 378<br>(બુધ્ધ) | 594<br>પેજ: 298<br>(કૃષ્ણ)<br><br>986<br>પેજ: 393<br>(બુધ્ધ) |
| 2. | **પ્રસંગ:** જ્યારે કૌરવો સામેની લડાઈ જીતીને પાંડવો કુંતી માતા સમક્ષ હાજર થાય છે, ત્યારે કુંતી માતા આવું બોલે છે?<br><br>**હાંરે પાંડવો શું કીધા પરોડ/અપરાધ, કુળમાં લાંછન લાગ્યું આપણને ખોટ / સીરે આજ**<br><br>**ટિપ્પણી:** મૂળ હિન્દુ શાસ્ત્રમાં આવું કાંઈજ નથી. તેમ છતાં આવું લખવા પાછળની **રણનીતિને નીચે વિસ્તૃતમાં જણાવેલ છે.** | 556<br>પેજ: 293 | 553<br>પેજ: 256 | 612<br>પેજ: 304 |

| ક્ર. | ધ્યાને લેવા જેવા કલમાઓ.. | સંદર્ભ ગ્રંથ [88] કલમા ક્ર. | સંદર્ભ ગ્રંથ [139] કલમા ક્ર. | સંદર્ભ ગ્રંથ [124] કલમા ક્ર. |
|---|---|---|---|---|
| 3. | **પ્રસંગ:** પાપ ઉતારવાનો ઉપાય પંડિતો/બ્રાહ્મણો પાસે પૂછવામાં આવે છે, ત્યારે..<br>**ત્યારે પઢે પંડીતે કહ્યો ભેદ, કૌરવ હત્યા ઉતરે જો યજ્ઞ કરો અશ્વમેધ**<br>**ટિપ્પણી:** કૌરવ હત્યાનો પાપ ઉતારવા બ્રાહ્મણોએ અશ્વમેધ યજ્ઞ કરવાનું કહ્યું. | 561<br>પેજ: 294 | 558<br>પેજ: 256 | 617<br>પેજ: 304 |
| 4. | **પ્રસંગ:** બ્રાહ્મણોની સલાહ પ્રમાણે થઈ રહેલ અશ્વમેધ યજ્ઞથી કૃષ્ણ ભગવાન નારાજ થયા<br>**ત્યારે કરસનજી (કૃષ્ણજી)એ મૂકી છે દેહ, ત્યારે શ્રી કરસનજી સ્વધામ ગયા છે એહ**<br>**ટિપ્પણી:** નારાજ થઈ કૃષ્ણ ભગવાને દેહ ત્યાગ કર્યો. | 569<br>પેજ: 294 | 566<br>પેજ: 257 | 625<br>પેજ: 308 |
| 5. | **પ્રસંગ:** યજ્ઞ ચાલુ છે અને કૃષ્ણ ભગવાન દેહ ત્યાગ કરીને બુધ્ધ અવતાર લીધો. પાંડવોની હયાતીમાં જ.<br>**ત્યારે યજ્ઞમાંથી (જગનમાંથી) દેવ ઉઠી ગયા કિરતાર, તે દેવે લીધો છે બુધ્ધ અવતાર**<br>**ટિપ્પણી:** મૂળ હિન્દુ શાસ્ત્રો પ્રમાણે વાસ્તવમાં કૃષ્ણ ભગવાન અને બુધ્ધ ભગવાન વચ્ચે કોઈ સંબંધ નથી અને બંને વચ્ચે લગભગ 2500 વર્ષનો અંતર છે. | 570<br>પેજ: 294 | 567<br>પેજ: 257 | 626<br>પેજ: 308 |

**55.2.** **<u>કૃષ્ણ અવતારનો જાણવા જેવો સાર:</u>** આ ટેબલ (કોષ્ટક)ના ક્રમ 2માં જણાવેલ રણનીતિ વિષે વાત કરવાથી પહેલાં, ક. ક. પા. જ્ઞાતિ સુધારક વડીલ શ્રી નારાયણ રામજી લીંબાણીનું સતપંથના કૃષ્ણ અવતાર વિષે શું કહેવાનું હતું, એ જોઈ લઈએ.

| |
|---|
| **કરાચી ખાતે દિનાંક 07 થી 09 ઓકટોબર 1922ના યોજાયેલ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિની બીજી પરિષદના આહેવાલમાં** [114:Page 58 to 65] [6:Page 207 to 214] **વડીલ શ્રી નારાયણ બાપાનું ભાષણ પ્રકાશિત કરેલ છે. જેના અમુક જરૂરી અંશો અહીં નીચે જણાવેલ છે.** |
| ઇસ્લામ ધર્મના અનુયાયી જે પીરોએ હિન્દુઓને વટલાવી પોતાનો નવો પંથ ઉભો કરવાની યુક્તિ રચી, તેમાં તદ્દન જૂઠી અને ઢંગ ધડા વગરની બનાવટી કિસ્સા કહાનીઓ લખી અને તેમાં મુસલમાની તત્વો દાખલ કર્યા. પછી ભોળા અને ધર્મશાસ્ત્રથી અજ્ઞાત રહેલા હિદુઓને શોધી શોધીને એ કુટીલ માર્ગમાં સામેલ કર્યા, એ કબ્રસ્તાની પંથના પુસ્તકોમાં વેદોના નામ જેવા બનાવટી શબ્દો વાપરી, હિન્દુઓના તીર્થ સ્થળો અને મહાપુરુષોના નામોનો ઉમેરો કર્યો, અને યુક્તિ પ્રયુક્તિથી ફેરફાર ઉત્પન્ન કરી પોતાના રચેલાં, હાથના લખેલાં પુસ્તકોને પીરાણા કબ્રસ્તાની પંથના સેવકોના હાથમાં આપીને કહ્યું કે *"એ અથર્વવેદ છે!. હમણાં આ લેખના અથર્વવેદોનો વારો છે અને તેમાં જે લખ્યું છે એ જ સાચું છે અને એ જ પ્રમાણે પીરાણાના સતપંથીઓએ વર્તવું."* ધીમે ધીમે પોતાની જાળમાં ફસાતા અજ્ઞાત હિદુઓને જલ્દી મુસલમાની રાહ ઉપર લઇ જવા પીર સોદરદીને કહ્યું કે:-<br><br>*"હિન્દુ શાસ્ત્રો અને પુરાણોમાં નકલંકી અવતાર થવાનો છે એમ જે કહ્યું છે તે અવતાર તો ક્યારનોય થઈ ગયો છે અને તે દશમો અવતાર થવાનું જે જાહેર થયું છે તે મલેચ્છ રૂપે મક્કામાં હજરત અલી રૂપે જાહેર થયો છે."* મુસલમાનોમાં ભગવાને અવતાર લીધો એ કારણનું સમાધાન પોતાના મતિવિભ્રમ અજ્ઞાન હિન્દુ સેવકોને એવી રીતે કરાવ્યું કે:-<br><br>"શ્રીકૃષ્ણ ભગવાન જે ઈશ્વરનો અવતાર હતા તેમણે પાંડવો અને કૌરવો વચ્ચે યુદ્ધ કરાવી પાપી કૌરવોનો સંહાર કરાવ્યો અને પાંડવોને ઉપદેશ આપવા અર્થે અને અજ્ઞાનતામાં પાંડવો કદાચ એમ ન સમજે કે અમારા હાથે જ અમારા કુટુંબી જનોનો નાશ થયો છે, તે માટે શ્રીકૃષ્ણ ભગવાને ગીતા રૂપે ઉપદેશ આપી પાંડવોના શંસયને દૂર કર્યો હતો. પરંતુ તે વખતના બ્રાહ્મણોએ ઊંધું ચિત્તું સમજાવી મહાભારતના યુદ્ધનું જે પાપ થયું તેથી મુક્ત થવા એક યજ્ઞ કરાવ્યો, જેથી પાંડવોએ રાજસૂય યજ્ઞ આદર્યો. તેથી (પીરસદરદીના કહેવા પ્રમાણે) બ્રાહ્મણો ઉપર કોપ કરીને ***શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું કે - હું દશમો અવતાર હિન્દુમાં જ લેવાનો હતો, પરંતુ બ્રાહ્મણોએ આડુ અવળું સમજાવી પાંડવોના હાથે યજ્ઞ કરાવ્યો તેથી હવે હું દશમો અવતાર મલેચ્છ રૂપે*** |

> ***અરબસ્તાનમાં આવેલા મક્કા શહેરમાં હજરત અલી રૂપે લઈ!*** હમણાં ભગવાનના અવતારનો વારો તો મુસલમાનીમાં છે માટે તેમનું જ માનવું."
>
> બંધુઓ ! આ વાત આપને કેવી લાગે છે? મક્કા શરીફમાં શ્રીકૃષ્ણનો અવતાર અને તે પણ હઝરત અલી રૂપે! શું તમને એ વાત માન્ય છે? કોઇને એ વાત સાચી લાગે છે? આપણા શાસ્ત્રોમાં ભગવાનના અવતાર એ જ મુખ્ય વાત છે એવું એ લોકોને લાગવાથી ભગવાનના દશ અવતારનું તેમણે એક શાસ્ત્રો ઉપજાવી કાઢ્યું છે અને તેના પૂંછડે છેવટે એ કબ્રસ્તાનના બધા પીરોને લટકાવ્યા છે. તેમણે લખેલા અવતારોની વાતો તદ્દન જૂઠી અને બનાવટી છે. એટલું જ નહીં પરંતુ હિન્દુ ધર્મનું એ કેટલું હળહળતું અપમાન કરનારી છે એ વાત આપને પ્રત્યક્ષ કરાવી એ મારે જરૂરી છે. વળી ભોળા હિન્દુ ભાઈઓને ઇમાન બેસાડવાની ખાતર તેમાં કેવી યુક્તિ રચી છે અને તેના પૂંછડે પોતે કેમ લટક્યા છે એ આપ ધ્યાન દઈને સાંભળજો...
>
> *(આના પછી સતપંથના દશાવતારની બનાવટી વાતોની પોલ ખોલતી વાતો કહે છે.)* [80,114]

**55.3.** <u>બનાવટી સમસ્યા ઊભી કરી:</u> કૌરવો સામે લડાઈ જીતીને જ્યારે પાંડવો કુંતીમાતા પાસે જાય છે ત્યારે કુંતી માતા પાંડવોને ઠપકો આપી ને કહે છે કે..,

**કૌરવોને મારીને પાંડવોએ કુળને લાંછન લગાડ્યું છે. માટે સ્વજનોની હત્યાના પાપમાંથી મુક્ત થવા માટે કોઈ ઉપાય કરો.**

પાંડવો માટે આ એક સમસ્યા ઊભી થઈ. પણ આ સમસ્યા મૂળ હિન્દુ શાસ્ત્રોમાં નથી. સતપંથના દશાવતારમાં જ છે. બીજા શબ્દોમાં કહીએ તો અહીં એક બનાવટી સમસ્યા ઊભી કરવામાં આવી છે.

**ઉપર પોઈન્ટ (52.1)માં જણાવ્યા પ્રમાણે.. આ હતી રણનીતિની ...**

**૧લી ચાલ - હિન્દુ ધર્મમાં એક બનાવટી સમસ્યા ઊભી કરવી.**

**56. <u>બુધ્દ્ અવતાર:</u>** ઉપર જણાવેલ પોઈન્ટ (55.3)માં જણાવેલ સમસ્યાનો ઉપાય/ઉકેલ માટે બુધ્દ્ અવતારને રજૂ કરવામાં આવ્યો.






સતપંથનો બુધ્દ્ અવતાર ઉપર કોઈ વાત શરૂ કરવાથી પહેલાં એક જરૂરી ચેતવણી કે, એમનો બુધ્દ્ અવતાર હિન્દુ શાસ્ત્રો પ્રમાણે જરા પણ મેળ ખાતો નથી. બુધ્દ્ ધર્મના ગૌતમ બુધ્દ્ કે સિધ્દ્ધાર્થ બુધ્દ્ સાથે પણ જરાય સુસંગત નથી. આ અવતાર કેવળ પીર સદરૂદ્દીન અને ઈમામશાહ દ્વારા રચેલ સતપંથ દશાવતાર ગ્રંથમાં છે. અન્ય કોઈ ધર્મ ગ્રંથમાં આનો કોઈ ઉલ્લેખ નથી. માટે_કોઈ છેતરાશો નહીં.

**56.1. <u>સંક્ષિપ્તમાં બુધ્દ્ અવતાર:</u>** ઉપર જણાવેલ સતપંથ કૃષ્ણ અવતારના પોઈન્ટ (55.1)ના પેટા પોઈન્ટ (4 અને 5)માં જણાવ્યા પ્રમાણે પાંડવો બ્રાહ્મણોના હાથે યજ્ઞ કરાવી રહ્યા છે. અને એ યજ્ઞને રોકવા માટે કૃષ્ણ ભગવાન બુધ્દ્ અવતાર લઈને પાંડવો પાસે જાય છે.

**પહેલાં** બુધ્દ્ અવતાર અને ભીમ સાથે ઘણી લાંબી વાર્તાલાપ થાય છે, જેમાં હિન્દુ ધર્મની માન્યતાઓ અને પરંપરાઓ ઉપર **શંકા ઉત્પન્ન** થાય એવો વાર્તાલાપ છે. તેમાં ખાસ હિન્દુ ધર્મનો બૌધ્દ્ધિક વર્ગ અને હિન્દુ ધર્મને સાચવી રાખનાર બ્રાહ્મણોને ખૂબ હલકા ચિતરવામાં આવેલ છે.

**ત્યાર બાદ**, એ શંકાને વધુ મજબૂત બનાવવા યુધિષ્ઠિર, સહદેવ, કુંતી અને દ્રૌપદી સાથેની વાર્તાલાપ છે. જેમાં બુધ્દ્ અવતાર પાંડવોના **મનમાં ઠસવી** દે છે કે કૃષ્ણની વાતનું ઉલ્લંઘન કરી, વાત ન સાંભળીને, હલકા, અબોધ, બુધ્દ્ધિ વગરના તુચ્છ એવા બ્રાહ્મણોની વાતમાં આવીને યજ્ઞ કર્યો એટલે ગુરુ દ્રોહનો પાપ લાગ્યો છે અને એને ઉતારવા માટે ગૌ વધ કરવો પડશે. પાંડવોના હાથે ગૌ હત્યા કરાવી, પાંડવોને ગુરુ દ્રોહના પાપમાંથી મુક્ત કર્યા

**ત્યાર બાદ,** હિન્દુ ધર્મના શ્રધ્દ્ધાના કેન્દ્રો એવા 68 તીર્થ સ્થાનો, ગંગા જેવી પવિત્ર નદીઓ વગેરેને, કલિયુગના પ્રકોપથી બચાવવા માટે એમને પીરાણામાં સ્થાન આપ્યું છે. અને એ ખાલી પડેલા

68 તીર્થ સ્થાનોમાં હવે ભૂત ભૈરવ રહે છે. માટે હવે કલિયુગમાં મંદિરે જવું અને મૂર્તિ પૂજા કરવી એ બધું ભૈરવ ભૂતની પૂજા કરવી ગણાશે.

આ તમામ વાતો સતપંથના શાસ્ત્રોમાં જણાવેલ કયા-કયા કલમાઓ છે, એની આછેરી જાણકારી નીચે આપેલ છે.

**56.2.** **ગ્રંથોનો આધાર:** સતપંથના બુદ્ધ અવતારને સમજવા માટે, કૃષ્ણ અવતારમાં જણાવેલ જે ગ્રંથો છે, એજ ગ્રંથોનો આધાર ફરીથી નીચે લેવામાં આવેલ છે. એટલે કે એજ ત્રણ ગ્રંથોનો આધાર લેવામાં આવેલ છે.

**સંદર્ભ ગ્રંથ** [88][20] **:** વર્ષ 1926 - પીરાણા સતપંથની પોલ અને સત્યનો પ્રકાશ – નારાયણ રામજી લીંબાણી (પેજ 295 થી 328)

**સંદર્ભ ગ્રંથ** [139][20] **:** વર્ષ 1978 - સતપંથ પ્રકાશ અર્થાત .. .. દશ અવતાર – સતપંથી સૈયદ અહમદઅલી "ખાકી" (પેજ 285 થી 382)
(**નોંધ:** આ ગ્રંથ અને ઉપર જણાવેલ સંદર્ભ ગ્રંથ [88] (પીરાણાની પોલ) લગભગ એક સરખાજ છે. માત્ર કલમાઓના ક્રમમાં ક્યાંક-ક્યાંક એકાદ ક્રમનો અંતર છે. **એટલે એના કલમાના ક્રમ નીચે આપેલ નથી.)**

**સંદર્ભ ગ્રંથ** [124][20] **:** વર્ષ 2009 - સતપંથ શ્રીમદ્ ભગવત દશાવતાર – નાનકદાસજી મહારાજ (પેજ 314 થી 396)
(**નોંધ:** આ ગ્રંથમાં જણાવેલ કલમાઓ અને એની નીચે આપેલ વિવરણમાં ઘણી જગ્યાએ તફાવત છે. ધ્યાન રાખવા વિનંતી.)

આ ત્રણે ગ્રંથોની એટલે કે સંપૂર્ણ પુસ્તકની ઓનલાઈન સોફ્ટકોપીની લિન્ક આ પુસ્તકના Bibliography / સંદર્ભ સૂચિ પ્રકરણમાં મળશે. ત્યાંથી તમે આ ગ્રંથ મફત મેળવી શકશો.

| ક્ર. | કલમાની ટૂંકમાં વિગત | **સંદર્ભ ગ્રંથ** [88] **કલમા ક્ર.** | **સંદર્ભ ગ્રંથ** [124] **કલમા ક્ર.** |
|---|---|---|---|
| **1.** | **અવતારનું રૂપ** | | |
| | બુદ્ધરૂપી ફારસી અવતાર | 1, 2 | |
| | મુઘલ રૂપ | 4 | |
| | શરીર વાસ મારે, કોઢ થયેલ હોય | 8, 9 | 5, 6, 45 |

[20] ગ્રંથ / પુસ્તકનું URL અને વધુ જાણકારી માટે જુઓ.. નીચે **Bibliography / સંદર્ભ સૂચિ**

| ક્ર. | કલમાની ટૂંકમાં વિગત | સંદર્ભ ગ્રંથ [88] કલમા ક્ર. | સંદર્ભ ગ્રંથ [124] કલમા ક્ર. |
|---|---|---|---|
| **2.** | **હિન્દુ ધર્મને ઊતરતો બતાવ્યો** | | |
| | કલિયુગમાં સર્વ દેવ અને ઋષિઓ ગુપ્ત થઇ ગયા છે | 13 | 10 |
| | બ્રાહ્મણના કહેવાથી પાંડવ ભૂલ્યા અને યજ્ઞ કર્યો | 23 | 16, 20 |
| | કલિયુગમાં બ્રાહ્મણ ભૂલ્યા છે | 45 | 43 |
| | બ્રાહ્મણો.. પેટના કાજે વેચે છે.. જુના ઠાલા વેદ | 70, 74 | 71, 72 |
| | બ્રાહ્મણમાંથી બ્રહ્મ ગયા | 72 | 70 |
| | બ્રાહ્મણ લંપટી કપટીને નિર્લજ છે | 79 | 77 |
| | જે લોકો.. વાંચે વેદ, તીર્થ, પાણી (નદી) પથ્થર (મૂર્તિ) પૂજે તે પાવન નહીં થાય | 81 | 79 |
| | દ્વાપર અંતે ત્રણ વેદ પુરા થયા અને આઠ અવતાર શ્રી હરિના ગયા | 91 | 89 |
| **3.** | **હિન્દુ સમાજ અને પરંપરા વિષે;<br>– સાચીખોટી વાત મિશ્ર કરી લોકોના મનમાં હિન્દુ ધર્મ પ્રત્યે શંકાઓ નિર્મિત થાય** | | |
| | મહાજનમાં કોણ ચંડાળ? | 117 | 119 |
| | મનુષ્યમાં કોણ ચંડાળ? | 123 | 125 |
| | પશુ પક્ષીમાં કોણ ચંડાળ?<br>2) કૂતરો, ગધેડો, સિયાળ અને કાગડો | 143, 145 | 145, 147 |
| | સ્ત્રીમાં કોણ ચંડાળ? | 146 | 148 |
| | મનુષ્યમાં કોણ મધ્યમ ચંડાળ? | 161 | 163 |
| | મનુષ્યમાં ઉત્તમ કોણ? | 188 | 190 |
| | સ્ત્રી જગતમાં ઉત્તમ કોણ? | 209 | 211 |
| **4.** | **કલિયુગમાં હિન્દુ ધર્મની માન્યતા બરાબર નથી એવું કહેવાનો પ્રયત્ન** | | |
| | કળિયુગમાં બ્રાહ્મણ હશે જેટલા, એ તો ધર્મ વિહોણા થશે સર્વ તેટલા | 225 | 227 |
| | બ્રાહ્મણ છે, કપટ .. .. .. વેદને શત્રુ સમ વેહરી ગણશે વેદ | 228 | 230 |
| | બ્રાહ્મણ - દાસી દાસ જેવા હશે | 242 | 244 |
| | કલિયુગમાં ક્ષત્રિય કેવો હશે? | 250 | 252 |
| | ક્ષત્રિય ગાયની ચોરી કરશે અને મલેચ્છ એટલે મુસલમાનને આપશે | 252 | 254 |
| | કલિયુગમાં મહાજન કેવો હશે? | 263 | 265 |

| ક્ર. | કલમાની ટૂંકમાં વિગત | સંદર્ભ ગ્રંથ [88] કલમા ક્ર. | સંદર્ભ ગ્રંથ [124] કલમા ક્ર. |
|---|---|---|---|
| | ભવૈયા ભાંડ ઉપર પ્રીતિ રાખશે (એ સારા નહીં)<br>(જેથી કરીને હિન્દુઓ શૌર્યના નાટકો અને ગીતો ન સાંભળે) | 342 | 343 |
| | તુલસી, ગૌ, બ્રાહ્મણની - કપટથી પૂજા કરશે | 350 | 351 |
| | કુડી લક્ષ્મીને કુડા દેવ મંદિર ધામ | 383 | 384 |
| **5.** | **બુધ અવતાર, એટલે સતપંથના શાસ્ત્ર પ્રમાણે - ભગવાન કૃષ્ણના મોઢે;**<br>**– હિન્દુ મૂલ્યો અને માન્યતાથી લોકોને અલગ થવા.. સ્વયં ભગવાન કહે છે.** | | |
| | આવીને દીદાર અમારો કરે, તો અનંત ઘણું યજ્ઞનું ફળ મળશે | 395 | 396 |
| | બ્રાહ્મણનું કહ્યું કરશો તો નારાયણ નહીં મળે | 439 | 441 |
| | યજ્ઞ વિધિનો નહીં રહ્યો મહિમા | 449 | 451 |
| | યજ્ઞ બંધ કરાવ્યો | 464 | 466 |
| | કુરુક્ષેત્રનું પાપ અમારે (કૃષ્ણના) સિરે<br>(કહેવાનો મતલબ કે બ્રાહ્મણ કૃષ્ણની લીલા સમજ્યા નથી) | 493 | 495 |
| | ભટક્યા બ્રાહ્મણ દેવ દર્શન ઓળખ્યા નહીં તે માટે કલયુગમાં માંગીને ખાય | 502 | 503 |
| | પાંડવોએ.. કૃષ્ણની વાત ન સાંભળી, એટલે ગુરુ દ્રોહનો પાપ લાગ્યો | 512 | 532 |
| | જુઠા બ્રાહ્મણ - જૂઠા યજ્ઞ | 531 | 532 |
| | કલિયુગમાં યોગી બ્રાહ્મણ કોણ? | 536 | 538 |
| | અમે રામ અને અમે રહેમાન ([124]માં: કાન) | 546 | 547 |
| | | | |
| **6.** | **પાંડવોના (કહેવાતા) પાપના નિવારણ માટે ગૌ હત્યા કરાવી** | | |
| | પાંડવો કૃષ્ણને પૂછે છે કે - અમારી મુક્તિ કેમ થશે? | 549 | 550 |
| | કૃષ્ણ: કલિયુગ બેઠો ત્યારથી સર્વદેવ ઋષિવર અલોપ થઈ ગયા | 551, 602 | 552, 602 |
| | કલિયુગનું વર્ણન શરૂ | 565 | 572 |
| **6.1.** | **હિન્દુ ધર્મને અપમાનિત કરવામાં આવ્યો** | | |
| | જનોઇ ધરે તે બ્રાહ્મણ તો નહીં જ | 582 | 582 |
| | ગત (લોકોનો સમૂહ) એજ તીર્થ, શુક્રવારી બીજ + પશ્ચિમ દિશા | 626, 627 | 626, 627 |
| | માત્ર અથર્વવેદ | 641 | 641 |
| | **મૂર્તિ પૂજા વિષે:** માને પથ્થર અને ભૂત (એ નરકમાં જશે) | 645 | 645 |

| ક્ર. | કલમાની ટૂંકમાં વિગત | સંદર્ભ ગ્રંથ [88] કલમા ક્ર. | સંદર્ભ ગ્રંથ [124] કલમા ક્ર. |
|---|---|---|---|
| | **બ્રાહ્મણો હલકા:** બ્રાહ્મણ ઠાલા વેદ વાંચે અને અથર્વ વેદનો નિષેધ કરે | 646 | 646 |
| | બ્રાહ્મણ લાલચુ અને અશુધ્ધ | 647 | 647 |
| | **ગાય:** ગાય વિષ્ટા ખાય એટલે ગળું કપાય | 649, 804 | 649 |
| | **મુસલમાનમાં વિષ્ણુ:** મલેરછ રૂપી વિષ્ણુને માનીએ + અલી + અથરવેદ ([124]માં: નારાયણ) | 653, 655, 656 | 653, 655, 656 |
| | દિશા પશ્ચિમ દિશા - અરબ દેશ | 703 | 704, 705, 822, 825, 847 |
| | **અલી:** ત્યાં મનુષ્યવેશ - અલી નામે (264માં: નિષ્કલંકી) | 704 | 706 |
| | કુંવારીકા ક્ષેત્ર | 708 | 710 |
| | **ઇમામશાહ:** - ગુરુ બ્રહ્મા | 709 | 711 |
| **6.2.** | **ગાયને વરોધો (વધ કરો)<br>– હિન્દુ માટે પૂજનીય ગાયનો વધ કરવાનું કહ્યું..** | 736, 737, 782, 783 | 765, 769, |
| | તમારું પાપ ઉતારવા ઘણા લોકો ભેગા મળીને અતિ નિંદા કરે તો ઉતરે | 741, 742 | |
| | અમારા ભેગા જમો (મુસલમાન ભેગા) | 776 | 807, 812 |
| | મનમાં શંકા ન ધારો | 786 | |
| | હરિવંશી બ્રાહ્મણ - એટલે અલીના વંશના સૈયદો | 789 | |
| | યજ્ઞ માટે કામધેનુ ગાય લાવ્યા | 800 | |
| | મનમાં શંકા રાખશો, તો ગૌ હત્યાનો દોષ લાગશે | 805 | 753 |
| | પાંડવોએ ગાય મારી | 806, 807 | |
| | ગૌ મેધ યજ્ઞ કર્યો | | 765 to 769 |
| | યુધિષ્ઠિર રાજાએ ગાયનું માથું ઉપાડ્યું,<br>ખાલ કુંતીમાએ લીધું,<br>ચાર પગ ચાર પાંડવોએ લીધા અને હસ્તિનાપુરમાં ફર્યા | 809 to 812 | |
| | ગાયના શરીરના હાડકાં અને અવશેષો - હીરા, મોતી, માણેક થયા | 814, 816, 819 | |
| | દ્રૌપદીએ પૂછડું ઉપાડ્યું | 820 | |
| | જગત જેમ જેમ નિંદા કરે તેમ તેમ પાંડવોના પાપ ઉતરે | 830, 847, 850, 856 | |
| | | | |

| ક્ર. | કલમાની ટૂંકમાં વિગત | સંદર્ભ ગ્રંથ [88] કલમા ક્ર. | સંદર્ભ ગ્રંથ [124] કલમા ક્ર. |
|---|---|---|---|
| **7.** | **જનોઈનું અપમાન કરવામાં આવ્યું – જેથી હિન્દુઓ જનોઈ ઉતરે** | | |
| | બ્રાહ્મણોએ ગાયના અશુદ્ધ આંતરડા ગળે નાખ્યા અને કલયુગમાં ગૌના આંતરડાની જનોઇ બનાવી | 872, 873 | |
| | બ્રાહ્મણ, ક્ષત્રિયની બેટી ત્યાં દોડી જાય, ત્યાં ગૌ ગોબર મળ્યું | 880 | |
| | કલિયુગમાં ફોગટ ગૌ પૂજા કરે છે | 882 | |
| | અથર્વેદી નામ અલી... અમારું | 904 | |
| | મૂર્તજા અલી | 912 | |
| | ઇમામ ઇલ્લિ લ્લાહ | 916 | |
| **8.** | **હિન્દુ ધર્મના પવિત્ર 68 તીર્થ સ્થાનો અને ગંગા નદીનો પીરાણામાં વાસ – હિન્દુ શ્રદ્ધા અને આસ્થા ઉપર પ્રહાર** | | |
| | 68 તીર્થ લાગ્યા પાય | 924 | 836 |
| | ગંગા અને સર્વ તીર્થ | 925 | 837 |
| | 68 તીર્થ: કલયુગમાં નહીં રહેવાય | 929 | 841 |
| | 68 તીર્થ: કુડ કપટની કમાઈથી પૂજા કરે તે પાપ અમારા શિરે ચડે | 937, 938 | 950 |
| | નદીઓ: વિકર્મ કરીને અમારામાં નહાય | 940 | |
| | ઇમામપૂરી - પ્રાગટ્ય બ્રહ્માજી બેસે ત્યાં | 946 | 858 |
| | કલિયુગના અંતે ઇન્દ્ર ઈમામશા નામ | 947 | 859 |
| | સર્વ તીર્થ ત્યાં ગયા | 953 | 861 |
| **9.** | **હિન્દુ ધર્મના મંદિરો અને સ્થાનકોમાં ભૈરવ અને ભૂત વસે છે – મૂર્તિ પૂજાથી પુણ્ય ન મળે – હિન્દુ મંદિરો અને તીર્થ પ્રત્યે લોકોનું મન ઉઠી જાય** | | |
| | સર્વ તીર્થના ધામ ખાલી થયાં | 954 | 866 |
| | બ્રાહ્મણો બુદ્ધિ ભ્રષ્ટ થવાથી - ત્રણ વેદ અને 68 તીર્થની મહિમા ગાયે અને ઠાલા વેદ વાંચે | 955 | |
| | ભૈરવ ભૂત 68 તીર્થમાં રહે છે | 967, 977 | 883, 887 |
| | ભટકેલા હિન્દુઓ - ભૈરવ ભૂતને પૂજે, માથા મુંડાવીને પાછા આવે | 973 | |
| | કલયુગમાં પથ્થર દેવની પૂજા થાય, તે સર્વ પૂજા ભૈરવ ભૂત લઇ જાય | 974 | |
| | કલિયુગમાં વેદ વિધિથી પૂજા થાય એ ભૈરવ ખાઇ જાય | 979 | 885 |
| | પથ્થર, મૂર્તિ, તીર્થ, ચરિત્ર (ચિત્ર)એ ભૈરવ ભૂત કહેવાય | 984 | |

**56.3.** <u>**બુધ્ધ અવતાર પાછળનો મકસદ:**</u> સતપંથના બુધ્ધ અવતારમાં હિન્દુઓના રીત-રિવાજો, પરંપરાઓ, માન્યતાઓ, શ્રધ્ધાના કેન્દ્રો, દેવી-દેવતાઓના અવતારોનું ખંડન કરી, રદ્દ-બાતલ થયેલ બતાવી એમને બદનામ કરવામાં આવ્યા છે. અને આ બધુ કૃષ્ણ અવતાર (એટલે કે બુધ્ધ અવતાર)ના મોઢે કરવામાં આવ્યું છે. પોતાના દેવોનું અપમાન કોઈ બીજા કરે તો, કોઈ માણસ સહન ન કરે, પણ પોતાના જ દેવના મોઢે પોતાના જ ધર્મને નીચો દેખાડે, પોતાના જ અન્ય દેવતાઓનું અપમાન કરે, તો લોકો સહેલાઈથી સ્વીકારી લે.

આવી પદ્ધતિનો ઉપયોગ કરી બુધ્ધ અવતારના માધ્યમથી, હિન્દુઓને પોતાની જ નજરોમાં, પોતાની માન્યતા, પરંપરા, શ્રધ્ધા તોડવામાં આવે. અને પોતાના જ ધર્મ પ્રત્યે હીન ભાવના ઊભી કરવામાં આવી. જુઓ પોઈન્ટ (52).

**56.4.** આવી રીતે આ અવતારના માધ્યમથી હિન્દુઓને પહેલાં પોતાના મૂળ ધર્મ એટલે કે સનાતન હિન્દુ ધર્મથી વિમુખ કરવામાં આવ્યા. જેથી પોતાના ધર્મ પ્રત્યેની એમની મક્કમ પકડ ઢીલા પડી જાય. અગર પોતાના હિન્દુ ધર્મ માટે ઉદાસીનતા બતાવે તો આગળ જતાં એ માણસને ઇસ્લામ ધર્મ તરફ વાળવામાં આસાની રહે.

**57.** <u>**અલી ઉર્ફે નિષ્કલંકી અવતાર:**</u> બુધ્ધ અવતારનો પ્રભાવ પડ્યા પછી, એક હિન્દુની પોતાના ધર્મ પ્રત્યેની કડક/મક્કમતા ખોઈ દે. પરિણામે એ હિન્દુ લોટ જેવો નરમ થઈ જાય. એક વખત નરમ પડ્યા પછી, એ વ્યક્તિને ગમે તેવી રીતે વાળી શકાય, એવી પરિસ્થિતિમાં આવી જાય એટલે એની સામે નિષ્કલંકી નારાયણ અવતાર રજૂ કરવામાં આવે.





સતપંથનો નિષ્કલંકી અવતાર ઉપર કોઈ વાત કરવાથી પહેલાં એક જરૂરી ચેતવણી. આ નિષ્કલંકી અવતારનું નામ હિન્દુ ધર્મના કલ્કિ અવતાર જેવું મેળ ખાતું નામ રાખેલ છે. પણ વાસ્તવમાં એના સિવાય બંનેમાં કોઈ સમાનતા નથી.

હિન્દુ ધર્મનું મૂળ શ્રીમદ ભાગવત ગ્રંથમાં દર્શાવેલ કલ્કિ અવતાર (ગીતા પ્રેસ ગોરખપુર દ્વારા પ્રકાશિત મૂળ 18 પુરાણો પ્રમાણે) સાથે સતપંથના નિષ્કલંકી અવતારનું કઈં લેવું દેવું જ નથી. આ અવતાર કેવળ પીર સદરૂદ્દીન અને ઈમામશાહ દ્વારા રચેલ સતપંથ દશાવતાર ગ્રંથમાં તૈયાર કરવામાં આવેલ છે. અન્ય કોઈ ધર્મ ગ્રંથમાં આનો કોઈ ઉલ્લેખ નથી. માટે_કોઈ છેતરાશો નહીં.

અમુક સતપંથીઓના મોઢે સાંભળવા મળશે કે એ લોકો કલ્કિ અવતારને જ માને છે પણ માત્ર નામ અલગ છે, નિષ્કલંકી અવતાર.

આ માત્ર હિન્દુઓને છેતરવાની જ વાત છે.

**57.1. <u>સંક્ષિપ્તમાં અલી ઉર્ફે નકલંકી અથવા નિષ્કલંકી અવતાર:</u>** આગાઉ જણાવ્યા પ્રમાણે, સતપંથના નિષ્કલંકી અવતાર કે નકલંકી અવતારનો હિન્દુ કલ્કિ અવતાર સાથે કઈં લેવું દેવું નથી. માટે પહેલાં આ નિષ્કલંકી અવતારમાં શું છે, એના પર આછેરી નજર કરીશું.

1) બ્રહ્માજીએ નબી મુહમ્મદ પૈગમ્બરનું નામ ધારણ કરી ધરતી પર આવ્યા.
2) અરબ દેશમાં નિષ્કલંકી નારાયણ રૂપે હરિ (વિષ્ણુ)એ અવતાર લીધો.
3) કલિયુગમાં ગુરુ બ્રહ્માએ પીર સમસ (શમ્સ)નો અવતાર લીધો.

4) દૈત્ય કાળીગો/ કાલિંગો મહા ચીનમાં અવતર્યો.
5) કાલિંગો લોકો પાસેથી "કાશી વિશ્વનાથ:"નું જાપ જપાવે છે.
6) કાલિંગાની પત્નીનું નામ હતું સુરજા રાણી અને દીકરાનું નામ હતું કમલાકુંવર.

7) ત્યાં પીર સમસ પોપટનું રૂપ લઈને સુરજા રાણી અને કમલાકુંવરને મળે છે.
8) અને સુરજા રાણીને કહે છે કે નિષ્કલંકી અવતાર તમારા પતિ કાલિંગાને મારશે.
9) સતપંથ સમજાવીને સુરજા રાણી, કામલકુંવર એમ કુલ 8 લોકોને સતપંથી બનાવે છે.
10) અને **એકાંતમાં (ગુપ્ત રીતે)** સતપંથ પાળવાનું અને પીર શાહનો જાપ કરવાનું કહે છે.

11) પછી પીર સમસ મહાદન (મહાયુદ્ધ) થશે એવી આગમ વાણી કરે છે અને કલિયુગમાં આવનાર ભયંકર ખરાબ સમયનું લાંબુ-લાંબુ વર્ણન કરે છે.
12) તેમાંથી માત્ર ખરી દર્શોંદ આપનાર સતપંથી બચી શકશે.
13) પીર શાહ જાપનો મહિમા સમજાવે છે અને પીર શાહ સિવાયના જાપ દૈત્ય કાલિંગાને જાય એવું કહે છે.
14) કલિયુગમાં, નબી મુહમ્મદ પૈગમ્બર, ગુરુ તરીકે ઈમામશાહ નામે પીરાણામાં પધાર્યા છે. એના સિવાય બીજાને ગુરુ માનવા નહીં
15) કલિયુગમાં અથર્વવેદ (કુરાન) પ્રમાણે ચાલવું. એના સિવાય બીજા ગ્રંથો માનવા નહીં.
16) **કલિયુગમાં 10 દિવસનો 1 વર્ષ હશે અને એક રાતમાં 5 વર્ષ નીકળી જશે.**

17) કાલિંગાની વિશાળ સેનાનું વર્ણન. કરોડો બળશાળી યોદ્ધાઓનું વર્ણન.
18) નિષ્કલંકી નારાયણની સેનાનું વર્ણન. દુલદુલ ઘોડા, ઝુલ્ફીકાર તલવાર વગેરેનું વર્ણન.
19) એની સેનામાં 64 લાખ જોગણીઓ, નબી મુહમ્મદ, અનંત કારોડી દેવો, 99 કારોડી ઋષિવર, પ્રહલાદ, હરિશ્ચંદ્ર, 5 પાંડવો, 999 નિદિયું, નવકૂળ નાગ, ગોરખનાથ, 7 સમુદ્ર, હનુમાન, 9 ગ્રહો, બ્રહ્મા-વિષ્ણુ-મહેશ, લાખો-કરોડો અન્ય યોદ્ધાઓ વગેરે વગેરે જોડાયા.

20) બન્ને સેનાઓ કુંવારીકા ક્ષેત્ર એટલે પીરાણામાં સામસામે આવશે.
21) ત્યારે ઈમામશાહનો રોજો સોનાનો એટલે સુવર્ણ થશે.
22) સુરજા રાણી અને કમલાકુંવર નિષ્કલંકી નારાયણ સાથે ભળી જાય છે.
23) એમના કહેવાથી સુરજારાણી હાથમાં ફૂલ લઈને કાલિંગાને મળવા જશે. અને ફર ચક્ર બની કાલીગાનું ગળું કાપી એનો વધ કરશે.
24) પછી કાલીગાનો સેનાપતિ અને અન્ય દૈત્યો લડાઈ કરશે.
25) અંતે નિષ્કલંકી નારાયણ (એટલે અલી) લડાઈ જીતશે.

26) કલિયુગમાં કમલાકુંવર **12 કરોડ સતપંથીઓને અમરાપુરી**[24] **/ જન્નત લઈ જશે**. (કલમાં ક્ર. 557 / 553 / 647)
27) નિષ્કલંકી અવતાર કુંવારી ધરતી સાથે લગ્ન કરશે.
28) ત્યાર બાદ તમામ સતપંથીઓ 1.25 લાખ વર્ષો સુધી ધરતી પર રાજ કરશે.
29) કલિયુગમાં મંદિરમાં જવું તેમજ મૂર્તિ પૂજાને નિષેધ કરેલ છે.
30) બ્રાહ્મણો અને હિન્દુ ધર્મની માન્યતાઓ, પરંપરાઓ વગેરેને રદ્દ બતાવેલ છે. અને ઇસ્લામની માન્યતાઓ વગેરેને સાચી બતાવેલ છે.
31) અથર્વવેદ એ કુરાન છે. (જુઓ કલમા 765/760)

**57.2.** **<u>ગ્રંથોનો આધાર:</u>** સતપંથના નિષ્કલંકી અવતારને સમજવા માટે, આગાઉ કૃષ્ણ અને બુદ્ધ અવતારમાં જણાવેલ જે ગ્રંથો છે, એજ ગ્રંથો ઉલ્લેખ ફરીથી નીચે કરવામાં આવેલ છે. એજ ત્રણ ગ્રંથોનો આધાર લેવામાં આવેલ છે.

**સંદર્ભ ગ્રંથ** [88][21] : વર્ષ 1926 - પીરાણા સતપંથની પોલ અને સત્યનો પ્રકાશ – નારાયણ રામજી લીંબાણી (પેજ 329 થી 359)

**સંદર્ભ ગ્રંથ** [139][21] : વર્ષ 1978 - સતપંથ પ્રકાશ અર્થાત .. .. દશ અવતાર – સતપંથી સૈયદ અહમદઅલી "ખાકી" (પેજ 463 થી 533)
(**નોંધ:** આ ગ્રંથ અને ઉપર જણાવેલ સંદર્ભ ગ્રંથ [88] (પીરાણાની પોલ) લગભગ એક સરખાજ છે. માત્ર કલમાઓના ક્રમમાં ક્યાંક-ક્યાંક એક થી ચાર ક્રમનો અંતર છે. **એટલે એના કલમાના ક્રમ નીચે આપેલ નથી.**)

**સંદર્ભ ગ્રંથ** [124][21] : વર્ષ 2009 - સતપંથ શ્રીમદ્ ભગવત દશાવતાર – નાનકદાસજી મહારાજ (પેજ 474 થી 548)
(**નોંધ:** આ ગ્રંથમાં જણાવેલ કલમાઓ અને એની નીચે આપેલ વિવરણમાં ઘણી જગ્યાએ તફાવત છે. ધ્યાને રાખવા વિનંતી.)

આ ત્રણે ગ્રંથોની એટલે કે સંપૂર્ણ પુસ્તકની ઓનલાઈન સોફ્ટકોપીની લિન્ક આ પુસ્તકના Bibliography / સંદર્ભ સૂચિ પ્રકરણમાં મળશે. ત્યાંથી તમે આ ગ્રંથ મફત મેળવી શકશો.

| ક્ર. | વિભાગ | સંદર્ભ ગ્રંથ [88] કલમા ક્ર. | સંદર્ભ ગ્રંથ [124] કલમા ક્ર. |
|---|---|---|---|
| 1. | પૂર્વ ભૂમિકા | 1 to 10 | 1 to 6 |
| 2. | સુરજા રાણી અને કમલા કુંવરને સતપંથનો ઉપદેશ | 11 to 58 | 7 to 64 |
| 3. | સતપંથ શિક્ષા પત્રી<br>(મૂળ ગ્રંથમાં નથી, પાછળથી ઉમેરવામાં આવેલ છે) | નથી | 65 to 163 |
| 4. | કલિયુગનું વર્ણન | 59 to 137 | 164 to 188 |
| 5. | મુખીના કામનું વર્ણન<br>(મૂળ ગ્રંથમાં નથી, પાછળથી ઉમેરવામાં આવેલ છે) | નથી | 189 to 239 |
| 6. | ઈમામશાહના વખાણ અને વર્ણન | 138 to 153 | 240 to 247 |

**21** ગ્રંથ / પુસ્તકનું URL અને વધુ જાણકારી માટે જુઓ.. નીચે Bibliography / સંદર્ભ સૂચિ

| ક્ર. | વિભાગ | સંદર્ભ ગ્રંથ [88] કલમા ક્ર. | સંદર્ભ ગ્રંથ [124] કલમા ક્ર. |
|---|---|---|---|
| 7. | કલિયુગની આગમવાણી<br>- કલિયુગમાં 10 દિવસનો 1 વર્ષ હશે અને 1 રાતમાં 60 મહિના (5 વર્ષ) નીકળી જશે.<br>- કલિયુગનો અંત નજીક છે. | 154 to 240<br>213<br><br>214 | 248 to 327<br>320 |
| 8. | લડાઈની ધમકી આપવા ઇસ્માઈલીને ચીન મોકલ્યા (ગ્રંથ [124] માં હનુમાનને) | 241 to 268 | 328 to 361 |
| 9. | સુરજા રાણી અને કમલા કુંવરની કાલિંગાને લડાઈ ન કરવાની વિનંતી | 269 to 289 | 362 to 386 |
| 10. | નિષ્કલંકીની સેનાનું વર્ણન | 290 to 449 | 387 to 533 |
| 11. | ઈમામશાહની દરગાહ સોનાની અને પાપ-પુણ્ય તોળવું | 450 to 457 | 534 to 544 |
| 12. | કાલિંગાનો વધ અને સેનાપતિ દ્વારા લડાઈ | 458 to 559 | 545 to 648 |
| 13. | નિષ્કલંકી નારાયણનું કુંવારીકા ધરતી સાથે લગ્ન અને સતપંથીઓનું રાજ | 560 to 603 | 649 to 730 |
| 14. | મૂર્તિ પૂજા કરવી નહીં અને મંદિરે જવું નહીં વગેરે હિન્દુ પરંપરાનો નિષેધ | 604 to 793 | 731 to 739 |
| 15. | અથર્વ વેદ એટલે કુરાન | 765/760 | નથી |
| 16. | નિષ્કલંકી નારાયણના ગુરુ, માતા-પિતા, પત્ની વગેરે | 794 to 808 | 740 to 771 |

**57.3.** **<u>અસલ કલ્કિ અવતાર:</u>** અસલ (ગીતા પ્રેસ ગોરખપુર દ્વારા પ્રકાશિત) શ્રીમદ ભાગવત ગ્રંથના 12માં સ્કંદમાં[22] કલિયુગનું વર્ણન કરવામાં આવેલ છે. આ અસલ ગ્રંથમાં નિષ્કલંકી નારાયણ, પીર સમસ, સુરજા રાણી, કમલાકુંવર, દૈત્ય કાલિંગો, વગેરે, કોઇ પણ વાતનો ઉલ્લેખ જ નથી. હિન્દુ શાસ્ત્રો સાથે મળતા નામો રાખીને સતપંથનો નિષ્કલંકી અવતાર પીર સદરૂદ્દીન અને ઈમામશાહ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે.

[22] શ્રીમદ ભાગવત ગ્રંથના 12મો સ્કંદ - https://abkkpsamaj.org/go/fn22 (See Page 769 onwards)

**<u>નકલંકી અવતારનું સાચું નામ શું?</u>**

**"નકલંકી" અવતાર જેણે "નિષ્કલંકી" અવતાર પણ કહેવામાં આવે છે. એનું સાચું નામ "મૂર્તઝા અલી તાલીબ" છે.**

અલી એટલે, ઇસ્લામ ધર્મના સ્થાપક મુહમ્મદ પૈગમ્બરનો કાકાઈ ભાઈ અને એનો જમાઈ પણ છે. મુહમ્મદ પૈગમ્બરની દીકરી બીબી ફાતિમાના લગ્ન અલી સાથે કરવામાં આવેલ હતાં.

**અલી એટલે નિષ્કલંકી નારાયણ**

**57.4. <u>નિષ્કલંકી અવતાર પાછળનો મકસદ:</u>** ઉપર જણાવેલ બુદ્ધ અવતારમાં પોઈન્ટ (56.3)માં દર્શાવ્યા પ્રમાણે બુદ્ધ અવતારના માધ્યમથી હિન્દુઓને પોતાના મૂળ ધર્મ એટલે કે સનાતન હિન્દુ ધર્મથી વિમુખ કરી નાખ્યા હતા. જેથી પોતાના ધર્મ પ્રત્યેની એમની મક્કમ પકડ ઢીલી પડી જાય. ત્યાર બાદનું પગલું જે હતું કે આવા ઢીલા હિન્દુઓને ઇસ્લામ ધર્મ તરફ વાળવાનું. જે નિષ્કલંકી નારાયણ અવતારના માધ્યમથી કરવામાં આવ્યું. જુઓ પોઈન્ટ (52).

**<u>તમે જોશો તો ખ્યાલ આવશે કે આ અવતારના માધ્યમથી;</u>**

1. અલીને નિષ્કલંકી નારાયણ નામ આપીને હિન્દુઓને શંકા કુશંકાથી દૂર રાખ્યા.
2. બહુજ-અતિ બળશાલી દૈત્ય કાલિંગો સામે નિષ્કલંકી નારાયણની સેના તરફથી હિન્દુ ધર્મના તમામ દેવી-દેવતાઓ અને ઐતિહાસિક મહાપુરુષો જેવા કે પાંડવો વગેરે લડ્યા. (એટલે હિન્દુ ધર્મમાં આસ્થા રાખવા વાળાઓ, અલીના પક્ષમાં છે, એવું કહેવામાં આવ્યું).
3. મુહમ્મદ પૈગમ્બર સહિત ખાસ શિયા ઇસ્લામના ઈમામો અને અન્ય મહાપુરુષો પણ કલિયુગમાં નિષ્કલંકી નારાયણના નિકટમાં છે. (એટલે હાલમાં / કલિયુગમાં એ ઇસ્લામી મહાપુરુષોને માનવું જોઈએ).
4. કાલિંગાની પત્ની સુરજારાણી અને પુત્ર કમલાકુંવર પણ છૂપી રીતે નિષ્કલંકી નારાયણના પક્ષમાં છે. (એટલે સતપંથનો વિરોધ કરનારના ઘરમાં છૂપી રીતે સતપંથ પાળતો પણ હોઈ શકે.)
5. સુરજા રાણીના હાથે એના પતિનું મૃત્યુ (અહીં વિરોધીઓના મનમાં ડર બેસાડવામાં આવ્યો છે કે કદાચ એના પોતાના ઘરમાં સતપંથ પાળનાર નીકળશે, તો એની મુશ્કેલી આવી પડશે. માટે સતપંથનો વિરોધ કરવો નહીં.)
6. સતપંથીઓ અમરાપુરી / જન્નત જશે અને કલિયુગના અંતે રાજ કરશે. (સતપંથ પાળવા માટે લાલચ.)
7. હિન્દુ માન્યતાઓ અને દેવ-દેવીઓને રદ્દ બતાવી, ઇસ્લામી માન્યતાઓ અને રીતરિવાજોને સાચા બતાવ્યા. ગુરુ એટલે નબી મુહમ્મદ અને અથર્વવેદ એટલે કુરાન. (એટલે કલિયુગના દેવ અલી, ગુરુ નબી મુહમ્મદ પૈગમ્બર અને શાસ્ત્ર એટલે કુરાન. અહીં હિન્દુની શ્રદ્ધા સંપૂર્ણ રીતે ઇસ્લામમાં ફેરવી નાખવામાં આવી.)

**57.5.** નિષ્કલંકી નારાયણ અવતારના માધ્યમથી હિન્દુઓની શ્રધ્ધાને સૌમ્ય રીતે ઇસ્લામમાં ફેરવી નાખવામાં આવે છે. અને આના પાછળની રમતને ભોળા (શંકા ન રાખનાર) લોકો ઓળખીજ ન શકે.

**ચમત્કારની વાતોની આડમાં, અંધશ્રધ્ધા અને ધર્માંધતાનો ભરપૂર ઉપયોગ કરવામાં આવે.**

**58. <u>દશાવતાર - સતપંથનો કેન્દ્રીય ગ્રંથ:</u>** આ દશાવતાર ગ્રંથ સતપંથ માન્યતાનો કેન્દ્રીય ગ્રંથ છે. આ ગ્રંથના સિધ્ધાંતો ઉપર આધાર રાખીને સતપંથ સંપ્રદાયના નિયમો અને બંધારણો ઘડવામાં આવ્યા છે. આ નિયમો અને બંધારણોનો પ્રચાર કરતા અન્ય ગ્રંથો રચવામાં આવ્યા છે. જેવા કે, સતપંથનું ગોરવાણીનું ગીનાન 6 (એટલે કે ગુરુ વાણીનું જ્ઞાન ક્ર. 6) [88:Page 488] [126:Page 285]. આ ગીનાનની 4થી કડીમાં લખ્યું છે કે..

**"અથર્વવેદમાં એમ ભાંખીઆ, સબ હિન્દુ હોંશે મુસલમાન"**

તેવી રીતે નવરાત્રીમાં ગવાતા ગરબાઓને પણ ભ્રષ્ટ કરવામાં આવ્યા [88:Page 122] [120:Page 43]. એમનાથી એક કડી નીચે બતાવેલ છે, જેના પરથી આપને ઘણું બધું સમજાશે.

**"વહી ગઈ પૂજા ગઉ તણીરે હિન્દુઓ – પૂજા અલીજીને નામ"**

કલેકટેનિયા (Collectanea) [157:Page 55 to 85] પુસ્તકમાં પેજ 55 થી 85 સુધી આવી રીતે કૂલ 28 ભ્રષ્ટ કરેલી ગરબીઓ અંગ્રેજીમાં ભાષાંતર કરેલી જોવા મળશે.

આવી રીતે સતપંથના અન્ય ગ્રંથો મૂળમાં દશાવતાર ગ્રંથમાં આપેલ સિધ્ધાંતોની અરસ-પરસ બુનવામાં/ તૈયાર કરવામાં આવ્યા છે. એટલે દશાવતાર ગ્રંથ સતપંથનું કેન્દ્રીય ગ્રંથ છે.

# 9

# હિન્દુ દેવતાઓ હોવા છતાં, ઇસ્લામ ધર્મ કેમ કહેવાય છે?

**59.** **<u>હિન્દુ દેવતાઓ હોવા છતાં, ઇસ્લામ ધર્મ કેમ કહેવાય છે?</u>** ઘણા લોકોના મનમાં એક પ્રશ્ન ઉદ્‌ભવતો હશે કે;

1) સતપંથમાં ભલે ઇસ્લામી તત્વો છે, પણ તેની સાથે હિન્દુ દેવો, જેવા કે રામ, કૃષ્ણ, બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ વગેરેનો પણ ઉલ્લેખ છે. તો પછી નક્કર રીતે કહી શકીએ કે સતપંથ ઇસ્લામ ધર્મનો ભાગ છે?
2) સતપંથ હિન્દુ ધર્મનો ભાગ કેમ નથી?
3) ઇસ્લામ પોતાના ધર્મ વિષે જરા પણ ફેરફારવાળી વાત સ્વીકારે નહીં. પણ સતપંથમાં તો હિન્દુ દેવતાઓનો ભરપૂર ઉલ્લેખ જોવા મળે છે. ઇસ્લામ આ કોઇ દિવસ સ્વીકારે નહીં, તો પછી આ કેમ બન્યું?
4) વગેરે-વગેરે

સતપંથમાં હિન્દુ તત્વો છે અને મુસલમાન તત્વો પણ છે. અગર કોઈ વ્યક્તિ સતપંથ એ મુસલમાન ધર્મ હોવાનો વાત ખુલ્લી કરે, તો હિન્દુ તત્વો તરફ આંગળી ચીંધીને કહેવામાં આવે કે અમે તો હિન્દુ છીએ..., જુઓ અમે રામ, કૃષ્ણ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, બધાને સાથે રાખીને માનીએ છીએ. તમે અમને ખોટી રીતે બદનામ કરી રહ્યા છો, તમે સમાજ તોડી રહ્યા છો. આવા મુદ્દાઓના કારણે એક અજાણ્યો વ્યક્તિ સહેલાઈથી મૂંઝાઇ જાય. માટે આવા પ્રશ્નોના ઉત્તર જાણવા જરૂરી છે.

**60.** **<u>આગા ખાન કેસ 1866:</u>** આવા પ્રશ્નોના ખૂબ સરસ ઉત્તર મુંબઈ હાઈ કોર્ટે વર્ષ 1866ના એક કોર્ટ કેસના [88:Page 116] નિર્ણયમાં આપેલ છે. આ કોર્ટ કેસને ખોજા કેસ અથવા આગા ખાન કેસનો ચુકાદો (Khoja Case or Aga Khan Case Judgement) [25] તરીકે પણ ઓળખાય છે.




આ કેસ વિષે વિસ્તૃત જાણકારી આપતું હાવર્ડ યુનિવર્સિટી દ્વારા વર્ષ 2012માં ટીના પુરોહિત દ્વારા લિખિત એક પુસ્તક બહાર પાડવામાં આવ્યું છે, જેનું નામ “ધી આગા ખાન કેસ” [141] છે. (The Aga Khan Case by Tina Purohit, 2012, Harvard University) [141]. આ પુસ્તકના મહત્વના પાનાઓ સતપંથ છોડો પુસ્તકમાં [27:Page 280, 320, 457 to 491] પણ જોડેલ છે.

## 9 હિન્દુ દેવતાઓ હોવા છતાં, ઇસ્લામ ધર્મ કેમ કહેવાય છે?

**આ કેસની હકીકત એવી છે કે..**

1) **પ્રશ્ન:** મુંબઈ હાઈ કોર્ટ સામે પ્રશ્ન હતો કે, શું સતપંથ હિન્દુ ધર્મ છે કે મુસલમાન ધર્મ?
2) **હિન્દુ પક્ષનો દાવો:** હિન્દુ ધર્મ કહેવાવાળાઓની દલીલ હતી કે સતપંથમાં હિન્દુ દેવોને પૂજવામાં આવે છે. માટે સતપંથ હિન્દુ ધર્મ છે.
3) **મુસલમાન પક્ષનો દાવો:** મુસલમાનોની દલીલ હતી કે સતપંથ ઈસ્લામી તત્વોથી ભરેલું છે. સતપંથના સ્થાપક સૈયદ પીર સદરૂદ્દીન અને સૈયદ ઈમામશાહ બાવા છે, જે મુસલમાન છે. ઇસ્લામના કલમાઓ પણ છે, આમાં અલીને પૂજવામાં આવે છે. માટે સતપંથ ઇસ્લામ ધર્મ છે.
4) **એક બાબતે સહમતી:** બન્ને પક્ષોને સાંભળવામાં આવ્યા, ત્યારે અંગ્રેજ જજ/ન્યાયધીશ આર્નોલ્ડને ખબર પડી કે ભલે બન્ને પક્ષમાં વિચારોનો મતભેદ છે, પણ બન્ને પક્ષોમાં એક બાબત પર સહમતી છે અને એ વાત છે સતપંથ દશાવતાર ગ્રંથ વિષે.
5) **દશાવતારનું મહત્વ:** સતપંથ દશાવતાર એક એવો ગ્રંથ છે કે જે બન્ને પક્ષ સ્વીકારે છે. બન્ને પક્ષ દશાવતારને એમનો મુખ્ય ધાર્મિક ગ્રંથ તરીકે માને. કોઇ વ્યક્તિની મૃત્યુ વખતે મૃત્યુ-શૈયા પાસે, એની મુક્તિ માટે, દશાવતાર ગ્રંથનું વાંચન કરવામાં આવે છે.
6) **દશાવતાર ગ્રંથનો અભ્યાસ:** માટે ન્યાયાધીશે દશાવતાર ગ્રંથનો મુખ્ય આધાર લીધો. સદુરદ્દીન અને ઈમામશાહ એમ બન્ને દ્વારા લિખિત દશાવતાર ગ્રંથોનો અભ્યાસ કર્યો. તેમાંય ખાસ ઈમામશાહ દ્વારા લેખિત, મોટો દશાવતાર ગ્રંથ, કે જેમાં હિન્દુ દેવોના અવતારો વિસ્તૃત રીતે વર્ણવવામાં આવ્યા છે, એ ગ્રંથનો ખાસ અભ્યાસ કર્યો.
7) **કોર્ટનું તારણ:** દશાવતાર ગ્રંથનો અભ્યાસ કરીને ન્યાયાધીશ એવા નિર્ણય પર પહોંચે છે કે..
    a) દશાવતાર ગ્રંથમાં કૂલ 10માંથી, પહેલા 9 અવતાર હિન્દુ ભગવાન વિષ્ણુના છે અને ત્યાર બાદ 10મો અવતાર મૂર્તઝા અલી તાલીબનો છે કે જેણે નકલંકી કે નિષ્કલંકી નારાયણનો કહેવામાં આવેલ છે.
    b) દશાવતાર ગ્રંથમાં ભલે પહેલા 9 અવતારો હિન્દુના છે, પણ એ બધા અવતારો માત્ર હિન્દુઓને ઇસ્લામ તરફ આકર્ષિત કરવા માટે વાપરવામાં આવ્યા છે. એ બધા અવતાર તો રદ્દ કરવામાં આવ્યા છે. એને માત્ર નમસ્કાર કરવાનું છે, એમનું પૂજન કરવાનું નથી.
    c) છેલ્લો અને મૂળ અવતાર એટલે 10મો અવતાર તો અલીનો છે. જેનું પૂજન કરવાનું છે. આ અવતાર કલિયુગમાં એટલે કે હાલના સમયનો અવતાર છે.
    d) 10માં અવતારમાં લખ્યું છે તે પ્રમાણે, અગાઉના 9 અવતારો અને હિન્દુ ધર્મના વેદો અને શાસ્ત્રો, બ્રાહ્મણો, 68 તીર્થ સ્થાનો, ગંગા નદી, ગાય અન્ય ધાર્મિક માન્યતાઓ, રીત-રિવાજો, પરંપરાઓ વગેરેને, કલિયુગમાં રદ ગણવામાં આવ્યા છે. એટલે એનો કોઈ વિશેષ મહત્વ નથી રહેતો.
    e) 10મા અવતારમા તો, માત્ર શિયા ઇસ્લામના મુખ્ય દેવ, અલી તાલીબને માનવાનું અને એનું પૂજન કરવાનું જણાવેલ છે.

f) અલી નામથી સંકોચ અનુભવતા હિન્દુઓનું મન સહેલાઈથી અલીને સ્વીકારી શકે, અન્ય હિન્દુ લોકોની ટીકા-ટિપ્પણીથી બચી શકે, માત્ર એટલા માટે અલીને હિન્દુ નામ, "નકલંકી નારાયણ" આપવામાં આવ્યું છે.

g) **માટે સતપંથ, હિન્દુ ધર્મ નથી. સતપંથ શિયા ઇસ્લામ ધર્મનો એક ભાગ છે, એવું મુંબઈ હાઈ કોર્ટે એના ચુકાદામાં જણાવ્યું.**

જેમ ઈમામશાહએ સતપંથ ધર્મના માધ્યમથી પાટીદારોને મોમના/મુમના મુસલમાન બનાવ્યા.. તેમ, ઈમામશાહના દાદા પીર સદરૂદ્દીનએ, એજ સતપંથ ધર્મના માધ્યમથી લોહાણાઓને ખોજા મુસલમાન બનાવ્યા.

**આગા ખાન અને ખોજા**

આ ખોજા મુસલમાનોના ધર્મ ગુરુને આગા ખાન કહેવામાં આવે છે.

**61. <u>કેસના 2 (બે) મુખ્ય મુદ્દાઓ:</u>** આ નિર્ણય પર આવતી વખતે ન્યાયાધીશને નીચે જણાવેલ 2 મુખ્ય મુદ્દાઓ સાથે નીપટવું પડ્યું હતું. ટીના પુરોહિત દ્વારા લિખિત આગા ખાન કેસ પુસ્તકમાં વિસ્તૃત રીતે આ મુદ્દાઓ પર ચર્ચા છે જ, પણ ટૂંકમાં સાર રૂપે આ મુદ્દાઓની ચર્ચા એક સારા લેખ Khoja Case of 1866 - A Paraphrase [52:Page 5 and 6]માં પણ જોવા મળે છે. એ મુદ્દાઓ આ પ્રમાણે છે.

**61.1. <u>તાકીયા / Takiyya / Takiah:</u>** તાકીયા એક ઇસ્લામી રણનીતિ/ચાલ છે. તાકીયાના પ્રયોગ કરનાર વ્યક્તિને પોતાનો ધર્મ છુપાવવાની છૂટ છે અને ઇસ્લામ સિવાયનો અન્ય ધર્મ અપનાવ્યો હોય એવો દેખાવ કરવાની પણ છૂટ છે.

ઇસ્લામના ફેલાવા અને બચાવ કરતી વખતે, તાકીયા પાળતી વ્યક્તિને ઇસ્લામ ધર્મમાં વર્જિત તમામ વસ્તુઓ / કામો કરવાની અનુમતિ મળી જાય છે. આમ કરતી વખતે માણસના મગજમાં આવતા તમામ ખોટા વિચારો અને ગંદા કામો કરવાની પણ અનુમતિ તાકીયા આપી દે છે.

સામાન્ય ધર્મ પ્રેમી અને નીતિ મત્તામાં માનતા માણસોની બુદ્ધિ અને કલ્પનાથી પરે હોય એવી વાતો, જેમ કે અપહરણ, હત્યા, જૂઠ, દગો દેવો, છેતરવું, બળાત્કાર, ખોટો ભરોસો આપવો, ખોટી વાતો કરવી, ભરમાવવું વગેરે કામો કરવાની અનુમતિ ધર્મના નામે તાકીયા આપે છે. આ વાત સામાન્ય માણસની સમજની બહાર હોય છે કારણ કે વાસ્તવમાં ધર્મ તો આવી બાબતોથી લોકોને દૂર રાખવાનું કામ કરતો હોય છે. તો પછી એ બધા કામો કરવાની અનુમતિ ધર્મ ન જ આપે. એટલે સામાન્ય માણસ આની પરિકલ્પના જ ન કરી શકે. કોઇ વ્યક્તિ ધર્મ અને ભગવાનના નામે આટલા હદ સુધી ખોટું કરી શકે એ બને જ નહીં, એવું લોકોની સોચ હોય છે. પણ તાકીયા આવું બધું કરવાની અનુમતિ આપે છે. તાકીયા ઉપર વધુ માહિતી માટે જુઓ પુસ્તક સતપંથ છોડો [27:Page 222 to 225, 321 to 341, 354 to 359.]

આ કેસમાં કોર્ટના ન્યાયાધીશએ કહ્યું કે સતપંથ ધર્મમાં હિન્દુ અવતારોને સામેલ કરવા પાછળ આ તાકીયાનો ખૂબ ઉપયોગ કરવામાં આવેલ છે. સતપંથમાં ઇસ્લામ ધર્મના ફેલાવા માટે એના શાસ્ત્રોમાં, હિન્દુ દેવોનો ઉપયોગ, હિન્દુઓને સતપંથ તરફ આકર્ષિત કરવા માટે કરવામાં આવ્યો છે. સતપંથના મુખ્ય એટલે ઇષ્ટ દેવ તો અલી તાલિબ છે. એટલે એના કેન્દ્રમાં ઇસ્લામ હોવાના કારણે સતપંથના હિન્દુ અનુયાયીઓને છેલ્લે એ ઇસ્લામ ધર્મમાં લઈ જાય છે.

**61.2.** <u>**ધર્મ પરિવર્તનનું સૂત્ર / Conversion Formula:**</u> હાઈ કોર્ટને જે બીજા મુદ્દોનો સામનો કરવો પડ્યો એ હતો ધર્મ પરિવર્તનનું સૂત્ર. આગાઉ પોઈન્ટ (34)માં જણાવ્યા પ્રમાણે ઇસ્લામ ધર્મના પ્રચારકોએ બહોળા વર્ગના ધર્મની શ્રધ્ધા, ધાર્મિક માન્યતાઓ, સિધ્ધાંતો વગેરેનો આધાર લઈને સતપંથ ધર્મનો પ્રચાર કર્યો.

<u>**દાખલા તરીકે કે, ઇસ્લામના પ્રચારકોને, જ્યારે કોઈ હિન્દુનું ધર્મ પરિવર્તન કરાવવું હોય ત્યારે;**</u>

a) હિન્દુ સાધુ બનીને,

b) હિન્દુ ધર્મનો પ્રચાર કરવો (ઇસ્લામ ધર્મનો નહીં).

c) હિન્દુઓની જડતા વિષે લંબાણ પૂર્વક વાતો કરવી અને મુસલમાનોને અજ્ઞાની બતાવવા. (વિશ્વાસ જીતવા માટે)

d) આવું કરતી વખતે હિન્દુ ધર્મના કેન્દ્રીય સિધ્ધાંતોનો આધાર લેવો. જ્યાં હિન્દુ ધર્મના સિધ્ધાંતો ઇસ્લામ સાથે સલગ્નના હોય, ત્યાં એ સિધ્ધાંતોનું અર્થઘટન બદલી નાખવું અને પછી એવા બદલેલા અર્થોના મદદથી ધર્મને ઇસ્લામ સાથે સલગ્ન બતાવવો.
(બધા ધર્મો એક છે, એવો સંદેશ આપી, લોકોનું મન ઇસ્લામને સ્વીકારવા માટે તૈયાર કરવા હેતુ.)

e) અને આડકતરી રીતે, ધીરે થી એવો સંદેશ આપવો કે ધર્મનો સાચો મર્મ તો કઈં જુદો છે. (હિન્દુ ધર્મ સાથે સંબંધ કાપવા માટે પૂર્વ તૈયારી)

f) આગળ જતાં એવું કહેવામાં આવે કે બ્રાહ્મણો હિન્દુ ધર્મનો સાચો મર્મ સમજવામાં ભૂલ કરી ગયા છે. ધર્મનો સાચો મર્મ સમજવો હોય તો સતપંથ ધર્મ પાળવો પડે.
(હિન્દુ ધર્મથી વિમુખ કરવા માટે.)

આ વિષય ઉપર ખૂબ સરસ જાણકારી, પુરાવાઓ સાથે, દેશ વિદેશના સંશોધનકારો અને બૌધ્ધિકઓના કામો/લેખોનું રેફરેન્સ લઈને સુવ્યવસ્થિત રીત જાણકારી આપતું આ પુસ્તક છે સતપંથ છોડો [27:Page 278 to 280].

**61.3. <u>ધર્મ પરિવર્તનનો પુલ:</u>** સતપંથ ધર્મના પ્રચારકોનું ધર્મ પરિવર્તનનું સૂત્ર / ફોર્મુલાને નીચે આપેલ ચિત્ર / ચાર્ટના માધ્યમથી સહેલાઈથી સમજી શકાય એમ છે. હિન્દુ ધર્મ નામક એક કિનારાથી ઇસ્લામ ધર્મ નામક બીજા કિનારા સુધી હિન્દુને પહોંચાડવા માટે એક-તરફી[23] પુલ તૈયાર કરવાં આવ્યો છે. એ પુલ તાકીયાના પાયા ઉપર ઊભો કરવામાં આવ્યો છે. જેના માટે હિન્દુ દેવોના અવતારોનો ઉપયોગ નીચે પ્રમાણે કરવામાં આવ્યો છે.

a) કૃષ્ણ અવતારના માધ્યમથી હિન્દુઓને એ પુલ સુધી લાવવામાં આવે છે.
b) ત્યાર બાદ બુદ્ધ અવતારના માધ્યમથી હિન્દુ ધર્મ પ્રત્યે અભાવ નિર્માણ કરવામાં આવે છે. પ્રેમ-એકતા-સંપ-સંગઠન, ભગવાન તો એકજ છે, માત્ર રૂપ અલગ છે, વગેરે વાતો કરી હિન્દુ ધર્મ પ્રતીએ લોકોના મનમાં રહેલી મક્કમતાને નબળી કરી એ માણસને પુલ ઉપર ધીરે-ધીરે આગળ ધપાવવામાં આવે છે.
c) અને છેલ્લે, નિકલંકી / નિષ્કલંકી અવતારના માધ્યમથી, એ માણસનું હૃદય પરિવર્તન કરી મુસલમાન બનાવવામાં આવે છે.

**62. <u>સારાંશ:</u>** ઉપર જણાવેલ મુંબઈ હાઇ કોર્ટના વર્ષ 1866નો આગા ખાન કેસના માધ્યમથી આપણે સમજી શકીએ છીએ કે સતપંથમાં ભલે હિન્દુ દેવોનો ઉલ્લેખ છે, પણ એ માત્ર હિન્દુઓને ઇસ્લામ તરફ આકર્ષિત કરવા અને એમનું મન બદલવાનું કામ સહેલું કરવા માટે છે. હિન્દુ દેવોના ઉપયોગ એમના મોઢે ઇસ્લામ ધર્મનો પ્રચાર કરવા માટે કરવામાં આવ્યો છે. સતપંથના મૂળ ઇષ્ટદેવ તો અલી તાલીબ છે, માટે સતપંથ ધર્મ એ ઇસ્લામ ધર્મ છે.

---

[23] એક તરફી રસ્તો = one way road


સતપંથમાં ધર્મ પરિવર્તન કરાવવાનો એક-માર્ગીય પુલ
હિન્દુ દેવો, ધાર્મિક રિવાજો, માન્યતાઓ અને તત્વોને ઊતરતી કક્ષાના બતાવવા.
આ સ્ટેજ સુધી પહોંચવા એકતા, સંપ, સંગઠન, પ્રેમ, શાંતિ,
સબકા માલિક એક, ઈશ્વર એક છે, માનવ ધર્મ મહત્વનો છે, બધાનો ભગવાન એક જ છે વગેરે
ઇસ્લામ ધર્મ અને મુલ્યોને ઉચ્ચ ગણવા
હિન્દુ સ્વાભિમાન
સ્ટેજ ૧
સ્ટેજ ૨
ઇસ્લામ સ્વાભિમાન
સ્ટેજ ૩
કૃષ્ણ અવતાર
બુધ્ધ અવતાર
નિષ્કલંકી અવતાર
હિન્દુ દુનિયા
ધર્મ પરીવર્તનનો પુલ
ઇસ્લામી દુનિયા
તાકિયા
તાકિયા
ધર્માંધતા, અંધશ્રધ્ધા, અજ્ઞાનતા અને શંકા-કુશંકા ન કરનાર

63. **<u>વધુ છણાવટ માટે જુઓ સતપંથ છોડો:</u>** ઉપર જણાવેલ મુદ્દાઓ અને એના જેવા અનેક મુદાઓ પર છણાવટ "મા ઉમાનો આદેશ સતપંથ છોડો" [27] ટૂંકમાં "સતપંથ છોડો" પુસ્તકમાં મળી જશે. સતપંથ એ ઇસ્લામ ધર્મ છે, એવું સાબિત કરી આપતા, અનેક પુરાવાઓનો સમાવેશ એમાં કરેલ છે. આવા પુરાવાને માટે સતપંથ છોડો પુસ્તકથી સારું પુસ્તક ક્યાંય જોવા નથી મળ્યું. વધારે જાણકારી માટે એનો અભ્યાસ કરી લેવા વિનંતી. આ પુસ્તકના Bibliography / સંદર્ભ સૂચિ પ્રકરણમાં આ પુસ્તકની લિન્ક પણ તમને મળી જશે.

64. **સતપંથ છોડો**[27] **પુસ્તકમાં આપેલ માહિતીનું વિષે ટૂંકમાં જાણકારી નીચે પ્રમાણે છે.**

| ક્ર. | વિષય | પેજ ક્રમ |
|---|---|---|
| **64.1.** | સતપંથ ધર્મ વિષે PPT પ્રસ્તુતિ, જેમાં સામેલ છે.. | |
| | 1) સતપંથનો ઇતિહાસ, સતપંથનું મૂળ, ધર્મ પરિવર્તનની પધ્ધતિ, ધર્મના સિધ્ધાંતો | 273 to 292 |
| | 2) સતપંથ દશાવતાર, સતપંથના સાહિત્યો, ગીનાન સાહિત્યો, દુઆ અને કલમા અને સારાંશ | 293 to 320 |
| | 3) તાકીયા | 321 to 341 |
| | 4) ઈમામશાહની ભૂમિકા, સતપંથમાં ફૂટ, ગાદીપતિ કાકાની ભૂમિકા, ઈમામશાહની પેઢી | 342 to 353 |
| | 5) નવનિર્મિત તાકીયા અને સારાંશ | 354 to 361 |
| **64.2.** | દસ્તાવેજી પુરાવાઓ, જેમાં મુખ્ય છે; | |
| | 1) પીરાણાનું બંધારણ | 391 to 414 |
| | 2) સરકારી ગેઝેટીયર (Gazetteer), વસ્તીગણતરી, વગેરે | 415 to 456 |
| | 3) કોર્ટના દસ્તાવેજો – આગા ખાન કેસ 1866, દેવચંદ તોતારામ કેસ, પાદરા કોર્ટ કેસ | 457 to 510 |
| | 4) હિન્દુ અને ઇસ્લામ ધર્મના દસ્તાવેજો, જેમાં સામેલ છે; શંકરાચાર્યના પ્રમાણ પત્રો, સાધુ સમાજના પ્રમાણ પત્રો, ઔરંગઝેબના પત્રો, સતપંથ દશાવતાર, પૂજા વિધિ, પંચમ વેદ, યજ્ઞ વિધિ, ઈમામશાહનું જીવન ચરિત્ર, વગેરે | 511 to 706 |
| | 5) વિશ્વકોષ અને શબ્દકોશ (Encyclopaedia and Dictionary) | 707 to 732 |
| | 6) સામાજિક દસ્તાવેજો – ક. પા. સમાજ, ઊંઝા, કચ્છ, મરાઠી સતપંથ સમાજ, પીરાણાની પોલ, વગેરે | 733 to 848 |
| | 7) દેશ વિદેશની પ્રખ્યાત યુનિવર્સિટીઓની રિસર્ચ થીસિસ / University Research Thesis - | 849 to 978 |
| | 8) વિશ્વ વિખ્યાત સંશોધનકારોના દસ્તાવેજો / Books of Renowned Researchers. | 979 to 1195 |

# 10 પહેલી સમસ્યાનું નિવારણ – દશાવતાર

**65. <u>ધર્મ પરિવર્તનની પહેલી સમસ્યાનું નિવારણ:</u>** ઉપર જણાવેલ પોઈન્ટ (15) <u>"ઇસ્લામ સામે સમસ્યાઓ</u>"માં જણાવેલ 2 સમસ્યાઓમાંની પહેલી સમસ્યા જે પોઈન્ટ (15.1) <u>"હિન્દુ ધર્મના મૂલ્યો અને આદર્શો બહુજ ઊંચા હતા"</u> જે સમસ્યા જણાવેલ છે, એ સમસ્યાનો ઉકેલ "સતપંથ દશાવતાર" ગ્રંથના માધ્યમથી કાઢવામાં આવ્યો [27:Page 285 to 287, 293 to 302]. જેના વિષે આપણે આગાઉ પોઈન્ટ (48) માં જોયું.




પહેલી સમસ્યા શું હતી એ યાદ અપાવવું કે.. હિન્દુ ધર્મના મૂલ્યો અને આદર્શો એટલા બધા ઊંચા છે કે ઈસ્લામ એની બરાબરી કરી શકતો નથી.

**65.1. <u>ક. ક. પા. જ્ઞાતિ પર અસર:</u>** ઉપર બતાવેલ સતપંથના દશાવતાર ગ્રંથ જાણકારીથી તમે સમજી ગયા હશો કે હિન્દુ દેવોનો દુરુપયોગ તૈયાર કરવામાં આવેલ દશાવતાર ગ્રંથને, જ્યારે ક.ક.પા. જ્ઞાતિના તે વખતના ભોળા વડીલો સામે મૂકવામાં આવ્યો, ત્યારે અજ્ઞાનતા, અંધશ્રદ્ધા, ચમત્કારની વાતો, ધર્માંધતામાં ડૂબેલા અને શંકા-કુશંકાથી પરે એવા બિચારા વડીલો આ ષડયંત્રના શિકાર બની ગયા.

વડીલોને એવું કહેવામાં આવ્યું કે આ ગ્રંથ જ અસલી દશાવતાર ગ્રંથ છે. જુઓ અમે નથી કહેતા, સ્વયં ભગવાને કહ્યું છે. અને બ્રાહ્મણો જે ગ્રંથો, વેદો વગેરે વાંચે છે, એ તો કલિયુગમાં ભગવાને રદ થયેલ જાહેર કરેલ છે. જુઓ કલિયુગમાં બ્રાહ્મણોમાં બુદ્ધિ નથી રહી, એમનું બ્રહ્મત્વ ખોઈ બેઠા છે, એટલે પેટના કાજે ખાલી વેદોના પાનાં ફરાવે છે. અસલ બ્રાહ્મણો તો હરિવંશી બ્રાહ્મણો એટલે સૈયદો (અલીના વંશજો) છે. એવું ભગવાને દશાવતારમાં જણાવલ છે, એવું કહેવામાં આવ્યું.

કલિયુગનો સાચો સનાતન ધર્મ તો એ સતપંથ છે. બાકી બધા ધર્મો રદ થયેલ છે. કલિયુગના અંતે માત્ર સતપંથીઓ જ ધરતી પર રાજ કરશે, એમને જ અમરાપુરી[24]/ જન્નત મળશે વગેરે વગેરે લાલચોથી આંજી દેવામાં આવ્યા. આવા કારણોને લઇને ક. ક. પા. જ્ઞાતિના એ વખતના વડીલો સતપંથ ધર્મને હિન્દુ ધર્મ સમજી તેમાં ફસાયા.

# 11

# બીજી સમસ્યાનું નિવારણ ધર્મ ગુપ્ત રાખવો

**66.** **<u>ધર્મ પરિવર્તનની બીજી સમસ્યાનું નિવારણ:</u>** ઉપર જણાવેલ પોઈન્ટ (15) "<u>ઇસ્લામ સામેની સમસ્યાઓ</u>"માં જણાવેલ બે સમસ્યાઓમાંની બીજી સમસ્યા, પોઈન્ટ (15.2) જણાવ્યા પ્રમાણે, "<u>હિન્દુઓનું રક્ષણ કરતી સજ્જડ સમાજ વ્યવસ્થાનું કવચ:</u>", એ સમસ્યાનો ઉકેલ માટે જે યુક્તિ અપનાવવામાં આવી એ યુક્તિ છે કે સતપંથને ગુપ્ત રીતે પાળવાનું કહીને ને [88:Page 133].



તમે નોંધ્યું હશે કે દશાવતાર સહિત સતપંથના શાસ્ત્રોમાં ઘણી વખત સતપંથને ગુપ્ત રીતે પાળવાનું કહેવામાં આવ્યું છે. નિષ્કલંકી અવતારમાં સુરજારાણી અને કમલાકુંવરે પણ સતપંથને ગુપ્ત રીતે પાળ્યો. એટલા માટે **સતપંથને "ગુપ્ત પંથ" પણ કહેવામાં આવે છે.** [88:Page 5,6, 130 to 133, 359]

હિન્દુ માન્યતા પ્રમાણે કલિયુગ લગભગ 4,32,000 વર્ષ લાંબો ચાલશે. કલિયુગની શરૂ થવાની ગણતરી કૃષ્ણ ભગવાના મૃત્યુ વખતથી કરવામાં આવે છે. એટલે આજ સુધી, હિન્દુ ધર્મ પ્રમાણે કલીયુગના તો માત્ર 5 હજારથી થોડા વધારે વર્ષો (5124 વર્ષો, દિનાંક 11-May-2023 સુધી) થયા છે. આવી પરિસ્થિતિમાં સ્વાભાવિક છે કે લોકો વિચારે કે કલિયુગને પૂરો થવામાં તો હજી લાખો વર્ષો બાકી છે, ક્યારે કલિયુગ પૂરો થાય ને ક્યારે કાલિંગા સાથે લડાઇ થાય ને ક્યારે નિષ્કલંકી ધરતી સાથે લગ્ન કરે. ત્યાં સુધી કોણ જાણે શું શું થાય. આવી નિરાશા ભરેલી વાતોને પહોંચી વળવા માટે, એવું દેખાય છે કે સતપંથના શાસ્ત્રોમાં એવું લખવામાં આવ્યું છે કે કલિયુગનો અંત ખૂબ નજીક છે. 10 દિવસનો એક વર્ષ હશે અને 1 રાતમાં 5 વર્ષ નીકળી જશે. જુઓ ઉપર જણાવેલ પોઈન્ટ (57.2) માં પેટા પોઈન્ટ (7). માટે હવે કલિયુગ પૂરો થવા માટે જૂજ સમય બાકી છે. ગમે તે ઘડી નિષ્કલંકી નારાયણ પ્રગટ થશે અને સાચા સતપંથીઓને અમરાપુરી[24] જવા મળશે. તેમજ 1.25 લાખ વર્ષ સુધી ધરતી પર રાજ કરવા મળશે, એવો પ્રચાર કર્યો.

બીજી વાત એવી છે કે, સતપંથની માન્યતા પ્રમાણે કલિયુગમાં કેવળ 12 કરોડ, જુઓ પોઈન્ટ (57.1.26), જુઓ સતપંથ છોડો[27:Page 290] [164], લોકો જ અમરાપુરી[24] જશે. ઘણા લોકો ગુપ્ત રીતે સતપંથ પાળી

---

**24** અમરાપુરી = ભિષ્ત = ઈમામશાહએ લખેલ "જન્નતપુરી" નામના ગીનાનમાં અમરાપુરીનું વર્ણન "જન્નત" જેવું કરેલ છે, જેમાં 50 હૂર વગેરે શામેલ છે. સતપંથની માન્યતા પ્રમાણે પૂરી ઈમાનદારીથી દશોંદ આપનાર સાચા સતપંથી જ અમરાપુરી જઈ શકશે અને કલિયુગના અંતે 1.25 લાખ વર્ષ સુધી ધરતી પર રાજ કરવા મળશે. એવી માન્યતા સતપંથમાં છે.

અમરાપુરીમાં[24] પહેલેથી પહોંચી ગયા છે. અમરાપુરીમાં સીટ તો મર્યાદિત છે. એટલે સામાન્ય માણસને સ્વાભાવિક વિચાર આવે કે જ્યારે હવે કલિયુગ થોડા જ સમયમાં પૂરો થવા આવ્યો છે અને ઘણાં લોકો ગુપ્ત રીતે સતપંથ પાળી અમરાપુરી[24] પહોંચી ગયા છે, તો હું પણ ચૂપચાપ સતપંથ પાળીશ તો મને પણ લાભ મળશે. આવી બધી વાતોને લઈને સતપંથ ધર્મને ગુપ્ત રીતે પાળતો કરી દેવામાં આવ્યો.

**<u>ગુપ્ત રીતે સતપંથ પાળવાનું પરિણામ</u>**

હવે વિચાર કરો કે અગર તમારા પરિવારનો કોઈ સભ્ય ગુપ્ત રીતે પરધર્મ/વિધર્મ પાળતો થઈ જાય, અને તમને કાનોકાન ખબર પણ ન પડે, તો તમે એને કઇ રીતે રોકી શકશો? એને ન રોકી શકો. કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના વડીલોએ પણ આવું જ કર્યું.

આ સિધ્ધાંતનો ઉપયોગ કરીને હિન્દુ સમાજ વ્યવસ્થાની અંદર રહીને આરામથી ઇસ્લામ ધર્મ પાળી શકાય એવી વ્યવસ્થા ગોઠવવામાં આવી. અને અન્ય હિન્દુઓને ખબર જ ન પડી એટલે એ કઈ જ કરી ન શક્યા. **આવી રીતે હિન્દુ <u>"સમાજનું સુરક્ષા કવચ"</u> ભેદવામાં સતપંથના પ્રચારકો સફળ થયા.**

# પ્રહર 3

1500 થી 1805
305 વર્ષ

# ધર્મ ખોયો એટલે અધોગતિ થઈ

સતપંથના આધિપત્ય થી થયો વિચારધારોના વિનાશ..
ગુપ્ત રીતે ઇસ્લામ પાળતી જ્ઞાતિ, હવે જાહેરમાં
**મુસલમાન બનવાની અણી સુધી પહોંચી ગઈ.**

# 12

# કચ્છમાં સ્થળાંતર – જ્ઞાતિના પતનનું મંડાણ



**67. <u>ઊંડું ષડયંત્રના શિકાર – સતપંથ પાળતા થયા:</u>** સતપંથ દશાવતાર ગ્રંથના માધ્યમથી સતપંથના પ્રચારકો સામે ધર્મ પરિવર્તન કાર્યમાં આવેલ પહેલી સમસ્યાનો (પોઈન્ટ 65.1) ઉપાય અમલમાં મૂક્યો. ત્યારે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના પૂર્વજો, જે ગુજરાતમાં રહેતા હતા, એ પોતાની ધર્માંધતાના કારણે આ બનાવટી દશાવતાર ગ્રંથ પર અંધશ્રદ્ધા રાખી એટલે સંપૂર્ણ રીતે બ્રેનવોશ થઇ ગયું. પરિણામે, બ્રેનવોશ થયેલ પૂર્વજો, પીરાણા સતપંથ ધર્મ એ કલિયુગનો સાચો હિન્દુ ધર્મ છે, એવું (ખોટી રીતે) માનવા લાગ્યા.

આ સતપંથ ધર્મને ગુપ્ત રીતે (પોઈન્ટ 66) પાળવાના કારણે, એ મુસલમાન હોવા છતાં, હિન્દુ સમાજમાં રહી શક્યા. જે સતપંથના પ્રચારકો સામે આવેલ બીજી સમસ્યાનો તોડ હતો.

આજે પણ સતપંથનો એક "મૂળબંધ" નામનો ગ્રંથ ગુપ્ત રાખવામાં આવેલ છે. પીરાણા સતપંથની માતૃ સંસ્થા એને પ્રકાશિત નથી કરતી. પણ એમના જૂન ગ્રંથોમાં જે ફેરફારો (સાચા-ખોટા) કરવામાં આવે છે, એનો આધાર મૂળબંધ ગ્રંથ ઉપર છે, એવી વાતો ફેલાવામાં આવે છે. તો પછી મૂળબંધ ગ્રંથ કેમ નથી પ્રકાશિત કરતા? જે સોશિયલ મીડિયામાં મૂળબંધ મળે છે, એના સંદર્ભ નંબર છે - [103] [159] [101].

ભલે ક. ક. પા. જ્ઞાતિના પૂર્વજો પીરાણા સતપંથ, જે ઇસ્લામ ધર્મ છે, એને પાળતા થયા, પણ હૃદયથી એ લોકો હમેશાં હિન્દુ જ રહ્યા. [88:Page 547]

કારણ, એમનું બ્રેનવોશ કરવામાં આવ્યું હતું કે સતપંથ કલિયુગનો સાચો સનાતન હિન્દુ ધર્મ છે. સતપંથ દશાવતાર ગ્રંથ પ્રમાણે અન્ય હિન્દુ સમાજ અને બ્રાહ્મણો જે સનાતન હિન્દુ ધર્મ પાળી રહ્યા છે એ તો ભગવાન વિષ્ણુ/નારાયણએ કલિયુગમાં રદ / નાબૂદ થયેલ જાહેર કરેલ છે. માટે પોતે સાચો સનાતન ધર્મ પાળી રહ્યા છે, એવું (ખોટી રીતે) માનતા હતા.

અમે તો પાકા સનાતની, બાકી તો નાબૂદ થયેલ સનાતની, એવી ખોટી વાતમાં ફસાયેલા હોવાના કારણે છળના શિકાર બની સતપંથ ધર્મ પાળતા હતા.

**68. <u>નિરાશાનો દોર:</u>** આગાઉ વિચારધારાના વિનાશ (Ideological Subversion)ની પ્રક્રિયાનો પહેલો તબક્કો એટલે કે નિરાશાનો દોર શરૂ થયો. એના વિષે આગળ હવે જાણીએ.

**69. <u>ધર્મના વિનાશનું ચરણ:</u>** હવે, શરૂઆતમાં જે મુદ્દો છેડ્યો હતો, એ મુદ્દા પર પહોંચીએ.. વિચારધારાનો વિનાશના (Ideological Subversion) જુઓ પોઈન્ટ (17) પ્રમાણેના મુદ્દા પર. આ તબક્કે, સતપંથના પ્રચારકોને સફળતા મળી. વિચારધારાના વિનાશના ચાર તબક્કાઓમાંથી સહુથી મહત્વનું પહેલું ચરણ, જે ખૂબ જ લાંબું તેમજ અઘરું (મુશ્કેલ) છે, એવા ધર્મના વિનાશના ચરણને સમજીએ.

**70. <u>Religion / ધર્મનો વિનાશ:</u>** ઉપર જણાવ્યા પ્રમાણે, દશાવતારના માધ્યમથી, ક. ક. પા. જ્ઞાતિ પાસેથી સનાતન હિન્દુ ધર્મ છીનવી એને ઇસ્લામી સતપંથ ધર્મ પાળતા કરી દીધા. બીજા શબ્દોમાં કહીએ તો મૂળ સનાતન હિન્દુ ધર્મનો વિનાશ કરાવવાના પ્રયાસોમાં સતપંથના પ્રચારકોને સફળતા મળી. ધર્મના વિનાશની અસર અંગે વધુ માહિતી માટે જુઓ પોઈન્ટ (20.1)

| Ideological Subversion / વિચારધારા વિનાશ | વિનાશ વિગત | વિનાશ સ્થિતિ |
|---|---|---|
| 1.1. Religion / ધર્મ | 20.1 | ✓ (70) |

### 71. શું સૈયદ ઈમામશાહે કણબીઓને મુસલમાન થતા અટકાવવા માટે સતપંથી બનાવ્યા?

**1)** ઇમામશાહને જો કણબીઓને મુસલમાન બનવાથી બચાવવા માંગતા હોત, તો એમના શાસ્ત્રો પીર સદરુદ્દીનના ન હોત.. કે જેને વાંચીને હિન્દુ લોહાણા જ્ઞાતિ આજે મુસલમાન બની ગઈ.

**2)** બીજી વાત કણબીને કચ્છમાં હિન્દુ રાજા પાસે મોકલ્યા બાદ, ઈમામશાહ કહી શકતા હતા કે હવે તમને કચ્છમાં કોઈ ડર નથી, માટે સંપૂર્ણ રીતે હિન્દુ બની ને રહો... બધા ઇસ્લામી શાસ્ત્રો બંધ કરો અને હિન્દુ મંદિરો ઊભા કરો, વગેરે.. પણ એવું ન કરતાં જમાતખાના ઊભા કરવામાં આવ્યા.

**3)** જો કણબીઓ મુસલમાન બની જશે એ ડર સાચો હોત, તો ગુજરાત વિસ્તારમાં રહેતા એમના અન્ય ભાઈઓ કેમ મુસલમાન ન બન્યા? આજે પણ તેઓ હિન્દુ તરીકે રહે છે.

**4)** કોઈ એક વિસ્તારથી કણબીઓ કચ્છ નહોતા આવ્યા. અનેક વિસ્તારઓમાંથી આવ્યા હતા. એટલે એવું કહેવું કે મુસલમાન રાજાનું જોર જુલમ હતું, એ બરાબર નથી. કારણ કે જે વિસ્તારથી તેઓ બધા આવ્યા હતા, એ જ મૂળ વિસ્તારના લોકો આજે પણ હિન્દુ છે અને ખૂબ પ્રગતિ કરેલ છે.

**5)** માટે, ઈમામશાહએ કણબીઓને મુસલમાન બનવાથી રોકવા માટે સતપંથ ધર્મ આપ્યો, એ વાત તદ્દન ખોટી અને ઉપજાવી કાઢેલી છે.

**શું કણબીઓ મુસલમાન બની જાય એનો ડર હતો?**

### 72. કચ્છના રાજા, મુહમ્મદ બેગડા, ઈમામશાહ અને ઔરંગજેબ વચ્ચે શું સંબંધ છે?

**1)** કચ્છને એક તાંતણે બાંધીને એક રાજ્યની સ્થાપના કરનાર રાવ ખેંગારજી પ્રથમના પિતા રાવ હમીરજીએ પોતાની દિકરી કમાબાઇને રાજકીય સંબંધો સાચવવા મુહમ્મદ બેગડા[25] સાથે પરણાવ્યા હતા [155] [110] [129].

**2)** મુહમ્મદ બેગડા[25]એ પોતાની દીકરીને ઈમામશાહના દીકરા નૂર મુહમ્મદ શાહ સાથે પરણાવેલ હતી [122:Page 60].

**3)** મુહમ્મદ બેગડાએ પીરાણાને સહુથી પહેલાં જમીન આપી હતી [158:Page 215].

**4)** ઓરંગજેબએ 45 એકર જમીન અને પૈસા પીરાણાને આપ્યા હતા [30].

ઉપર જણાવેલ મુદ્દાઓથી પણ સમજણ પડી જાય છે કે ઈમામશાહને માનવાવાળાઓને મુસલમાન રાજાઓથી કોઈ કોઈ તકલીફ નહોતી પડતી. ઊલટું એમના તરફથી સહયોગ મળતો હતો.

---

[25] મુહમ્મદ બેગડા - https://abkkpsamaj.org/go/fn25

73. **<u>વિચારધારાના વિનાશની લક્ષ્ય પૂરતી (આ ચરણમાં):</u>** કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના તે સમયના પૂર્વજોનું ધર્મ પરિવર્તન થયું. સનાતન હિન્દુ ધર્મ છોડી, પીરાણા સતપંથ ધર્મ પાળતા કરી દેવામાં આવ્યા. આ પ્રક્રિયા વિષે નીચેના ટેબલ પરથી વાત સ્પષ્ટ સમજાશે.

| ફેરફારો ઉપર નજર / Tracking ટેબલ | | |
|---|---|---|
| **Ideological Subversion / વિચારધારા વિનાશ** | **વિનાશ વિગત** | **વિનાશ સ્થિતિ** |
| **1. Demoralisation Areas / નિરાશાના ક્ષેત્રો** | 19 | પ્રગતિમાં |
| 1.1. Religion / ધર્મ | | ✓ (70) |
| 1.2. Education / શિક્ષા – કેળવણી | 20.2 | બાકી |
| 1.3. Social Life / સામાજિક જીવન | 20.3 | બાકી |
| 1.4. Power Structure / સત્તાનું માળખું | 20.4 | બાકી |
| 1.5. Law and Order / કાયદો અને વ્યવસ્થા | 20.5 | બાકી |
| 1.6. Leadership / નેતૃત્વ | 20.6 | બાકી |
| **2. Destabilisation / અસ્થિરતા લાવવી** | 21 | બાકી |
| 2.1. Finance / આર્થિક | 21.1 | બાકી |
| 2.2. Law and Order / કાયદો અને વ્યવસ્થા | 21.2 | બાકી |
| 2.3. Media / મીડિયા | 21.3 | બાકી |
| **3. Crisis / કટોકટીની સ્થિતિમાં મૂકવું** | 23 | બાકી |
| 3.1. So called Saviour / કહેવાતા ઉદ્ધારકો<br>• અંદરનો વ્યક્તિ<br>• બહારનો વ્યક્તિ | 23.3 | બાકી |
| **4. Normalisation / સામાન્ય પરિસ્થિતિ બહાલ કરવી** | 24 | બાકી |
| 4.1. નવો સમાજ પ્રસ્થાપિત કરવો – 2 ચરણોમાં | | બાકી |

આ પુસ્તકમાં આગળ જોઈશું કે, ધર્મ છૂટી જવાથી, સમયાંતરે જ્ઞાતિની કેવી દુર્દશા થઇ.

- **ધર્મ અને સમાજ, એકજ સિક્કાની બે બાજુ છે. ધર્મ છૂટે તો સમાજ તૂટે.**
- **જે સમાજમાં ધર્મ નહીં હોય, એ સમાજનું પતન નક્કી છે.**
- **"સમાજમાં જેને જે ધર્મ પાળવો હોય એને છૂટ છે" એવી વાતો કરનાર લોકો, તમારી વિચારધારાનો વિનાશ કરવાના પ્રયત્નમાં છે, એવું સમજી શકાય.**

- **તમારા ઉજળા ભવિષ્ય માટે, કોઈ પણ કિંમતે સનાતન ધર્મ છોડતા નહીં.**
- **તેમજ સનાતન ધર્મને ભ્રષ્ટ થવા દેવો નહીં, અને અગર કોઈએ ભ્રષ્ટ કર્યો હોય તો એવા ધર્મને અપનાવવો પણ નહીં.**

**74.** **પરિણામે - જ્ઞાતિ અને ગુજરાત વિસ્તારથી બહાર કરવામાં આવ્યા:** ઈમામશાહની સતપંથ નામક માયા જાળમાં ફસાઈ ગયેલ ક. ક. પા. જ્ઞાતિના તે વખતના પૂર્વજો, તે સમયે (આજથી લગભગ 550 વર્ષ પૂર્વે), ગુજરાત વિસ્તાર એટલે કે ઊંઝા - મહેસાણા, અમદાવાદ, વિરમગામ, આણંદ - ચરોતર વગેરે વિસ્તારોમાં રહેતા હતા.

કલિયુગનો સાચો હિન્દુ ધર્મ તો સતપંથ છે. મૃત્ય પછી સતપંથીને અમરાપુરી (વિશેષ સ્વર્ગ, જેમાં 50 હૂર વગેરે, મળશે [88:Page 122, 363]) તેમજ કલિયુગના અંતે લાખો વર્ષો સુધી રાજ કરવા મળશે, એવી લોભામણી વાતોની લાલચમાં ફસાઈને બ્રેનવોશ થયેલ ક. ક. પા. જ્ઞાતિના પૂર્વજો સતપંથ પાળતા થઇ ગયા.

કારણ કે એમને અતૂટ વિશ્વાસ હતો કે પોતે સાચો સનાતન ધર્મ પાળી રહ્યા છે. કડવા પાટીદાર જ્ઞાતિ તેમના અન્ય ભાઈઓ (જેઓ સતપંથ ધર્મ નહોતા પાળતા) તેમજ અન્ય જ્ઞાતિના હિન્દુઓ, તો ખોટા (રદ / નાબૂદ થયેલા) સનાતન ધર્મને પાળી રહ્યા છે એવું માનવા લાગ્યા. પોતે તો ધર્મના સાચા જ રસ્તા પર છે, એવા ધર્માંધતામાં જીવતા હતા.

શરૂઆતમાં, નાની સંખ્યામાં સતપંથ ધર્મ પાળતા લોકોની સંખ્યા ધીમે-ધીમે મોટી થતી ગઈ. ગુપ્ત રીતે પાળવામાં આવતા સતપંથ ધર્મની વાત ખુલ્લી થઈ ગઈ. જ્ઞાતિમાં વાત ફેલાઈ ગઇ કે પીરાણાના એક મુસલમાન સૈયદ ઈમામશાહને ગુરુ બનાવી અમુક જ્ઞાતિ જન સતપંથ નામક ઇસ્લામ ધર્મના પંથને પાળે છે.

પોતાના, તે વખતના, કડવા પાટીદાર જ્ઞાતિના ભાઈઓ દ્વારા સમજાવ્યા છતાં ન સમજ્યા. માટે, સતપંથ ધર્મના પ્રચારથી અન્ય ભોળા લોકો ભરમાય નહીં અને આગળ જતાં આ સમસ્યાથી જ્ઞાતિને સુરક્ષિત રાખવા માટે, ગુજરાત વિસ્તારના કડવા પાટીદાર જ્ઞાતિએ, પોતાના સતપંથ ધર્મ પાળતા ભાઈઓ માટે, જ્ઞાતિના દરવાજા બંધ કરી દીધા. બધાજ સંબંધો કાપી નાખ્યા. છેવટે ન છૂટકે હાલના ક. ક. પા.ના પૂર્વજોને ગુજરાત વિસ્તારમાંથી તગેડી, બહાર કરી દેવામાં આવ્યા [57:Page 128] [88:Page 526] [105:Page 200] [106:Page 206] [143:Page 127] [144:Page 118].

**75. <u>કચ્છમાં પલાયન – શિકરા ગામ વસાવ્યું:</u>** જ્ઞાતિ અને સમાજ બહાર થયા પછી ગુજરાત વિસ્તાર છોડીને જવું ક્યાં? આ વાત સૈયદ ઈમામશાહ બાવા સામે પહોંચી. ઈમામશાહના સંબંધો કચ્છના રાજા સાથે હોવા કારણે, એમના અનુયાયીઓને કચ્છ મોકલી આપવામાં આવ્યા.

તે વખતે કચ્છમાં મહેનતુ ખેડૂતોની ઘણી જરૂર હતી. તેથી સારા ખેડૂતો માટે સર્વે પ્રકારની આર્થિક મદદ તથા ખેતી કરવા માટે જમીન (પોયરા હક્કથી), ઘર બાંધવા માટે મફત જમીન (ગોખરુબુટા હક્કથી), ખેતીના સાધનો, કૂવા ખોદાવી આપવા વગેરે રાજ્ય તરફથી જરૂરી સગાવડો ઊભી કરી આપવાની બાંહેધરી મહારાવે આપી. ઉપરાંત, પટેલો જ્યાં જ્યાં ગામો વસાવે એવા ગામોમાં દરબારી પોલીસ પટેલો તરીકે માનકારી હોદ્દો આપવાની બાંહેધરી પણ મહારાવે ઈમામશાહ બાવાને આપી [96:Page 2] [97:Page 2 and 3].

*Location: Shikara*

આ સગવડો મળવાથી ઈમામશાહએ ધીરે ધીરે 16મી સદીમાં કડવા પાટીદારોને કચ્છ મોકલવાનું શરૂ કર્યું. કચ્છમાં ભચાઉ શહેરની બાજુમાં વિરમગામથી આવેલ શ્રી પરબત વેલાણીએ "શિકરા" ગામ વસાવ્યું [106:Page 207]. જે ગુજરાતથી આવેલ પાટીદાર જ્ઞાતિનું પહેલું મથક બન્યું. **અહીંથી એમની ઓળખ કચ્છ કડવા પાટીદાર તરીકે ઊભી થઇ.**

ત્યાર બાદ સમયાંતરે જેમ જેમ પરિવારો મોટા થતા ગયા, અથવા વધુ સારી જમીનની શોધમાં, કચ્છના અંતરાલ વિસ્તારોમાં ફેલાતા ગયા. શિકરા પછી, માનકુવા, વિથોણ અને હાલ નખત્રાણામાં જ્ઞાતિનું મુખ્ય મથક છે.

**76. <u>પુલિસ અને ન્યાય વ્યવસ્થાથી જ્ઞાતિને વિમુખ રાખી:</u>** ઈમામશાહ બાવાએ કચ્છના મહારાવ સામે એક વિશેષ માગણી મૂકી, જે આગળ જતાં ખૂબ ઘાતક નીવડી. માંગણી એ મૂકવામાં આવી કે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના નાના-મોટા કોઈ પણ ઝઘડાનો નિકાલ **દરબારશ્રીએ જાતે (એટલે કે કચ્છના મહારાવશ્રી / મહારાજાશ્રી વ્યક્તિગત રીતે પોતે)** જ કરવો. એના માટે કોર્ટ કચેરીનો આશરો લેવો નહીં. આ માંગણી કચ્છના મહારાવશ્રીએ કબૂલ રાખેલ અને એ પ્રમાણે કણબીઓને (ક. ક. પા. જ્ઞાતિને) બાંહેધરી આપેલ. **કોર્ટ કચેરી કે રાજ્યનું બીજું કોઇ ખાતું એમાં દખલ દેશે નહીં.** આ શરતો વંશપરંપરા જળવાશે, એવું પણ નક્કી થયું હતું. તે પ્રમાણે કોર્ટનો આશરો લેવાતો નહીં [96:Page 70, 97 and 98] [97:Page 74, 75 and 103].

**<u>આ શરતના માધ્યમથી ઈમામશાહે સુનિશ્ચિત કર્યું કે;</u>**

1. જ્ઞાતિને પુલિસ અને ન્યાય વ્યવસ્થાથી વંચિત રાખીને લોકોને જ્ઞાતિના ગેઢેરાઓ (સ્વઘોષિત જ્ઞાતિના આગેવાનો/લિડરો) ઉપર આશ્રિત કરી દીધા. જેથી ગેઢેરાઓની વાતનું ઉલ્લંઘન કરવાની કોઈ હિંમત ન કરે. જેવી રીતે ભેડ-બકરીઓ ગોવાળના ઇશારા પ્રમાણે ચાલે, એવી રીતે જ્ઞાતિના લોકો આ ગેઢેરાઓના ઇશારા પર ચાલે. એવી વ્યવસ્થા ગોઠવી .

2. ક. ક. પા. જ્ઞાતિ ઉપર, સતપંથના ઠેકદાર ગણાતા ગેઢેરાઓ મજબૂત પકડ રાખી શકે. જેથી કરીને સતપંથ સામે ભવિષ્યનો સંભવિત બળવો કે વિરોધને સહેલાઈથી દબાવી શકાય.

**આ શરત, આગળ જતાં, ક. ક. પા. જ્ઞાતિને દબાણમાં રાખવા તેમજ એમનું શોષણ અને અત્યાચાર કરવા કેવી રીતે કારગર નીવડી, એ આગળ જતાં આ પુસ્તકમાં જોઈશું.**

**77. <u>વિચારધારાનો વિનાશ – સત્તાનું માળખું, કાયદો - વ્યવસ્થા અને નેતૃત્વનો વિનાશનું ચરણ:</u>** કચ્છના મહારાવ એટકે કે રાજા સામે મુકેલ માંગણીઓ/શરતો અને તેનું રાજા દ્વારા કરવામાં આવેલ સ્વીકારથી, વિચારધારાના વિનાશના ત્રણ મુદ્દાઓનો વિનાશ કરવામાં સતપંથના પ્રચારકોને સફળતા મળી. એ હતા;

**77.1. <u>Power Structure / સત્તાનું માળખું:</u>** ગેઢેરાઓ ગેઢેરાઓના હાથમાં જ્ઞાતિની સત્તા આપીને, રાજાનું પરંપરાગત સત્તાના માળખું લઈને પોતાના લોકોને આપી દીધું. જેથી કરીને (જ્ઞાતિ માટે) પરંપરાગત સત્તાના માળખાનો વિનાશ થયો. સત્તાના માળખાનો વિનાશની અસર અંગે વધુ માહિતી માટે જુઓ પોઈન્ટ (20.4).

| Ideological Subversion / વિચારધારા વિનાશ | વિગત | વિનાશ |
|---|---|---|
| 1.4. Power Structure / સત્તાનું માળખું | 20.4 | ✓ (77.1) |

**77.2. <u>Law and Order / કાયદો અને વ્યવસ્થા:</u>** કોર્ટ અને કચેરીથી જ્ઞાતિને વિમુખ રાખીને મૂળભૂત કાયદો અને વ્યવસ્થાના લાભોનો પણ વિનાશ (જ્ઞાતિ માટે) થયો. જે ગેઢેરાઓ બોલે એ કાયદો અને એમને મજા આવે એ એમની વ્યવસ્થા. આની અસર વિચારધારાના વિનાશ ઉપર કેવી થાય, એ જોવા માટે જુઓ પોઈન્ટ (20.5) અને પોઈન્ટ (76).

| Ideological Subversion / વિચારધારા વિનાશ | વિગત | વિનાશ |
|---|---|---|
| 1.5. Law and Order / કાયદો અને વ્યવસ્થા | 20.5 | ✓ (77.2) |

**77.3. <u>Leadership / નેતૃત્વ:</u>** સત્તા અને કાયદો વ્યવસ્થા જ્ઞાતિના ગેઢેરાઓના હાથમાં આવી જાય એટલે સ્વાભાવિક છે કે આપોઆપ જ્ઞાતિનું નેતૃત્વ પણ એમના હાથમાં આવી જાય. જે ગેઢેરા કહે એજ અંતિમ વાત. એટલે ગેઢેરાઓ જ્ઞાતિના નેતાઓ બની ગયા. લોકશાહીથી નેતૃત્વનો વિનાશ થાય તો તેની અસર વિચારધારાના વિનાશ પર કેવી પડે, એના માટે જુઓ પોઈન્ટ (20.6).

| Ideological Subversion / વિચારધારા વિનાશ | વિગત | વિનાશ |
|---|---|---|
| 1.6. Leadership / નેતૃત્વ | 20.6 | ✓ (77.3) |

78. **<u>વિચારધારાના વિનાશની લક્ષ્ય પૂરતી (આ તબક્કે):</u>** ધર્મના વિનાશ બાદ સત્તાના માળખાનો વિનાશ, કાયદો અને વ્યવસ્થાનો વિનાશ અને નેતૃત્વનું વિનાશ થયું, જે નીચેના ટેબલમાં નોંધવામાં આવેલ છે.

| ફેરફારો ઉપર નજર / Tracking ટેબલ | | |
|---|---|---|
| **Ideological Subversion / વિચારધારા વિનાશ** | **વિનાશ વિગત** | **વિનાશ સ્થિતિ** |
| **1. Demoralisation Areas / નિરાશાના ક્ષેત્રો** | 19 | પ્રગતિમાં |
| 1.1. Religion / ધર્મ | 20.1 | ✓ **(70)** |
| 1.2. Education / શિક્ષા – કેળવણી | 20.2 | બાકી |
| 1.3. Social Life / સામાજિક જીવન | 20.3 | બાકી |
| 1.4. Power Structure / સત્તાનું માળખું | 20.4 | ✓ **(77.1)** |
| 1.5. Law and Order / કાયદો અને વ્યવસ્થા | 20.5 | ✓ **(77.2)** |
| 1.6. Leadership / નેતૃત્વ | 20.6 | ✓ **(77.3)** |
| **2. Destabilisation / અસ્થિરતા લાવવી** | 21 | બાકી |
| 2.1. Finance / આર્થિક | 21.1 | બાકી |
| 2.2. Law and Order / કાયદો અને વ્યવસ્થા | 21.2 | બાકી |
| 2.3. Media / મીડિયા | 21.3 | બાકી |
| **3. Crisis / કટોકટીની સ્થિતિમાં મૂકવું** | 23 | બાકી |
| 3.1. So called Saviour / કહેવાતા ઉદ્ધારકો<br>• અંદરની વ્યક્તિ<br>• બહારની વ્યક્તિ | 23.3 | બાકી |
| **4. Normalisation / સામાન્ય પરિસ્થિતિ બહાલ કરવી** | 24 | બાકી |
| 4.1. નવો સમાજ પ્રસ્થાપિત કરવો – 2 ચરણોમાં | | બાકી |

13

# અધોગતિ – નિરાશા ફેલાવવાનો તબક્કો

**79. <u>પતનની શરૂઆત:</u>** આગાઉ જણાવ્યા પ્રમાણે, કચ્છના કડવા પાટીદારો ધર્મ ખોઇ બેઠા એટલે રાજ સત્તાની સુરક્ષા ગુમાવી, કાયદો અને વ્યવસ્થાનો સહારો ગુમાવ્યો અને નેતૃત્વ જોહુકમીવાળું બની ગયું. જ્ઞાતિ પતનની રાહ પર ચાલતી થઈ ગઇ હતી. અને જલદી જ પતનના લક્ષણો પણ દેખાવ લાગ્યા.

ધ્યાનમાં રાખવા જેવી વાત અહીં એ છે કે અહીં નીચે જણાવેલ બદલાવો અને તેની અસરો તરતજ ન થઈ અથવા દેખાઈ. એ બધી અસરો ધીમે ધીમે સમયાંતરે થવા લાગી.

**80. <u>ધાર્મિક રીતે આંધળો / માનસિક રીતે કઠપૂતળી:</u>** ગુજરાત વિસ્તારમાં રહેતા પોતાના ભાઈઓ અને પરિવારોનો સાથ છૂટી ગયો. એટલે કે એવા લોકોનો સાથ છૂટયો કે જેઓ એમના સાચા હિતેચ્છુ હતા. કમનસીબે ગુજરાતના આ ભાઈઓ, ક. ક. પા. જ્ઞાતિના એમના જ ભાઈઓ કે જેઓ ધર્મના ખોટા રસ્તા પર ચાલતા થઈ ગયેલાઓને પાછા સનાતન હિન્દુ ધર્મમાં લાવવામાં નિષ્ફળ ન થયા. ક. ક. પા. જ્ઞાતિના ભાઈઓ એ પોતાના માટે પેટ બાળવાવાળા એમનાજ ભાઈઓનું વહાલ ખોયું.

ક.ક.પા. જ્ઞાતિના વડીલોને સાચી સલાહ આપવાવાળું કે તેમની વારે ચડવાવાળું (ધર્મ કે સમજુ હિતેચ્છુ) કોઈ બચ્યું નહીં. તેઓ માનસિક રીતે આંધળા અને એકદમ દુબળા (vulnerable/વેધનિય) બની ગયા. બીજા શબ્દોમાં કહીએ તો કઠપૂતળીની જેમ કોઈકના હાથના રમકડાં બની ગયા. જ્યારે ચાહે, જેમ ચાહે એમ દુરુપયોગ થઈ શકે એવી પરિસ્થિતિમાં આવી ગયા હતા.

**81. <u>જમાતખાના - ઇસ્લામની મૂળભૂત ધાર્મિક સગવડો (Infrastructure):</u>** ગુજરાત વિસ્તારની સાથે હિન્દુ ધર્મના આસ્થાના કેન્દ્રો એટલે કે ઉમિયા મા સહિત તમામ હિન્દુ દેવી-દેવોના મંદિરો વગેરે પણ છૂટી ગયાં. કારણ કે સતપંથના શાસ્ત્રોમાં જણાવેલ નિયમો પ્રમાણે હિન્દુ મંદિરો, મૂર્તિ પૂજા વગેરે કરવા પર રોક હતી.

આ ધાર્મિક અને આધ્યાત્મિક ખાલીપાને ઇસ્લામની ધાર્મિક સગવડોથી ભરવામાં આવ્યો. સતપંથના "જમાતખાના"ઓ શરૂ કરવામાં આવ્યા. લોહાણામાંથી મુસલમાન બનેલ ખોજા સમાજમાં આજે પણ એજ જમાતખાનાઓ ચલાવે છે. એમના ધાર્મિક સ્થળને "જમાત" [121:Page 360, Para 2, Line 2] પણ કહેવામાં આવે છે. તેવી જ રીતે એના સમાજ/સમૂહને પણ "જમાત" કહેવામાં આવે છે. આ જમાતખાનામાં એક પાટ હોય અને એના પર ઇમામશાહ એટલે સૈયદ ઈમામુદ્દીન અને પીર સદરૂદ્દીનના ધાર્મિક ગ્રંથો સિવાય કઈં ન હોય. આવી રીતે કચ્છમાં ગામેગામ સતપંથના જમાતખાનાઓ ઊભા કરવામાં આવ્યા. કોઈ મંદિર ઊભું કરવામાં ન આવ્યું. સમયાંતરે આ જમાતખાનાને ટૂંકમાં "ખાના" અથવા "ખાનું" [121:Page 355 to 362] તરીકે પણ ઓળખવામાં આવ્યું. તેમજ "જગ્યાં" કે "જગયું" પણ કહેવામાં આવતું, જેનો અર્થ "સ્થાન" થાય.

**82. <u>ઇસ્લામી કલમાઓનું પઠન:</u>** હિન્દુઓમાં કોઈપણ ધાર્મિક કાર્ય કરવાથી પહેલાં જેમ ગણેશની સ્તુતિ મંત્ર ગાવામાં આવે છે, આવી રીતે સતપંથની કહેવાતી પૂજાની..

શરૂઆતમાં એક કલમો/દુઆ બોલવામાં આવે છે, એ છે;

"**ૐ** ફરમાનજી બીસ્મીલ્લા **હર** રહેમાન નરરહીમ
**સતગોર** પાત્ર **બ્રહ્મા ઇંદ્ર** ઈમામ શાહા આદ
**વિષ્ણુ નિરંજન** નરઅલી મહંમદશાહા તમારી દુઆ"

અને દરેક દુઆ આનાથી પૂરી થાય, ત્યારે આ કહેવામાં આવે;

"સતગોર ઈમામ શાહા નરઅલી મહંમદશાહા તમારી દુઆ...
હક લાએલાહા ઇલ્લલ્લાહો મહંમદુર રસુલીલ્લાહે"

Source: [20] [48] [126] [102]

કોઈ પણ સામાન્ય માણસ સમજી જાય કે આ કલમાઓ હિન્દુ ધર્મની પૂજા વિધિમાં ન હોઈ શકે.

**83. <u>મધ્ય રાતની પૂજા અને ગોળની ગાય:</u>** સતપંથની મુખ્ય પૂજાઓ મધ્ય રાત્રિમાં કરવામાં આવતી [88:Page 5]. જેમાં આગાઉ જણાવ્યા પ્રમાણે હિન્દુ ધર્મના નામો વાળી ઇસ્લામી પૂજા વિધિ થતી. સાંભળવામાં આવ્યું છે કે આવી પૂજાઓમાં પ્રતિક રૂપે ગોળની ગાય બનાવવામાં આવે પૂજા પછી એ ગોળની ગાયના ટુકડા કરીને પ્રસાદીમાં બાંટવામાં આવે છે. [56:May-1972, Page 8 and 9 (201 and 202 of 522)] [111:Page 9] [6:Page 29]. જે સતપંથના બુધ[26] (બુદ્ધ) અવતાર સાથે સંલગ્ન પણ છે. જુઓ પોઈન્ટ (56.2.6.1 -કલમા ક્ર. 649, 804) તેમજ (56.2.6.2) અને (56.2.7).

**84. <u>ધર્મ ગુરુ તરીકે મુસલમાન સૈયદ:</u>** સૈયદ ઈમામુદ્દીન એટલે કે ઈમામશાહ બાવાના વંશજો સતપંથના ધર્મ ગુરુ હોય છે. એટલે ક. ક. પા. જ્ઞાતિના લોકોના ઘરોમાં મુસલમાન સૈયદોની આવજાવ થવા લાગી. વડીલો પાસેથી સાંભળ્યું છે કે આવા કહેવાતા ધર્મ ગુરુ સૈયદોનું એઠ પ્રસાદ તરીકે આપવામાં આવતી. તેવીજ રીતે સૈયદોના મોઢાનો કોગળો એક લોટામાં નાખવામાં આવે અને એમાં બીજું પાણી નાખીને બધાને પ્રસાદ રૂપે આપવામાં આવતું [88:Page 26] [114:Page 65, 67] [6:Page 214 and 216].

**85. <u>દફન વિધિ:</u>** ઇસ્લામની પદ્ધતિ પ્રમાણે મૃત્યુ પછી દફન કરવાની વિધિની જેમ સતપંથમાં પણ દફન વિધિ શરૂ થઈ. હિન્દુ ચે (ચિતા) વિધિનો ત્યાગ કરવામાં આવ્યો. જુઓ આ પુસ્તકમાં આગળ જણાવેલ "સંવત 1832નો ઠરાવ – હિન્દુ મૂળ કાપવાનો "કાળો" ઠરાવ" પ્રકરણ.

**86. <u>લગ્ન વિધિ નિકાહ / મુખીના કલમાથી થવા લાગી:</u>** બ્રાહ્મણોના હાથે પવિત્ર હિન્દુ ચોરી લગ્ન વિધિથી લગ્ન થાય એને બંધ કરાવીને એના બદલે ઇસ્લામી દુઆ-કલમાઓથી સતપંથ ખાનાના મુખીના હાથે કલમાઓ

---

**26** બુદ = બુદ્ધને સતપંથના શાસ્ત્રોમાં બુધ તરીકે લખવામાં આવેલ છે.

પઢીને લગ્ન થવા લાગ્યા [85:Page 67]. જુઓ આ પુસ્તકમાં આગળ જણાવેલ "સંવત 1832નો ઠરાવ – હિન્દુ મૂળ કાપવાનો "કાળો" ઠરાવ" પ્રકરણ.

87. **મુમના મુસલમાનની ઓળખ:** આ પ્રકરણમાં, ઉપર જણાવેલ કારણોને લઇને, સતપંથ ધર્મની અસર રૂપે, ક. ક. પા. જ્ઞાતિની ઓળખ ધીરે-ધીરે "મુમના" મુસલમાન [85:Page 1] તરીકે ઊભી થવા લાગી. જેમ સતપંથના કારણે લોહાણાની ઓળખ "ખોજા મુસલમાન" તરીકે ઊભી થઇ, એમ ક. ક. પા. જ્ઞાતિની ઓળખ "મુમના" તરીકે ઊભી થઇ.

"મુમના" એટલે ધર્મ પર "ઈમાન" રાખનારા. ભુજના સરકારી મ્યુઝિયમ / museum / સંગ્રહાલયમાં દરેક જ્ઞાતિના લોકોની પ્રતિમા (statue) મૂકવામાં આવેલ હતી, તેમાં ક. ક. પા. જ્ઞાતિના કણબીની પ્રતિમા (statue) નીચે "મુમના" લખવામાં આવેલ હતું. [16:Page 3]

88. **સામાજિક જીવન પર અસર:** જ્ઞાતિની મુમના મુસલમાન તરીકે ઓળખ ઊભી થવાથી જ્ઞાતિ પર ખૂબ જ ખરાબ અસર પડી. જેના કારણે;

**88.1.** તે સમયે (આજે નહીં) અન્ય હિન્દુ જ્ઞાતિ કણબી (ક. ક. પા. જ્ઞાતિ)ના હાથનું પાણી પણ ન પીતા. એમના સાથે ખાવા પીવાના સંબંધો ન રાખતા. એમને હિન્દુ ન ગણતા [56:Feb-1972, Page 10 (68 of 522)]. નીચ શબ્દોથી સંબોધતા [130:Page 27] [6:Page 125].

**88.2.** કચ્છના માનકુવા ગામમાં આજે પણ મુમના વાસ છે, અને ત્યાંના લેવા પાટીદારોના બહુ મોટી ઉંમરના વ્યક્તિઓ આજે પણ ઉપર જણાવ્યા પ્રમાણેના વ્યવહારો કડવા પાટીદારો સાથે કરે છે.

**88.3.** સ્વામિનારાયણ સંપ્રદાયમાં ક. ક. પા. જ્ઞાતિના હરિભક્તોને સાધુ દીક્ષા ન આપવામાં આવતી. આ બાબતને લઇને ઘણા વર્ષો સુધી ઝઘડાઓ ચાલ્યા [24] [95]. અંતે દિનાંક 17-ઓક્ટોબર-1945ના પુરુષ સાધુઓ બાબતે સમાધાન થયું [39] [6:Page 596]. આવો વ્યવહાર માત્ર સ્વામિનારાયણ સમાજ કરતો હતો એવું નથી, પણ તમામ હિન્દુ સમાજો કરતા હતા. આ ક. ક. પા. જ્ઞાતિના વડીલોના અનુભવોની વાત છે.

**88.4.** ક. ક. પા. જ્ઞાતિનું પાણી પીવાની વાતો તો દૂરની છે. અન્ય હિન્દુ જ્ઞાતિના લોકો ક. ક. પા. જ્ઞાતિના લોકોને પાણી પણ ઉપરથી પીવડાવતા, કે જાણે અછૂત હોય. દલિત અને હરિજન સમાજના લોકો પણ ક. ક. પા. જ્ઞાતિના લોકોનું પાણી ન પીતા, એ લોકો પણ ક. ક. પા. જ્ઞાતિને અછૂત ગણતા, એવી વાતો સાંભળવામાં આવતી. એનું કારણ હતું ક. ક. પા. જ્ઞાતિની મુમના મુસલમાનની ઓળખ [59:Page 24].

**88.5.** છૂત-અછૂતના એ જમાનામાં (આજે નહીં) એવી પ્રથા હતી કે અગર ભૂલથી કોઈ અછૂતનું સ્પર્શ થઈ જતું, તો પ્રચલિત પ્રથા પ્રમાણે માણસને શુદ્ધ થવા માટે નાહવું પડતું અથવા કમસે કમ પાણીની છાંટ નાખવી પડતી. પણ ક. ક. પા. જ્ઞાતિમાં અંધશ્રદ્ધા અને ધર્માંધતા એટલી હદ સુધી હતી કે અછૂતના સ્પર્શ પછી અગર કોઈ મુસલમાનનો સ્પર્શ કરી લો, તો નાહવાની જરૂર નથી. એવી કુમાન્યતા ફેલાઈ

ગઈ હતી. કારણ કે કુમાન્યતા હતી કે મુસલમાન તો પવિત્ર ગણાય એટલે મુસલમાનનો સ્પર્શ કરવાથી આપણે પવિત્ર થઈ જઈએ. આ વાત લોક મુખે સાંભળવા મળતી હોય છે. આ દર્શાવે છે કે બ્રેનવોશિંગ કેટલા હદ સુધી કરવામાં આવ્યું હતું.

| Ideological Subversion / વિચારધારા વિનાશ | વિનાશ વિગત | વિનાશ સ્થિતિ |
|---|---|---|
| 1.3. Social Life / સામાજિક જીવન | 20.3 | ✓ (88) |

**89. <u>કેળવણી / Education ખોયું:</u>** જ્ઞાતિએ પહેલું શિકરા ગામ વસાવ્યું, અને ત્યાર બાદ કચ્છના આંતરિક ગામોના જાગીરદારો જેમ જેમ આમંત્રણ અને સગવડો આપતા ગયા, તેમ-તેમ આંતરિક ગામો વસતા-વસતા આગળ વધ્યા. મોટા ભાગે ત્યાં અભ્યાસની કોઈ સગવડો નહોતી, કારણ કે પહેલાં ગામ વસે પછી બાકી બધુ થાય, અને શિક્ષણ જેવી સગવડો તો લગભગ છેલ્લી ઊભી થતી હોય, જેમાં વર્ષો નીકળી જાય. એટલે તમે સમજી ગયા હશો કે સામાન્ય રીતે શિક્ષણ મેળવવું બહુજ અઘરું હતું.

**89.1.** આ બાબતે મહત્વનું એ કારણ હતું જે ક. ક. પા. જ્ઞાતિનો ઇતિહાસ કહે છે કે સતપંથના પ્રચારક સૈયદો એવી વાતો કરતા કે છોકરાંને ભણાવજો નહીં, ભણાવશો તો પાછલી ઉંમરે તમને રોટલા નહીં આપે [56:May-1972, Page 2 (195 of 522)] [71:Page 23] [130:Page 28] [6:Page 126]. આપણે સમજી શકીએ કે જો છોકરાં ભણશે તો સતપંથના શાસ્ત્રોમાં અને સતપંથમાં છુપાયેલ ઇસ્લામ ધર્મ ઓળખી જશે અને ધર્મ પરિવર્તનનું તેમનું કાર્ય નિષ્ફળ જશે. આ બાબતે જ્ઞાતિની પરિસ્થિતિ એટલી ખરાબ હતી કે નારાયણ રામજી દ્વારા લિખિત પીરાણાની પોલ પુસ્તકમાં જણાવેલ છે કે તે સમયે જ્ઞાતિમાં 5 ધોરણ સુધી ભણવું એ અહોભાગ્ય મનાતું હતું [148:Page 4].

**89.2.** **<u>બૌદ્ધિક વિકાસ અટક્યો:</u>** પેઢીઓને પેઢી જો શિક્ષણથી સતત વંચિત રહેતી જાય, તો તમે કલ્પના કરી શકો કે જ્ઞાતિનો બૌદ્ધિક સ્તર દિવસે દિવસ નીચે થતો જાય. અમુક પેઢી પછીના વ્યક્તિના મનમાં એ વાત ધીરે-ધીરે ઘર કરી જાય કે શાસ્ત્ર અને ધર્મની થોડી પણ વાત કરનાર માણસ એના કરતાં ઘણા હોશિયાર છે. એટલે આપણે એની વાત માનવી જોઈએ. આવી રીતે શિક્ષા અને કેળવણીના ક્ષેત્રનો વિનાશ થયો.

| Ideological Subversion / વિચારધારા વિનાશ | વિનાશ વિગત | વિનાશ સ્થિતિ |
|---|---|---|
| 1.2. Education / શિક્ષા – કેળવણી | 20.2 | ✓ (89) |

**90. <u>વિચારધારાના વિનાશની લક્ષ્ય પૂરતી (આ તબક્કે):</u>** પરંપરાગત સામાજિક જીવન અને શિક્ષાથી વંચિત થવાથી વિચારધારાના વિનાશનો પહેલો તબક્કામાં જણાવેલ નિરાશાના બધાજ ક્ષેત્રો આવરી લેવામાં આવ્યા. એટલે અહીં "**1. Demoralisation Areas / નિરાશાના ક્ષેત્રો**" તબક્કો પૂરો થાય છે.

| ફેરફારો ઉપર નજર / Tracking ટેબલ | | |
|---|---|---|
| **Ideological Subversion / વિચારધારા વિનાશ** | **વિનાશ વિગત** | **વિનાશ સ્થિતિ** |
| **1. Demoralisation Areas / નિરાશાના ક્ષેત્રો** | 19 | **પૂર્ણ** |
| 1.1. Religion / ધર્મ | 20.1 | ✓(70) |
| 1.2. Education / શિક્ષા – કેળવણી | 20.2 | **✓(89)** |
| 1.3. Social Life / સામાજિક જીવન | 20.3 | **✓(88)** |
| 1.4. Power Structure / સત્તાનું માળખું | 20.4 | ✓(77.1) |
| 1.5. Law and Order / કાયદો અને વ્યવસ્થા | 20.5 | ✓(77.2) |
| 1.6. Leadership / નેતૃત્વ | 20.6 | ✓(77.3) |
| **2. Destabilisation / અસ્થિરતા લાવવી** | 21 | બાકી |
| 2.1. Finance / આર્થિક | 21.1 | બાકી |
| 2.2. Law and Order / કાયદો અને વ્યવસ્થા | 21.2 | બાકી |
| 2.3. Media / મીડિયા | 21.3 | બાકી |
| **3. Crisis / કટોકટીની સ્થિતિમાં મૂકવું** | 23 | બાકી |
| 3.1. So called Saviour / કહેવાતા ઉદ્ધારકો<br>• અંદરની વ્યક્તિ<br>• બહારની વ્યક્તિ | 23.3 | બાકી |
| **4. Normalisation / સામાન્ય પરિસ્થિતિ બહાલ કરવી** | 24 | બાકી |
| 4.1. નવો સમાજ પ્રસ્થાપિત કરવો – 2 ચરણોમાં | | બાકી |

# 14

# પીરાણાની કાર્ય પદ્ધતિ
# હિન્દુ અને મુસલમાનની ખીચડી

**91. <u>કાકા[27] નિમવા પાછળની મૂળ ભાવના:</u>** ઇતિહાસ કહે છે કે સૈયદ ઈમામશાહ પોતાના જીવનના અંતિમ દિવસોમાં પીરાણાની દરગાહની સેવા માટે શાણા કાકા (જે લેવા પાટીદાર હતા)ને નીમી ગયા. એમનું કામ ફક્ત ઈમામશાહની કબરની દેખરેખ રાખવાનું હતું અને હિન્દુમાંથી સતપંથી બનેલ વ્યક્તિઓને મદદ રૂપ થવું હતું [74:Page 137] [88:Page 148]. અહીં "કાકા" એ એક અરબી શબ્દ છે, જેનો અર્થ થાય "નોકર". સૈયદો દ્વારા દરગાહની દેખરેખ રાખવા માટે એક મુજાવર અને અનુયાયીઓ સાથે સંપર્ક રાખવા માટે જે નોકર નીમવામાં આવતા, એ "કાકા" કહેવાતા [50:Page 217, 220, 223 and 224] [156:Page 38].

**91.1. <u>પીરાણાની કમાઈ[28]ને સૈયદોમાં બાંટવું:</u>** પીરાણાના કેન્દ્રમાં કાકાને લાવવાનું મુખ્ય કારણ નર મોહમ્મદ શાહ[29]ના દીકરાઓ વચ્ચે આપસમાં વેર અને ઝઘડાઓ હતું. પોતાના મરણ પછી, ઝઘડતા દીકરાઓમાં, નિષ્પક્ષ રીતે પીરાણાની કમાઈનો બટવારો થાય તે માટે, એક વ્યવસ્થાની જરૂર સમજી, નર અલીએ (મોહમ્મદ શાહનું બીજું નામ), કાકાની ભૂમિકા વધારી નાખી. પૈસા ભેગા કરવા માટે, પેટા કાકાઓમાંથી એક મુખ્ય કાકાને નીમ્યા. સંશોધનકારોના કહેવા પ્રમાણે, વાસ્તવમાં કાકાની ગાદી કાવતરાઓ, કપટ અને કાવાદાવાઓનો અખૂટ ભંડાર છે. સમય કાળે, પૈસાના જોરે, કાકાની તાકાત ધીરેધીરે વધતી ગઈ. પોતાને ધર્મ ગુરુ અને પંથના સર્વેસર્વા માનવા લાગ્યા [156:Page 38, 39, 46, 55, 57, 58] [38:Page 446] [122:Page printed as 60 (but actually 62)] [158:Page 216, 219] [74:Page 135 to 137].

**91.2. <u>કાકાના 2 નામો, એક હિન્દુ અને એક મુસલમાન:</u>** પરંપરાગત રીતે કાકાના બે નામ હોય છે, એક હિંદુ નામ અને બીજું સતપંથી નામ, એટલે કે મુસ્લિમ નામ. દાખલા તરીકે, "નાયા" કાકાને "પીર

---

27 પીરાણાના કાકાઓની સાચી યાદી માટે જુઓ.. [58:Page 35] [88:Page 148].

28 કમાઈનો બટવારો = પીરાણાની કમાઈના બટવારાની સમસ્યા ઈમામશાહના સમય કાળમાં નહોતી. આ સમસ્યા ઈમામશાહના દીકરા નુર મુહમ્મદ શાહ ગાદી પર આવ્યા, ત્યારથી થઈ. ઈમામશાહના સમયે પીરાણાની કમાઈ ઈરાન સ્થિત ઈમામ (એટલે નિષ્કલંકી નારાયણ)ને મોકલી આપવામાં આવતી. નુર મુહમ્મદશાહ પૈસા/કમાઇ પોતાને પાસે રાખવા માટે પોતાને નિષ્કલંકી નારાયણ જાહેર કર્યો. આના કારણે (નિઝારી) ખોજાઓને ઈમામશાહીઓને પોતાની જ્ઞાતિ બહાર કર્યા. ત્યારથી ઈમામશાહીઓ મૂળ ઇસ્લામી ખોજા કોમ/જ્ઞાતિથી છૂટું પડી ઈમામશાહ પંથ તરીકે ઓળખ ઊભી થઈ [9] [37:Page 180] [38:Page 446] [54:Page 359] [74:Page 135] [88:Page 146,150] [128:Page 5] [156:Page 44].

29 નુર મુહમ્મદ શાહ = ઈમામશાહનો દીકરો. જેણે પીરાણા સતપંથી નિષ્કલંકી નારાયણ તરીકે માને છે [128:Page 5] [122:Page printed as 63 (but actually 61)] [158:Page 216] [50:Page 220 and 225].

નસીરુદ્દીન" કહેવામાં આવતા [156:Page 51]. તેવી રીતે "કરસન" કાકાને "પીર કરીમ" કહેવામાં આવતા [50:Page 217].

**91.3.** **<u>પેટા કાકાની નિમણૂક:</u>** બંધારણ પ્રમાણે પીરાણાના મુખ્ય કાકાની નિમણુક પેટા કાકાઓમાંથી જ થાય છે. અને પેટા કાકાઓની નિમણુક, બંધારણની કલમ 18 પ્રમાણે, માત્ર સૈયદોના નિયંત્રણમાં છે. એટલે પેટા કાકાઓ સૈયદોની પસંદગીના હોય છે. આવા સૈયદો દ્વારા પસંદ કરેલ પેટા કાકામાંથી મુખ્ય કાકા નીમવામાં આવે છે [142:Page 37-Clause 18]. ત્યારે સ્વાભાવિક છે કે મુખ્ય કાકા પણ સૈયદોની પસંદનાજ હોય છે. તો સમજાય છે કે આ ધર્મમાં મુસ્લિમોનો પરોક્ષ કંટ્રોલ છે, તો તેને હિન્દુ ધર્મ કેમ કહેવો? ન જ કહેવાય.

**91.4.** **<u>કાકાની ધાર્મિક વિધિ સૈયદો કરે:</u>** જ્યારે ગાદીપતિ કાકાને નીમવામાં આવે છે, ત્યારે તેની ધાર્મિક વિધિ સૈયદોના હાથે કરવામાં આવે છે. એવું પીરાણાના બંધારણમાં જણાવેલ વહીવટીય સ્કીમના કલમ 6 માં જણાવેલ છે [142:Page 35-Clause 6]. અમદાવાદની સિવિલ કોર્ટ દ્વારા નક્કી કરેલ આ બંધારણ પ્રમાણે, જ્યાં સુધી સૈયદો કાકાની ધાર્મિક વિધિ ન કરે, ત્યાં સુધી એમની ગાદી પર નિમણૂક ન થઇ શકે.

**91.5.** હવે મુસલમાન ધર્મ પાળતા સૈયદો કઇ ધાર્મિક વિધિ કરતા હશે, એ તમારે સમજવાનું છે.

તમારે એ પણ સમજવાનું છે કે મુસલમાન કોઇ પંથના વડાની વિધિ કરતા હોય, તો પણ હિન્દુ ધર્મ હોઇ શકે?

**92.** **<u>મુસલમાન ધર્મ હોવા છતાં કાકાનો હિન્દુ દેખાવ:</u>** ઇતિહાસકારો જણાવે છે કે એવા ઘણા દાખલાઓ મળે છે કે જ્યાં ઇસ્લામના પ્રચારકો એક બ્રાહ્મણ કે હિન્દુ પૂજારીનો વેશ અપનાવી ધીમે-ધીમે હિન્દુ ધર્મને હલકો અને ઊતરતો બતાવ્યો, જેથી કરીને લોકો મુસલમાન તરીકે પરિવર્તિત થાય. આ એક સૌમ્ય રસ્તો હતો. આના કારણે અનુયાયીઓને પોતાની હિન્દુ ઓળખ છતી કરવા પર ભાર ન આપવામાં આવ્યો. મૂર્તઝા અલી તાલીબને વિષ્ણુનો અવતાર બતાવ્યો. બ્રહ્માને મુહમ્મદ બતાવ્યા, શિવને બાબા આદમ બતાવ્યા અને હિન્દુ દેવીઓને મુસલમાન સાધ્વીઓ બતાવી [51:Page 41, 63, 64 and 73].

**92.1.** **<u>આગા ખાન કેસ:</u>** એટલે સતપંથ મુસલમાન ધર્મ હોવા છતાં, પ્રચારકોનું ભગવો ધારણ કરવું અને હિન્દુ રૂપ અપનાવવું, એના પાછળ કારણો ઉપર જણાવ્યા પ્રમાણે સમજી શકો છો. તેમાં ઇસ્લામી તાકીયા[30]નો બહુ મોટો રોલ હોય છે. આ વિષે ખુલાસાવાર વિસ્તૃત માહિતી વર્ષ 1866ના મુંબઇ હાઇ

---

[30] તાકીયા – તાકીયા વિષે વધુ જાણકારી માટે જુઓ સતપંથ છોડો, પેજ 321 થી 341 અને 354 થી 359

કોર્ટમાં ચાલેલ કેસ, આગા ખાન કેસના ચુકાદામાં આપેલ છે [25] [52]. આ વિષય ઉપર ટીના પુરોહિત દ્વારા લેખિત એક ખૂબ સરસ પુસ્તક છે, જેનું નામ પણ “ધી આગા ખાન કેસ” છે [141].

**92.2.** **<u>પ્રેમ-એકતા-સંપ-સંગઠન:</u>** હિન્દુ અને મુસલમાનની ખીચડી લોકો પાસેથી સ્વીકૃત કરાવી લેવા માટે પ્રેમ-એકતા-સંપ-સંગઠન જેવી પહેલી નજરે આદર્શવાદી અને સારી વાતો રાખવામાં આવી. ઉપર તો ભગવાન એક જ છે. આપણું લોહી એક છે, આપણે પ્રગતિ કરવી હશે તો હળી મળીને રહેવું પડશે, સમાજમાં જેને જે ધર્મ પાળવો હોય એને છૂટ છે, ધર્મ અને સમાજ જુદા છે, વગેરે-વગેરે ડાહી ડાહી વાતો મૂકવામાં આવી.

**93.** આવા માહોલમાં બ્રેનવોશ થયેલ અનુયાયીઓ તો પોતાને સાચા હિન્દુ જ સમજતા હતા. અને સતપંથને કલિયુગનો સાચો હિન્દુ ધર્મ સમજતા હતા. સહુના માટે અનુકૂળ હોય એવી ઉપરની વાતો હતી. આવી વાતોમાં કોઈને ક્યાં વાંધો હોય? કોઈને શંકા પણ ન થાય. પણ સદભાગ્યે ક. ક. પા. જ્ઞાતિનો ઇતિહાસમાં પહેલો વળાંક આવ્યો.

# 15

# વિશ્રામબાપા નાકરાણી
# હિન્દુ મૂળનું રક્ષણ કર્યું

**94. <u>ખીચડી:</u>** સતપંથના સ્થાપક મુસલમાન સૈયદ ઈમામશાહ, પણ તેના શાસ્ત્રોમાં રામ, કૃષ્ણ જેવા હિન્દુ દેવતાઓ. એના ધર્મગુરુ મુસલમાન સૈયદો અને ગાદીપતિ કાકા. હિન્દુ ધર્મ કહે, પણ પીરાણાના કબ્રસ્તાનમાં આવે કબરોની પૂજા કરે. એક બાજુ મુસલમાન કલમાઓ અને બીજી બાજુ હિન્દુ માન્યતાઓ. સામાન્ય માણસના સમજની પરે આ ખીચડી હતી.

**95. <u>પ્રેરણા:</u>** આ બધા વચ્ચે, સતપંથ પાળતી ક. ક. પા. જ્ઞાતિની ખોટી માન્યતા કે પોતે સાચા હિન્દુ છે, અને બાકી અન્ય હિન્દુઓ તો ગાફેલ છે. એવી પરિસ્થિતિમાં જ્ઞાતિના સદભાગ્યે જ્ઞાતિના આગેવાન વડીલને ભગવાને પોતાની જ્ઞાતિ હિન્દુ મટીને મુસલમાન ન થઇ જાય, એના માટે પ્રેરણા આપી.

**96. <u>ભૂલ સમજાણી:</u>** હિન્દુ – મુસલમાનની ખીચડીમાં જ્ઞાતિ ક્યાંક ફસાઈ જઇને ભવિષ્યમાં મુસલમાન ન બની જાય એની ચિંતા, શિકરા[31] ગામમાં રહેતા, વિશ્રામબાપાને થવા લાગી. વિશ્રામબાપા નાકરાણી જ્ઞાતિના ખુબ માનીતા, લોક-પ્રિય ગેઢેરા/આગેવાન અને દીર્ઘ દૃષ્ટા વ્યક્તિ હતા. તેઓ જાણી ગયા હતા કે જ્ઞાતિ એક મુસલમાનને ધર્મગુરૂ માનીને ધર્મના અવળે રસ્તે ચાલતી થઇ ગઈ છે, એ મોટી ભૂલ છે [27:Page 266 and 267] [119:Page 144 and 145].

**97. <u>જ્ઞાતિ પાસેથી બે વચનો લીધા:</u>** સંવત 1685ના, એટલે કે વર્ષ 1628-29માં તેઓ માંદા પડ્યા અને એમની છેલ્લી ઘડી આવી ગઈ. એમની અંતિમ ઈચ્છા પૂછવામાં આવી ત્યારે બાપાએ કહ્યું કે, આપણે ભોળપણમાં એક મુસલમાન સૈયદ ઈમામશાહને ગુરુ માનતા તો માની ગયા છીએ, એ આપણી મોટી ભૂલ છે. પણ આખી જ્ઞાતિ રાતોરાત પાછી ન વળે. પણ સમય જતાં આ જ્ઞાતિ મુસલમાન બની ન જાય અને અને હિન્દુ બનીને રહે, એ માટે મને બે વચનો આપો;

1) **<u>તમે ક્યારેય “ગોકુળિયું” એટલે કૃષ્ણ જન્માષ્ટમી મનાવવાનું બંધ નહિ કરો –</u>** આ વચનના કારણે ક.ક.પા. જ્ઞાતિ હંમેશા કૃષ્ણ ભગવાનનો જન્માષ્ટમી[32] મહોત્સવ ઉજવતો આવ્યો છે.

---

**31** શિકરા = કચ્છમાં ભચાઉ શહેરની બાજુમાં આવેલ એક ગામ. ક. ક. પા. જ્ઞાતિનું પહેલું મથક આ ગામમાં હતું.

**32** કૃષ્ણ જન્માષ્ટમી = જન્માષ્ટમી = સાતમ = સાતમ-આઠમ નામથી પ્રચલિત ભગવાન કૃષ્ણના જન્મનો તહેવાર.

ખાનાના મુખીઓ[33] "ખાના"ની અંદર જન્માષ્ટમી મનાવવા ન આપતા. તો પણ બાપાને આપેલ વચનને પાળવા ખાતર અગવડતાઓ ભોગવીને ખાનાની બહાર ચાલીમાં કે રસ્તામાં જન્માષ્ટમી મનાવવામાં આવતી. પણ વચન તોડ્યું નહીં. આ રિવાજ ટકાવી રાખવા બદ્દલ જ્ઞાતિની માતાઓ અને બહેનોનો અમૂલ્ય ફાળો અને યોગદાન છે, એ કોઇ દિવસ ભૂલવું ન જોઇએ.

2) **<u>તમે કોઈ દિવસ પરમાટી (નોન વેજ) નહીં ખાતા</u> –** કોઈ હિન્દુનું ધર્મ પરિવર્તન કરતી વખતે, પાકું કરવા માટે, એને ગાયનું માંસ ખવડાવવામાં આવતું. માંસાહાર પર બંદી લગાડીને ધર્મ પરિવર્તન કરવાનો આ ઉપાય અટકાવી દીધો. [120:Page 46]

સતપંથીઓના ધર્મ ગુરુ હોવાના નાતે મુસલમાન સૈયદોનું કણબીઓના ઘરે આવાજવાનું શરૂ રહેતું. ગામ માં આવે ત્યારે, સૈયદોનું એક રાજા સમાન સ્વાગત કરવામાં આવતું. એમને મનગમતું ભોજન જમાડવામાં આવતું. મુસલમાન હોવાના કારણે એ લોકો માંસાહાર (નોન-વેજ) પસંદ કરતા. ત્યારે એમની માટે માંસાહાર ગામના અન્ય માંસ ખાતી જ્ઞાતિના ઘરથી માંસ તૈયાર કરીને લાવવામાં આવતું. પણ કણબીઓના ઘરે માંસ રાંધવામાં આવતું નહીં. એના પાછળનું કારણ પણ વડીલ વિશ્રામબાપાને આપેલ વચન જ હતું.

પણ હિન્દુઓનું મન ગાયનું માંસ ખાવા માટે તૈયાર કરતા રહેવાનું કામ ચાલુ રહ્યું. બુધ અવતારમાં પાંડવોએ ગઉ હત્યા કરવાની વાતના અનુરૂપ આ વાત છે. સતપંથની પૂજામાં ગોળની ગાય કાપી તેના ટુકડાને પ્રસાદી તરીકે આપવામાં આવતી [56:May-1972, Page 8 and 9 (201 and 202 of 522)] [111:Page 9] [6:Page 29]. વિચાર કરો વિશ્રામબાપાએ જો આ વચન જ્ઞાતિ પાસે ન લેવડાવ્યા હોત, તો શું થાત. આજે શરમ કે અન્ય કારણ સર આ વાત જાહેરમાં કોઈ સ્વીકારતું નથી. પણ ક્યાંક ને ક્યાંક બંધ બારણે આજે કટ્ટરવાદીઓના ઘરે આ બધુ થતું જ હશે.

**98.** **<u>ખાનપાન ભ્રષ્ટ ન કરી શક્યા:</u>** ઉપર જણાવ્યા પ્રમાણે બાપાને આપેલ બે વચનોને ક.ક.પા. જ્ઞાતિ આજ સુધી પાળતી આવી છે. અને તેનાં કારણે પીરાણા સતપંથના કાકાઓ, સૈયદો, મુખીઓ વગેરે લાખ કોશિષ કરવા છતાં, આ જ્ઞાતિના ખાનપાનને ભ્રષ્ટ ન કરી શક્યા.

**99.** **<u>હિન્દુ મૂળ કાપી ન શક્યા:</u>** માંસાહાર ન કરવો અને જન્માષ્ટમી ઉજવવાની પ્રથાના કારણે આ જ્ઞાતિનું હિન્દુ ધર્મ સાથે જોડાણ તોડી શકવામાં સૈયદો ક્યારેય સફળ ન થયા. જ્ઞાતિના આધ્ય સુધારક શ્રી નારાયણ રામજી લીંબાણીના મનમાં જે લાગી આવ્યું કે આપણે તો હિન્દુ છીએ, છતાં મારી જ્ઞાતિનું આવડું અપમાન શા માટે? એ અહેસાસની પાછળ વિશ્રામબાપાના આ 2 વચનોની મોટી ભૂમિકા રહી હશે, એમાં કોઈ બે મત નથી.

---

[33] મુખી = ખાનાનો મુખ્ય પૂજારી

**100.** **<u>ધર્મ પરિવર્તનની ગતિમાં બ્રેક લાગ્યો:</u>** વિશ્રામબાપાનું એક નાનકડું પગલું જ્ઞાતિ માટે કેવું મહત્વનું નિવડ્યું એનો ઇતિહાસ સાક્ષી છે. પીરાણા સતપંથના ઇસ્લામમાં ધર્મ પરિવર્તનની ગતિમાં, આ ઘટનાએ, એક સ્પીડ બ્રેકરનું કામ કર્યું.

**101.** **<u>વધારાનો સમય મળી ગયો:</u>** હિન્દુ લોહાણામાં થી મુસલમાન બનેલ ખોજાઓની જેમ, અમુક વર્ષોમાં ધીમે-ધીમે, જ્ઞાતિનું ધર્મ પરિવર્તન થઈ જવું જોઇતું હતું. પણ ક. ક. પા. જ્ઞાતિમાં એ સમય પર ન થયું એના પાછળ વિશ્રામ બાપાના એ 2 વચનો હતા જેના કારણે આ સમય ગાળો લંબાઇ ગયો.

**102.** **<u>વિચારધારાના વિનાશના લક્ષ્ય પર અસર:</u>** ધર્મ પરિવર્તનની ગતિ ધીમી પડવાના કારણે, અગાઉ જણાવ્યા પ્રમાણે "વિચારધારાના વિનાશ"નો લક્ષ મેળવવામાં પીરાણા સતપંથીઓને વધુ સમય લાગી ગયો. એનું કામ ઠેલાઇ ગયું.

**103.** "અસ્થિરતાનો દોર", જેના વિષે આગળ જોઈશું, એ દોર સાથે-સાથે ચાલતો રહ્યો. પણ વિશ્રામ બાપાને આપેલ 2 વચનોના કારણે, અધોગતિનો આ દોર ખૂબ જ લંબાઇ ગયો.

તેના કારણે જ્ઞાતિનું હિન્દુ મૂળ ફરીથી કાપવા માટે યોગ્ય સમયની રાહ જોવા સિવાય બીજો કોઈ રસ્તો બચ્યો નહોતો.

આથી જ્ઞાતિમાં સનાતનના બીજને ફૂટી નીકળવા માટે જરૂરી સમય મળી ગયો.

# 16 અસ્થિરતા ફેલાવવાનો તબક્કો

**104. <u>અસ્થિરતાનો તબક્કો શરૂ:</u>** દરેક સમાજની મજબૂતી માટેના જરૂરી પાયાઓને જે-જે ક્ષેત્રોમાં નાખેલા હોય, અને જેના ઉપર સમાજનો વિકાસ નિર્ભર હોય, એ તમામ ક્ષેત્રોનો વિનાશ કેવી રીતે ક. ક. પા. જ્ઞાતિમાં થયો એ આપણે ઉપર જોયો. આપણે જોયું કે જીવનની પ્રેરણા આપતી આશાઓને કેવી રીતે નિરાશામાં ફેરવી નાખવામાં આવી. પરિણામે જ્ઞાતિમાં ચારે બાજુ નિરાશા ફેલાઇ ગઇ. ખોટા કામો અને ખોટા લોકો સામે સામાન્ય લોકો વિરોધ કરવાની હિંમત ન કેળવી શકે, એવી પરિસ્થિતિ નિર્માણ કરવામાં આવી. સમાજના પતનનું આ પહેલું પગથિયું આપણે જોયું.

હવે સમાજના પતનનું બીજું પગથિયું જોઇશું અને એના વિષે સમજશું. એમાં સમાજમાં અસ્થિરતા કેમ આવી એ જોઇશું. વધુ વિગત માટે જુઓ પોઇન્ટ (21). હિન્દુ મૂળ કાપવામાં થયેલ વિલંબ છતાં, એ સમય ગાળામાં જ્ઞાતિમાં "અસ્થિરતા" ફેલાવવાનું કામ તો ચાલુ જ રહ્યું હતું.

**105. <u>આર્થિક શોષણ:</u>** આપણે સમજીએ છીએ કે કોઇ પણ ધર્મ દાનથી ચાલે. પણ જ્યારે દાન સ્વેચ્છાના બદલે ફરજિયાત બને ત્યારે એ કરનો સ્વરૂપ લે. ત્યારે એ ધર્મના ઠેકેદારોના હાથમાં અનુયાયીઓ ઉપર શોષણ કરવાનું એક માધ્યમ બની જાય. સતપંથમાં પણ દાનના નામે આવુંજ કંઇક છે.

દાનની અપીલ બધાજ ધર્મોમાં જોવા મળે છે. પણ સતપંથના શાસ્ત્રોમાં દશાવતાર ગ્રંથની સાથે અનેક જગ્યાએ તો એવું જોવા મળે છે કે જે સતપંથી પૂરી નિષ્ઠા સાથે દસોંદ[34] આપશે એ જ ખરો સતપંથી કહેવાશે. માત્ર એવા ખરા સતપંથીને મૃત્યુ પછી અમરાપુરી[24] જવા મળશે અને કલિયુગના અંતે 1.25 લાખ વર્ષ સુધી ધરતી પર રાજ કરવા મળશે. અને જે દસોંદ નહીં આપે એને નરકની યાતના ભોગવવી પડશે.

અમરાપુરી તેમજ 1.25 લાખ વર્ષ સુધી રાજ કરવાની લાલચો સાથે નરકની યાતનાનો ડર [88:Page 371] એક સામાન્ય શ્રદ્ધાળુ પાસેથી ઘણું બધું કરાવી જાય. આ પ્રકારનો લોભ અને ડર એક વ્યક્તિને અસંખ્ય યાતનાઓ, દુઃખો અને જુલ્મો સહન કરાવે, પણ દસોંદ ન આપવાની ભૂલ કરવા ન આપે.

**105.1. <u>દસોંદ / દશાંસ:</u>** દર વર્ષે આવક અથવા કમાણીના 10% આપવા. તેમજ મિલકતની કિંમત વધે તો એના પર પણ 10% ગણવામાં આવે [85:Page 26, Point 6] [88:Page 127, 497].

**105.2. <u>વીસોંદ / વિશાંસ</u>**: દસોંદ જેવું જ, પણ 10%ના બદલે 20% આપવા [148:Page 24].

---

**34** દસોંદ = દશોંદ

**105.3. <u>પ્રકારો:</u>** જ્ઞાતિના આધ્ય સુધારક શ્રી નારાયણજી રામજી લીંબાણી દ્વારા લિખિત મહાન ગ્રંથ પીરાણાની પોલના પેજ ક્રમ 545માં [88:Page 545] એક સતપંથી ઉપર લગાડવામાં આવતા કર અને લાગાઓની એક સૂચિ આપેલ છે, જે નીચે પ્રમાણે છે.

અમુક કર[35] અને લાગાઓ[36] ની સૂચિત યાદી નીચે આપેલ છે. આ યાદી ઉપરાંત વધારાના અન્ય કર અને લાગાઓ પણ હોઈ શકે છે, તેની નોંધ લેશો.

1) છોકરાંના જન્મ પછી સતપંથી બનાવવાનો કર
2) પરદેશ ગયેલા[37] ભાઈઓ જ્યારે દેશમાં[38] પાછા આવે ત્યારે પાવન કરવા નૂરની ગોળી[39] પાવાનો[40] કર
3) ગુરુવાર[41] તથા ચાંદરાતે[42] થાળ કરવાનો અને રોકડા પૈસા મૂકવાનો કર
4) મરનારનો દાડો[43] ખાવા જાય તેને જણ દીઠ દોકડા[44] લેખે ભરવાનો કર
5) મરનારના ગુના છોડાવવા[45] માટે એક માણસ દીઠ 50 થી 150 કોરી[46] સુધી કર
6) લગ્ન કે પુનર્લગ્ન કરે તો 7.5 કોરીનો કર
7) ઢોરની[47] પ્રજા વધે તો તેના પર દસોંદનો કર
8) આગેવાનોનો[48] અનાદર તથા જ્ઞાતિનો ગુનો કરે તો દંડ રૂપી આપવો પડતો કર

---

**35** કર = Tax

**36** લાગા = Fees / Charges

**37** પરદેશ ગયેલા = રોજગાર હેતુ પરદેશ કામ કરવા માટે ગયેલા

**38** દેશ = કચ્છમાં. કારણ કે ક. ક. પા. જ્ઞાતિ માટે દેશ એટલે કચ્છ

**39** નૂરની ગોળી = પાવળ વગેરે માહિતી માટે ટૂંકાક્ષર વિભાગ જોવા વિનંતી

**40** પાવાનો = પીવડાવવાનો શબ્દનો અપભ્રંશ

**41** ગુરુવાર એટલા માટે, કારણ કે સતપંથમાં ગુરુવાર-શુક્રવાર રાતની પૂજાનું બહુ મહત્વ હોય છે.

**42** ચાંદરાત = રમઝાન મહિનો પૂર્ણ થયા બાદ પહેલી રાત, જેણે ઈદ-ઉલ-ફિતર કહેવામાં આવે છે. Source: https://abkkpsamaj.org/go/fn42

**43** દાડો = કોઈ વ્યક્તિના મૃત્ય પછી, એના પરિવાર દ્વારા મૃતકના મોક્ષ હેતુ કરવામાં આવતો જમાણવારો [114:Page 24] [6:Page 176].

**44** દોકડા = See Footnote 46

**45** ગુના છોડાવવા = મૃતક વ્યક્તિ હાથે જીવન ભર થયેલ ગુના (અપરાધ)થી મુક્ત કરવા. અને આવું કરે તો જ એ મૃતક માણસ અમરાપુરી[24] જઈ શકશે. એવી માન્યતા સતપંથમાં છે.

**46** કોરી = વર્ષ ૧૯૪૮ સુધી કચ્છનું નાણાંકીય ચલણ હતું. કોરીને ૨૪ દોકડા (એકવચન: દોકડી) અને દોકડાને ૨ ત્રાંબિયોમાં વિભાજીત કરવામાં આવતું હતું. કોરીના માત્ર સિક્કાઓ જ બહાર પાડવામાં આવ્યા હતા. અન્ય તાંબાના સિક્કાઓ ઢબુ અને ઢિંગલો હતા. ૧ કોરી = ૨ અડલિઆનો = ૪ પાયલો = ૮ ઢબુ = ૧૬ ઢીંગલો = ૨૪ દોકડા = ૪૮ ત્રાંબિયો = ૯૬ બબુકિયા. ૧ ભારતીય રૂપિયો = ૩½ કોરી વડે તેને ભારતની સ્વતંત્રતા પછી તેનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. (Source: https://abkkpsamaj.org/go/fn46)

**47** ઢોર = ગાય, બળદ, ઘોડા, બકરી, ઊંટ વગેરે પશુ જેને સામાન્ય રીતે માણસ પાળતો હોય છે.

**48** ગેઢેરાઓ

9) સૈયદોને[49] ગુરુ કરવા માટે ઓછામાં ઓછી એક માણસ દીઠ 12 કોરીનો કર
10) પીરાણાવાળો મુજાવર[50] કાકો[51] [52] દેશમાં**38** આવે ત્યારે શીરબંધી[53]નો કર
11) દર સાલ પીરાણે યાત્રા કરવા આવનાર અંદાજે 400 માણસના સંઘને ઓછામાં ઓછા એક માણસ દીઠ રૂ. 50/- થી માંડીને વધારેમાં વધારે રૂ.100/- સુધીનું આવતું ખર્ચ.

**105.4. <u>રકમનો દુરુપયોગ:</u>** વર્ષ 1920ની આસપાસની વાત હશે કે, આવા-આવા અનેકો પ્રકારથી કચ્છના એ પીરાણા સતપંથી કણબી ભાઈઓને એક વર્ષની અંદર ઓછામાં ઓછા રૂ. 1,50,000/- કર (ટેક્સ) આપવો પડતો. આવડું કર્યા બાદ પણ, ધર્મ માટે આપેલ ક્ષમતા બહારના કર અને લાગાઓમાંથી મોટી રકમ તો જ્ઞાતિના આગેવાન પટેલો (ગેઢેરાઓ) અને મુખીઓ[54] હજમ કરી જતા હતા. આ માધ્યમથી કહેવાતા આગેવાન ગેઢેરાઓ પોતાનાથી બની શકે એટલો ત્રાસ કેટલાક જ્ઞાતિભાઈઓને આપવામાં બિલકુલ કચાસ રાખતા નહોતા [88:Page 546 and 547]. આ જ્ઞાતિના પૈસાનો ઉપયોગ જ્ઞાતિ ઉપર જુલ્મો ગુજારવા માટે કરતા હતા. આ અંગે વિસ્તૃત જાણકારી ક. ક. પા. જ્ઞાતિ સુધારક શ્રી નારાયણ રામજી લીંબાણી દ્વારા લિખિત "કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાંના જુલ્મી આગેવાનોનાં કાળાં કૃત્યો ઉપર સર્ચલાઇટ – એક પ્રાસ્તાવિક નિબંધ" [85] નામનું પુસ્તકમાં આપેલ છે.

**105.5.** આર્થિક રીતે જ્યારે કોઈ સમાજને પાયમાલ કરવામાં આવે, ત્યારે એ સમાજના લોકોની લડવાની શક્તિ ક્ષીણ થઈ જાય. જેના કારણે અસ્થિરતા ફેલાય.

**106. <u>કાયદો અને વ્યવસ્થાના માધ્યમથી શોષણ:</u>** આર્થિક શોષણ ત્યારે શક્ય છે કે જ્યારે લોકોના મનમાં કાયદા અને વ્યવસ્થા પર ભરોસો ન હોય. ઉપર જણાવેલ પોઈન્ટ (76)માં જણાવ્યા પ્રમાણે આપણે જોયું કે કાયદો અને વ્યવસ્થાના લાભોથી જ્ઞાતિ જનોને કેવી યુક્તિ પૂર્વક અળગા રાખવામાં આવ્યા.

**106.1. <u>પોતાના હાથની સત્તાનો દુરુપયોગ કરવો:</u>** આગેવાનો / ગેઢેરાઓના વિરુદ્ધ બોલનારના લગ્નો અટકાવે. જ્ઞાત બહાર કરી નાખે અને જબરદસ્તી છૂટાછેડા કરાવી નાખે [130:Page 39] [6:Page 136].

---

**49** સૈયદ = હરિવંશ = ઇમામશાહના વંશજો.. કે જેણે પીરાણા સતપંથને માનનારા લોકો ગુરુ માને છે. [88:Page 547]

**50** મુજાવર = કબરની દેખરેખ રાખવાવાળો

**51** કાકો = કાકા-ભત્રીજા વાળો કાકો નહીં, પણ અહીં કાકાએ ફારસી શબ્દ છે, જેનો અર્થ ગુલામ/નોકર થાય છે.[85:Page 27-Point 9]

**52** પીરાણાનો મુજાવર કાકો = પીરાણાના ગાદી પતિ. હાલ.. જેમના નામ સાથે "મહારાજ" શબ્દ જોડવામાં આવે છે.

**53** શીરબંધી = એક જાતની ભેટ. જુઓ [88:Page 31] [111:Page 5] [6:Page 25].

**54** મુખી = જમાતખાના ઉર્ફે ખાનામાં કલમા વગેરે બોલીને બંદગી કરનાર એટલે કે ખાનાનો પૂજારી.

106.2. **<u>કાયદો અને વ્યવસ્થામાં અસ્થિરતાના લક્ષણો:</u>** અસ્થિરતાને વધુ સારી રીતે સમજવા માટે આપણે સામાન્ય રીતે કાયદો અને વ્યવસ્થાના ક્ષેત્રમાં અસ્થિરતાના લક્ષણો કેવા હોય છે, એના પર ઊડતી નજર કરીએ.

<u>સામાન્ય લોકો એવું વિચારતા થાય કે;</u>

1) કાયદા અને વ્યવસ્થાથી કોઈ ડરતું નથી.
2) પોલીસ અને કોર્ટમાં પૈસા અને પાવરના જોરે ઘણું બધુ થઈ જાય છે.
3) કાયદો અને વ્યવસ્થાનો સહારો લેવો, પણ એના પર ભરોસો કરવો નહીં. લાંબે ગાળે કાયદાઓ કોઈ ખાસ કામ આવતા નથી.
4) કાયદો અને વ્યવસ્થા ગરીબ માણસો માટે નથી.

106.3. **<u>અસ્થિર પરિસ્થિતિનું આકલન:</u>** જ્ઞાતિ કચ્છમાં આવીને વસી ત્યારથી લઈને કેશરા પરમેશ્વરા (કેશરા બાપા)ના[55] સમય કાળ સુધી આ વિષય ઉપરના દસ્તાવેજો કે લેખો અમને જોવા મળેલ નથી. પણ કેશરા પરમેશ્વરાના જીવન ઉપર લખેલ પુસ્તકમાં [96] આ વિષય પર સારી જાણકારી જોવા મળે છે. જેના ઉપરથી આપણે અંદાજ કરી શકીએ કે, ક. ક. પા. જ્ઞાતિના લોકો માટે કાયદો અને વ્યવસ્થા કેટલી અસ્થિર પરિસ્થિતિમાં હશે.

કેશરા પરમેશ્વરા (કેશરા બાપા)ના સંબંધો કચ્છના રાજા સાથે ખૂબ સારા હતા અને નિકટતાના પણ હતા. સંબંધ એટલા સારા હતા કે કેશરા બાપા સમય માગ્યા વગર ગમે ત્યારે રાજાને મળવા જઈ શકે, તેવો હુકુમ ખુદ દરબારશ્રીએ[56] કર્યો હતો [96:Page 74]. એટલું જ નહીં કચ્છના રાજા પ્રાગમલજીના પત્ની રાણી સાહેબા તો એમના ધર્મના બહેન હતાં [96:Page 93]. તેવી જ રીતે પોતાના ગામ નેત્રાની આજુ-બાજુમાં આવેલ જાગીરદારો સાથે પણ ખૂબ સારા સંબંધો હતા.

પણ કાયદો અને વ્યવસ્થા ક્ષેત્રે આગાઉ જણાવેલ પોઈન્ટ (76) પ્રમાણે, ઈમામશાહે કચ્છના રાજા સાથે કરેલ સમજૂતી મુજબ ક. ક. પા. જ્ઞાતિના લોકોને પોલીસ અને કોર્ટ જેવી ન્યાય તંત્રની સગવડોથી વંચિત રાખીને આ ક્ષેત્રે જે "નિરાશા" ફેલાવી હતી, તેના પરિણામે હવે આ ક્ષેત્રમાં "અસ્થિરતા" દેખાવવા લાગી.

પુસ્તકમાં જણાવ્યા પ્રમાણે સતપંથી દ્વારા કરવામાં આવતી કનડગત એવી હતી કે, કેશરા બાપાને કચ્છના રાજાનું પીઠબળ હોવા છતાં, કેશરા મુખી[57] ઘણી વખત મૂંઝવણમાં મુકાઇ જતા [96:Page 14, 62]. કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાંના આગેવાન ગેઢેરાઓ જે બોલે તે જ જ્ઞાતિ માટેનો કાયદો ગણાતો [96:Page 5].

---

**55** કેશરા બાપાના યોગદાન ઉપર વિસ્તૃત જાણકારી આપતું અલગથી એક પ્રકરણ આગળ શામેલ છે.
**56** દરબારશ્રી = મહારાવ = કચ્છના રાજાને દરબારશ્રી પણ કહેવામાં આવતું.
**57** કેશરા મુખી = કેશરા પરમેશ્વરા = કેશરા બાપા

કાયદા વ્યવસ્થામાં અસ્થિરતાના કારણે ગેઢેરાઓ દ્વારા કેશરા બાપાને હેરાન-પરેશાન કરવામાં આવેલ અમુક દાખલાઓ આ પ્રમાણે છે.

1) કેશરા બાપા અને એમના અન્ય 4 મિત્રોએ સનાતન ધર્મ સ્વીકાર્યો એટલે વિથોણ ગામમાં ત્રણ પાંચાડાની જ્ઞાતિ ભેગી કરી તેમની સામે કડક પગલાં ભરવા માટે ગેઢેરાઓ ભેગા થયા [96:Page 46].
2) તેમના એક સાથીદાર શ્રી અબજી કરસન ભગતને અમાનુષી માર માર્યો [96:Page 54].
3) કેશરા બાપા અને સનાતની સાથીદારોના પરિવારમાં થયેલ સગપણ તોડવવાના પ્રસંગો બનવા લાગ્યા [96:Page 61].
4) પરિણામે સ્વામિનારાયણ વાળા અને સતપંથ વાળા વચ્ચે ખુદ કચ્છના મહારાજાને સમાધાન કરાવવું પડ્યું [96:Page 64].
5) કચ્છના મહારાજાએ કરાવી આપેલ સમાધાનનો કાગળ સતપંથી રૈયા નાકરાણીએ ફાડી નાખ્યો [96:Page 65].
6) રૈયા નાકરાણીના વર્તનથી કંટાળી સ્વયં કચ્છના રાજાએ કહ્યું કે "જૂનો ધર્મ પાળવવાળા તમે સૌ બહુ શિરજોરી વાપરો છો અને ઝઘડો તમે લોકો જ કરો છો" [96:Page 71].
7) સ્વામિનારાયણ મંદિરનો પાયો ખોદાય એટલે રાત્રે જૂના ધર્મ વાળા ખાડો પૂરી દે. આવા કાર્યોથી મંદિરનું કામ અટકાવવું [96:Page 73]. મંદિરના કામકાજ માટે કચ્છના રાજાએ પોલીસ સંરક્ષણ આપ્યું અને અન્ય તમામ રીતે મદદ આપવાનો ભરોસો આપ્યો [96:Page 74 and 75].
8) સ્વામિનારાયણના સાધુઓ ઉપર હાડકાં, માંસ વગેરે અપવિત્ર વસ્તુઓ નાખીને અભડાવવાના પ્રયત્નો [96:Page 86].
9) સમાજના સવેચ (Joint) વાસણો, ગાદલાં ગોદડાં[58] વાપરવા ન આપવાં, અશ્લીલ શબ્દોથી ધક્કાઓ મારી અપમાન સાથે બહાર કાઢવા, વગેરે [96:Page 94 to 97].

આવા તો અસંખ્ય દાખલાઓ ઇતિહાસમાં જોવા મળે છે તેમજ ક. ક. પા. જ્ઞાતિના વડીલો પાસેથી મૌખિક રીતે આવું સાંભળવા મળતું હોય છે. કેશરા બાપા પછી નારાયણ રામજી લીંબાણી અને એમના પછી રતનશી ખીમજી ખેતાણીની આગેવાની હેઠળ ચાલેલ ચળવળમાં તેમને જે તકલીફો અને પરેશાનીઓ જોઈ છે, એના પણ ઘણા દાખલાઓ જોવા મળે છે.

58 વાસણો અને ગાદલાં ગોદડાં = જ્ઞાતિ ખૂબ ગરીબ હોવાના કારણે, લોકો પાસે ધાતુના વાસણો, ગાદલાં ગોદડાં વગેરે ખૂબ સીમિત સંખ્યામાં રહેતા. લગ્ન જેવા કોઈ મોટો પ્રસંગ માટે ગામના ખાનામાં સંયુક્ત રીતે વાસણો વગેરે રાખવામાં આવે અને જેના ઘરે પ્રસંગ હોય એ વાપરી શકે, એવી વ્યવસ્થા ચાલતી.

**106.4.** ઇતિહાસમાં કેશરા બાપાનો સમય-કાળ ઉપર વાત કરવાનો સમય હજી આવ્યો ન હોવા છતાં, આ તબક્કે કેશરા બાપાની સાથે થયેલ ઘટનાઓના દાખલાઓ અહીં આપવા પાછળનો ઉદ્દેશ એટલો છે કે, વાચક વર્ગને ખ્યાલ આવે કે, તેમના સમયે ક. ક. પા. જ્ઞાતિ માટે, "કાયદો અને વ્યવસ્થા" ક્ષેત્રમાં કેવી અસ્થિરતા હતી. કારણ કે આ બધી ઐતિહાસિક ઘટનાઓ એક જ કડીથી જોડાયેલી છે.

જો કેશરા બાપા જેવા વ્યક્તિ કે બધી જ રીતે સક્ષમ અને શક્તિ શાળી હતા અને એમને કેટલું બધુ સહન કરવું પડ્યું હોય, તો તેનાથી પહેલાના સમયમાં (એટલે ઇતિહાસના આ પડાવમાં) કેવી પરિસ્થિતિ હશે, એની કલ્પના વાચક કરી શકે.

**107.** **<u>મીડિયા</u>[59]:** કહેવાય છે ને કે મીડિયા લોકતંત્રનો ચોથો સ્તંભ[60] હોય છે. જેમાં ઔપચારીક સમાચાર માધ્યમ મુખ્ય હોય છે. આ માધ્યમથી લોકો પર થતા અત્યાચારોને વાચા આપી, જરૂરી સુધારાના પગલાં ભરવા માટે સરકારી તંત્રનું ધ્યાન દોરવામાં આવતું હોય છે.

વિક્રમ સંવત 1832 (વર્ષ 1776) માં જાહેર મીડિયા નહોતું. આજના જેમ ઇલેક્ટ્રોનિક કે સોશિયલ મીડિયાની તો વાત જ નથી. સંદેશ વ્યવહાર માટે પાંટીઆ[61] પદ્ધતિ હતી.

એટલે મીડિયાને અસ્થિર કરવાનો મુદો અહીં બહુ વિશેષ રહેતો નથી.

પણ, આજે આપણે જોઇએ છીએ કે મીડિયાનો કેવી રીતે દુરુપયોગ કરવામાં આવે છે. પેઇડ ન્યુસ, ફેક ન્યુસ, પૈસાના દમપર મોટી-મોટી પણ ખોટી જાહેરાતો આપવી, જાહેરાત આપવાના વાયદાઓથી પત્રકારોને ખરીદવા, સમાચારોને મરોડીને પોતાના તરફી રજૂ કરવા, સમાચારોમાં પોતાનો પ્રચાર છૂપી રીતે સામેલ કરવો વગેરે હથકંડાઓ વાપરવામાં આવે છે. મીડિયાનો ઉપયોગ કરીને પબ્લિક સેન્ટિમેન્ટ / મતને કેવી રીતે પોતાના પક્ષમાં કરવામાં આવે છે, તે લગભગ આજની પેઢીને ખબર છે.

મીડિયા આજના પરિપેક્ષમાં ખૂબ મોટી ભૂમિકા ભજવે છે, માટે ભવિષ્યને ધ્યાને રાખીને આ મુદ્દો અહીં લેવામાં આવેલ છે.

આજના પરિપેક્ષનો એક દાખલો જોઈએ તો, સતપંથના એક ભાઈ હતા, શ્રી રતનશી લાલજી વેલાણી. એ ભાઇ પોતાને શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના પ્રમુખ છે અને પોતાના પ્રમુખ પણા હેઠળ એ સમાજની સામાન્ય સભા નખત્રાણા ખાતે બોલાવી હોવાના સમાચારો અમુક વર્ષ કચ્છ મિત્ર અને અન્ય સમાચાર પત્રિકાઓમાં આવતા (**દા.ખ્ત. જાહેરાત:** કચ્છ મિત્ર, ભુજ આવૃત્તિ, દિનાંક 16-Oct-2014,

---

**59** મીડિયા = પ્રચાર પ્રસારનું માધ્યમ

**60** લોકતંત્રના ત્રણ સ્તંભો = વિધાન મંડળ, અમલદારી, ન્યાય તંત્ર

**61** પાંટીઓ = ઘરો ઘર જઇને લોકોને સંદેશો પહોંચાડવાવાળો વ્યક્તિ

પેજ 15 અને **સમાચાર:** કચ્છ મિત્ર, ભુજ આવૃત્તિ, દિનાંક 20-Sep-2014). કારણ કે તે સમયમાં મૂળ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની સામાન્ય સભા યોજવાની હોય. એમાં એમની બનાવટી મિટિંગના ફોટોઓ પણ છાપેલ હોય. આવા સમાચારો આપીને જનતાને એવો સંદેશ આપે કે જાણે રતનશી લાલજી વેલાણી એ સમાજના પ્રમુખ છે. પણ વાસ્તવમાં સમાજના સાચા પ્રમુખ તો ઘણા વર્ષોથી શ્રી અબજીભાઈ વિશ્રામ કાનાણી છે. આ છે મીડિયાના દુરુપયોગનો એક દાખલો[62].

**108. <u>વિચારધારાના વિનાશની લક્ષ્ય પૂરતી (આ તબક્કે):</u>** અસ્થિરતા ફેલાવવાના આ તબક્કામાં કેટલું નુકસાન થયું એ નીચે આપેલ ટેબલમાં જોઈશું. નિરાશાના તબક્કા પછી અસ્થિરતાના તબક્કામાં થયેલ નુકસાનને ટ્રેક કરતો આ ટેબલ છે.

| ફેરફારો ઉપર નજર / Tracking ટેબલ | | |
|---|---|---|
| **Ideological Subversion / વિચારધારા વિનાશ** | **વિનાશ વિગત** | **વિનાશ સ્થિતિ** |
| **1. Demoralisation Areas / નિરાશાના ક્ષેત્રો** | 19 | પૂર્ણ |
| 1.1. Religion / ધર્મ | 20.1 | ✓(70) |
| 1.2. Education / શિક્ષા – કેળવણી | 20.2 | ✓(89) |
| 1.3. Social Life / સામાજિક જીવન | 20.3 | ✓(88) |
| 1.4. Power Structure / સત્તાનું માળખું | 20.4 | ✓(77.1) |
| 1.5. Law and Order / કાયદો અને વ્યવસ્થા | 20.5 | ✓(77.2) |
| 1.6. Leadership / નેતૃત્વ | 20.6 | ✓(77.3) |
| **2. Destabilisation / અસ્થિરતા લાવવી** | 21 | **પૂર્ણ** |
| 2.1. Finance / આર્થિક | 21.1 | **✓(105)** |
| 2.2. Law and Order / કાયદો અને વ્યવસ્થા | 21.2 | **✓(106)** |
| 2.3. Media / મીડિયા | 21.3 | **✓(107)** |
| **3. Crisis / કટોકટીની સ્થિતિમાં મૂકવું** | 23 | બાકી |
| 3.1. So called Saviour / કહેવાતા ઉદ્ધારકો<br>• અંદરની વ્યક્તિ<br>• બહારની વ્યક્તિ | 23.3 | બાકી |
| **4. Normalisation / સામાન્ય પરિસ્થિતિ બહાલ કરવી** | 24 | બાકી |
| 4.1. નવો સમાજ પ્રસ્થાપિત કરવો – 2 ચરણોમાં | | બાકી |

[62] દાખલાઓ = રતનશી લાલજી વેલાણીના આવા વધુ દાખલાઓ માટે જુઓ https://abkkpsamaj.org/go/fn62

# 17

# સંવત 1832નો ઠરાવ – હિન્દુ મૂળ કાપવાનો "કાળો" ઠરાવ

**109. <u>પરિપેક્ષ:</u>** વિચારધારાના વિનાશના શરૂઆતના 2 તબક્કાઓ એટલે કે "અધોગતિનો તબક્કો" અને "અસ્થિરતાનો તબક્કો", લગભગ પૂર્ણતાની આરે આવી ગયા હતા. આ સમય ગાળા સુધી ક. ક. પા. જ્ઞાતિના લોકો હિન્દુ ધર્મ પ્રમાણે બ્રાહ્મણોના હાથે ધાર્મિક વિધિ કરાવતા અને પછી ફરીથી સૈયદોના હાથે પણ એજ બાબતની વિધિઓ કરાવતા. હજી સુધી હિન્દુ મૂળ છોડ્યું નહોતું. હવે ધર્મ પરિવર્તનનું કામ આગળ વધારવા માટે હવે પછીનું પગલું ભરવામાં આવ્યું. અને એ હતું કે..

1) અનુયાયીઓના મૂળ ધર્મ એટલે કે હિન્દુ ધર્મ સાથે ચાલતા સંબંધો કાપવા. અને,
2) હિન્દુ ધર્મમાં પાછા વળવાના દરવાજાઓ બંધ કરવા.

**110. <u>પીરાણાના કાકા અને ધર્મગુરુ સૈયદનું કચ્છમાં આવવું:</u>** એક વિવાહ પ્રસંગે, પીરાણાના ગાદીપતિ પ્રાગજી કાકા અને ધર્મ ગુરુ સૈયદ વલિમિયાં (ઈમામશાહના વંશજ) નખત્રાણા આવ્યા. ત્યાં એ લોકોએ કણબીઓને હિન્દુ ધર્મથી અલગ કરવા અને પીરના શુધ્દ અનુયાયી બનાવવા માટે ખટપટ ચલાવી.

**111. <u>સંવત 1832નો "કાળો" ઠરાવો:</u>** વિક્રમ સંવત (VSAK)1832ના પોષ વદ 13, એટલે દિનાંક 18-Jan-1776ના દિને, પ્રાગજી કાકા અને સૈયદ વલિમિયાંએ, નખત્રાણાના ખાનામાં આખી જ્ઞાતિ ભેગી કરી અને ઈમામશાહ બાવાની પાટ સામે ધૂપ દીવો કરી, તેમની પાસેથી નીચે મુજબના ઠરાવો કર્યા અને ભોળી જ્ઞાતિને ભરમાવવાની વાતો કરી [88:Page 526] [105:Page 201] [98:Page 7] [56:Jan-1972, Tantri Lekh, Page 9 and 10 of 522];

1) **<u>બારોટ ગૌરીદાસ શામદાસને રજા આપી:</u>** આજ દિવસ પછી બારોટ પાસે વહીવંચા[63] લખાવવા નહીં. તેમજ તેમણે કઈ આપવું નહીં, એવો પહેલો ઠરાવ કર્યો.
2) **<u>ગોર જાની દયાશંકર ભાગવનજીને રજા આપી:</u>** ગોર દયાશંકર અને તેમના વંશજ, તેમજ કોઈ પણ અન્ય બ્રાહ્મણ પાસે, લગ્ન કે કોઈ પણ પ્રસંગે કોઈ કર્મ[64] કરાવાવવું નહીં. આ હતો એમનો બીજો ઠરાવ.

બિચારા અંધશ્રદ્ધાળુ અને ધર્માંધ કણબીઓ આ ચાલને ઓળખી ન શક્યા અને એમની વાતમાં ફસાઈ ગયા.

---

**63** વહીવંચા = વંશ પરંપરાગત રીતે હિન્દુ જ્ઞાતિની વંશાવલી લખનાર = Genealogist
**64** કર્મ = પૂજા તેમજ અન્ય કોઈ પણ ધાર્મિક વિધિ

**112. <u>ઠરાવો પાછળની મેલી મુરાદ:</u>** ઉપર જણાવેલ ઠરાવો પાછળની મેલી મુરાદને નીચે જણાવેલ મુદ્દાથી સમજી શકાય.

1) **<u>હિન્દુ મૂળ કાપવું:</u>** વહીવંચાની કામ કરવાની શૈલી હોય છે કે જ્યારે એ કોઈના ઘરે જાય, ત્યારે એના ઘર, કુળ અને ગામનો સચોટ ઇતિહાસ કહે. એમના પૂર્વજોની યશગાથા કહે. જેથી લોકોને પોતાના પૂર્વજો ઉપર ગૌરવ થાય. અને ત્યાર બાદ વંશાવલી લખવામાં આવે એટલે કે ઘરમાં થયેલ જન્મ-મરણ-લગ્ન વગેરેની ઘટનાઓ નોંધવામાં આવે.

તમે સમજી શકો છો કે વહીવંચા પાસે પોતાની વંશાવલી[65] લખાવવા પર રોક લગાડવાનું કારણ હતું કે કણબીઓ ધીરે ધીરે પૂર્વજોનું ગૌરવ ભૂલે, સાથે ભૂલી જાય કે એમના પૂર્વજો હિન્દુ હતા. તેમજ એમની મૂળ હિન્દુ જ્ઞાતિ સાથે સંબંધો પણ ઘસાઈ જાય. આવી રીતે કણબીઓ એક વખત પોતાના મૂળથી છૂટા પડી જાય, એટલે એ લોકોની શ્રદ્ધાને સંપૂર્ણ રીતે ઇસ્લામમાં વાળવી સહેલી બની જાય.

અને, બીજી બાજુ હિન્દુ સમાજ, જે જ્ઞાતિ આધારીત છે, એ જ્ઞાતિની જાણકારી વગર પાછા હિન્દુ સમાજની કઇ જ્ઞાતિ એને સ્વીકારે એ મોટો પ્રશ્ન ઊભો થાય. તેમજ જ્ઞાતિની જાણકારીના અભાવે એની મૂળ જ્ઞાતિ પણ એમને પોતાનામાં સમાવવામાં સંકોચ અનુભવે. જે સ્વાભાવિક હતું. આથી કરીને હિન્દુ સમાજમાં પાછા ફરવાના તમામ દરવાજા કાયમ માટે બંધ થઈ જાય, એ રમત હતી, એ બધા સમજી શકે એવી આ વાત છે.

2) **<u>હિન્દુ ધર્મથી દૂર કરવા:</u>** બ્રાહ્મણોને દૂર કરવા પાછળનો હેતુ હતો કે કણબીઓને હિન્દુ ધર્મની વિધિઓ, રીત-રિવાજો અને પરંપરારાઓથી દૂર કરવા. હિન્દુઓમાં વૈદિક ચોરી[66] પદ્ધતિથી થતા **લગ્નો** બંધ કરી ખાનામાં મુખીના હાથે નિકાહ પદ્ધતિથી લગ્નો શરૂ કરવામાં આવ્યા.

બીજો એક મહત્વનો મકસદ હતો કે મૃત્ય પછી મૃતક શરીરને (ચિતા ઉપર) **અગ્નિ સંસ્કાર** આપવાની હિન્દુ વિધિ બંધ કરાવીને, તેના બદલે ઇસ્લામી **દફન** વિધિ શરૂ કરવી.

આવી રીતે બ્રાહ્મણોના હાથે થતા હિન્દુઓના તમામ કર્મકાંડો બંધ કરાવ્યા, અને ખાનાના મુખીઓના હાથે વિધિઓ શરૂ કરવામાં આવી. બ્રાહ્મણોને દૂર રાખવાથી લોકોને હિન્દુ ધર્મથી વિમુખ કરવા બાદ ધીરે-ધીરે ઇસ્લામમાં એમની શ્રદ્ધા વધતી જાય, એવી એમની યોજના સ્પષ્ટ દેખાવા લાગી.

---

**65** વંશાવલી = Family Tree

**66** ચોરી = 4 થાંભલા ઉપર ઊભો કરેલ લગ્ન મંડપ જ્યાં અગ્નિની સાક્ષીએ નવદંપત્તિ લગ્નના ફેરા લે.

**113. <u>મુમના મુસલમાનની ઓળખ ઊભી થઈ:</u>** સૈયદ વલિમિયાં અને પ્રાગજી કાકાને પોતાના ઉદ્દેશમાં સફળતા મળવા લાગી. ધીરે-ધીરે કણબી જ્ઞાતિમાં એટલે કે ક. ક. પા. જ્ઞાતિમાં;

1) લગ્નો નિકાહ પદ્ધતિથી શરૂ થયા અને મડદાને દફન કરવાની વિધિ શરૂ થઈ.
2) બ્રાહ્મણો સંપૂર્ણ પણે નીકળી ગયા.
3) એક કૃષ્ણ જન્માષ્ટમી[67] સિવાય લગભગ બધાજ હિન્દુ તહેવારો મનાવવાનું બંધ થઇ ગયું.
4) હિન્દુ ધાર્મિક શાસ્ત્રો પૂરેપૂરા બંધ થઈ ગયા. હવે સૈયદ ઇમામશાહ દ્વારા તૈયાર કરેલ ઇસ્લામી શાસ્ત્રોનો જ્ઞાતિના ધર્મ ઉપર એકાધિકાર થઈ ગયો.
5) હિન્દુ મંદિરો અને હિન્દુ ધર્મના કાર્યક્રમોમાં કોઈ જઈ ન શકે અને જાય તો ગેઢેરાઓ દંડ ફટકારવા લાગ્યા. જેથી લોકો જાહેરમાં હિન્દુ ધર્મથી વંચિત રહેવા લાગ્યા.[68]

આવા કારણોને લઈને ક. ક. પા. જ્ઞાતિના લોકોની ઓળખ "મુમના"[69] મુસલમાન તરીકે કચ્છમાં ઊભી થઈ [35:Page 148] [121:Page 355].

**114.** સનાતની ક. ક. પા. જ્ઞાતિ માટે આ એક ઇતિહાસનો **"કાળો"** દિવસ છે. "સંવત 1832ના ઠરાવો"ના નામથી ઓળખાતા આ ઠરાવોએ જ્ઞાતિને, વિચારધારાના વિનાશના સહુથી ઘાતક તબક્કા તરફ ધકેલી દીધી. જેણે **<u>"કટોકટી કે સંકટની સ્થિતિ"</u>** કહેવામાં આવે છે. જેના વિષે આગળ આપણે જોઇશું.

**115. <u>પરિસ્થિતિને બરાબર સમજીએ:</u>** તમને યાદ અપાવું કે વિચારધારાના વિનાશના તબક્કાઓ વિષે આગાઉ જે ચિત્રના માધ્યમ સમજાવેલ છે, જુઓ પોઈન્ટ (23), એ ચિત્રના માધ્યમથી આપણે પહેલાં બરાબર સમજીશું કે ક. ક. પા. જ્ઞાતિ કેવા ઘાતક કટોકટીની પરિસ્થિતિમાં પહોંચી ગઈ. પરિસ્થિતિ બરાબર સમજી શકાય એટલા માટે યાદ અપાવું છું કે હવે આના પછી વિચારધારાના વિનાશનો માત્ર એક જ તબક્કો બાકી રહી ગયો છે, અને એ છે હિન્દુ ઓળખને ત્યાગીને ઇસ્લામની ઓળખ જાહેરમાં સ્વીકારી લેવી, જે ધર્મ પરિવર્તનનું છેલ્લું પગથિયું છે.

ખાસ નોંધ લેશો કે સંવત 1832ના ઠરાવ વખતે પીરાણાનો ગાદીપતિ કાકો અને ગામેગામના મુખીઓ એ જ્ઞાતિના **અંદરના વ્યક્તિઓ** હતા. જ્યારે ધર્મગુરુ સૈયદ વલિમિયાં એ જ્ઞાતિથી **બહારનો વ્યક્તિ** હતો.

---

**67** કૃષ્ણ જન્માષ્ટમી – વિશ્રામબાપા નાકરાણીને આપેલ વચનના કારણે. જુઓ પોઈન્ટ (97).

**68** દંડ – વાંઢાય ઈશ્વર આશ્રમના એક વરિષ્ઠ હતા સંત સેવાદાસ બાપુ. એમને દી. 24-Mar-2012ના આપેલ એક વિડીયો ઇન્ટરવ્યૂમાં જણાવેલ કે લોકો ભીત (દીવાલ) પકડીને (એટલે દીવાલ પાછળ છુપાઈને) હિન્દુ ધર્મની જાહેર કથાઓ/સપ્તાહો સાંભળતા. કારણ કે જો પકડાઈ જાય તો જ્ઞાતિના ગેઢેરાઓ દંડ ફટકારતા. વિડિયો લિન્ક: https://abkkpsamaj.org/go/fn68

**69** મુમના = મોમના = ઇસ્લામમાં શ્રદ્ધા રાખનારા = Believer [35:Page 148]




ઉપર બતાવેલ ચિત્રમાં તમે જોઇ શકો છો કે જ્ઞાતિ કટોકટીની પરિસ્થિતિમાં પહોંચી જાય ત્યારે ધર્મપરિવર્તનનું કામ પૂર્ણ કરવા માટે 2 પ્રકારના વ્યક્તિઓની જરૂર હોય છે. જે છે;

1) **અંદરની વ્યક્તિ:** સંવત 1832ના ઠરાવ વિષે મનન કરશો તો ખ્યાલ આવશે કે ધર્મ બાબતે બ્રાહ્મણોને દૂર કરી તેની જગ્યાએ ખાનાના મુખીને ધાર્મિક ક્રિયાની જવાબદારી આપી. ગામેગામના ખાનાઓના મુખીઓ અને કારભારીઓ એકદમથી સંપૂર્ણ અને નિર્વિરોધ સત્તા પર આવી ગયા. એમના મોઢેથી જે નીકળે એ બધાય ફરજિયાત પાળવું જ, એવો કાયદો હતો. અને આ મુખીઓનો દોરી સંચાર પીરાણાના કાકા દ્વારા થતો [88:Page 10] .

2) **બહારની વ્યક્તિ:** સતપંથના ધાર્મિક ગુરુઓ તો મુસલમાન સૈયદ ઇમામશાહના વંશજો એટલે કે મુસલમાન સૈયદો છે. સૈયદો અનુયાયીઓને ઉપદેશ આપવા અને ધર્મને ટકાવી રાખવા સમયાંતરે કચ્છમાં આવતા. એમનું સ્વાગત કોઈ રાજાના જેવુ વાજતે ગાજતે થતું. ગામમાં એ લોકો ખાનામાં ઉતરતા, જેનો કરતોહરતો મુખી એની સેવામાં રહેતો. સૈયદો આ મુખીને જરૂરી સૂચનાઓ આપતા અને ધાર્મિક દસોંદ, કરો અને લાગાઓની આવકમાંથી (જુઓ પોઈન્ટ 105), પોતાના ભાગના પૈસા વસુલતા. આજકાલ ક. ક. પા. જ્ઞાતિમાં કોઈ મુસલમાન ધર્મ ગુરુ ન હોવો જોઈએ, એવા વાતાવરણમાં, જાહેરમાં આવા કરતાં, ચોરીછૂપી રીતે, પાછલા બારણે પોતાનું કામ સૈયદો કરી રહ્યા છે, એવું ઘણી જગ્યાથી સાંભળવા મળે છે. સંશોધનકારોએ આવા છુપા સૈયદો માટે Hidden Pir (Invisible Pir /

Concealed Pir / છુપા પીર) શબ્દ વાપરે છે. [151:Page 154] [141] [31] [138] [33:Page 112 and 119 onwards] [158:Page 224 and 233] [138:Page 147].

પોતાનું કામ પાર પાડવા માટે જ્ઞાતિના અમુક ગેઢેરાઓને પોતાના એજંટ બનાવી પોતાની જુલ્મી અને અત્યાચારી સત્તા ચલાવતા, એવું ઇતિહાસમાં જોવા મળે છે. આવી રીતે આ બન્ને પ્રકારના (અંદરના અને બહારના) વ્યક્તિઓની હાથમાં ક. ક. પા. જ્ઞાતિ પિસાઈ રહી હતી [148:Page 34].

**116.** **<u>બહારનો વ્યક્તિનું શું કામ, એનો દાખલો:</u>** આ તબક્કાને અનુરૂપ, બહારનો વ્યક્તિ આ તબક્કામાં શું કરે એનો એક દાખલો જાણવા જેવો છે. એ છે લોહાણા જ્ઞાતિનો. ઈમામશાહના દાદા પીર સદરૂદ્દીનને માનનારા લોહાણા જ્ઞાતિના સતપંથીઓના સમાજ જેણે આજે ખોજા મુસલમાન તરીકે ઓળખીએ છીએ, એ સમાજ પણ ઇતિહમાં આવી જ પરિસ્થિતિમાં આવીને ઊભો હતો. વાત છે વર્ષ 1848 સુધીની. આ સમય સુધી સતપંથ પાળનાર લોહાણા સમાજનો મોટો વર્ગ સતપંથને કલિયગુનો હિન્દુ ધર્મ અને પોતાને હિન્દુ માનતો હતો.

વર્ષ 1848માં "બહાર"ની એક વ્યક્તિ આવી અને આ સમાજ પર પોતાની સત્તા જમાવવા માટે ખટપટ કરી. એ વ્યક્તિ હતી આગા ખાન. લોહાણા જ્ઞાતિના અમુક "અંદર"ના માણસોનો સહારો લઈ, પોતે સતપંથનો ઇષ્ટદેવ નિષ્કલંકી નારાયણ છે, એવું પ્રસ્થાપિત કરવામાં એ સફળ થયો.

વાત મુંબઇ હાઈ કોર્ટમાં પહોંચી. વર્ષ 1866નો પ્રખ્યાત આગા ખાન કેસ, જેના વિષે આગાઉ પોઈન્ટ (60), (61) અને (92)માં જણાવેલ છે, એ કેસ મૂળમાં સતપંથ હિન્દુ ધર્મ છે કે મુસલમાન ધર્મ છે, એ નક્કી કરવા માટેનો હતો. ત્યારે આ લોહાણા સમાજના ધાર્મિક સ્થળો જમાતખાના હતા. તેઓ વિચારધારાના વિનાશના આગળના બધાજ તબક્કાઓ પાર કરી, કટોકટીના તબક્કા સુધી પહોંચી ગયા હતા. કટોકટીના સમયમાં એ સમાજનો દોર અમુક અંદર અને બહારના વ્યક્તિઓના હાથમાં ચાલ્યો ગયો. અને એવા સમયે મુંબઈ હાઇ કોર્ટને સતપંથ ધર્મ એક મુસલમાન ધર્મ છે અને પોતે એ ધર્મનો ઇષ્ટદેવ ભગવાન નિષ્કલંકી નારાયણ છે, એવું સાબિત કરવામાં આગા ખાન સફળ રહ્યો.

આના પરિણામે, ધીરે-ધીરે લોહાણા જ્ઞાતિ સંપૂર્ણ મુસલમાન થતી ગઈ. અને એની ઓળખ ખોજા મુસલમાન તરીકે વધુ જાહેર થવા લાગી. એમની આજની મોટા ભાગની પેઢીને પોતાનો સાચો ધાર્મિક ઇતિહાસની પણ ખબર નથી. એમને ખબર નથી કે એમના વડવાઓને સતપંથને કલિયુગનો સાચો હિન્દુ ધર્મ છે, એવો વિશ્વાસ અપાવીને ઇસ્લામ તરફ ખેંચવામાં આવ્યા હતા. ત્યાર બાદ ધીરે ધીરે ઉપર જણાવેલ રણનીતિના માધ્યમથી બ્રેનવોશ કરી એમનું ધર્મ પરિવર્તન કરવામાં આવ્યું હતું. આજે પોતાને મુસલમાન કહેડાવવામાં નવી પીઢિ ગૌરવ અનુભવે છે. જે લોકોએ એમના વડવાઓને છેતર્યા એજ લોકોને આજે એમના હીરો / નાયક તરીકે માને છે, જે દુઃખ અને એમની કમનસીબીની વાત છે.

**117.** **<u>ખતરનાક ભૂમિકા:</u>** આ દાખલા પરથી તમે સમજી શકશો કે "અંદર"ની અને "બહાર"ની વ્યક્તિ કેટલી ખતરનાક ભૂમિકા ભજવી શકે છે. એ ભૂમિકાને પીરાણાની પોલ [88] પુસ્તકના પેજ 12ના 1લા પેરામાં ખૂબ સારા શબ્દોમાં વર્ણવેલ છે, જેના શબ્દે-શબ્દો અહીં ઉતારેલ છે;

"પીરાણા-સતપંથના આદ્ય ઉત્પાદકો તથા પ્રવર્તકોના પાખંડ અને છળભેદ, કાકા અને સૈયદોની સ્વાર્થબાજી, પાજી પટેલો અને ગુણહીન ગેઢેરાઓનાં કાળાં કર્મો, પાપી તેમજ ઉપદ્રવ્યાપી કુકર્મી હરામખોરોની મોગલાઈ દમનનીતિ,તેમજ એ બધાની રચેલી વજભેદી પાખંડ-જાળમાં ફસાયેલા પાટીદારોનાં હરણ-ટોળાંની હૃદયભેદક હાલત... ... ... "

118. **<u>વિચારધારાના વિનાશની લક્ષ્ય પૂરતી:</u>** નીચેના ટેબલ પરથી આપણે ફરી એક વાર નજર કરીએ કે આ તબક્કા સિવાય, વિચારધારાના વિનાશના કેટલા તબક્કાઓ હમણાં સુધી પાર કરવામાં પીરાણા સતપંથના પ્રચારકોને સફળતા મળી. તેમજ કેટલું કામ હજી બાકી હતું.

| ફેરફારો ઉપર નજર / Tracking ટેબલ | | |
|---|---|---|
| **Ideological Subversion / વિચારધારા વિનાશ** | **વિનાશ વિગત** | **વિનાશ સ્થિતિ** |
| **1. Demoralisation Areas / નિરાશાના ક્ષેત્રો** | 19 | પૂર્ણ |
| 1.1. Religion / ધર્મ | 20.1 | ✓(70) |
| 1.2. Education / શિક્ષા – કેળવણી | 20.2 | ✓(89) |
| 1.3. Social Life / સામાજિક જીવન | 20.3 | ✓(88) |
| 1.4. Power Structure / સત્તાનું માળખું | 20.4 | ✓(77.1) |
| 1.5. Law and Order / કાયદો અને વ્યવસ્થા | 20.5 | ✓(77.2) |
| 1.6. Leadership / નેતૃત્વ | 20.6 | ✓(77.3) |
| **2. Destabilisation / અસ્થિરતા લાવવી** | 21 | પૂર્ણ |
| 2.1. Finance / આર્થિક | 21.1 | ✓(105) |
| 2.2. Law and Order / કાયદો અને વ્યવસ્થા | 21.2 | ✓(106) |
| 2.3. Media / મીડિયા | 21.3 | ✓(107) |
| **3. Crisis / કટોકટીની સ્થિતિમાં મૂકવું** | 23 | **પૂર્ણ** |
| 3.1. So called Saviour / કહેવાતા ઉદ્ધારકો<br>• અંદરની વ્યક્તિ<br>• બહારની વ્યક્તિ | 23.3 | **✓(115)** |
| **4. Normalisation / સામાન્ય પરિસ્થિતિ બહાલ કરવી** | 24 | બાકી |
| 4.1. નવો સમાજ પ્રસ્થાપિત કરવો – 2 ચરણોમાં | | બાકી |

# 18

# કટોકટી / Crisis નો તબક્કો પૂર્ણ મુસલમાન બનવાની અણીએ

**119. <u>કટોકટી એટલે શું?:</u>** કટોકટી એટલે સંકટની એવી ભયંકર સ્થિતિ કે જેમાં બહુ મોટું નુકસાન (વિનાશ) થવાની પૂરેપૂરી ખાતરી હોય છે. સંપૂર્ણ વિનાશની શક્યતા ખૂબ ઓછી એટલે કે લગભગ નહિવત હોય.

**120. <u>ક. ક. પા. જ્ઞાતિમાં કટોકટીના લક્ષણો:</u>** ક. ક. પા. જ્ઞાતિ (કણબી જ્ઞાતિ)ના, તે સમયના, ધાર્મિક અને સામાજિક લક્ષણો પરથી ખ્યાલ આવશે કે જ્ઞાતિ ધાર્મિક રીતે કેવી ગજબની કટોકટીની પરિસ્થિતિમાં પહોંચી ગઈ હતી. એમના રીતરિવાજો અને આચરણો મુસલમાનો જેવા થઈ ગયા હતા [121:Page 342]. જેના અમુક લક્ષણો નીચે પ્રમાણે હતા.

**<u>નોંધ:</u>** નીચે જણાવેલ લક્ષણો સાથે જે સંદર્ભો આપવામાં આવ્યા છે, એ માત્ર નમૂના રૂપ છે. ઇતિહાસમાં આવા તો ઘણા સંદર્ભો જોવા મળે છે.

1) **<u>સાચો હિન્દુ ધર્મ છૂટી ગયો:</u>** સેંકડો વર્ષોથી હિન્દુ ધર્મ છૂટી ગયો હતો. કૃષ્ણ જન્માષ્ટમી સિવાય લગભગ તમામ હિન્દુના તહેવારો છૂટી ગયા હતા. [88:Page 9].
2) **<u>હિન્દુ ધાર્મિક કથાઓ પર બંધી:</u>** હિન્દુ ધર્મની કથા વાર્તાઓ સાંભળવા પર દંડ[68] લાગતો.
3) **<u>શિક્ષણથી વિમુખ:</u>** શિક્ષણનું સ્તર બહુજ ઓછું (લગભગ નહિવત) જેવું હતું [96:Page 6]. બાળકોને ભણવા ન આપતા [56:May-1972, Page 2 (195 of 522)] [71:Page 23]. વર્ષ 1904માં આખી જ્ઞાતિમાં પાંચ ધોરણ ભણેલા માત્ર 10 જ જણ હતા [86:Page 11] [6:Page 245].
4) **<u>અલી ઇષ્ટદેવ બની ગયા:</u>** મૂર્તઝા અલી તાલીબ સતપંથના ઇષ્ટદેવ બની ગયા. જેણે નિષ્કલંકી નારાયણ પણ કહેવામાં આવે છે. ઉપર જણાવેલ પોઈન્ટ (57) જુઓ. [141:Page 45, 53, 54, 58, 60] [52] [139:Page 463 onwards] [45:Page 81] [53:Page 40, 48].
5) **<u>ઇસ્લામી કલમાઓ:</u>** ધાર્મિક વિધિઓમાં ઇસ્લામી કલમાઓ પઢવામાં આવતા [126].
6) **<u>ધાર્મિક ગીતોમાં મુસલમાનના ગુણગાન:</u>** ભજનોની જગ્યાએ ઇસ્લામી ગીનાનો[70] ગવાતા. જેમાં એક ગીનાન (ગોરવાણીનું ગીનાન 6ઠ્ઠું, કડી 4ની 2જી લાઇન) માં જણાવ્યું છે કે **"અથર્વવેદમાં એમ ભાંખીઆ, સબ હિન્દુ હોંશે મુસલમાન"** [58:Page 295] [88:Page 488] [126:Page 285] [146:Page 225]. એક ઓડિયો-વિડીયો[71] પણ બહાર પડ્યો હતો, જેમાં કોઈ ખાનામાં મહિલાઓ આ ગીનાન ગાતી સંભળાય છે.

---

**70** ગીનાન = જ્ઞાન શબ્દનો અપભ્રંશ. કુરાનનો સંદેશ આપતા ધાર્મિક ગીતો. [43]atharv [120:Page 43] [140] [156:Page 29] [88:Page 483]

**71** વિડીયો - https://abkkpsamaj.org/go/fn71 - skip to 1:52 minutes

7) **ઇસ્લામના નાયકોની બંદગી:** સતપંથીઓના ધાર્મિક ગ્રંથોમાં ઇસ્લામના નાયકોના જેવા લે અલ્લાહ, મુહમ્મદ, અલી વગેરેના ગુણગાન છે [12] [13] [14] [15] [16] [20] [58] [81] [126] [102] [146]. આવા તો અનેકો શાસ્ત્રો છે, અને સતપંથના મૂળ હસ્ત લેખિત શાસ્ત્રોમાં (Manuscript) પણ ખૂબ જગ્યાએ છે.

8) **નમાજ અને અલ્લાહનું નામ:** સવારના ઉઠતી વખતે કે રાતના સૂતી વખતે, કેટલાક લોકો, અલ્લાહનું નામ લેતા થઇ ગયા હતા [35:Page 148] [72:Page 36] [6:Page 505]. ખાનાના મુખી કણબીઓને નમાજ પડતા શિખવાડતા [112:Page 8] [6:Page 76].

9) **કુરાનને માનવા લાગ્યા:** કલિયુગમાં સાચો વેદ તો કુરાન છે, જેને અથર્વ વેદ કહેવામાં આવે છે. એટલે કુરાનને માનવા લાગ્યા [35:Page 148] [56:Mar-1972 Page 28 (126 of 522)] [88:Page 127, 358, 364, 372].

10) **પાવળ / નૂર / અમી:** ઇરાનમાં આવેલ કરબલા[72]ની માટી, ઈમામશાહની કબર ઉપરનો લેપ અને વીર્યના મિશ્રણથી પાવળ/નૂર/અમીની ગોળી બનાવવામાં આવતી, એવી માહિતી આપતા ઇતિહાસના દસ્તાવેજો જોવા મળે છે [56:Tantri Lekh of Jan-1972 Edition] [89:Page 7] [81:Page 9] [88:Page 127,128] [81:Page 9] સૈયદોની થૂક પણ હોય છે [114:Page 70] [6:Page 218].

11) **મોમના/મુમના મુસલમાન તરીકે ઓળખ:** જ્ઞાતિની ઓળખ મોમના[73] મુસલમાનની થઇ [35:Page 148] [121:Page 342 and 355] [41:Page 214].

12) **જીવન શૈલી:** કોઇ વ્યક્તિને મળીએ ત્યારે, "રામરામ" જેવી હિન્દુ પ્રથાની જગ્યાએ.. "**હે જિંદા.. કાયમ પાયા / પીરશાહ**" એવા મુસલમાની શબ્દોથી એકબીજાને અભિવાદન[74] કરવાની જીવન શૈલી અપનાવી લીધી હતી [88:Page 375, 429] [148:Page 23].

13) **પીર શાહનો જાપ:** હિન્દુ દેવોની માળાની જગ્યાએ "પીર શાહ", "પીર શાહ"ની માળા કરવા લાગી ગયા હતા [88:Page 331, 375] [113:Page 5] [6:Page 62].

14) **ઇસ્લામના ધર્મ સ્થાનકો:** ગામેગામમાં મુસલમાન પીરોની મઝાર અને દરગાહો પર માથું ટેકવવા જવું એ સામાન્ય બની ગયું હતું.

15) **ઇસ્લામી રીતરિવાજો અપનાવ્યા:** હિન્દુ ધર્મના બધાજ રીતરિવાજો બંધ કરી ઇસ્લામી રીતરિવાજો અપનાવવામાં આવ્યા હતા. લગ્ન **નિકાહ** પદ્ધતિથી કલમા[75] અને દુઆઓ પઢીને થતા અને મરણ પછી **દફન**[76] વિધિ કરવામાં આવતી.

---

[72] કરબાલા = અલીના દીકરા ઈમામ હુસેન જ્યાં લડાઈમાં મરી ગયા હતા. હાલ ઈરાક દેશમાં

[73] મોમના = મુમના

[74] અભિવાદીત = આવકાર આપવો = welcome = greet

[75] કલમા – લગ્ન વખતે જે કલમા બોલતા એ અહીં વાંચો [114:Page 72] [6:Page 220].

[76] દફન – વધુ જાણકારી માટે જુઓ [114:Page 73] [6:Page 221].

16) **<u>સૈયદોને હરિવંશી (વિષ્ણુનો વંશ) બ્રાહ્મણ / હુસૈની બ્રાહ્મણ ગણવામાં આવતા:</u>** હિન્દુ ભગવાન વિષ્ણુના હરિવંશમાં[77] મૂર્તઝા અલી તાલીબથી લઈને સૈયદ ઇસ્લામશાહ અને તેના બાદ એના વંશજો, કે જેઓ બધા જ મુસલમાન છે, એવી આ પેઢીઓ હરિવંશમાં ઘૂસાડી દીધી [113:Page 5] [6:Page 63] [88:Page 170] [55]. સૈયદોને કળિયુગના સાચા બ્રાહ્મણ તરીકે સ્વીકારેલ હતા [86:Page 34] [6:Page 268].

17) **<u>ધર્મગુરુઓ સૈયદો:</u>** અસલ બ્રાહ્મણોને હલકા બતાવી, તેમના પર બંદી મૂકી દેવામાં આવી. તેના બદલે ઈમામશાહના વંશજો સૈયદોને સાચા બ્રાહ્મણ માની, તેમને ધર્મગુરુ તરીકે માનવામાં આવતા [111:Page 4,15 and 25] [6:Page 24, 34, 43].

18) **<u>સૈયદોનું એંઠું એટલે પ્રસાદી:</u>** સૈયદોનું કણબીના ઘરે આવું-જવું વધી ગયું. સૈયદોની એઠને અમૃત-પ્રસાદ તરીકે આપવામાં આવતો [56:Mar-1973, Page 5 (103 of 522)] [88:Page 499] [114:Page 65, 67] [6:Page 214 and 216] [40:Page 99].

19) **<u>સૈયદો એટલે શુદ્ધ:</u>** આભડછેટના એ જમાનામાં એવી માન્યતા હતી કે સૈયદને અડવાથી શુદ્ધ થઈ જવાય, એવું લોક મુખે સાંભળવા મળે છે.

20) **<u>જબરદસ્તીથી ધાર્મિક 'કર'ના નામે લૂંટ:</u>** ધર્મના પ્રચાર પ્રસારના નામે, દસોંદ, લાગાઓ ધાર્મિક કરના પૈસા ભેગા કરવા પીરાણાના કાકાની સવારીઓ[78] સમય સમય પર કચ્છ અને ગુજરાતના કંપાઓમાં આવતી. જુઓ પોઈન્ટ (105) [88:Page 9, 31] [148:Page 25, 117, 118 and 145]. પૈસા ન હોય તો ઉધાર લો, મિલકત વેચો, મહાજન પાસે મિલકત ગીરવી રાખો, ગમે તે કરો પણ પીરાણાના કાકાને અને મુખીઓને દસોંદ અને લાગાઓના પૈસાઓ આપવા જ પડે. મરણ પછી દાડાનું જમણ કરવું જ પડે, નહીં તો આત્માને સ્વર્ગ નહીં મળે, એવો ડર બેસાડવામાં આવેલ હતો. જેથી કરીને લોકો ગમે તેમ કરીને પૈસા આપે [113:Page 6] [6:Page 63].

21) **<u>પરદેશ કામ કરવા જવા ન આપતા</u>**: કોઈ વ્યક્તિ પરદેશ જશે તો ધર્મથી બગડી જશે. છતાં કોઈ ગયો હોય અને જ્યારે પાછો આવે, ત્યારે સીધું એને ખાનામાં જવું પડે. સીધા ઘરે ન જઈ શકે. ખાનામાં જઈને પહેલાં પાવળ પીવું પડે. ગુના છોડવાના કર અને દસોંદ-વીસોંદના પૈસા આપવા પડે. માફીનો દંડ ભરવો પડે. જ્યાં સુધી ખાનામાં જઈને છાંટ[79] ન નખાવે, ત્યાં સુધી તેમના માટે પોતાના ઘરમાં પણ ખાવા પીવા સુદ્ધાંની મનાઈ હતી [148:Page 21].

22) **<u>સુન્નત:</u>** અનોપચારીક ચર્ચાઓમાં, આની વાતો સાંભળવામાં આવતી હોય છે [148:Page 114]. એવી જ રીતે "ખોંભડીનો કિસ્સો" નામથી પણ એક પ્રકરણ ખૂબ પ્રખ્યાત છે. જેમાં રામજી કાકાની સુન્નત વિષે જાંચ કરવા આગેવાનોની એક કમિટી બેસે છે. પણ છેલ્લી ઘડીએ મવાળોએ ભૂમિકા ભજવી અને કામ જાંચનું કામ લટકી ગયું. એવી વાતો કરવામાં આવી કે જો કાકાની સુન્નતની જાંચ થશે, તો મુમના

---

**77** હરિવંશ – પીરાણામાં આવેલ ઈમામશાહના વંશજ બાકારશાહ બાવાની દરગાહમાં હરિવંશનો માર્બલમાં કોતરેલી યાદી જોવા મળે છે [27:Page 294]. ગુજરાતના લેવા પાટીદાર સમાજનો એક નાનો વર્ગ આ બાકારશાહને માને છે. બાકારશાહના ગાદીપતિ કાકાનું ઈમામશાહની દરગાહના મુખ્ય કાર્યક્રમોમાં મંચ ઉપર વિશેષ સ્થાન હોય છે.

**78** સવારી = વેલ પણ કહેવામાં આવતું [148:Page 109].

**79** છાંટ નાખવી = ખાનાનો મુખી શુદ્ધ/પાવન કરવાના દુઆ[148:Page 22 and 23] બોલી વ્યક્તિ પર પાણીનો હાથેથી છાંટે. તેના માટે મુખીને છાંટ નાખવાનો કર આપવો પડે.

મુસલમાનની છાપ કાયમી થઇ હશે અને અન્ય હિન્દુઓ કણબીઓને ધૂત્કારશે. આ ડર બતાવીને છેલ્લી ઘડીએ આ કામ અટકાવવામાં આવ્યું. અહીં એકદમ ખાતરી પૂર્વક કઈં કહેવા નથી માંગતા [148:Page 119, 120 and 130]. વધારે વિગત માટે જુઓ રમેશભાઈ વાગડિયાનું દિનાંક 13-Oct-2005નું પેમ્ફલેટ. ભૂતકાળમાં પણ આવી વાતો નીકળતી હતી [94:Page 11]. હાલ દિનાંક 18-Jan-2023ન વાંઢાય ખાતે સતપંથી અને સનાતની આગેવાનોની એક મિટિંગ હતી, ત્યાં પણ સુન્નતની વાત નીકળી હતી. ત્યાં એક ભાઈએ ખાતરી પૂર્વક એવો દાવો કર્યો હતો કે આજે પણ અમુક લોકોએ છૂપી રીતે સુન્નત કરાવેલ છે. જેની વાંઢાયની મિનટ્સ બુકમાં નોંધ પણ છે.

23) **<u>અનેક અત્યાચારો:</u>** આર્થિક શોષણ, દમન જેવા કહી ન શકાય અને સહી ન શકાય એવા અનેક પ્રકારના અત્યાચારો કરવામાં આવતા, જે તમે સમજી ગયા હશો. કારણકે બધાજ અત્યાચારો વિષે લખવામાં કે બોલવામાં આવતું ન હોય. તેના માટે વિવેક બુદ્ધિ અને કલ્પના શક્તિની જરૂરત પડે [111:Page 12 and 15] [6:Page 32 and 34] [114:Page 52] [6:Page 201].

24) **<u>અન્ય હિન્દુ સમાજો દૂરી જાળવવા લાગ્યા:</u>** સતપંથી મુસલમાન ધર્મ હોવાના કારણે.. અન્ય હિન્દુ જ્ઞાતિઓ કણબીઓને પોતાનાથી દુર રાખતા. એમને પીવાનું પાણી પણ ઉપરથી આપવાનો વ્યવહાર કરતા [56:Feb-1972, Page 10 (68 of 522)] [59:Page 24] [113:Page 3] [6:Page 61].

25) **<u>કાકા અને મુખીઓના હાથમાં સંપૂર્ણ સત્તા:</u>** ક. ક. પા જ્ઞાતિમાં કાકા અને મુખીઓની એક હથ્થું જબરદસ્ત સત્તા હતી, જેના ખિલાફ જવાની કોઈની પણ હિંમત ન થતી [148:Page 24].

26) **<u>મરણ તુલ્ય દુર્દશા:</u>** પીરાણા સતપંથને લઈને જ્ઞાતિની એવી અધોગતિ થઇ ગઇ કે ગરીબ જ્ઞાતિજનો મરણતુલ્ય દુર્દશા ભોગવી રહ્યા હતા [88:Page 20]. ભોળા જ્ઞાતિ ભાઈઓને પાયમાલ કરીને એમના માટે ભૂખે મારવાનો વારો આવી ગયો હતો [148:Page 26]. "કણબી પશુ ન માનવી" એવું કહેવામાં આવતું [130:Page 5] [6:Page 105].

27) **<u>ઇસ્લામ સંપૂર્ણ રીતે છવાઈ ગયું:</u>** જ્ઞાતિના મન-મસ્તિષ્ક પર ઇસ્લામ છવાઈ ગયું હતું. અને મોટા ભાગના લોકો એને ગૌરવભેર સ્વીકારી પણ લીધું હતું [88:Page 16].

28) **<u>ફક્ત નામ બદલવાનું બાકી રહી ગયું હતું:</u>** આ બધા લક્ષણો જોશો, તો તમને ખ્યાલ આવશે કે મુસલમાન બનવામાં ફકત મુસલમાની નામ રાખવાનું જ બાકી રહી ગયું હતું. બીજું લગભગ બધું જ મુસલમાનોનું અપનાવી લીધું હતું.

ટૂંકમાં એમ કહી શકાય કે, ઉપર જણાવેલ જ્ઞાતિના લક્ષણો દર્શાવે છે કે, એક તરફ કાકા/મુખી અને બીજી તરફ સૈયદ રૂપી જડબાં વાળા મૃત્યુના મુખમાં જ્ઞાતિ ફસાઈ ગઇ હતી (હિન્દુઓની દૃષ્ટિથી). કોઇ કાળે મૃત્યુના મુખમાંથી છૂટી ન શકાય, એવી પરિસ્થિતિમાં જ્ઞાતિ પહોંચી ગઇ હતી.



**121.** **<u>આ દયનીય પરિસ્થિતિનું વર્ણન નારાયણ બાપાના શબ્દોમાં:</u>** ક. ક. પા. જ્ઞાતિના મહાન આધ્ય સુધારક શ્રી નારાયણ રામજી લીંબાણીએ પોતાની જ્ઞાતિની આ દયનીય પરિસ્થિતિનું વર્ણન કરવા જે શબ્દો વાપર્યા છે એ પણ ઘણું બધુ કહી જાય છે. જે નીચે મુજબ છે.

> "સ્વાર્થી આગેવાનોએ જુલ્મી સત્તા ચલાવી કચ્છી કણબી કોમને તદ્દન નામર્દ કરી નાખી. કચ્છની કણબી જ્ઞાતિનું હીર અને વીરત્વને બાળીને નપુંસક જેવી દશામાં આખી જ્ઞાતિને ગુલામગીરીમાં રવડતી રઝળતી કરી મૂકવાનો દોષ કહેવાતા આગેવાનોનો છે" [85:Page 1].

> "કણબી જ્ઞાતિમાં કહેવાતા કેટલાક જુલ્મી આગેવાનોની અનેક પ્રકારની કનડગતથી તેઓ છૂટી શકતા નથી" [85:Page 2].

**122.** ઉપર જણાવેલ લક્ષણો સાથે આધાર અને ખૂલસાઓ પણ આપેલ છે. જેના પરથી વાચક મિત્રોને એક આછેરો ખ્યાલ આવે કે ક. ક. પા. જ્ઞાતિ હિન્દુ ધર્મના નજરથી **મૃત્યુના મુખમાં પહોંચી ગઈ હતી. બચવાની કોઈ શક્યતા (chance) દેખાતી ન હતી.**

**પરિસ્થિતિ કેવી ગંભીર હશે, એના વિચાર માત્રથી રુવાંટી કાંપી જાય છે.**

# પ્રહર 4

1805 થી 1960
155 વર્ષ

# સતપંથ સામે વિદ્રોહ - જાગૃતિ – ઘરવાપસી

1805 થી 1902 **વિદ્રોહ**નો સમયગાળો - **કેશરા બાપા**
1902 થી 1925 **જાગૃતિ**નો સમયગાળો - **નારાયણ બાપા**
1925 થી 1960 **ઘરવાપસી**નો સમયગાળો - **રતનશી બાપા**

# 19

# ઐતિહાસિક વળાંક – મૃત્યુના મુખમાંથી બહાર

**123.** **<u>વળાંક, જ્ઞાતિએ U-Turn કયારથી લીધો?:</u>** વિચારધારાનો વિનાશ મોટે ભાગે પૂર્ણ થઈ ગયો હતો, તો પછી ધાર્મિક રીતે વળાંક કયારથી અને કેવી રીતે આવ્યો, એ હવે આપણે જોઈએ. તમારા મનમાં એક પ્રશ્ન ઉદ્‌ભવતો હશે કે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ, આ "વિચારધારાનો વિનાશ" વાળા ષડયંત્રમાં ક્યાં હદ સુધી ફસાઈ હતી અને ક્યાંથી પાછી વળી?

આગાઉ જણાવેલ પોઈન્ટ (18)માં દર્શાવેલ ચિત્ર (Graphics) પ્રમાણે જોઈશું તો સહેલાઈથી બધો ખ્યાલ આવી જશે. જે નીચે પ્રમાણે છે.



ઉપરના ચિત્ર (Graphics)માં તમે જોઈ શકો છો કે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં એમનું ધર્મ પરિવર્તન થઈને જાહેરમાં મુસલમાન ઓળખ સ્વીકારવાની પરિસ્થિતિ ઊભી થઈ હતી. જેણે એક રીતે મૃત્યુનું મુખ કહી શકાય [85:Page 10]. ક.ક.પા. **સનાતન જ્ઞાતિના**[80] સંતો, જ્ઞાતિ સુધારકો, આગેવાનો, માતાઓ, યુવાનો અને વડીલોએ જ્ઞાતિ ઉદ્ધાર માટે અકલ્પનીય ભોગ આપ્યો. ધાર્મિક તેમજ વૈચારિક દૃષ્ટિથી, મૃત્યુ શૈયા પર પડેલી આ જ્ઞાતિને ઉધારી લીધી.

**124.** **<u>ક. ક. પા. સનાતન જ્ઞાતિના સંતો અને વડીલોની મહાનતા:</u>** વિચાર તો કરો કે આ મહાન વિરલ વ્યક્તિઓ કેવી હશે કે એમણે જ્ઞાતિ માટે વિધર્મના ઠેકેદારોના કેવા-કેવા જોર જુલમો સહ્યા હશે? એ ચાહત તો પોતે પોતાનું ફોડી ખાઈ શકતા હતા. પણ એમને અંગત હિત કરતાં જ્ઞાતિના હિતના વિચારને વધારે કલ્યાણકારી ગણ્યો. એવા તો કેવા અડગ મનવાળા અને દૈવી શક્તિના માનવીઓ હશે કે, વિધર્મ રૂપી વાઘના જડબામાં ફસાયેલી પોતાની જ્ઞાતિને સુખરૂપ બચાવી લેવાનું અસંભવ અને અકલ્પનીય કામ તેમણે કર્યું.

વિધર્મઓની આવી રણનીતિનો શિકાર તો ઘણી જ્ઞાતિઓ થઇ ચૂકી છે. વિચાર તો કરો કે લોહાણા જેવી ચતુર જ્ઞાતિનો. જેના માટે કહેવાય છે કે એમને ગળથૂથીમાંથી જ ચતુરાઇ મળે છે, એ લોહાણા જેવી ચતુર જ્ઞાતિનો એક વર્ગ, જે આ ષડયંત્રનો શિકાર બન્યો, એ પણ એનાથી બચી ન શક્યો. અને આજે એ સમાજ ખોજા મુસલમાન બની ગયો.

ત્યારે તમને જાણીને ગૌરવ થશે કે **કચ્છ કડવા પાટીદાર સનાતન જ્ઞાતિના**[80] સનાતની સંતો અને વડીલો કેવા મહાન હશે કે એ લોકો આ જ્ઞાતિને બચાવવાના આ કાર્યમાં સફળ રહ્યા. વડીલ વિશ્રામબાપા નાકરાણી વિષે આપણે અગાઉ જોયું જ છે. હવે એમના સિવાય અન્ય મહાન ક્રાંતિકારી વડીલો અને સંતો વિષે આગળ જોઇશું.

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સાથે થયેલ ષડયંત્ર અને તેની સામે કરેલ સંઘર્ષના અંતે **સફળ ઘરવાપસીની ગૌરવ ગાથા** આ પુસ્તકમાં હવે આગળ જોઇશું અને એનું બરાબર વિશ્લેષણ પણ સાથે કરતાં રહીશું.

---

**80** સનાતન જ્ઞાતિ = ક. ક. પા. જ્ઞાતિમાં બે વિભાગ છે. એક છે ક.ક.પા. સનાતન જ્ઞાતિ, જે ઇસ્લામના ધર્મ પરિવર્તનના ષડયંત્ર સામે લડી અને બીજી છે ક. ક. પા. સતપંથ જ્ઞાતિ, જે ઇસ્લામનો એક પંથ, સતપંથને પાળે છે.

# 20

# વિદ્રોહનું પહેલું બ્યૂગલ
# કેશરા પરમેશ્વરાની ટીમની ચળવળ



કેસરા પરમેશ્વરા

**125. પૃષ્ઠભૂમિ:** કેશરા બાપાનો જન્મ વિક્રમ સંવત (VSAK) 1824 ચૈત્ર સુદ 15 (પૂનમ), દિનાંક 02-Apr-1768ના નેત્રા ગામમાં થયો હતો. "નરવીર" કેશરા પરમેશ્વરા[81]ના મહાન કાર્યો અને એમના જીવન પ્રસંગોનું વર્ણન કરતું એક સુંદર પુસ્તક "શ્રી કેશરા (પરમેશ્વરા) મુખી સાંખલાનું સંક્ષિપ્ત જીવન અને કાર્ય"[96] દિનાંક 21-Apr-1983ના પ્રકાશિત થયું છે. આ લેખનો મુખ્ય આધાર આ પુસ્તક ઉપર રાખવામાં આવ્યો છે.

એમના જીવન ઉપર વખતોવખત સંક્ષિપ્ત લેખો પણ પ્રકાશિત થતા હોય છે. એવો જ સરસ લેખ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા પ્રકાશિત "કચ્છના કડવા પાટીદારોનો ઇતિહાસ"[4] નામના ગ્રંથના પેજ 82માં પણ છાપયો છે.

આ પુસ્તકોમાં[82] તમે જાણી શકો છો કે;

1) કાશી જતા કડવા પાટીદારો કેવી રીતે ઈમામશાહ ફકીરમાં ફસાયા.
2) કડવા પાટીદારોનું કચ્છમાં જઈને વસવું અને રાજા સાથે થયેલ સમજૂતી. ખાસ પોલીસ અને ન્યાય વ્યવસ્થાથી કડવા પાટીદાર જ્ઞાતિને વિમુખ રાખવાની શરત.
3) કેશરા બાપાનો જન્મ અને એમના માતા-પિતા, એમનું શિક્ષણ વગેરે.
4) શારીરિક બાંધો, પહેરવેશ, રાજ્યમાં એમની છાપ. બાપદાદાના વ્યવહાર અને ઘરમાં રિદ્ધિ સિદ્ધિ. કચ્છના નબળાં[83] વર્ષોમાં એમણે લોકોને કરેલ મદદ. તેમણે "નરવીર" અને "પરમેશ્વરા"ની મળેલ ઉપમા પાછળની હકીકત.
5) સતપંથ[84] ધર્મનો ત્યાગ કરી સ્વામિનારાયણ ધર્મ[85]માં એમનું ધર્મ પરિવર્તન અને જ્ઞાતિમાં ધર્મના ઝઘડાઓનું શરૂ થવું.

---

[81] કેશરા પરમેશ્વરા = જન્મનું નામ કેશરા તેજા સાંખલા.
[82] આ પુસ્તકમાં છેલ્લે આપેલ સંદર્ભ સૂચીમાં ગ્રંથ ક્રમ [96] [97] જુઓ.
[83] નબળાં વર્ષો = દુષ્કાળના વર્ષો = Years of Drought.
[84] સતપંથ ધર્મને જૂનો ધર્મ પણ કહેવામાં આવે છે. વધુ માહિતી માટે જુઓ ટૂંકાક્ષર
[85] સ્વામિનારાયણ કોઈ ધર્મ નથી પણ હિન્દુ ધર્મનો એક સંપ્રદાય છે. સંપ્રદાય હોવા છતાં મૂળ પુસ્તકમાં ધર્મ શબ્દ વપરાયેલ છે, એટલે અહીં એજ શબ્દનો ઉપયોગ કરેલ છે.

6) ધર્મ પરિવર્તનની સામે ગામ વિથોણમાં ત્રણે પાંચડાની મળેલ જ્ઞાતિ સાથે થયેલ દલીલો.
7) એમના સાથીદાર અબજી ભગતને સતપંથીઓએ મારેલ અમાનુષી માર.
8) સતપંથીઓ દ્વારા સ્વામિનારાયણના છોકરા-છોકરીના સગપણો તોડી નાખવાં.
9) સતપંથવાળા તરફથી કરવામાં આવતી હેરાનગતિ સામે કચ્છના મહારાવશ્રી પાસે કરેલ ફરિયાદ.
10) મહારાવશ્રીએ બંને પક્ષ વચ્ચે કરાવેલ સમાધાન. સતપંથી રૈયા નાકરાણીએ એ સમાધાન કરારનું ફાડી નાખવું.
11) મહારાવશ્રી દ્વારા પુનઃ હસ્તક્ષેપ અને કેશરા બાપાને સંપૂર્ણ ટેકો.
12) સ્વામિનારાયણ મંદિર બાંધવું અને એને રોકવા કરેલ પ્રપંચોનો સફળ સામનો.
13) રાણી સાહેબાને પોતાના ધર્મના બહેન બનાવવું અને એમને રાજાના મામા ગણવા.
14) પોતાનો ભાગ હોવા છતાં, સહિયારાં[86] વાસણો, ગાદલાં-ગોદડાં, વાપરવા સતપંથીઓએ આપ્યા નહીં અને ઊલટું તેમનું અશ્લીલ ભાષામાં કરેલ અપમાન.
15) કચ્છના રાજા સામે કરેલ ફરિયાદ અને તેના ઉકેલ પાછળ આપેલ અનોખો તર્ક.
16) 110 વર્ષોથી પણ વધારે લાંબુ અને સંતોષી જીવનના, સ્વમાનભર્યા, ગરિમામય છેલ્લા દિવસો અને એમને જ્ઞાતિ જનોને આપેલ સલાહ.

ઉપર જણાવેલ તેમજ એમના જીવનમાં ઘડાયેલી અનેક પ્રેરણદાઈ ઘટનાઓ વિષે વિસ્તૃત જાણકારી એ પુસ્તકોમાં આપેલ છે. અહીં એ તમામ જાણકારીનું પુનરાવર્તન નથી કરવામાં આવ્યું.

અહીં, કેશરા બાપાએ ક. ક. પા. જ્ઞાતિના હિત માટે કરેલ સંઘર્ષ, આપેલ બલિદાન તેમજ જીવન અને કાર્યોનું અવલોકન કરીશું. આપણે જોઈશું કે કેવી રીતે કેશરા બાપાએ સંવત 1832નો (દિનાંક 18-Jan-1776)ના જ્ઞાતિએ પસાર કરેલ એ "કાળો" ઠરાવ[87] સામે જબરદસ્ત સંઘર્ષ કર્યો અને સફળતા મેળવી.

**126.** **<u>સતપંથના પ્રચારકો નિર્વિરોધ આગળ વધી રહ્યા હતા:</u>** સંવત 1832માં કેશરા બાપાની ઉમર માત્ર 8 વર્ષની હતી. એટલે સંવત 1832નો ઠરાવ (જુઓ પોઈન્ટ 111) ઘડાતા સમયે ચર્ચામાં એમણે ભાગ નહીં લીધો હોય, એ સ્વાભાવિક છે. જેથી એ ઠરાવ પસાર થઈને એનું અમલીકરણ ગામેગામ ચાલુ થઈ ગયું હતું. સતપંથના પ્રચારકો, હિન્દુ વિચારધારાનો વિનાશ કરવાના મકસદમાં નિર્વિરોધ / બે-રોકટોક આગળ વધી રહ્યા હતા. આ વાત ધ્યાને રાખવી જરૂરી છે, જેથી આગળની વાતની ગંભીરતા બરાબર સમજાય.

**127.** **<u>સ્વામિનારાયણ સંપ્રદાયનો અંગીકાર:</u>** પરમેશ્વરાના એક પડોસી શિવજીભાઈ સુથારના ઘરે આવેલ સ્વામિનારાયણ સાધુઓના સંપર્કમાં, કેશરા બાપા અને એમના અન્ય 4 સાથીદારો આવ્યા. સાધુઓ મારફતે સાચો સનાતન ધર્મ જાણવાથી એમના પર સારો પ્રભાવ પડ્યો. વિક્રમ સંવત (VSAK) 1861 ફાગણ વદ 11 દિનાંક 26-Mar-1805ના દિવસે, આ મિત્રોએ સતપંથ ધર્મનો સદંતર ત્યાગ કરી નવો ધર્મ એટલે કે શુદ્ધ

[86] સહિયારાં = સવેચ = Joint
[87] સંવત 1832નો ઠરાવ વિષે વધુ જાણકારી માટે જુઓ પોઈન્ટ (111).

સનાતન ધર્મના સ્વામિનારાયણ સંપ્રદાયનો અંગીકાર કર્યો [96:Page 24 and 25]. અને ત્યારથી જ્ઞાતિમાં ધર્મના ઝઘડાઓ શરૂ થયા [96:Page 98].

ત્યાર બાદ, અમુક વર્ષો બાદ વિક્રમ સંવત (VSAK) 1865 ફાગણ સુદ 13 એટલે દિનાંક 28-Feb-1809ના અમદાવાદ ખાતે શ્રીજી મહારાજના દર્શન કરી એમના હાથે ફરીથી કંઠી બંધાવી [96:Page 35].

**128. <u>ધમકીઓ છતાં લોકો જોડાતા ગયા:</u>** કેશરા બાપા અને એમના મિત્રોના ઘરોમાં ખૂબ કલેશ થવા લાગ્યો. શરૂઆતમાં, કેટલાક મહિનાઓ સુધી, કેશરા બાપા અને એમના મિત્રોના ઘર-પરિવારજનો પણ સ્વામિનારાયણને સ્વીકારતા નહોતા. પણ ધીરે-ધીરે એમના પર સારો પ્રભાવ પડ્યો. નેત્રા, ઘડાણી અને અંગિયા ગામમાંથી સારો સહકાર મળવા લાગ્યો [96:Page 26].

કેશરા બાપાને અને એમના મિત્રોને લોકો તરફથી મળતા સહકારથી સતપંથના રૂઢિચુસ્ત અનુયાયીઓને સ્વાભાવિક રીતે ગમ્યું નહીં. એટલે એમણે શિવજી સુથારને બોલાવીને ધમકી આપી કે સ્વામિનારાયણના સાધુ તમારે ઘરે ન આવવા જોઈએ. અને જો આવ્યા તો તમારું ગામમાં રહેવું ભારે પડી જશે. રોટલા અને ધંધો બંધ થઈ જશે. ગામમાં રહેવું હોય તો અમે કહીએ એમ કરવું પડશે. આ ધમકીની સારી અસર પડી અને સ્વામિનારાયણ સાધુઓનું નેત્રા ગામમાં આવવું બંધ થઈ ગયું. કલેશને ટાળવા માટે સ્વામિનારાયણના સાધુઓ નેત્રા ગામની બાજુમાં આવેલ નાગવીરી ગામમાં જઈ સત્સંગ કરવા લાગ્યા. તો, કેશરા બાપા અને અન્ય મિત્રો નાગવીરી ગામમાં સત્સંગ માટે પહોંચી જતા. પણ તેમણે સનાતન ધર્મ છોડ્યો નહીં [96:Page 27].

સતપંથના રૂઢિચુસ્ત અનુયાયીનો ખોફ કેટલો હશે, કે અન્ય સમાજ એટલે સુથાર સમાજના ભાઈને એવી ધમકી આપે કે એ માણસ ધમકી પ્રમાણે વર્તન કરતો થઈ જાય.

કેશરા મુખી અને તેમના સાથીદારો દ્વારા જૂનો કલ્પિત[88] ધર્મ સદંતર છોડીને શુદ્ધ સનાતન ધર્મ સ્વીકાર્યો છે, એ વાતનો વા'વંટોળો[89] ઊડતો-ઊડતો જૂના[90] ધર્મના ધર્મગુરુઓ સુધી પહોંચ્યો. વાત સાંભળીને એમને ઘણો આંચકો લાગ્યો. પણ ત્યારે એમનાથી કશું થઈ શકે એમ નહોતું. એટલે એમણે સતપંથના ભાઈઓને કહેડાવ્યું કે "તમે કોઈ કેશરા મુખીએ સ્વીકારેલ નવો[91] ધર્મમાં ફસાસો નહીં." અને એના માટે જોરદાર તકેદારી રાખવાની ભલામણ કરી [96:Page 28].

---

**88** કલ્પિત ધર્મ = સતપંથ ધર્મ

**89** વા'વંટોળો = હવાનો વંટોળો = Whirlwind

**90** જૂના ધર્મ = સતપંથ ધર્મ

**91** નવો = સાચો સનાતન હિન્દુ ધર્મ

તેમ છતાં, કેશરા બાપાના સાથીદારોનું સંખ્યાબળ ધીરે ધીરે વધવા માંડ્યું અને સંગઠન પણ મજબૂત થવા લાગ્યું [96:Page 28].

**129.** <u>**ખુલ્લો પડકાર:**</u> વિક્રમ સંવત (VSA) 1872 ભાદરવા વદ 7 એટલે દિનાંક 25 -Sep-1815ના દિવસે નેત્રા ગામમાં તે વખતના જૂના કલ્પિત[88] ધર્મના સ્થાન[92] સામે ઊભા રહી પડકાર ફેંક્યો કે **"આપણો જૂનો ધર્મ એક કલ્પિત અને પાખંડ ધર્મ છે. એવા ધર્મને આપણે ક્યારેય માનવો ન જોઈએ"** આમ કહીને જૂના ધર્મના દૂષણોનો છડે ચોક ભંગ કરવા લાગ્યા.

જૂના ધર્મના પાખંડો અને દૂષણોને ખુલ્લા કરતા તેમના શબ્દોના ગોળાઓએ જૂના ધર્મના સજ્જડ ઇમારતના પાયાને જડમૂળથી હચમચાવી નાખ્યા. કચ્છમાં તે વખતના કડવા પાટીદાર જ્ઞાતિના જૂના ધર્મના ભાઈઓના કાળજાં કંપી ઊઠ્યાં. કેશરા બાપા અને જૂના ધર્મ વાળા વચ્ચે શબ્દોના વાક યુદ્ધ થતા રહેતા. પણ કેશરા મુખીની સત્ય વાતો સામે એ લોકોનું જોર ચાલતું નહીં [96:Page 46].

**130.** <u>**કડક સજા કરવા આખી જ્ઞાતિ ભેગી કરવામાં આવી:**</u> હવે જૂના ધર્મ વાળાઓએ તેમની બાજી બદલી. તેમણે ત્રણે પાંચાડાના[93] જ્ઞાતિના આગેવાનોને ભેગા કર્યા. કેશરા બાપા અને એમના સાથીદારોને જ્ઞાતિ તરફથી સજ્જડ સજા કરાવવાના પ્રયાસો શરૂ કર્યા.

સંવત 1832ના ઠરાવ પછી બરાબર 40 વર્ષ બાદનો આ પ્રસંગ છે. વિક્રમ સંવત (VSAK) 1872 ચૈત્ર સુદ 7 એટલે દિનાંક 19-Apr-1816ના જ્ઞાતિના ગેઢેરાઓ વિથોણ ગામના ધર્મ સ્થાને આખી જ્ઞાતિને ભેગી કરી. તેમાં કેશરા બાપા અને તેમના સાથીદારોને ખાસ બોલાવવામાં આવેલ હતા. એક બાજુ આખી જ્ઞાતિ અને બીજી બાજુ માત્ર પાંચ મિત્રો. આવામાં ભલભલેરા માણસની જિગર જવાબ આપી દે. વિચાર તો કરો કે પરિસ્થિતિ કેવી હશે અને આ લોકોના મનમાં શું ચાલતું હશે.

આ સભામાં થયેલ ચર્ચાઓનું પુનરાવર્તન અહીં નથી કરવામાં આવ્યું. જેમને વિસ્તૃતમાં જાણવું હોય તો આગાઉ જણાવ્યા પ્રમાણે કેશરા બાપા ઉપર લખાયેલ એમની જીવની પુસ્તક જરૂર વાંચી લેવા વિનંતી છે [96:Page 46 to 54].

પણ, આ સભામાં જે મુખ્ય મુદ્દાઓ ઉપર ચર્ચાઓ થઈ અને સામસામે સવાલો અને જવાબો થયા, એનો સાર અહીં નીચે આપેલ છે.

<u>**સભામાં બધાજ આગેવાનો કહેવા લાગ્યા કે;**</u>

1) કેશરા બાપાએ જ્ઞાતિના (ખાસ સંવત 1832ના) ઠરાવનો ભંગ કર્યો છે.

---

**92** ધર્મનું સ્થાન = સતપંથનું જમાતખાનું = ખાનું

**93** પાંચાડા – જુઓ ટૂંકાક્ષર

2) બધા લોકો સજાની માંગણી કરવા લાગ્યા અને બોલ્યા કે.. જો સજા ન ભોગવવી હોય તો જ્ઞાતિના પગે પડી માફી માંગે, ભૂલ કર્યાનો એકરાર કરી "મુચરકો"[94] લખી આપે.
3) તેવી જ રીતે સ્વામિનારાયણ ધર્મ છોડીને પાછો જૂનો (સતપંથ) ધર્મ સ્વીકારી લે.
4) અને આવું ન કરે તો, તેની સજા તરીકે જ્ઞાતિથી બહાર કરવાની સજા આપવી અને તેમના છોકરાંનાં થયેલ સગપણ-સાંતરાં લેવાણ-દેવણના સઘળા સંબંધો તોડી નાખવાં.

કઠણ કાળમીંઢ પથ્થર જેવા કાળજાને કચડી નાખે એવા વાતાવરણમાં કેશરા બાપા અને એમના સાથીદારોએ ધીરજ રૂપી ઢાલ ધરી. અને વિનમ્રતા સાથે મક્કમતાથી જ્ઞાતિના આગેવાનોના બધાજ સવાલોના યોગ્ય જવાબો આપ્યા.

**<u>જવાબોમાં એમની દલીલ હતી કે;</u>**

5) કોઈના પણ પૂર્વજોએ કરેલા સામાજિક કે રાજકીય ગુના બાબતે, તેમની પાછળની પેઢીએ સજા ભોગવવી જોઈએ એવું કોઈ ધર્મ શાસ્ત્રમાં કે કાયદામાં લખ્યું નથી.
6) જૂના કલ્પિત ધર્મને અમે અને અમારા વડીલોએ જ્યાં સુધી માન્યો હતો, ત્યાં સુધી અમે એ ઠરાવને પૂરી રીતે માન આપ્યું હતું.
7) પણ હવે જ્યારથી એ ધર્મનો ત્યાગ કર્યો છે, ત્યારથી ધર્મ બાબતના એ ઠરાવ અમને કબૂલ નથી.

**<u>આના પછીની દલીલ ખૂબ સારી હતી. જ્ઞાતિના એક આગેવાને એમને પૂછ્યું કે;</u>**

8) આ સમગ્ર જ્ઞાતિ તમને પૂછે છે કે, જ્યારે આપણા બાપદાદાએ સ્વીકારેલ ધર્મ તમે છોડ્યો, ત્યારે આપણા સમાજના આગેવાનોને તમે પૂછ્યું હતું?

**નોંધ:** કેશરા બાપા માટે આ પ્રશ્ન બહુ ગંભીર હતો, કારણ કે પોતે પણ જ્ઞાતિના એક આગેવાન હતા. અને આગેવાન તરીકેની એમની જવાબદારી વિશેષ હતી.

**<u>ત્યારે, કેશરા બાપાએ એકદમ સચોટ જવાબ આપ્યો કે;</u>**

9) આપણાં વડીલોએ તે વખતના અસલ વૈદિક સનાતન ધર્મ છોડીને બીજો એટલે કે હાલનો કલ્પિત ધર્મ સ્વીકાર્યો, ત્યારે તેમણે સનાતન ધર્મ પાળવાવાળા સમાજના વડીલોને પૂછ્યું હતું?
10) નંદનવન જેવા ગુજરાત છોડીને આ ઉજ્જડ, ડુંગરાળ, કાંકરાવાળી, સુકી કચ્છની ભૂમિમાં સતપંથ ધર્મ સ્વીકારવાના કારણે આવવું પડ્યું છે.
11) આપણાં વડીલોએ એમના વડીલોના વૈદિક ધર્મને તથા જ્ઞાતિને માન આપ્યું નથી. તેમણે સમાજ અને સનાતન ધર્મનું અપમાન કર્યું છે. માટે જૂના ધર્મને અમે નથી માનતા.

---

[94] મુચરકો = 'ગુનો ફરી કરું તો દંડ કે સજા ખમવાની બાહેંધરી આપું છું' એ જાતનું લખી આપેલું જામિનખત.

કેશરા બાપાની આ દલીલ એટલી તાર્કિક અને સચોટ હતી કે એનો સતપંથના આગેવાનો પાસે એનો કોઇ તોડ નહોતો.

આવા જબરદસ્ત દબાણની પરિસ્થિતિમાં આવી સચોટ દલીલ માત્ર દૈવી કૃપાથી જ સૂજી શકે, નહીં તો આવી પરિસ્થિતિમાં સામાન્ય માણસનું કામ નથી.

આ વાતથી કેશરા બાપાના વ્યક્તિત્વની એક ઝલક આપણને જોવા મળે છે.

131. **<u>જ્ઞાતિ પંચની નિષ્ફળતા</u>** : સભામાં અન્ય પણ ઘણી દલીલો થઈ. પણ, જ્ઞાતિના આગેવાનો, સાચી વાત સમજ્યા વગર, પોતાની સત્તાનો દુરુપયોગ કરી, જોર જુલમ વાપરી, સનાતનીઓને કડકમાં કડક સજા ફરમાવવાનું મન પહેલેથી જ બનાવી આવ્યા હોય એવું લાગ્યું.

ત્યારે કેશરા બાપાએ કહ્યું કે તમે સર્વસત્તાધીશ બની તમે હિન્દુ સમાજ ઉપર ઔરંગઝેબી જોહુકમી અમને મોગલશાહી અમલ ચલાવો છો. તમારો એ નર્યો સિતમ છે.

ધર્મના નામે આપણી જ્ઞાતિના ગરીબ ભાઈ-બહેનો ઉપર જો સિતમગારીનો જુલ્મી અમલ ચલાવશો તો મારે ન છૂટકે આપણા મહારાવ સમક્ષ તમારા સૌની ફરિયાદ કરવી પડશે. તેના માઠાં પરિણામ ભોગવવા તમારે બધાએ તૈયાર રહેવું પડશે.

કેશરાબાપાની આ સિંહ ગર્જના જેવા જવાબો સાંભળીને જ્ઞાતિના ગેઢેરાઓના સાંધા ઢીલા થઈ ગયા. એમને મૌખિક ઠરાવ કર્યો કે "આ બાબતનો ખુલાસો કરવાનો ઠરાવ માટે, આપણે આપણા હાલના ધર્મગુરુને જણાવવું, અને તે જેમ કહે તેમ આપણે બધાએ વર્તવું ."

સનાતન ધર્મના પક્ષમાં, કેશરા બાપા પાછળ કચ્છના મહારાવશ્રીનું પીઠબળએ બહુ મોટી ભૂમિકા ભજવી છે.

**માટે, ક. ક. પા. સનાતન જ્ઞાતિ કચ્છના મહારાવશ્રીના સદાય ઋણી રહેશે.**

**<u>અહીં સમજવાનો મુદ્દો;</u>**

વિચારધારાના વિનાશમાં "કાયદો અને વ્યવસ્થા"ની ભૂમિકાનો છે. જેવો કાયદો અને વ્યવસ્થાનો લાભ જ્ઞાતિને મળવા લાગ્યો, તેવો વિચારધારાના વિનાશના કામમાં રોક લાગવા લાગી.

**132. <u>ધર્મગુરુઓનો ફેંસલો:</u>** જ્ઞાતિના આગેવાનોએ કરેલ મૌખિક ઠરાવ ઉપર ફેંસલો આપતા ધર્મગુરુઓએ મળીને વિચાર કર્યો કે;

> "આપણો હાલનો જે ધર્મ છે તેમાં સાર અસાર શું છે તે આપણે બધા સારી રીતે સમજીએ છીએ. એટલે હવેથી જો આપણે કોઇ ધર્મ સામે વાંધો લઈશું તો તેમાં આપણે ફાવવાના નથી. એટલે આપણે કોઇ ધર્મ સામે વાંધો ઉઠાવવો નહીં. સૌએ પોત પોતાના ધર્મ સંભાળવા."
>
> "જૂનો ધર્મ પાળવાવાળા ભાઈઓ અને બહેનોએ કેશરા મુખીના[95] ધર્મમાં ન ફસાઈ જાય તેની ખાસ તકેદારી રાખવી, ઝઘડો કરવાથી ધર્મમાં જ ફાટફૂટ પડશે અને આપણું સંખ્યાબળ તૂટશે. આગળ જતાં શું થાય છે તે જોયું જશે. કેશરા મુખી શિરજોર માણસ છે એટલે તેમની સાથે ઉપરથી મેલ રાખવો. એવા માણસને બળથી નહીં પણ કળથી જીતાય, એવો આપણા ધર્મનો મત છે." [96:Page 53 and 54]

**સતપંથના ધર્મ ગુરુઓનો ફેંસલો**

**133. <u>સનાતન ધર્મનો જોરશોરથી પ્રચાર:</u>** જ્ઞાતિ પંચ અને ધર્મગુરુઓની નિષ્ફળતાના કારણે, કેશરા બાપા અને એમના સાથીદારોએ સ્વામિનારાયણ સંપ્રદાયનો જોરશોરથી પ્રચાર કરવામાં બળ મળ્યું. પણ સતપંથના રૂઢિચુસ્ત આગેવાનોને આ ક્યાં પસંદ પડાવાનું હતું.

**134. <u>અબજી ભગતને અમાનુષી માર:</u>** કેશરા બાપાના એક સાથીદાર, ગામ અંગિયાના શ્રી અબજી કરસન ભગતને અમુક સતપંથીઓએ અમાનુષી માર માર્યો [96:Page 54]. જ્યારે કેશરા બાપાને ખબર પડી ત્યારે એકદમ ક્રોધિત થયા અને અંગિયા ગામના જૂના ધર્મના આગેવાનોને બોલાવી કહ્યું કે..

"વાત વાતમાં તમે આવો જુલ્મ કરો છો તે હવે મારાથી સહન નહીં થાય. હું આવતી કાલે સવારે જ અહીંથી સીધો ભુજ જઈશ અને તમારા જુલ્મો સામે ફરિયાદ કરીશ." [96:Page 57]

એટલે અંગિયાના આગેવાનો તરતજ હાથ જોડીને માફી માંગવા લાગ્યા અને લખી આપ્યું કે;

"આજથી સ્વામિનારાયણ ધર્મ પાળતા કોઇ પણ ભાઇ યા બહેનને સીધી યા આડકતરી રીતે જૂનો ધર્મ પાળવાવાળા કોઇ ભાઈઓ સહેજ પણ હેરાન પરેશાન કરશે નહીં તથા કોઇના જાનમાલનું નુકસાન ન થાય તેની અમે સૌ લેખિત કબૂલાત આપીએ છીએ." [96:Page 58]

ત્યાર બાદ, એ ઘડાણી ગામ ગયા. ત્યાંના આગેવાનોએ પહેલેથી ખોટી રીતે ઝઘડા કરવા નહીં એવું નક્કી કર્યું હતું એટલે મૌખિક કબૂલાત આપી કે;

---

[95] કેશરા મુખી – કેશરા બાપા પોતે જ્ઞાતિના એક આગેવાન હોવાના કારણે એમને કેશરા મુખી તરીકે સંબોધવામાં આવતા.

"અમે અમારા ગામમાં ધર્મ બાબતે ખોટા કે સાચા કોઈ જાતના ઝઘડા કરાવીશું નહીં. અમે અને સ્વામિનારાયણ ધર્મવાળા સૌ સંપીને રહીશું અને હળીમળીને કામ કરીશું." [96:Page 59]

**135. <u>સગપણ તોડવાના પ્રસંગો:</u>** કેશરા બાપાના સાથીદારો પોતાના મકસદમાં સફળ ન થાય, એના માટે એમની સામે ઘણી અડચણો નાખવામાં આવતી. સતપંથ ધર્મવાળા ભાઈઓ ધીરે-ધીરે કેશરા બાપા સામે પોતાનો વિરોધ ઉગ્ર રીતે કરવા લાગ્યા. સગપણ-સાંતરાં[96]માં મોટી દખલગીરી કરવા લાગ્યા. સગપણો તોડવાના અને તોડવવાના પ્રસંગો બનવા લાગ્યા [96:Page 61]. કેશરા બાપા ઘણા પ્રયત્નો કરતા. કચ્છના રાજાનું પીઠબળ હોવા છતાં, ઘણી વખત મૂંઝવણમાં મૂકાઈ જતા.

વાત કચ્છના રાજા પાસે ફરીથી પહોંચી. ત્યારે કચ્છમાં મહારાવશ્રીએ વિક્રમ સંવત (VSA) 1884 આસો સુદ 9, દિનાંક 28-Sep-1827ના બંને પક્ષ વચ્ચે સમાધાન કરાવ્યું કે ધર્મ બાબતે બંને અટકાયત કરશે નહીં અને ખોટી રીતે યા આડકતરી રીતે હેરાન પરેશાન કરશે નહીં. એવા મતલબનો લેખિત કરાર બનાવી આપ્યો. આ કરારમાં સનાતન પક્ષ તરફથી કેશરા બાપાએ સહી કરી અને સતપંથના પક્ષ તરફથી રૈયા નાકરાણીએ સહી કરી [96:Page 64].

આ કરાર પછી કેટલાક સમય સુધી ઠીક-ઠીક ચાલ્યું. પણ પછી થોડે-થોડે સમયે બંને પક્ષો વચ્ચે ફરીથી મૌખિક રીતે ધર્મના ઝઘડા શરૂ થયા.

ત્યારે, વિક્રમ સંવત (VSA) 1887 ભાદરવા વદ 5, દિનાંક 07-Sep-1830ના વિથોણ ગામે જ્ઞાતિ ભેગી થઈ હતી. ત્યાં જ્ઞાતિ સામે કેશરા બાપાએ ફરિયાદ કરી કે સગપણ બાબતે રાજા સામે થયેલ કરાર થયેલ હોવા છતાં, નેત્રા ગામના ગેઢેરાઓ હેરાનગતિ કરે છે. કરારમાં સહી કરનાર રૈયા નાકરાણી ત્યાં હાજર હતા અને કેશરા બાપાને ધાકધમકી આપવા લાગ્યા. ક્રોધમાં આવીને રૈયા નાકરાણીએ કરારનો કાગળ ફાડી નાખ્યો [96:Page 67].

આ વાત જ્યારે કચ્છના રાજાને ખબર પડી, ત્યારે જ્ઞાતિના આગેવાનોને નવરાત્રી વખતે માતાના મડમાં બોલાવ્યા. ત્યાં રૈયા નાકરાણીએ પોતાની ભૂલ કબૂલ કરી એટલે કચ્છના મહારાવશ્રી બોલ્યા કે;

"બધા ઝઘડાના મૂળમાં તમે છો એ હવે સિધ્ધ થઈ ગયું છે. તમે લોકો કેશરા મુખી અને તેમના સાથીદારો સામે જે કાંઈ ફરિયાદ કરશો તે અમે સાંભળશું નહીં અને એ જ તમને શિક્ષા છે. જૂનો ધર્મ પાળવાવાળા તમે સૌ બહુ શિરજોરી વાપરો છો અને ઝઘડો તમે લોકો જ કરો છો. હવેથી અમે કેશરા મુખીની વાત જ સાંભળીશું. જાઓ, હવેથી ઝઘડો કરશો નહીં." [96:Page 71]

**રાજાનો ફેંસલો**

96 સગપણ-સાંતરાં = સગપણ શબ્દનો અપભ્રંશ અથવા બોલવાનો એક લહેજો.

**ફેંસલા પાછળનું મહત્વ**

કચ્છના રાજા દ્વારા અપાયેલ આ ફેંસલાથી સતપંથના ગેઢેરાઓને સંદેશ ગયો કે હવે "કાયદો અને વ્યવસ્થા"નો ઉપયોગ અમારા વિરુદ્ધ થશે, એટલે ચૂપ રહેવામાં જ ભલાઈ છે.

**136. <u>પહેલું સનાતની મંદિર બાંધવામાં આવેલ અડચણો:</u>** કેશરા બાપાએ નેત્રા ગામમાં ક. ક. પા. જ્ઞાતિનું પહેલું મંદિર એટલે કે સ્વામિનારાયણ મંદિર બાંધવાનો નિર્ણય કર્યો. એના માટે એમને જૂના ધર્મના સ્થાનક (એટલે કે સતપંથનું ખાનું ઉર્ફે જગ્યું)ની સામેની જગ્યા પસંદ કરી.

મંદિર ઊભું કરવાના ખર્ચને પહોંચી વળવા બંને પક્ષની સહિયારી / સવેચ મિલકતમાંથી અડધો ભાગ માંગ્યો. વાદ વિવાદો થયા. જૂના ધર્મવાળા ધાકધમકી કરવા લાગ્યા. છૂટા હાથે મારામારી પણ થવા લાગી. કેશરા મુખીની વાત સાંભળ્યા વગર તરત જ મારામારી ઉપર આવી જતા. જઘડો પતાવવા કેશરા મુખીએ ધીરજ રાખવા પોતાના સાથીદારોને સમજાવ્યા.

પણ મંદિર બાંધવાના પોતાના નિર્ધારનો અમલ કરવાની શરૂઆત કરી. થોડું-થોડું કરી માલ સામાન ભેગું કરવા લાગ્યા. પાયો ખોદવાની શરૂઆત કરી. પણ જેટલો પાયો ખોદાય એને જૂના ધર્મવાળા રાત્રે આવીને પૂરી દે. આવું ઘણા દિવસ સુધી ચાલ્યું. સમજાવવા જાય તો ઊલટું કેશરા બાપાને મારવા ઊભા થાય. છેવટે ભુજના દરબાર (એટલે મહારાજા) સામે પોતાની મૂંઝવણ રજૂ કરી.

રાજાએ તરતજ પોલીસને આદેશ આપ્યો કે તેઓ કેશરા બાપાને મદદ કરે અને મંદિરના બાંધકામ માટે જરૂરી સુરક્ષા પૂરી પાડે. વધારેમાં મંદિર માટે બારી-દરવાજા અને અન્ય સામાન માટે સહયોગ પણ આપ્યો. કેશરા બાપાએ એવી સરસ યુક્તિ કરી કે એમના વિઘ્ન સંતોષી રૈયા નાકરાણીને ખૂબ માન સન્માન આપી એના હાથે જ મંદિરનું ખાતમુહૂર્ત કરાવ્યું. આ કેશરા બાપાની એક બહુ સરસ અટકળ હતી [96:Page 73 to 77].

ત્યાર બાદ વિક્રમ સંવત (VSAK) 1909 વૈશાખ સુદ 5, દિનાંક 13-May-1853ના મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા વિધિ સંપન્ન કરવામાં આવી. આ પ્રસંગે ભુજના રાજા સહિત, આજુબાજુના જાગીરદારો, પ્રસાશનના ઉચ્ચ અધિકારીઓ, પોલીસ અધિકારીઓ, આચાર્યો, સાધુ સંતો, વગેરેને આમંત્રણ આપવામાં આવ્યું હતું [96:Page 78 to 83]. આ સમય સુધી જ્ઞાતિમાં કોઈ પણ હિન્દુ મંદિર બન્યું નહોતું.

**<u>સનાતન ધર્મનો પાયો</u>**

**સ્વામિનારાયણ ભગવાનના મંદિરના માધ્યમથી કેશરા બાપાએ ક. ક. પા. જ્ઞાતિમાં શુધ્ધ સનાતન ધર્મનો મજબૂત પાયો નાખ્યો.**

**137. <u>હેરાન કરવાના પ્રપંચો ચાલુ જ રહ્યા:</u>** મંદિર બની ગયા પછી પણ સનાતન ધર્મીઓને સીધી કે આડકતરી રીતે હેરાન કરવાના પ્રપંચો ચાલુજ રહ્યા. દાખલા તરીકે વર્ષ 1859માં સ્વામિનારાયણ સાધુઓ ઉપર હાડકાં, માંસ વગેરે અપવિત્ર વસ્તુઓ નાખવી [96:Page 86].

તેજ વર્ષમાં (વર્ષ 1859) આચાર્ય અયોધ્યા પ્રસાદે કેશરા બાપા અને તેમના સાથીદારોની પરીક્ષા લીધી. એમની સનાતન ધર્મ પ્રત્યેની મક્કમતા ચકાસવા, એવો લોભમણો પ્રસ્તાવ મૂકતાં કહ્યું કે, જૂના ધર્મવાળા તમને વારંવાર હેરાન પરેશાન કરે છે, તો તમારો, ભુજ પરગણાના લેઉઆ પાટીદારો સાથે રોટીબેટીનો સંબંધ, અમે સુમેળતાથી કરાવી આપીએ. ત્યારે કેશરા બાપા અને સાથીદારોએ પ્રસ્તાવને અસ્વીકાર કરતાં કહ્યું કે અમારી જ્ઞાતિ જ અમારી માતા સ્વરૂપ છે. અમે અત્યારે કે ભવિષ્યમાં જ્ઞાતિ છોડવા માંગતા નથી [96:Page 90 to 92].

જૂના ધર્મવાળા જ્ઞાતિના સવેચ વાસણો, ગાદલાં-ગોદડાંમાં સનાતનીઓને ભાગ આપવાની ના પાડી દીધી. માંગણી કરવા ગયા તો ખાનાના મુખીએ અશ્લીલ શબ્દો વાપરીને ભયંકર અપમાન કર્યું. વાત ફરીથી મહારાજા પાસે પહોંચી. મહારાજાએ નખત્રાણાના ન્યાયધીશ[97]ને આદેશ આપીને મિલકત સીલ કરાવી દીધી. શરૂઆતમાં સમજૂતી ન બની પણ છેવટે ફેંસલો આવ્યો કે સવેચ મિલકતમાં અડધો હક્ક સ્વામિનારાયણ પાળવાવાળાને આપવામાં આવે. જેના વિષે રોહા જાગીરના દરબારશ્રીએ સરસ ખુલાસો પણ કર્યો [96:Page 94 to 97].

**138. <u>અક્ષર નિવાસ:</u>** કેશરા બાપા ખુબજ લાંબુ અને સફળ જીવન જીવી ગયા. વિક્રમ સંવત (VSAK) 1934 આસો વદ 14 (કાળી ચૌદસ), દિનાંક 25-Oct-1878ના દિવસે, વિક્રમ સંવત કેલેન્ડર[98] પ્રમાણે પૂરા 110 વર્ષ, 6 મહિના અને 14 દિવસનું એમનું જીવન જીવીને સ્વર્ગવાસી થયા.

**139. <u>કમીઓ અને ખામીઓ:</u>** દરેક માણસ અને મોહિમમાં કોઈ ન કોઈ કમીઓ અને ખામીઓ હોય જ. સ્વાભાવિક છે કેશરા બાપાની આગેવાનીમાં શરૂ થયેલ સનાતની મોહિમમાં પણ કમીઓ અને ખામીઓ હોય. અહીં, એ કમીઓ અને ખામીઓ પર નજર કરી, કેશરા બાપા અને એમના સાથીદારોના યોગદાનને

---

**97** ન્યાયાધીશ – વાચકો યાદ હશે કે ક. ક. પા. જ્ઞાતિના ઝઘડાઓ જ્ઞાતિ ભેગી થઇને પતાવે. અને ના પતે તો કચ્છના મહારાવ સમક્ષ લઇ જતા અને તેઓ જાતે ચુકાદો આપતા. કોર્ટનો આશરો લેવાતો નહીં. જુઓ પોઈન્ટ (76).

**98** આંતરરાષ્ટ્રીય કેલેન્ડર પ્રમાણે: પૂરા 110 વર્ષ, 6 મહિના અને 23 દિવસ

જરા પણ ઓછું ગણવાનો પ્રયત્ન નથી. પણ એ કમીઓ અને ખામીઓથી શિખ લઈને આગળ વધવાની વાત છે.

**139.1.** કેશરા બાપાની મોહિમ નેત્રા સહિત આસપાસના 7 ગામો પૂરતી સીમિત રહી [27:Page 267] અન્ય ગામોમાં આ મોહિમ ન પહોંચી.

**139.2.** માત્ર, લગભગ 1500 જેટલા લોકોએ સતપંથ ધર્મનો સદંતર ત્યાગ કરી સ્વામીનારાયણ સંપ્રદાયને સ્વીકાર્યો [96:Page Prasthavna and 99].

**139.3.** કેશરા પરમેશ્વરા પછી સ્વામિનારાયણનો પ્રચાર જ્ઞાતિમાં લગભગ બંધ થઇ ગયો [95:Page 15 and 16]. એની પાછળ મુખ્ય કારણ હતું તે સમયના (આજના નહીં) ભુજ સ્વામિનારાયણ મંદિરના સાધુઓનું જડ વલણ અને જ્ઞાતિની મોમના મુસલમાન ઓળખના કારણે જ્ઞાતિ સાથે અન્યાય અને અત્યાચાર ભર્યો વ્યવહાર [95].

**139.4.** સ્વામિનારાયણની સાંખ્યયોગીઓ (સાધ્વીઓ) સાથે પણ ઘણા વર્ષો સુધી ભેદભાવનો વ્યવહાર ચાલતો રહ્યો [95:Page 5 and 11]. આજની પરિસ્થિતિ વિષે હજી ક્યારેક-ક્યારેક પડદા પાછળથી અસમંજસ ભરેલી વાતો સંભળાય છે.

**139.5.** ક. ક. પા. જ્ઞાતિ સાથે રોટી વ્યવહારમાં સ્વામિનારાયણ સંપ્રદાયમાં માનતા અન્ય સમાજના લોકો દ્વારા કરવામાં આવતો ભેદભાવ અને અત્યાચાર પણ એક કારણ હતું. દા.xત. લેઉવા અને કડવા કણબીના રસોડા જુદા કરવા બાબતે [95:Page 2].

**<u>આજની પરિસ્થિતિ</u>**



**આજની પરિસ્થિતિ**

ક. ક. પા. જ્ઞાતિના સત્સંગીઓને સાધુ-દીક્ષા આપવા બાબતે અમદાવાદની ધર્મપીઠની આગેવાનીમાં અગ્રણી 50 વિદ્વાનો અને પંડિતોએ દિનાંક 07-Oct-1945ના દિવસે નિર્ણય કર્યો કે ક. ક. પા. જ્ઞાતિમાંથી આવતા સત્સંગીઓ સાધુ-દીક્ષા લેવા માટે લાયક છે. સંપૂર્ણ કાર્યવાહી અને નિર્ણયનો અહેવાલ માટે જુઓ સંદર્ભ સૂચિના ક્રમ [39] અને [6:Page 596]માં જણાવેલ દસ્તાવેજ.

ત્યાર બાદ અન્ય બે સમસ્યાઓનું પણ સુખદ નિવારણ આવી ગયું છે.

**<u>ખાસ નોંધ:</u>** આજે મોટે પાયે ભેદભાવ ભર્યું વાતાવરણ નથી. આજે ક. ક. પા. જ્ઞાતિ સાથે પૂરા આદર સન્માન ભર્યો વ્યવહાર કરવામાં આવે છે. ઉપર જણાવેલ વાતોના અર્થનો કોઇ અનર્થ કાઢશો નહીં, એની ખાસ વિનંતી છે.

**140.** <u>**ઉપસંહાર[99]:**</u> કેશરા બાપા (કેશરા મુખી) દ્વારા ઉપાડેલ મોહિમની વાત કોઈ નાની સૂની વાત નહોતી. જેવી રીતે ભારત દેશની આઝાદીની લડાઈમાં મંગળ પાંડેયનો વર્ષ 1857ના વિદ્રોહનું જેટલું મોટું મહત્વ છે, એવુંજ મહત્વ કેશરા બાપાના સતપંથ સામેની મોહિમનો છે.

એમના મોહિમની સફળતાના મુખ્ય મુદ્દાઓ આ પ્રમાણે છે;

**140.1.** <u>**સનાતન દીપ પ્રજ્વલ્લિત:**</u> વિચારધારાના વિનાશ પદ્ધતિનો છેલ્લો તબક્કો એટલે કે “કટોકટીના તબક્કા”માં (જુઓ પોઈન્ટ 120) કેશરા બાપા અશક્ય પરિસ્થિતિમાં સનાતન ધર્મનો દીપ પ્રજ્વલ્લિત કરવામાં સફળ થયા. ભલે એ દીપ આજે નાનો લાગતો હોય, પણ કહેવાય છે ને અધર્મ રૂપ અંધારાને દૂર કરવા માટે એક દીપ પણ કાફી છે, એ પ્રમાણે કેશરા બાપાએ સનાતન ધર્મનો એ દીપ પ્રગટાવ્યો હતો.

**140.2.** <u>**સફળતા:**</u> વિધર્મના સતપંથ નામક મજબૂત કિલ્લાની દીવાલોમાં ગાબડું પાડવામાં કેશરા બાપા સફળ રહ્યા. અને કચ્છના 7 ગામના લોકોને એ કિલ્લામાંથી મુક્ત કરી શુદ્ધ સનાતન ધર્મમાં લાવવાનું ભગીરથ કામ કર્યું.

**140.3.** <u>**વળતો પ્રહાર જીલવામાં સફળતા:**</u> એમના જીવનનો સૌથી કઠિન દોરની આ વાત છે. એમના જીવન અને કાર્યોની વિશેષતા એ રહી કે, સતપંથના કિલ્લામાં કહેવાતું ગાબડું પાડયા પછી, સતપંથનો જે વળતો પ્રહાર આવ્યો કે, જેમાં એમના અને એમના સાથીદારો ઉપર અત્યાચાર, જુલમ, ત્રાસ, હેરાનગતિનો તુફાન ચાલુ થયાં, એ તુફાનમાંથી સનાતન ધર્મની મોહિમની હોડીને સુરક્ષિત બહાર નિકાળી શક્યા. જે એક માત્ર વીર જ કરી શકે. એમના આ ગુણના કારણે એમને “નરવીર” કહેવામાં આવ્યા.

**140.4.** <u>**પહેલું સનાતની મંદિર:**</u> આ કઠિન દોરના વચ્ચે, સનાતન ધર્મનો કાયમી પાયો નાખવા તેમજ તેમની મોહિમને મજબૂત કરવા માટે ક. ક. પા. જ્ઞાતિનું પહેલું હિન્દુ મંદિર એટલે કે સ્વામિનારાયણ મંદિર ઊભું કરી શક્યા.

**140.5.** <u>**કાયદો અને વ્યવસ્થાનો સાથ:**</u> કેશરા બાપાની સફળતા પાછળનું એક મુખ્ય પરિબળ હતું કચ્છના રાજાનું સજ્જડ પીઠબળ. કેશરા બાપાને જ્યારે જરૂર પડી, ત્યારે સત્યના પક્ષમાં કચ્છના મહારાવશ્રી હમેશા પહાડની જેમ મજબૂતી આપવા કેશરા બાપા સાથે ઊભા રહ્યા. જેના કારણે જ્ઞાતિના જુલ્મી ગેઢેરાઓનો અસહય ત્રાસ અને જુલ્મો સામે ટકી રહેવાની હિમત અને ક્ષમતા તેમને મળતી રહી.

[99] ઉપસંહાર = Conclusion

141. **<u>સુધારાઓના ક્ષેત્રો:</u>** કેશરા બાપાની મોહિમનો સતપંથના પ્રચારકોની "વિચારધારાના વિનાશ"ની મેલી મુરાદ ઉપર કેવી વિપરીત અસર પડી, એ નીચે જણાવેલ ટેબલમાં જોઇશું.

| ફેરફારો ઉપર નજર / Tracking ટેબલ | | | |
|---|---|---|---|
| **Ideological Subversion / વિચારધારા વિનાશ** | **વિનાશ વિગત** | **વિનાશ સ્થિતિ** | **સુધારો* કેશરા** |
| **1. Demoralisation Areas / નિરાશાના ક્ષેત્રો** | 19 | પૂર્ણ | **પ્રગતિ માં** |
| 1.1. Religion / ધર્મ | 20.1 | ✓(70) | **વિદ્રોહ** |
| 1.2. Education / શિક્ષા – કેળવણી | 20.2 | ✓(89) | -- |
| 1.3. Social Life / સામાજિક જીવન | 20.3 | ✓(88) | **થોડું** |
| 1.4. Power Structure / સત્તાનું માળખું | 20.4 | ✓(77.1) | **થોડું** |
| 1.5. Law and Order / કાયદો અને વ્યવસ્થા | 20.5 | ✓(77.2) | **થોડું** |
| 1.6. Leadership / નેતૃત્વ | 20.6 | ✓(77.3) | -- |
| **2. Destabilisation / અસ્થિરતા લાવવી** | 21 | પૂર્ણ | -- |
| 2.1. Finance / આર્થિક | 21.1 | ✓(105) | -- |
| 2.2. Law and Order / કાયદો અને વ્યવસ્થા | 21.2 | ✓(106) | **થોડું** |
| 2.3. Media / મીડિયા | 21.3 | ✓(107) | -- |
| **3. Crisis / કટોકટીની સ્થિતિમાં મૂકવું** | 23 | પૂર્ણ | -- |
| 3.1. So called Saviour / કહેવાતા ઉદ્ધારકો<br>• અંદરની વ્યક્તિ<br>• બહારની વ્યક્તિ | 23.3 | ✓(115) | **સુધારો** |
| **4. Normalisation / સામાન્ય પરિસ્થિતિ બહાલ કરવી** | 24 | **નિષ્ફળ** | **બાકી** |
| 4.1. નવો સમાજ પ્રસ્થાપિત કરવો – 2 ચરણોમાં | | **નિષ્ફળ** | **બાકી** |

* થયેલ સુધારાઓનું સ્તર
કેશરા = કેશરા પરમેશ્વરાનો દોર

# 21 જાગૃતિ – નારાયણ રામજી લીંબાણીની ટીમની ચળવળ

**142.** **<u>ભૂમિકા:</u>** કેશરા બાપા પછી સનાતન ધર્મની મોહિમ સ્થગિત થઇ ગઈ હતી. નારાયણ રામજી લીંબાણી[100] (નારાયણ બાપા) એ એમની ભરયુવાનીના દિવસોમાં સનાતન ધર્મ જાગૃતિની મશાલ નવેસરથી જગાડી અને જ્ઞાતિના જન-મન સુધી સનાતન ધર્મ જાગૃતિના અજવાળાં પહોંચાડ્યાં.



**નારાયણજી રામજી લીંબાણી**

માત્ર 19 વર્ષની કાચી ઉંમરે વર્ષ 1902માં માયાનગરી મુંબઈમાં પોતાનું ભાગ્ય અજમાવવા માટે આવ્યા. ત્યાં નારાયણ બાપા સાથે બનેલ એક ઘટનાથી એમના જીવનનું લક્ષ્ય બદલાઈ ગયું. વિદ્વાન પંડિતોના હાથે પહેલાં પોતાની દેહશુદ્ધિ કરાવીને પછી અધોગતિમાં પડેલી મા સમાન જ્ઞાતિને દુઃખ અને પીડાઓથી મુક્ત કરવા, પીરાણા સતપંથ સામે રણશિંગું ફૂંક્યું. માત્ર ધોરણ પાંચ[101] સુધી ભણેલા હોવા છતાં, એમને જાગૃતિનું એવું જોરદાર વાવાઝોડું ચલાવ્યું કે, એમના પ્રયત્નોની કદર રૂપે એમને "જ્ઞાતિના આધ્ય સુધારક" કહેવામાં આવ્યા.

આ લેખમાં આપણે નારાયણ બાપાનું વ્યક્તિત્વ, એમને ઉપાડેલ અભિયાન, કરેલ મુશ્કેલીઓનો સામનો, મળેલ સફળતા અને એમના જીવનના ઉતાર ચડાવ ઉપર નજર નાખીશું. અને સાથે-સાથે એમના નેતૃત્વમાં ચાલેલ અભિયાનનો સતપંથના પ્રચારકોની "વિચારધારાના વિનાશ"ની રણનીતિ ઉપર કેવી અસર પડી, એનું અવલોકન પણ કરતા રહીશું.

**143.** **<u>સ્ત્રોત:</u>** નારાયણ બાપાના કાર્યો વિષે ઘણા દસ્તાવેજો જોવા મળે છે. જેમ કે પરિષદોના અહેવાલો, જાહેર મિટિંગના રિપોર્ટસ, પૅમ્ફ્લેટસ, નાની મોટી પુસ્તિકાઓ વગેરે, જેમાં એ અડગ મનનાં માનવીના વ્યક્તિત્વના દર્શન થાય છે. તેમના જન્મથી લઇને સ્વર્ગવાસ સુધીની નાની-મોટી માહિતીઓ ઘણા પુસ્તકોમાં છે. રસિક

---

**100** નારાયણ રામજી લીંબાણી – એમને નારાયણ રામજી કોન્ટ્રાકટરના નામથી પણ ઓળખાતા હતા.

**101** ધોરણ પાંચ – [88:Page 14]

વાચકો એને મેળવી શકે છે. જ્ઞાતિ સુધારના ભગીરથ કામમાં નારાયણ રામજીનું કેવું યોગદાન હતું એ આપણે જોઇશું. એના માટે, આ દસ્તાવેજો ઉપરાંત, નીચે જણાવેલ પુસ્તકોનો મુખ્ય આધાર લેવામાં આવ્યો છે.

1. પીરાણા સતપંથની પોલ અને સત્યનો પ્રકાશ [88]
2. કર્તવ્ય પંથે [148]
3. કચ્છના કડવા પાટીદારોનો ઇતિહાસ [4:Page 85 to 100]

આ લેખમાં નારાયણ બાપાના જીવનના માત્ર મહત્વના પ્રસંગો અને એનું ટૂંકમાં અવલોકન કરવામાં આવ્યું છે. વિસ્તૃત જાણકારી માટે મૂળ દસ્તાવેજો વાંચવા વિનંતી. એમાંથી ઘણા દસ્તાવેજોની ઓનલાઇન લિન્ક આ પુસ્તકના અંતિમ ભાગમાં જણાવેલ "Bibliography / સંદર્ભ સૂચિ" પ્રકરણમાં આપેલ છે.

**144. <u>અભિયાનની મહત્વપૂર્ણ ઘટનાઓ:</u>** નારાયણ બાપાએ ઉપાડેલ સનાતન ધર્મ જાગૃતિની મોહિમમાં તેમની સાથે થયેલ મહત્વની ઘટનાઓને વિષે ટૂંકમાં આપણે નીચે જોઇશું.

**144.1. <u>નારાયણ બાપાને મનમાં લાગી આવ્યું:</u>** મુંબઈ-વડગાદીમાં એક ભાઈ, શેઠ કેશવજી દામજીના મકાનના કામ માટે નારાયણ બાપાની ભલામણ કરવા કચ્છી ભાઈ શ્રીયુત ગોપાલભાઈએ હસીમજાકમાં કહેલ શબ્દો નારાયણ બાપાને હાડોહાડ[102] લાગી ગયાં. એ શબ્દો હતા (કચ્છી ભાષામાં);

**"ઈ ડીસાજેતા હિન્દુ જેડા, પણ ધરમમેં તાં ઈ વડા કાફર આઈ – ન ઈ હિન્દુ ને ન ઈ મુસલમાન. ઈનીજેમેં મરે તડેં દટજે, અને પઈણે તડેં ધુવા પેન !"**

<u>ગુજરાતી ભાષાંતર:</u> "**એ દેખાય છે હિન્દુ જેવા પણ ધર્મમાં તો એ બહુ કાફર છે – ન એ હિન્દુ ને ન એ મુસલમાન. એ લોકોમાં મરે ત્યારે દફનાવે અને પરણે ત્યારે દુઆ પઢે.**"

આ સાંભળીને નારાયણ બાપાને થયું કે.. "અમે કડવા પાટીદાર કણબીઓ શ્રી રામચંદ્રજીના પ્રતાપી વંશના ક્ષત્રિઓ છીએ. છતાં આ લોકો અમારી આટલી બધી નિંદા તે શા માટે કરતા હશે?" એ દિવસથી નારાયણ બાપાને સત્ય શોધવાની બહુજ ચપટી લાગી [88:Page 16].

**144.2. <u>રામેશ્વર મહારાજનું માર્ગદર્શન:</u>** રાજકોટ નજીક ઢોલરા ગામના મૂળ વતની શ્રી રામેશ્વર મોરારજીના સહવાસથી વૈદિક સંસ્કારો મળ્યા. સતપંથના ગુપ્ત ભેદ ભરમોની જાણ પણ, પૂજ્ય રામેશ્વરજીના માધ્યમથી થઈ [88:Nivedan].

---

**102** હાડોહાડ = એકે એક હાડકામાં. શરીરનાં સર્વે અંગોમાં, હાડેહાડ.

**144.3.** **<u>હિન્દુ ધર્મનું જ્ઞાન લીધું:</u>** પીરાણા સતપંથને જાણવા માટે તેનું સાહિત્ય બારીકાઈથી વાંચવા લાગ્યા. ફુરસદ મેળવી માધવબાગ, આર્યસમાજ મંદિર તેમજ હીરાબાગ જેવાં મુંબઈનાં જાહેર સભાસ્થળોમાં, જ્યાં-જ્યાં ધાર્મિક વ્યાખ્યાનો થતાં હોય, તેમજ જ્યાં-જ્યાં પ્રખ્યાત વક્તાઓના ધર્મવિચારો જાણવાના પ્રસંગ મળતા હોય, ત્યાં-ત્યાં નારાયણ બાપા તેનો નિયમિત લાભ લેતા [88:Page 17].

> કચ્છમાં આવી હિન્દુ ધર્મસભાનો લાભ લેવો અશક્ય હતું કારણ કે આવું કરનારને દંડ પડતો. જુઓ ફૂટનોટ (Footnote) ક્રમ 68.

**144.4.** **<u>દેહશુધ્દ્રિ:</u>** નાશિકની બાજુમાં આવેલ ત્રયંબકેશ્વરના તીર્થ સ્થાને, ગોદાવરી નદીના કિનારે, વિક્રમ સંવત (VSAK) 1964 જેઠ સુદ 5, ગુરુવાર, દિનાંક 04-Jun-1908ના દિને, વિદ્વાન બ્રાહ્મણો દ્વારા વૈદિક વિધિથી નારાયણ બાપા અને એમના બીજા 6 મિત્રો (એમ કૂલ 7 મિત્રો)એ, દેહશુધ્દ્રિ-પ્રાયશ્ચિત કરાવીને જનોઈ ધારણ કરી [88:Page 21].

**144.5.** **<u>સ્વધર્મવર્ધક અને જ્ઞાતિ હિતચિંતક મંડળ:</u>** નાશિકથી દેહશુધ્દ્રિ કરાવ્યા પછી તરતજ "સ્વધર્મવર્ધક અને જ્ઞાતિહિતચિંતક મંડળ[103]"ની સ્થાપના કરવામાં આવી, જેમાં ફક્ત દેહશુધ્દ્રિ કરાવનાર વ્યક્તિ જ સભ્ય બની શકે [88:Page 21].

**144.6.** **<u>સગાં-સંબંધી-મિત્રોને જ્ઞાતિ બહાર મૂક્યા:</u>** દેહશુધ્દ્રિ કરાવી એટલે જ્યાં-જ્યાં નારાયણ બાપા અને એમના મિત્રોના સગાંસંબંધીઓ હતાં, ત્યાં-ત્યાં ફરમાનો મોકલી, એમના બધા પરિવાર – કુટુંબીઓ – પિતૃપક્ષી – માતૃપક્ષી, બંધુવર્ગ, સ્નેહીવર્ગ અને એમની સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ-સંસર્ગ રાખનારા સહુ કોઈને, એક સપાટે જ્ઞાતિ બહાર કરી દેવાનો હુકુમ પીરાણા સતપંથના એજંટો એવા ગેઢેરાઓએ બહાર પાડ્યો [88:Page 22].

**144.7.** **<u>ત્રાસ આપવામાં આવ્યા:</u>** તેના કારણે તેમના ઉપર અણધારી આફતનો પહાડ તૂટી પડ્યો. તેમણે અસહ્ય ત્રાસ આપવા અને સતાવવામાં કશી પણ બાકી રાખી નહીં. તેમની સાથેનો સઘળો સંબંધ વ્યવહાર આખી જ્ઞાતિમાં બંધ કરાવ્યો. માંદે-સાજે, મરણ-પરણમાં, કોઈ પણ સારે-માઠે પ્રસંગે, કોઈ જ્ઞાતિભાઈ સગાં-કુટુંબીઓને ત્યાં આવી ન શકે, તેમને પોતાને ત્યાં બોલાવી ન શકે. એટલે સુધી કે એક-બીજાનાં પાણીનો છાંટો પણ બંને પક્ષને હરામ થઈ ગયો [88:Page 22].

**144.8.** **<u>સંબંધો તોડાવ્યા:</u>** મા-બાપ પોતાના સંતાનો સાથે કશો સંબંધ રાખી ન શકે. પત્ની પોતાના પતિ સાથે રહી ન શકે. કાકા, મામા, સાળા-બનેવીઓના પણ સંબંધો તોડાવ્યા. બધાજ પ્રકારના જ્ઞાતિ

---

[103] મંડળને – "શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળ" પણ કહેવામાં આવતું.

સાથે સંબંધો તોડી નાખી અલગ થવાનો સમય આવી ગયો. સગપણ – વિવાહ જેવા ગંભીર સંબંધો તોડી નાખવાના ભયંકર પ્રસંગો બનવા લાગ્યા. છતાં આ લોકો પોતાના મકસદમાં અચલ રહ્યા [88:Page 22].

**144.9. <u>સ્વામિનારાયણ સંપ્રદાયનો સાથ મળ્યો:</u>** વિક્રમ સંવત (VSAK) 1967ના ફાગણ વદ 5, દિનાંક 19-Mar-1911ના દિને ક. ક. પા. જ્ઞાતિના બધાજ સ્વામિનારાયણ સંપ્રદાય વાળાઓએ દેહશુદ્ધિ કરાવી. તેમની સંખ્યા 1000 થી 1200 જેટલી હતી [88:Page 26].

**144.10. <u>સ્વામિનારાયણ સંપ્રદાય ઉપર દબાણ – સગપણ અને સંબંધો અટકાવ્યા:</u>** પીરાણા સતપંથના ભાઈઓએ આખી જ્ઞાતિના આગેવાનો ભેગા કર્યા અને સત્સંગી[104] સમુદાયના બધા સંબંધો અટકાવવાનો ઠરાવ કર્યો. કારણ કે તેઓએ શુદ્ધિવાળા[105] ભાઈઓ સાથે ભળ્યા હતા. તે ગુના માટે દરેક સગપણો અને સંબંધો અટકાવીને તેઓને હેરાન કરવા લાગ્યા [148:Page 35]. વિવાદ વધ્યો ત્યારે વિક્રમ સંવત (VSK) 1968 પ્રથમ અષાઢ સુદ 13 અને ગુરુવાર, દિનાંક 27-Jun-1912ના બંને જ્ઞાતિ[106] વચ્ચે સમાધાન કરાર કરવામાં આવ્યો. તે કરાર પ્રમાણે દીકરીઓ પોતપોતાના સાસરે જવાનું રહેશે અને દીકરીઓને પોતાના માવતરે ખવાપીવાની છૂટ રહેશે. બીજા ઉપર ખાવાપીવાનો વ્યવહાર રાખવાનો દબાણ રાખવું નહીં [148:Page 36 to 48].

**144.11. <u>પોતે કોણ છે? એની શોધ:</u>** પોતાના પૂર્વજો કોણ હતા અને કઈ જ્ઞાતિના હતા, તેની શોધખોળ કરી. મહા મહેનતે અમદાવાદ બારોટ-વહીવંચાનો પત્તો લગાડ્યો. અને બારોટ રામસંગ ડોલજી સાથે મુલાકાત થઈ અને એમના પાસે સંવત 1832ના ઠરાવની નકલ મળી આવી. તેથી પૂરે પૂરી ખાતરી થઈ કે અસલમાં પોતાની જ્ઞાતિ કડવા પાટીદાર છે. ત્યાર પછી ગુજરાતના સમસ્ત કડવા પાટીદારો સાથે સંબંધ જોડવાના પ્રયત્નો કરવા લાગ્યા [148:Page 50].

**144.12. <u>ગુજરાતના કડવા પાટીદાર ભાઈઓનો સાથ:</u>** નારાયણ બાપાને ગુજરાતના કડવા પાટીદાર ભાઈઓના મોટા નેતાઓનો પણ સાથ મળ્યો [88:Page 28]. તેમાં ઊંઝાના સુપ્રસિદ્ધ જ્ઞાતિના આગેવાન શ્રી પુરષોત્તમ લલ્લુભાઇ પરીખનું નામ મોખરે છે, જેમની સાથે તેમનો અંગત પરિચય થયો.

**144.13. <u>ગુજરાતના કડવા પાટીદાર પરિષદની દરેક બેઠકમાં હાજરી:</u>** ગુજરાતની સમસ્ત જ્ઞાતિમાં સામાજિક સુધારાનું કામ કરનારા, સંસ્કારી, ઉચ્ચ કોટિના વિદ્વાન સાથે મુલાકાત થવા લાગી. તેમનો પરિચય કડવા પાટીદાર પરિષદના આગેવાનો સાથે થયો. ગુજરાતની કડવા પાટીદાર પરિષદની તમામ બેઠકોમાં હાજરી આપી. વર્ષ 1911 માં વડોદરા ખાતે ભરાયેલી 2જી પરિષદ થી લઈને વર્ષ 1925માં કડીમાં ભરાયેલી 11મી પરિષદ સુધી તમામ પરિષદોમાં તેમણે, વ્યવથાપક મંડળના મેમ્બર

---

**104** સત્સંગી = સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયી

**105** શુદ્ધિવાળા = દેહશુદ્ધિ કરાવીને જનોઈ ધારણ કરનાર નારાયણ રામજી અને તેમની ટીમ

**106** બંને જ્ઞાતિ = સતપંથની જ્ઞાતિ અને સનાતનની જ્ઞાતિ (તે સમયે સ્વામિનારાયણ)

થઇને આગળ પડતો ભાગ લીધો. હાલના મધ્ય પ્રદેશ રાજ્યમાં આવેલ નીમાળ માળવામાં, કૂવા નામના ગામે યોજાયેલ વર્ષ 1917ના પેટા વિભાગ પરિષદના તેઓ પ્રમુખ બન્યા હતા [148:Page 51 to 53].

**144.14.** **<u>કચ્છ કડવા પાટીદાર યુવક મંડળની સ્થાપના:</u>** સતપંથના ભાઈઓ સાથે ઉઠવા-બેસવા, ચર્ચા કરવા એક ઉપાયના રૂપે "કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ" (યુવક મંડળ)ની સ્થાપના વર્ષ 1918માં કરવામાં આવી. આમાં કોઈ પણ ક. ક. પા. જ્ઞાતિનો વ્યક્તિ, પછી ભલે દેહશુદ્ધિ ન પણ કરાવી હોય તો પણ સભ્ય બની શકતો હતો [88:Page 30].

**144.15.** **<u>રતનશી ખીમજી ખેતાણીનો સાથ:</u>** યુવક મંડળના આરંભ કાળથી જ ઘણી સંગીન સેવા, નારાયણ રામજીનો જમણો હાથ ગણાતા શ્રી રતનશીભાઈ ખીમજી ખેતાણીએ ભજવી. જેના થકી સતપંથના ભાઈઓને સમજાવી ધીરે ધીરે સુધારના માર્ગ ઉપર લઈ આવી શકાય [88:Page 31]. રતનશીભાઈ એક "વીર જ્ઞાતિ સેવક" હતા [88:Page 44]. એ વિષે આગળના પ્રકરણમાં વધુ જાણકારી આપેલ છે.

**144.16.** **<u>કરાચી, વિરાણી મોટી અને નખત્રાણામાં યુવક મંડળોની સ્થાપના:</u>** મુંબઈ યુવક મંડળના પગલે-પગલે કરાચી, વિરાણી મોટી અને નખત્રાણામાં પણ યુવક મંડળોની સ્થાપના થઈ [88:Page 32,33]. આ યુવક મંડળોએ જ્ઞાતિ સુધારની જબરદસ્ત મોહિમ ચલાવી. જેથી સતપંથ ધર્મ બાબતે આખી જ્ઞાતિ જાગૃત થઈ ગઈ.

**144.17.** **<u>પ્રથમ જ્ઞાતિ પરિષદ:</u>** સતપંથમાંથી જ્ઞાતિને છોડાવવા માટે, કરાચી ખાતે દિનાંક 08 થી 11-Aug-1920 સુધી પહેલી જ્ઞાતિ પરિષદ ભરવામાં આવી. જેમાં જ્ઞાતિ સુધારનું કામ થોડા પ્રમાણમાં આગળ વધ્યું [88:Page 34].

**<u>નારી શક્તિનો ખરો પરિચય</u>**

પહેલાં જ્ઞાતિ પરિષદના પ્રમુખ કોને બનાવવા એનો મોટો પ્રશ્ન ઊભો થયો. ત્યારે નારાયણ રામજીનું ધ્યાન રાજારામ શામજી ધોળુ ઉપર ગયું. પણ રાજારામ બાપાએ ઘસીને ના પાડી દીધી. રાજારામ બાપાની આર્થિક સ્થિતિ ખૂબજ મજબૂત હતી. જુલ્મી ગેઢેરાઓ પણ એમનું કંઈ ખાસ બગાડી શકવાની પરિસ્થિતિમાં નહોતા. માટે જ્ઞાતિજનો ઉપર પ્રભાવ પાડવા માટે એમનું પ્રમુખપદ લેવું જરૂરી હતું. પણ એમને પ્રમુખ બનવાની ઘસીને ના પાડી દીધી એટલે સમસ્ત ટીમ બહુજ નિરાશ અને નારાજ થઈ.

ત્યારે નારાયણ રામજીએ એક સરસ યુક્તિ શોધી કાઢી. છેલ્લી કોશિષના ભાગરૂપે રાજારામભાઈના ધર્મપત્ની ધનલક્ષ્મીબેનને મળ્યા અને જ્ઞાતિ સુધારની

એમની લાગણી સમજાવી અને લાયક પ્રમુખના અભાવે આવું રૂડું કામ અટકી રહ્યું છે, એ જણાવ્યું.

ત્યાર બાદ ધનલક્ષ્મીબેનનો અને રાજારામભાઈનો સંવાદ બહુજ મહત્વનો છે. ધનલક્ષ્મીબ્હેનને સ્મરણાંજલિ [82:Page 38 onwards] નામના પુસ્તકના પેજ 38થી આગળ, લેખક નારાયણ રામજી લીંબાણીએ આ સંવાદને ખૂબ સારી રીતે વર્ણવેલ છે.

જ્ઞાતિ સેવાનું કામ કરનાર કાર્યકર્તાને **મુંઝવતા તમામ મુદ્દાઓના** ઉકેલો ધનલક્ષ્મીબેન આપે છે. એટલુંજ નહીં મવાળોના કામો માટે "દૂધ -દહીં"ની ઉપમા વાપરીને **મવાળવાદી વિચારોથી** પરે થઇને જ્ઞાતિ સેવાના ભગીરથ કાર્યમાં ઝંપલાવવું જોઇએ એવી મક્કમ વાતો કરી રાજારામભાઇને જ્ઞાતિ સેવા માટે જે રીતે તૈયાર કરે છે, એ ખૂબજ પ્રેરણાદાયી છે અને જ્ઞાતિની નારી શક્તિ ઉપર ગૌરવ થાય એવી આ ઘટના છે. જુઓ એ પુસ્તકનું પેજ 44.

ધનલક્ષ્મીબેનની માર્મિક વાતો અને જબરદસ્ત તર્કોનો જવાબદ રાજારામભાઇ પાસે નહોતો. તેઓ માની ગયા જેથી રાજારામભાઈના પ્રમુખ પદે ઇતિહાસમાં જ્ઞાતિ સુધારની પહેલી પરિષદ ભરાણી.

**144.18.** **<u>વૈદિક વિધિથી લગ્નો શરૂ થયાં:</u>** વર્ષ 1921માં જ્ઞાતિમાં પ્રથમ વખત સંવત 1832ના ઠરાવ પછી, ઇસ્લામી દુઆઓના બદલે, વૈદિક વિધિથી લગભગ 1200 લગ્નો કરવામાં આવ્યા [88:Page 41]. સંવત 1832ના ઠરાવ પછી બંધ પડેલા હિન્દુ વૈદિક વિધિ પ્રમાણેના લગ્નો ફરીથી શરૂ થયાં.

**144.19.** **<u>બીજી જ્ઞાતિ પરિષદ:</u>** જ્ઞાતિની બીજી પરિષદ, પણ કરાચી ખાતે દિનાંક 07 થી 09-Oct-1922 સુધી ભરવામાં આવી. એ પરિષદમાં પીરાણા સતપંથનું કાળું કલંક ધોઇ નાખવા માટે, ગેઢેરાઓની ગુલામીમાંથી મુક્ત થવા માટે, હૃદયભેદક ગગનઘેરા ગંભીર ઘોષણા કરી. અને એ બાબતે ઠરાવો કર્યા [88:Page 43]. આ પરિષદમાં નારાયણ રામજીએ સતપંથના દશાવતાર ગ્રંથના ગપગોળાઓ અને બનાવટ ઉપર બહુજ અસરદાર ભાષણ કર્યું [114:Page 58] [6:Page 207]. જેની જનતા પર ખૂબ સારી અને કાયમી અસર પડી કે લોકોને પૂરેપૂરી ખાતરી થઈ ગઇ કે સતપંથ મુસલમાન ધર્મ છે અને ખાસ હિન્દુઓને વટલાવવા માટે તૈયાર કરવામાં આવેલ છે.

**144.20.** **<u>ત્રીજી જ્ઞાતિ પરિષદ:</u>** બીજી બેઠકની સફળતા બાદ, પીરાણા સતપંથ થી જ્ઞાતિને મુક્ત કરવા માટે, દિનાંક 18 થી 21-Apr-1924 સુધી ઘાટકોપર - મુંબઈ ખાતે ત્રીજી પરિષદ ભરવામાં આવી. આ પરિષદમાં, સનાતનીઓ સાથે બેઠેલા મવાળો, દ્વારા, પીરાણા સતપંથના વિરોધનો મુખ્ય ઠરાવને નિષ્ફળ બનાવવાના માટે ખૂબ પ્રયત્નો કરવામાં આવ્યા. પણ ઘણા આગેવાનો અને અન્ય જ્ઞાતિથી આવેલા મહેમાનોના અસરકારક પ્રવચનો થકી પરિષદને સફળ બનાવી [88:Page 53].

**144.21. <u>જાગૃતિ:</u>** કચ્છ દયાપર ગામના લોકોએ દેહશુધ્ધિ કરાવીને નારાયણ બાપાને સાથ આપ્યો [88:Page 45 to 49]. તેવીજ રીતે કચ્છ પાનેલી ગામની બહેનોએ પણ ખાસ આગેવાની લઇને નારાયણ બાપા સાથે જોડાયા. તેમાંય ખાસ કંકુબાઇનો કિસ્સો ખુબજ પ્રેરણાદાયી અને ગૌરવ આપનારો રહ્યો [88:Page 51]. તેવીજ રીતે મુંબઇ-ઘાટકોપરમાં પણ અનેક લોકોએ દેહશુધ્ધિ કરાવી [88:Page 50]. થોડા સમયમાં કરાચી અને રવાપર ગામના લોકો પણ જોડાયા [148:Page 74, 98]. આવી રીતે સેંકડો લોકોએ દેહશુધ્ધિ કરાવી [85:Page 22] [99:Page 15].

**144.22. <u>સભાઓ અને મિટિંગો:</u>** નારાયણ રામજીના નેતૃત્વ હેઠળ સનાતન ધર્મ જાગૃતિ મોહિમ માટે ઘણી સભાઓ અને મિટિંગો થઈ. તેમાંથી અમુક સભાઓ અને મિટિંગોના અહેવાલો પ્રકાશિત કરવામાં આવ્યા હતા. જેમાં મુખ્ય છે;

| ક્ર. | સભા / મિટિંગ | સંદર્ભ | |
|---|---|---|---|
| 1) | ક. ક. પા. જ્ઞાતિ પરિષદ -1લી -કરાચી, 08 to 11-Aug-1920 | [130] | [6:Page 100] |
| 2) | ક. ક. પા. જ્ઞાતિ પરિષદ -2જી -કરાચી, 07 to 09-Oct-1922 | [114] | [6:Page 153] |
| 3) | ક. ક. પા. જ્ઞાતિ પરિષદ -3જી -ઘાટકોપર, 18 to 22-Apr-1924 | [86] | [6:Page 231] |
| 4) | દાણા બંદર જાહેર સભા, 1918 | [111] | [6:Page 19] |
| 5) | કચ્છ દેશના પીરાણાપંથ કડવા કણબી – દાણાબંદર -જાહેર સભા, મુંબઇ – 1919 | [113] | [6:Page 57] |
| 6) | ક. ક. પા જ્ઞાતિ જાહેર સભા – વિરાણી મોટી, 1920 | [112] | [6:Page 68] |
| 7) | ક. ક. પા. જ્ઞાતિ સુધારક યુવક મંડળ રિપોર્ટ, 1926 | [131] | |
| 8) | ક. ક. પા. જ્ઞાતિ સુધારક યુવક મંડળ રિપોર્ટ, 1932 | [117] | |

**144.23. <u>જાગૃતિ માટે અનેક સાહિત્યો છપાવ્યા:</u>** "પીરાણા સતપંથની પોલ અને સત્યનો પ્રકાશ" [88] પુસ્તક સિવાય સનાતન ધર્મ જાગૃતિનો પ્રચાર પ્રસાર થાય એ માટે, તેમણે અને તેમની ટીમે અનેક હેંડબીલ, પેમફલેટ, નાની-નાની પુસ્તિકાઓ વગેરે છપાવ્યા. જેમાં મુખ્ય છે;

| ક્ર. | સાહિત્ય | સંદર્ભ |
|---|---|---|
| 1) | પીરાણા સતપંથ પાટીદાર ભાઇઓને વિનંતી પત્ર | [61] |
| 2) | પટેલ ફકીરદાસ ગોપાલદાસને જવાબ | [76] |
| 3) | ખુલ્લા પત્રોનું અવલોકન – ભાગ 1 | [77] |
| 4) | દેશ પરદેશમાં સ્થપાયેલ યુવક મંડળોનું અવલોકન | [78] |
| 5) | ખુલ્લા પત્રોનું અવલોકન – ભાગ 2 | [79] |
| 6) | સતપંથીઓના સધીયારાને સપાટો | [81] |
| 7) | ધનલક્ષ્મીબેનને સ્મરણાંજલિ | [82] |
| 8) | પવિત્ર વેદધર્મનો પ્રકાશ અને પીરાણા સતપંથના પાખંડ | [84] |

| ક્ર. | સાહિત્ય | સંદર્ભ |
|---|---|---|
| 9) | એક પ્રાસ્તાવિક નિબંધ | [85] |
| 10) | સૈયદ અહમદ અલી ખાકીને જવાબ | [87] |
| 11) | મુબારકબાદી | [107] |
| 12) | શું પીરાણા સતપંથ હિન્દુ ધર્મ ઠરશે | [108] |
| 13) | પીરાણાપંથી પાટીદાર ભાઈઓને જાણવાજોગ | [109] |
| 14) | પાટીદાર ઉદય માસિક પત્રિકા | [115] |
| 15) | ઓશાણીનું ઓશડ અથવા ભક્તની ભડવાઈ | [116] |
| 16) | કુટીલોની કુટિલતા ઉપર સર્ચ લાઇટ | [127] |
| 17) | કાકા રાવજી લક્ષ્મણને ખાસ ચેતવણી | [132] |
| 18) | શું સદગોર નહીં જાગે | [134] |
| 19) | વિનંતી પત્ર – કરાચી (કરાચી) પેમ્પલેટ | [135] |
| 20) | સતપંથીઓના સધીયારાને સપાટો | [81] |

**144.24.** **<u>સતપંથની પોલ પુસ્તકની રચના:</u>** સતપંથના છુપા હસ્તલેખિત તેમજ છાપેલાં સાહિત્યોને પાણીની પેઠે પૈસા વેરીને 20 વર્ષથી ભેગા કરી [88:Page 7] અને 6 વર્ષથી લખવાના[88:Nivedan] પ્રયત્નો થકી, "પીરાણા સતપંથની પોલ અને સત્યનો પ્રકાશ" [88] પુસ્તક પ્રકાશિત કર્યું છે. જેને ટૂંકમાં "પીરાણાની પોલ" કહેવામાં આવે છે. આ પુસ્તકમાં;

1) અજ્ઞાની અને ભોળા હિન્દુઓને વટલાવીને,
2) ધર્મ અને કર્મથી ભ્રષ્ટ કરીને,
3) હિન્દુ જ્ઞાતિઓથી વિમુખ બનાવીને,
4) વેદો, શાસ્ત્રો અને પુરાણોથી વિશ્વાસ ઉઠાડીને,
5) ગાય, બ્રાહ્મણ, જોગી, સન્યાસીઓને ન માનવા માટે,
6) સતપંથને ચલાવનારાઓએ કરેલી અનેક યુક્તિઓ અને તેમાં રચેલાં અલેલટપ્પુ[107] શાસ્ત્રો,
7) અને, એ પંથના ક્રિયાઓથી કેવી રીતે જકડી રખાય છે.

.. વગેરે બાબતો જણાવેલ છે [88:Nivedan].

પીરાણાની પોલ પુસ્તકમાં **સતપંથના તમામ મૂળ શાસ્ત્રો** પ્રકાશિત કરેલ છે અને તેવીજ રીતે સતપંથની **તમામ ક્રિયાઓ અને પૂજાઓને** પણ તેમાં આવરી લીધી છે [88:Chapter 5 to 11].

---

**107** અલેલટપ્પુ = છોકરમતિયું, રેઢિયાળ, ગપ્પીદાસ, ગપોડિયું, ગપાટિયું (Source: https://abkkpsamaj.org/go/fn107)

આ ગ્રંથમાં સતપંથની સ્થાપના (વર્ષ 1419ના અરસામાં) [88:Page 132], તેમજ ઇમામશાહ દ્વારા પીરાણા સતપંથની સ્થાપના [88:Page 136] વિષે, સંપૂર્ણ અને જીણવટ ભરી જાણકારી આપી છે.

આ પુસ્તકને જપ્ત કરવા (Ban કરવા) સતપંથીઓએ ઘણી દોડધામ કરી. આખરે અમદાવાદ કલેકટર સાહેબની ઓફિસથી મળેલ નકારથી પાછા પડ્યા [148:Page 97].

**144.25.** **<u>પીરાણાની પોલને માન્યતા:</u>** સતપંથના છુપા ભેદોને સવિસ્તાર, મુદ્દાસર હકીકત, ગુજરાતી ભાષામાં દુનિયા સામે લાવનાર આ પહેલું પુસ્તક છે [88:Page 3]. આ પુસ્તકને વિશ્વના પ્રખ્યાત સંશોધનકારો અને પી.એચ.ડી. ડૉક્ટર ડિગ્રી આપતી દેશ-વિદેશની વિશ્વવિદ્યાલયો (યુનિવર્સિટીઓ) પણ આ પુસ્તકને આધારભૂત માને છે. [156:Page 22] [33:Page 85] [158:Page 214] [22:Page 269] [23:Page 154].

**144.26.** **<u>કાકાને અને સૈયદોને ખુલ્લો પડકાર:</u>** પીરાણાના ગાદીપતિ લક્ષ્મણ કાકાને પત્ર દ્વારા પડકાર નાખ્યો કે પીરાણા સતપંથ ધર્મ હિન્દુ ધર્મ નથી. અને જો એ સાબિત કરી આપો તો નારાયણ રામજી રૂ.10,000/- આપવા તૈયાર હતા [148:Page 71]. તેવીજ રીતે સતપંથના બચાવમાં સીધા ઉતરેલા સૈયદ બાવાસાહેબ અહમદ અલી ખાકી સામે સતપંથની સચ્ચાઇ રજૂ કરતાં અનેક સાહિત્યો બહાર પાડયાં [148:Page 98-99].

**144.27.** **<u>રામજી કાકાનો નિમણૂક કરાર:</u>** પીરાણાની કાકાની ગાદી પર રામજી લક્ષ્મણ કાકા અને સૈયદો વચ્ચે નિમણૂક કરાર, પૂનામાં રજિસ્ટર થવા ગયેલ હતો, તે મેળવીને તેની હકીકત છપાવી સમસ્ત જ્ઞાતિ જનોને વાકેફ કર્યા [148:Page 102].

**144.28.** **<u>કાયદો અને વ્યવસ્થા પર નજર:</u>** આ વિષયમાં ખાસ નારાયણ રામજીએ લખેલ "એક પ્રાસ્તાવિક નિબંધ" [85] પર ધ્યાન કરવા જેવું છે. જેના પરથી ખ્યાલ આવે છે એ નારાયણ રામજીની જીણવટ ભરી નજર સતપંથના કોર્ટ કેસ અને અન્ય કાયદાકીય બાબતો પર હતી.

**144.29.** **<u>શિક્ષણ:</u>** શિક્ષણમાં જ્ઞાતિ ખૂબ જ પાછળ હતી, એ પરિસ્થિતિને સુધારવા નારાયણ રામજીની ટીમે સહુથી પહેલા કરાચીમાં લાયબ્રેરી[108] શરૂ કરી હતી. ત્યાર બાદ છેલ્લે-છેલ્લે દિનાંક 01-Oct-1938ના કરાચીમાં રાત્રિ શાળા [73] પણ શરૂ કરવામાં આવી હતી. રાત્રિ શાળાના રિપોર્ટમાં, જ્ઞાન મેળવવા માટે જ્ઞાતિ કેવી રીતે તડપતી હતી, એનો ચિતાર તમને દેખાશે. જ્ઞાતિ પાસે પૈસા નહોતા, તો પણ ગમે તેમ કરીને પૈસા ભેગા કર્યા, બાળકોને મફત શિક્ષણ આપ્યું અને પાસ થનારને પ્રોત્સાહન રૂપે

---

[108] કરાચી લાયબ્રેરી – ભારત સ્વતંત્ર થયું ત્યારે આ લાયબ્રેરીના પુસ્તકો વગેરે કોટડા જડોદર ગામમાં લાવવામાં આવ્યા. ત્યાં એ લાયબ્રેરી આજે પણ જોવા મળે છે. કચ્છ રાજાની લાયબ્રેરી પછી જૂનામાં જૂની સરકારી રજિસ્ટર્ડ લાયબ્રેરી કોઇ હોય તો એ કોટડા જડોદરની લાયબ્રેરી છે. ઘાસલેટ (Kerosene) ની કમી રહેતી ત્યારે રાત્રિ સમયે લાયબ્રેરીમાં કંડીલ લગાડવા માટે સરકાર પાસેથી લાયબ્રેરી માટે સ્પેશિયલ કોટા (quota) ફાળવવામાં આવતા.

ઇનામો પણ આપ્યા. જ્ઞાતિ લેવલ પર ભલે આ નાનું પગલું હતું, પણ એ પગલું જ્ઞાતિને આગળ લઇ જનારું જરૂર હતું.

**145. <u>અભિયાનની જ્ઞાતિ ઉપર અસર:</u>**

**145.1. <u>જબરદસ્ત મોટી જાગૃતિ:</u>** નારાયણ રામજીએ સતપંથની પોલ ખોલીને જ્ઞાતિમાં ખૂબજ મોટી જાગૃતિ લાવ્યા. મુસલમાન ધર્મ હોવા છતાં છેતરામણીના કારણે સતપંથને સાચો હિન્દુ ધર્મ માનનારા લોકોની આંખો ખોલવામાં તેઓ સફળ રહ્યા. જેનાથી જ્ઞાતિમાં સતપંથ વિરુદ્ધ એક જબરદસ્ત જાગૃતિ અને સુધારાની લહેર ઉપડી. એના ખૂબ સારાં પરિણામો આગળ આવ્યાં.

**145.2. <u>મૂંઝવણ દૂર કરીને મક્કમતા આપી:</u>** સામાન્ય હિન્દુઓની નજરથી જોઇએ તો લાગે કે ધર્મમાં મૂંઝવણ ઊભી કરી એના ઉપર સતપંથનો આધાર સ્થંભ રાખવામાં આવેલ છે. માટે સતપંથની સચ્ચાઈને સમજવી હોય તો આ મૂંઝવણને દૂર કરવી પડે. સામાન્ય અનુયાયી અંધશ્રદ્ધા, અજ્ઞાનતા અને ધર્માંધતાના કારણે ચમત્કારોની માયાજાળથી ઉત્પન્ન મૂંઝવણમાં ફસાઈ જાય અને કોઈ દિવસ છૂટી ન શકે. નારાયણ રામજી આ મૂંઝવણને દૂર કરવામાં ખુબજ સફળ રહ્યા. જેની જ્ઞાતિ ઉપર ખૂબ સારી અસર પડી અને મોહિમને મક્કમતા મળી.

**145.3. <u>પીરાણાના કાકા અને સૈયદોનો ડર ભગાડયો:</u>** સતપંથના વિરુદ્ધ કોઇ જરાપણ ઘસાતું બોલે અથવા સનાતન તરફી કોઇ વાત કરે તો તેને દબાવવા તેને દંડ ફટકારવામાં આવતો અને જ્ઞાતિ બહાર મૂકી દેવામાં આવતું. એ વ્યક્તિના સગાં વહાલાં, પરિવારજનો, કુટુંબીઓ વગેરેને પણ અસહ્ય ત્રાસ ભોગવવો પડતો. આવા પ્રહારોના કારણે લોકો સતપંથની સામે કે સનાતનની તરફેણમાં કઇં કરી શકતા નહીં.

નારાયણ રામજી અને એમની ટીમે જ્ઞાતિ બહાર રહીને જે દાખલો આપ્યો એના કારણે ડરનો માહોલ ઘણો હળવો થઇ ગયો. જેના કારણે સતપંથના સામે અવાજ ઉપાડવાની લોકોમાં હિંમત આવી.

**145.4. <u>લોકો મોહિમમાં જોડાવા લાગ્યા:</u>** નારાયણ રામજી અને તેમની ટીમના પ્રયત્નોના કારણે જે એક સકારાત્મક સનાતની માહોલ બન્યો, એનાથી પ્રેરાઇને લોકો જોડાવા લાગ્યા. જે લોકોને મનોમન સતપંથ ગમતો નહોતો, એ લોકો જાહેરમાં આગળ આવી સનાતની બન્યા. જે મોહિમનું એક બહુ મોટું માઇલસ્ટોન[109] ગણાય.

---

**109** માઇલસ્ટોન = મહત્વનો પડાવ

**145.5. <u>સનાતનીઓએ અવાજ બુલંદ કર્યો:</u>** નારાયણ રામજીએ યુવકમંડળોની રચના કરી અને જાહેર સભાઓ તેમજ પરિષદો ભરીને સનાતની અવાજને તાકાત આપી. કરાચીમાં લાયબ્રેરી સ્થાપીને લોકોના મનમાં એવો સનાતની વિશ્વાસ ભરી દીધો કે સતપંથના ખોટા બચાવ કરવા વાળાઓની બનાવટી વાતો સામે પુરાવાઓ વાળી સજ્જડ માહિતીઓની ઢાલ બનાવી દીધી.

## 146. <u>કમીઓ અને ખામીઓ:</u>

**146.1. <u>ફરજિયાત દેહશુદ્ધિ:</u>** નારાયણ રામજી અને એમની ટીમનો એક ફરજિયાત નિયમ હતો કે જે કોઈ સનાતની બને એને ફરજિયાત દેહશુદ્ધિ કરાવવાની રહેશે. ફરજિયાત જનોઈ ધારણ કરવી પડે. દેહશુદ્ધિ તેમજ જનોઈ વિનાના બીજા ભાઈઓ સાથે ખાવા પીવાના વ્યવહાર બંધ રાખવા પડે [99:Page 50]. આવા નિયમોથી પોતે ઉચ્ચ છે એવું બતાવીને પોતાનું મનોબળ ટકાવી રાખવામાં એમને મદદ મળી, પણ એ નિયમના કારણે ધારેલી સંખ્યામાં લોકો જોડાઈ ન શક્યા.

ઘણા લોકો સનાતની હતા, પણ દેહ-શુદ્ધિ કરાવી નહોતી. એવા લોકો સાથે પણ નારાયણ રામજી અને એમની ટીમ ખાવા-પીવાનો વ્યવહાર રાખતી નહીં. નારાયણ રામજી પોતે પીરાણાની પોલના પેજ 545માં લખી ગયા છે કે પીરાણા સતપંથને ન માનનારો એક ભાગ છે જેની સંખ્યા લગભગ 3000 લોકોની છે [88:Page 545]. એમના નિયમોની જડતા એટલે સુધી હતી કે નારાયણ રામજીની ટીમ એમની સાથે પણ અછૂત જેવો વ્યવહાર રાખતી.

**146.2. <u>જાહેર સામાજિક કાર્યક્રમોમાં અલગ રસોડું:</u>** નારાયણ રામજી અને એમની દેહશુદ્ધિ કરેલ આગેવાનોની ટીમ જ્ઞાતિ (સનાતનીઓ જેને દેહશુદ્ધિ કરી ન હોય અને જનોઈ ધારણ ન કરી હોય) એવા લોકો સાથે પણ ખાવા પીવાના વ્યવહાર રાખતા નહીં. સમાજિક કાર્યક્રમોમાં પોતાનું જાહેરમાં અલગ રસોડું રાખવાની શરત રાખતા. અછૂત જેવો વ્યવહાર હોવાના કારણે લોકોના મનમાં એમના માટે દ્વેષ ભાવ ઉત્પન્ન થયો અને લોકો ધીરે-ધીરે એમને છોડવા લાગ્યા [148:Page 129].

**146.3. <u>વ્યવહારુ ઉપાયની ખામી:</u>** જ્યારે મોટી સંખ્યામાં લોકો નારાયણ રામજીની મોહિમ છોડવા લાગ્યા, ત્યારે તેઓ વ્યવહારુ ઉપાય લાવી ન શક્યા. પાછળથી થોડા નિયમોમાં ઢીલાશ લાવવાનો એક અધૂરો-પ્રયાસ થયો [148:Page 129] અને જ્ઞાતિ સાથે ખાવા પીવાના નિયમોમાં ઢીલા કરવાનો ઠરાવ દિનાંક 08-Jul-1929ના કર્યો. પણ ત્યાં સુધી બહુ મોડું થઈ ગયું હતું.

**146.4. <u>જડ વલણ:</u>** કોઈ પણ બાબતે મક્કમતા જરૂરી હોય છે. પણ મક્કમતાની સાથે પરિસ્થિતિ પ્રમાણે નરમાઈ પણ જોઈએ. નારાયણ રામજીની જે અડગ મક્કમતાથી પ્રેરાઇને લોકો જોડાયા, તેજ મક્કમતા આગળ જતાં અડચણ રૂપ થઈ. નિયમોમાં જરૂરી ફેરફારો ન લાવવાના જડ વલણથી ઊભી થતી મુસીબતોના કારણે, લોકો ન છૂટકે નારાયણ રામજીને છોડવા લાગ્યા.

**146.5.** **<u>સુધારકો વચ્ચે મતભેદો:</u>** સુધારક આગેવાનો વચ્ચે પડેલ મતભેદોનો સમય પર ઉકેલ લાવી ન શકાયો અને કલેશ વધતો ગયો. કર્તવ્ય પંથે [148] પુસ્તક વાંચીએ તો મોહિમ ધીમી પડવા પાછળ એમના પ્રતિપક્ષ જ્ઞાતિ સુધારક ટીમ ઉપર આક્ષેપ નાખેલ છે. જ્યારે નખત્રાણા ખાતે બંધાયેલ લક્ષ્મીનારાયણ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવના અહેવાલ [70] [6:Page 325] જે દિનાંક 20-May-1937ના પ્રકાશિત થયેલ છે, એમાં નારાયણ રામજીની ટીમ ઉપર આક્ષેપો મૂકવામાં આવેલ છે. આવી રીતે બંને સુધારક ટીમોના આપસના મતભેદોનો ઉકેલ લાવી શકાયો નહીં. આપસમાં મતભેદો હોવા છતાં બંને પક્ષો જ્ઞાતિ માટે આદરણીય અને મહાન છે. માટે આજના સમયમાં આ વિષય ગૌણ હોવાથી એના પર વધારે લખવાની જરૂર જણાતી નથી.

**146.6.** **<u>નિયમો અપનાવવામાં ઉતાવળ:</u>** હમેશાં લઘુમતી પક્ષ બહુમતી પક્ષ ઉપર પોતાના નિયમો થોપી ન શકે. ફરજિયાત દેહશુદ્ધિ, જનોઈ, અલગ રસોડું, ખાવા-પીવાના કડક નિયમો, કઠોર વલણ વગેરે નિયમોને દરેક માણસ તે સમયે પાળી શકવાની પરિસ્થિતિમાં નહોતો. જે નિયમો બહુમતી મળ્યા બાદ કરવાના હોય, એ નિયમો અપનાવવામાં ઘણી ઉતાવળ થઇ ગઈ.

**146.7.** **<u>લોકોને જોડી ન રાખી શક્યા:</u>** ઇતિહાસ કહે છે કે લગભગ બધાજ આર્ય સમાજીઓએ નારાયણ બાપાને છોડી દીધા હતા [99:Page 16]. નારાયણ બાપા, લોકોને પોતાની મોહિમ સાથે કાયમી રીતે જોડી ન રાખી શક્યા.

**147.** **<u>ઉપસંહાર / Conclusion:</u>** કોઈ માણસ ગમે તેટલો મોટો કેમ ન હોય, એ ભગવાન નથી. બધા માણસોમાં કોઈ ને કોઈ કમીઓ અને ખામીઓ તો રહેવાની જ. મહત્વ એ વાતનું નથી કે કોણ ખોટું કે કોણ સાચું. મહત્વનું એ છે કે નારાયણ બાપા પોતાની સામે આવેલ પરિસ્થિતિઓનો કેવી રીતે સામનો કરીને જ્ઞાતિ સુધારનું ભગીરથ કામ કરવામાં સફળ રહ્યા.

એમાં કોઈ બે મત નથી કે, સેંકડો વર્ષોથી સતપંથ બાબતે સૂતેલી જ્ઞાતિને જાગૃત કરવામાં નારાયણ રામજી ગજબના સફળ રહ્યા. લોકોના મનમાં પેસેલી અંધશ્રદ્ધા, અજ્ઞાનતા અને ધર્માંધતાને દૂર કરી ચમત્કારોની માયાજાળને તોડવામાં ખુબજ સફળ રહ્યા. જેથી જાહેરમાં સતપંથ સામે બોલવાની લોકોમાં હિંમત આવી.

એમના જીવનના અંતિમ સંદેશમાં, અંગત વેરઝેરથી પર થઈને, એમના પ્રતિપક્ષ ટીમ માટે ઉચ્ચારેલા શબ્દો **"છતાં ઉદ્દેશ સાચો છે, માટે તેનો આખરી વિજય છે"** થી નારાયણ બાપાએ પોતાની એક સાચા મહાન વ્યક્તિ તરીકેની ઓળખ આપી.

ટૂંકમાં કહીએ તો, જ્ઞાતિ જે ગતિથી અધોગતિ તરફ ખાઇમાં ઊંડે ધસતી જતી હતી, એ ગતિ ઉપર બ્રેક લગાડવામાં નારાયણ બાપાને બહુ મોટી સફળતા મળી.

**<u>વિચારધારાના વિનાશના ક્ષેત્રોમાં ક્યાં ક્યાં સુધારાઓ થયા એ જોઈશું (ટૂંકમાં):</u>**

**147.1.** **<u>ધર્મ:</u>** ધર્મ બાબતે જબરદસ્ત જાગૃતિ લાવ્યા, જેનો તોડ સતપંથના કુટિલ પ્રચારકો પાસે નહોતો.

**147.2.** **<u>શિક્ષા:</u>** નારાયણ રામજી લાયબ્રેરી ઉપર જોર આપતા. પુસ્તકનું વાંચન કરશે તો લોકોને સાચું ખોટું સમજાશે. જેથી કરીને સનાતન ધર્મનો સાચો રસ્તો ઓળખી શકશે.

**147.3.** **<u>સામાજિક જીવન:</u>** ધર્મ બાબતે જાગૃતિ ફેલાવીને અજ્ઞાનતા, અંધશ્રદ્ધા અને ધર્માંધતા દૂર કરીને, લોકોમાં સતપંથ સામે અવાજ ઉઠાવવાની હિંમત ભરી દીધી. જેનાથી લોકો સતપંથ ધર્મની જીવન શૈલીને ત્યાગી સનાતન હિન્દુ ધર્મ પ્રમાણેનું જીવન અપનાવવા લાગ્યા.

**147.4.** **<u>સત્તાનું માળખું:</u>** જ્ઞાતિની અંદરના સત્તાના માળખાને મોટો પડકાર આપ્યો. લોકોમાં ગેઢેરા અને ક્રૂર આગેવાનોનો ડર ઓછો કરી શક્યા.

**147.5.** **<u>કાયદો અને વ્યવસ્થા:</u>** સતપંથને લઈને થતા કોર્ટ કેસો ઉપર નારાયણ બાપાની ટીમની સારી એવી નજર રહેતી હતી. જરૂર જણાય ત્યારે કોર્ટમાં કેસ પણ લડતા.

**147.6.** **<u>નેતૃત્વ:</u>** જ્ઞાતિ ઉપર જેમનું નેતૃત્વ હતું એવા ગેઢેરાઓની પીછેહઠ કરાવી શક્યા. ખુલ્લેઆમ અન્યાય કરનારા ગેઢેરાઓની સંખ્યા અને શક્તિઓ ધીરે ધીરે ઘટતી ગઈ. મૂળ કડવા પાટીદાર જ્ઞાતિના ગુજરાતના આગેવાનોને સભાઓમાં મહત્વનું સ્થાન આપી, નવું નેતૃત્વ આપવા તરફ આગળ વધ્યા.

**147.7.** **<u>આર્થિક:</u>** દર વર્ષે પીરાણા મોકલવામાં આવતા દશોંદ અને લાગાઓના પૈસા ઉપર રોક લગાડી એ રકમ ધીમે ધીમે ઓછી કરવામાં પણ તેઓએ ઉઠાવેલ જહેમત ખૂબ કારગર રહી. આના કારણે થતી જ્ઞાતિની આર્થિક પાયમાલીમાં સુધારની પરિસ્થિતિ નિર્માણ થઈ.

**147.8.** **<u>મીડિયા:</u>** મુંબઈ, ગુજરાત અને કરાચીનાં વર્તમાન પત્રોમાં લેખો પ્રકાશિત થતા. તેવીજ રીતે પેમ્પલેટ, હેન્ડબિલ, નાની-નાની પુસ્તિકાઓ પ્રકાશિત કરી જાહેર જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવતો.

**147.9.** **<u>કહેવાતા ઉદ્ધારકો:</u>** સંવત 1832ના ઠરાવોના માધ્યમથી જ્ઞાતિમાં ઉદ્ધારક તરીકે પ્રસ્થાપિત થયેલ પીરાણાના ગાદીપતિ કાકા અને સૈયદોની કાળી સત્તાને નબળી કરવામાં મોટે ભાગે સફળતા મળી.

**148. સુધારાઓના ક્ષેત્રો:** નારાયણ રામજી લીંબાણીની મોહિની સતપંથના પ્રચારકોની "વિચારધારાના વિનાશ"ની મેલી મુરાદ ઉપર કેવી વિપરીત અસર પડી, એ નીચે જણાવેલ ટેબલમાં જોઈશું.

**ફેરફારો ઉપર નજર / Tracking ટેબલ**

| Ideological Subversion / વિચારધારા વિનાશ | વિનાશ વિગત | સુધારો કેશરા* | સુધારો* NRL |
|---|---|---|---|
| **1. Demoralisation Areas / નિરાશાના ક્ષેત્રો** | 19 | પ્રગતિમાં | **પ્રગતિમાં** |
| 1.1. Religion / ધર્મ | 20.1 | વિદ્રોહ | **જાગૃતિ** |
| 1.2. Education / શિક્ષા – કેળવણી | 20.2 | -- | **શરૂ** |
| 1.3. Social Life / સામાજિક જીવન | 20.3 | થોડું | **શરૂ** |
| 1.4. Power Structure / સત્તાનું માળખું | 20.4 | થોડું | **શરૂ** |
| 1.5. Law and Order / કાયદો અને વ્યવસ્થા | 20.5 | થોડું | **શરૂ** |
| 1.6. Leadership / નેતૃત્વ | 20.6 | -- | **ઘણું** |
| **2. Destabilisation / અસ્થિરતા લાવવી** | 21 | -- | **પ્રગતિમાં** |
| 2.1. Finance / આર્થિક | 21.1 | -- | **સારા પ્રમાણમાં** |
| 2.2. Law and Order / કાયદો અને વ્યવસ્થા | 21.2 | થોડું | **શરૂ** |
| 2.3. Media / મીડિયા | 21.3 | -- | **ઠંડુ** |
| **3. Crisis / કટોકટીની સ્થિતિમાં મૂકવું** | 23 | -- | **--** |
| 3.1. So called Saviour / કહેવાતા ઉદ્ધારકો<br>• અંદરની વ્યક્તિ<br>• બહારની વ્યક્તિ | 23.3 | સુધારો | **ઘણું** |
| **4. Normalisation / સામાન્ય પરિસ્થિતિ બહાલ કરવી** | 24 | બાકી | **બાકી** |
| 4.1. નવો સમાજ પ્રસ્થાપિત કરવો – 2 ચરણોમાં | | બાકી | **બાકી** |

* થયેલ સુધારાઓનું સ્તર
કેશરા = કેશરા પરમેશ્વરાનો દોર
NRL = નારાયણ રામજી લીંબાણીનો દોર

"અંતિમ વિજય સનાતનનોજ છે"
|| સનાતન ધર્મની જય ||

## 22

# ધર્મ પરિવર્તન રતનશી ખીમજી ખેતાણીની ટીમની ચળવળ



**રતનશી ખીમજી ખેતાણી**

**149.** **<u>પૃષ્ઠભૂમિ:</u>** રતનશી ખીમજી ખેતાણીએ પોતાનું સામાજિક જીવન નારાયણ રામજી લીંબાણીના નેતૃત્વ હેઠળ, જ્ઞાતિના એક સુધારક તરીકે શરૂ કર્યું. સતપંથ વિષયનો નારાયણ રામજીએ ઊંડો અને બારીકાઈથી અભ્યાસ કરેલ હોવાથી સતપંથની ચાલો, રમતો, રણનીતિઓ અને પેંતરાઓથી ખૂબ સારી રીતે વાકેફ હતા. નારાયણ બાપા જ્ઞાતિ સુધારના કામ માટે દિશાસૂચન કરતા અને તે પ્રમાણે રતનશીભાઈ એનો અમલ કરતા અને કરાવતા. તેઓ નારાયણ રામજીનો "જમણો હાથ" (Right Hand) ગણાતા. ધંધાકીય રીતે તેમના ઉપર ભાગ્યલક્ષ્મીની સરસ કૃપા હતી. કર્મભૂમિ મુંબઈમાં તેઓ આર્થિક રીતે ખૂબ સાધન સંપન્ન થયા.

તેઓ એક જબરદસ્ત વક્તા હતા. એમની વાણીમાં બહુ મોટો પ્રભાવ હતો. પીરાણાના કાકા અને સૈયદો તેમજ એમના એજન્ટ તરીકે કામ કરતા ગેઢેરાઓ, મુખીઓ અને પટેલોના અત્યાચારોની બીના જ્યારે લોકો સામે મૂકતા, ત્યારે લોકો મંત્રમુગ્ધ થઈને સાંભળતા અને તેમનાં હૃદય પીગળી જતાં. સતપંથ એ હિન્દુ ધર્મ નથી પણ મુસલમાન ધર્મ છે એ વાતને દાખલાઓ આપીને સમજાવવાની એમની શૈલી બહુ પ્રભાવશાળી હતી. એ જમીની કાર્યકર્તાઓ સાથે સીધા જોડાયેલા હોવાના કારણે, તેમને મોહિમ સામે આવતી તકલીફો અને મુશ્કેલીઓની સચોટ જાણકારી રહેતી.

નારાયણ રામજીથી જુદા પડીને, સંત ઓધવરામ મહારાજના માર્ગદર્શનમાં એમણે જ્ઞાતિમાં ઇષ્ટદેવ તરીકે ભગવાન લક્ષ્મીનારાયણને પ્રસ્થાપિત કર્યા. સનાતન ધર્મની ઢીલી પડતી મોહિમને પુનર્જીવિત કરી. કચ્છ તેમજ ગુજરાતના કંપા[110] વિસ્તારમાં ભગવાન લક્ષ્મીનારાયણનો ખૂબ પ્રચાર કર્યો. દિનાંક 01-Oct-1944ના પ્રકાશિત "કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજનું જ્ઞાતિ બંધારણ અને અહેવાલ"ના [72:Page 5 and 6] [6:Page 477 and 478] પેજ 5 અને 6 માં કમ સે કમ 54 લક્ષ્મીનારાયણ મંદિરો બાંધવામાં આવેલ અથવા આવાના છે એની યાદી છે. એ ઉપરાંત લગભગ 10 અન્ય મંદિરો પણ છે, એવું મોઢે સાંભળેલ છે. એટલે મોહિમની શરૂઆતના લગભગ 65 જેટલા મંદિરો ઊભા કરવામાં તેમનો સિંહ ફાળો રહ્યો છે. મંદિરના ઉદ્ઘાટન

---

**110** કંપા = અંગ્રેજી શબ્દ કેમ્પ (Camp)નું અપભ્રંશ.

નથી પહેલાં માર્ગદર્શન આપવા અને કામ ઉપર નજર રાખવા, જરૂરિયાત પ્રમાણે, લાંબો સમય પણ ફાળવતા. પોતાની અંગત સ્થાવર મિલકતો વેચીને પણ મંદિરો માટે બહુ મોટું આર્થિક યોગદાન પૂરું પાડતા.

સંત ઓધવરામ મહારાજના માર્ગદર્શનમાં એમણે જે ધર્મ પરિવર્તનનો પાયો નાખ્યો એ દિવસોદિવસ મજબૂત થતો ગયો. આજે એક અંદાજ પ્રમાણે 95%થી વધારે જ્ઞાતિ જનો ધીરે ધીરે સતપંથના ચુંગાલથી નીકળી સનાતની બની ગયા.

પણ દુર્ભાગ્યે એમના જીવનના પાછળ દિવસોમાં એમની તબિયત બગડી. એમને સંધિવા[111] ની બીમારી હતી. જેનાથી એમના હલનચલન પર મોટી રોક લાગી ગઈ. સંત ઓધવરામ મહારાજ સ્વર્ગવાસી થયા બાદ, ધર્મ પરિવર્તન અને જ્ઞાતિ સુધારના કામમાં ભલે ઢીલાશ આવી ગઈ, પણ એમના દ્વારા રોપેલા ચળવળના બીજો એટલા સજ્જડ હતા કે એમના પાછળ આવનાર વ્યક્તિઓ અને નેતાઓ આ ચળવળને સતત આગળ ધપાવતા ગયા અને આજે જ્ઞાતિમાં લગભગ 95% લોકો સનાતની બની ગયા છે.

વડીલ શ્રી રતનશી ખીમજી ખેતાણીના જીવન અને કાર્યો ઉપર જાણકારી માટે નીચે જણાવેલ પુસ્તકો મહત્વના છે;

1) કચ્છના કડવા પાટીદારોનો ઇતિહાસ, 2010 [4:Page 101]
2) લક્ષ્મીનારાયણ મંદિર (જૂનું) હીરક જયંતી, વિરાણી મોટી, 2004 [153:Page 8]
3) લક્ષ્મીનારાયણ મંદિર (નુતન) રજત જયંતી, વિરાણી મોટી, 2014 [152:Page 7]
4) રતનશીભાઈના જીવન અને કાર્ય ઉપર પુસ્તક, જે ટૂંક સમયમાં વિરાણી મોટી સમાજ બહાર પાડવા જઈ રહ્યો છે.

**150. <u>અભિયાનની મહત્વપૂર્ણ ઘટનાઓ:</u>** રતનશી ખીમજીએ આગેવાની લીધેલ અભિયાનની મહત્વ પૂર્ણ ઘટનાઓ કઈ હતી, તે જોઈશું.

**150.1. <u>યુવક મંડળથી શરૂઆત:</u>** નારાયણ બાપાની આગેવાની હેઠળ, સતપંથી યુવાનોને સનાતનની મોહિમમાં જોડવા વર્ષ 1918માં શરૂ થયેલ મુંબઈ-ઘાટકોપરમાં "કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ"ના તેઓ સ્થાપક મંત્રી હતા. જુઓ પોઈન્ટ (144.14). પીરાણા સતપંથ એક મુસલમાન ધર્મ છે એ બાબતની જાગૃતિ લાવવા માટે મુંબઈમાં દાણા બંદરમાં જ્ઞાતિની પહેલવહેલી "જાહેર સભા" એમના નેતૃત્વ અને પ્રમુખપદ હેઠળ ભરવામાં આવી હતી, જેનો અહેવાલ પ્રકાશિત થયેલ છે [111] [6:Page 19].

યુવક મંડળના આરંભ કાળથી જ ઘણી મહત્વની સેવા શ્રી રતનશીભાઈ ખીમજી ખેતાણીએ ભજવી. જેનાથી સતપંથના ભાઈઓને સમજાવી ધીરે ધીરે સુધારના માર્ગ ઉપર લાવી શકાયા

---

**111** સંધિવા = Arthritis

[88:Page 31]. પીરાણાની પોલમાં નારાયણ રામજી લીંબાણીએ રતનશીભાઇને એક "વીર જ્ઞાતિ સેવક" [88:Page 44] તરીકે સંબોધિત કરેલ છે.

**150.2.** **<u>મહત્વની સેવાઓ:</u>** રતનશીભાઈએ એક ખરા જ્ઞાતિ સેવક તરીકે ખંતથી નારાયણ રામજીના નેતૃત્વમાં જ્ઞાતિ સેવાના કાર્યો કર્યા. તેમણે નીચે જણાવેલ સભાઓમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

| ક્ર. | સભા / મિટિંગ | સંદર્ભ | |
|---|---|---|---|
| 1) | દાણા બંદર જાહેર સભા, 1918 | [111] | [6:Page 19] |
| 2) | કચ્છ દેશના પીરાણાપંથ કડવા કણબી – દાણા બંદર - જાહેર સભા – મુંબઈ, 1919 | [113] | [6:Page 57] |
| 3) | ક. ક. પા જ્ઞાતિ જાહેર સભા – વિરાણી મોટી, 1920 | [112] | [6:Page 68] |
| 4) | ક. ક. પા. જ્ઞાતિ પરિષદ -1 લી -કરાચી, 08 to 11-Aug-1920 | [130] | [6:Page 100] |
| 5) | ક. ક. પા. જ્ઞાતિ પરિષદ -2 જી -કરાચી, 07 to 09-Oct-1922 | [114] | [6:Page 153] |
| 6) | ક. ક. પા. જ્ઞાતિ પરિષદ -3 જી -ઘાટકોપર, 18 to 22-Apr-1924 | [86] | [6:Page 231] |

**150.3.** **<u>નારાયણ રામજીની મોહિમ નબળી પડવા લાગી:</u>** એક અંદાજ પ્રમાણે, નારાયણ રામજીની મોહિમમાં લગભગ 400 થી 500 સતપંથીઓની જ દેહશુદ્ધિ થઈ શકી હતી. તે ઉપરાંત એમને લગભગ 1,500 સ્વામિનારાયણ સંપ્રદાયના લોકોનો સાથ મળ્યો હતો. આવી રીતે લગભગ 2,000 લોકોને જ નારાયણ રામજી શરૂઆતમાં આકર્ષિત કરી શક્યા હતા.

નારાયણ રામજીની મોહિમની ખામીઓની ઊલટી અસર જાહેરમાં દેખાવા લાગી. નારાયણ રામજીના દોર વિષે આપેલ જાણકારીમાં આ ખામીઓ વિષે અગાઉ પોઈન્ટ (146) માં વિસ્તૃત જાણકારી આપેલ છે. એક વખત પાછું જોઈ લેવા વિનંતી.

નારાયણ રામજીના મોહિમના નિયમો જેવા કે;

1) ફરજિયાત દેહશુદ્ધિ કરાવવી
2) જાહેર સામાજિક કાર્યક્રમોમાં અલગ રસોડું
3) જડ વલણ
4) નિયમો અપનાવવામાં ઉતાવળ

આ નિયમો લોકો માટે વ્યવહારુ અને પાળવા લાયક ન નીવડ્યા. બીજી બાજુ, સતપંથના ગેઢેરાઓનો પણ ખૂબ અસહ્ય જુલમ હતો. જે લોકો દેહશુદ્ધિ કરાવતા, એ લોકો અને એમના પરિવારને તરતજ જ્ઞાતિ બહાર મૂકવામાં આવતા. સગપણો તોડાવી નાખતા, છૂટાછેડા કરાવી

નાખતા. ગામમાં કોઈ પણ માણસ એમને સાથ આપે તો એને પણ જ્ઞાતિ બહાર મૂકવામાં આવતા. માટે છેલ્લે, લોકો કાંટાળીને નારાયણ બાપાને છોડવા લાગ્યા. ઇતિહાસ કહે છે કે લગભગ બધાજ આર્ય સમાજીઓએ નારાયણ બાપાને છોડી દીધા હતા [99:Page 16]. લોકોને પોતાની મોહિમ સાથે કાયમી રીતે જોડી ન રાખી શક્યા.

**150.4. <u>ઐતિહાસિક વળાંક - સંત ઓધવરામ મહારાજ સાથે ભેટો:</u>** ક. ક. પા. જ્ઞાતિ ઉદ્ધારક એવા પરમ પૂજ્ય સંત ઓધવરામ મહારાજે એમના ગુરુ સંત લાલરામ મહારાજને ક. ક. પા. જ્ઞાતિને પાછા સનાતન ધર્મના રાહ પર લાવવાનું વચન આપેલ હતું. એ વાત લગભગ સૌને ખ્યાલ હશે જ [4:Page 141], માટે અહીં એનું પુનરાવર્તન કરવામાં નથી આવતું. સંત લાલરામજી મહારાજ વિષે વધુ જાણકારી માટે વાંચો ઈશ્વર વિહારી વિલાસ પુસ્તક [121:Page 345].

ગુરુ લાલરામજી મહારાજના સ્વર્ગવાસ બાદ અમુક વર્ષો પછી, એટલે કે વિક્રમ સંવત 1977, વર્ષ 1920-21માં સંત ઓધવરામ મહારાજ ગાદી પર બેઠા. ત્યાર પછી પોતાના ગુરુને આપેલ વચનની પૂરતી માટે પ્રયત્નશીલ થયા. અને એક દિવસ યોગાનુયોગ એમની મુલાકાત રતનશી ખીમજી સાથે થઈ.

**<u>આ મુલાકાતના ભાવાત્મક દૃશ્યો અને સંવાદો કઇંક આવા રહ્યાં હતાં:</u>**

**રતનશીભાઈ** : હરિહર મહારાજ શ્રી...

**ઓધવરામ** : હરિહર ભાઈ... સાભળ્યું છે કે તમો વિરાણીના યુવાનો સનાતન ધર્મ જાગૃતિ માટે બહુ સારું કાર્ય કરી રહ્યા છો... એ બાબતમાં થોડીક જાણકારી માટે આજે આવવાનું થયું છે.

<u>**(રતનશીભાઈનું ગુમાન:** નારાયણ રામજીના માર્ગદર્શન પ્રમાણે ચાલીને રતનશીભાઈએ દેહશુદ્ધિ કરાવી હોવાનું તેમને વધુ પડતું ગુમાન હતું અને ખુમારીમાં હતા કે જાણે અમે કેટલા મહાન છીએ.**)**</u>

**રતનશીભાઈ** : હા, અમો સૌ નારણભાઈ સાથે રહી જ્ઞાતિમાં સનાતન ધર્મ જાગૃતિ માટેનું કાર્ય કરી રહ્યા છીએ. અમે, જ્ઞાતિ સુધારક મંડળ દ્વારા પીરાણાપંથ છોડીને.. દેહશુદ્ધિ કરી... પુનઃ સનાતન ધર્મનો અંગીકાર કરવા જ્ઞાતિજનોને સમજાવીએ છીએ.

**ઓધવરામ** : ખૂબ સરસ કામ કરી રહ્યા છો. ખૂબ આનંદ થાય છે. ભગવાન તમને પૂરો યશ આપે.

**ઓધવરામ** : સનાતન ધર્મમાં જ્ઞાતિને પાછી વાળવાનું કામ કેવી રીતે ચાલી રહ્યું છે? ખંતથી લાગેલા છો ને?

**રતનશીભાઈ** : વટ થી બોલે છે કે – હા, મહારાજ. જ્યાં સુધી લોકો દેહશુદ્ધિ કરાવીને યજ્ઞોપવીત ધારણ ન કરી લે, ત્યાં સુધી અમે એમની સાથે કોઈ પણ વ્યવહાર જેવા કે ખાવા પીવાના વ્યવહાર પણ નથી રાખતા.

**ઓધવરામ** **:** ઓહ..

**ઓધવરામ** : રતનશી ભાઈ, બીજું કહો, તમારે ઘરે કોણ કોણ છે, બધુ કુશળ મંગળ તો છે ને?

**રતનશીભાઈ** : હા, મહારાજ. હું અને મારા ધર્મ પત્ની, દેહશુદ્ધિ કરાવીને સુખીથી સારી રીતે રહીએ છીએ.

**ઓધવરામ** **:** અને.. તમારા ભાઈ પરિવારજનો.. કોણ કોણ છે પરિવારમાં?

**રતનશીભાઈ** **:** (ખુબજ અભિમાન અને ગુમાન સાથે બોલે છે.)ભાઈઓની તો વાત જ ન કરો. એ લોકો ભલે સનાતની થઈ ગયા છે, પણ દેહશુદ્ધિ નથી કરાવી. એટલે અમે એમની સાથે પણ ખાવા પીવાના વ્યવહારો બંધ કરીને, હું અને મારા ધર્મ પત્ની અલગ થઈને જુદા ઘરમાં રહી છીએ. દેહશુદ્ધિ ન કરાવનાર લોકોનો પડછાયો પણ અમે અમારા પર પડવા ન દઈએ, એવા ચુસ્ત છીએ.

**ઓધવરામ** **:** તો તમે એમને સમજાવીને કેમ તમારી સાથે નથી રાખતા? એ લોકોને સમજાવોને.. કે એ લોકો પણ દેહશુદ્ધિ કરાવી લે.

**રતનશીભાઈ** **:** (ફરી વટથી) જવાદો ને મહારાજ એમને. એ લોકોને સમજાવ્યા પણ સમજવા તૈયાર નથી.

એ લોકોને સમજાવતા-સમજાવતા થાકી ગયા. એમને સમજણ હોવા છતાં, એ લોકો હિમત નથી કરતા. કારણ કે જે જે લોકો નારાયણ રામજીની વાતો માનીને દેહશુદ્ધિ કરાવે છે, એ લોકોને, જ્ઞાતિના ગેઢેરાઓ દ્વારા તરતજ, જ્ઞાતિ બહાર મૂકવામાં આવે છે. એમની સાથે તમામ સંબંધો તોડી નાખવામાં આવે છે. બહેન – દીકરીના સંબંધો હોય, પતિ-પત્ની હોય, ભાઈ-ભાઈના સંબંધો હોય કે પછી બાપ-દીકરાના સંબંધો હોય. એ ઉપરાંત રોજ-બરોજના જીવનમાં ડગલે ને પગલે અનેકો જુલ્મો અને ત્રાસ આપવાનું કામ ચાલુ જ રાખતા હોય છે.

એ લોકો ભલે ડરતા હોય, પણ હું આ ગેઢેરાઓના જોર જુલ્મોથી જરાય ડરતો નથી. માટે જુઓ.. (ફરી વટથી) હું અને મારા પત્ની અલગ રહીએ છીએ. અમે મૂકી દીધા છે એમને એમના કર્મે.

**ઓધવરામ** : (થોડી વાર માટે ચૂપ થઇ ગયા. ચિંતાની મુદ્રામાં, ગંભીરતા ચેહરા પર.. અને ગંભીર તેમજ સાવચેતી વાળા અવાજમાં.. ધીમી ગતીએ .. રતનશીભાઈને કહે છે..)

રતનશી ભાઈ તમે આ બધુ કરો છો, એ તો બધુ બરાબર છે, પણ ખરાબ ન લગાડોતો એક વાત કહું.

**રતનશીભાઈ** : જી, કહો મહારાજ.

**ઓધવરામ** : મને વિચાર થાય છે કે, જો તમે તમારા ભાઈઓને સમજાવી નથી શકતા તો આખી જ્ઞાતિને કેવી રીતે સમજાવી શકશો..? આ રીતે.. આખી જ્ઞાતિને સનાતની બનાવવાનો તમારા ધ્યેયમાં, તમને સફળતા મળે એ બહુ કઠિન લાગી રહ્યું છે.

**રતનશીભાઈ** : (વિચારમાં.. એક સંત વ્યક્તિના મોઢેથી નીકળેલી વાતના પાછળના કારણ સમજી ગયા એટલે રતનશીભાઈનો બધો જ ખોટો વટ, ગુમાન કે અભિમાન એક જ ઝાટકે ઉતરી ગયો. વિચારમાં ગૂંચવાયેલા રતનશીભાઈ..)

મહારાજ.. આનો રસ્તો કયો? શું કરવું જોઇએ.

**ઓધવરામ** : જુવો, રતનશીભાઈ તમે જે રસ્તો અપનાવ્યો છે, એ આપસમાં સનાતની-સનાતનીઓ વચ્ચે ભેદભાવનો રસ્તો છે. દેહશુદ્ધિથી વધારે મહત્વનું એ છે કે શું લોકોએ પીરાણા સતપંથ ધર્મ છોડ્યો? શું એમને ઇમામશાહ બાવાને છોડ્યો? એને શું પાવળ પીવાનું બંધ કર્યું?

બાવાને મૂકીને જો એ માણસ સનાતની બની જતો હોય તો પછી દેહશુદ્ધિ કરવી કોઈ જરૂરી નથી. એમની સાથે છૂત-અછૂત જેવુ વર્તન કરશો તો તમારી સાથે કોણ આવશે? ઊલટું તમારી સાથે ધૃણા રાખીને સતપંથીઓ સાથે ભળી જશે.

**રતનશીભાઈ** : તો પછી મારે શું કરવું?

**ઓધવરામ** : જુવો રતનશીભાઈ તમે પહેલાં તો તમારા સનાતની બંને મોટા ભાઈઓ પાસે માફી માંગો. એમની સાથે ભળી જાઓ અને એમની સાથે ખાવા-પીવાના વ્યવહારો શરૂ કરો. જુવો સનાતની ભાઈ સાથે જ, સતપંથી ભાઈઓ સાથે નહીં. સતપંથી ભાઈઓ જો હોય, તો એમની સાથે વ્યવહાર કોઈ પણ રાખવાની વાત કરતો નથી, એ બરાબર સમજી લેજો.

**રતનશીભાઈ** : તો એના થી શું થશે? શું એ લોકો અમારી સાથે જોડાશે? શું એ લોકો સતપંથીઓ સાથે વ્યવહારો બંધ કરશે?

**ઓધવરામ** : હા.. રતનશીભાઈ, તમે જોજો.. ભગવાન જરૂર સારું કરશે.

150.5. **<u>નારાયણ રામજીને વિશ્વાસમાં લેવાના પ્રયત્નો:</u>** સંત ઓધવરામ મહારાજ સાથે થયેલ માર્મિક ચર્ચાએ રતનશીભાઈના મન પર ઊંડી અસર નાખી હતી. અને જ્ઞાતિ સુધારની ઢીલી પડતી મોહિમની ચિંતા સાથે રતનશીભાઈ પોતાના માર્ગદર્શક શ્રી નારાયણ રામજી લીંબાણીને મળે છે. નારાયણ બાપાને વિગતે બધી વાત કરે છે. વાત સાંભળ્યા બાદ ભાવાત્મક સંવાદો કઇંક આવા રહ્યા;

**નારાયણભાઈ:** રતનશીભાઈ, આ બધુ તમે શું બોલી રહ્યા છો. આવા તો કેટલાય સાધુઓ ફરતા હોય છે. એ લોકો ભલે બોલે. પણ આપણે તો આપણો રસ્તો છોડવો નથી.

**રતનશીભાઈ :** નારાયણભાઈ, તમારી વાત બરાબર છે. આપણે જ્ઞાતિને સનાતની બનાવવાનો ધ્યેય કોઈ દિવસ છોડવો નથી. પણ આ કોઈ સાધારણ હરતાફરતા સાધુ નથી. આ કોઈ દૈવી પુરુષ હોય એમ મને લાગે છે. એમની વાતોમાં વજન છે. એમની વાતો ઉડાડી નાખવા જેવી નથી.

**રતનશીભાઈ :** જુઓને આપણી મોહિમ ભલે ચાલુ થઈ છે, પણ એમાં આપણને હજી સુધી ધારી સફળતા મળી નથી. અને જે થોડી સફળતા મળી છે, એમાં પણ રોજ-રોજ કોઈ ને કોઈ વડીલ આવે છે અને જે રીતે તમારા ચરણોમાં પોતાની પાઘડી ઉતારીને કહે છે કે..

નારાયણ ભાઈ, તમારી બધી જ વાતો સાચી, પણ ગેઢેરાઓના જોર-જુલ્મો અને અમને જ્ઞાતિ બહાર કરી દેવાના કારણે અમે સનાતનમાં રહી નથી શકતા. અમે ન છૂટકે ફરીથી હવે સતપંથમાં જઈએ છીએ. આમ કહીને પોતાની પાગડી તમારા પગ પાસે મૂકે છે, ત્યારે આપણે કઈ જ કરી શકતા નથી.

આ સંત ઓધવરામ મહારાજ ખૂબ જ તેજસ્વી સંત દેખાય છે. તેમની સલાહ એકદમ વ્યવહારુ છે. એમનો ખૂબ સંયમ અને ધીર ગંભીર વ્યવહાર છે. આ કોઈ સામાન્ય સંતની નિશાની નથી. મને લાગે છે કે એમણે આપણને ખૂબ સાચો રસ્તો બતાવ્યો છે, આપણે જરૂર એમની વાત પર ધ્યાન દેવું જોઈએ.

**નારાયણભાઈ:** (ક્યાંક નારાયણ બાપાના અહમ (ઇગો)ને ઠેસ લાગી હોય એવું વર્તન કરીને બોલે છે કે..) આવી સલાહો આપવાવાળા તો ઘણાં આવે. કોની-કોની વાતો માનશો? ગેઢેરાઓ તો મોહિમ તોડવા જુલમ કરશે. એ લોકોએ આવું તો પહેલાં પણ કર્યું હતું. એનાથી ડરી જવાનું ન હોય.

**રતનશીભાઈ :** નારાયણભાઈ, મને એક પ્રયત્ન તો કરવા દો. જો સફળ થઇસ તો પણ તમારી સાથે છું અને નિષ્ફળ થઇસ તો પણ ફરીથી દેહશુદ્ધિ કરાવીને તમારી સાથે જોડાઈ જઈશ.

**નારાયણભાઈ:** ગુસ્સામાં.. કડવાશથી. . રતનશીભાઇ ધર્મનું કામ કરવું એ કોઈ રમત વાત નથી. આજે દેહશુદ્ધિ કરાવી, કાલે બગાડવી અને ફરી મજા આવે ત્યારે કરાવી. ધર્મના કામ કરવા માટે અડગ મન અને દૃઢ નિશ્ચય જોઈતું હોય છે.

**રતનશીભાઈ :** નારાયણભાઈ.. હું વાતની ગંભીરતા સમજું છું. પણ ક્યાંક આપણું જડ વલણ આપણાં ધ્યેયને મારી તો નથી નાખતું ને, એ પણ જોવું જોઈએ. તમે અમારા માર્ગદર્શક છો અને રહેશો. આપણાં સામે રોજ-રોજ લોકો પોતાની પાઘડી ઉતારી આપણને છોડીને સતપંથમાં ભળી જાય છે, એ સમસ્યાનો પણ કોઇ ઉપાય આપણી પાસે હાલ નથી ને. કઇંક તો કરવું પડશે ને?

**નારાયણભાઈ:** ગુસ્સામાં.. તો તું પણ છોડી જા. કોઈ જબરદસ્તી નથી. તને જેમ ઠીક લાગે એમ કર. મારી પાસે ફરીથી બીજી વાર ન આવતો. તો પછી હવેથી આપણાં રસ્તા જુદા.

**રતનશીભાઈ :** (એક બાજુ એક સાચા સંત એવા સંત ઓધવરામ મહારાજની ધીર-ગંભીરતા, ઊંડી સૂઝબૂઝ વાળી ભલામણ અને બીજી બાજુ નારાયણ રામજી જેવા મહાન માર્ગદર્શકનો પ્રકોપના વચ્ચે ફસાઈ ગયા.)

ત્યારે, રતનશીભાઇ હાથ જોડીને નારાયણભાઈને કહે છે કે, હે નારાયણભાઈ, તમે જે કરો છો એ બરાબર છે, પણ મને મારી રીતે આ પ્રયત્ન કરવા આપો. તમે મારા માર્ગદર્શક છો અને હમેશા રહેશો.

પછી મતભેદો વધતા ગયા. બંને પક્ષો તરફથી આરોપ-પ્રત્યારોપ ચાલ્યાં. રતનશી ખીમજીની ટીમ તરફથી નારાયણ રામજી ટીમ પ્રત્યેના આરોપો માટે જુઓ દિનાંક 20-May-1937ના નખત્રાણા નવાવાસ લક્ષ્મીનારાયણ મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવનો વર્ષ 1937માં પ્રકાશિત અહેવાલ [70] [6:Page 325] અને નારાયણ રામજીની ટીમ તરફથી કર્તવ્ય પંથે પુસ્તક [148] જોઈ શકો છે. મતભેદો હોવા છતાં બંને વડીલો જ્ઞાતિ માટે આદરણીય અને મહાન છે. માટે આજના સમયમાં આ વિષય ગૌણ હોવાથી એના પર વધારે લખવાની જરૂરત જણાતી નથી.

**150.6. <u>સંત ઓધવરામ મહારાજનો ઉપાય કામ કરી ગયો:</u>** કાળચક્ર ભવિષ્યમાં કેવો વળાંક લેશે એ કોને ખબર હોય છે. બન્ને વડીલો છુટ્ટા પડ્યા. સંત ઓધવરામ મહારાજની દિશા સૂચન પ્રમાણે રતનશીબાપા પોતાના સનાતની બનેલા બે વડીલ બંધુ એટલે કે બે મોટા ભાઈ-ભાભીઓને મળે છે અને પોતે કાપી નાખેલા વ્યવહારો ચાલુ કરે છે. જોત જોતાં માં ગણતરીના દિવસોમાં એ બન્ને ભાઈ ભાભીઓ અને તમામ પરિવારો અગાઉ જણાવ્યા પ્રમાણે, તા. 16-Jul-1923ના દેહશુદ્ધિ કરાવે છે, જેની નોંધ પીરાણાની પોલના પેજ 536માં પ્રકાશિત નામાવલીમાં સામેલ છે [88:Page 536].

વર્ષોથી જે કામમાં (ભાઈઓને સમજાવવાના કામમાં) રતનશીભાઇને સફળતા નહોતી મળતી, એ કામ ગણતરીના માત્ર થોડાજ મહિનાઓમાં સફળતા મળેલી જોઈ, વડીલ રતનશી

બાપાને સંત શ્રી ઓધવરામ મહારાજ ઉપર અતૂટ શ્રધ્ધા અને વિશ્વાસ બેઠો. એમને પૂરે પૂરી ખાતરી થઇ ગઇ કે જો જ્ઞાતિ સુધારના કામને સફળ બનાવવું હશે, તો સંત ઓધવરામ મહારાજના બતાવેલ રસ્તા પર આગળ વધવું પડશે. વર્ષ 1925-26થી રતનશી ખીમજી અને નારાયણ રામજી વચ્ચે મતભેદો જાહેરમાં આવવા લાગ્યા. અને ધીરે-ધીરે રતનશીભાઇ પોતાના વિચારો સાથે સહમત લોકોની ટીમ બનાવતા ગયા.

**150.7.** **<u>વ્યવહારુ ઉપાયની શોધ:</u>** એક બાજુ ગેઢેરાઓનો ત્રાસ. બીજી બાજુ દેહશુધ્ધિ અને હવન, યજ્ઞ, સંસ્કૃત મંત્રો, વેદોની ઋચાઓ વગેરે ધાર્મિક કર્મકાંડ જે સામાન્ય માણસ માટે અનુસરવું અશક્ય બની ગયું હતું. સેંકડો વર્ષોથી હિન્દુ ધર્મ ભૂલેલી અભણ જ્ઞાતિ જેને ઇસ્લામી કલમાઓ બોલવાની ટેવ પડેલી હોય, એવા લોકોને અચાનક સંસ્કૃતના કઠિન શ્લોકો અને ક્રિયાઓ કરવાનું કહો, તો એ શક્ય ન બને. આવી રીતે બંને બાજુથી ઘેરાયેલા લોકોને એક સરળ ઉપાય આપવાની જરૂરત હતી.

સંત ઓધવરામ મહારાજ સામે તલવારની ધાર ઉપર ચાલવા જેવું હતું. એને એવો ઉપાય શોધવો હતો કે લોકો હિન્દુ ધર્મ સાથે વળગી રહે અને એ પણ સુનિશ્ચિત કરવું હતું કે ભવિષ્યમાં વળી પછી કોઇ ધર્મગુરુ / બાવો ફરીને આ ભોળી જ્ઞાતિને અવળે રસ્તે લઇ ન જઇ શકે.

લોકોને એક વ્યવહારુ ઉપાય અને સહજ પધ્ધતિની જરૂરત હતી જે સામાન્ય, અજ્ઞાની, ઓછું ભણેલો, ખેતી કરતો પરિવાર સહેલાઇથી અનુસરી શકે. આવી પરિસ્થિતિમાં સંત ઓધવરામ મહારાજે બહુ સહેલો અને જ્ઞાતિનું કાયમી ધર્મ પરિવર્તન કરાવનારો ઉપાય આપ્યો.

**150.8.** **<u>ઇષ્ટદેવ તરીકે ભગવાન લક્ષ્મીનારાયણ:</u>** વ્યવહારુ ઉપાય તરીકે સંત ઓધવરામ મહારાજે રતનશીભાઇને ભગવાન લક્ષ્મીનારાયણને જ્ઞાતિના ઇષ્ટદેવ તરીકે અપનાવવાની સલાહ આપી. આ ઉપાય એટલો સચોટ હતો કે જ્ઞાતિનો સામાન્ય વર્ગ એને સહેલાઇથી અનુસરી શકતો હતો. એમાં કોઇ વિશેષ બંધનો કે જટિલ વિધિઓ નહોતી. પીરાણા સતપંથને સંપૂર્ણ રીતે ત્યાગી, મનથી ભગવાન લક્ષ્મીનારાયણ પ્રત્યે શુદ્ધ ભાવના હોવી જોઇએ એજ એક શરત હતી. આટલું કરવાથી માણસ સનાતની બની શકતો હતો.



આ ઉપાય થકી ભવિષ્યમાં આ જ્ઞાતિ ધર્મના ખોટા વાડામાં ફસાય નહીં, કોઇ ખોટા ધર્મગુરુના રવાડે ચડે નહીં અને સનાતન

ધર્મના મૂળ પાયામાં રહીને સનાતન હિન્દુ ધર્મના વિશાળ વટવૃક્ષની છાયા સદાય એના પર રહે, એવો આ રસ્તો હતો.

આવા સરસ ઉપાય મળ્યા બાદ સંત ઓધવરામ મહારાજ અને વડીલ શ્રી રતનશી ખીમજી ખેતાણીની જોડીને ખૂબ સારા પરિણામ મળવા લાગ્યા. સંત ઓધવરામ મહારાજે ક. ક. પા. જ્ઞાતિના ઇષ્ટદેવ તરીકે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણને પ્રસ્થાપિત કરવાની સલાહ રતનશી બાપાને આપી. જેનો ધીમે-ધીમે સુવ્યવસ્થિત અમલ થયો.

**150.9.** **<u>ભગવાન લક્ષ્મીનારાયણ શા માટે?:</u>** અમુક મિત્રોને, આ ઘડીએ, મનમાં પ્રશ્ન થતો હશે કે ઇષ્ટદેવ તરીકે ભગવાન લક્ષ્મીનારાયણ જ શા માટે? અન્ય ભગવાન હોઈ શકતા હતા. આના ઉત્તર માટે આ પુસ્તકમાં આગળ આ વિષય પર પ્રકાશિત લેખ વાંચવા વિનંતી.

**150.10.** **<u>મંદિરો બંધાવવાના શરૂ થયાં:</u>** સંત ઓધવરામના માર્ગદર્શન પ્રમાણે ગામ વિરાણી મોટીના ખાનાના મુખ્ય હોલની અંદર મંદિર ઊભું કરવાનું નક્કી થયું. બધી તૈયારીઓ થઇ ગઇ. મુંબઈથી લક્ષ્મીનારાયણ ભગવાનની પાનમૂર્તિઓ (છાયાચિત્ર / છબી / ફોટો) પણ તૈયાર થઇ ગયાં હતાં. પ્રતિષ્ઠાની તારીખ પણ નીકળી ગઈ હતી. પણ છેલ્લી ઘડીએ વિવાદ ઊભો થયો અને બાબત કોર્ટ સુધી ચડી ગઈ. માટે વિરાણી મોટીનું ભગવાન લક્ષ્મીનારાયણના મંદિરના ઉદ્ઘાટનનું કામ ખોરંભે ચડી ગયું.

તે સમયે ગુજરાતના બોરડીટીંબા (કેશવપુરા)માં ઘણાં મૂળ વિરાણી વાસીઓ રહેતા હોવાથી, ત્યાંના ભાઈઓએ મંદિર બનાવવામાં ઉત્સાહ બતાડયો. એટલે વિરાણી માટે તૈયાર થયેલ ભગવાન લક્ષ્મીનારાયણની પાનમૂર્તિઓ બોરડીટીંબાના મંદિરમાં દિનાંક 26-Aug-1928ના પ્રાણપ્રતિષ્ઠિત કરવામાં આવી. વધુ માહિતી માટે જુઓ અભિલેખ 2023 પુસ્તક પેજ 321 [6:Page 321].

ત્યાર બાદ 2 વર્ષ પછી દિનાંક 15-Aug-1930ના ગામ વિરાણી મોટીમાં ભગવાન લક્ષ્મીનારાયણનું મૂળ મંદિર બંધાયું.

**150.11.** **<u>વિરાણી મંદિર અને તેની સફળ રણનીતિ – ખાનાને મંદિરમાં ફેરવી નાખ્યું:</u>** વિરાણી મોટીનું ભગવાન લક્ષ્મીનારાયણ મંદિર ઊભું થવું એ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના ઇતિહાસનું એક ટર્નિંગ પોઈન્ટ (turning point) હતું, એટલે કે ઇતિહાસને એક નવો વળાંક આપનાર હતું. આ મંદિરની ખાસિયત એ છે કે એને સતપંથના ખાનાના મુખ્ય હોલની અંદર ઊભું કરવામાં આવ્યું છે. ખાનાનો મુખ્ય હોલ એટલે કે જાણે (દા.ત.) મસ્જિદના મુખ્ય હોલની અંદર. મંદિરનો પ્રત્યક્ષ આકર ભલે એક નાનું દેરું[112] જેટલું છે, પણ એની પાછળનો સંદેશ જ્ઞાતિમાં મજબૂત પાયો નાખીને પ્રસરી ગયેલ

[112] દેરું = દેવગૃહ, દેવમંદિર, દેવાલય

ઇસ્લામી માન્યતા અને શ્રદ્ધાને જડમૂળથી ઉખાડી નાખવાનો છે. આ રણનીતિ સંત ઓધવરામ મહારાજે આપી હતી [72:Page 36] [6:Page 506].

પીરાણા સતપંથનો હાડ ગાળી નાખે એવો મજબૂત શિકંજો હતો તે વખતે. ત્યારે એમના ઘરમાં એટલે કે ખાનામાં એમના જાની દુશ્મન એવા વિધર્મીઓના ભગવાનનું સ્થાનક ઊભું કેમ થયું હશે, વિચાર તો કરો. એ હોલમાં એક બાજુ ઈમામશાહ બાવાનો પાટ રહેતો હતો અને બીજી બાજુ ભગવાન લક્ષ્મીનારાયણનું મંદિર. અને એમ નહીં કે ઈમામશાહ બાવાના ગુણગાન ગાઇને ભોળવી / ફોસલાવીને મંદિર ઊભું કરી દીધું હોય. બાવાનો વિરોધ કરી રીતસરના (કોર્ટ સુધી) ઝઘડાઓ કરીને લક્ષ્મીનારાયણ મંદિરને ખાનામાં ઘૂસાડી દીધું.

ખાનામાં મંદિર ઊભું થઇ જવાના કારણે અન્ય હિન્દુ જ્ઞાતિઓ પણ દેવદર્શન માટે આવવા લાગ્યા. ત્યારે ખાનાના મુખીઓ સામે વિકટ પરિસ્થિતિ નિર્માણ થઈ. મુખીઓ પોતાના ઇસ્લામી શાસ્ત્રોનું વાંચન કરે તો બધીજ અન્ય હિન્દુ જ્ઞાતિને ખબર પડી જાય કે સતપંથ મુસલમાન ધર્મ છે. અને જો આવું થાય તો બાહ્ય હિન્દુ ઓળખ અપનાવીને રહેવું એ અશક્ય બની જાય. સંપૂર્ણ મુસલમાન બનવું પડે. તેના કારણે સતપંથનો પ્રચાર કરવામાં તેઓ અસમર્થ થઇ ગયા અને એમની સાચી પોલ ખૂલી ગઇ. જેથી જ્ઞાતિ ઉપર સારી અસર પડી અને ઈમામશાહ બાવા ઉપર લોકોની શ્રદ્ધા તૂટવા લાગી [148:Page 125].

આજે એ ખાનામાં હવે ઈમામશાહ કે સતપંથનું કઈં રહ્યું નથી. ધીરે-ધીરે આખું ગામ સતપંથ છોડી સનાતની બની ગયું છે. સમસ્ત ગામે મળીને ખાનાનું સંપૂર્ણ વિસર્જન કરી નાખ્યું છે. વિરાણી ગામનો ઇતિહાસ કહે છે કે આવું થવા પાછળ સતપંથને છાવરવાની રણનીતિ નહોતી અપનાવી. પણ કડક અને મક્કમતાથી ભરપૂર વિરોધની રણનીતિ અપનાવવામાં આવેલ હતી. એ ગામના એક મોટા સુધારક શ્રી કરસન શિવદાસ મુખીએ મુખ્ય ભૂમિકા ભજવી હતી [152:Page 17]. આજે વિરાણી ગામમાં જડમૂળથી ખાનું અને પીરાણા સતપંથ ધર્મ નીકળી ગયો છે.

**અગર આ પવિત્ર સ્થળ જોવાનો અવસર મળે, તો જરૂર એક વખત જોજો. પહેલી નજરે એક સાધારણ દેરું દેખાશે, પણ ઉપર જણાવેલ ઐતિહાસિક પરિપેક્ષની નજરથી જોશો તો તમને આ મંદિરની આધ્યાત્મિક ભવ્યતાના સાચા દર્શન થશે. તમારા મનમાં જરૂર ગૌરવની લાગણી થશે. વિરાણી ગામને આગ્રહ ભરી વિનંતી છે કે વિકાસ/જીર્ણોદ્ધાર/નવીનીકરણ કે કોઈ પણ અન્ય કારણે આ મંદિર અને ખાનાના એ હોલને બદલાવજો નહીં. કારણ કે એ મંદિરનું ઐતિહાસિક મહત્વની સાથે આધ્યાત્મિક મહત્વ પણ છે. કેવી આધ્યાત્મિક શક્તિ હશે કે જેણે સતપંથ છોડવા માટે સમસ્ત જ્ઞાતિનું મન પરિવર્તિત કર્યું હશે? મંદિર સાચવીને એ શક્તિનું સન્માન અને સંરક્ષણ કરવું ખૂબ જરૂરી છે.**

**150.12. <u>સફળ રણનીતિની જ્ઞાતિ ઉપર અસર:</u>** આવી રીતે વિરાણી મોટીના લક્ષ્મીનારાયણ મંદિર ઊભું કરવા પાછળ સંત ઓધવરામ મહારાજે આપેલ રણનીતિની સફળતાની ખૂબ ઊંડી અને સારી અસર આ મોહિમ ઉપર પડી. આ રણનીતિ પ્રમાણે ગામેગામ ખાનાને લક્ષ્મીનારાયણ મંદિરમાં ફેરવવાના પ્રયાસો થવા લાગ્યા. જ્યાં શક્યતા ઓછી હતી, ત્યાં ખાનાની બાજુમાં અથવા તેની સામે ભગવાન લક્ષ્મીનારાયણની પાનમૂર્તિ રાખીને મંદિરો જ્ઞાતિએ ઊભાં કર્યાં.

**150.13. <u>રતનશી ખીમજી સામે સૌથી કઠિન કામ:</u>** રતનશી ખીમજીને જ્ઞાતિનું ધર્મ પરિવર્તન કરાવવાનો શ્રેય આપવા પાછળનું કારણ છે કે એમને ધર્મ પરિવર્તનના કાર્યનો સહુથી મુશ્કેલ પડાવ પાર કરાવ્યો હતો. સતપંથ ધર્મ છોડી દો કહેવું સહેલું છે, પણ વાસ્તવમાં ધર્મ છોડી દેવો એ એટલુંજ જટિલ છે. લોકો સમજી ગયા હતા કે પીરાણા સતપંથમાં તેઓ ફસાઇ ગયા છે, પણ પોતે છૂટી નથી શકતા. ઉપરથી ગેઢેરાઓ અને મુખીઓનું જ્ઞાતિ ઉપર સાણસા[113] જેવી પકડ અને જબરદસ્ત દબાણ. એવી પરિસ્થિતિમાં લોકોને સતપંથ સામે ઊભાં કરવાં અને મુસલમાન સતપંથ ધર્મસ્થાનોને હિન્દુ મંદિરમાં ફેરવી નાખવાં માટે તૈયાર કરવાં, એવું અકલ્પનીય અને અશક્ય કામ કર્યું.

એમના આ મોહિમને સફળ બનાવવા માટે કેટકેટલા અને કેવા-કેવા પ્રકારના ભોગો આપવા પડ્યા હશે એની કલ્પના પણ આપણે આજે કરી શકતા નથી. પૈસા પણ પાણીના જેમ વહાવ્યા. આજના માપદંડ પ્રમાણે હજારો કરોડોની પોતાની અંગત મિલકત વેચીને જ્ઞાતિના મંદિરો માટે આર્થિક યોગદાન આપ્યું. પોતાનો ધીકતો[114] ધંધો નોકરોને ભરોસે છોડી મહિનાઓ સુધી સતત કચ્છમાં અને ગુજરાતમાં રહી ભગવાન લક્ષ્મીનારાયણનો પ્રચાર કર્યો. અનેકો અપમાનો, બદનામીઓ, સાચા-ખોટા આરોપો પણ સહ્યા હશે.

પ્રચાર કાર્યમાં જતા ત્યારે સતપંથીઓ પથ્થર મારતા. રાતના પણ આ ભય રહેતો. સુરક્ષા માટે રતનશી બાપા સાથે એક વોલંટિયરની ટીમ સતત રહેતી. અણધારી[115] પરિસ્થિતિમાં હુમલો થવાની શક્યતાઓ ખૂબ હતી. આવી પરિસ્થિતિથી બચાવવા એમના અંગરક્ષક તરીકે ખાસ એવા વિરાણી મોટીના શિવગણ લાલજી પટેલ (નાકરાણી) એ ગજબની સેવા આપી છે. એ જમાનામાં ઘર નાના હતા અને ખુલ્લામાં ચાલી, આંગણું કે ઓસરીમાં સુવાની વ્યવસ્થા રહેતી. રતનશીભાઈના જીવ ઉપર એટલો ખતરો હતો કે રાત્રે સુરક્ષા માટે શિવગણ બાપા જાગીને સુરક્ષાનું ધ્યાન રાખે ત્યારે રતનશીભાઈ સૂઈ શકતા હતા. જ્ઞાતિ માટે રતનશી ખીમજીને આવો ભયંકર સમયનો સામનો કરવો પડ્યો છે.

---

**113** સાણસા = Plier, મુશ્કેલીમાં ભિડાયલું.

**114** ધીકતો ધંધો = સારી પેઠે ચાલતો-આબાદ ધંધો

**115** અણધારી = અનપેક્ષિત = ધારેલ ના હોય = unfactored

આવી રીતે કોઇ પણ જ્ઞાતિ કે સમાજના ધર્મ પરિવર્તનનું સૌથી કઠિન દોર, જેની સામે કદાચ લોઢાના ચણા ચાવા સહેલા હોય, એવા દોરથી મોહિમનું સુકાન સંભાળ્યું મોહિમ આગળ ધપાવી. ધર્મ પરિવર્તનના સંકટ રૂપી તુફાનમાંથી, ભોળી જ્ઞાતિ રૂપી હોડીને, સફળતા પૂર્વક બહાર કાઢી. ધર્મ પરિવર્તનના આ પ્રવાહમાં લોકો ધીરે ધીરે જોડાતા ગયા અને પીરાણા સતપંથને ત્યાગીને જ્ઞાતિનું સનાતન ધર્મમાં પરિવર્તન થતું ગયું.

**150.14. <u>સંતોનો સહયોગ:</u>** આ તમામ કામમાં સંત ઓધવરામ મહારાજનું માર્ગદર્શન, સાથ સહકાર અને આશીર્વાદ અત્યંત કારગર તેમજ સફળતાની કૂંચી નિવડ્યાં. પ્રચાર પ્રસારના કાર્યોમાં સંત ઓધવરામ મહારાજનું તો મુખ્ય યોગદાન હતું જ, પણ તેમની સાથે એમના પટશિષ્ય સંત દયાલરામ મહારાજનું પણ ખૂબ જ મોટું યોગદાન હતું.



**સંત ઓધવરામજી**



**સંત દયાલરામજી**

વડીલો પાસેથી સાંભળ્યું છે કે સંત ઓધવરામ મહારાજ જ્યારે પ્રચાર માટે નીકળતા ત્યારે ઘણી વાર સતપંથના છોકરાઓ પથરાવ કરતા. ભૂતકાળમાં આવા કિસ્સાઓ માનકુવા, ટોડીયા વગેરે ગામમાં થયેલા હોવાનું સાંભળવા મળેલ છે. આવા પથરાવથી સંત ઓધવરામ મહારાજના માથા ઉપર પથ્થર (પાણો) લાગી ગયો હતો અને લોહી નીકળતું હોવા છતાં સંત ઓધવરામ મહારાજે ધીરજ રાખીને લોકોને મનોબળ ટકાવી રાખવા ગામમાં પ્રચારનો એ દોરો ચાલુ રાખતા. લાગી ગયું એટલે ડરીને પાછા ચાલ્યા ના જતા. આ મોહિમની શરૂઆતના દિવસોમાં જે સનાતની બનેલા વડીલો / પરિવારો પાસેથી આ વાત જાણવા મળેલ છે.

સંત ઓધવરામ મહારાજની આજ્ઞા પ્રમાણે રતનશી ખીમજીની ટીમ સાથે ખડેપગે સંત દયાલરામજી મહારાજે કચ્છના ગામેગામ અને ગુજરાતના કંપેકમ્પામાં જઇને ભગવાન

લક્ષ્મીનારાયણનો પ્રચાર કર્યો. આગળ જતાં કચ્છના ગામેગામ અને ગુજરાતનાં કંપાઓમાં ભગવાન લક્ષ્મીનારાયણના મંદિરો બંધાયા અને જ્ઞાતિનું કાયમી રીતે સનાતન ધર્મમાં ધર્મ પરિવર્તન થયું.

**150.15. <u>સનાતની જ્ઞાતિ સાથે ખાવાપીવાનો વ્યવહારની શરૂઆત અને તે અંગેનો ખુલાસો:</u>** રતનશી ખીમજીની ટીમની સફળતા પાછળનું મુખ્ય કારણ હતું કે તેઓએ સનાતની જ્ઞાતિ સાથે, એટલે કે જે લોકોએ દેહશુદ્ધિ વિધિ ન કરાવી હોય, એવા લોકો સાથે, આદર અને સન્માન ભર્યો વ્યવહાર કર્યો. અમે ઉચ્ચ છીએ, સુધરેલા છીએ, બીજા કરતાં શુદ્ધ છીએ, અમે તમારી સાથે બેસીને ખાઈ ન શકીએ, એવો વ્યવહાર ન અપનાવતા, એમની સાથે મિત્રતા અને પ્રેમનો વ્યવહાર અપનાવ્યો. આ લોકોએ પીરાણા સતપંથ ધર્મતો છોડી જ દીધો હતો એટલે એમની પ્રત્યે તુચ્છભાવ રાખવો એમને યોગ્ય લાગ્યું નહીં. (**<u>ખાસ નોંધ:</u>** સતપંથીઓ સાથે ખાવાપીવાનો વ્યવહાર કોઈ દિવસ નહોતો કર્યો)

**<u>ખાવા પીવાનો મુદ્દો ગંભીર કેમ હતો?</u>**

એ સમયમાં લોકો પોતાની ધાર્મિક શુદ્ધતા રાખવા માંસાહાર કરનાર લોકો સાથે ખાવાપીવાનો વ્યવહાર રાખવામાં બહુ સાવચેતી રાખતા. “અમુક” ધર્મ વાળા પોતાના ખાવામાં લોકોને “ભ્રષ્ટ” કરવા અમુક અશુદ્ધ પદાર્થો નાખતા, જે કોઇને ના ગમે. એવું વડીલો પાસે સાંભળેલું છે. આવું ભેળસેળવાળું ખાવાથી લોકોની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે, એવી માન્યતા પણ હતી [70:Page 22] [6:Page 347]. આવી માન્યતાઓ વચ્ચે, જો એકજ સનાતની જ્ઞાતિના લોકો આપસમાં ખાવાપીવા વિષે છૂત-અછૂત સમાન વ્યવહાર કરે, તો સ્વાભાવિક છે કે અંદરોઅંદર કુસંપ વધે, અને કડવાશ જન્મે.

**ખાવા પીવાનો મુદ્દો ગંભીર શા માટે?**

**<u>જ્ઞાતિમાં ગંભીરતા</u>**

“ખાવા પીવા વગેરેના કારણોથી જ્ઞાતિમાં એક ભયંકર દીવાલ ઊભી કરી જ્ઞાતિ સુધારના ધર્મના કાર્યમાં સાથ ન આપવો એ સુધારો ન કહેવાય. તેથી તો જ્ઞાતિમાં વિરોધ વધે છે.” [70:Page 10] [6:Page 336]

**રતનશી ખીમજીની ટીમ દ્વારા ખાવાપીવાનો વ્યવહાર માત્ર સનાતની જ્ઞાતિ સાથે કરવામાં આવેલ હતો. (એટલે કે જેઓએ પીરાણા સતપંથ ધર્મનો સંપૂર્ણ રીતે ત્યાગી કરી દીધેલ હતો, પણ માત્ર દેહશુદ્ધિ વિધિ નહોતી કરાવી.)**

**સતપંથીઓ સાથે ખાવાપીવાનો વ્યવહાર ચાલુ કર્યો નહોતો, એની ખાસ નોંધ લેશો.**

**ખાસ નોંધ**

કેવા સંજોગોમાં અને કઇ શરતોમાં સનાતનીઓ સાથે ખાવાપીવાનો વ્યવહાર શરૂ કરવામાં આવ્યો હતો, એ અંગે વિસ્તૃત ખુલાસો રતનશી ખીમજીએ નખત્રાણા નવાવાસના મંદિરની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ વખતે આપેલ ભાષણમાં કરેલ છે. આ મહોત્સવના અહેવાલની વિગત માટે Bibliography / સંદર્ભ સૂચિમાં આપેલ છે, જ્યાંથી આ અહેવાલ ઓનલાઇન પણ જોઇ શકો છો [70:Page 39 to 46] [6:Page 363 to 369].

વિરાણીમાં બંધાયેલ કચ્છ ખાતેનું પહેલું મંદિર પછી કચ્છ ખાતે બીજું અને જ્ઞાતિનું ત્રીજું લક્ષ્મીનારાયણ મંદિર [70:Page 10] [6:Page 336] ઊભું થતાં 7 વર્ષ લાગી ગયા. દિનાંક 20-May-1937ના નખત્રાણા ખાતે કચ્છનું બીજું લક્ષ્મીનારાયણ મંદિર ઊભું થયું. આ સ્વાભાવિક છે, કારણ કે મોહિમની શરૂઆત પછી, લોકોમાં વિશ્વાસ જન્મે જેથી તેઓ સક્રિય બને જેથી મોહિમ ચળવળના સ્વરૂપમાં બદલાય એના માટે થોડો સમય એ સ્વાભાવિક છે. પણ ચળવળ ચાલુ જરૂર થઈ ચૂકી હતી.

સંત ઓધવરામ મહારાજના માર્ગદર્શન હેઠળ, આ સમયમાં, કચ્છ અને કંપાઓમાં, ઘણી જગ્યાએ ભગવાન લક્ષ્મીનારાયણના મંદિરો ઊભા થઇ રહ્યા હતા, એવો ઉલ્લેખ ઇતિહાસમાં જોવા મળે છે.

**150.16.** **<u>નથુ નાનજી કેશરાણી / છાભૈયાનો સાથ મળ્યો:</u>** ઉપર જણાવેલ નખત્રાણાના લક્ષ્મીનારાયણ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ કાર્યક્રમ વખતે સમાજમાં એક મહાન જ્ઞાતિ સેવકનું આગમન થયું, વડીલ નથુ નાનજીનું [70:Page 25] [6:Page 350].

એમના જીવનની શરૂઆતની કર્મભૂમિ, ઓડીસામાં એક કાર્યક્રમ વખતે ખોજા મુસલમાને પીરાણા સતપંથ ધર્મને લઇને જે સત્ય હકીકત કહી, એનાથી નથુભાઈ નાનજીના મનમાં ડંખ રહી ગયો અને પોતાની જ્ઞાતિને સુધારવા માટે ઓડીસાની સારા પદની નોકરી છોડી, કચ્છમાં આવ્યા. એમના જીવન ઉપર સરસ લેખ કચ્છના કડવા પાટીદારોનો ઇતિહાસ પુસ્તકના પેજ 103માં પ્રકાશિત કરેલ છે [4:Page 103].


**નથુ નાનજી કેશરાણી / છાભૈયા**

કચ્છ આવીને નથુ નાનજી; રતનશી ખીમજીની ટીમ સાથે જોડાયા. તેઓ એક પ્રભાવશાળી વક્તા હતા અને પીરાણા સતપંથ છોડવા માટે લોકોને ખૂબ સારી રીતે પ્રેરિત કરી શકતા હતા.

તેઓ કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજના સ્થાપક મહામંત્રી બન્યા અને ભગવાન લક્ષ્મીનારાયણના મંદિરો ઊભા કરવાની મોહિમને અનેરો વેગ આપી, એક મુખ્ય ભૂમિકા ભજવી.

જેટલી સહેલાઈથી આ વાક્ય બોલી શકાય, એમનું કામ એટલુંજ અઘરું અને ભોગ માંગી લે તેવું હતું.

**150.17.** **<u>વર્ષ 1938માં - કેન્દ્ર સમાજની સ્થાપના - કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજ:</u>** નવા વિચારો આધારીત કોઈ તદ્દન નવું સંગઠન ઊભું થાય ત્યારે તેના ત્રણ મુખ્ય ચરણો હોય છે.

1) મૌખિક સહમતી મેળવી અનોપચારીક રીતે સંગઠિત થવું. (શરૂઆતમાં ચકાસવા માટે)
2) સંગઠનનું વ્યવસ્થિત બંધારણ ઘડવું અને તે પ્રમાણે ચાલવું. (જ્યારે લોકોનો સાથ મળે ત્યારે)
3) સંગઠનને સરકારમાં રજિસ્ટર કરવું. (મોટે પાયે કામ કરવા, મોટી મિલકતો વસાવવા વગેરે)

શરૂઆતના પહેલા ચરણમાં રતનશી ખીમજી અને નથુ નાનજીની આગેવાનીમાં ક. ક. પા. જ્ઞાતિના સનાતનીઓની પહેલી માતૃ સમાજ / કેન્દ્રીય સમાજ ઊભી થઈ. આ કોઈ એક ગામની સમાજ નહોતી, પણ ગામેગામના (તે વખતે લગભગ 60 ગામ [72:Page 16] [6:Page 487]) સનાતનીઓ ભેગા થઈને આ સમાજ ઊભી કરવામાં આવી. આ કેન્દ્રીય સમાજ એટલે કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજના સ્થાપક પ્રમુખ શ્રી રતનશી ખીમજી ખેતાણી હતા અને સ્થાપક મહામંત્રી શ્રી નથુ નાનજી કેશરાણી/છાભૈયા હતા.

સમાજ સ્થાપનાની ચોક્કસ તારીખ નથી મળતી. પણ આપણી પાસે એવી 2 ઘટનાઓ છે, જેના પરથી અંદાજ થાય છે કે સમાજની સ્થાપના વર્ષ 1938માં થઈ હશે.

1) વર્ષ 1937માં નથુ નાનજીનું ઉપર જણાવ્યા પ્રમાણે નખત્રાણાના લક્ષ્મીનારાયણ મંદિર કાર્યક્રમ વખતે જ્ઞાતિમાં આગમન [70:Page 25] [6:Page 350].
2) વર્ષ 1939માં, આગાઉ જણાવેળ સંવત 1832ના કાળા ઠરાવથી જે વહીવંચાઓ અને બ્રાહ્મણો ઉપર બંદી મૂકવામાં આવી હતી, એ વહીવંચાઓની પુનઃ નિમણૂક સનાતની સમાજે કરી. જ્ઞાતિમાં ઘરોઘર જઈને વંશાવલી લખવાની અનુમતિ તેમજ જવાબદારી કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજ દ્વારા આપવામાં આવી. આ અંગે આ પુસ્તકમાં આગળ પ્રકાશિત લેખ જોવા વિનંતી.

ઉપર જણાવેલ બંને ઘટનાઓના સમયગાળા વચ્ચે સનાતની સમાજની સ્થાપના થઇ હશે, એ અંદાજ મળી જાય છે. જેના પરથી એવું અનુમાન કરી શકાય કે વર્ષ 1938માં સનાતની સમાજની સ્થાપના થઇ છે.

સમાજ સંગઠનના બીજા ચરણમાં, આ સમાજનું વ્યવસ્થિત બંધારણ પણ ઘડાયું છે જે દિનાંક 15-Nov-1945ના ઘડવામાં આવ્યું [72:Page 16] [6:Page 487] છે. અને ત્રીજા ચરણમાં વર્ષ 1965માં[116] કેન્દ્રીય સમાજને સરકારમાં રજિસ્ટર કરવામાં આવી.

**116** રજિસ્ટર – વર્ષ 1960માં નખત્રાણાનું છાત્રાલય બન્યું, પણ સમાજને 1965માં ટ્રસ્ટ કાયદા હેઠળ રજિસ્ટર કરવામાં આવી.

**150.18.** **<u>ગામેગામ યુવક મંડળો અને સમાજોની સ્થાપના:</u>** નખત્રાણાના મંદિરની સ્થાપના પછી ગામેગામ યુવકમંડળો ઊભા કરવામાં આવ્યા. આવી પરિસ્થિતિમાં ધર્મનું કામ યુવાનો જ કરી શકે, માટે યુવક મંડળો ઊભા થાય એ જરૂરી હતું. આ માટે ગામેગામમમાં સભાઓ ભરવામાં આવતી. તે માટે રતનશી ખીમજી, સંત ઓધવરામ મહારાજ અને સંત દયાલરામ મહારાજ યુવાનોમાં જોશ પૂરવા માટે હાજર રહેતા [59:Page 24].

**150.19.** **<u>જ્ઞાતિના જુલ્મી ગેઢેરાઓની કમર તોડી:</u>** આ પુસ્તકમાં આગાઉ જણાવ્યા પ્રમાણે જ્ઞાતિ ઉપર ગેઢેરાઓની જુલ્મી સત્તા ચાલતી હતી. લોકોને પોતાના સામાજિક અને પારિવારિક પ્રશ્નોનો ઉકેલ લાવવા ગેઢેરાઓ પાસે જવું પડતું હતું. એ સમયે ગેઢેરા મોકાનો લાભ લઈ અન્યાય, અત્યાચાર કરવા અથવા જૂના વેરઝેરનો બદલો વાળવા, જુલમ કરતા. યુવકમંડળો અને સમાજો બનવાથી હવે ગેઢેરાઓની સત્તા સામે સીધો પડકાર હતો. ગેઢેરાઓને જુલમ કરવાથી પહેલાં સો વખત વિચાર કરવા માટે મજબૂર કર્યા. કારણ કે લોકતાંત્રિક પદ્ધતિથી ઊભી થયેલ સમાજ વ્યવસ્થામાં હવે કોઈ માણસ સંગઠિત અને શક્તિશાળી હતો, તેમજ ગેઢેરાને દિવસે તારા બતાડી શકવાની પરિસ્થિતિમાં હતો.

**150.20.** **<u>ગેઢેરાની કમર તૂટવાથી સતપંથની સત્તા પણ તૂટી:</u>** અગાઉ જણાવ્યા પ્રમાણે પીરાણા સતપંથ પોતાની ઓરંગજેબી-સત્તા ગેઢેરાઓના માધ્યમથી ચલાવતું. પણ એક વખત ગેઢેરાઓ ગયા એટલે પીરાણા સતપંથની સત્તા પણ ગઈ.

**150.21.** **<u>અલગ જ્ઞાતિની શરૂઆત - ચળવળનો એક મુખ્ય પડાવ:</u>** ધર્મ પરિવર્તનના આ દોરમાં કેન્દ્રીય સમાજની સ્થાપના થવી એ ચળવળનો એક મુખ્ય પડાવ સાબિત થયો. ગામેગામ છૂટાછવાયા અને લઘુમતીમાં રહેતા સનાતનીઓ ઉપર સતપંથના કાકા, મુખીઓ, ગેઢેરાઓ વગેરે દ્વારા કરવામાં આવતા અત્યાચારોનો સામનો કરનાર સનાતનીઓનું સંગઠન ઊભું થયું. સ્વાભાવિક છે કે આવા સંગઠનના કારણે એમને બળ મળ્યું, હિંમત મળી અને શક્તિ પણ મળી.

અહીંથી, સનાતનીઓની પોતાની અલગ જ્ઞાતિ શરૂ થઈ. પીરાણા સતપંથથી જુદા પડ્યા બાદ સનાતનીઓ હવે પોતાના નિર્ણયો પોતાના હિસાબે જાહેરમાં લેવા લાગ્યા. સામાજિક રીતે એમની સભાઓ પણ અલગ-અલગ થવા લાગી. પીરાણા સતપંથના નીતિનિયમો અને આદેશોનું પાલન કરવું એમના પર બંધનકર્તા ન રહ્યું. પીરાણા સતપંથવાળાઓએ પણ માની લીધું કે અમારો હુકમ હવે સનાતનીઓ ઉપર નહીં ચાલે, કારણ કે હવે સનાતનીઓની જ્ઞાતિ જુદી છે. માટે સનાતનીઓની કેન્દ્ર સમાજની સ્થપના થવાથી સનાતનીઓની અલગ જ્ઞાતિનો જન્મ થયો.

સનાતન ધર્મનો પ્રચાર અને ગામેગામ ભગવાન લક્ષ્મીનારાયણના મંદિરો ઊભા કરવાની ચળવળ આ સંસ્થાએ સુપેરે ઉપાડી લીધી અને ખૂબ સારી રીતે આગળ પણ ધપાવી. કેન્દ્રીય સમાજ બનવાથી સનાતન ધર્મ પ્રચારના કામને જબરદસ્ત વેગ મળ્યો.

સનાતન સમાજની ટીમમાં ઘણાં મહાન સુધારકો પણ જોડાયા. બધાના નામો અહીં લઈ નહીં શકાય, પણ અમુક મહત્વના વડીલોના નામો નીચે આપેલ છે.

1) ભીમજી કેશરા લીંબાણી – કોટડા જડોદર
2) પરબત લખુ પોકાર – મથલ
3) રાજારામ શામજી ધોળુ – માનકુવા
4) ખીમજી નાગજી લીંબાણી – મથલ (માસ્તર)
5) શિવદાસ કાનજી નાકરાણી – વિરાણી મોટી
6) કરસનભાઈ ઉકેડા રૂડાણી – દેશલપર વાંઢાય
7) માવજી પૂંજા જબુવાણી – નખત્રાણા
8) નારાયણ શિવજી નાકરાણી – વિરાણી મોટી

જે લોકોના નામો અહીં નથી લેવામાં આવ્યા એમનું યોગદાન જરા પણ ઓછું ગણશો નહીં. માત્ર જગ્યા અને સમયની મર્યાદાને ધ્યાનમાં રાખીને ઉપરના નામો લેવામાં આવ્યા છે. ભૂલથી કદાચ કોઈ મહત્વના વડીલનું નામ છૂટી ગયું હોય, તો તેના માટે ક્ષમા કરશો, એવી નમ્ર વિનંતી.

**150.22. <u>જ્ઞાતિ માટે નિયમો – સંત ઓધવરામ:</u>** સંત લાલરામજી મહારાજની ઈચ્છા હતી કે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ, શુદ્ધ સનાતન હિન્દુ ધર્મ પાળનારી અવશ્ય થવી જોઈએ. તે માટે ઉત્તમ માર્ગદર્શક કોઈ પણ એક ગ્રંથ અવશ્ય તૈયાર થવો જોઈએ.

પોતાના ગુરુની ઈચ્છા પૂર્ણ કરવા સંત ઓધવરામ મહારાજે દિનાંક 22-Nov-1942ના સ્વયં ઈશ્વર વિહારી વિલાસ ભાગ 2 પુસ્તકની રચના કરી [121:Page 341 onwards]. એ પુસ્તકના પેજ 355 માં "કડવા પાટીદાર ભાઈઓને પાળવા યોગ્ય નિયમો" બતાવેલા છે. મુસલમાન આચરણો અને રીતરિવાજોથી જ્ઞાતિને મુક્ત કરવા આ નિયમો સંત ઓધવરામ મહારાજે જ્ઞાતિને આપેલા છે. એમાં ચોરી બાંધીને પરણવું, પાવળ ન પીવું, અગ્નિ સંસ્કાર કરવો, વગેરે કૂલ 23 નિયમો આપેલ છે.

**આમાં છેલ્લો નિયમ કહે છે કે સતપંથીઓ સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ રાખવો નહીં અને તેઓનો ત્યાગ કરવો.** ત્યાર બાદ દૈનિક ક્રિયા (એક પ્રકારની શિક્ષા પત્રી) આપેલ છે. જેમાં 16 સંસ્કારોની વાત પણ લખેલ છે.

મુસલમાન આચરણોથી જ્ઞાતિને કેવી રીતે છોડાવવી એનો રસ્તો આ પુસ્તકમાં બતાવેલ છે.

**150.23. <u>જ્ઞાતિના રીતરિવાજો - બોરડીટીંબા:</u>** જ્ઞાતિ સુધારનું કામ કંપા વિસ્તારમાં પણ જોરથી ચાલી રહ્યું હતું. બોરડીટીંબા, મોતીસરી (મોતિશ્રી) કંપા વગેરે ખૂબ જાગૃત થઈ ગયા હતા. સંત દયાલરામજી મહારાજ દ્વારા કંપા વિસ્તારમાં પ્રચારનું કામ ખૂબ જોરમાં ચાલી રહ્યું હતું. વિક્રમ સંવત (VSAK) 2000 માગસર વદ 5, દિનાંક 16-Dec-1943ના પ્રકાશિત "બોરડી ટીંબા વિજય મંડળ કડવા પાટીદાર જ્ઞાતિ સંમેલન અને બંધારણ" [83] [6:Page 413] નામનો અહેવાલ ખૂબ સારી જાણકારી

આપે છે. ગામ રામપુરા કંપા મધ્યે દિનાંક 26-Nov-1943ના સુધારક ભાઈઓની જાહેર સભા ભરવામાં આવી હતી. એ સભામાં ધારાધોરણ અને જ્ઞાતિના રીતરિવાજો ઘડવામાં આવ્યા. અને આગળની કાર્યવાહી એમના કેંદ્રસ્થાન બોરડીટીંબામાં સભા બોલાવીને કરવી એવું નક્કી કરવામાં આવ્યું.

દિનાંક 15 થી 18-Dec-1943ના બોરડીટીંબા ખાતે બોલાવેલી સભામાં સર્વાનુમતે જ્ઞાતિના રીતરિવાજો પાસ કરવામાં આવ્યા (જુઓ રિપોર્ટનો પેજ 10). એ રિપોર્ટના પેજ 4માં જણાવેલ છે કે સંત ઓધવરામ મહારાજની ભલામણ પ્રમાણે **સતપંથીઓ સાથે ખાવાપીવાનો વ્યવહાર સદંતર બંધ કરવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો** (જુઓ રિપોર્ટ પેજ 13).

જ્ઞાતિ રીતરિવાજોના ઠરાવો સર્વાનુમતે પસાર થયા એ જોઈને મૂળ મથલ ગામના, મોતીસરી કંપાવાળા શ્રી હરિભાઇ કરમશી ભાવાણીનું હૃદય પ્રફુલ્લિત થયું. એમનો નિશ્ચય હતો કે જો આ બધું નિર્વિઘ્ને પાર પડે તો કચ્છમાં કુળદેવી ઉમિયા માતાજીનું મંદિર બાંધવામાં આવે ત્યારે રૂ.1,001/- આપીશ. તેમનો આ નિશ્ચય, ઉમિયા માતાજી વાંઢાયનું મંદિર ઊભું કરવામાં, કારણભૂત બન્યો.

**150.24.** **<u>વાંઢાય ખાતે ઉમિયા માતાજીના મંદિરનું નિર્માણ:</u>** ઉપર જણાવ્યા પ્રમાણે મોતીસરી કંપાના શ્રી હરિભાઇ કરમશી ભાવાણીના હૃદયની ઈચ્છા પ્રમાણે સંત ઓધવરામ મહારાજની આજ્ઞાથી ઓધવ આશ્રમની અંદર ઉમિયા માતાજીનું મંદિર બાંધવાનું નક્કી કરવામાં આવ્યું. પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનો વિસ્તૃત (પૂરો) અહેવાલ “શ્રી કડવા પાટીદાર કુળ વર્ધિની શ્રી ઉમિયા દેવીની પ્રતિષ્ઠા મહોત્સવનો ટૂંક અહેવાલ” [93] [6:Page 436] નામની વર્ષ 1945માં પ્રકાશિત કરવામાં આવેલ છે. આ પ્રસંગનો “ટૂંકો” અહેવાલ વર્ષ 2010માં પ્રકાશિત “ઉમિયા માતાજી સંસ્થાન વાંઢાય સ્મૃતિગ્રંથ” [145:Page 66] માં પણ આપેલ છે, પણ એ ટૂંકમાં છે.

મંદિર ભલે આશ્રમમાં ઊભું થયું, પણ મહોત્સવમાં કંપા તેમજ કચ્છના તમામ વિસ્તારના લોકોનો ભરપૂર સહયોગ મળ્યો. કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજે આગળ પડતો ભાગ ભજવ્યો. અહેવાલના પેજ 6માં સભાનું વર્ણન કરતા જણાવ્યું છે કે તમામ જનસમુદાય “શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ”ની સભા રૂપે એકત્ર થયો હતો.

આ મોહિમના દૃષ્ટિકોણથી અહીં જાણવા જેવું એ છે કે સનાતની સમાજના મુખ્ય આગેવાનોએ મહારાજ ઓધવરામના સાનિધ્યમાં મંદિરનું ખાત મુહૂર્ત કર્યું [93:Page 4] [6:Page 440]. મંદિરની ધ્વજા આરોપણ અને મૂર્તિ-પ્રાણપ્રતિષ્ઠા જેવી માંગલિક ક્રિયાઓ શ્રી રતનશી ખીમજીના હસ્તે થઈ [93:Page 14] [6:Page 447].

કચ્છના કડવા પાટીદારોનો ઇતિહાસ [4] પુસ્તકના પેજ 198માં “ઉમિયા માતાજી મંદિર – વાંઢાય” નામનો લેખ છે. જેમાં પેજ 199માં જણાવેલ છે કે વાંઢાય મંદિરના ઉદ્ઘાટનના આગલા દિવસે કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજની એક સભા શ્રી હરિભાઇ કરમશી ભાવાણીના

અધ્યક્ષ સ્થાને મળી હતી અને એનું સંચાલન સેક્રેટરી નથુભાઈ નાનજી કેશરાણીએ કર્યું હતું. એ પ્રસંગે યોજાયેલ સનાતની સમાજની બીજી સભાના અધ્યક્ષ સ્થાને પરબત લખુ પોકાર હતા. ઉદ્ઘાટન પ્રસંગે યોજાયેલ કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજની સભાના પ્રમુખ શ્રી રતનશી ખીમજી ખેતાણી હતા. જેના પરથી કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજના યોગદાનનો ખ્યાલ આવે છે.

આ કાર્યક્રમમાં પીરાણા સતપંથ ધર્મનો ત્યાગ કરી સનાતન ધર્મ અપનાવવા માટે ઘણા ઉપદેશો આપવામાં આવ્યા. તે ઉપરાંત શાળાઓ ઊભી કરવા પર પણ જોર દેવામાં આવ્યું કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે સંત ઓધવરામ, સંત દયાલરામ, હરિભાઇ કરમશી, રતનશી ખીમજી, પરબત લખુ, નથુ નાનજી વગેરે સુધારકો હતા.

**150.25.** **<u>વાંઢાય મંદિરની અસર:</u>** સેંકડો વર્ષોથી મુસલમાન ધર્મ પાળી જ્ઞાતિ પોતાનું મૂળ કુળ અને એની ઉત્પત્તિની કથા વગેરે બધુંજ ભૂલી ગઈ હતી. સદ્ભાગ્યે નારાયણ રામજીના દોરમાં ઉમિયા માતાજી ઊંઝા સંસ્થા સાથે જોડાયેલા પુરુષોત્તમ લલ્લુભાઇ પરીખ દ્વારા લેખિત "કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઇતિહાસ" [106] [105] પુસ્તકમાં પ્રમાણ સાથે જણાવવામાં આવ્યું કે છે કણબીઓ "ક્ષત્રિય" કુળના છે અને એમની મૂળ જ્ઞાતિ કડવા પાટીદાર જ્ઞાતિ છે. આ વિષેનો સાર આ પુસ્તકના "મૂળ - ઊંઝા અને ગુજરાત વિસ્તાર" પ્રકરણ પણ જોઇ શકો છો.

વાંઢાયનું મંદિર ઊભું થવાથી મુમનાની ઓળખ ભૂસવવામાં બહુ મદદ મળી. અન્ય હિન્દુ જ્ઞાતિઓ કણબીઓને હિન્દુ તરીકે ઓળખવા લાગ્યા તેમજ સામાજિક અને ધાર્મિક રીતે ઊંઝા સ્થિત ઉમિયા માતાજી સાથે જોડાણ થયું.

**150.26.** **<u>વાંઢાય મંદિરનો વહીવટ, કચ્છ કડવા પાટીદાર સમાજ કરે, એવી સંત ઓધવરામ મહારાજની ઈચ્છા:</u>** દિનાંક 05-Jul-1947ના સંત ઓધવરામ મહારાજના આમંત્રણથી ઉમિયા માતાજીના કમ્પાઉન્ડમાં શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજની એક મિટિંગ બોલાવવામાં આવી હતી. એ સભાના પ્રમુખ રાજારામ શામજી ધોળુ માનકુવા વાળા હતા.

સંત ઓધવરામ મહારાજે રજૂઆત કરી હતી કે વાંઢાયમાં ચાલતી સંસ્થા શ્રી કચ્છ કડવા પાટીદારની સત્તા હેઠળ ચાલે. આ વિષય ઉપર બહુજ લાંબી ચર્ચા થઈ. છેલ્લે સુધારક વડીલ શ્રી માવજી ધનજીએ ઠરાવ રજૂ કર્યો, જે પાસ કરવામાં આવ્યો કે;

"આજ રોજે મળેલ શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ ઠરાવે છે કે શ્રી કચ્છ વાંઢાય ઈશ્વર નગર ખાતે શરૂ કરેલ બોર્ડિંગના મકાનો, તેમજ માતાજીના મંદિરના તમામ કમ્પાઉન્ડ પાટીદાર સમાજને પૂજ્ય મહારાજશ્રી ઓધવરામજી સોંપે છે. અને તેનું ટ્રસ્ટ ડીડ કરી રજિસ્ટર કરી આપવા તૈયાર છે. તે રીતે આ બોર્ડિંગ તથા માતાજીના મંદિરને નિભાવવા પાટીદાર સમાજે કબજો લેવા આજની સભા ઠરાવે છે. અને તે એ રીતે કે આ વાત ભાદરવા સુદ 9 ને મંગળવાર 23-Sep-1947ના રોજે, તારીખ નીમી, પ્રચાર કરી, જનરલ મિટિંગ આખા કચ્છના તમામ ગામોથી તથા પરદેશથી બોલાવી, તેમાં

નક્કી થતાં સુધી, હાલે જે રીતે ચાલે છે, તે રીતે વ્યવસ્થા ચલાવવી. અને સંપૂર્ણ પણે સ્વીકાર, તે વખતે કરવો એવું ઠરાવે છે. અને એ દરમિયાન 2.5 માસ સુધી પ્રચાર કાર્ય માટે નીચે મુજબની યોજના ઘડવામાં આવી છે. જે નીચે લખ્યા તાલુકાવાર પ્રચારકોએ, આવતા નક્કી કરેલ, સંમેલનમાં હાજરી આપવા તથા તેમનો દરેક ગામવાળા ભાઈઓનો સહકાર છે જેની યોજના ઘડવા નીચે જણાવેલ ભાઈઓની એક કાર્ય વાહક કમિટી નીમવામાં આવે છે."

ત્યાર બાદ, તે પ્રમાણે, ખેડોઇ, દેશલપર, કંઠી, નખત્રાણા, લખપત અને ગુજરાત વિસ્તારના ભાઈઓની નામાવલી છે અને શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજની હેડઓફિસ વતીથી પણ અમુક વિશેષ નામોનો પણ સમાવેશ છે.

પણ, આપણે સમજી શકીએ છીએ કે આ ઠરાવ પછી ભારત દેશ સ્વતંત્ર થયો એટલે દેશના ભાગલા થવાના કારણે, કરાચીમાં વસતા ભાઈઓનું ભારતમાં સ્થળાંતર થવાથી જ્ઞાતિ થોડા દિવસો માટે અસ્તવ્યસ્ત થઇ ગઈ હશે. એટલે ઉપરોક્ત કાર્યવાહી તે સમયે પૂરી થઇ ન શકી.

ત્યાર બાદ દિનાંક 15-Apr-1962ના કેન્દ્રીય સમાજની કારોબારી સભામાં મોતીસરી કંપા તથા ડાયાભાઇ હરિભાઇ (મથલ) તથા બદામકંપાના વેલજીભાઇ વાલજીભાઇ (વિરાણી) વાળાએ રજૂઆત કરી, જેના વિષે મિનિટ્સમાં આ પ્રમાણે નોંધ દેખાય છે, કે;

"વાંઢાયમાં શ્રી ઉમિયા માતાજીના મંદિરની વ્યવસ્થા માટે તથા ટ્રસ્ટ એકટ ધારામાં રજિસ્ટર કરાવવું કે નહીં, અને તેથી વ્યવસ્થા માટે ટ્રસ્ટ તથા કારોબારી વગેરે નિમવા બાબત ચર્ચા વિચારણા કરવા બાબત રજૂઆત થઈ. તો આ બાબતની ચર્ચા સામાન્ય સભામાં રજૂઆત કરવી એવું સર્વાનુમતે નિર્ણય કરવામાં આવેલ"

ત્યાર બાદ, ઓધવરામ બાપાની અધૂરી રહેલી ઈચ્છા વર્ષ 1964માં સંત શાંતિરામજી મહારાજે પૂરી કરી. જેના વિષે આ પુસ્તકમાં આગળ જણાવેલ લેખમાં વધુ માહિતી આપેલ છે.

**150.27.** <u>**જ્ઞાતિના રીતરિવાજો:**</u> સેંકડો વર્ષોથી જ્ઞાતિ મુસલમાન રીત-રિવાજો અને પરંપરાઓ પાળતી આવતી હતી. સનાતનમાં આવ્યા બાદ કયા રીતરિવાજો અને પરંપરાઓ પાળવી? એ એક મોટો પ્રશ્ન હતો. જ્ઞાતિમાં સમાન રીતરિવાજો અને પરંપરાઓ હોવી ખૂબ જરૂરી હતું, જેથી કરીને જ્ઞાતિ એક તાંતણે બંધાય તેમજ જ્ઞાતિમાં એકવાયકતા આવે. જેનાથી જ્ઞાતિ અકબંધ રહે અને તૂટે નહીં.

અગાઉ પોઈન્ટ (150.23)માં જણાવ્યા પ્રમાણે બોરડીટીંબામાં પસાર થયેલ જ્ઞાતિ રીતરિવાજો જેવાજ રીતરિવાજો કચ્છમાં પસાર થયા. આ માટે વાંઢાય ખાતે દિનાંક 01-Oct-1944ના કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજ દ્વારા એક વિશેષ સભા બોલાવવામાં આવી હતી, જેમાં આ રીતરિવાજો પસાર કરવામાં આવ્યા.

અંધશ્રદ્ધા, વહેમ, કુરિવાજ, કુપ્રથા, ધર્માંધતાને જ્ઞાતિમાંથી સદાય માટે દૂર કરવા તેમજ જ્ઞાતિ સદાય સનાતન ધર્મ સાથે વળગી રહે, તે માટે જ્ઞાતિ રીતરિવાજો ખૂબ મહત્વના નીવડ્યા.

**150.28.** **<u>ગામેગામ પ્રચારના અમુક દાખલાઓ:</u>** જ્ઞાતિના રીતરિવાજો તૈયાર કરીને કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના આગેવાનોએ કચ્છના દરેક પાંચાડાના મુખ્ય ગામોમાં જઈને ખૂબ પ્રચાર પ્રસાર કર્યો. આ પ્રવાસનો સવિસ્તાર અહેવાલ તમે "કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજ – જ્ઞાતિના ધારાધોરણ અને રિપોર્ટ"ના [72:Page 20 to 30] પેજ 20 થી 30 સુધીમાં અને અભિલેખ 2023ના [6:Page 491 to 500]પેજ 491 થી 500 સુધીમાં વાંચી શકો છો. આ તો પ્રકાશિત અહેવાલ છે, પણ આવા કેટલાય અપ્રકાશિત પ્રવાસો સનાતની વડીલોએ કર્યા હશે, જેની આજે આપણી પાસે નોંધ નથી. વડીલોએ કેવી તકલીફો જોઈ છે એનો અંદાજ લેવા માટે આ રિપોર્ટ જરૂર એક વખત વાંચજો.

**150.29.** **<u>લક્ષ્મીનારાયણ મંદિરના પ્રચાર:</u>** આવીજ રીતે વડીલો લક્ષ્મીનારાયણ મંદિરના પ્રચાર માટે પણ ખૂબ પ્રવાસ ખેડતા. જે ગામમાં જતા, ત્યાં સભાઓ કરતા અને લોકોને પ્રોત્સાહિત કરતા. એ સભાઓમાં સતપંથીઓ દ્વારા મંદિરોને રોકવા માટે કેવા-કેવા પ્રયત્નો થતા, તેમ છતાં દુનિયા ભરના દબાણો અને અત્યાચારો સહન કરીને પણ સનાતનીઓ અડીખમ રહ્યા અને ભગવાન લક્ષ્મીનારાયણના મંદિરો ઊભા કરતા રહ્યા એનો ખૂબ ગૌરવવંતો ઇતિહાસ છે. અમુક ગામોમાં આવા પ્રચાર કાર્યના પ્રવાસના અહેવાલો વાંચવા જેવા છે. જે "અભિલેખ 2023" [6] પુસ્તકમાં સામેલ કરવામાં આવેલ છે. જેવા કે;

1) બોરડીટીંબા લક્ષ્મીનારાયણ મંદિર [6:Page 321] દી. 26-Aug-1928
2) નખત્રાણા નવાવાસ લક્ષ્મીનારાયણ મંદિર [70] [6:Page 325] દી. 20-May-1937
3) ખેડોઇ લક્ષ્મીનારાયણ મંદિર [65] [6:Page 543] દી. 18-Dec-1945
4) ખોંભડી લક્ષ્મીનારાયણ મંદિર [66] [6:Page 553] દી. 16-May-1946
5) ઉખેડા લક્ષ્મીનારાયણ મંદિર [67] [6:Page 571] દી. 23-May-1946

**150.30.** **<u>કોર્ટ કેસો:</u>** જે-જે ગામમાં લક્ષ્મીનારાયણ મંદિર ઊભા થતા, એ ગામમાં તો ખાસ, પણ જે-જે ગામમાં સનાતની ચળવળ ચાલતી એ ગામમાં પણ, વ્યક્તિગત કે અન્ય કોઇ રીતે સનાતની ચળવળને નબળી પાડવા અનેક કોર્ટ કેસો અને પોલીસ ફરિયાદો કરવામાં આવતી હતી. દરેક ગામના વડીલો પાસે કોર્ટ કેસો અને પોલીસ ફરિયાદોના માધ્યમથી કરવામાં આવતી કનડગતના અનેકો કિસ્સાઓ તમને જરૂર જાણવા મળશે. આવા કેસોથી નાસીપાસ ન થઇ, સનાતનીઓએ પોતાનો વિજય ડંકો વગાડ્યો છે.

**150.31. <u>સગપણો તોડવાના કિસ્સાઓ ફરીથી શરૂ થયા:</u>** સતપંથીઓ અને સનાતનીઓ વચ્ચે સગપણ બાબતે કોઈએ અટકાવવું નહીં એવો દિનાંક 27-Jun-1912ના કરાર થયેલ હતો. વધુ જાણકારી માટે જુઓ પોઈન્ટ (144.10). આ કરારનો પહેલો ભંગ સતપંથીઓ એ કરેલ અને તે અંગે વિગતવાર ચર્ચા દિનાંક 19-Nov-1945ના કચ્છ કડવા પાટીદાર સમાજની કારોબારી સભાની મિનિટ્સમાં જોવા મળે છે. રસલિયાના સનાતની છોકરાંના સગપણ તોડવાની પહેલ સતપંથીઓએ કરેલ હોવાથી લાંબી ચર્ચાઓના અંતે સમાજ રસલિયાના ભાઈઓના પડખે ઊભો રહ્યો.

**150.32. <u>વર્ષ 1947માં નવા પ્રમુખ:</u>** ભારત દેશ સ્વતંત્ર બન્યો એનાથી થોડાજ દિવસો પહેલાં સમાજના રેકોર્ડ બતાવે છે કે દિનાંક 05-Jul-1947ના કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજના પ્રમુખ તરીકે ભીમજી કેશરા લીંબાણી – કોટડા જડોદર વાળાએ જવાબદારી સંભાળી અને મંત્રી તરીકે નથુ નાનજી કેશરાણી હોદ્દા પર ચાલુ રહ્યા.

સ્વતંત્રતા પછી પ્રચાર કામ થોડું ઢીલું પડ્યું હોય એવું દેખાય છે. 1947 પછી સીધું 1951ની નોંધ દેખાય છે. એનું સ્વાભાવિક કારણ એ હોઈ શકે કે, કરાચીમાં જ્ઞાતિનો જે બહુ મોટો વર્ગ રહેતો હતો, તે વર્ગને દેશના વિભાજન પછી ભારતના અન્ય પ્રાંતોમાં સ્થાઈ થવા માટે સમય લાગ્યો હશે..

સનાતન સમાજના આ બધા રેકોર્ડ ભીમજી કેશરાના ઘરમાંથી મળી આવેલા હોવાથી ખ્યાલ આવે છે કે સમાજની ઓફિસ નખત્રાણાથી બદલીને ભીમજી કેશરાના ઘરે આવી ગઈ હશે. હાલ જે કંઈ દસ્તાવેજો ઉપલબ્ધ છે, એ દસ્તાવેજોને કોટડા જડોદર સમાજે વ્યવસ્થિત રીતે સાચવી રાખેલ છે, જે આનંદની વાત છે.

**150.33. <u>વાંઢાયમાં પહેલી નાની બોર્ડિંગ:</u>** વાંઢાયમાં ક. ક. પા. જ્ઞાતિના બાળકો માટે અતિ નાના પાયા પર, પરંતુ સર્વ પ્રથમ એવી બોર્ડિંગની સ્થાપના કરી. ત્યાર બાદ ગુજરાતમાં વસતા જ્ઞાતિના ભાઈઓએ ધનસુરા મુકામે મોટા પાયા ઉપર બોર્ડિંગની સ્થાપના કરી [71:Page 21].

**150.34. <u>હીરાપુર કંપા અધિવેશન અને ધનસુરામાં પહેલી મોટી બોર્ડિંગ (હોસ્ટલ):</u>** દિનાંક 15-Apr-1954ના હીરાપુર કંપામાં એક અધિવેશન [60] [6:Page 592] ભરવામાં આવ્યું. એ અધિવેશનમાં સંત ઓધવરામ મહારાજ, રતનશી ખીમજી, શિવદાસ કાનજી, નથુ નાનજી જેવા જ્ઞાતિ સુધારકો પણ હજાર રહ્યા હતા.

આ આધિવેશનમાં 2 મુખ્ય બાબતો પર નિર્ણય લેવામાં આવ્યો;

1. ગુજરાતમાં કોઈ મધ્ય સ્થાને પાટીદાર સમાજની બોર્ડિંગ (હોસ્ટેલ) બનાવવી.
2. કચ્છમાં સમસ્ત જ્ઞાતિનું અધિવેશન ભરવું.

આ અધિવેશનમાં સ્વયં હાજર રહેલ વડીલ શ્રી બેચરભાઈ મૂળજીભાઈ ભાવાણી (મોતીસરી કંપાવાળા, ધનસુરા સમાજના 27 વર્ષ સુધી પૂર્વ મંત્રી અને 3 વર્ષ માટે પ્રમુખ) એ અધિવેશન વિષે

એક સરસ જાણકારી આપી, જે પ્રકાશિત અહેવાલમાં નથી. એમણે જણાવ્યું કે; અધિવેશનમાં ચર્ચા થઈ કે.. બાળકોને ભણવા માટે શાળાઓ તો છે, પણ રહેવા માટે વ્યવસ્થા નથી. તેથી વિદ્યાર્થીઓ માટે બોર્ડીંગ (હોસ્ટેલ)ની જરૂરત છે. માટે નક્કી થયું કે બોર્ડીંગ બનાવવી. એટલે **સંત ઓધવરામ મહારાજ એક પગે ઊભા રહ્યા** અને કહ્યું જ્યાં સુધી ઓછામાં ઓછા રૂ. 60,000/- જેટલા ભેગા નહીં થાય, ત્યાં સુધી હું બેસવાનો નથી. લોકોએ પોતપોતાની શક્તિ પ્રમાણે ફાળો નોંધાવ્યો. અને જોત જોતાંમાં રૂ.60,175/- જેટલો ફાળો નોંધાઇ ગયો.

## 151. ધર્મ પરિવર્તન અભિયાનની સફળતાના મુખ્ય મુદ્દાઓ:

**151.1. સકારાત્મક કાર્યશૈલી:** રતનશી ખીમજીની ટીમે સકારાત્મક કાર્યશૈલી અપનાવી. આ ટીમને ઉતારી પાડવા અથવા મોહિમને બદનામ કરતા, નકારાત્મક પ્રચારો થયા, પણ તેમ છતાં આ ટીમે આવી નકારાત્મક વાતોનો જવાબ પોતાના સકારાત્મક કાર્યોથી આપ્યો છે. આના કારણે આ મોહિમ ખોટા-બિનજરૂરી વિવાદમાં પડ્યા વગર પોતાના કામમાં લાગી રહી, જેથી એને સફળતા મળી.

**151.2. કઠોર મહેનત:** જ્ઞાતિ સુધારનું કામ કરવું કાંઇ સહેલું નથી. સુઝાવો કોઇ પણ આપી શકે છે. પણ એ સુઝાવોનો અમલ કરવો એ વિશાળ હિમાલય પર્વત સમાન, દુનિયા ભરની મુશ્કેલીઓનો સામનો કરવા જેવું છે. કેટલાય માન-અપમાન સહન કરવા પડે. મોટું આર્થિક યોગદાન પણ આપવું પડે. ટૂંકમાં ખૂબ જ કડી અને લાંબા ગાળાની મહેનત કરવી પડે. આ મોહિમના આગેવાનોએ મોહિમને સફળ બનાવવા માટે કડી મહેનત કરી છે, એ સ્પષ્ટ છે.

**151.3. સુધારાની મશાલ જલતી રાખી:** નારાયણ રામજીની મોહિમ ઢીલી પડી ગયા પછી, ડર હતો કે હવે લોકો પાસે પીરાણા સતપંથમાં પાછા વળવા સિવાય કોઇ રસ્તો નથી. તે સમયે સંત ઓધવરામ મહારાજ અને રતનશી ખીમજીની જોડી એ કમાલ કરીને જ્ઞાતિને, ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ઇષ્ટદેવ તરીકે આપીને, સનાતન ચળવળ આગળ ધપાવી.

**151.4. ટીમ વર્ક:** ભલે શરૂઆતમાં રતનશી ખીમજી અને સંત ઓધવરામ મહારાજ એકલા હતા. પણ એમણે ધીરે ધીરે પોતાની ટીમ ઊભી કરી. એમાં બધાજ પ્રકારના લોકો સામેલ હતા. નથુ નાનજી, રાજારામ શામજી, પરબત લખુ, ખીમજી માસ્તર, ભીમજી કેશરા, શિવદાસ કાનજી, માવજી ધનજી વગેરે ખૂબ બુદ્ધિશાળી, પ્રભાવશાળી અને શક્તિશાળી વ્યક્તિત્વો જોડાવાથી આ મોહિમ દીપી ઉઠી.

**151.5. જટિલ શરતો નહોતી:** જે સતપંથીઓને સનાતની બનવું હોય, એમને આ મોહિમ વખતે કોઇ જટિલ ક્રિયાઓ કે વિધિઓ કરવાની જરૂરત નહોતી. કોઇ વિશેષ શરત નહોતી. શરત માત્ર એટલી હતી કે સતપંથને સંપૂર્ણ રીતે તિલાંજલી આપીને શુદ્ધ નિષ્ઠા સાથે સાચા હૃદયથી સનાતન ધર્મને સ્વીકારો.

**151.6. <u>વ્યવહારુ ધર્મ-પદ્ધતિ:</u>** જ્ઞાતિને ઇષ્ટદેવ તરીકે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ આપીને ધર્મની એક એવી પદ્ધતિ આપી કે જે લોકો સમજી શકે અને સહેલાઇથી પાળી પણ શકે. ધર્મ અને આધ્યાત્મના માર્ગ ઉપર પહેલું પગથિયું ભરનાર માણસથી લઇને છેલ્લે પરમાત્મા સુધીની યાત્રામાં બધાજ પ્રકારના લોકો માટે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની પરંપરામાં જોઇતું બધુંજ છે.

જો તમને સંસ્કૃતના કઠિન શ્લોકો આવડે તોય ભલે અને ન આવડે તોય ભલે. બધાનું સ્વાગત છે. યજ્ઞ અને કર્મકાંડ કરવો હોય તો પણ અવકાશ છે અને સવાર સાંજ દીવા બત્તી કરવી પણ સર્વોત્તમ છે.

વિધર્મના રાહે ચડી ગયેલી જ્ઞાતિ જ્યારે પાછી સનાતન ધર્મના રાહ પર આવી, ત્યારે તેમની મુશ્કેલીઓ અને જરૂરતોનો બરાબર અભ્યાસ કરીને તેમના આધ્યાત્મિક, સામાજિક, ધાર્મિક એમ સર્વાંગી ઉદ્ધારનો માર્ગ અપનાવ્યો, જેથી જોડાયલા લોકોને આ પરંપરામાં પોતીકું લાગ્યું.

**151.7. <u>ખોટા અભિમાનથી દૂર રહેવું:</u>** સુધારક વડીલો હમેશાં એક ભલામણ કરતા કે તમે મિથ્યાભિમાનથી દૂર રહેજો. અમે સુધરેલા છીએ, અમે કહીએ એજ બરાબર, એજ સાચું, અમે તમારાથી ઉચ્ચ (superior) છીએ, તમે નીચલા (inferior) માણસો, આવો ભાવ પોતાની વાણી અને વર્તનમાં ન આવે, એનું ખાસ ધ્યાન રાખજો. ખોટા અભિમાનથી દૂર રહેવાના કારણે સુધારક ભાઈઓ પ્રત્યે લોકોમાં દ્વેષ નિર્માણ ન થયો અને ઊલટો એમને આદર ભાવ નિર્માણ થયો.

**151.8. <u>ઢીલાશની સાથે મક્કમતા:</u>** જરૂરિયાત પ્રમાણે, સંજોગો અને પરિસ્થિતિ અનુસાર લચીલા[117] નિયમો અપનાવેલ હતા. પણ તેની સાથે મક્કમતા પણ અપનાવેલ હતી. અમુક બાબતોમાં કોઈ ઢીલાશ નહોતી. જેમ કે સતપંથીઓ સાથે કોઇ પણ વ્યવહાર રાખવા પર (ખાવાપીવા સહિત) મનાઈ હતી.

**151.9. <u>જ્ઞાતિના અસ્તિત્વના પાયામાં સર્વાંગી બાબતો:</u>** કોઈ પણ નવી જ્ઞાતિ ઊભી થતી હોય, ત્યારે એને ઘણી બધી બાબતોમાં નવેસરથી જ્ઞાતિના અસ્તિત્વનો પાયો નાખવો પડતો હોય છે. જેમ કે સમાજ, ધર્મ, શિક્ષણ, પારિવારિક સહયોગ, આર્થિક મદદ વગેરે. આ મોહિમના આગેવાનોએ જ્ઞાતિ મજબૂત પાયે ઊભી થાય એ માટે સર્વાંગી બાબતોનું ધ્યાન રાખીને મોહિમ ચલાવી હતી.

**151.10. <u>લોકોને જોડવામાં સફળતા:</u>** લોકોને મોહિમ સાથે જોડી રાખવામાં સુધારકો સફળ રહ્યા. એના માટે ગામેગામમાં સભાઓ ભરતા, લીધેલ નિર્ણયોની જાહેરમાં ચર્ચા કરતા, કાર્યકર્તાઓમાં ઉત્સાહ ભરતા, સુઝાવો લેતા અને એનો અમલ કરતા. ટૂંકમાં નિર્ણય પ્રક્રિયામાં લોકોને જોડી રાખતા, જેથી નિર્ણયનો સારી રીતે અમલ થતો.

---

**117** લચીલા = flexible

**151.11. <u>આર્થિક પીઠબળ:</u>** કોઇ પણ મોહિમ પૈસા વગર ન ચાલે. રતનશી ખીમજી પૈસાવાળા હતા. સાથે-સાથે મોટા મનના પણ હતા. ખૂબ દાન આપતા. મુંબઈમાં એમનો ધિકતા[118] ધંધાને, સાવ નોકરોના ભરોસે મૂકી, જ્ઞાતિ સેવાના કામ માટે કચ્છમાં વધારે રહેતા. કચ્છમાં ગામેગામ મંદિરો ઊભાં થાય તે માટે જરૂરત હતી ત્યારે મુંબઇની તેમની સ્થાવર મિલકતો વેચીને (ઘાટકોપર પાટીદાર વાડી પાસે 1 મોટો પ્લોટ, માટુંગામાં મેઇન રોડ એક બંગલો અને ખાલસા કોલેજની બરાબર સામે કોર્નર વાળો બંગલો) પણ જ્ઞાતિને આર્થિક બળ પૂરું પાડ્યું. આજે એ મિલકતોની કિંમત હજારો કરોડો રૂપિયામાં થાત. આવી જ રીતે બીજા દાનવીર હતા ભીમજી કેશરા. કલકત્તાના એ બહુ મોટા આસામી કહેવાતા. એમને પણ ખૂબ આર્થિક મદદ કરી હતી.

**151.12. <u>સનાતન બાબતે મક્કમ શ્રદ્ધા:</u>** લોકોમાં સનાતન ધર્મ ઉપર મક્કમ શ્રદ્ધા બેસાડવામાં સફળ થયા. એવી મક્કમ શ્રદ્ધા કે જેને કોઇ હલાવી ન શકે. વિચાર તો કરો કે આજે પીરાણા સતપંથ વાળા પોતાનો સતપંથ ધર્મ સાચો છે એવું પ્રસ્થાપિત કરવા એડીચોટીનું જોર લગાડી રહ્યા હોવા છતાં, સતપંથીઓ સતપંથ ધર્મને છોડીને સનાતનમાં ભળી રહ્યા છે. સનાતન ધર્મ ઉપર શ્રદ્ધા એટલી મક્કમ છે, કે સતપંથ ધર્મ વાળાઓ પણ પોતાને, માત્ર સતપંથી કરતાં, સનાતન-સતપંથી કહેડાવવામાં વધારે ગૌરવ અનુભવે છે. સતપંથીઓના મનમાંથી સનાતન પ્રત્યેનો પ્રેમ, સતપંથના પ્રચારકો કાઢી શકતા નથી, એ મક્કમ સનાતની મોહિમની જ એક અસર કહેવાય.

**151.13. <u>અત્યાચારો સામે નીડરતા:</u>** આ મોહિમની સફળતા પાછળ એક મુખ્ય કારણ એ છે કે સનાતનીઓને નીડર બનાવી દીધા. પીરાણા સતપંથીઓ એમના ઉપર ગમે તેટલા અત્યાચારો કરે તો પણ સનાતનને કોઈ દિવસ છોડવા તૈયાર થાય નહીં. નહિવત અપવાદના રૂપે અગર કોઈ સતપંથમાં ગયો પણ હોય, તો થોડા જ દિવસોમાં જ્યાં સુધી એ પાછો સનાતનમાં ન આવે ત્યાં સુધી એને શાંતિ મળે નહીં. વડીલો પાસેથી સાંભળવામાં આવ્યું અને જૂના દસ્તાવેજોમાં પણ જોવા મળ્યું છે કે સનાતન ધર્મને દબાવવા અનેક પ્રયત્નો થતા, તેમાંથી અમુક સાદા અને સરળ દાખલાઓ છે;

1) સનાતનના બંધાતા મંદિરોને રોકવા માટે હેરાનગતિ કરતા. પાયાના ખાડાઓ પૂરી નાખતા, બાંધકામ તોડી નાખતા, હાડકાં-માંસ જેવા અશુદ્ધ પદાર્થો નાખતા, વગેરે [96].
2) થયેલાં સગપણો અને લગ્નો તોડી નાખતા [85:Page 6].
3) ગામના કૂવા કે તળાવમાંથી પાણી ભરવા આપતા નહીં.
4) સનાતનીઓના ઘરે કોઇનું મૃત્યુ થાય, ત્યારે લાશ ઉપાડવા સતપંથી પરિવારજનો સહયોગ આપતા નહીં, એકલો સનાતની શું કરી શકે.
5) વાડીમાં મજૂરી કામ આપતા નહીં.
6) જ્ઞાતિ બહાર કરી દેતા.
7) ચૂલામાં રસોઈ કરતા ત્યારે ચૂલો લગાડવા જરૂર પડે ત્યારે કોલસાના દેવતા પણ આપતા નહીં.
8) ગામના મોચી, વાળંદ, સુથાર વગેરે ઈતર જ્ઞાતિને પણ સહયોગ ન આપવાનું કહેવામાં આવતું.

---

**118** ધિકતા = flourishing

9) નબળા સનાતની પરિવારને દૂધ, છાસ ન આપતા.
10) લગ્ન કે મરણ જેવા પ્રસંગો વખતે સમાજના સહિયારા વાસણો અને ગાદલાં-ગોદડાં ન આપતા.
11) સતપંથી બાળકોને સનાતની બાળકો સાથે રમવા ન આપતા. સનાતનીઓને અડવાની (સ્પર્શ કરવાની) મનાઈ હતી.
12) સનાતનીઓના મેળાવડાઓ કે જાહેર કાર્યક્રમો થાય તેમાં રસોઈ બગાડવાના પ્રયત્નો થતા. ખાવામાં મીઠું નાખી દે, ભાતમાં રેતી નાખી દે, પાણી બંધ કરી નાખે, વીજળી બંધ કરાવી નાખે, વગેરે. આને પહોંચીવળવા, સનાતની વોલંટિયરની ખાસ ટુકડી રાખવામાં આવતી જે ધ્યાન રાખે કે કોઈ કાર્યક્રમ બગાડી શકે નહીં.

ગમે તેવી તકલીફો કે અડચણો પડે, આપણે સનાતન ધર્મ છોડવાના નથી એ વાત લોકોના મનમાં એવી રીત ઘર કરી દેવામાં સફળતા મળી, કે એ મોહિમની સફળતાનું એક મુખ્ય કારણ બન્યું.

**152. <u>કમીઓ અને ખામીઓ:</u>**

**152.1. <u>શિક્ષણ:</u>** આ મોહિમે શિક્ષણનું કામ હાથમાં લીધું હતું. જ્ઞાતિમાં શિક્ષણનો પાયો સારી રીતે નાખ્યો, પણ આ મુદ્દા ઉપર હજુ ઘણું કામ કરવાનું બાકી રહી ગયું. કચ્છમાં છાત્રાલયોનું પ્લાનિંગ થયું, થોડા પૈસા ભેગા પણ થયા, પણ એ કામ અમલમાં ન લાવી શક્યા.

**152.2. <u>રતનશી ખીમજીની તબિયત બગડી:</u>** લગભગ વર્ષ 1955ના અરસામાં રતનશી ખીમજીની શારીરિક તબિયત બગડી. તેમને સંધિવા (arthritis) થવાથી એમની હિલચાલ ઉપર બહુ મોટી રોક લાગી ગઈ. પછી કાયમ માટે પોતાના મુંબઈ ઘરે રહેવા લાગ્યા અને જ્ઞાતિ સેવાના કામમાં નીરસ થઈ ગયા.

**152.3. <u>સંત ઓધવરામ મહારાજનો સ્વર્ગવાસ:</u>** સંત ઓધવરામ મહારાજનો દિનાંક 13-Jan-1957ના સ્વર્ગવાસ થયો. ત્યાર પછી સંત દયાલદાસ ગાદી પર હતા, પણ જોઈતો પ્રભાવ પાડી ન શક્યા. સંતોનો પ્રભાવ ઓછો થવાના કારણે લોકોમાં જોશ ઓછો થવા લાગ્યો.

સંત ઓધવરામ મહારાજે દિનાંક 22-Oct-1956ના વિલ બનાવીને, સરકારમાં રજિસ્ટર કરીને, પોતાની હયાતીમાં જ હરિદ્વાર ખાતે એમણે ઊભો કરેલ કચ્છી લાલરામેશ્વર આશ્રમનો સંપૂર્ણ માલિકી હક્ક ક. ક. પા. જ્ઞાતિના 6 સનાતની આગેવાનોને આપી દીધેલ હતો [92]. પણ કોઈ કારણ સર એ મિલકત સનાતનીઓ સાચવી ન શક્યા. એવીજ રીતે બદ્રીનાથમાં પણ ઓધવરામ મહારાજની "ઓરડી", મુખ્ય મંદિરના બરાબર સામે છે, જે ધનસુરાના સનાતની આગેવાનોને સુપરત કરી ગયા હતા. એ ઓરડી પણ સનાતનીઓ સાચવી ન શક્યા. જેનું દુઃખ સમસ્ત જ્ઞાતિ જનોને છે.

**152.4. <u>ધાર્મિક કેન્દ્ર:</u>** લોકો સનાતની બન્યા પણ ધર્મની બાબતે એક અવાજ થાય, એક સૂત્રે ધર્મના આદેશો નીકળે. ધર્મની બાબતે સતપંથીઓના અત્યાચારોથી સનાતનીઓની રક્ષા કરવા માટે, એના પડખે

ઊભા રહી આર્થિક, કાયદાકીય, સરકારી એમ પૂરી મદદ કરવા માટે કાયમી વ્યવસ્થા ઊભી નહોતી કરી શક્યા.

**152.5.** **<u>સંયુક્ત સમાજો અને સંસ્થાઓ:</u>** ગામેગામ સનાતનીઓને સંગઠિત કરવા યુવકમંડળો અને સમાજો ઊભા થયા. પણ એ સંસ્થાઓમાં સતપંથીઓને કોઇ કારણસર, ક્યાંક ક્યાંક રાખવામાં આવ્યા. જે આગળ જતાં કર્તાહર્તાઓ માટે માથાંનો દુઃખાવો બન્યા.

**152.6.** **<u>નિયમિત દાન આપવાની પ્રથા ન નાખી:</u>** મોહિમના આગેવાનોએ પોતે અને એમના દાનવીર મિત્ર વર્તુળથી ઘણા પૈસાઓ અપાવ્યા. પણ સનાતનીઓમાં એવી પ્રથા ન દાખલ કરી શક્યા કે દરેક ઘર-ઘરથી લોકો દર વર્ષે નિયમિત રીતે, પોતાની અંગત જવાબદારી સમજીને, યથા શક્તિ દાન આપતા રહે. સનાતન સમાજમાં એટલી છૂટ થઇ ગઇ કે લોકો દાન આપવાની પોતાની ફરજ પણ ભૂલવા લાગ્યા.

**152.7.** **<u>છૂટનો ગેરલાભ:</u>** સનાતનીઓ (જેઓએ દેહ-શુદ્ધિ ન કરાવી હોય) એમની સાથે ખાવા પીવાની છૂટનો ગલત મતલબ કાઢી સતપંથીઓ સાથે ખાવા પીવાની છૂટ છે એવું લોકોએ માની લીધું. જેની મોહિમ પર થોડી ખોટી અસર પણ થઇ.

**152.8.** **<u>વધુ પડતી છૂટછાટ:</u>** પીરાણા સતપંથના દમનકારી અને અત્યાચારી નિયમો અને કાયદાઓથી ત્રાસેલી અને આઝાદી મેળવવા માટે તડપતી જ્ઞાતિને, સનાતન સમાજમાં ખુલ્લી છૂટ મળી અને તેઓ ખૂબ ખુશ થયા. પણ આ આઝાદીએ લોકોને વધુ પડતી છૂટ આપી દીધી. ધર્મ પ્રત્યે લોકો ઉદાસીન થવા લાગ્યા. ધર્મ બાબતે કોઇની પકડ હોવી જરૂરી હોય.

**153.** **<u>ઉપસંહાર / Conclusion:</u>** રતનશી ખીમજી અને સંત ઓધવરામ મહારાજની જોડીએ અકલ્પનીય કામ કર્યું. જ્ઞાતિની અંદર રહીને જ્ઞાતિનું ધર્મ પરિવર્તન કર્યું, જ્ઞાતિને પીરાણા સતપંથથી છોડાવીને સનાતની હિન્દુ બનાવી. એમને કરેલ કાર્યોને ટૂંકમાં જોઇએ તો;

1) **<u>ઇષ્ટદેવ લક્ષ્મીનારાયણ:</u>** ભગવાન શ્રી લક્ષ્મીનારાયણને ઇષ્ટદેવ આપીને હિન્દુ ધર્મના મૂળ સાથે જ્ઞાતિને જોડી.
2) **<u>સમાજ વ્યવસ્થા:</u>** એટલુંજ નહીં સનાતનીઓને સંગઠિત કરવા માટે સમાજ વ્યવસ્થા ઊભી કરી. સનાતનીઓની કેન્દ્રીય સમાજ ઊભી કરી.
3) **<u>પીરાણાની સત્તા તોડી:</u>** સમાજ અને યુવકમંડળ વ્યવસ્થા ઊભી કરીને ગેઢેરાઓની જુલ્મી સત્તા પર અંકુશ લાવ્યા. જેના પરિણામે પીરાણા સતપંથની સત્તા પણ ગઇ.
4) **<u>ક્ષત્રિય કુળની ઓળખ:</u>** ઉમિયા માતાજી વાંઢાયનું મંદિર ઊભું કરાવીને જ્ઞાતિનો ઊંઝાના કડવા પાટીદારો સાથે કાયમી સંપર્ક સેતુ બાંધ્યો. અને પોતાના ક્ષત્રિય કુળની ઓળખ કરાવી. જેથી અન્ય હિન્દુ જ્ઞાતિ એને સહેલાઇથી સ્વીકારી શકે.
5) **<u>શિક્ષણ:</u>** શિક્ષણ ક્ષેત્રે પણ બોર્ડિંગ (હોસ્ટેલ)ની શરૂઆત વાંઢાય અને ધનસુરામાં કરાવી.

6) **<u>આર્થિક ઉન્નતિ:</u>** દશોંદ જેવા ફરજિયાત ધાર્મિક કરો અને લાગાઓથી પાયમાલ જ્ઞાતિને આર્થિક શોષણથી મુક્ત કરાવીને જ્ઞાતિની આર્થિક ઉન્નતિનો રસ્તો મોકળો કર્યો.

7) **<u>જ્ઞાતિ ગૌરવ:</u>** જ્ઞાતિના રીત-રિવાજો લાવીને, લોકોને એક તાંતણે બાંધ્યા. સમાજ વ્યવસ્થા અને પરિવાર, કુટુંબ વ્યવસ્થા મજબૂત કરી. અસ્તવ્યસ્ત રીત-રિવાજોના કારણે, જ્ઞાતિ તૂટીને જ્યાં-ત્યાં ભટકી ન જાય એનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું. લોકોમાં જ્ઞાતિ ગૌરવ ઊભું કર્યું.

8) **<u>કાયમી ધર્મ પરિવર્તન:</u>** ધર્મ પરિવર્તન ટકી રહે એવી વ્યવસ્થા ગોઠવી.

**154. <u>"વિચારધારાના વિનાશના" ક્ષેત્રોમાં ક્યાં ક્યાં સુધારાઓ થયા એ જોઈશું (ટૂંકમાં):</u>**

**154.1. <u>ધર્મ:</u>** જ્ઞાતિનું ધર્મ પરિવર્તન કરાવી પાછા સનાતન હિન્દુ ધર્મ સાથે જ્ઞાતિને જોડવામાં સફળતા મળી. ભલે બધા લોકોએ સતપંથ છોડ્યો નહીં, પણ જે પ્રવાહ શરૂ થયો એ એટલો જબરદસ્ત હતો કે બાકીના લોકોને પણ એક દિવસ જોડાવવું જ પડે એવું થયું.

**154.2. <u>શિક્ષા:</u>** શિક્ષણ ઉપર સારી એવી પ્રગતિ કરવામાં આવી. બોર્ડિંગ (હોસ્ટેલ) શરૂ થઈ અને જ્ઞાતિમાં એવું વાતાવરણ ઊભું થઈ ગયું કે બાળકોને ગમેતેમ કરીને ભણાવો, એના વગર નહીં ચાલે.

**154.3. <u>સામાજિક જીવન:</u>** ધર્મ પરિવર્તન થવાથી સામાજિક જીવનમાં બહુ મોટી અસર દેખાવવા લાગી. ઈમામશાહ અને સતપંથના શાસ્ત્રોને કાઢી નાખવાથી જ્ઞાતિ જનોના સામાજિક વ્યવહારો હિન્દુ જેવા થવા લાગ્યા અને તેમાં ગૌરવ પણ અનુભવવા લાગ્યા. અન્ય હિન્દુ સમાજો પણ કણબીઓને હિન્દુ તરીકે જોવા અને સ્વીકારવા લાગ્યા.

**154.4. <u>સત્તાનું માળખું:</u>** લોકતાંત્રિક પદ્ધતિ યુક્ત સમાજ વ્યવસ્થા દાખલ થવાથી ગેઢેરાઓની કમર તૂટી. જેથી કરીને જ્ઞાતિમાં ગેઢેરાઓની લગભગ સંપૂર્ણ સત્તા જતી રહી. અને લોકોના હાથમાં સત્તા આવી ગઈ.

**154.5. <u>કાયદો અને વ્યવસ્થા:</u>** જેમ ગેઢેરાઓની સત્તા ગઈ, તેમ સમાજના આંતરિક કાયદા અને વ્યવસ્થા પણ સમાજના હાથમાં આવી ગઈ. જેથી કરીને કોઈ પણ વ્યક્તિ પોતાના અંગત સ્વાર્થ માટે સત્તાનો દુરુપયોગ કરી શકતો નહોતો.

**154.6. <u>નેતૃત્વ:</u>** શરૂઆતમાં જ્ઞાતિ સુધારકોના હાથમાં નેતૃત્વ હતું. ધીરે ધીરે નેતૃત્વ સમાજ વ્યવસ્થાના કારણે લોકતાંત્રિક પદ્ધતિથી લોકો પસંદ કરે એવા વ્યક્તિઓના હાથમાં આવ્યું.

**154.7. <u>આર્થિક:</u>** દર વર્ષે પીરાણા મોકલવામાં આવતા દશોંદ અને લાગાઓના પૈસા ઉપર રોક લાગી ગઈ. એટલે સનાતન સમાજનું આર્થિક શોષણ બંધ થઈ ગયું. હવે લોકો પોતાની મરજીથી ફાળાઓ અને દાન ભેગું કરીને સ્વઉન્નતિ માટે એ રકમ વાપરવા લાગ્યા.

**154.8. <u>મીડિયા:</u>** સમાજના આંતરિક મીડિયા આ તબક્કે ખાસ ઊભો થયો નહતો. પણ સંદેશની આપલે અને સમાજના સમાચારોની આપલે સારી પેઠે થવા લાગી હતી. પણ આ ક્ષેત્રે હજી ઘણું કામ બાકી છે.

**154.9. <u>કહેવાતા ઉદ્ધારકો:</u>** સંવત 1832ના ઠરાવોના માધ્યમથી જ્ઞાતિમાં ઉદ્ધારક પ્રસ્થાપિત થયેલ પીરાણાના ગાદીપતિ કાકા અને સૈયદોને સનાતની સમાજમાં સંપૂર્ણ રીતે બહાર કાઢી નાખવામાં આવ્યા હતા.

**154.10. <u>સુધારાઓના ક્ષેત્રો:</u>** રતનશી ખીમજી ખેતાણીની મોહિની સતપંથના પ્રચારકોની “વિચારધારાના વિનાશ”ની મેલી મુરાદ ઉપર કેવી વિપરીત અસર પડી, એ નીચે જણાવેલ ટેબલમાં જોઇશું.

| ફેરફારો ઉપર નજર / Tracking ટેબલ | | | |
|---|---|---|---|
| **Ideological Subversion / વિચારધારા વિનાશ** | **સુધારો* કેશરા** | **સુધારો* NRL** | **સુધારો* RKK** |
| **1. Demoralisation Areas / નિરાશાના ક્ષેત્રો** | પ્રગતિમાં | પ્રગતિમાં | **પૂર્ણ** |
| 1.1. Religion / ધર્મ | વિદ્રોહ | જાગૃતિ | **ધર્મ પરિવર્તન** |
| 1.2. Education / શિક્ષા – કેળવણી | -- | શરૂ | **ઘણું** |
| 1.3. Social Life / સામાજિક જીવન | થોડું | શરૂ | **પૂર્ણ** |
| 1.4. Power Structure / સત્તાનું માળખું | થોડું | શરૂ | **પૂર્ણ** |
| 1.5. Law and Order / કાયદો અને વ્યવસ્થા | થોડું | શરૂ | **ઘણું** |
| 1.6. Leadership / નેતૃત્વ | -- | ઘણું | **પૂર્ણ** |
| **2. Destabilisation / અસ્થિરતા લાવતી** | -- | પ્રગતિમાં | **પ્રગતિમાં** |
| 2.1. Finance / આર્થિક | -- | સારા પ્રમાણમાં | **પૂર્ણ** |
| 2.2. Law and Order / કાયદો અને વ્યવસ્થા | થોડું | શરૂ | **ઘણું** |
| 2.3. Media / મીડિયા | -- | ઠંડુ | **શરૂ** |
| **3. Crisis / કટોકટીની સ્થિતિમાં મૂકવું** | -- | -- | -- |
| 3.1. So called Saviour / કહેવાતા ઉદ્ધારકો<br>• અંદરની વ્યક્તિ<br>• બહારની વ્યક્તિ | સુધારો | ઘણું | **પૂર્ણ** |
| **4. Normalisation / સામાન્ય પરિસ્થિતિ બહાલ કરવી** | બાકી | બાકી | **મામૂલી શરૂઆત** |
| 4.1. નવો સમાજ પ્રસ્થાપિત કરવો – 2 ચરણોમાં | બાકી | બાકી | **મામૂલી શરૂઆત** |

* થયેલ સુધારાઓનું સ્તર
કેશરા = કેશરા પરમેશ્વરાનો દોર
NRL = નારાયણ રામજી લીંબાણીનો દોર
RKK = રતનશી ખીમજી ખેતાણીનો દોર

“ મોટા ભાગે ઘરવાપસી થઇ ”

|| જય લક્ષ્મીનારાયણ ||

# પ્રહર 5

1960 થી 1985
25 વર્ષ

## ધર્મ મળ્યો એટલે પ્રગતિ થઈ

**પરિશ્રમમાં ભળ્યો ધર્મ, સમજાયો સૌને મર્મ..**
પ્રગતિ અને સમૃદ્ધિથી પ્રભાવિત થઈને
**સૌને સનાતની બનવાની તાલાવેલી જાગી..**

# Normalisation /
# સામાન્ય પરિસ્થિતિ બહાલ કરવી

## 4.1. નવો સમાજ પ્રસ્થાપિત કરવો – 2 ચરણોમાં

**ચરણ:**

1. **<u>સનાતની સંગઠનને મજબૂત કરવું:</u>** જ્ઞાતિ આત્મનિર્ભર બને તે માટે જરૂરી સંસ્થાઓ અને સંગઠનો ઊભા કરવા. પોતાના નવા રીતરિવાજો આંતરિક નિયમો વ્યવસ્થિત રીતે પ્રસ્થાપિત કરવા કે જૂની પરંપરા / ધર્મ તરફ જોવાનું બંધ થઈ જાય.

2. **<u>માનસિકતા શુધ્ધ કરવી:</u>** પીરાણા સતપંથ સાથે જોડાયેલી લોકોની માનસિકતાનું જોડાણ તોડી, એ માનસિકતાને શુધ્ધ સનાતની બનાવવી. જેથી કરીને સનાતની જ્ઞાતિ માટે એવા સ્થરનું ગૌરવ, સ્વાભિમાન, ગરિમા વધે અને અસ્મિતા જાગે કે ભવિષ્યમાં જ્ઞાતિ કોઈ દિવસ ફરીથી અન્ય ધર્મ તરફ આકર્ષિત ન થાય. જેથી ક. ક. પા. સનાતન જ્ઞાતિ અને એની સનાતની "વિચારધારાનો વિનાશ" ક્યારે પણ થઈ ન શકે.

# 23

# સનાતનીઓની કેન્દ્રીય સમાજ
# ચરણ 1: સંગઠન મજબૂત કરવું

**155. <u>સામાન્ય પરિસ્થિતિ બહાલ કરવી – શરૂઆત:</u>** આ પુસ્તકની શરૂઆતમાં આપણે જોયું કે "વિચારધારાના વિનાશ" પદ્ધતિનો છેલ્લો તબક્કો નવી સમાજ ઊભી કરી, તેમાં સામાન્ય પરિસ્થિતિ બહાલ કરવી. ક. ક. પા. ઇતિહાસના પરિપેક્ષમાં જોઇએ તો સનાતની સમાજ ઊભો તો થઇ ચૂક્યો હતો, પણ હવે એમાં સામાન્ય પરિસ્થિતિ બહાલ કરવાનો તબક્કો (2 ચરણમાં) શરૂ કરવા દોર શરૂ થઇ રહ્યો છે. આ તબક્કાનું પહેલું ચરણ અહીંથી શરૂ થાય છે. જેના વિષે નીચે બતાવેલ ટેબલ પરથી વિગત સમજી શકો છો.

| **4. Normalisation / સામાન્ય પરિસ્થિતિ બહાલ કરવી** | **વિનાશ વિગત** | **સુધારો** |
|---|---|---|
| 4.1. નવો સમાજ પ્રસ્થાપિત કરવો – 2 ચરણોમાં | | |
| **<u>ચરણ 1:</u>**<br>**<u>સનાતની સંગઠનને મજબૂત કરવું:</u>** જ્ઞાતિ આત્મનિર્ભર બને તે માટે જરૂરી સંસ્થાઓ અને સંગઠનો ઊભા કરવા. પોતાના નવા રીતરિવાજો આંતરિક નિયમો વ્યવસ્થિત રીતે પ્રસ્થાપિત કરવા કે જૂની પરંપરા / ધર્મ તરફ જોવાનું બંધ થઇ જાય. | **24** | **પૂર્ણ**<br>(આ લેખમાં જણાવેલ મુદ્દાઓ પછી) |

**156. <u>સનાતની સંગઠનને મજબૂત કરવું:</u>** આ તબક્કામાં આપણે જોઈશું કે કેવી રીતે જ્ઞાતિનું ધર્મ પરિવર્તન થયા બાદ, સનાતનીઓએ પોતાની ઘરવાપસી ટકાવી રાખવા જ્ઞાતિ અને સમાજના વિકાસ માટે સમય-સમય પર અનેકો આયામમાં (multi-dimension) કામ કર્યું. અને પોતાનું સનાતની ઘર મજબૂત કર્યું.

**157. <u>ઘરવાપસી પછી પોતાનું ઘર ઊભું કરવું:</u>** સનાતન ધર્મમાં જ્ઞાતિની ઘરવાપસી તો થઈ. પણ તેનાથી કામ પૂરું નથી થતું. ઘરવાપસી પછી પોતાનું ઘર ઊભું કરવું પડે. નહીં તો ઘરવાપસી લાંબા સમય સુધી ન ચાલે. વ્યક્તિને જીવનનો આનંદ માણવા માટે સારો સમાજ જોઈએ. સારો અને મજબૂત સમાજ એની સંસ્થાઓથી નિર્માણ થાય છે. એવો સમાજ જ્યાં કમ સે કમ ;

1) સનાતન ધર્મના પાયા પર સમાજ ઊભો હોય,
2) સુંદર પરિવાર વ્યવસ્થા (લગ્ન જેવા જ્ઞાતિ રીતરિવાજો) હોય,
3) સંગઠિત થવા માટે સમાજ વ્યવસ્થા હોય,
4) રોટી-બેટીનો વ્યવહાર નિ:સંકોચ પણે કરી શકતો હોય,

5) સુરક્ષા અને સમૃદ્ધિ હોય,
6) જરૂરી સુવિધાઓ અને જરૂરત પડે ત્યારે પૂરતી મદદ પણ મળે, એવી વ્યવસ્થા હોય,
7) જેવી અન્ય તમામ બાબતો હોય.

માટે, આ તબક્કો એટલે કે "Normalisation / સામાન્ય પરિસ્થિતિ બહાલ કરવી" તબક્કાના પહેલા ચરણમાં, ઉપર જણાવ્યા પ્રમાણે, સામાજિક સંસ્થાઓ અને સગવડો ઊભી કેવી રીતે કરવામાં આવી એ હવે જોઈશું. આ તમામ પ્રક્રિયાને આ પુસ્તકમાં પોતાનું "ઘર ઊભું કરવું" એમ કહેલ છે.

**158. <u>એડહોક સમિતિની રચના:</u>** નખત્રાણામાં હાઇ સ્કૂલ ચાલુ થવાની છે, એ સમાચાર વહેતા થયા, એ અરસામાં પરમ પૂજ્ય સંત ઓધવરામ મહારાજના સ્વર્ગવાસ પછી જે કાર્યક્રમ વાંઢાયમાં થયો હતો, તેમાં ઉપસ્થિત જ્ઞાતિના, અગાઉ પ્રકરણમાં જણાવેલ આગેવાનોએ, પૂજ્ય મહારાજશ્રીએ જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે છાત્રાલય હોવાની સેવેલી આકાંક્ષાને મૂર્તસ્વરૂપ આપવા નિર્ણય કર્યો.

આ નિર્ણયને પરિપૂર્ણ કરવા "શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજ"ની દિનાંક 22-May-1957ના એક મિટિંગ બોલાવવામાં આવી હતી. મિનિટ બુકની નોંધ પ્રમાણે, આ સભા કોટડા-જ. મુકામે ભીમજી કેશરાના નિવાસ સ્થાને મળી હતી અને તેમાં કચ્છના ગામેગામના આગેવાનો ભેગા થયા હતા. જેમાં 3 નિર્ણયો લેવામાં આવ્યા.

1) નખત્રાણામાં જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે એક છાત્રાલય[119] બનાવવું.

2) ભુજ ખાતે એક વાડી[120] બનાવવી.

3) માંડવી ખાતે પણ એક વાડી[120] બનાવવી.

આ કામ ઉપાડી લેવા માટે એક એડહોક સમિતિ બનાવવામાં આવી. આ અંગે વિસ્તતુ અહેવાલ "પાટીદાર વિદ્યાર્થી ભવન (નખત્રાણા) ઉદ્ઘાટન સમારોહ તથા પરિષદની કાર્યવાહીનો અહેવાલ" [71] નામથી પ્રકાશિત કરવામાં આવ્યો છે. એમાં આપેલ માહિતીનું પુનરાવર્તન અહીં કરવામાં નથી આવી રહ્યું. ઇચ્છુક વ્યક્તિએ એ અહેવાલ વાંચી લેવા વિનંતી. ટૂંકમાં વાંચવું હોય તો કચ્છ કડવા પાટીદારોનો ઇતિહાસ [4] પુસ્તકમાં વાંચી શકાશે.

**159. <u>ભુજ અને માંડવી સમાજ વાડીઓ:</u>** થોડા સમયમાં ભુજ ખાતે શેઠ તુલસીદાસનો બંગલો ખરીદી લીધો અને ત્યાં સમાજ વાડી ચાલુ કરવામાં આવી. અને વધુમાં વાડીની બાજુમાં આવેલ ખુલ્લી જમીનનો પ્લોટ પણ ખરીદી લીધો. એવી રીતે માંડવીમાં પણ વાડી માટે મિલકત ખરીદવામાં આવી [71].

---

**119** છાત્રાલય = બોર્ડિંગ = હોસ્ટેલ

**120** વાડી – જુઓ ટૂંકાક્ષર / સંક્ષિપ્ત શબ્દો / વિશેષ શબ્દોના અર્થ વિભાગ

**160. <u>નખત્રાણા છાત્રાલય:</u>** નખત્રાણા છાત્રાલય માટે જમીન ખરીદીને ત્યાં એક મોટું ભવ્ય મકાન બનાવવામાં આવ્યું. તે માટે ભારતભરમાં પથરાયેલા સનાતન સમાજના લોકો પાસે પ્રવાસ ખેડીને ફાળો ભેગો કરવામાં આવ્યો હતો. એમાં ખાસ કલકતા, નાગપુર અને મુંબઈની મુખ્ય ભૂમિકા હતી. નખત્રાણામાં આ વિશાળ છાત્રાલયનું ઉદ્ઘાટન દિનાંક 11-May-1960ના દિવસે થયું [71].

**161. <u>નખત્રાણાનું છાત્રાલય અને સનાતનીઓનું કેન્દ્ર સ્થાન:</u>** ધર્મ પરિવર્તનના દોરમાં આપણે જોયું કે સનાતની સમાજની પોતાની કોઈ જગ્યા નહોતી. શરૂઆતમાં નથુ નાનજીના મકાનમાં સમાજની ઓફિસ હતી અને છેલ્લે ભીમજી કેશરાના ઘરેથી કામ ચાલતું. પણ છાત્રાલય ઊભું થવાથી સનાતનીઓને એક કેન્દ્ર સ્થાન મળી ગયું. જેણે હેડ ઓફિસ કે મથક પણ કહી શકાય. સનાતનીઓની જે સમાજ ચાલતી હતી એનું ફરીથી બંધારણ ઘડી એને પસાર કરવામાં આવ્યું. જ્ઞાતિ પાસે પોતાનું સામાજિક માળખું હોવાથી સ્વયંસેવકો, બૌદ્ધિકો, દાનવીરો અને સમજુ લોકોને ભેગા થવાની એક જગ્યા અને કારણ મળી ગયું. કેન્દ્ર સ્થાન ઊભું થવાથી સનાતની સમાજની ગતિવિધિઓએ હરણફાળ ગતિ પકડી. એના માટે આ એક ઐતિહાસિક ઘટના છે, જેની ખાસ નોંધ લેવા વિનંતી [71].

*Location: Chhatralaya / H.O.*



**162. <u>શિક્ષણ ઉપર ફોકસ</u>[121]<u>:</u>** છેલ્લા ઘણા વર્ષોથી જ્ઞાતિનું લક્ષ, ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરો ઊભા કરી ધાર્મિક માળખું (infrastructure) નિર્માણ કરવામાં હતું. આ ઘટના પછી જ્ઞાતિનું મુખ્ય લક્ષ્ય શિક્ષણ લક્ષી સંસ્થાઓ ઉપર કેન્દ્રિત થયું. જેની પણ ખાસ નોંધ લેવા વિનંતી [71].

**163. <u>સનાતન ધર્મને સાથે રાખવાનો અભિગમ:</u>** એક વાત અહીં ધ્યાનમાં રાખવા જેવી એ છે કે શિક્ષણ કે કેળવણી ઉપર જ્યારે જ્ઞાતિએ ફોકસ કર્યું, ત્યારે એના પાયામાં સનાતન ધર્મ તો હતો જ. યાદ રહે સંત ઓધવરામ મહારાજની ઈચ્છાના કારણે આ પરિયોજના ઘડવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઠેર-ઠેર સંત ઓધવરામ મહારાજને યાદ કરવામાં આવેલ હતા. કાર્યક્રમના સ્વાગત પ્રમુખનું ભાષણ ઓધવરામ મહારાજને યાદ કરીને કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના સ્ટેજમાં "લક્ષ્મીનારાયણ ભગવાનકી જય", "કુળદેવી ઉમિયા માતકી જય" [4:Photo after page 28] એવા મોટા બેનર લગાડવામાં આવ્યા હતા [71]. છાત્રાલયમાં રહેતા વિધાર્થીઓને ધર્મનું શિક્ષણ મળે તે માટે ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી [4:Page 149].

---

**121** ફોકસ = ધ્યાન કેન્દ્રિત કરવું.

164. **<u>સમાજનું પહેલું જ્ઞાતિ અધિવેશન:</u>** નારાયણ રામજીના દોરમાં જ્ઞાતિના ત્રણ પરિષદો (અધિવેશન) ભરાણા હતા. પણ એ એમના આગેવાનીમાં હતા, સામાજિક ધોરણે નહોતા. સામાજિક ધોરણે પહેલું જ્ઞાતિ અધિવેશન છાત્રાલય ઉદ્ઘાટનના આગલા દિવસે એટલે કે દિનાંક 10-May-1960ના રોજે, એજ સ્થળે ભરવામાં આવ્યું હતું. આ પરિષદમાં સંત ઓધવરામ મહારાજ, નારાયણ રામજી, રતનશી ખીમજી અને નથુ નાનજીના જ્ઞાતિ સુધારના કાર્યો વિષે ઋણભાવ વ્યક્ત કરવામાં આવ્યો [71:Page 65]. અને એમણે બતાવેલ રસ્તા ઉપર આગળ વધવાની વાતો કરવામાં આવી. અને આ અધિવેશનમાં જેને જ્ઞાતિનું બંધારણ કહેવાય એવા "જ્ઞાતિના રીતરિવાજો" પસાર કરવામાં આવ્યા [71:Page 55].

165. **<u>શૈક્ષણિક માળખું (Educational Infrastructure):</u>** શિક્ષણના પ્રયાસો નારાયણ રામજીના દોરના સમયથી જ શરૂ થયા. એમને લાયબ્રેરી (library) ઉપર જોર આપ્યું. કરાચીમાં પહેલી લાયબ્રેરી ઊભી કરી. તે વખતે સતપંથીઓમાં આ લાયબ્રેરીની એવી દહેશત હતી (કે ચીડ હતી) કે સુધારકોને "લેબરિયા"[122] નું ઉપનામ આપીને ગૌણ ભાવથી બોલાવવામાં આવતા. ત્યાર બાદ કરાચીમાં ટૂંક સમય માટે રાત્રિ શાળા ચાલી. વાંઢાય ખાતે નાના પાયા પર બોર્ડિંગ ચાલુ થઈ. પણ પદ્ધતિ સર કામ કરવા માટે મોટા પાયા પર ગુજરાતમાં ધનસુરા ખાતે જ્ઞાતિની પહેલી બોર્ડિંગ ઊભી થઈ. ત્યાર બાદ આ તબક્કામાં નખત્રાણા ખાતે બોર્ડિંગ / છાત્રાલય શરૂ થઈ.

165.1. **<u>વિદ્યાર્થી પારિતોષિક / ઈનામ વિતરણ:</u>** કોઈ પણ સંસ્થા કે સંગઠનનો પાયો સંસ્કારો ઉપર હોય છે. એવી રીતે શિક્ષણના સંસ્કારો જ્ઞાતિમાં નાખવા માટે વિદ્યાર્થી પારિતોષિકો એટલે કે ઈનામ વિતરણની પ્રથા શરૂ થઈ. દરેક સંસ્થાઓ, સમાજો અને સંગઠનો દ્વારા અચૂક ઈનામ વિતરણ કરીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવામાં આવે છે. એવી રીતે શિક્ષણ ક્ષેત્રે નામના કરનાર વ્યક્તિનું પણ બહુમાન કરીને એને સમાજમાં યોગ્ય સ્થાન આપવામાં આવે છે.

165.2. **<u>ગામેગામ બાલમંદિર:</u>** આગાઉ વિરાણી મોટી જેવા ગામોમાં રતનશી ખીમજી જેવા વડીલોના પ્રયાસોથી પદ્ધતિ સરના બાલમંદિરો ચાલી રહ્યા હતા, પણ નખત્રાણા ખાતે બોર્ડિંગની શરૂઆતથી ગામેગામમાં શિક્ષણ માટે બાલમંદિરો અને પ્રાથમિક શાળાઓ ઊભા કરવાના કાર્યને વેગ મળ્યો. જ્ઞાતિના વડીલોએ ગામના અન્ય જ્ઞાતિઓનો સહયોગ લીધો હતો. વડીલો પાસેથી સાંભળવા મળતું કે.. વિરોધીઓ દેશી ભાષામાં કહેતા કે.. "એક મંદિરતો આમે પહેલાં લોઈ પીએ રું (છે), વળી આ નવું મંદિર કેવું લોઈ પીસે?." આવું નીચું આ હતું શિક્ષણનું સ્તર અને વિરોધીઓની નબળી માનસિકતા.

165.3. **<u>પાટીદાર સ્ટુડન્ટ્સ હોસ્ટેલ – ભુજ:</u>** વર્ષ 1967-68માં ભુજ સમાજવાડીના 4 રૂમ હોસ્ટેલ માટે ફાળવીને ત્યાં હોસ્ટેલ ચાલુ કરવામાં આવી. ત્યાર બાદ હોસ્ટેલ માટે અલગથી પ્લોટ ખરીદવામાં આવ્યો અને તેના ઉપર વર્ષ 1987-88માં મકાન બાંધવામાં આવ્યું [4:Page 73].

---

[122] લેબરિયા = લાયબ્રેરી જવા વાળા, લાયબ્રેરીનું અપભ્રંશ

**165.4. <u>કન્યા છાત્રાલય – ભુજ:</u>** વર્ષ 1981માં ભુજ ખાતે કન્યા કેળવણી માટે સમાજવાડીની અંદર જ વ્યવસ્થા શરૂ કરવામાં આવી. શરૂઆતમાં કન્યાઓ પાસેથી કોઈ ફી લેવામાં આવતી નહોતી. ધીરે ધીરે કન્યાઓની સંખ્યા વધવા લાગી. વર્ષ 2002માં કન્યા છાત્રાલયને નવા મકાનમાં શરૂ કરવામાં આવ્યું [4:Page 74].

**165.5. <u>કન્યા વિદ્યાલય – ભુજ:</u>** વર્ષ 2002માં કન્યા છાત્રાલયની અંદર રહતી દીકરીઓ માટે ઇન-હાઉસ (અંદર જ) ધોરણ 8, 9 અને 10 માટે, ઉચ્ચ વિદ્યાલય શરૂ કરવામાં આવી. ત્યાર બાદ કોલેજના ધોરણ 11 અને 12 આર્ટસ અને કોમર્સ કોર્સ ચાલુ કરવામાં આવ્યા [4:Page 74].

**165.6. <u>કન્યા છાત્રાલય – નખત્રાણા:</u>** દિનાંક 28-Apr-1993ના સમાજના ચતુર્થ અધિવેશન વખતે નખત્રાણા ખાતે કન્યા છાત્રાલય શરૂ કરવામાં આવ્યું [4:Page 76].

**165.7. <u>માંડવી કન્યા છાત્રાલય:</u>** માંડવીમાં ઉચ્ચ શિક્ષણની સારી સુવિધા હોવાના કારણે જ્ઞાતિના વિદ્યાર્થીઓ સમાજવાડીના રૂમોનો ઉપયોગ કરતા હતા. દિનાંક 17-Apr-1994ના "નાનજી વિરજી ધોળુ વિદ્યાર્થી છાત્રાલય" નામથી છાત્રાલય શરૂ કરવામાં આવ્યું. ત્યાં શરૂઆતમાં કુમાર છાત્રાલય હતું, પણ આજે ત્યાં જ્ઞાતિની કન્યાઓ એનો લાભ લઈ રહી છે [4:Page 75].

**165.8. <u>માંડવી કુમાર છાત્રાલય:</u>** ઉપર જણાવેલ નાનજી વિરજી ધોળુ છાત્રાલય બાંધતી વખતે, ભેગો થયેલ ફાળાની રકમની બચતમાંથી માંડવીમાં બીજી મોટી જગ્યા લેવા માટે શરૂઆતની રકમ આપવામાં આવી. આ નવી જગ્યા પર દિનાંક 02-May-2007ના લખુ વિરજી ધોળુવિદ્યાર્થી હોસ્ટેલ – માંડવી, છાત્રાલય શરૂ કરવામાં આવી. ત્યાં કુમીરો (દીકરાઓ) માટે છાત્રાલય શરૂ કરવામાં આવ્યું [4:Page 75].

**165.9. <u>વલ્લભ વિદ્યાનગર:</u>** ગુજરાતમાં આણંદ શહેરની બાજુમાં શિક્ષણની ખૂબ સારી સગવડો વાળું શહેર છે. વર્ષ 1988માં ભાડાના મકાનમાં પ્રાયોગિક ધોરણે હોસ્ટેલ ચાલુ કરવામાં આવી. ત્યાર બાદ દિનાંક 29-Jan-1995ના પોતાની માલિકીના મકાનમાં હોસ્ટેલ શરૂ થઈ. ત્યાર બાદ વર્ષ 04-May-2015ના નવું મકાન બનાવી SUV પેટા સંસ્થા મારફતે તેનો વહીવટ ચાલે છે [4:Page 77].

**165.10. <u>SUV સ્કૂલ સુરત:</u>** વૈશ્વિક સ્પર્ધાના યુગમાં વૈશ્વિક સ્તરનું શિક્ષણ આપવા જૂન 2007ના વલથાણ, સુરત ખાતે સ્કૂલ ચાલુ કરવામાં આવી [4:Page 79].

**165.11. <u>નખત્રાણા કોલેજ:</u>** કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન દ્વારા નખત્રાણામાં GMDC કોલેજ ચલાવવામાં આવતી હતી. એ કોલેજને દિનાંક 07-Aug-2009થી સમાજે પોતાના નિયંત્રણમાં લાવી ત્યારથી સમાજ એ કોલેજ ચલાવી રહી છે.

**166. વૈદકીય પ્રવૃત્તિ:**

**166.1. દેવાશીષ હોસ્પિટલ:** વર્ષ 2005થી નખત્રાણા ખાતે એક હોસ્પિટલ શરૂ કરવામાં આવી છે [4:Page 205]. વર્ષ 1977માં જ્ઞાતિનું બીજું અધિવેશન નખત્રાણા ખાતે યોજાયેલ હતું. કેન્દ્રીય સમાજ દ્વારા આફતમાં ઉપયોગી અને આરોગ્ય માટે સર્જીકલ હોસ્પિટલ નખત્રાણામાં બને એ માટેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. જ્ઞાતિ પાસેથી બંધારણ પાસ કરવા તેમજ અન્ય બાબતે સહમતીઓ લેવાના કામો માટે કચ્છ, ભુજ, પુના, નાસિક, અમદાવાદ, મુંબઈ જેવા સ્થળોએ તે સમયના સમાજના આગેવાનોએ મિટિંગ કરી સહુનો સહયોગ મેળવ્યો._લાંબા સમય બાદ નખત્રાણા ખાતે હોસ્પિટલ બની. જે પશ્ચિમ કચ્છ માટે આશીર્વાદ રૂપ છે.

**167. સામાજિક મિલકતો:** સમાજનો વ્યાપ વધે અને સમાજના સભ્યોને સુવિધા રહે તે માટે કેન્દ્રીય સમાજે નીચે જણાવ્યા પ્રમાણે મિલકતો વસાવેલ છે.

**167.1.** ભુજ સમાજવાડી – વર્ષ 1957

**167.2.** માંડવી સમાજવાડી – વર્ષ 1958

**167.3.** ગાંધીધામ સમાજવાડી – વર્ષ 1980

**167.4.** સુવિધા કેન્દ્ર - સમાજનો સૂચારુ વહીવટ માટે અમદાવાદ ખાતે સુવિધા કેન્દ્રની મિલકત દિનાંક 28-May-2019ના ખરીદી.

**167.5.** ભુજ જમીન - ભવિષ્યના પ્રકલ્પો માટે, ભુજ ખાતે સમાજે દિનાંક 18-Jun-2021ના નવી જમીન ખરીદી.

**167.6.** કચ્છ, કંપા અને ભારત ભરમાં જ્યાં જ્યાં જ્ઞાતિ વસે છે, ત્યાં ત્યાં સમાજો ઊભી થઈ છે અને તેમાં મોટે ભાગે સમાજવાડીઓ પણ ઊભી કરવામાં આવી છે. આજે લગભગ 450 જેટલી સમાજો કેન્દ્રીય સમાજ સાથે રજિસ્ટર્ડ છે. તે ઉપરાંત નાની-નાની સમાજો પણ ચાલે છે.

ક. ક. પા. સનાતન જ્ઞાતિ માટે સમાજવાડીઓ સમાજની કરોડરજ્જુ છે. સમાજવાડી ઉપર સમાજના સંગઠનનો આધાર હોય છે. ભારતભરમાં સમાજો અને સમાજવાડીઓનું નેટવર્ક એટલું જબરદસ્ત ઊભું થયું છે કે કોઈ પણ માણસને જ્યારે જરૂર પડે, ત્યારે નજીકની સમાજમાંથી કોઈ ને કોઈ વ્યક્તિ સહાયતા માટે પળભરમાં પહોંચી આવે છે. આ ક. ક. પા. સનાતન જ્ઞાતિની તાકાત છે.

**168. મંદિરો:** ધાર્મિક ક્ષેત્રે જ્ઞાતિમાં પ્રગતિ થાય એ માટે;

**168.1. ઉમિયા માતાજી વાંઢાય:** દિનાંક 02-Apr-1944ના કુળદેવી ઉમિયા માતાજીના મંદિરની સ્થાપના કરવામાં આવી. જેના વિષે આગાઉ પોઈન્ટ (150.24)માં વિસ્તૃત જાકારી આપેલ છે જ.

**168.2. સંસ્કાર ધામ દેશલપર:** સતપંથીઓનો ત્રાસ ખુબજ વધતો જતો હતો. ગામેગામ રોજ સનાતનીઓને હેરાન કરવા માટે સતપંથીઓ દ્વારા ખોટા કોર્ટ કેસો અને પોલીસ ફરિયાદો કરવામાં આવતી હતી. એમની પાછળ પીરાણા સંસ્થાનું પીઠબળ હતું. સનાતનીઓ પાસે કોઈ સંસ્થાકીય પીઠબળ નહોતું. કેન્દ્ર સમાજમાં સતપંથીઓ ઘૂસી ગયા હોવાના કારણે કેન્દ્ર સમાજમાં સતપંથ બાબતે કોઇ સહયોગ મળતો નહોતો. સનાતની સંગઠન ટકાવી રાખવા કંઇ કરવાની સખત જરૂરત હતી. માટે વર્ષ 1995માં જોરાવરનગરના ભાઇઓએ મુખ્ય આગવાની લીધી.

ત્યાં એ લોકોએ નક્કી કર્યું કે આપણે સનાતનીઓનું એક એવું સંગઠન ઊભું કરીએ કે જે સતપંથીઓ દ્વારા કરવામાં આવતા ખોટા કોર્ટ કેસો અને પોલીસ ફરિયાદોના માધ્યમથી સનાતનીઓ ઉપર કરવામાં અત્યાચાર અને જુલ્મોનો સામનો કરે અને સનાતનીઓને આ લડાઇમાં પીઠબળ પૂરું પાડે. એના માટે ધર્મનું એક કેન્દ્ર સ્થાન ઊભું કરવાની વાત આવી. જેમાં ગામેગામના લક્ષ્મીનારાયણ મંદિરોને એકસૂત્રે બાંધવામાં આવે જેથી સંસ્થાનું વજન વધે.

તે વખતે સમાજના વડીલ શ્રી પ્રેમજીભાઈ પૂંજા વાસાણીને આ ભાઇઓએ રજૂઆત કરી. એટલે પ્રેમજી પૂંજા આ મિત્રોને સાથે લઈને જેઠા લાલજી ચોપડા, તત્કાલીન ઉમિયા માતાજી વાંઢાયના પ્રમુખ અને અન્ય અમુક આગેવાનોને મળ્યા. બધાને આ વાત ગમી. અહીંથી લક્ષ્મીનારાયણ ધર્મ પ્રચાર સમિતિ ઊભી થઈ. જેના પહેલા પ્રમુખ શ્રી પ્રેમજી પૂંજા વાસાણી હતા અને પહેલા મહામંત્રી હતા શ્રી અખઈ પ્રેમજી માનાણી, વિથોણ.

પરિણામે ઉમિયા માતાજી વાંઢાયમાં ભેગા થયા અને ત્યાંથી સનાતન ધર્મની જાગૃતિ લાવવનાર નારાયણ રામજી લીંબાણીનું ગામ વિરાણી-મોટી સુધી ધર્મ-યાત્રાનું દિનાંક 04 Feb 1996ના આયોજન કરવામાં આવ્યું. વિરાણી મોટીમાં પહેલી સભા કરવામાં આવી. ત્યાર બાદ બીજી સભા ભીમજી કેશરા લીંબાણીનું ગામ કોટડા-જડોદરમાં દિનાંક 12-Feb-1996ના આયોજન કરવામાં આવ્યું. ત્યાર બાદ ગામેગામ આવી સભાઓ થઈ.

આ લક્ષ્મીનારાયણ ધર્મ પ્રચાર સમિતિના બીજા પ્રમુખ બન્યા જેઠા લાલજી ચોપડા, જેના નેતૃત્વમાં દેશલપર વાંઢાય મુકામે સંસ્કાર ધામ ઊભું થયું, જેનું નામ અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજ છે. સનાતની જ્ઞાતિના તમામ લક્ષ્મીનારાયણ મંદિરોને એક સૂત્રે બાંધવા દિનાંક 11-May-2011ના સંસ્કાર ધામ ઊભું કરવામાં આવ્યું. – સૌજન્ય: શ્રી કરસનભાઈ પ્રેમજી મેઘાણી, નાના-અંગિયા, ગાંધીધામ અને શ્રી રામજી ભીમજી ડાયાણી, ધાવડા, જોરાવરનગર.

**168.3.** કચ્છના તમામ ગામોમાં સ્થાનિક સમાજો દ્વારા, સમય-સમય પર, લક્ષ્મીનારાયણ મંદિરો અને ઉમિયા માતાજીના મંદિરો ઊભા કરવામાં આવ્યા.

**168.4.** તેમજ, કચ્છ બહારના શહેરોમાં અને ગુજરાતના કંપાઓમાં પણ, સનાતની જ્ઞાતિએ, ભગવાન લક્ષ્મીનારાયણ અને ઉમિયા માતાજીના મંદિરો ઊભા કર્યાં. એક અંદાજ પ્રમાણે ભારત ભરમાં લગભગ 250 જેટલા લક્ષ્મીનારાયણ અને ઉમિયા માતાજીના મંદિરો સનાતની જ્ઞાતિ ચલાવી રહી છે.

**169. <u>જ્ઞાતિ અધિવેશન અને જ્ઞાતિ રીતરિવાજો:</u>** કેન્દ્રીય સમાજે આજ સુધી 5 જ્ઞાતિ અધિવેશનો યોજેલ છે. (નારાયણ રામજીના દોરમાં યોજાયેલ 3 જ્ઞાતિ પરિષદો ઉપરાંત).

1. વર્ષ 1960માં પહેલું અધિવેશન [71]
2. વર્ષ 1977માં બીજું અધિવેશન [1]
3. વર્ષ 1985માં ત્રીજું અધિવેશન [1]
4. વર્ષ 1993માં ચોથું અધિવેશન [1]
5. વર્ષ 2010માં પાંચમું અધિવેશન [10]

ઉપર જણાવેલ તમામ અધિવેશનોમાં જ્ઞાતિના રીતરિવાજો પસાર કરવામાં આવ્યા. તે ઉપરાંત 2 વખત વચ્ચે પણ જ્ઞાતિના રીતરિવાજો પસાર કરવામાં આવ્યા હતા. એક વખત દિનાંક 24-May-1971ના [62] અને બીજી વખત દિનાંક 12-Aug-2006ના [2].

**169.1. <u>કલમ 18 અને 19:</u>** કોઈ પણ જ્ઞાતિનું બંધારણ એના રીતરિવાજો હોય છે. સનાતનીઓ સમય-સમય પર પોતાના રીતરિવાજોમાં ફેરફાર કરીને જ્ઞાતિને પ્રગતિના પંથે અગ્રેસર રાખી છે. એમાં નોંધ પાત્ર ફેરફારોમાં રીતરિવાજોના કલમ 18 અને 19 છે.

**કલમ 18** બાહ્ય આચરણ અંગે હતી. જેનો ઉદ્દેશ જન્મથી મરણોત્તર સુધી હિન્દુ રીતરિવાજો પાળવા. એટલે કે મૃત્યુ પછી મૃતકના શરીરનો અગ્નિ સંસ્કાર કરવો, દફનાવવું નહીં. (બીજું અધિવેશન) [63].

**કલમ 19** હતી કે સામાજિક અને ધાર્મિક પ્રશ્નોનું સમાજ લેવલે, ન્યાય સમિતિ મારફતે નિવારણ લાવવું. કોર્ટનો આસરો લેવો નહીં. આ કલમથી સતપંથીઓ વારેઘડીએ સનાતનીઓ પર ખોટા કોર્ટ કેસો કરીને હેરાન કરતા હતા, એના પર રોક લગાડવા માટે હતી. (ત્રીજું અધિવેશન) [64].

આ બે કલમો ક્રાંતિકારી હતી. કારણ કે આ કલમોથી જ્ઞાતિમાં સતપંથ અંગે લોકોમાં ખૂબ જાગૃતિ આવી.

**170. <u>ધાર્મિક પ્રવૃત્તિ:</u>** આમતો જ્ઞાતિને ઘણા સાધુ સંતોનું યોગદાન સમય-સમય પર મળતું રહ્યું છે. પણ તેમાંથી મુખ્ય નોંધપાત્ર યોગદાન નીચે જણાવેલ સંતોનું હતું.

**170.1. <u>સંત દયાલરામજી:</u>** સંત ઓધવરામ મહારાજ પછી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિની કોઈ સંતે સહુથી વધારે સેવા કરી હોય તો એ હતા સંત દયાલરામજી. સંત ઓધવરામ મહારાજના પટશિષ્ય હતા અને સંત ઓધવરામ મહારાજના સ્વર્ગવાસ પછી, વાંઢાય આશ્રમના હરિહર સંપ્રદાયની એમની ગાદી પર સંત દયાલરામજી છઠ્ઠા ગાદીપતિ તરીકે બેઠા. સંત ઓધવરામ મહારાજના આદેશ પ્રમાણે મહા મહેનતે, કચ્છના ગામેગામ અને ગુજરાતના કંપેકંપામાં પ્રચાર કરવા સંત દયાલરામ મહારાજ આવ્યા હતા [28:Page 149].

**170.2. <u>સંત શાંતિરામજી:</u>** સંત દયાલરામ પછી ગાદી પર સંત શાંતિરામજી બેઠા. એમનું શરીર ક. ક. પા. જ્ઞાતિનું હતું. તેઓ અરલ ગામના હતા. જ્ઞાતિ સંગઠિત થાય અને ધાર્મિક રીતે ચુસ્ત થાય એ હેતુથી એમને ઉમિયા માતાજી વાંઢાયનું મંદિર ક. ક. પા. સનાતન જ્ઞાતિને કોઈ પણ આશ રાખ્યા વગર કૃષ્ણાર્પણ કરી દીધું [28:Page 159]. આ અંગે વિસ્તૃત લેખ આ પુસ્તકમાં આગળ આપવામાં આવ્યો છે.

**170.3. <u>સંત વાલરામજી:</u>** હરિદ્વાર ખાતે સંત ઓધવરામ મહારાજે જે કચ્છ લાલરામેશ્વર આશ્રમ ઊભો કર્યો હતો એ આશ્રમની વહીવટીય જવાબદારી કોને સોંપવી એ બાબતે સતત ચિંતિત રહેતા. એ આશ્રમનો વહીવટ સંત વાલદાસજી મહારાજને સોંપવામાં આવ્યો. સંત ઓધવરામ મહારાજના સ્વર્ગવાસ પછી, ત્યાગ અને તપસ્યાથી કચ્છી લાલરામેશ્વર આશ્રમનો ખૂબ વિકાસ કર્યો [4:Page 146].

**170.4. <u>સ્વાધ્યાય:</u>** પાંડુરંગ શાસ્ત્રીજી દ્વારા ચલાવવામાં આવેલ "સ્વાધ્યાય" પ્રવૃત્તિનો પણ ખૂબ મોટો પ્રભાવ સમાજના લોકો પર રહ્યો. ધાર્મિક અને આધ્યાત્મિક ઉન્નતિ માટેની એમની પ્રવૃત્તિ હતી, જેનો લાભ સમાજ જનોને મળ્યો [27:Page 48]. આ અંગે વિસ્તૃત લેખ આ પુસ્તકમાં આગળ આપવામાં આવ્યો છે.

**171. <u>સમૂહ લગ્નની શરૂઆત:</u>** લગ્ન પ્રસંગ વખતે દેખાદેખીથી થતા ખોટા ખર્ચાઓમાંથી બચાવવા અને એ રીતે સમાજને આર્થિક બોજામાંથી રાહત આપવા માટે સમૂહ લગ્નોનું આયોજન શરૂ કરવાનો નિર્ણય વર્ષ 1977ના જ્ઞાતિ અધિવેશનમાં લેવામાં આવ્યો અને એ બાબત ઉપર વિશેષ ભાર પણ મૂક્યો હતો. સમાજના આ અભિગમને મૂર્ત સ્વરૂપ આપવાનો ઉમિયા માતાજી વાંઢાયની કારોબારીએ દિનાંક 02-Nov-1980ના નિર્ણય કર્યો. રૂપિયા 251ની રકમ આપીને કોઈપણ વિસ્તારના જ્ઞાતિજન સમૂહલગ્નમાં જોડાઈ શકસે એવો નિર્ણય કર્યો. તે પ્રમાણે વર્ષ 1981થી ઉમિયા માતાજી વાંઢાયમાં સમૂહ લગ્નો શરૂ થયા [4:Page 200]. સ્થાનિક વિસ્તાર પ્રમાણે, કચ્છ ખાતે વર્ષ 1982માં દયાપર મુકામે સમૂહ લગ્નોની શરૂઆત સત્સંગ સમાજ દ્વારા કરવામાં આવી [133:Page 22]. અને કચ્છથી બહાર ગામમાં નાગપુર ખાતે દિનાંક 25-Nov-1987 થી શરૂઆત થઈ. ત્યાર બાદ અન્ય સ્થળોમાં પણ સમૂહ લગ્નો શરૂ કરવામાં આવ્યા.

**172. <u>ન્યાય સમિતિ:</u>** આગાઉ જણાવ્યા પ્રમાણે રતનશી ખીમજીના દોર વખતે, સમાજ વ્યવસ્થાઓ ઊભી કરીને ગેઢેરાઓનું રાજ મોટે ભાગે ખતમ કરી નાખ્યું હતું. જુઓ પોઈન્ટ (150.20). છેલ્લે એક બાબત હજી બચી હતી એ હતી છૂટાછેડા બાબતની બાબત. આ અંગે પણ એમની સત્તાને ખતમ કરી સંપૂર્ણ લોકતાંત્રિક પદ્ધતિ

અનુસાર, સમાજે લેખિત નિયમો સાથેની ન્યાય સમિતિની રચના દિનાંક 15-Sep-1985ના કરી [3:Page 1]. જુલ્મી ગેઢેરાઓની સત્તાનો અંત લાવવામાં આવ્યો.

**173. <u>જ્ઞાતિના સમાચાર પત્રો:</u>** જ્ઞાતિમાં સમય સમય પર સમાચાર પત્રો પ્રકાશિત કરવામાં આવતા [4:Page 207]. જેની નામાવલી નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| 1. પાટીદાર ઉદય | – કરાચી | – વર્ષ 1924 થી 1925 |
| 2. જાગૃતિ | – ધનસુરા | – વર્ષ 1965 થી 1983 |
| 3. આઝાદ કલમ | – ભુજ | – વર્ષ 1971 થી 1980 |
| 4. પાટીદાર સંદેશ | – અમદાવાદ | - વર્ષ 1981 થી અવિરત ચાલુ |
| 5. પાટીદાર સૌરભ | – નખત્રાણા | - વર્ષ 1993 થી અવિરત ચાલુ |
| 6. ઉમા દર્પણ | – ભુજ | - વર્ષ 1996 થી અવિરત ચાલુ |
| 7. લક્ષ્મીનારાયણ દર્શન | – દેશલપર | - વર્ષ 2011 થી અવિરત ચાલુ |
| 8. પાટીદાર બંધુ | – પાટણ | - વર્ષ 2008 થી 2014 |
| 9. સનાતન ધર્મ પત્રિકા | – નખત્રાણા | - વર્ષ 2014 થી અવિરત ચાલુ |

આ ઉપરાંત મોટી સ્થાનિક સમાજો પણ પોતપોતાના સમાચાર પત્રો બહાર પાડતી (યાદી માટે જુઓ જાગૃતિ સપ્ટેમ્બર 1972નો અંક, પેજ 1 [56:Sep-1972 Edition-Page 1 (375 of 522)]). જેમ કે નાગપુરથી "પાટીદાર પત્રિકા", હિંમતનગરથી "શોભા", મુંબઈથી "પાટીદાર પ્રગતિ", દક્ષિણ ભારતથી "આપણી સમાજનું વર્તમાન", વગેરે. સમય અને માંગ પ્રમાણે આવા પત્રો ચાલુ-બંધ થતા હોય છે, પણ મહત્વની વાત એ છે કે જ્ઞાતિ આ બાબતે જાગૃત છે, જે જ્ઞાતિની બૌધ્ધિક પ્રગતિનું સૂચક છે.

**174. <u>કલ્યાણકારી યોજનાઓ</u>**:

**174.1. <u>નિરાધાર સહાય યોજના</u>**: નિરાધાર પરિવારોને દર મહિને આર્થિક મદદ આપવામાં આવે છે.

**174.2. <u>વિધાર્થી સહાય યોજના:</u>** શિક્ષણ માટે જરૂરિયાત મંદ વિધાર્થીઓને લોન સહાય આપવામાં આવે છે.

**174.3. <u>પ્રમુખશ્રી રાહત નિધિ:</u>** સમાજના સભ્યોના ધંધા કે ઘર પર આવી પડેલ કુદરતી આફત, અતિવૃષ્ટિ, આગ વગેરે પરિસ્થિતિમાં થયેલ આર્થિક નુકસાનથી પાછા બેઠા થવા લોન સહાય આપવામાં આવે છે.

**174.4. <u>યુવા સુરક્ષા કવચ (YSK):</u>** પરિવારનો યુવા કમાઉ દીકરો/દીકરીનો સ્વર્ગવાસ થાય ત્યારે પરિવારને માતબર આર્થિક મદદ આપવાની યોજના, યુવસંઘના માધ્યમથી ચલાવવામાં આવે છે.

**175. <u>યુવાસંઘ:</u>** કેન્દ્ર સમાજની સ્થાપના પછી યુવાઓનું સંગઠન ઊભું થવું એ સૌથી મહત્વનું પગલું હતું. આ બાબતે કોલકાતાના યુવાનોએ આગેવાની લીધી. વર્ષ 1972થી સંગઠન બનાવવાની ગતિવિધિ શરૂ થઇ અને વર્ષ 1977ના સંગઠન અમલમાં આવ્યું. આ બાબતે અલગ લેખ આ પુસ્તકમાં આગળ આપવામાં આવ્યો છે.

**176.** **<u>ક્રાંતિ દળ:</u>** સમાજના ભોળા અને નબળા લોકો ઉપર અન્ય જ્ઞાતિઓ અને મેલી મુરાદ વાળા સરકારી અધિકારીઓ દ્વારા થતી કનડગતનો સામનો કરવા, યુવાનો સંગઠિત થઈ, આવા અત્યાચારોનો યોગ્ય સામનો કરવા અને સમાજ વિરોધી પરિબળોને એમની યોગ્ય જગ્યા બતાવવા માટે વર્ષ 1991માં આ સંગઠન ઊભું થયું. આ બાબતે અલગથી વિશેષ નોંધ આ પુસ્તકમાં આગળ આપેલ છે.

**177.** **<u>મહિલા સંઘ:</u>** વર્ષ 1997માં મહિલા સંઘની રચના કરવામાં આવી. આ સંગઠનની રચનાથી સમાજ સંગઠનના ત્રણે પાસાંઓની સંરચનાનું કામ પૂરું થયું. સમાજના બે હાથ, એક યુવાઓ અને બીજો મહિલાઓ સમાજ સાથે સંગઠિત રીતે જોડાણા. સમાજની શક્તિ અનેક ઘણી વધી ગઈ. આ બાબતે પણ અલગથી લેખ આ પુસ્તકમાં આગળ આપવામાં આવ્યો છે.

**178.** **<u>52 ગોત્રીય પરિવારો:</u>** જ્ઞાતિના 52 ગોત્રીય પરિવારોને સનાતની મોહિમ સાથે જોડવા હેતુ, નખત્રાણા ખાતે, તમામ 52 ગોત્રીય ઋષિ મંદિરનું ભવ્ય સંકૂલ ઊભું કરવાની યોજના ઘડવામાં આવી રહી છે. આ બાબતે તમામ સનાતની ગોત્રીય પરિવારોને વિશ્વાસમાં લઇને યોગ્ય સંકલન કરી આગળ વધવામાં આવશે.

**179.** **<u>ઝોન વ્યવસ્થા:</u>** ભારતભરના વિવિધ સ્થળોમાં ધંધાર્થે પથરાયેલી જ્ઞાતિનું એક જગ્યાથી સંચાલન કરવું બહુ મુશ્કેલ ભર્યું થવા લાગ્યું. જેટલા ગામો, એટલી સમાજો કહીએ તો પણ ચાલે. સમાજનો વહીવટ સારી ઢબે ચાલે એટલા માટે વહીવટીય તંત્રમાં ધરખમ ફેરફારો કરવામાં આવ્યા. કેન્દ્ર સમાજ સાથે ભારતભરના સ્થાનિક સમાજોને જોડવા માટે, વર્ષ 2005થી ધીરે ધીરે, સ્થાનિક સમાજ અને કેન્દ્રીય સમાજ વચ્ચે, સૂચારું વ્યવસ્થા માટે ઝોન સ્તર દાખલ કરવામાં આવ્યું. આજે ભારતભરમાં દરેક સ્થાનિક સમાજોને વિસ્તાર પ્રમાણે 25 ઝોનમાં વિભાજિત કરેલ છે અને એ 25 ઝોનોને 6 ખંડમાં સમાવેશ કરેલ છે.

**180.** **<u>સફળતા:</u>** વર્ષ 1938માં જ્યારે સનાતની સમાજ ઊભી થઈ ત્યારે એના પાસે કાંઈ નહોતું. માત્ર એક નવી જ્ઞાતિ, એક નવા સમાજનો જન્મ થયો હતો. પોતાની ઓફિસ પણ નહોતી. જ્ઞાતિની આર્થિક પરિસ્થિતિ પાયમાલ હતી. તેમ છતાં ધીરે ધીરે આટલા ટૂંક સમયમાં જ્ઞાતિએ સુવિકાસ અને સુપ્રગતિની જે હરણ ફાળ ભરી છે, એ કદાચ અન્ય જ્ઞાતિઓની સરખામણીમાં બેજોડ હશે.

જ્યારે તમારા કામોનો વિરોધ કરનારા વિરોધીઓ, એજ કામોમાં પોતાની સમાજમાં, તમારી સફળતાની નકલ કરવા લાગે, ત્યારે એમ સમજી શકાય કે તમારી સફળતા સાચી છે. સનાતનીઓના વિરોધીઓ પણ હવે સનાતનીઓની નકલ કરવા લાગ્યા. જે જે બાબતોમાં કટ્ટર વિરોધ કરતા, મરી જશું પણ તમારું કામ નહીં થવા દઈએ એવો ભાવ રાખનારા હવે નકલ કરવા લાગ્યા. સનાતની સમાજની ગુડવિલ / નામનાનો લાભ લેવા માટે સતપંથ સમાજ વાળા પણ પોતાને સનાતની કહેડાવવા લાગ્યા. એમના સમાજના નામોમાં પણ સનાતન શબ્દ જોડવા લાગ્યા. આ વાત ઉપરથી સનાતની સમાજની સફળતા કેટલી મોટી છે, એ સમજી શકો એટલા માટે અહીં લખી છે.

**181.** **<u>કમીઓ અને ખામીઓ</u>**: કહેવાય છે ને સારા કામમાં અડચણો હજાર. કેન્દ્ર સમાજની સફળતા અને વિકાસમાં પણ અમુક કમીઓ અને ખામીઓ રહી ગઈ અથવા નાખવામાં આવી. જ્યારે અવલોકન કરવા બેઠા છીએ ત્યારે નબળી વાતો અને કમીઓની વાત ન કરીએ તો અવલોકન અધૂરું કહેવાય.

**181.1.** **<u>શિક્ષણ ઉપર વધુ પડતો ફોકસ:</u>** શિક્ષણ જરૂરી હોય છે. પણ માત્ર શિક્ષણ પૂરતું નથી હોતું. સમાજ એવી ભૂલ કરી બેઠો કે શિક્ષણ આવશે તો જ્ઞાતિના બધાજ પ્રશ્નોનો પોતમેળે ઉકેલ આવી જશે. સમાજ અને ધર્મ એક જ સિક્કાની બે બાજુઓ છે. જો ધર્મ નહીં હોય તો સમાજ નહીં હોય. માટે સમાજના બાળકોને ધર્મ અને સમાજના ઇતિહાસનું પણ જ્ઞાન આપવું જરૂરી છે. આ સિદ્ધાંત એક બાજુ રહી ગયો. બીજી બાજુ સતપંથીઓ શું કરી રહ્યા છે? એના પર પણ કોઈએ ખાસ ધ્યાન આપ્યું નહીં. સનાતનીઓની સફળતાને પછાડવા માટે સતપંથીઓ કેવી રમત રમી રહ્યા છે, અને એની દૂરગામી અસર જ્ઞાતિ ઉપર કેવી પડશે, એના તરફ કોઈએ ધ્યાન આપ્યું નહીં [71:Page 5].

**181.2.** **<u>ખોટો આત્મવિશ્વાસ (Overconfidence):</u>** સતપંથ વાળા હવે લઘુમતીમાં આવી ગયા છે, કેટલા દિવસ ટકશે. માટે એમને એમના હાલ ઉપર છોડી દો. આપણે આપણી લીટી લાંબી કરો. એ લોકો ધીરે ધીરે સનાતનમાં આવી જ જશે. એક વખત કેળવણી આવશે તો કુરિવાજો અને અંધશ્રદ્ધા એની મેળે અલોપ થઈ જશે, એવું (ખોટું) વાતાવરણ નિર્માણ થયું [71:Page 91].

એવું નથી કે રાતોરાત સતપંથમાં ફેરફારો થવા લાગ્યા હતા અને કોઈએ સનાતનીઓને ચેતાવ્યા નહોતા. જ્યારે ફેરફારોની શરૂઆત થવા લાગી, ત્યારે જાગૃતિ માસિક પત્રિકાના April 1972ના અંકના પેજ 7માં "સનાતની ભાઈઓને" નામથી એક લેખ પ્રકાશિત કરેલ છે, જેમાં આ બાહ્ય ફેરફારો વિષે લેખક કહે છે કે આ ફેરફારો બાહ્ય છે, અંદર ખાને તો બધું એનું એ જ છે [56:Apr 1972, Page 7 (151 of 522)].

આવો બીજો પણ દાખલો છે. જાગૃતિ માસિક પત્રિકાના September 1972ના અંકના પેજ 15માં "સમાજ દર્પણ" નામથી લેખ પ્રકાશિત કરેલ છે. જેમાં સતપંથમાં થતા બદલાવો અને સતપંથીઓ સાથે રોટીબેટીના સંબંધો રાખવાના કારણે ઊભી થતી સમસ્યાઓ ઉપર ધ્યાન દોરવામાં આવ્યું હતું [56:Sept 1972, Page 15 (389 of 522)].

પણ, સનાતનીઓ ખોટા આત્મ-વિશ્વાસ (Overconfidence)ના શિકાર બની, સતપંથ ઉપર નજર રાખવાનું છોડી દીધું હતું [27:Page 33].

**181.3.** **<u>ખોટા કોર્ટ કેસો ચાલુ રહ્યા:</u>** સતપંથીઓ દ્વારા સનાતનીઓને હેરાન કરવા હેતુ એમના પર, ગામેગામ ખોટા કેસો કરવાનું કામ ચાલુ જ રહ્યું. સનાતનીઓ દ્વારા સતપંથીઓ સાથે સંપ જાળવી રાખવાના એમના પ્રયત્નોને એમની કમજોરી ગણવામાં આવી [27:Page 36].

**<u>કેન્દ્ર સમાજના વડીલો ઉપર ખોટા કેસનો એક દાખલો</u>**

મૂળ કોટડા (જ.) નો કિસ્સો છે. ગામના સમસ્ત પાટીદારો એક થઈ સનાતન સમાજમાં ભળી ગયા હતા. એટલે ગામે નક્કી કર્યા પ્રમાણે જૂની સતપંથવાળી પ્રોપર્ટીને ગામના લક્ષ્મીનારાયણ સમાજમાં ભેળવી દીધેલ હતી. તે પ્રમાણે બધા હળીમળીને રહેતા હતા. પણ અમુક સતપંથીઓ અને તેમના

**ખોટા કેસનો દાખલો**

ટેકેદારોને આ વાત ગમી નહીં. એટલે કોટડા (જ.) ના આગેવાનો ઉપર અનેક ખોટો કેસો કર્યા. આ બાબતે કેન્દ્રીય સમાજમાં વારંવાર રજૂઆત કોટડા (જ.) ના આગેવાનો કરતા હતા.

તે સમયે ખીમજી લખમશી લીંબાણી કેન્દ્ર સમાજ પ્રમુખ હતા. વર્ષ 2001ની એક મિટિંગમાં આવી ચર્ચા વચ્ચે સતપંથી અરજણ ભગત – આણંદસર વાળા – ચાલુ મિટિંગમાં વારેઘડીએ વિક્ષેપતો નાખતા હતા. એટલે છેવટે આ રોકવા માટે ખીમજીભાઈએ અરજણભાઇને સભામાં નીકળી જવાનો આદેશ આપ્યો. ત્યાંથી આ મુદ્દો શરૂ થયો.

એટલે કેન્દ્ર સમાજના પ્રમુખ ખીમજીભાઈ લખમશી લીંબાણી, શિવદાસ ગોવિંદ, વેલુભાઈ સલાટ, ઈશ્વર ભગત અને અન્ય વડીલો ઉપર ખોટો કેસ કરવામાં આવ્યો. આ વડીલો દિનાંક 24-Oct-2001ના પીરાણા આવીને મારા-મારી કરી / તોડફોડ કરી નુકસાન કર્યું છે, એવા પ્રકારનો ખોટો આરોપ નાખવામાં આવ્યો હતો.

જ્યારે આ બધા વડીલો અમદાવાદ કોર્ટ સામે હાજર થયા, ત્યારે જજને પણ એવું લાગ્યું કે આવા "ભાભા" શું મારા મારી કરે.. એટલે કહ્યું કે તમારામાં નાનામાં નાનો જે હોય, એને આવવાનું રહેશે. એમાં ઇશ્વરભાઇ ભગતના નામનો ઉલ્લેખ કરી બાકી બધાને રૂબરૂ હાજરી આપવાથી મુક્તિ આપી દીધી. અને સમયાંતરે આ કોઠો કેસમાંથી બધા નિર્દોષ છૂટી ગયા.

**સમજવાની વાત એ છે કે જો કેન્દ્ર સમાજના વડીલો ઉપર આવા તદ્દન ખોટા કરતા હોય તો સામાન્ય લોકોને કેવી રીતે ધામકાવતા હશે કે ડરાવતા હશે, દબાવતા હશે, એ તમારે વિચારવાનું છે.**

**કારણ કે આવા અનેકો ખોટા કેસો સનાતનીઓ ઉપર થયેલા છે.**

**181.4.** **<u>ઇતિહાસ ભૂલી ગયા:</u>** માત્ર શિક્ષણ ઉપર એકધારો ફોકસ રાખવાથી જ્ઞાતિના લોકો, સતપંથ અને તેની સામેની લડતનો ઇતિહાસ મોટે ભાગે ભૂલવા લાગ્યા. નવી પેઢી તો ઇતિહાસથી સાવ અજાણ જ રહી ગઈ. આપણે બધા હળીમળીને, એક થઇને સાથે રહેવું જોઇએ. ધર્મના ઝઘડાઓ ન કરવા જોઇએ, ભારત દેશ જેમ ધર્મ નિરપેક્ષ છે, એમ સમાજમાં પણ જેણે જે ધર્મ પાળવો હોય એ પાળે - એમાં કોઇએ વાંધો ન લેવો જોઇએ. સતપંથ પણ સનાતન ધર્મ જ છે. ધર્મ અંગત વસ્તુ છે. સમાજ અને ધર્મ એક બીજાથી જુદા છે, માટે સમાજમાં જેણે જે ધર્મ પાળવો હોય એ પાળી શકે છે. સનાતન સમાજની અંદર રહી સતપંથ પાળી શકાય, એવી મેલી મુરાદ સાથે આવા પ્રકારની વાતોના માધ્યમથી, ખોટો માહોલ ઊભો કરવામાં આવ્યો. ઇતિહાસ ભુલાઈ ગયા હોવાથી આ કામમાં તેમને સફળતા મળી [27:Page 66] [27:Page 237].

**181.5.** **<u>કેન્દ્રીય સમાજનું કામ માત્ર કેળવણીનું છે:</u>** જ્ઞાતિમાં એવો માહોલ ઊભો થયો કે કેન્દ્ર સમાજનું કામ માત્ર કેળવણીનું છે. ધર્મ બાબતે એનું કામ નથી. દાખલો (ખોટો) આપતા કહેવામાં આવતું કે જુઓ નખત્રાણાના છાત્રાલયમાં ભગવાનનું મંદિર નથી. માટે ત્યાં માત્ર કેળવણીનું જ કામ કરાય.

ઇતિહાસ ભૂલી ગયેલા હોવાના કારણે કોઈનું ધ્યાન એ બાબતમાં ન ગયું કે છાત્રાલયના ઉદ્ઘાટનના અહેવાલમાંજ જણાવેલ છે કે એ કાર્યક્રમ વખતે કેન્દ્રીય સમાજનું નવું બંધારણ પણ પાસ કરેલ છે. અને એજ કાર્યક્રમમાં જ્ઞાતિના નવા રીતરિવાજો પણ પાસ કરેલ છે. એ કાર્યક્રમમાં પીરાણા સતપંથને છોડવા ઉપર ભાર આપતા ભાષાણો પણ છે. સંત ઓધવરામ મહારાજના અધૂરા રહેલા કામોને પૂરા કરવાના અભિગમ રૂપે આ છાત્રાલય છે એવા ભાષણો પણ છે. સતપંથ સામે લડાઈમાં પોતાનું જીવન હોમી નાખનાર વડીલો દ્વારા ઊભી કરેલ કેન્દ્ર સમાજ કોઈ દિવસ સતપંથને પ્રોત્સાહન આપવા માટે નથી ન જ હોય, એ વાત ધીરે-ધીરે ભુલાઈ ગઈ. છાત્રાલયનો ફાળો ભેગો કરવા માટે સભાઓમાં એવું કહેવામાં આવેલ કે ભવિષ્યમાં છાત્રાલયના માધ્યમથી ધાર્મિક કામ કરવામાં આવશે (દિનાંક 10-Aug-1959ની મિનિટ્સ), એ પણ લોકો ભૂલી ગયા [71].

ઘણા સમય સુધી આવું વાતાવરણ ચાલ્યું. જેના કારણે નવા અજાણ કાર્યકર્તાઓએ સહજ સ્વીકારી લીધું કે કેન્દ્રીય સમાજનું કામ ધર્મ બાબતનું નથી.

**181.6.** **<u>સતપંથીઓ ઘૂસી ગયા:</u>** સનાતનીઓ (દેહશુદ્ધિ કરાવી હોય કે ન હોય) આપસમાં ભળીને રહે એટલા માટે દેહશુદ્ધિ કરાવેલ અને ના કરાવેલ લોકો વચ્ચે આપસમાં ખવાપીવાની છૂટની વાત હતી. સતપંથીઓ સાથે કોઈ પણ પ્રકારના વ્યવહાર રાખવા પર બંધી હતી. પણ સમય જતાં, મૂળ હેતુ ભુલાઈ જવાથી, આ સહુલિયત વધુપડતી છૂટછાટમાં ફેરવાઈ ગઈ.

સતપંથીઓ સાથે રહેશે તો સુધરશે, એવી સારી ભાવનાથી, ઘણી જગ્યાએ સતપંથીઓને સનાતની સંસ્થાઓમાં સામેલ કરવામાં આવ્યા. એના સારાં પરિણામો પણ આવ્યા. કોઈ પણ કપટ ન રાખનારા, ઘણા સતપંથીઓ પૂરી નિષ્ઠાથી સનાતની બની ગયા. પણ સનાતનીઓની આ ભાવનાનો દુરુપયોગ પણ થયો [27:Page 51].

અમુક સતપંથીઓ, મેલી મુરાદ રાખી, સનાતની સમાજમાં ભળી ગયા. તે સમયે વડીલોએ એમના પર શંકા કુશંકા ન રાખી કારણ કે વડીલોનું લક્ષ્ય માત્ર શિક્ષણ ઉપર કેન્દ્રિત રહી ગયું [27:Page 48].

**181.7.** **<u>સતપંથીઓનો સનાતની સમાજ ઉપર કબજાનો પ્રયાસ:</u>** આપણો ભાઈ છે, સાથે રાખશું તો ધીરે ધીરે સુધરી જશે, એમ સનાતનીઓ સમજતા હતા. પણ સતપંથીઓ સનાતની સમાજમાં ઘૂસી, ધીરે ધીરે સનાતન સમાજના ઉચ્ચ હોદ્દાઓ સુધી પહોંચી ગયા અને સનાતન સમાજની ભાગદોડ પોતાના નિયંત્રણમાં લાવવા લાગ્યા [27:Page 64].

ધીરે ધીરે સનાતન સમાજમાં એવો માહોલ (narrative) ઊભો કર્યો કે આ સમાજતો સનાતની-સતપંથી એમ બન્ને પેટા-જ્ઞાતિની સંયુક્ત છે. હાલની કેન્દ્ર સમાજ તો માત્ર શિક્ષણની સંસ્થા છે. જુઓ અહીં છાત્રાલય સિવાય કંઇ નથી. કોઇ મંદિર નથી. આ માત્ર સનાતનીઓની સંસ્થા નથી. આ સંસ્થા તો માત્ર શિક્ષણ માટે છે. આ સંસ્થા સમાજ નથી, એવું ખોટું વાતાવરણ ઊભું કરવામાં આવ્યું [27:Page 67].

**181.8. <u>મીડિયા પોતાનો રોલ ભજવી ન શકી:</u>** જ્યારે આગેવાનો કઇંક ખોટું કરતા હોય અથવા તો ભૂલ કરતા હોય, ત્યારે જાગૃત મીડિયાનું કામ છે કે એ ભૂલ લોકો સામે મૂકે. પણ આ સમય ગાળામાં મોટે ભાગે મીડિયા પોતાનો સકારાત્મક રોલ ભજવી ન શકી [27:Page 37].

**181.9. <u>ધર્મ બાબતે ઉદાસીનતા:</u>** સનાતની સમાજમાં ધર્મનો પ્રચાર ધીરે-ધીરે બંધ થઇ ગયો. સનાતનનો પ્રચાર કરશું, તો બાજુમાં બેઠેલા સતપંથીને ખરાબ લાગશે. એની લાગણી દૂભાશે, માટે આપણે ધર્મનો પ્રચાર ન કરવો જોઈએ. એવો માહોલ ઊભો થયો.

ધીરે ધીરે પરિસ્થિતિ એવી આવી ગઈ કે સમાજમાં સનાતન ધર્મની જય, લક્ષ્મીનારાયણ ભગવાનની જય, વગેરે બોલવાનું બંધ થઇ ગયું. કારણ કે આ જય બોલાય એટલે સતપંથીઓ સતપંથ ધર્મની જય બોલે, ઈમામશાહની જય, વગેરે બોલે. જે સનાતનીઓ કોઇ કાળે ચલાવી લે એમ નહોતા [27:Page 52].

સમાજના કાર્યક્રમોમાં સનાતની સાધુઓને પણ બોલાવવાનું બંધ થઇ ગયું. કારણ કે સનાતની સાધુઓને બોલવવાની વાત આવે, ત્યારે સતપંથીઓ પણ સતપંથના સાધુઓને બોલાવવા માટે શરત રાખવા લાગ્યા.

એટલે "તેરી ભી ચૂપ, મેરી ભી ચૂપ" નો રસ્તો અપનાવ્યો, જે મોટી ભૂલ હતી. સનાતન સમાજમાં સતપંથીઓની દખલગીરી/દાદાગીરી ચલાવી નોતી લેવી જોઈતી [27:Page 51].

**181.10. <u>સ્વાધ્યાય અને આર્ય સમાજનો દુરુપયોગ:</u>** જે સતપંથીઓને સનાતની લેબલ જોઈતું હતું, પણ સનાતનીઓની પકડથી દૂર રહેવું હતું. બહારથી સનાતની દેખાવ અપનાવવો હતો, પણ અંદર ખાને સતપંથ પાળવો હતો, આવા લોકોએ સમાજમાં ચાલતા સ્વાધ્યાય પ્રવાહ અને એની ઉદારતાનો દુરુપયોગ કર્યો. તેવીજ રીતે આર્ય સમાજનો પણ દુરુપયોગ કર્યો. ખાસ કરીને કંપા વિસ્તારમાં આવું બહુ જોવા મળ્યું. આવી રીતે પાછલા બારણેથી સતપંથીઓ સનાતન સમાજમાં ઘૂસ્યા. અહીં એક વાત સ્પષ્ટ રીતે સમજવા જેવી છે કે બધાજ સ્વાધ્યાયીઓ અને આર્ય સમાજીઓ આવા છે, એવું કહેવાનો કોઇ જ ઉદ્દેશ નથી. જેવી રીતે કેન્દ્ર સમાજનો દુરુપયોગ થયો, એવી રીતે સ્વાધ્યાય અને આર્ય સમાજનો દુરુપયોગ પણ થયો.

**181.11.** **<u>પૂજ્ય સંત વાલરામ મહારાજ સાથે છેતરામણી:</u>** સતપંથીઓ એવો ખોટો પ્રચાર કરવા લાગ્યા કે સંત વાલદાસજી[123] મહારાજ સતપંથને આવકારે છે અને સતપંથના ગાદીપતિ કરસન કાકા સાથે સહકારમાં કચ્છમાં ફરે છે, એમની સાથે હળે મળે છે, વગેરે. જ્યારે હકીકત આ પ્રમાણે છે કે;

સાબરકાંઠાના કેટલાક ભાઈઓની વિનંતીથી ખેડબ્રહ્મામાં કન્યા છાત્રાલયનું ઉદ્ઘાટન વાલરામજી મહારાજના હાથે કરાવ્યું. ત્યાર બાદ ત્યાંના અમુક ભાઈઓએ આગ્રહ કર્યો કે તેઓ જાતે જઈ પીરાણા જોવું જોઈએ. તે મુજબ ફોનથી સંપર્ક ગોઠવી એ પ્રમાણે પીરાણા ગયા.

ત્યાર બાદ Mar 1989ના કરસન કાકા કચ્છમાં, દેશલપર-વાંઢાય આવ્યા હતા. ત્યારે એમના થોડા અનુયાયીઓ એમ કહીને વાલરામ મહારાજને લેવા આવ્યા કે કરસનદાસ મહારાજ એમને યાદ કરે છે. સામાન્ય સૌજન્ય પ્રમાણે અને ભોળપણના લીધે કરસન કાકાને મળવા ગયા. ત્યાં એમની જાણ બહાર એમનો ફોટો કરસન કાકા સાથે લીધો અને એવો પ્રચાર કરવા લાગ્યા કે વાલદાજી મહારાજ પણ સતપંથ ધર્મને માન્ય રાખે છે.

આ બાબતે **સંત વાલરામ મહારાજે** દિનાંક 02-Jul-1989ના લેખિત ખુલાઓ બહાર પાડ્યો છે [147]. એમાં એમને કહ્યું કે **"અમારા મત પ્રમાણે પીરાણા પંથ પછી ગમે તેવા નામ કે લેબાસમાં હોય પણ તે સો એ સો ટકા ઇસ્લામી ધર્મ છે. એને સનાતન કે વૈદિક કે હિન્દુ ધર્મની સાથે કશું પણ લાગતું નથી."**

તેમ છતાં પીરાણાની સંસ્થાએ દિનાંક 03-May-1997ના બહાર પાડેલ દશાબ્દી મહોત્સવ સ્મૃતિ ગ્રંથના પેજ 98માં વાલદાસ મહારાજનો કરસન કાકા સાથેનો દેશલપર-વાંઢાયમાં પાડેલ ફોટો પ્રકાશિત કર્યો અને નીચે લખ્યું કે "પ. પૂ. વાલદાસજી મહારાજ હર્ષભેર સાથે કેટલાક ગામડાઓમાં પ. પૂ. કરસનદાસજી મહારાજ સાથે રહીને શાંતિનો સંદેશો તેમજ ધાર્મિક એકતાના ઉદ્દેશને અસરકારક બનાવવા માટે યથાર્થ પ્રયત્ન કરેલ." [123:Page 98]

**આપણે એ સમજવાનું છે કે જો સંતો સાથે છેતરામણીનો આવો વ્યવહાર કરવામાં આવતો હોય જેમાં પીરાણાની માતૃ સંસ્થા સીધી રીતે સંકળાયેલી હોય, તો સામાન્ય સનાતનીઓ અને લોકો સાથે કેવો વ્યવહાર થતો હશે? એ દરેકે વિચારવાનું છે. આ તો માત્ર એક દાખલો જ હતો.**

---

[123] વાલદાસજી = વાલરામજી. હરિહર પરંપરામાં સાધુ જીવિત હોય ત્યારે એમના નામ પાછળ "દાસ" જોડવામાં આવે છે અને એમના સ્વર્ગવાસ પછી "રામ" જોડવામાં આવે છે.

**182. <u>સનાતની સમાજ તોડવાના પ્રયત્નો અને એનો બચાવ:</u>** આ સમયગાળામાં જ સનાતનીઓની સમાજ અને સંગઠન તોડવા માટે થયેલ પ્રયત્નો અને એનો કેવી રીતે બચાવ કરવામાં આવ્યો, એ અંગે, સુગમતાને ધ્યાનમાં રાખીને, અલગથી હવે પછી "વર્ષ 1985નું તાકીયા – હિન્દુ દેખાવ પણ અંદરથી ઇસ્લામ" અને "સફાઇ અભિયાન – સનાતન ધર્મ જાગૃતિ સમિતિની ચળવળ" પ્રકરણોમાં જણાવેલ છે.

**183. <u>ઉપસંહાર:</u>** ઉપર જણાવેલ ખામીઓ હોવા છતાં, સનાતની કેન્દ્રીય સમાજ જબરદસ્ત સફળ રહ્યો, એમાં બે મત નથી. વિચાર તો કરો કે સનાતનીઓની સફળતાએ વિરોધીઓના મનમાં કેટલી દહેશત ભરી દીધી હશે કે એ લોકોને સનાતની સમાજમાં પોતાનું અસ્તિત્વ બચાવવા માટે ઘૂસવું પડ્યું. ભલે અંદર ઘૂસીને થોડું નુકસાન પહોંચાડ્યું હશે, સનાતની મોહિમની ગતિ ધીમી પણ કરી હશે, તેમ છતાં સનાતની મોહિમ અત્યંત સફળ રહી.

જેમ-જેમ લોકોને ખબર પડતી ગઇ કે સતપંથ વાસ્તવમાં હિન્દુ ધર્મ નથી પણ મુસલમાન ધર્મ છે, અને સનાતની સમાજ એકદમ વ્યવસ્થિત છે, ધર્મના રીતે સચોટ હિન્દુ છે, સંસ્કારોના રીતે ઉચ્ચ છે અને બધીજ સારી બાબતોમાં બહુ ચડિયાતો છે, તેમજ ખરેખર ખૂબ જ સારું કામ કરી રહ્યો છે, તેમ લોકો સતપંથ છોડતા ગયા. આવી રીતે સતપંથ છોડી સનાતનમાં ભળવા વાળા લોકોનો પ્રવાહ અવિરત ચાલુ જ રહ્યો.

આનું પરિણામ જ્ઞાતિના મૂળ મોહિમ પર કેવું આવ્યું એ નીચે જણાવેલ છે, જે સ્પષ્ટ દર્શાવે છે કે સનાતન સમાજને મજબૂત બનાવવા અને પોતાના પગ ઉપર ઊભા રહેવા માટે જરૂરી સંસ્થાઓ, સગવડો, વાતાવરણ વગેરે ઊભું કરવામાં મોટે ભાગે સફળ રહ્યા છે.

# પ્રહર 6

1985 થી 2023
38 વર્ષ

# સફાઇ અભિયાન

સનાતન સમાજને વેરવિખેર કરી,
**પુનઃ સતપંથ ધર્મમાં લઈ જવાના ષડયંત્રને**
નિષ્ફળ બનાવી સમાજને **સ્વચ્છ કરવાનું અભિયાન..**

# 24

# વર્ષ 1985નું તાકીયા – હિન્દુ દેખાવ પણ અંદરથી ઇસ્લામ

**184. <u>સતપંથ છોડતા લોકોનો પ્રવાહ:</u>** સનાતની કેન્દ્ર સમાજની જબરદસ્ત સફળતાના કારણે સતપંથ છોડતા લોકોનો પ્રવાહ પ્રબળ બન્યો. જે સંખ્યામાં લોકો સતપંથ છોડવા લાગ્યા, એ પીરાણાના સુત્રધારો માટે બહું જ મોટી ચિંતાનો વિષય બની ગયો. ધીરે-ધીરે વર્ષ 1985 સુધી પીરાણાની હાલત ખૂબ બગડીને ગંભીર પરિસ્થિતિમાં પહોંચી ગઈ.

પીરાણા સતપંથની ગબડતી પરિસ્થિતિને સુધારવા વર્ષ 1985ની આજબાજુ નિર્ણયો લેવામાં આવ્યા અને તે પ્રમાણે 1990ના દાયકામાં મોટા ફેરફારો જાહેરમાં જોવામાં આવ્યા. આ ફેરફારો એટલા ઘાતક હતા કે આગામી લગભગ 20 વર્ષ સુધી એ ફેરફારો પાછળની રમતને સનાતન સમાજ સમજી ન શક્યો [69] [46:3rd Page of Prakashakna Be Bol section] [123] [11].

પીરાણા સતપંથનું અસ્તિત્વ ટકાવવા માટે, અનુયાયીઓની ઘટતી સંખ્યા અને ઘટતી આવકને અટકવવાની તાતી જરૂર હતી. પીરાણાની આવક વધારવા માટે જરૂરી હતું કે અનુયાયીઓ વધે. પણ વર્ષ 1985ના અરસા સુધી સતપંથના અસલ ઈસ્લામી સ્વરૂપની જાણ કચ્છ કડવા પાટીદાર (ક.ક.પા.) જ્ઞાતિના ઘરો ઘર સુધી પહોંચી ગઈ હતી. ઈસ્લામ ધર્મ સાથે જોડાવવામાં ક.ક.પા. જ્ઞાતિના લોકો હવે શરમની લાગણી અનુભવતા હતા. એટલે એક એવા ઉપાયની જરૂરત હતી, કે જેના થકી લોકો મોટી સંખ્યામાં પીરાણા સતપંથ સાથે જોડાય અને તેમાં તેમને ગૌરવની લાગણી અનુભવે. [27:Page 33 and 355]

**185. <u>તાકિયાના પુનઃ પ્રયોગથી બાહ્ય બદલાવ:</u>** આ ઉપાયને અમલમાં લાવવા માટે ફરીથી એક વખત ઈસ્લામનું મહત્ત્વનું હથિયાર "અલ-તાકિયા" ટૂંકમાં "તાકિયા"નો પ્રયોગ કરવામાં આવ્યો.

સતપંથનું અસ્તિત્વ ખતરામાં જોઈને, સતપંથના "ગુપ્તી" સમુદાયના નેતા એટલે કે ગાદીપતિ મુખ્ય કાકાએ પીરઝાદા શમસુદ્દીન બાવા ખાકીના માર્ગદર્શન હેઠળ, સતપંથમાં **બાહ્ય** હિન્દુવાદી સુધારા કરવાનું શરૂ કર્યું.

આનો હેતુ એટલો જ હતો કે સતપંથના અનુયાયીઓને સનાતની ભાઈઓની નિંદા સેહવી ન પડે અને સતપંથને મુસ્લિમ ધર્મ સમજીને છોડીને ગયેલા અનુયાયીઓ પાછા સતપંથમાં વળી શકે. આના કારણે સતપંથીઓ પોતાની ઓળખ, એક રૂઢીવાદી હિંદુ તરીકે હોવાનો મજબુત દાવો કરી શકે અને ઇસ્લામનો કોઈ પ્રભાવ ન હોવાનું પણ કહી શકે. [27:Page 356 to 359] [138:Page 150].

**186. <u>ત્રણ પ્રકારના ફેરફારો થયા:</u>** તાકીયાનો ઉપયોગ કરીને પીરાણા સતપંથમાં મુખ્ય ત્રણ પ્રકારના ફેરફારો કરવામાં આવ્યા.

**186.1. <u>સતપંથના શાસ્ત્રોનું ભાષાંતર:</u>** સતપંથ ઇસ્લામી ધર્મ હોવાના કારણે એમાંના અસલ શાસ્ત્રોમાં ઘણા બધા ઇસ્લામી શબ્દો હતા. એ ઇસ્લામી શબ્દોનું ભાષાંતર કરીને તેની જગ્યાએ હિન્દુ શબ્દો મૂકવામાં આવ્યા. જેવી રીતે બાઇબલ કે કુરાનનું ભાષાંતર "હિન્દુ" ભાષામાં તૈયાર કરેલ હોય. આવા ભાષાંતર કરેલ શાસ્ત્રોને હિન્દુ ધર્મના શાસ્ત્રો છે એવી રીતે રજૂ કરવામાં આવ્યા. પહેલી નજરે લોકોને કંઇ ઇસ્લામી શબ્દો દેખાયા નહીં એટલે એમને સાચું લાગ્યું [50:Page 220 to 227].

પણ, એ શાસ્ત્રોમાં સતપંથના ઇષ્ટદેવ મૂર્તઝા અલી તાલીબ (હિન્દુ નામ - નિષ્કલંકી નારાયણ) અને આદ્ય ગુરુ સૈયદ ઈમામશાહ બાવાનું પૂજન ચાલુ રાખ્યું. માત્ર પૂજા કરવાની ભાષા બદલી. હિન્દુઓને ભ્રષ્ટ કરનાર સતપંથ-દશાવતાર ગ્રંથને રદ્દ ન કર્યો. એમના ભગવાન અને ગુરુને ક્યારેય ન બદલ્યા. એ મુસલમાન જ રહ્યા [27:Page 357] [50:Page 216] [140:Page 105, 106, 108, 110, 111, 112] [158:Page 231 to 233].

**186.2. <u>હિન્દુ સાધુ સંતોનો દુરુપયોગ:</u>** હિન્દુ સાધુ સંતોનો વિશ્વાસ જીતવા માટેના પ્રયત્નો થયા. બંધ બારણે સાધુઓ પાસેથી સાંભળવામાં આવ્યા પ્રમાણે, હિન્દુ સાધુ સંતોને એવું કહેવામાં આવેલ હતું, કે સતપંથીઓ મુસલમાન ન બની જાય, એટલા માટે અમને સહયોગ કરો. અમે લોકોને હિન્દુ બનાવવા માંગીએ છીએ. જુઓ આ અમારાં ધાર્મિક પુસ્તકો જેમાંથી અમે ઈસ્લામના તત્ત્વો કાઢી નાખ્યા છે અને એમાં હવે માત્ર હિન્દુ તત્ત્વો જ છે.

કોઇએ સતપંથના શાસ્ત્રોનો ગહન અભ્યાસ ના કર્યો. તાકીયા વિષે કોઇ જાણતું નહોતું. હિન્દુ સાધુ સંતોને આ ઊંડા ષડયંત્રની કલ્પના જ નહોતી. એમને એમ લાગ્યું કે કોઇ મુસલમાનમાંથી હિન્દુ બને છે, તો જાજો વિચાર કરવાની જરૂર નથી, સારું જ થાય છે. કોઇએ સનાતની કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ પાસેથી અભિપ્રાય લીધો નહીં.

માટે, હિન્દુ સાધુ સંતો, જે ખૂબ સારી રીતે જાણે છે કે સતપંથ મુસલમાન ધર્મ છે, છતાં માત્ર એવી આશામાં કે સતપંથીઓ હિન્દુ બની રહ્યા છે અને પોતાના હાથે ધર્મનું બહુ મોટું કામ થઇ રહ્યું છે, એવા ભ્રમમાં આવીને સતપંથને સહયોગ આપવા તૈયાર થઇ ગયા. પીરાણા તરફથી સાધુઓને અપાતા દાન-દક્ષિણા પણ થોડોઘણો ભાગ ભજવતા હોય છે.

પીરાણામાં હિન્દુ સાધુ સંતોના સંમેલનો સમય સમય પર બોલાવવામાં આવે છે. આ સંમેલનોમાં મંચ ઉપરથી સતપંથ હિન્દુ ધર્મનો ભાગ છે, એવી રજૂઆત હિન્દુ સંતોના મોઢે કરવામાં આવે છે. [50:Page 216] [27:Page 36] [69] [123] [11] [163] [158:Page 231 to 233].

**186.3.** **<u>હિન્દુ સંગઠનોનો દુરુપયોગ:</u>** હિન્દુ સાધુ સંતોને જેવી વાત કહી એવી વાત હિન્દુ સંગઠનો જેવા કે RSS, VHP, બજરંગ દળ વગેરેને કહી. હિન્દુ સંગઠનો પણ ખુશ થયા કે મુસલમાનના ધર્મ સ્થાનને હિન્દુ ધર્મમાં ફેરવી નાખવામાં આવી રહ્યું છે [27:Page 205] [158:Page 231 to 233] [138:Page 148 and 149].

એ પ્રમાણે શરૂઆતમાં હિન્દુ સંગઠનોના કાર્યક્રમો થવા લાગ્યા. એમના કાર્યકર્તાઓની શિબિરો યોજવવાનું શરૂ થયું. સાંભળવા મળેલ વાત પ્રમાણે તેમના કાર્યક્રમોનો ખર્ચ પણ પીરાણા સંસ્થા ઉપાડવા લાગી [27:Page 242] [27:Page 153] [27:Page 968] [158:Page 232].

આ સંગઠનોના માર્ગદર્શન હેઠળ પીરાણામાં હિન્દુ દેખાવ વધારવામાં આવ્યો. અને આ સંગઠનોના કાર્યકર્તાઓ ગૌરવ કરવા લાગ્યા કે એમણે એક મુસલમાન ધર્મ સ્થાનક ઉપર હિન્દુનો કબજો કરાવીને બહુ મોટું કામ કર્યું છે [50:Page 230].

**187.** **<u>સાધુ સંતો અને હિન્દુ સંગઠનોએ પૂરો વિચાર ન કર્યો:</u>** હિન્દુ સાધુ સંતો અને હિન્દુ સંગઠનોએ જ્યારે પીરાણા સતપંથને સાથ આપ્યો ત્યારે એમણે કલ્પના પણ નહીં કરી હોય કે તેમના સાથ-સહકારનો દૂર-ઉપયોગ કરવામાં આવશે. એમણે કોઇ દિવસ, સતપંથ છોડીને હિન્દુ બનેલા લોકોની સમાજ, શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, સાથે વાતચીત ન કરી, **એમને વિશ્વાસમાં ન લીધા**. [27:Page 39].

**188.** **<u>તાકીયાથી અજાણ:</u>** હિન્દુ સાધુ સંતો કે હિન્દુ સંગઠનો મોટે ભાગે તાકીયાથી અજાણ હતા. એટલે એમની રમત એમના જ (હિન્દુના) વિરુદ્ધ વાપરવામાં આવી શકે, એ એમની કલ્પનામાં જ નહોતી.

**189.** **<u>ઇસ્લામી બીજથી અજાણ:</u>** હિન્દુ સાધુ સંતો અને સંગઠનોએ માત્ર સતપંથના બાહ્ય આચરણો ઉપર કામ કર્યું. સતપંથના ઇસ્લામી બીજને કાઢવા ઉપર કોઈએ કામ ન કર્યું. જો ઇસ્લામી બીજ સુરક્ષિત રહેશે, તો ભવિષ્યમાં કોઇ ને કોઇ દિવસ, સતપંથ પાછો ઇસ્લામી ધર્મનો સાચું રૂપ અપનાવશે, એમાં બે મત નથી.

**190.** **<u>ફેરફારોની અસર:</u>** ઉપર જણાવેલ ત્રણ પ્રકારમાં ફેરફારોથી પીરાણાને જે જોઈતું હતું એ મળી ગયું. સતપંથ હિન્દુ ધર્મનો ભાગ છે એવું લોકોમાં પ્રસ્થાપિત કરવામાં તેઓ મહદ અંશે સફળ થયા. આ છબીના કારણે પીરાણા છોડનાર સતપંથીઓને ભરમાવવામાં તેઓ સફળ રહ્યા. ભરમાવવા શબ્દ એટલા માટે વાપરવામાં આવ્યો છે કારણ કે સતપંથ ઇસ્લામ ધર્મ હોવા છતાં, હિન્દુ ધર્મ છે એવું કહીને લોકોને છેતર્યા. પરિણામે સતપંથ હિન્દુ ધર્મ હોય તો સતપંથને છોડી જવાની જરૂર નથી, એવું લોકો સમજવા લાગ્યા.

આવી છેતરામણીથી કોને  નુકસાન થયું? હિન્દુ કે મુસલમાનોને? મુસલમાનો તો કોઇ સતપંથ તરફ આકર્ષાયા નહીં. ઊલટું હિન્દુ સતપંથ તરફ આકર્ષાયા અને અડધા હિન્દુ અને અડધા મુસલમાન બન્યા. સવાલ એ છે કે શું હિન્દુ સાધુ સંતો અને હિન્દુ સંગઠનો હિન્દુઓને સતપંથ તરફ આકર્ષિત કરવા માંગતા હતા? જો ના, તો હવે પછી જે આગળ (નીચે) જણાવેલ છે, જે બન્યું એનું જવાબદાર કોણ?

સનાતની સમાજમાંથી લોકો સતપંથ ધર્મ તરફ પાછા કેમ જવા લાગ્યા? [27:Page 171]

**191.** **<u>ફેરફારોથી પીરાણાને લાભ:</u>** હિન્દુ છબી/ઓળખને સતપંથીઓએ હિન્દુઓના વિરુદ્ધ જ કેવી રીતે વાપરી, એ હવે જોઈશું [27:Page 39].

**191.1.** **<u>સતપંથ છોડવાનો પ્રવાહ અટક્યો:</u>** ભ્રમણામાં પડેલા હોવાના કારણે, સતપંથને છોડી દેનાર લોકોનો પ્રવાહ ધીમો પડ્યો અથવા તો અટકયો.

**191.2.** **<u>હિન્દુ છબીના કારણે સનાતન સમાજમાં ઘૂસી અને ટકી શક્યા:</u>** સતપંથ હિન્દુ ધર્મ છે, એવી છબીના કારણે, ક. ક. પા. જ્ઞાતિના સતપંથીઓને અન્ય જ્ઞાતિઓમાં પોતાને હિન્દુમાં ખપાવવા માટે સનાતન સમાજમાં સહેલાઈથી ઘૂસવા અને અંદર ટકી રહેવા માટે અનુકૂળ વાતાવરણ મળી ગયું.

**191.3.** **<u>સનાતન સમાજને તોડવાના પ્રયાસો કરવામાં આવ્યા:</u>** પીરાણા સતપંથ ધર્મને ત્યાગનાર લોકોએ ઊભી કરેલ સનાતન સમાજને તોડવાના પ્રયાસો સતપંથીઓ કરવા લાગ્યા. સનાતનીઓ સામે ખોટા પોલીસ અને કોર્ટ કેસો કરી, એમને દબાવવાના પ્રયત્નો થવા લાગ્યા. સનાતની સમાજ ચલાવવામાં અડચણો ઊભી કરવા લાગ્યા.

એટલે જ્યારે એમને રોક્યા અને કહ્યું કે જો આવું કરશો, તો આપણે સાથે નહીં રહી શકીએ. માટે હવે તમે તમારા સતપંથ સમાજમાં રહો, એ સારું છે, આ સમાજ સનાતનીઓની જ સમાજ છે. ત્યારે જવાબ મળવા લાગ્યો કે અમે પણ હિન્દુ છીએ, સનાતની છીએ. જુઓ અમારા ધાર્મિક પુસ્તકો, જુઓ હિન્દુ સાધુ સંતોના પ્રવચનો, જુઓ હિન્દુ સંગઠનોનો સહયોગ. એમની વાતને મનાવવા માટે કોર્ટ કેસો અને સરકારી તંત્રોનો દુરુપયોગ પણ કરવા લાગ્યા. સનાતની સમાજ બધી બાજુથી સંકટ રૂપી કાળા વાદળો વચ્ચે ફસાઈ ગયો [27:Page 36].

**192.** **<u>મવાળો[124] સક્રિય થયા:</u>** સનાતન સમાજમાં સતપંથના એજન્ટ બનીને બેઠેલા મવાળોએ પણ સમાજને ખૂબ જ મોટું નુકસાન પહોંચાડ્યું. મવાળો કોને કહેવાય, મવાળોની કાર્યપદ્ધતિ વગેરે વિષે વધુ જાણકારી માટે જુઓ પુસ્તક સતપંથ છોડોમાં [27:Page 195] અને આ પુસ્તકમાં જણાવેલ પોઈન્ટ (22.2).

સતપંથીઓ અને મવાળો મળીને સનાતન સમાજમાં એવો માહોલ (narrative) ઊભો કર્યો કે સમાજમાં સતપંથીઓ સાથે પ્રેમ-એકતા-સંપ-સંગઠન વગેરે રાખવું એજ સર્વોપરી છે. અને એની જવાબદારી સનાતનીઓ ઉપર છે (સતપંથીઓ ઉપર નહીં). સદ્ભાવ અને ધર્મ નિરપેક્ષતાની વાતો કરવામાં આવે. સતપંથવાળાને ખોટું કરતા અટકાવવામાં આવે ત્યારે પ્રેમ-એકતા-સંપ-સંગઠન તૂટી જવાનો ભય બતાવવામાં આવે. ઉપરથી ખોટા કોર્ટ કેસમાં ફસાવવાનો ભય પણ બતાવવામાં આવે. આવી રીતે સનાતની નેતાઓ/વડીલોને ચૂપ કરાવી દેવામાં આવે.

---

[124] મવાળ = સનાતન સમાજમાં રહી સનાતન સમાજને નુકસાન કરે અને સતપંથ સમાજને ફાયદો થાય એવું કામ કરે. એક પ્રકારના સ્લીપર સેલ (sleeper cell) કહી શકાય.

મવાળો હવે સનાતની વિચારધારાને નુકસાન કરવા લાગ્યા. જેમ કે પુસ્તક પ્રકાશિત કરવા લાગ્યા. "સમાજ ભક્તિની ત્સુનામી" [44], "સમાજ ભક્તિની સચ્ચાઈ" [29], "વૈદિક અથરવવેદ સતપંથ એક ઇતિહાસ" [154], પેમફ્લેટો [75] [150], વગેરે પ્રકાશિત કર્યા અને "એકતા મંચ વાંઢાય" [162], "પાટીદાર સર્વોદય ટ્રસ્ટ" [7]જેવા સંગઠનો પણ ઊભા કર્યા.

ધીરે-ધીરે એમની લોબી એટલી મજબૂત થઇ ગઇ કે નેતાઓ પોતાની સીટ ટકાવવા માટે મવાળો અને સતપંથીઓને છાવરવાની નીતિ અપનાવવા લાગ્યા. એના બે મુખ્ય દાખલાઓ અહીં નીચે આપેલ છે.

1. **<u>સનાતન શબ્દનો વિરોધ:</u>** ધનસુરા ઝોનની એક મિટિંગ મોડાસા ખાતે રાખવામાં આવી હતી. એ સભામાં, મવાળોએ એવી રજૂઆત કરી કે અમારી માટે "સનાતન" શબ્દનો વિવાદ છે, માટે ધનસુરા સનાતન સમાજના નામમાં "સનાતન" શબ્દ કાઢી નાખવો જોઈએ, એ પ્રકારની વાત થઈ. એજ સભામાં મંચ ઉપરથી, ધનસુરા સનાતન સમાજના તત્કાલીન મંત્રી શ્રી અમૃતભાઈ રામાણી, સંચાલક અશોકભાઈ ભાવાણી અને તેમની સાથે ધનસુરાથી આવેલ અન્ય ભાઈઓએ સંત શ્રી ઓધવરામ મહારાજના અભિગમ અને સંઘર્ષનો ઉલ્લેખ કરીને એ વાતનો જબરદસ્ત વિરોધ કર્યો. તેથી સનાતન શબ્દને કોઈ વાંધો આવા દીધો નહીં (આજે પણ ધનસુરા સમાજના નામામાં ગૌરવ સાથે સનાતન શબ્દ જોડાયલો છે). – સૌજન્ય: અમૃતભાઈ રામાણી, ધનસુરા અને અશોકભાઈ ભાવાણી, ધનસુરા.

2. **<u>રામજી કરમશી નાકરાણી:</u>** કેન્દ્રીય સમાજનો ઇતિહાસ રહ્યો હતો કે એના પ્રમુખ કોઈ દિવસ સતપંથના કાર્યક્રમમાં હાજરી આપી નહોતી. બધાજ પ્રમુખોએ સનાતન સમાજની ગરિમા સાચવી હતી. પણ રામજીભાઈ, એક કટ્ટર સનાતની હોવા છતાં, Nov-2008માં નખત્રાણામાં ઊભા થયેલ નવા ખાના (નિષ્કલંકી નારાયણનું કહેવાતું મંદિર)ના ઉદ્ઘાટન પ્રસંગે શોભામાં અભિવૃદ્ધિ કરવા ગયા. જેનાથી સંદેશ ગયો કે જાણે સતપંથને એક રીતે સનાતન સમાજે સ્વીકૃતિ આપેલ છે.

   આજે અફસોસ સાથે એ વાતને યાદ કરતાં રામજી કરમશી માને છે કે એ એમની ભૂલ હતી. એમને સમાજના ઘણા લોકોએ આ કાર્યક્રમમાં જવાની ન પાડી હતી, તેમ છતાં એમની આસપાસના મવાળોએ એવો માહોલ ઊભો કરી નાખ્યો હતો કે એમની બુદ્ધિ થોડા દિવસો માટે ભ્રષ્ટ થઇ ગઈ અને એમનાથી આ ભૂલ થઇ ગઇ. – સૌજન્ય રામજી કરમશી નાકરણી અને [27:Page 64].

193. **<u>રમેશ વાગડિયા સામે ખોટો કેસ:</u>** CA રમેશભાઈ વાગડીયાએ, એમના ગામ ખોંભડીના યુવાનોને સનાતની ઇતિહાસ બાબતે જાગૃત કરવા દિનાંક 13-Oct-2005ના એક પેમ્ફલેટ છપાવીને વિતરીત કર્યું હતું. સ્વાભાવિક છે કે સતપંથીઓ અને એમના એજન્ટ મવાળોને આ વાત ગમી નહીં. સીધી રીતે રમેશભાઈનો વિરોધ કરી શકે તેમ નહોતા. એટલે વર્ષ 2006માં એમણે એક ફરિયાદ કરી કે રમેશભાઈ, એમના પિતાશ્રી અને એમના નવ્વાણું વર્ષના દાદાશ્રી, પીરાણા આવ્યા હતા અને ત્યાં ઝઘડો કર્યો. અન્ય લોકો પણ ભેગા થયા અને એ ત્રણ જણાએ મારામારી કરીને ગાડીમાં બેસી નીકળી ગયા.

વાસ્તવમાં રમેશભાઈ અને એમના પરિવારના કોઈ પણ વ્યક્તિ કોઈ દિવસ પીરાણા ગયા જ નથી. જે દિવસે, ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે, આ કથાકથીત ઘટના ઘટી, એ દિવસે એ લોકો કોઈ લગ્નના કાર્યક્રમમાં અન્ય જગ્યાએ હાજર હતા. પુરાવા માટે એ પ્રસંગના એના ફોટો પણ છે. પણ વાસ્તવમાં રમેશભાઈ અને એમના પરિવારને દહેશતમાં રાખવા માટે કેસ કર્યો હોય, એવું દેખાય છે. એમાં પણ એમના નવ્વાણું વર્ષના દાદાએ મારકૂટ કરી? આ આરોપ સાબિત કરે છે કે આ ફરિયાદ તદ્દન ખોટી અને ઉપજાવી કાઢેલ છે.

આ વાતમાં આગળ હજી એક વળાંક આવે છે. રમેશભાઈના મોટા ભાઈ મોહનભાઇના દીકરાનું મામેરું ભરાતું હોય, ત્યારે અચાનક રમેશભાઈની ધરપકડ કરવા અમદાવાદથી ચાલુ પ્રસંગમાં પોલીસ આવે છે. આવેલ મહેમાનો વચ્ચે ભયનો માહોલ ઊભો કરવા અને લોકોમાં ડર ફેલાવવા માટે જ કરવામાં આવ્યું હોય, એ સ્વાભાવિક છે. આ બધું સૂચવે છે કે રમેશભાઈનો દાખલો ઊભો કરીને સનાતનીઓને સંદેશ આપવાનો પ્રયાસ હતો કે સતપંથ સામે બોલશો તો તમારા ભૂંડા હાલ થશે. – સૌજન્ય રમેશભાઈ વાગડિયા.

આ વાતના ઘટના ક્રમને અત્યારે વિરામ આપી છીએ. આ પુસ્તકના આગળના પ્રકરણના પોઈન્ટ (203)માં આપણે જોઈશું કે આ વાતમાં નવો વળાંક કેવો આવે છે.

**194. <u>સનાતનીઓના વિરુદ્ધનો માહોલ:</u>** સનાતન સમાજમાં જ, એટલે કે પોતાના ઘરમાં જ, પોતાના વિરુદ્ધનો માહોલ કેવો ઊભો થયો હતો, એની મુદ્દાસર વાત CA રમેશભાઈ વાગડિયાએ સારો લેખ તૈયાર કરેલ છે, જે સતપંથ છોડો પુસ્તકના પેજ 51માં પ્રકાશિત કરેલ છે [27:Page 51].

**195. <u>વિકટ પરિસ્થિતિ:</u>** સનાતની વડીલો સામે વિકટ પરિસ્થિતિ નિર્માણ થઈ ગઈ. [27:Page 30 to 41]

સનાતન સમાજની અંદર રહેલા સતપંથીઓ, જે હવે ઉચ્ચ હોદ્દાઓ સુધી પહોંચી ગયા હતા, એ સમાજના ધાર્મિક કાર્યક્રમોમાં અવરોધ નાખવા લાગ્યા. સમાજમાં હિન્દુ સાધુને બોલાવશો, તો સતપંથના સાધુને પણ બોલાવો, એવી શરતો રાખવા લાગ્યા. સમાજના સનાતન ધર્મની જય, લક્ષ્મીનારાયણ ભગવાનની જય બોલી શકાતી નહોતી. કારણ કે તે જય સામે સતપંથની જય, ઇમામશાહની જય બોલાવવામાં આવતી.

સનાતન સમાજની અંદર, સતપંથની જય કોઈ દિવસ સનાતનીઓ સહન ન કરે એમ હતું. જો સનાતનીઓ સતપંથની જય બોલાવવા સતપંથીઓને રોકે, તો સતપંથીઓ સમાજ ચલાવવા ન આપે અને ખોટા કેસો કરીને દોડતા કરી દે. માટે, સનાતની વડીલો સામે બે વિકલ્પો હતા.

1. સતપંથ ધર્મને સ્વીકૃતિ આપી દે.
2. સતપંથીઓને સમાજમાંથી બહાર કાઢી દે.

આ વિટંબણા વચ્ચે ફસાયેલા સમાજના હોદેદારો બધુ સમજતા હોવા છતાં કોઈ નિર્ણય લેતા નહોતા. પણ સતપંથ તરફ કૂણું વલણ અપનાવતા હતા. જેથી સમાજના લોકોમાં અંદરોઅંદર ભારે રોષ ભરાતો હતો.

**<u>જન આક્રોશ:</u>** કટોકટીની આ પરિસ્થિતિમાંથી જ્ઞાતિને ઉગારવા સફાઇ અભિયાન શરૂ થયું [27:Page 53]. જેના વિષે આગળના પ્રકરણમાં જોઈશું.

# 25 સફાઇ અભિયાન – સનાતન ધર્મ જાગૃતિ સમિતિની ચળવળ



હિમતભાઈ ખેતાણી



રમેશભાઈ વાગડિયા

**196.** **<u>ભારેલો અગ્નિ:</u>** પાછલા પ્રકરણમાં આપણે જોયું કે લોકોમાં સતપંથને લઈને ભારેલો અગ્નિ હતો. સનાતની સમાજ ઉપર સતપંથ તેમજ મવાળોનો એક રીતે કબજો હતો. વર્ષોથી સનાતનીઓ ઉપર સતપંથીઓ દ્વારા ખોટા કેસોના દાખલાઓ ગામેગામ હતા. આવી પરિસ્થિતિમાં કેન્દ્ર સમાજના તત્કાલીન પ્રમુખ શ્રી રામજી કરમશીનું સતપંથના ખાનાના ઉદ્ઘાટનમાં શોભા વધારવા જવાના કામે આગમાં ધી નાખવાનું કામ કર્યું.

**197.** **<u>સનાતનીઓને ભોગે સતપંથીઓને છાવરવા સામે ફરિયાદ:</u>** CA રમેશભાઈ માવજીભાઈ વાગડિયા સામે ખોટા કેસ થયા બાદ (જુઓ પોઈન્ટ 193), ધીરે-ધીરે એમને ખબર પડી કે આવા ખોટા કેસો ના કિસ્સાઓ ગામેગામ અને કંપેકમ્પામાં છે. અને સનાતનીઓ આના કારણે પીડાઈ રહ્યા છે. દિનાંક 02-Aug-2009ના સંસ્કાર ધામ (દેસલપર-વાંઢાય) ખાતે, રાત્રે જમીને, અમુક ચિંતિત સનાતની ભાઈઓ અનાયાસે ભેગા થયા અને આ સતપંથીઓ દ્વારા કરવામાં આવતી કનડગત બાબતે તેમજ સનાતની સમાજના આગેવાનો દ્વારા કરવામાં આવતી બેદરકારી વિષે, સારી ચર્ચા થઈ.

એટલે દિનાંક 03-Aug-2009ના રમેશભાઈ જેવા પીડિત અમુક સનાતની ભાઈઓ કેન્દ્રીય સમાજના વડીલો સાથે મુલાકાત કરી અને ત્યાર બાદ દિનાંક 04-Aug-2009નો કેન્દ્રીય સમાજને, અમુક ખોટા કેસોના વ્યવસ્થિત દાખલાઓ ટાંકીને, સનાતનીઓની વ્યથા અને દુઃખ વ્યક્ત કરતો એક ઐતિહાસિક પત્ર લખ્યો. આ પત્રનો હાર્દ એ હતો કે સતપંથીઓ દ્વારા સનાતનીઓ ઉપર થતા ખોટા કેસોના માધ્યમથી અત્યાચારો અને કેન્દ્ર સમાજ દ્વારા સનાતનીઓને ભોગે, સતપંથીઓને છાવરવામાં આવે છે. જેનું યોગ્ય નિરાકરણ કાઢવામાં આવે [27:Page 56]. આ વિષે વિસ્તૃત જાણકારી રમેશભાઈ વાગડિયાએ લખેલ પુસ્તક "સનાતની ચળવળની જથી ક્રાંતિના સંસ્મરણો"માં જણાવેલ છે [26].

**198.** **<u>સતપંથીઓની કાયમી છટકબારી[125]:</u>** એક વાત અહીં નોંધ લેવા જેવી છે કે સતપંથીઓ જ્યારે પણ સમાધાન પ્રક્રિયામાં ભાગ લે, ત્યારે જો નિર્ણય એમના પક્ષમાં આવે તો બધુ બરાબર. પણ જો નિર્ણય એમના પક્ષમાં ન આવે, ત્યારે એમની કાયમી છટકબારી વાપરે કે "અમને પીરાણાને પૂછવું પડશે". આ કાયમી છટકબારીથી

[125] છટકબારી = જવાબદારીથી છૂટી જવાનો રસ્તો. Loophole

પણ લોકો બહુજ કંટાળેલા હતા. કારણ કે આમ કરીને શુદ્ધ મનથી સમાધાન પ્રક્રિયામાં જોડાનાર લોકો અને પ્રક્રિયાને મજાકમાં ખપાવી દેવામાં આવતી. એવો ઘણા લોકોનો અનુભવ હતો.

**199. <u>હિમતભાઈનું ઐતિહાસિક ભાષણ:</u>** શ્રી હિમતભાઈ રતનશી ખેતાણીએ કેન્દ્રીય સમાજની દિનાંક 07-Aug-2009ની સામાન્ય સભામાં એક ઐતિહાસિક ભાષણ આપ્યું, જેના પરિણામે સતપંથ સામે સમાજ સંગઠિત થયો અને મવાળોને એક બાજુ કિનારે કરી દેવામાં આવ્યા. હિમતભાઈ પોતાના મંતવ્ય આપતા જે સ્પષ્ટ રજૂઆત કરી એવી રજૂઆત સમાજના છેલ્લા 50 વર્ષના ઈતિહાસમાં સતપંથ-સનાતનના મુદ્દે કોઇએ ભાગ્યેજ કરી હશે. હિમતભાઈએ પોતાના મંતવ્યમાં જુસ્સાભેર જણાવ્યું હતું કે અત્યારના પ્રમુખશ્રી રામજી કરમશી નાકરાણીએ હોદ્દાની રુએ કોટડા જડોદર રસ્તા ઉપર આવેલું સતપંથના ભાઈઓનું મીની પીરાણામાં બાવા ઈમામશાહના કહેવાતા મંદિર (ખાનું) તેમજ નિષ્કલંકી નારાયણના કહેવાતા મંદિરના ઉદ્ઘાટનનમાં જઇને સમાજના રીતિરિવાજોની 18મી કલમનો [2:Page 11] ભંગ કર્યો છે. જુઓ પોઈન્ટ (169.1).

રામજીભાઈ સવાયા (વિશેષ) સનાતની છે. પણ ઉપર બેઠેલા ભવાઈયાઓએ ભવાઇ કરી તેમનું માથું ભ્રમિત કરી નાખ્યું. સતપંથ બાબતે અત્યારે જે ચાલી રહ્યું છે તે કેન્દ્રીય સમાજ અને તેના આગેવાનો માટે શોભાસ્પદ નથી. પણ કોઈ જ પૂછવાવાળુ નથી. સમાજના રીતિરિવાજોની કલમ 18 અને 19નો ખુલ્લે આમ ભંગ થઇ રહ્યો છે.

તેમણે કટાક્ષ કર્યો કે આપણા પૂર્વજોએ આપણને સુધારીને ઘણી મોટી ભૂલ કરી છે. આપણને ન સુધાર્યા હોત તો આજે આપણે મુમના મુસલમાન બની ગયા હોત. ગાં* (ગુદા) વાંકી કરીને બાંગ પોકારતા થઇ ગયા હોત. સરકારી લાભો લેતા થઇ ગયા હોત. આપણા ડોહાઓએ (વડીલોએ) આપણને હેરાન કરી નાખ્યા (કટાક્ષમાં). કારણ કે આપણે એમના રાહે ચાલવું નથી.

આ ભાષણની ઓડીઓ કલીપે ભારતભરના લોકોના મનોને ધ્રૂજાવી નાખ્યા. ક્લિપ ખૂબ પ્રચલિત (વાયરલ) થઇ ગઈ. જેની સમાજના સનાતનીઓમાં ખૂબ અસરકારક રીતે વ્યાપક અસર થઇ. સંપૂર્ણ ભાષણ માટે સંદર્ભ સૂચિ જુઓ.. [119:Page 174] [27:Page 60].

> એવું માનવામાં આવે છે કે સફાઇ અભિયાનના ચળવળની શરૂઆત હિમતભાઈના આ ભાષણથી થઇ.

**200. <u>"સનાતન ધર્મ જાગૃતિ સમિતિ"ની રચના:</u>** સમાજના આગેવાનોના વર્તનથી ચિંતિત થઈને હિમતભાઈ અને રમેશભાઈ વાગડિયાને એવું લાગ્યું કે (જે બરાબર હતું) કે સામાન્ય જનતા પોતાની જ્ઞાતિ અને પોતાના સમાજના ઇતિહાસથી અજાણ છે. સામાન્ય જનતા જો જાગૃત હશે, તો સમાજના નેતા પણ જાગૃત રહેશે. તે માટે એમણે સમાજ જાગૃતિનું અભિયાન છેડ્યું. ત્યારે એમને ખબર પડી કે જાગૃતિની સાથે સાથે સમાજમાં ઉચ્ચ હોદ્દાઓ સુધી પહોંચી ગયેલા મવાળોથી પણ સમાજને બચાવવી પડશે. બીજા શબ્દોમાં કહીએ તો

સમાજને ચોખ્ખી રાખવી પડશે. એટલે સફાઇ અભિયાનના નામથી આ ચળવળ ઓળખાય છે. આ સફાઇ અભિયાનમાં ધીરે ધીરે ઘણા લોકો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જોડાયા.

સફાઇ અભિયાન ચળવળની પહેલી "જાગૃતિ સભા" ધનસુરામાં દિનાંક 04-Oct-2009ના શરૂ થઈ. ધનસુરાની આ મુલાકાત વખતે, એજ દિવસે, "**સનાતન ધર્મ જાગૃતિ સમિતિ**"નું ગઠન [27:Page 62] કરવામાં આવ્યું. જેણે ભારતભરનો પ્રવાસ ખેડીને સનાતન ધર્મની જાગૃતિ માટે જ્ઞાતિ સુધારનું અભિયાન ચલાવ્યું.

ધનસુરા પછી ભારતભરની અલગ-અલગ સમાજોમાં, ઠેર-ઠેર લગભગ 65-70 સભાઓ થઈ. એમની છેલ્લી જાગૃતિ સભા (અભિયાન નહીં – અભિયાન તો આજે પણ ચાલુ જ છે) દિનાંક 05-Apr-2011ના દહેગામ ખાતે થઈ હતી. આ સભાઓ વિષે વિસ્તૃતમાં પ્રેરણા દાઈ વિગતવાર જાણકારી આપતું એક પુસ્તક રમેશભાઈએ લખ્યું છે, જે છે "સનાતની ચળવળની જથી ક્રાંતિના સંસ્મરણો"ને [26] ખાસ વાંચવા વિનંતી.

સનાતન ધર્મ જાગૃતિ સમિતિની સભાઓને લોકો તરફથી જબરદસ્ત પ્રતિસાદ મળ્યો. સેંકડો કિલોમીટરનો પ્રવાસ ખેડીને લોકો હિમતભાઈ, રમેશભાઈ અને તેમની ટીમના સભ્યોને સાંભળવા આવતા. સમાજના મવાળોને હવે એમનું સિંહાસન ડોલતું દેખાવવા લાગ્યું.

**201.** **માન-અપમાનની ચિંતા ન કરી:** જ્યારે એમણે અભિયાન શરૂ કર્યું ત્યારે એમની પરિસ્થિતિ એવી વિકટ હતી કે સમાજના આગેવાનો એમને સાંભળવા પણ તૈયાર નહોતા. આવી પરિસ્થિતિમાં જો એ ચૂપ રહે, તો સતપંથ કાયમ માટે સનાતન સમાજમાં સ્વીકૃત થઈ જતું હતું, જે સનાતન સમાજ માટે આત્મહત્યા બરાબર હતું. એટલે ન છૂટકે એમને ઉગ્ર પદ્ધતિથી રજૂઆત કરવા પર મજબૂર થવું પડ્યું હતું. એમના માટે "કૂતરા ભસે છે" એવા અપમાનજનક શબ્દો વાપરવામાં આવતા હતા. તેમ છતાં, પોતાના માન-અપમાનની ચિંતા કર્યા વગર સમાજ માટે ઝઝૂમ્યા.

**202.** **લોકોનો સાથ:** આ સફાઇ અભિયાન નિષ્ફળ જાય એ હેતુથી સભા રદ્દ કરવા માટે, આયોજકો પાસે ફોન આવતા. પણ સામાન્ય જનતા એમની સાથે હતી. સાત-આઠ કલાક સતત એક ધારી સભા ચાલતી. લોકો પૂરા સંયમથી પૂરી સભા સાંભળતા અને છેલ્લે સભા પૂરી થાય ત્યારે સતપંથ સમસ્યાને પૂરી કરવાના દૃઢ નિશ્ચય લઈને છૂટા પડતા. આવો હતો એમનો પ્રભાવ અને એમની વાતની સચ્ચાઈ, જે લોકોના હૃદય સુધી પહોંચતી હતી.

**203.** **સમાધાનની બેઠકમાં રમેશભાઈની ધરપકડ:** સફાઇ અભિયાન જોરમાં ચાલુ થતું, એવા સમયમાં, CA રમેશભાઈ વાગડિયા ઉપર થયેલ ખોટા કેસની જે વાત અધૂરી રહેલી હતી, (જે પોઈન્ટ (193)માં બાકી રાખી છે), એ કિસ્સામાં નવો વળાંક આવ્યો.

**203.1.** ઉપરના પોઈન્ટ (197)માં જણાવેલ પત્ર, જે રમેશભાઈએ કેન્દ્રીય સમાજને આપેલ, એ પત્ર ઉપર કાર્યવાહીમાં એક સમાધાન સમિતિ બેસાડવામાં આવી. અને એ સમાધાન સમિતિ સામે, બંને પક્ષો (સનાતન અને સતપંથ પક્ષો) તરફથી જવાબદાર 5-5 આગેવાનોએ, કેસો બાબતે પોતાની વાત રજૂ

કરવી, એ પ્રમાણે સમાધાન પ્રક્રિયા ચાલુ થઈ. આ સમાધાન પંચમાં પંચ તરીકે મોટે ભાગે મવાળો જ હતા.

**203.2.** સમાધાન પ્રક્રિયાના અનુસંધાને દિનાંક 27-Feb-2010ના એક સમાધાન મિટિંગ, કેન્દ્રીય સમાજની હેડઓફિસ એટલે નખત્રાણાના છાત્રાલયમાં રાખવામાં આવેલ હતી. તે સમયે સતપંથના આગેવાનોના 5ના બદલે 7 લોકો મિટિંગમાં આવ્યા અને તેમની સાથે બહાર લગભગ 150 સતપંથીઓ બીજા હતા. કોઇ પણ સમજી શકે કે સનાતનીઓ ઉપર માનસિક દબાણ લાવવા માટે આવું કર્યું હતું.

**203.3.** સમાધાનની મિટિંગ ચાલુ હતી ત્યારે વારાફરતી બંને પક્ષોને બોલાવવામાં આવતા હતા. ત્યારે, જ્યારે રમેશભાઈને બોલાવવામાં આવ્યા અને રમેશભાઈ પોતાના રૂમથી બહાર નીકળીને મિટિંગ રૂમમાં જતા હતા, ત્યારે સતપંથના આગેવાન રતનશી લાલજી વેલાણીએ સતપંથના 150 જણની ભીડ સામે, રમેશભાઈનો હાથ ઊંચો કરીને, બોલ્યા કે આ છે રમેશભાઇ વાગડિયા. કદાચ એ ભીડ વચ્ચે પોલીસ પણ હાજર હોય અને પોલીસને ઓળખ આપવા માટે આ એક ઈશારો હોય.

**203.4.** થોડી વારમાં સમાધાન મિટિંગ હોલની અંદર પોલીસ આવી ગઇ રમેશભાઈની ધરપકડ (arrest) કરવા. પોલીસ આવવાની જાણ સનાતનીઓને થઇ એટલે 5 જ મિનિટમાં લગભગ 200 થી 300 યુવાનો ત્યાં આવી પહોંચ્યા. સનાતની યુવાનોને જોઇ સતપંથીઓનું ટોળું ભાગી ગયું. સમાધાન પંચના સભ્યો પણ ધીરેથી સરકી ગયા. કેન્દ્ર સમાજના પ્રમુખ એકલા રહી ગયા.

**203.5.** આધાર ભૂત સૂત્રોથી એવું સાંભળવામાં આવતું કે રમેશભાઈની ધરપકડ કરવા અમદાવાદથી (અસલાલી) પોલીસ આગલા દિવસે જ નખત્રાણા પહોંચી આવી હતી. એમની ખાવાપીવા અને રહેવાની વ્યવસ્થા નખત્રાણાના નવા ખાનામાં કરવામાં આવી હતી. તો પ્રશ્ન એ થાય કે અમદાવાદ પોલીસે રમેશભાઈની ધરપકડ આગલા દિવસે કેમ ન કરી? સમાધાનની પ્રક્રિયા વચ્ચે જ આ તમાશો કેમ કર્યો? એનો જવાબ આગળ જોઇશું.

**204.** **<u>સમાધાન પ્રક્રિયાનો દુરુપયોગ:</u>** જ્યારે સમાધાન પ્રક્રિયા ચાલતી હોય, ત્યારે અપેક્ષા એ હોય કે બંને પક્ષો પોતાના મતભેદોની દૂરી ઓછી કરીને, એક બીજાને સમજીને નજીક આવવાની કોશિષ કરવી જોઈએ. પણ ઉપરની ઘટનાથી દેખાઇ આવ્યું કે સતપંથીઓએ સમાધાનનો માત્ર ડોળ[126] કર્યો હતો. સમાધાન પ્રક્રિયાના બહાના હેઠળ એમને રમેશભાઈના ધરપકડના માધ્યમથી સનાતનીઓને ડરાવવાનો પેંતરો / નૌટંકી કરી હતી, એ જણાઈ આવ્યું.

**205.** **<u>કેન્દ્ર સમાજ સાથે દગો:</u>** જે લોકો સાથે સનાતનીઓની કેન્દ્રીય સમાજે, પોતાના ભૂલેલા ભાઈ, આજે નહીં તો કાલે, સાથે રાખીશું તો ધીરે-ધીરે પાછા સનાતનમાં આવશે, એવી ઉચ્ચ ભાવના રાખીને સતપંથીઓને સાથે રાખ્યા, પણ સતપંથીઓએ સનાતનીઓને પોતાના ગણ્યા નહીં. સનાતની સમાજમાં માત્ર પોતાની હિન્દુ

**126** ડોળ = ઢોંગ = pretend

ઓળખ ઊભી કરવા માટે આવ્યા અને સનાતની સમાજમાં મવાળોને દાખલ કરી લાંબે ગાળે નુકસાન કરવાની ભાવના રાખી, એવું લોકોને ચોખ્ખે ચોખ્ખું દેખાવવા લાગ્યું.

**206.** **<u>સતપંથ મુક્ત સનાતની સમાજ બનાવવા કટિબદ્ધ:</u>** રમેશભાઈની ધરપકડ પાછળની રમત, પોલીસ આવે ત્યારે મવાળોનું સમાજના પ્રમુખ અને ત્યાં ભેગા થયેલ સામાન્ય સમાજ જનોને એકલા મૂકીને ભાગી જવું, ઉપર જણાવ્યા પ્રમાણે સતપંથી સભ્યોની મેલી મુરાદ, વગેરે તમામ હકીકતો, છાત્રાલયમાં હાજર રહેલા 200 થી 300 સનાતની યુવાનોએ નજરો નજર જોઈ.

લોકો સમજી ગયા કે આ ધરપકડ રમેશભાઈની નહીં, પણ સનાતની ચળવળની ધરપકડ કરવાનો પ્રયત્ન હતો. સનાતની સમાજ ઉપર સતપંથી દ્વારા કબજો કરવાનો પ્રયત્ન હતો. આ વાત વાયુના વેગે ક. ક. પા. જ્ઞાતિમાં ફેલાઇ ગઈ. પરિણામે સનાતની યુવાનોનું લાહી ઉકળ્યું અને સનાતની જ્ઞાતિને સતપંથ મુક્ત કરવા માટે સર્વે મનોમન કટિબદ્ધ થયા.

**207.** **<u>સતપંથીઓને કેન્દ્રીય સમાજમાં કોઈ સ્થાન નથી -પુરવાર કર્યું:</u>** સતપંથીઓથી કેન્દ્ર સમાજને મુક્ત કરવા બાબતે, કેન્દ્રીય સમાજના હોદ્દેદારોની દલીલ હતી કે સમાજના બંધારણમાં સનાતન ધર્મનો ક્યાંય ઉલ્લેખ નથી કરવામાં આવ્યો. એટલે અમારા હાથ બંધાયેલા છે અને કેન્દ્રીય સમાજને અમે સનાતની સમાજ છે એમ ઘોષિત કરી શકતા નથી.

એટલે દિનાંક 13-Feb-2010ના કેન્દ્રીય સમાજના સર્વે ટ્રસ્ટીઓ અને હોદ્દેદારો સાથે "સનાતન ધર્મ જાગૃતિ સમિતિ"ની એક મિટિંગ લેવામાં આવી. આ સભા સનાતન ધર્મ જાગૃતિ સમિતિ માટે બહુજ અગત્યની હતી. કારણ કે જો કેન્દ્રીય સમાજના ટ્રસ્ટી-હોદ્દેદારોને સમજાવવામાં નિષ્ફળ થાત, તો સનાતન ધર્મ જાગૃતિ અભિયાન ખોરંભાઈ જાત. આ મિટિંગની સફળતા અને નિષ્ફળતા ઉપર સમાજની "સનાતની સમાજ" તરીકેની ઓળખનો પૂરેપૂરો મદાર હતો.

એ મિટિંગમાં કેન્દ્રીય સમાજના આગેવાનોની દલીલ હતી કે, આ સમાજનો કોઈજ ધર્મ નથી અને આ સમાજને ધર્મ સાથે કંઈજ લેવા દેવા નથી. આ એક ધર્મ નિરપેક્ષતાવાળો સમાજ છે. એટલે આ સમાજમાં જે વ્યક્તિ સનાતન ધર્મ પાળતો હોય તે પણ સભ્ય બની શકે છે અને સતપંથ ધર્મ પાળતો હોય તે પણ સભ્ય બની શકે છે. આ બાબતે એ લોકોનો તર્ક હતો કે; ના **તો સમાજના નામમાં અને ના તો સમાજના બંધારણમાં સનાતન ધર્મ બાબતે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એટલે અમારા હાથ બંધાયેલા છે અને સનાતન જાગૃતિ સમિતિની દલીલ કે કેન્દ્રીય સમાજ "સનાતની સમાજ છે" એ અમે માન્ય રાખી શકીએ એમ નથી.**

પણ, સદભાગ્યે કેન્દ્રીય સમાજના આગેવનોની આ મજબૂત તર્ક આધારિત દલીલને તોડી પાડવામાં સનાતન ધર્મ જાગૃતિના બંને આગેવાનો, હિમતભાઈ અને રમેશભાઈ સફળ રહ્યા. એ લોકોએ સફળતા પૂર્વક વડીલોને ગળે ઉતારી દીધું કે કેન્દ્રીય સમાજ "માત્ર" સનાતનીઓની જ સમાજ છે. એમાં સતપંથીઓને કોઇ સ્થાન નથી. આ વિષયને વિસ્તૃત જાણકારી સતપંથ છોડો પુસ્તકના પેજ 66માં બહુજ સુંદર રીતે આપેલ છે [27:Page 66].

**208.** **<u>Turning point / ક્રાંતિકારી પરિવર્તન:</u>** ઉપર જણાવેલ દિનાંક 13-Feb-2010ની મિટિંગની સફળતા આ સફાઇ અભિયાન માટે ક્રાંતિકારી પરિવર્તન લાવનારી નીવડી. આ મિટિંગ પછી કેન્દ્રીય સમાજે સ્વીકારી લીધું કે એ માત્ર સનાતનીઓની જ સમાજ છે અને સતપંથીઓનું આ સમાજમાં કોઇ સ્થાન નથી. એટલે સનાતનીઓની માતૃ સંસ્થા, જે સફાઇ અભિયાનના વિરોધમાં ચાલતી હતી એ હવે સમર્થનમાં આવી ગઇ.

**209.** **<u>શ્વેત પત્ર:</u>** સનાતન ધર્મ જાગૃતિ સમિતિની મહેનત રંગ લાવી રહી હતી. ધીરે-ધીરે સ્થાનિક સમાજો અને ઝોન તરફથી પણ સહયોગ મળવા લાગ્યો. લોકો તરફથી કેન્દ્ર સમાજ પોતાની સનાતની ઓળખ સ્પષ્ટ કરે એવું દબાણ આવવા લાગ્યું. મુંબઈ ઝોને દિનાંક 19-Mar-2010ની એક સભામાં કેન્દ્રીય સમાજ પોતાની સનાતની ઓળખ જાહેર કરવા માટે એક ડ્રાફ્ટ (સૂચિત) “શ્વેત પત્ર” તૈયાર કરીને કેન્દ્ર સમાજને મોકલ્યું. અને કેન્દ્ર સમાજ એના પર કાર્યવાહી કરીને દિનાંક 25-Mar-2010ના “શ્વેત પત્ર” [27:Page 47] [4:Page 247] બહાર પાડ્યું,

જેમાં કેન્દ્ર સમાજ સનાતનીઓની છે અને તેનો ધર્મ સનાતન હિન્દુ ધર્મ છે, એવું જાહેર કરવામાં આવ્યું. શ્વેત પત્રમાં જણાવ્યા પ્રમાણે કેન્દ્રીય સમાજમાં તમામ સતપંથી સભ્યોનું સભ્યપદ રદ કરવામાં આવ્યું અને બાકીના તમામ આજીવન સભ્યોને ફરીથી સભ્યપદ મેળવવું, એવો નિર્દેશ કરવામાં આવ્યો. અને સાથે જાહેર કરવામાં આવ્યું કે કેન્દ્રીય સમાજના સ્વર્ણિમ મહોત્સવમાં સતપંથીઓ ભાગ નહીં લઈ શકે.

**210.** **<u>શ્વેત પત્ર વિરોધ રેલી:</u>** આ શ્વેત પત્રના વિરોધમાં સતપંથીઓએ નખત્રાણામાં દિનાંક 01-May-2010ના એક રેલી કાઢી. આ રેલી માટે લોકો ભેગા કરવા ગુજરાતના કંપા વિસ્તારથી સતપંથીઓને લઈ આવવા માટે ખાસ બસોની વ્યવસ્થા કરવામાં આવી હતી. પણ તેમની આ રેલી નિષ્ફળ થઈ ગઈ. રેલીને બોર્ડિંગની અંદર આવવા ન દેવામાં આવી. ગેટની બહારથી જ એમને પાછા રવાના કરી દેવામાં આવ્યા.

**211.** **<u>બંધારણ સુધાર:</u>** શ્વેત પત્ર પછી કેન્દ્રીય સમાજે પોતાનું બંધારણ પણ સુધાર્યું. સંસ્થા ચેરિટિ કમિશનર પાસે રજિસ્ટર્ડ હોવાના કારણે નામ બદલાવ્યું નહીં (કારણકે એ થોડી લાંબી પ્રક્રિયા છે). પણ ઉદ્દેશો, પ્રવૃત્તિઓ, સભ્ય પદ મેળવવા માટેની શરતો, સભ્ય પદ રદ્દ કરવાના નિયમો, વગેરેમાં સનાતન હિન્દુ ધર્મનો મુદ્દો સામેલ કરી, કેન્દ્રીય સમાજનું બંધારણ સ્પષ્ટ કરી દેવામાં આવ્યું.

**212.** **<u>સ્વર્ણિમ મહોત્સવ કાર્યક્રમ:</u>** કેન્દ્રીય સમાજની સ્થાપનાના 50 વર્ષની ઉજવણી નિમિત્તે સ્વર્ણિમ મહોત્સવ દિનાંક 09-May-2010 થી 11-May-2010 વચ્ચે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સતપંથીઓને ભાગ લેવા પર બંધી હોવાથી સનાતનીઓને પહેલી વખત એવું લાગ્યું કે આ સમાજ તેમની છે. છૂટથી જય લક્ષ્મીનારાયણ બોલવાનું અને છૂટથી સનાતન ધર્મની જય બોલવાનું ફરી શરૂ થયું. સનાતનીઓનો જુસ્સો અનેરો હતો.

**213.** **<u>સ્વર્ણિમને સથવારે ચાલ્યા.. સમર્થ પાટીદાર:</u>** કેન્દ્રીય સમાજના સ્વર્ણિમ મહોત્સવ કાર્યક્રમમાં ભારતભરના અનેક લોકોએ નાના-મોટા કાર્યક્રમો કરીને પોતાનો સાથસહકાર દર્શાવેલ હતો. એમાંનો એક કાર્યક્રમ “સ્વર્ણિમને સથવારે ચાલ્યા કડવા પાટીદાર... સમર્થ પાટીદાર.. “[127] [8] નામની એક નાટિકા હતી. જ્ઞાતિના

---

[127] નાટિકાનો વિડીયો - https://abkkpsamaj.org/go/fn126

સારસ્વત પરિવાર દ્વારા તૈયાર કરવામાં આવેલ આ નાટીકા જ્ઞાતિના ધાર્મિક ઇતિહાસ ઉપર હતી. આ નાટીકાએ લોકોના હૃદયને એવી રીતે સ્પર્શી ગઇ કે 10,000થી પણ વધુ દર્શકોના મંડપમાં પિનડ્રોપ સાયલન્સ (pindrop silence) અને ઉત્કંઠા સાથે એકદમ જકડી રાખ્યા હતા. TV કેબલમાં પણ અનેક લોકોએ આ નાટીકા નિહાળી.

આ નાટિકાએ સનાતની ચળવળની ચેતના જન-જન સુધી પહોંચાડી. આ નાટીકાની 10,000 કરતાં વધુ CDનું વેચાણ થયું. આ નાટીકા પછી સમાજના બૌધિક વર્ગનો સાથ મળ્યો. નાટિકાથી સનાતની જુસ્સો બળવત્તર બનતાં સમયાંતરે મિક્સમાં ચાલતા સંગઠનોએ શુધ્ધિકરણ અપનાવી કેન્દ્રીય સમાજને મોટું બળ આપ્યું. ત્યારબાદ સનાતન એજ્યુકોઝ, સનાતન મેડીકોઝ, સનાતન એડવોકેટ્સ, સનાતન CA & CS જેવાં સંગઠનોએ કેન્દ્રીય સમાજની સનાતની વિચારધારાને વધુ વેગવંતી બનાવવાનું કાર્ય કર્યું. આ વિષય ઉપર વધુ માહિતી આપતો લેખ આ પુસ્તકમાં આગળ આપેલ છે.

**214.** **<u>પાંચમું જ્ઞાતિ અધિવેશન:</u>** દિનાંક 12-May-2010ના 5મું જ્ઞાતિ અધિવેશન બોલાવવામાં આવેલ હતું. આ અધિવેશન સમસ્ત કચ્છ કડવા પાટીદારોનું હોવાથી સતપંથીઓ પણ હાજર રહ્યા હતા. આ અધિવેશનમાં જ્ઞાતિના રીતરિવાજો પાસ કરવામાં આવી રહ્યા હતા. જ્યારે 18મી કલમ (હિન્દુ રીતરિવાજો પાળવા) અને 19મી કલમની (સામાજિક અને ધાર્મિક વિવાદ કોર્ટમાં લઇ જવા નહીં) વાતો આવી. ત્યારે સતપંથીઓએ વિરોધમાં ખુરશીઓ તોડી અને શિષ્ટાચારનો ભંગ કર્યો. આ વિષે પોલીસમાં ફરિયાદો પણ થઈ.

**215.** **<u>Real Patidar / રિયલ પાટીદાર:</u>** આ ચળવળમાં એક એવું પાત્ર છે કે ક્યાંય ન હોય, પણ હોય બધે. એક એવું પાત્ર જે દેખાય નહીં, પણ એનો આવાજ બધે પહોંચતો હોય. એક એવો વ્યક્તિ જે ક્યાંય નથી, પણ એના વિચારો દરેક વ્યક્તિ,જાણે-અજાણે વાગોળતો હોય છે. આ રિયલ પાટીદાર કોણ છે એ કોઇને ખબર નથી. એ માત્ર ઈમેલ દ્વારા જ લોકોના સંપર્કમાં રહે છે.

આ રિયલ પાટીદારે સનાતન ચળવળમાં બહુજ મોટું યોગદાન આપ્યું છે. સોશિયલ મીડિયાની હજી શરૂઆત થઈ રહી હતી. હિંમતભાઈ ખેતાણી અને રમેશભાઈ વાગડિયા ભારતભરમાં સભાઓ કરી લોકોને સતપંથની સચોટ જાણકારી આપતા હતા. એ સમયમાં રિયલ પાટીદારે સાવ નવતર પદ્ધતિ અપનાવી. એમને ઈમેલનો જબરદસ્ત ઉપયોગ કર્યો.

Real Patidar
Unravel Truth

સતપંથના ઇસ્લામી મૂળથી લઇ ને બાહ્ય હિન્દુ દેખાવ પાછળની સતપંથની રણનીતિને વ્યવસ્થિત રીતે, એકદમ પદ્ધતિ સર, કોઇ પણ સામાન્ય માણસને સમજાય એવી રીતે, પુરાવાઓ સહિતના લેખો તૈયાર કરી ઈમેલના માધ્યમથી રિયલ પાટીદાર દ્વારા મોકલવામાં આવતા. આ ઈમેલની સનાતનીઓ, એમાંય ખાસ નવ યુવાનો, ખૂબ આતુરતાથી રાહ જોતા. આ ઈમેલના કારણે સનાતની ચળવળની વાતો, જે પહેલાં સભા પૂરતી રહી જતી એ હવે સતપંથીઓના ઘરની અંદર સુધી પહોંચી જવા લાગી. પરિણામે સતપંથી યુવાનો પણ જાગૃત થવા

લાગ્યા. સામે સામે સવાલો જવાબો પણ થયા. સતપંથીઓ અને સનાતનીઓ વચ્ચે ઉત્તર અને પ્રતિ-ઉત્તરનો દોર ઈમેલના માધ્યમથી થવા લાગ્યો. જેથી એક પ્રકારનો ઈમેલ ઉપર ઇન્ફોર્મેશન-વોર (માહિતી આદાનપ્રદાનની લડાઈ) છેડાયો હતો.

ઘણા લોકો જોડાવાથી થોડા દિવસો પછી realpatidar.com નામથી એક વેબસાઇટ પણ ચાલુ કરી, જેમાં જાગૃતિ માટે મોકલાવેલ તમામ ઈમેલને અપલોડ કરવામાં આવેલ છે. સમય જતાં ધીરે ધીરે videoના માધ્યમથી પણ સતપંથની છૂપી સચ્ચાઈ website પર ચડાવેલ છે. જેના પરિણામે યુવાનો ખૂબ જાગૃત થયા અને એમની પાસે હવે દસ્તાવેજી પુરાવાઓ આવી ગયા હતા, જે પહેલાં એમની પાસે નહોતા. થોડા વર્ષોથી એમને whatsapp પર "ખાસ ખબર"ના નામથી પણ માહિતી મોકલવાનું શરૂ કર્યું છે.

રિયલ પાટીદારના યોગદાન વિષે ટૂંકમાં કહીએ તો એને "બૌદ્ધિક શક્તિ" આ મોહિમને આપી છે. એના યોગદાનના મુખ્ય મુદ્દાઓ આ પ્રમાણે છે ;

1. **<u>તાકીયા:</u>** ઇસ્લામની એક ખતરનાક રણનીતિ, અલ-તાકીયા (AL-TAQIYYA)[128] નો સતપંથમાં થતા ઉપયોગની વાતને લોકો સામે ખુલ્લી કરી. સતપંથીઓની રમતો જે અગાઉ લોકોને સમજમાં નહોતી આવતી, એ હવે, તાકીયા જાણ્યા પછી પૂરી વાત બરાબર સમજમાં આવવા લાગી.

2. **<u>સત્ય પ્રકાશ:</u>** પીરાણા સતપંથનો પદ્ધતિસર ઇતિહાસ, અને એના જન્મ થી લઇને હમણાં સુધીનો સંપૂર્ણ ઇતિહાસ આવરી લેતું પુસ્તક "સત્ય પ્રકાશ" [119] આપ્યું. આ પુસ્તકમાં પીરાણા સતપંથ દ્વારા અપનાવવામાં આવતી રણનીતિને ખુલ્લી કરી લોકોને સમજાવવામાં આવ્યું છે. આ પુસ્તકને કંઠી વિભાગના આગેવાનો દ્વારા પ્રકાશિત પણ કરવામાં આવ્યું છે.

3. **<u>ઇસ્લામી બીજ:</u>** સતપંથમાં શું ખોટું છે? એના જવાબમાં લોકો પાસે દફન વિધિ, મધ્ય રાતની પૂજા, વગેરે બાહ્ય લક્ષણોના દાખલાઓ રહેતા. પણ નક્કર ખોટું શું છે એ સ્પષ્ટ રીતે જણાવી શકતા નહોતા. જ્યારે રિયલ પાટીદારે સતપંથમાં રહેલ **"ઇસ્લામી"** બીજને સ્પષ્ટ શબ્દોમાં દુનિયા સામે રજૂ કરીને લોકોને આ ખૂટતી સમજ આપી. એ ઇસ્લામી બીજ છે;

   a. ઈમામશાહ
   b. નિષ્કલંકી નારાયણ
   c. સતપંથના શાસ્ત્રો, અને
   d. પીરાણાની ઈમામશાહની કબર / દરગાહ

   રિયલ પાટીદાર દ્વારા સતપંથના ઇસ્લામી બીજ પ્રત્યે જાગૃતતા લાવવાના કારણે, આગાઉ સતપંથીઓ બાહ્ય ફેરફારો કરીને સનાતનીઓને જે રીતે ભરમાવતા એ બધુ બંધ થઇ ગયું.

---

[128] Taqiyya - https://abkkpsamaj.org/go/fn128-link1 or https://abkkpsamaj.org/go/fn128-link2

અથવા થોડી વાતો સનાતનની સ્વીકારીને કહેતા, જુઓ અમે પણ સનાતની છીએ. પણ હવે ફેરફારોની વાત આવે, ત્યારે સનાતનીઓ ભરમાયા વગર બરાબર એ જોતાં થઇ ગયા કે શું ઉપર જણાવેલ ઇસ્લામી બીજ સતપંથમાંથી નીકળ્યું? જો ના, તો સતપંથ મુસલમાન ધર્મ છે, પછી ગમે એટલા હિન્દુ હોવાનો નાટક કરે, એનાથી કોઇ ફરક પડશે નહીં. આના કારણે સતપંથ સામે લડત આપવામાં સનાતનીઓના આત્માવિશ્વાસમાં ખૂબ જ વધારો થયો.

4. **<u>લાયબ્રેરી:</u>** રિયલ પાટીદારે પોતાના વેબસાઇટમાં બધા માટે ફ્રી ઓનલાઇન લાયબ્રેરી (https://www.realpatidar.com/library)[129] ઉપલબ્ધ કરાવેલ છે. આ લાયબ્રેરીમાં સતપંથ વિષેના ખૂબ મહત્વના દસ્તાવેજો, પુસ્તકો, Research Thesis, કોર્ટના દસ્તાવેજો, સરકારી gazetteer, વિડીયો, ક. ક. પા. જ્ઞાતિના જૂના અને દુર્લભ દસ્તાવેજો, શંકરાચાર્યના પ્રમાણ પત્રો, વિશ્વકોષ (Encyclopedia), આંતરાષ્ટ્રીય લેખકોના લેખો અને પુસ્તકો, યુનિવર્સિટિના પુસ્તકો, વગેરે તમામ પ્રકારની માહિતી ઉપલબ્ધ કરેલ છે. આ પુસ્તકમાં પણ, સગવડ અને સહેલાઈને ધ્યાનમાં રાખીને, મોટેભાગે સંદર્ભોને રિયલ પાટીદાર લાયબ્રેરીના પુસ્તકો સાથે લિન્ક કરેલ છે.

5. **<u>લેખો:</u>** ઉપર જણાવેલ તમામ બાબતો અને ક. ક. પા. જ્ઞાતિમાં થતી ઘટનાઓ ઉપર ખૂબ ઊંડો અભ્યાસ કરીને, મહા મહેનતથી તૈયાર કરેલ, સરળ ભાષામાં બનાવેલ લેખો પણ વેબસાઇટ પર ઉપલબ્ધ કરેલ છે. એના લેખોમાં આપેલ જાણકારીની ગુણવત્તા અને સચોટતા એકદમ પ્રોફેશનલ લેવલની હોય છે. આવા લેખોના માધ્યમથી સતપંથની રણનીતિ અને એનો કેવો ઇરાદો છે, એના પર પુરાવા સાથે વાત રજૂ કરવામાં આવેલ છે. આ લેખોએ ચળવળને બળ આપવા, લોકોના મન, વિચાર અને બુદ્ધિ ઉપર ખૂબ ઊંડો સકારાત્મક પ્રભાવ નાખ્યો છે, એમાં કોઇ બેમત નથી.

રિયલ પાટીદાર વિષે એક વાત સ્પષ્ટ રીતે કહી શકીએ કે નારાયણ રામજી લીંબાણી પછી સતપંથના શાસ્ત્રો અને એની રણનીતિની પોલ ખોલવા માટે કોઇ કામ થયું હોય, તો સહુથી વધારે અને અસરકારક કામ રિયલ પાટીદારે કર્યું છે. રિયલ પાટીદારનો પ્રભાવ આ ચળવળના બધાજ તબક્કાઓમાં જોવા મળે છે. આ એવો નાયક કે પાત્ર છે, કે જેનું કામ જે એની ઓળખ છે.

**216.** **<u>ભારતભરની સમાજોનો સાથ:</u>** કેન્દ્રીય સમાજ પછી ભારતભરની સ્થાનિક સમાજો અને તમામ ઝોન સફાઇ અભિયાનમાં જોડાયા. ધીરે ધીરે સ્થાનિક સમાજો પણ સતપંથ મુક્ત જાહેર થવા લાગી. ઘણી સમાજોએ પોતાના બંધારણ અને નામો પણ સુધાર્યા. નામમાં "સનાતન" શબ્દ ઉમેર્યો. સંસ્થા માત્ર સનાતનીઓની છે એવી રીતે બંધારણો પણ સુધાર્યા. જ્ઞાતિ સુધારની ચળવળ અનુરૂપ દરેક સમાજોએ પોતપોતાનાં નવા નીતિ નિયમો ઘડયા અને ચળવળને મજબૂત કરી.

---

[129] Real Patidar Library – https://abkkpsamaj.org/go/fn129-link1 or https://abkkpsamaj.org/go/fn129-link2

217. **<u>યુવાસંઘનું કેસરી પત્ર:</u>** કેન્દ્રીય સમાજના શ્વેત પત્ર બહાર પડયા પછી, દિનાંક 01-Jul-2010ના બહાર પાડેલ આદેશ અનુસાર યુવાસંઘે પણ પોતાના સ્થાનિક યુવામંડળથી લઇને કેન્દ્રીય યુવામંડળ સુધી સંપૂર્ણ સંગઠનને સતપંથ મુક્ત કરવાનો દિનાંક 20-Jul-2010ના કેસરી પત્ર [27:Page 74] વડે આદેશ બહાર પાડ્યો. જેનાથી સમાજના યુવાઓ પણ જાગૃત થયા અને જ્ઞાતિ સુધારના અભિગમ સાથે જોડાઈ ગયા.

218. **<u>સંસ્કાર ધામનું ઉદ્ઘાટન:</u>** સનાતન સમાજે ગામેગામ ઊભા કરેલા, ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરોને એક સૂત્રે બાંધવા, તેમનામાં એક વાયકતા લાવવા, અને સમાજમાં ધર્મનું મજબૂત સંગઠન ઊભું કરવા માટે દેસલપર-વાંઢાય ખાતે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનું કેન્દ્ર સ્થાન એટલે કે સંસ્કાર ધામ ઊભું થવા જઇ રહ્યું હતું.

પણ લોકોમાં જોઈતા પ્રમાણમાં ઉત્સાહ જોવામાં આવતો નહોતો. સંસ્થા ઊભી કરવા માટે જરૂરી દાનનો પ્રવાહ પણ બહુ ઓછો હતો. કેટલા મંદિરો ઊભા કરશો? એ વાતને લઇને લોકોમાં સહજ નિરસતા હતી. લક્ષ્મીનારાયણ મંદિરોનું કેન્દ્ર સ્થાન તરીકે એમને સંસ્કાર ધામનું મહત્વ સમજાતું નહોતું. સનાતન ધર્મ જાગૃતિ જે સફાઇ અભિયાન ચલાવ્યું એમાં સંસ્કાર ધામ માટે ખૂબ જ પ્રચાર કર્યો. લોકોને ખાસ આહ્વાન કરવામાં આવતું કે સંસ્કાર ધામ સાથે જોડાઓ, એના ઉદ્ઘાટન કાર્યક્રમમાં હાજરી આપો.

પરિણામે દિનાંક 11-May-2011 થી 14-May-2014 સુધી યોજાયેલ સંસ્કાર ધામના ઉદ્ઘાટનન કાર્યક્રમમાં લોકોની ખૂબ ઉત્સાહ અને મોટી હાજરી જોવા મળી.

219. **<u>નારાયણ કથા:</u>** સનાતની મોહિમને વેગ આપવા માટે એવું લાગ્યું કે જો સનાતની ઈતિહાસના નાના-નાના પ્રસંગો નાટ્ય સ્વરૂપે, તેમજ ચલચિત્રના માધ્યમથી રજુ થાય અને તેની સાથે કથાકારની જેમ વ્યાસપીઠ પર બિરાજમાન થઇ સંગીત સાથે સનાતની ગાથાને એક જ સેશનમાં રજુ કરવામાં આવે તો, સૌ યુવાઓ અને વડીલો તેને બહુ પસંદ કરશે અને ખબર ન પડતા પોતાના ઇતિહાસથી વાકેફ થઈ જશે. આ પદ્ધતિથી "શ્રી નારાયણ કથા"ઓ શરૂ કરવામાં આવી.

આ કામની જવાબદારી તલોદવાળા ડો. વસંત ધોળુ અને એમની ટીમે ખૂબ સારી રીતે નિભાવી. એમની ટીમે ભારતભરમાં પ્રવાસ ખેડીને 18 નારાયણ કથાઓ કરી.

એનું એટલું સુંદર પરિણામ આવ્યું કે આ "સનાતની નારાયણ કથા"એ સમાજના યુવાઓ અને જ્ઞાતિજનોમાં નવીન ઉર્જાનો સંચાર કર્યો અને સમાજની સનાતની ચળવળને ખુબ મોટો સહયોગ આપ્યો. કેટલાય ઢીલું વલણ ધરાવતા જ્ઞાતિજનોના દિલમાં આ કથાના માધ્યમથી સનાતની મજબૂતાઈ કાયમ કરવામાં સફળતા મળી. એ વખતના વડીલોના સમર્પણનું ચિત્ર આબેહુબ રજુ કરી હાલની સામાજિક યોજનાઓમાં પણ તેઓને મોટી સંખ્યામાં આસાનીથી જોડી શક્યા. આમ, "શ્રી નારાયણ કથા" એ સનાતની ચળવળમાં શ્રીસમાજ માટે મોરપીંછ સાબિત થઈ.

**220. <u>સફળતા - હજારો લોકોની ઘરવાપસી:</u>** ઉપર જણાવેલ મુખ્ય પ્રયાસો અને એની સાથે કેટલાક નામી અનામી સનાતનીઓના સતત પ્રયાસોથી હજારો સતપંથીઓને ઘરવાપસી કરાવવામાં સફળ થયા. ઉપર જણાવેલ વાતો તો દાખલા સ્વરૂપ છે. એનો મતલબ એમ નથી કે અન્ય આગેવાનોના કામનું મહત્વ ઓછું છે. બધાના સહિયારા પ્રયાસોથી મોહિમને સફળતા મળી. સમયની કમીના કારણે કદાચ કોઈના મહત્વના યોગદાનની નોંધ લેવાની રહી ગઈ હોય તો તેના બદલ ક્ષમા કરશો એવી નમ્ર વિનંતી છે.

કચ્છ, કંપા વિસ્તાર, અને બહારની અનેક સમાજો ધીરે ધીરે સનાતની જાહેર થવા લાગી. મોટે ભાગે સતપંથી સભ્યોને સમજાવી એમના દિલ જીતીને સનાતન સમાજમાં ભેળવી દેવામાં આવ્યા. અન્ય જે હઠ કરી ન માન્યા, એ લોકોને સનાતન સમાજમાંથી દૂર કરી દેવામાં આવ્યા.

**221. <u>દક્ષિણ ભારત ઝોનમાં એક સાથે સેંકડો લોકો સનાતનમાં આવ્યા:</u>** એવો જ એક દાખલો દક્ષિણ ભારત ઝોનનો છે. દિનાંક 14-Jan-2020ના એક સાથે 140 પરિવારોને, એટલે કે સેંકડો લોકો, સનાતનમાં આવ્યા.

**222. <u>માંડવી હોસ્ટેલ કાંડ:</u>** કહેવાય છે ને કે સારા કામોમાં વિઘ્નો ઘણા. સફાઇ અભિયાનને દિવસ રાત મળતી સફળતા સામે ઈર્ષા રાખનાર અમુક લોકોએ કેન્દ્રીય સમાજની માંડવી ખાતે આવેલી લખુ વિરજી ધોળુ કુમાર છાત્રાલયને (જુઓ પોઈન્ટ 165.8) કેન્દ્રીય સમાજને નુકસાન થાય એવી રીતે, સતપંથીઓને સાથે રાખીને, કાયદાકીય દાવ પેચ રમીને, પચાવી પાડવા માટે ષડયંત્ર કરેલ છે. જેની સામે કેન્દ્રીય સમાજ કાનૂની લડાઈ લડી રહી છે.

વિષયની ગંભીરતા સમજીને ઉમિયા માતાજી વાંઢાયએ આ બાબતે બંને પક્ષોને સાંભળી, પુરાવાઓનો ઊંડાણથી અભ્યાસ કરીને દિનાંક 22-Aug-2018ના લવાદપંચનો અહેવાલ [21] આપેલ છે, જેમાં માંડવી હોસ્ટેલ કેન્દ્રીય સમાજની છે એવું સ્પષ્ટ કહેલ છે.

માંડવી હોસ્ટેલ કાંડના દોષી લોકોએ જ્ઞાતિને અને સમાજને ભારે નુકસાન પહોંચાડ્યું છે. ઇતિહાસ જણાવે છે કે સમાજ અને જ્ઞાતિને નુકસાન પહોંચાડનાર વ્યક્તિ અને એમના પરિવારને બહુ ખરાબ રીતે ભોગવવાનો વારો આવે જ છે. ભાગ્યલક્ષ્મી માતાની કૃપા દૃષ્ટિ એમના પર નહીં જ રહે. એમના સારા દિવસોમાં એમને ખબર નહીં, પડે પણ ખરાબ દિવસો આવશે ત્યારે ભગવાન એમની સાથે નહીં હોય.

**223. <u>સનાતનીઓની મિલકત પચાવી જવાના દાખલાઓ – નવાવાસ-રવાપર અને વિરાણી-ગઢ:</u>** પ્રેમ-એકતા-સંપ-સંગઠન જેવા શબ્દોની માયાજાળમાં ફસાઈને સનાતનીઓ અને સતપંથીઓની સંયુક્ત મિલકતો ઉપર સતપંથીઓ દ્વારા ખોટા કોર્ટ અને પોલીસ કેસના માધ્યમથી જબરદસ્તી કબજો મેળવી લીધો અથવા વાપરવા ન દેવાના જીવંત દાખલાઓમાં ગામ નવાવાસ (રવાપર) અને વિરાણી (ગઢ)ના છે. આ બાબતની નોંધ લેવા જેવી છે [27:Page 39].

**224. <u>સતપંથી રતનશી લાલજી વેલાણીનો ખોટો દાવો કે એ કેન્દ્રીય સમાજના પ્રમુખ છે:</u>** જ્ઞાતિ સુધારના કામમાં સનાતનીઓ આગળ વધી રહ્યા હતા. તેવામાં સતપંથના એક અગ્રણી નેતા રતનશી લાલજી વેલાણીએ પોતાને શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ (કેન્દ્રીય સમાજનું નામ)ના પ્રમુખ છે એવી જાહેરાતો

જાહેર પત્રોમાં આપી. જેવી કે કચ્છ મિત્રના ભુજ આવૃત્તિમાં દિનાંક 16-Oct-2014 – પેજ 15, દિનાંક 20-Oct-2014, દિનાંક 24-Sep-2014 – પેજ 11, દિનાંક 13-Aug-2017 – પેજ 13, દિનાંક 25-Aug-2017 – પેજ 15, દિનાંક 20-Aug-2021 – પેજ 17 વગેરે. જે દિવસે મૂળ કેન્દ્રીય સમાજની વાર્ષિક સભા હોય, બરાબર તેજ દિવસે એ પણ એવી જાહેરાત આપે. ફરક માત્ર એટલો હોય કે નખત્રાણાના છાત્રાલયના બદલે એમનું સ્થળ નખત્રાણાનું ખાનું ઉર્ફે નિષ્કલંકી મંદિર હોય. બીજા દિવસે, સમાચાર પત્રોમાં ફોટો સહિત સમાચારો પણ આવે કે રતનશી લાલજી વેલાણીની અધ્યક્ષ સ્થાને સમાજની સામાન્ય સભા મળી. આવું કાંડ થોડા વર્ષો સુધી ચાલ્યું. ચેરિટિ કમિશનર કચેરીમાં પણ પોતે કેન્દ્રીય સમાજના પ્રમુખ છે, એવો દાવો કર્યો.


પ્રમુખશ્રી રતનશી લાલજી વેલાણી

જાહેર જનતા જોગ

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ-નખત્રાણા

આથી અમો અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના સભ્યો તથા સરકારી કચેરીઓ તેમજ અન્ય સંસ્થાઓને આ જાહેરાતથી ખુલાસો કરી જાણ કરીએ છીએ કે અમારી સંસ્થાએ કોઈપણ વ્યક્તિને કોઈપણ જાતની કાયદેસર કાર્યવાહી તેમજ કાયદાકીય કાર્યવાહી અથવા કોઈપણ જાતનું સમાધાન કરવા સમાજના તેમજ અન્ય કોઈપણ વ્યક્તિને સમાજે સત્તા સોંપેલ નથી. તેમ છતાં કોઈ વ્યક્તિ પોતાના નામથી કાર્યવાહી કરશે તો તે સમાજને બંધનકર્તા રહેશે નહીં અને અનધિકૃત ગણાશે. અગાઉના હોદ્દેદારોએ સત્તા આપેલ હશે તે પણ અનધિકૃત ગણાશે. હવેથી કોઈપણ કાર્યવાહી કરવા માટે પ્રમુખસ્થાનેથી જ કરવામાં આવશે. જે સર્વે નોંધ લેવી. સમાજમાં સંપ અને સંગઠનથી સેવાના કાર્યો કરી સમાજનો સર્વાંગી વિકાસ કરીએ.

આપનો સાથ એજ સમાજનો વિકાસ...

લિ. પ્રમુખશ્રી, રતનશી લાલજી વેલાણી

*કચ્છ મિત્ર - દિનાંક 16-Oct-2014 – પેજ 15*

પછી એક વખત રતનશી લાલજી, કેન્દ્રીય સમાજના જે બેન્કોમાં ખાતાં છે, તે બેન્કોમાં જઈને કહ્યું કે હું કેન્દ્રીય સમાજનો પ્રમુખ છું, માટે મારા સિવાય બીજાની સહીઓ ચાલવી ન જોઇએ. તેમની વાતમાં ફસાઈ એક-બે બેન્ક વાળાએ થોડી વાર માટે વાસ્તવમાં બેન્ક એકાઉન્ટ સ્થગિત કરી દીધા હતા.

આવા તો અનેક દાખલાઓ છે. પણ આ દાખલો અહીં એટલા માટે આપેલ છે કે લોકોને ખ્યાલ આવે કે સતપંથ સમાજના ટોચના આગેવાનો કેન્દ્રીય સમાજ અને સનાતનીઓને હેરાન કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે.

કેન્દ્રીય સમાજની દિનાંક 14 થી 16-Jan-2012 સુધી એક કારોબારી સભા સિંગોટા (Shenkottai, Tamilnadu) માં રાખવામાં આવેલ હતી. બહાર ગામથી સેંકડો લોકો મિટિંગમાં હાજર રહેવાના હતા. પણ કેન્દ્રીય સમાજના કારોબારી સભ્યોને તકલીફ થાય એ હેતુથી એ ગામની તમામ હોટેલો, હજામો, વગેરેને ખોટી રીતે બુક કરી એમને બ્લોક કરી રાખવામાં આવ્યા. કેન્દ્રીય સમાજના કારોબારી સભ્યોને ખૂબ અગવડ ભોગવી પડી હતી.

**225. <u>સમજાવવાનો છેલ્લો પ્રયત્ન – ઊંઝાનો ચુકાદો:</u>** જ્ઞાતિના આગેવાનોને એવું લાગ્યું કે આપણે સતપંથીઓને સમજાવવાનો એક છેલ્લો પ્રયત્ન કરવો જોઇએ. એટલે એમને ઉમિયા માતાજી ઊંઝાના વડીલોને પોતાની જ્ઞાતિની સમસ્યાની વાત કરી. ઊંઝાના આદરણીય વડીલ મણિભાઈ મમી, જે પોતે એક જ્ઞાતિ સુધારક છે અને કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના ધાર્મિક ઇતિહાસથી ખૂબ સારી રીતે જાણકાર પણ છે, એમના અને અન્ય આગેવાનોના પ્રયાસોથી ઊંઝાની મધ્યસ્થીમાં ત્રણ વર્ષ સુધી બંને પક્ષોને સાંભળવામાં આવ્યા. બંને પક્ષો તરફથી પુરાવાઓ આપવામાં આવ્યા.

**225.1.** **<u>ચુકાદો:</u>** સતપંથ હિન્દુ ધર્મ છે, એવું સાબિત કરવામાં સતપંથીઓ નિષ્ફળ રહ્યા. સનાતનીઓ સાબિત કરી શક્યા કે સતપંથ મુસલમાન ધર્મ છે. છેલ્લે ત્રણ વર્ષના અંતે દિનાંક 08-Oct-2017ના દિવસે સનાતનીઓના પક્ષમાં ઊંઝા વાળાઓએ ચુકાદો આપ્યો [27:Page 128].

**<u>ચુકાદાનો મુખ્ય સાર હતો કે;</u>**

1. ઈમામશાહ મુસલમાન છે. સતપંથીઓએ ઇસ્લામ ધર્મના કોઈપણ ક્રિયાકર્મો અને વિધિઓ કરવી નહીં
2. સતપંથમાં માનવાવાળાઓએ સંપૂર્ણ પણે હિન્દુ ધર્મના ઈશ્વર તથા ઈશ્વર અવતારનું પૂજન કરવું.
3. સતપંથ સમાજવાળાઓએ હિન્દુ ધર્મના શાસ્ત્રોનું વાંચન કરવું.
4. એક બીજા ઉપર કરેલ કોર્ટ કેસ 60 દિવસમાં પાછા ખેંચી લેવાના. (કેસ તો માત્ર સતપંથીઓએ જ કરેલ છે.)
5. નિષ્કલંકી નારાયણ હિન્દુ ધર્મની માન્યતા વિરુદ્ધ છે.

**225.2.** **<u>ચુકાદાનું અમલીકરણ:</u>** ચુકાદો આપ્યા બાદ એના અમલીકરણ માટે પ્રયત્નો કરવામાં આવ્યા. પણ હર વખતની જેમ સતપંથ વાળાઓએ ચુકાદો પાળવાની માત્ર મોઢેથી વાતો કરી અને ચુકાદાનો અમલ ન થાય એ રીતે ખોટા બહાનાઓ જ કાઢ્યા.

**225.3.** **<u>સંપૂર્ણ વિગત:</u>** ઊંઝાના ચુકાદાની સંપૂર્ણ પ્રક્રિયાનું બારીકાઈથી વિવરણ CA ચંદ્રકાંત કાંતિલાલ પટેલ / છાભૈયા દ્વારા લિખિત "મા ઉમાનો આદેશ સતપંથ છોડો" [27] પુસ્તકમાં પ્રકાશિત કરવામાં આવેલ છે. જેમાં દેશ વિદેશથી ભેગા કરેલા પુરાવાઓ, હિન્દુ ધર્મના મૂળ આદિ શંકરાચાર્ય દ્વારા સ્થાપિત 4 એ 4 પીઠો દ્વારા આપેલ પ્રમાણપત્રો, સરકારી દસ્તાવેજો, કોર્ટના ચૂકદાઓ, યુનિવર્સિટિના પુસ્તકો, Research Thesis, સરકારી gazetteer, ક. ક. પા. જ્ઞાતિના જૂના અને દુર્લભ દસ્તાવેજો, વિશ્વકોષ (Encyclopedia), આંતરાષ્ટ્રીય લેખકોના લેખો અને પુસ્તકો વગેરે પુરાવાઓ સામેલ છે, જે સતપંથ મુસલમાન ધર્મ હોવાનું છડે ચોક બતાવે છે. રસિક અને અભ્યાસુ મિત્રોએ આ પુસ્તક જરૂર વાંચવું જોઈએ.

**226.** **<u>વાંઢાયમાં સતપંથીઓને સાથે રાખ્યા પણ છેલ્લે દગો જ મળ્યો:</u>** ઉમિયા માતાજી ઊંઝાના ચુકાદા પછી, અમલીકરણ તરફ સતપંથી એક પણ પગલું આગળ ન વધ્યા હોવા છતાં, સનાતનીઓએ સદ્ભાવના નિર્માણ કરવા સતપંથીઓના 3 મોટા આગેવાનોને વર્ષ 2018માં ઉમિયા માતાજી વાંઢાયની કારોબારીમાં લીધા. એમને લેતી વખતે સતપંથીઓએ એવી બાંહેધરી આપી હતી કે અમે અને અમારી આખી જ્ઞાતિ સતપંથ છોડીને સુધરી જશું અને કટ્ટર હિન્દુ બનશુ. પરંતુ તેમાંથી એક પણ કામ ન કર્યું, એ તો ઠીક. ઊંઝાના ચુકાદાને જાહેરમાં વખોડતી જાહેરાતો આપી. [27:Page 191] એટલે છેવટે એમને વાંઢાયથી કાઢી નાખવામાં આવ્યા.

**227.** **<u>સતપંથીઓ સાથે છેડો ફાડવો:</u>** સતપંથીને સનાતન સમાજમાં ભળી જવા માટે અનેક લોકો દ્વારા કરવામાં આવેલ અનેક પ્રયાસો અને આપેલ તકોનો હંમેશા સનાતનના વિરુદ્ધ વાપરવામાં આવેલ હોવાથી હવે

સનાતન સમાજના લોકોની ધીરજ ખૂટી ગઈ. હવે સનાતન સમાજને સતપંથીઓ સાથેના તમામ સંબંધોથી મુક્ત કરવાનો નિર્ણય લેવા સનાતનીઓ આગળ વધ્યા.

**227.1.** **<u>વિશેષ સભા:</u>** ઉમિયા માતાજી ઊંઝાના ઠરાવોનું પાલન સતપંથીઓ દ્વારા ન કરવામાં આવતું હોવાથી હવે આગળ કેવા પગલાં ભરવા જોઈએ એ વાતનો નિર્ણય લેવા માટે દિનાંક 26-Aug-2018ના નખત્રાણા છાત્રાલય ખાતે ક. ક. પા. જ્ઞાતિની ત્રણે મુખ્ય સંસ્થાઓ એટલે કે કેન્દ્રીય સમાજ, ઉમિયા માતાજી વાંઢાય અને સંસ્કાર ધામ સાથે મળીને એક સંયુક્ત વિશેષ સભા બોલાવવામાં આવી. જેમાં દેશભરના દરેક ઝોન, ઘટક (સ્થાનિક) સમાજો તેમજ અન્ય આગેવાનો અને બૌદ્ધિકોને બોલાવવામાં આવ્યા હતા.

એ સભામાં સર્વાનુમતે 8 ઠરાવો નક્કી કરવામાં આવ્યા. જેણે સતપંથ છોડો પુસ્તકના પેજ 188માં વાંચી શકો છો [27:Page 188]. આ ઠરાવોનો મુખ્ય સાર હતો કે;

1. **<u>સામાજિક અને ધાર્મિક કાર્યક્રમો:</u>** સતપંથ જોડે કોઈ પણ સામાજિક અથવા ધાર્મિક કાર્યક્રમો કરવા નહીં. એમને સનાતનીઓના કાર્યક્રમોમાં બોલાવવા નહીં. તેમજ સતપંથના કાર્યક્રમોમાં સનાતનીઓએ હાજરી આપવી નહીં.

2. **<u>સંયુક્ત સમાજો અને સંસ્થાઓ:</u>** સતપંથીઓ સાથે ચાલતી કોઈ પણ સંયુક્ત સંસ્થા કે સમાજ હોય, તેને અનુકૂળતાએ સ્વતંત્ર કરી લેવી અને એ સંસ્થાઓ તેમજ સમાજોને ચોખ્ખી સનાતનીઓની બનાવી લેવી.

3. **<u>પારિવારિક તેમજ નિયાણીઓના કાર્યક્રમો:</u>** પારિવારિક (નુખ) તેમજ નિયાણીઓના નામે સતપંથીઓ સાથે કોઈ પણ સંયુક્ત કાર્યક્રમો કરવા નહીં.

**<u>સતપંથીઓ સાથે નવા સગપણો કરવા નહીં</u>**

દિનાંક 21-Jul-2013 અમદાવાદ ખાતે ઝોનમાં આવતી ઘટક સમાજોએ પાળવાના નીતિ નિયમો ઘડવા માટેની એક મિટિંગમાં સતપંથીઓ સાથે નવા લગ્ન સંબંધો ન કરવા અને થયેલ જૂના સંબંધોને કેવી રીતે ચલાવવા એના વિષે નિયમો ઘડવામાં આવેલ છે, જે લાગુ છે. [5]

**લગ્ન કે સગપણ બાબતે**

**227.2.** સમાજો અન્ય સંસ્થાઓને ચોખ્ખી કરવાની પ્રક્રિયાઓ ચાલુ છે જ. ક્યાંક વેગથી કામ થાય છે, તો ક્યાં હજી થોડી ઢીલાશ દેખાય છે. પણ એક વાતની ખાતરી છે કે આજે નહીં તો કાલે, બધી સંયુક્ત સંસ્થાઓ અને સમાજો ચોખ્ખી સનાતનીની સંસ્થાઓ અને સમાજો થવાની જ છે.

**228. <u>સતપંથીઓ પોતાને બાહ્ય રીતે હિન્દુમાં ખપાવવાના (હિન્દુ બનવાના નહીં) પ્રયત્નો ચાલુ જ રાખ્યા:</u>**

**228.1. <u>મિશ્ર સંસ્કૃતિ:</u>** સતપંથ મિશ્ર સંસ્કૃતિના માહોલમાં જ ટકી શકે. શુદ્ધ હિન્દુ સંસ્કૃતિના માહોલમાં સતપંથ ટકી ન શકે. જ્ઞાતિનો બહુજ મોટો વર્ગ એટલે કે સનાતન સમાજવાળા કોઈ દિવસ સતપંથને સ્વીકારશે નહીં, એ વાત તો એકદમ સ્પષ્ટ છે. માટે મિશ્ર સંસ્કૃતિ ઊભી કરવા માટે હમેશાં પ્રયત્નશીલ રહેતા હોય છે.

**હવે એમના પાસે એકજ રસ્તો બચે છે, જે છે કે હિન્દુ ધર્મની આડમાં, પ્રેમ-એકતા-સંપ-સંગઠનની આદર્શવાદી વાતોનો સહારો લઈને, સમાજમાં સતપંથની માન્યતાઓ અને સતપંથના શાસ્ત્રોને અનુસરી શકાય એવો માહોલ ઊભો કરવા માટે મિશ્ર સંસ્કૃતિ ઊભી કરવી.**

માટે, જ્યારે પ્રેમ-એકતા-સંપ-સંગઠન વગેરેની વાતો કરવામાં આવે ત્યારે એ વાતો ફક્ત પોતાના ફાયદા માટે જ હોય છે, ખરા અર્થમાં હોતી નથી. એ સમજી શકાય એવી વાત છે.. ખરા અર્થમાં જો હોત, તો સતપંથીઓ સનાતન હિન્દુ ધર્મમાં ભળીને પ્રેમ-એકતા-સંપ-સંગઠનનો સાચો પરિચય આપત.

આખરે પોતાને હિન્દુ કહેવડાવે છે, તો પછી સનાતન સમાજમાં ભળી જવામાં શું વાંધો છે. લાખો લોકો સતપંથને છોડી સનાતન સમાજમાં ભળી ગયા છે જ. કોઇને વાંધો આવ્યો નથી. પણ એવું ન થતું હોય તો સ્વાભાવિક છે કે એમની શ્રધ્ધા હિન્દુ ધર્મમાં નથી પણ કોઈ બીજા ધર્મમાં છે, એ કારણ દેખાય.

**228.2.** હિન્દુઓને છેતરીને એમને મુસલમાન બનાવવાનું કામ કરનાર એ હિન્દુઓ માટે ખલનાયક જ હોય છે. આવી પરિસ્થિતિમાં કોઈ હિન્દુ સમાજ એ ખલનાયકને હીરો/નાયક તરીકે ન જ સ્વીકારે. જ્યારે કોઈ અન્ય સમાજ આ ખલનાયકને હીરો તરીકે માનતો હોય. તો પછી બંને સમાજો વચ્ચે ખરા અર્થમાં પ્રેમ-એકતા-સંપ-સંગઠન કેવી રીતે થઈ શકે? જ્યારે એક સમાજ એ ખલનાયકની જય બોલાવે, ત્યારે બીજા સમાજની લાગણી તો દુભાવવાની છે, એ સ્વાભાવિક છે.

આજના યુવાનોએ ખાસ વિચારવું જોઈએ કે શું તેમના ઇતિહાસના એ ખલનાયકને તેઓ પોતાનો હીરો તરીકે સ્વીકારવા તૈયાર છે? જો ના, તો પછી ખોટી વાતો કરીને એ ખલનાયકને હીરો તરીકે કોણ બતાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે? હિન્દુઓ માટે આજના સાચા ખલનાયક તો એ છે.

**229. <u>સુધારાની આડમાં ઇસ્લામી બીજને મજબૂતીથી પકડી રાખે છે:</u>** પીરાણા સતપંથમાં ઇસ્લામી તત્વો ઉપર જ્યારે સવાલો ઉઠે, ત્યારે પોતાની હિન્દુ ઓળખ જાળવી રાખવા માટે એમાં સુધારો કરે. પણ એ સુધારો ઇસ્લામી બીજમાં કેમ નથી કરતા? જેવા કે;

**229.1. <u>પીરાણા સતપંથનું ઇસ્લામી બીજ:</u>** પીરાણા સતપંથનું ઇસ્લામી બીજ નીચે જણાવેલ 4 વસ્તુઓ માં છે, એને નથી કાઢતા?

1. ઈમામશાહ
2. નિષ્કલંકી નારાયણ (એટલે મૂર્તઝા અલી તાલીબનું હિન્દુ નામ)
3. સતપંથના શાસ્ત્રો
4. પીરાણાની ઈમામશાહ દરગાહ

**229.2. <u>પીરાણા સિવાય અન્ય સ્થળોમાં સુધારાઓ:</u>** પીરાણા સતપંથના લગભગ 100 જેટલા કહેવાતા મંદિરો છે. પીરાણામાં સૈયદો છે, માટે ત્યાંની વાત થોડી વાર માટે છોડી દઇએ. તો પીરાણા સિવાય બાકીના 100 જેટલા સતપંથના મંદિરોમાંથી ઇસ્લામી બીજ કાઢી શકાય છે ને. તો કેમ નથી કાઢતા?

ચાલો, બધા તૈયાર ન થાય. તો એમાંથી મોટે ભાગે તો તૈયાર થશે ને? તો ત્યાં કેમ ફેરફાર નથી કરવામાં આવતા? સમજવા જેવો સવાલ છે.

**229.3. <u>સતપંથના શાસ્ત્રો:</u>** સતપંથના શાસ્ત્રો બદલવામાં કોઈ રોકી નથી શકતું. કારણ કે કયા શાસ્ત્રો વેચવા અને વાંચવા એના પર કોર્ટ પણ રોક નથી લગાડી શકતી. તો પછી પીરાણા અને અન્ય સ્થળોમાં સતપંથના શાસ્ત્રોના બદલે હિન્દુ ધર્મના મૂળ શાસ્ત્રો વાંચવામાં નથી આવતા, તો સમજવાનું શું?

**229.4. <u>નિષ્કલંકી નારાયણ:</u>** નિષ્કલંકી નારાયણ તો અલીનું નામ છે, જે શિયા ઇસ્લામ ધર્મનો ઇષ્ટદેવ છે. એને જ પૂજવાની ફરજ કોઈ પાડી શકે નહીં. એની જગ્યાએ હિન્દુ ધર્મના કોઈ પણ દેવને પૂજવા થી કોણ રોકે છે?

આવા અનેક સવાલો અને મુદ્દાઓ છે. ધ્યાન કરશો તો ઘણું સમજાશે.

**230. <u>પીરાણાને હિન્દુમાં ખપાવવા માટે ઊંચી દીવાલ અને 54 કુંડી યજ્ઞ:</u>** ઉપર જણાવેલ પોઈન્ટ (225)માં જણાવ્યા પ્રમાણે ઊંઝાનો ચુકાદો આવ્યા બાદ અને સતપંથીઓ દ્વારા ચુકાદાનો અમલ ન કરવાની વાતની ખૂબ ટીકાઓ થઈ. કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં લોકોનું સતપંથને છોડીને સનાતનમાં જવાનું ચાલુજ રહ્યું. એટલે એને રોકવા માટે કંઈક કરવાની સખત જરૂરત હતી.

**230.1. <u>ઈમામશાહ દરગાહની બાજુમાં 13 ફૂટ ઊંચી દીવાલ:</u>** દિનાંક 30-Jan-2022ના ઈમામશાહની દરગાહને આવરી લેતી લગભગ 13 ફૂટ ઊંચી દીવાલ, એકજ દિવસમાં ઊભી કરવામાં આવી. સામાન્ય પરિસ્થિતિમાં અંદાજે 15 થી 20 દિવસનું કામ એકજ દિવસમાં, રાતોરાત કરવા પાછળનું કારણ શું હોઈ શકે?

કદાચ તમે એવું સાંભળ્યું હોય કે દીવાલને રોકવા માટે મુસલમાનો કોર્ટનો રોક / stay ઓર્ડર લઈ ના શકે તે માટે, પૂરા પ્લાનિંગ સાથે આ કામ કરવામાં આવ્યું છે. પણ શું વાત આટલા પૂરતી મર્યાદિત છે?

એ દીવાલની બીજી બાજુ શું છે? અને એના વહીવટ કરતા કોણ છે? શું તમે જાણો છો કે દીવાલની એક બાજુ ઈમામશાહની દરગાહ છે, તો બીજી બાજુ મુસલમાનોનું કબ્રસ્તાન અને મસ્જિદ છે. અને એ કબ્રસ્તાન અને મસ્જિદનો વહીવટ કોણ કરે છે? તમને જાણતા આશ્ચર્ય થશે કે પીરાણાની એજ સંસ્થા, જે ઈમામશાહની દરગાહની દેખરેખ કરે છે, એજ સંસ્થા કબ્રસ્તાન અને મસ્જિદની દેખરેખ કરે છે.

તો પછી સવાલ એ થવો જોઇએ, કે દીવાલની બંને બાજુના માલિક/દેખરેખ-કરવાવાળા એકજ છે, તો પછી વચ્ચે અચાનક 13 ફૂટ ઊંચી દીવાલ બનાવવાની શું જરૂર પડી? 13 ફૂટ ઊંચી દીવાલ બનાવવાથી કોણ છેતરાઈ રહ્યું છે? સતપંથી કે મુસલમાન સૈયદો? સ્વાભાવિક છે સતપંથીઓ જ છેતરાશે. કારણ કે સતપંથીઓને (ખોટો) ભરોસો આપવા માટે કે ઈમામશાહની દરગાહ એ હિન્દુ ધર્મનું સ્થાનક છે. જેથી કરીને સતપંથીઓ પીરાણાને છોડે નહીં. તેમજ સમય જતાં અન્ય હિન્દુઓ પીરાણા સાથે જોડાય અને સતપંથી બને, એ સમજાય એવી સ્પષ્ટ વાત છે.

**230.2.** **<u>પીરાણામાં મૂર્તિઓ અને દીવાલ:</u>** દીવાલ બન્યા પછી, થોડા દિવસોમાં એટલે કે દિનાંક 11 થી 13-Mar-2022 વચ્ચે પીરાણામાં RSSની અખિલ ભારતીય પ્રતિનિધિ સભા રાખવામાં આવી હતી. તેમાં RSSના વડા મોહન ભાગવત આવવાના હતા. એમની સુરક્ષા વ્યવસ્થાની આડમાં, થોડા દિવસો માટે સામાન્ય લોકોને દરગાહમાં આવા જવા પર બંધી મૂકી દીધી અને રાતોરાત ઈમામશાહની દરગાહની બાજુમાં હિન્દુ ધર્મની અમુક મૂર્તિઓ બેસાડી દેવામાં આવી.

જેમાં વિષ્ણુના મુખ્ય 10 અવતારોમાંથી બુધ (બુદ્ધ) અવતાર સુધીના પહેલા 9 અવતારો અને શિયા ઇસ્લામ ધર્મ પ્રમાણે 10મો અવતાર મૂર્તઝા અલી[130] તાલીબ એટલે કે નકલંકી / નિષ્કલંકી અવતારના હિન્દુ રૂપ વાળી મૂર્તિ છે. ઉમિયા માતાજીની મૂર્તિ છે, લક્ષ્મીનારાયણ ભગવાનની મૂર્તિ છે, કરસન કાકાની મૂર્તિ છે, ઈમામશાહની પણ મૂર્તિ છે (પણ ઈમામશાહની ઓળખ છુપાવવા એ મૂર્તિ નીચે સદગુરુ મહારાજ નામ લખ્યું), વેદ વ્યાસ ઋષિની મૂર્તિ છે, વશિષ્ટ ઋષિની મૂર્તિ છે, અમરતેજ ઋષિની મૂર્તિ છે. અને સાથે છેલ્લે શિયા ઇસ્લામ ધર્મ પ્રમાણે આરાધ્ય દેવ એટલે મૂર્તઝા અલી તાલીબના હિન્દુ રૂપ એટલે કે નિષ્કલંકી નારાયણનું નાનું મંદિર છે.

**તમે નોંધ લીધી હશે કે હિન્દુ દેવો સાથે મુસલમાન દેવ અને મુસલમાન ઈમામશાહના હિન્દુ રૂપની મૂર્તિઓ, પ્રેમ-એકતા-સંપ-સંગઠન વગેરે વાતોની આડમાં, ઘૂસાડી દેવામાં આવ્યા છે.**

**આવું કરીને એવી છબી ઊભી કરવાનો પ્રયાસ છે કે પીરાણામાં બધું હિન્દુ વાદી કામ થઈ રહ્યું છે.**

**આવું કરીને છેતરાય કોણ છે? હિન્દુ કે મુસલમાન? વિચારજો..**

---

**130** અલી = See footnote no. 8

હવે પ્રશ્ન એ થવો જોઇએ કે જ્યારે સતપંથના ધર્મ શાસ્ત્રોમાં મૂર્તિ પૂજા ઉપર બંધી કે નિષેધ છે (જુઓ આગાઉ જણાવેલ પોઇન્ટ (56.1), (56.2.2), (56.2.6.1), (56.2.99), (57.2,14), (57.1.29). તો પછી પીરાણામાં ઈમામશાહની દરગાહની બાજુમાં આ મૂર્તિઓ શા માટે?

અને મૂર્તિઓ બેસાડવી હતીજ તો પછી ઈમામશાહ દરગાહની કબ્રસ્તાનની બાજુમાં જ શા માટે? પીરાણામાં ઘણી જગ્યા પડી છે, દરગાહથી દૂર કોઈ પવિત્ર જગ્યામાં કેમ નહીં? દરગાહ કબ્રસ્તાનમાં આવેલ છે જે હિન્દુઓ માટે અપવિત્ર છે, તો એવા કબ્રસ્તાનમાં કેમ?

**બીજો મુદ્દો અહીં એ છે કે વિવાદ એ નથી કે સતપંથ વાળા હિન્દુ દેવોને માને છે કે નહીં. વિવાદ એ છે કે સતપંથ વાળાઓએ ઈમામશાહ વગેરે ઇસ્લામી બીજને છોડ્યું કે નહીં?**

**વિવાદ**

ઈમામશાહની દરગાહ અને ઉપર જણાવેલ મૂર્તિઓના વિસ્તારનો આવા જવાનો રસ્તો એકજ કેમ? મૂર્તિ વિસ્તાર અને દરગાહ વિસ્તાર વચ્ચે કોઈ દીવાલ કેમ નથી?

મૂર્તિ વિસ્તારમાં આવનાર મોટે ભાગે સતપંથી હોય જેમાં હિન્દુ દીકરીઓ પણ હોય અને દરગાહ વિસ્તારમાં મુસલમાન છોકરાઓ હોય (મુસલમાન મહિલાઓ દરગાહમાં આવે નહીં). બંને વિસ્તારનો આવા જવાનો રસ્તો એક જ છે. તો પછી, આજે ભારતભરમાં જ્યારે હિન્દુ સમાજ લવ જિહાદની સમસ્યાથી ઝૂઝમી રહ્યો છે, ત્યારે સામે ચાલીને હિન્દુ દીકરીઓ સાથે લવ જિહાદ થઈ શકે એવી જગ્યા કેમ ઊભી કરવામાં આવી? હિન્દુ દીકરીઓની સુરક્ષાનું શું?

જો સાચે પીરાણા મુસલમાનને પસંદ ન કરનાર અને હિન્દુ માટે હોય, તો સ્વાભાવિક છે કે વિવાદ ટાળવા અને શાંતિ જાળવવા પીરાણામાં ઈમામશાહ દરગાહ અને મૂર્તિ વિસ્તાર વચ્ચે ઊંચી દીવાલ ઊભી કરી હોત. બંને વિસ્તારનો રસ્તો પણ અલગ કરી શકત. પણ એમ ન કરવા પાછળનું કારણ શું? એ તમારે સમજવાનું છે.

આવા અનેક સવાલો છે. પણ તમે વાત સમજી ગયા હશો, માટે આગળ વધીએ.

**230.3. <u>પીરાણામાં 54 કુંડી યજ્ઞ – સામાન્ય હિન્દુને ગમે એવી વાત:</u>** આવા, પીરાણામાં થયેલ કહેવાતા ફેરફારોનો પ્રચાર થવો ખૂબ જરૂરી હોય છે, તો જ ફેરફારો પાછળની મહેનત વસૂલ થાય. એટલે સામાન્ય રીતે હિન્દુઓને ગમતો પ્રસંગ ગોઠવવામાં આવ્યો. યજ્ઞ કાર્યક્રમ. 54 કુંડી વિષ્ણુ "મહાયાગ"ના નામનો કાર્યક્રમ દિનાંક 17, 18 અને 19-Oct-2022ના દિવસે.

પછી એજ પદ્ધતિ. અમુક હિન્દુ સાધુ સંતો અને હિન્દુ ધાર્મિક સંગઠનોનો સહારો લેવામાં આવ્યો. નિષ્કલંકી નારાયણની મૂર્તિની કહેવાતી પ્રાણપ્રતિષ્ઠા પણ કરવામાં આવી. પણ કોના હાથે?

બ્રાહ્મણોના હાથે? એ બ્રાહ્મણો કે જેના પર, સતપંથના શાસ્ત્રો પ્રમાણે, બંધી કે નિષેધ લગાડવામાં આવેલ છે. સતપંથના શાસ્ત્રોમાં બ્રાહ્મણોનું હડાહડ અપમાન કરવામાં આવેલ છે. જુઓ અગાઉ જણાવેલ પોઈન્ટ (56.2.2), (56.2.4), (56.2.5), (56.2.6.1), (56.2.0)). સતપંથના શાસ્ત્રોમાં બ્રાહ્મણોને ભૂલેલા, ભટકેલા, કપટી, હલકા, ઉતરતા વગેરે બતાવ્યા છે. અને સતપંથીઓને કહ્યું છે કે બ્રાહ્મણનું કહ્યું કરશો તો નારાયણ નહીં મળે. અહીં તો બ્રાહ્મણના હાથે પ્રાણપ્રતિષ્ઠા થઈ રહી છે. તો સમજવાનું શું? કોણે છેતરવામાં આવી રહ્યું છે? એ તમારે સમજવાનું છે.

**231. <u>ઇસ્લામી વિચારધારા જીવિત છે:</u>** RSS, BJP, VHP, બજરંગ દળ, સાધુ સમાજ વગેરેના આગેવાનો જે પીરાણામાં કહેવાતા સુધારાઓ સાથે જોડાયલા છે, એમની સાથે વાત કરવાથી ખ્યાલ આવે છે કે એ લોકોને ખોટું ગુમાન/ગૌરવ છે કે અમે પીરાણાને હિન્દુ બનાવીએ છે. એ લોકોએ જરૂર પીરાણાનો બાહ્ય દેખાવ હિન્દુ વાદી કર્યો છે, **પણ પીરાણા સતપંથના ઇસ્લામી વિચારધારાના બીજનો (Islamic Ideology) વિનાશ કરી શક્યા નથી.** બીજ માટે જુઓ પોઈન્ટ (229). ભવિષ્યમાં એક દિવસ જ્યારે ઇસ્લામ માટે અનુકૂળ સમય આવશે, ત્યારે આ બીજ જરૂર ફૂટી નીકળશે અને RSS, સાધુ સંતો વગેરેની મહેનત એળે જશે એ સ્પષ્ટ દેખાય છે.

**ઇસ્લામી વિચારધારા કાઢી નથી શક્યા**

**232. <u>અજાયબી કે ગંભીરતા:</u>** આ એક એવી સંસ્થા છે, જે પોતાને હિન્દુ કહેવડાવે છે, પણ સતપંથ છોડી હિન્દુ ધર્મમાં જતા લોકોને અટકાવવા માટે બનતા તમામ પ્રયત્નો કરે છે. સમજશો તો અજાયબી નહીં પણ આજાયબીની પાછળ છૂપી ગંભીર વાતો સમજાશે. એવું ઘણા માને છે.

**ગંભીરતા**

**233. <u>સતપંથીઓની સમાધાન રણનીતિ:</u>** કોઈ પણ વિવાદ હોય કે સમસ્યા હોય, અને એના નિવારણ માટે સમાધાન કે સમજૂતીની બેઠક થતી હોય, ત્યારે સામાન્ય રીતે અપેક્ષા એ હોય કે વિવાદના બીજને કાયમ માટે કાઢી નાખવા માટે પ્રમાણિક કોશિષ થવી જોઈએ.

પણ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિનો ઇતિહાસ અને આજ સુધીનો અનુભવ રહ્યો છે કે જ્યારે પણ સતપંથીઓ સાથે સમાધાનની વાટાઘાટો ચાલે, ત્યારે એમના તરફથી નીચે જણાવેલ રણનીતિ જોવા મળે છે.

**233.1.** સતપંથીઓને હિન્દુ બનવા માટે “સમાધાન” નથી કરવું. એટલે સનાતનીઓ દ્વારા એમને શુદ્ધ હિન્દુ બનાવવા માટે આપવામાં આવેલ તમામ ઉપાયોમાં કોઈ ન કોઈ બહનાઓ કાઢીને પોતાને અલગ કરી રાખે.

**233.2.** એમની કોશિષ હોય કે યેનકેન પ્રકારે સતપંથ ધર્મને, હિન્દુ ધર્મનો ભાગ છે એવી સ્વીકૃતિ સનાતન સમાજ આપી દે. જેથી તેઓ હિન્દુ સમાજની અંદર રહી પોતાનો ઇસ્લામી ધર્મ છૂપી રીતે પાળી શકે.

**233.3.** ચર્ચા કે સમાધાન પ્રક્રિયાના નામે, ઉપર જણાવેલ 2જો (પોઈન્ટ 233.2) મુદ્દો પ્રમાણે, સતપંથને સ્વીકૃતિ આપી દેવા માટે સનાતનીઓને મનાવવાના તમામ પ્રયત્નો કરે. પણ 1લા (પોઈન્ટ 233.1) મુદ્દામાં ફસાય એટલે વાતચીતનો દોર ખોટે રસ્તે ચડાવી દેવામાં આવે.

**234.** **<u>ઉમિયા માતાજી વાંઢાયમાં સામૂહિક ઘરવાપસીનો છેલ્લો પ્રયાસ:</u>** સતપંથીઓ દ્વારા સનાતનીઓની થતી સતત કનડગત અને ખોટા કોર્ટ કેસોથી આખી જ્ઞાતિ કંટાળી છે. હવે સતપંથ સાથે છેડો ફાડીને આ સમસ્યાને કાયમી ઉકેલ લાવવાની માંગ પૂરા ભારતમાંથી જોરથી ઉઠવા લાગી છે. આવી માંગો તો ઘણા વર્ષોથી ઉઠતી હતી. ઉપરથી સંત ઓધવરામ મહારાજનો આદેશ હતો કે સતપંથીઓ સાથે કોઈ પણ પ્રકારના સંબંધો રાખવા નહીં. માટે જ્ઞાતિના આગેવાનોને પણ હવે એવું લાગી રહ્યું છે કે સતપંથ સમસ્યાને કાયમી રીતે બંધ કરવા માટે સતપંથીઓ માટે સનાતન સમાજના દરવાજા હવે બંધ કરવા જોઈએ. તે પ્રમાણે આગામી દિનાંક 14-May-2023ના, ઇતિહાસમાં પહેલી વાર, કચ્છ કડવા પાટીદાર સનાતની જ્ઞાતિનું પહેલું સનાતની અધિવેશન યોજાઈ રહ્યું છે. એ અધિવેશનમાં સતપંથીઓ માટે દરવાજા બંધ કરવા ઉપર નિર્ણય લેવામાં આવશે.

**<u>આ મિટિંગમાં, ઉપર જણાવેલ પોઈન્ટ (233)માં દર્શાવેલ રણનીતિ, અહીં જોવા મળી:</u>**

**234.1.** **<u>વાંઢાય ખાતે બેઠક:</u>** દરવાજા બંધ કરવાના નિર્ણયથી પહેલાં, સતપંથીઓ હિન્દુ ધર્મમાં આવી જાય અને જ્ઞાતિ તૂટે નહીં, તે માટે એમને હજી એક છેલ્લી તક આપવી જોઈએ, એવું સનાતનીઓને લાગ્યું. માટે ઉમિયા માતાજી વાંઢાયની આગેવાની હેઠળ દિનાંક 08-Feb-2023ના એક બેઠક યોજવામાં આવી હતી. ભારતભરમાંથી બૌદ્ધિક સનાતનીઓ અને સતપંથ સામે લડત આપનારા લોકોને ખાસ બોલાવવામાં આવ્યા હતા. એમને એમ કહેવામાં આવ્યું હતું કે કચ્છના તમામ સતપંથીઓ સતપંથ છોડીને સનાતનમાં ભળવાની ઈચ્છા ધરાવે છે, માટે આપણે ભેગા થવું છે.

**234.2.** **<u>બેઠકમાં નવો વળાંક:</u>** પણ, જ્યારે મિટિંગ થઈ, ત્યારે વાતમાં વળાંક આવ્યો. ત્યાં સતપંથીઓ દ્વારા એવી વાત રજૂ કરવામાં આવી કે અમે પીરાણામાં ઘણા ફેરફારો કર્યા છે. (ઉપર જણાવ્યા પ્રમાણે દીવાલ અને મૂર્તિઓ). અમને RSS, VHP, BJP, સાધુ સંગઠન વગેરે માન્યતા આપે છે. મુસલમાનોને અમે પીરાણાથી દૂર કરી નાખ્યા છે. આમે અમે હિન્દુ છીએ માટે અમને સનાતનમાં ભેળવી લો, એવી ગૂગલી[131] નાખી.

**234.3.** **<u>સનાતનીઓ ફસાયા નહીં:</u>** સનાતનીઓ આ ગૂગલી માટે તૈયાર હતા એમની વાતમાં ફસાયા નહીં. એમને માત્ર એકજ સવાલ કર્યો કે શું તમે ઈમામશાહને છોડ્યો. જવાબ મળ્યો કે અમે ઈમામશાહનું નામ બદલ્યું છે અને સદગુરુ રાખ્યું છે. પણ અમે ઈમામશાહને છોડવાના નથી. અમારામાં અમુક

[131] ગૂગલી = વિરોધીને ભરમાવી નાખવું. ક્રિકેટ રમતમાં ગૂગલી બોલ પરથી આ રૂપક (metaphor) શબ્દ લેવામાં આવ્યો છે.

સતપંથી કટ્ટર છે એટલે અમે ઈમામશાહને છોડી શકતા નથી. તો સનાતનીઓએ કહ્યું કે જેમ અમે છોડીને આવી ગયા, એમ તમે છોડીને આવી જાઓ. બીજાને છોડી દો એમના હાલ પર. પણ સતપંથીઓએ આ ઉકેલ સ્વીકારવાની ના પાડી દીધી અને કહ્યું કે અમે ઈમામશાહને છોડશું નહીં. આવું કીધું ત્યારે બધા જ સનાતની એક અવાજે બોલ્યા, તો પછી આજની મિટિંગનો કોઇ અર્થ નથી.

**234.4.** **<u>કોર્ટ કેસો કરવાની ધમકી:</u>** પછી વાતોવાતોમાં જ્યારે કોર્ટ કેસોની વાત નીકળી અને કોઇ વ્યવહારિક ઉકેલ નીકળે એટલા માટે સનાતનીઓએ કહ્યું કે પહેલાં વિશ્વાસનો માહોલ ઊભો થવો જોઇએ. માટે સતપંથીઓએ સનાતનીઓ ઉપર કરેલ કોર્ટ કેસો પહેલાં પાછા ખેચવા જોઇએ (યાદ રહે સનાતનીઓએ સતપંથીઓ ઉપર કોઇ કેસ કરેલ નથી). સનાતનીઓ તરફથી આવી નજીક આવવાની સારી વાતના જવાબમાં સતપંથીઓએ કહ્યું કે જો તમે અમને સનાતન સમાજમાં નહીં સામેલ કરો, તો અમે વધારાના કેસો કરીશું. આમ કહીને ધમકી આપીને બંને સમાજોને દૂર કરવાની વાતો કરી. સનાતનીઓએ તરતજ એમની હલકી વાતને વખોડી કાઢી.

**234.5.** **<u>સનાતન સમાજને તોડવાના પ્રયત્નો:</u>** ત્યાર પછી સતપંથીઓએ સનાતન સમાજને તોડવા માટે એક ચાલ રમ્યા. એમને ઉમિયા માતાજી વાંઢાય સંસ્થાને લાલચ આપી કે વાંઢાયના આગામી દિનાંક 27 થી 30-Mar-2023ના યોજાનાર અમૃત મહોત્સવ કાર્યક્રમમાં અમે 1 કરોડ રૂપિયા દાન આપવા તૈયાર છીએ. અમે વાંઢાયના સભ્ય છીએ. વાંઢાય બિન-સાંપ્રદાયિક છે (જે ખોટી વાત છે, વાંઢાય સનાતનીઓની સંસ્થા છે, જેની સ્થાપનાનો ઇતિહાસ આપણે આગાઉ પોઈન્ટ (150.24) માં જોયું). માટે કેન્દ્ર સમાજના નિયમો અહીં લાગુ ન પડે.

આપણે સૌ સાથે રહીને વિકાસ કરવાનો છે. રાજકીય ક્ષેત્રમાં આપણે સાથે રહીને આગળ વધીએ. ડો. સેંઘાણી અલગ ચૂંટણી લડ્યા એટલે હારી ગયા, એવો એમને બંધબેસતો (વાસ્તવનો નહીં) દાખલો આપ્યો.

ઉમિયા માતાજી વાંઢાયના આગેવાનો સતપંથીઓની આ ચાલ તરતજ સમજી ગયા અને એમની વાત જડમૂળથી ઉડાડી દીધી. ઉમિયા માતાજી વાંઢાયના પ્રમુખ હંસરાજભાઈ, સંસ્કારધામના પ્રમુખ ગંગારામભાઇએ અને અન્ય આગેવાનોએ જવાબ આપ્યો કે સનાતની વિચારધારા અને મોહિમ એકલા કેન્દ્ર સમાજની નથી, પણ સમસ્ત ક. ક. પા. જ્ઞાતિની છે. જ્ઞાતિના નીતિનિયમો જ્ઞાતિની તમામ સંસ્થાઓને લાગુ પડે એમ ઉમિયા માતાજી વાંઢાયને પણ લાગુ પડે. આ બાબતે ઉમિયા માતાજી વાંઢાયની મિનિટ બુકમાં નોંધ કરવામાં આવેલ છે, એવું જાણવા મળ્યું છે.

**234.6.** **<u>ઉમિયા માતાજી વાંઢાય – સનાતની મોહિમ સાથે મક્કમ:</u>** આ ઘડીએ નોંધ લેવા જેવી વાત એ છે કે ઉમિયા માતાજી વાંઢાયની કારોબારી સનાતની મોહિમ સાથે અડગ રહીને સતપંથીઓના દાન ન લેવાના એમના નિર્ણયનો સમસ્ત જ્ઞાતિ તરફથી આભાર માનવો રહ્યો.

**235.** **<u>સતપંથ સમસ્યાનો અંત લાવવા અંગે સનાતનીઓ વધુ મક્કમ:</u>** ઉમિયા માતાજી વાંઢાયમાં ઉપર જણાવ્યા પ્રમાણે ઘરવાપસીના છેલ્લા પ્રયાસનો પણ સતપંથીઓ દ્વારા ધમકી મારફતે આપેલ જવાબ સમસ્ત જ્ઞાતિમાં ચર્ચાનો વિષય બની ગયો. ત્યાર બાદ, સમસ્ત જ્ઞાતિમાં એક આવજે, માંગ ઉઠવા લાગી કે;

**235.1.** હવે કોઇ નહીં કહી શકે કે સનાતનીઓએ સતપંથીઓની ઘરવાપસી કરાવવાના પૂરતા પ્રયાસો નથી કર્યા.

**235.2.** હમેશાં સનાતનીઓ તરફથી સમસ્યાના ઉકેલના પ્રયાસો થતા રહ્યા છે. પણ સતપંથીઓ તરફથી સતપંથની સમસ્યા ચાલતી રહે એ માટે નવા-નવા રસ્તાઓ અને કાવતરાઓ (કાવતરા શબ્દ એટલા માટે કે, વાત જ્ઞાતિ કે સનાતન સમાજમાં ભળી જવાની કરશે, પણ હિન્દુ ધર્મના નામે સતપંથનું ઈસ્લામી બીજ પકડી રાખવા માટે નવા-નવા પ્રયોજનો ચલાવે છે) રોજે રોજ કરતા રહેશે.

**235.3.** છેલ્લા લગભગ 250 વર્ષોથી સનાતનીઓ સતપંથીઓને સમજાવતા આવ્યા છે. હવે સમય બદલાઇ રહ્યો છે. હજી કેટલા દિવસો સુધી માથાકૂટ કરીને એમના ષડયંત્રોને સતત શોધતા રહેવું અને બચતા રહેવું. આવા કામ કરનારને માન સન્માનના બદલે સમાજ તોડું, ઝઘડા કરાવનાર, વગેરે મેણાંટોણાં સાંભળવા પડે છે, જે બંધ થવા જોઇએ.

**235.4.** સતપંથીઓ જે રીતે ઉમિયા માતાજી વાંઢાયમાં વ્યવહાર કર્યો અને એમની રણનીતિ પ્રમાણે ચાલ્યા એના પરથી સ્પષ્ટ દેખાય છે કે એમની નિયત સનાતનમાં આવવાની નથી.

એટલે, સતપંથીઓ માટે સનાતન જ્ઞાતિના દરવાજા કાયમ માટે બંધ કરવા જોઇ, એવી જે વાત હતી, એ વાતને વધુ મક્કમતાથી લોકો ઉપાડવા લાગ્યા.

# પ્રહર 7

2023 થી અવિરત

## ખરા અર્થમાં ઘરવાપસી પરિપૂર્ણ

ઘરવાપસી ચળવળનું છેલ્લું ચરણ..

**સતપંથની માનસિકતામાંથી મુક્તિની શરૂઆત..**

સંત ઓધવરામ બાપાની ઈચ્છા પૂરતી..

**સતપંથીઓ માટે કરો બારણાં બંધ..**

# 26

# સતપંથીઓ માટે દરવાજા બંધ
# ચરણ 2: માનસિકતા શુદ્ધ કરવી

**236. <u>સામાન્ય પરિસ્થિતિ બહાલ કરવી – ચરણ 2:</u>** હવે સનાતની લોકોની પ્રબળ થતી સનાતની માનસિકતા ઉપર સતપંથના કારણે પડતા વિક્ષેપોથી કાયમી રીતે મુક્ત થવાનો સમય આવી ગયો છે. પણ એમ કરવા માટેની એક મુખ્ય અડચણ છે, સતપંથ માટે સનાતન સમાજના ખુલ્લા દરવાજાઓ. જ્ઞાતિ સતપંથ વિષયને ભૂલીને પોતાના વિકાસ અને પ્રગતિ ઉપર વધારે કેન્દ્રિત થાય, એટલે કોઈને કોઈ કારણસર, ખાસ મવાળો દ્વારા, સતપંથનો વિવાદ ઊભો કરવામાં આવે અને આગેવાનો વિવાદના વંટોળમાં ફસાઈ જાય. સનાતનીઓના સુવિકાસ માટે હવે સતપંથના વિવાદો કાયમ માટે બંધ થવા અત્યંત જરૂરી છે. એટલે જ્ઞાતિના આગેવાનોએ ખૂબ ચિંતન મનન કરીને આગળ વધવાનું કામ હાથ ધર્યું છે. નીચે આપેલ ટેબલ પરથી સમજી શકો છો કે એ કામ શું છે.

| 4. Normalisation / સામાન્ય પરિસ્થિતિ બહાલ કરવી | વિનાશ વિગત | સુધારો |
|---|---|---|
| 4.1. નવો સમાજ પ્રસ્થાપિત કરવો – 2 ચરણોમાં | | |
| **<u>ચરણ 2:</u>**<br>**<u>માનસિકતા શુદ્ધ કરવી:</u>** પીરાણા સતપંથ સાથે જોડાયેલી લોકોની માનસિકતાનું જોડાણ તોડી, એ માનસિકતાને શુદ્ધ સનાતની બનાવવી. જેથી કરીને સનાતની જ્ઞાતિ માટે એવા સ્તરનું ગૌરવ, સ્વાભિમાન, ગરિમા વધે અને અસ્મિતા જાગે કે ભવિષ્યમાં જ્ઞાતિ કોઈ દિવસ ફરીથી અન્ય ધર્મ તરફ આકર્ષિત ન થાય. જેથી ક. ક. પા. સનાતન જ્ઞાતિ અને એની સનાતની "વિચારધારાનો વિનાશ" ક્યારે પણ થઈ ન શકે. | **24** | **શરૂઆત** |

**237. <u>માનસિકતા મુક્ત કરવી:</u>** માનસિકતા મુક્ત કરવી છે પણ તેના માટે આ તબક્કે, શું કરવું પડે? જે રીતે અંગ્રેજોની ગુલામીની માનસિકતાથી ભારત સરકાર દેશને મુક્ત કરવાનું અભિયાન ચલાવી રહી છે, કઇંક એવું જ કરવું જરૂરી છે. એટલે કે અંગ્રેજોની ગુલામી અને મુઘલોના અત્યાચારોના પ્રતીકો હટાવવા પડે.

વિદેશી/વિધર્મી/ખલનાયકોના નામ પર પડેલા શહેરોના નામો બદલીને ભારતીય સંસ્કૃતિ અને સનાતન ધર્મના નાયકો અને હીરોના નામો ઉપર નવા નામો રાખવામાં આવે છે. એવી રીતે વર્ષો જૂની સૈન્ય પરંપરાઓ, સૈન્યના ગીતો પણ બદલવામાં આવ્યા છે.

સનાતની જ્ઞાતિના વડીલોને અને બૌદ્ધિકોને હવે લાગે છે કે જો હવે સતપંથ સમસ્યાને જ્ઞાતિમાંથી કાયમ માટે દૂર કરવી હશે, તો સતપંથ માટે સનાતન જ્ઞાતિના દરવાજા કાયમ માટે બંધ થવા જોઈએ. સનાતનીઓ માટે હવે પછી સતપંથ જ્ઞાતિ એ એક અન્ય જ્ઞાતિ તરીકે રહેશે. પોતાની જ્ઞાતિ નહીં રહે.

**238. <u>નિર્ણયનો અસ્થાયી વિરોધ:</u>** સરકાર દ્વારા લેવાતા આવા નિર્ણયો પાછળનું મહત્વ બધાને સમજાય છે. પણ દેશમાં અમુક લોકો સરકારના આવા નિર્ણયોનો એકતા સંપ સંગઠન, ભાઈ ચારો, અન્યાય વગેરે કોઈ ન કોઈ મુદ્દાની આડમાં વિરોધ કરે છે.

આ રીતે કદાચ થોડા સમય માટે સનાતની જ્ઞાતિમાં પણ આવા પ્રકારનો વિરોધ થાય તો એ અપેક્ષિત છે. પણ હાલ જે પ્રકારે સનાતની મોહિમની મક્કમતા દેખાઈ રહી છે, એ મક્કમતા સામે આ વિરોધ લાંબો નહીં ચાલે, એ વાત એકદમ સ્પષ્ટ છે. કારણ કે જ્ઞાતિના લોકો આ મોહિમ સાથે છે. હવે લોકો સતપંથની સમસ્યાથી કાયમ માટે મુક્ત થવા માંગે છે.

**239. <u>લાંબા સમયની માંગ:</u>** સતપંથીઓ માટે દરવાજા બંધ કરવાની માંગ ઘણા સમયથી ઉઠતી રહી છે. સભાઓમાં કે અનોપચારીક ચર્ચાઓમાં આવી વાતો સાંભળવા મળતી હોય છે. જૂના રેકર્ડ ઉપર ઊડતી નજર નાખતી વખતે અમારા ધ્યાનમાં આવી માંગનો કિસ્સો વર્ષ 1972માં પણ જોવા મળ્યો છે. જાગૃતિ માસિક પત્રિકાનો May-1972ના અંકના પેજ 10માં પણ દરવાજા બંધ કરવાની વાત છપાઈ છે [56:May-1972, Page 10 (203 of 522)].

**240. <u>સનાતનીઓની પરિપક્વતાનો પરિચય:</u>** સતપંતથીઓ માટે દરવાજા બંધ કરવાનો નિર્ણય લેવા માટે ઊંડાણથી વિચાર માંગી લે છે. સતપંથ અંગે સામાજિક પરિસ્થિતિ, સમજાવટના પ્રયાસોની અસર, દરવાજા બંધ કરવાના સંભવિત પરિણામો વિષે વગેરે ઘણી બાબતોને ધ્યાનમાં રાખવું પડતું હોય છે. તેની સાથે સતપંથી દ્વારા સનાતનીઓ ઉપર થતી કનડગતથી કેવી રીતે બચાવ કરવો, કેટલા દિવસ એમની ઘરવાપસી માટે રાહ જોવી, કેટલા દિવસ માટે પોતાનો વિકાસ અટકાવી રાખવો વગેરે ધ્યાને રાખવું પડતું હોય છે.

> વિધર્મમાં ફસાયેલા લોકોની હિન્દુ ધર્મમાં ઘરવાપસી કરાવવી એ દરેક હિન્દુની ફરજ છે. પણ એ ફરજ બજાવતી વખતે શુદ્ધ હિન્દુ સમાજને મોટું કે લાંબા સમયે નુકસાન થતું હોય, તો એવી ઘરવાપસી નકામી છે.
>
> **નુકસાન ન થવું જોઈએ**

ઉપર જણાવ્યા પ્રમાણે તમામ બાબતો ઉપર ઊંડાણ પૂર્વક વિચાર કરીને, ખૂબ સંયમ અને ગંભીરતા રાખી, પોતાના વિચારોની પરિપક્વતાનો પરિચય, સનાતન જ્ઞાતિના આગેવાનોએ આપેલ છે. જેના ઉપર સમસ્ત જ્ઞાતિને ગૌરવ છે.

**241.** **દરવાજા બંધ કરવાનો સમય પાકી ગયો:** ઉપર જણાવ્યા પ્રમાણે ઘરવાપસીના સારા ધ્યેયમાં અગર સનાતન સમાજને નુકસાન થતું હોય, તો એવી ઘરવાપસી કરાવવાની કોઈ જરૂરત નથી. "સફાઇ અભિયાન – સનાતન ધર્મ જાગૃતિ સમિતિની ચળવળ" પ્રકરણમાં આપણે જોયું કે હવે ઘરવાપસી માટે રાહ જોવી એ સનાતન સમાજના હિતમાં નથી. તેમજ મોટા ભાગે સનાતની લોકો પણ દરવાજો બંધ કરવાની વર્ષો જૂની માંગ હવે વધુ જોર અને મક્કમતાથી ઉપાડી રહ્યા છે.

**242.** **સંત ઓધવરામ મહારાજનો આદેશ:** આ બાબતે આગળ વધતી વખતે સનાતની જ્ઞાતિના પાયાના સંત ઓધવરામ મહારાજનો આદેશ અને એમના અભિગમનો પણ વિચાર કરવો જોઈએ. આ બાબતે અભ્યાસ કરતાં જણાઈ આવે છે કે સંત ઓધવરામ મહારાજ હમેશાંથી સતપંથ સાથે તમામ વ્યવહારો બંધ રાખવાની સલાહ આપતા રહેતા. આ બાબતે ખાસ 2 દસ્તાવેજો મહત્વના છે.

**242.1.** પરમ પૂજ્ય સંત ઓધવરામજી મહારાજે સ્વયં લખેલ પુસ્તક... ઇશ્વર વિહારી વિલાસ ભાગ 2ના (આવૃત્તિ બીજી – પ્રકાશન વર્ષ 1943) પેજ 362માં કચ્છ કડવા પાટીદાર ભાઈઓ માટે પાળવા યોગ્ય 23 નિયમો આપેલ છે. જેમાંના 23માં નિયમમાં સતપંથીઓ સાથે બધાજ સંબંધો કાપવા જણાવેલ છે, જે આ પ્રમાણે છે;

> **"(23) કડવા પાટીદાર ભાઈઓએ ઉપર કહેલ નિયમો પ્રમાણે વર્તવું. જેઓ ઉપર કહેલા નિયમો પ્રમાણે વર્તે નહીં, અને દુરાગ્રહથી એ પંથને જે વળગી રહે, તેઓની સાથે સનાતન ધર્મ પ્રમાણે વર્તનાર સુધારક ભાઈઓએ કોઈ પણ પ્રકારનો સંબંધ રાખવો નહીં, અને તેઓનો ત્યાગ કરવો, કારણ કે એમ કરવાથીજ કડવા પાટીદાર જ્ઞાતિનો <u>ખરો ઉદ્ધાર</u> છે."** [121:Page 362]

**242.2.** પરમ પૂજ્ય સંત ઓધવરામ મહારાજના પટશિષ્ય સંત દયાલરામજી મહારાજની હાજરીમાં બોરડીટીંબા ખાતે દિનાંક 16-Dec-1943ના ક. ક. પા. જ્ઞાતિ સંમેલન યોજાયેલ હતું, એ આપને યાદ હશે. જુઓ પોઈન્ટ (150.23). આ સંમેલનમાં જ્ઞાતિના રીતરિવાજો ઘડવામાં આવ્યા હતા. એ રીતરિવાજો સાથે આદેશ આપેલ હતો કે;

> **"આ સંસ્થામાં આવનાર વ્યક્તિએ સતપંથી સાથેનો ખાવા પીવાનો વહેવાર સદંતર બંધ કરવો પડશે"** [83:Page 13] [6:Page 423]

**243. <u>નારાયણ રામજી લીંબાણીની મોહિમ:</u>** નારાયણ રામજીની મોહિમ પણ આ બાબતે સ્પષ્ટ હતી કે જ્યાં સુધી પીરાણા સતપંથ જ્ઞાતિમાંથી નાબૂદ નહીં થાય, ત્યાં સુધી હિન્દુ મટી જવાનો ભય તો ખાડોજ રહે છે [114:Nivedan] [6:Page 154].

**244. <u>અન્ય જ્ઞાતિના અનુભવો:</u>** ભૂતકાળમાં સતપંથ પાળતી અન્ય જ્ઞાતિઓના અનુભવોને ધ્યાને લેવામાં આવ્યા છે.

**244.1. <u>લોહાણા જ્ઞાતિ:</u>** લોહાણા જ્ઞાતિ સૌથી પહેલાં સતપંથમાં ફસાઈ હતી. ઈમામશાહના દાદા પીર સદરૂદ્દીન લોહાણા જ્ઞાતિને સાચા હિન્દુ ધર્મના નામે સતપંથમાં લઈ ગયા હતા. આજે એ લોકો, સતપંથ પાળતા-પાળતા પૂરા મુસલમાન એટલે કે ખોજા મુસલમાન બની ગયા છે. પણ હિન્દુ લોહાણા જ્ઞાતિએ એમના મુસલમાન જ્ઞાતિના ભાઈઓ સાથે કોઈ સંબંધ રાખેલ નથી. એટલે એમની જ્ઞાતિમાં સતપંથને લઈને કોઈ વિવાદ નથી.

**244.2. <u>રબારી જ્ઞાતિ:</u>** રબારી જ્ઞાતિમાં પણ અમુક લોકો સતપંથ ધર્મ પાળે છે. એ જ્ઞાતિ પણ મોટે ભાગે સતપંથીઓ સાથે રોટી-બેટીનો વ્યવહાર રાખતી નથી.

**244.3. <u>લેવા પાટીદાર:</u>** મરાઠી લેવા પાટીદાર સમાજે પણ સતપંથ પાળતા એમના ભાઈઓને જ્ઞાતિ બહાર કરવાના ઠરાવો 15-May-1919 અને 22-Dec-1922ના દિવસે કરેલ હતા [137:Page 94 and 96]. આ ઠરાવોના વિરુધ્ધ સતપંથીઓ કોર્ટે પણ ચડયા. શરૂઆતમાં સતપંથીઓને સફળતા મળી. પણ જ્યારે વિવાદ મુંબઈ હાઇ કોર્ટ સુધી પહોંચ્યો, ત્યારે ત્યાં સતપંથીઓ નિષ્ફળ રહ્યા. આ બાબતની સંપૂર્ણ જાણકારી મરાઠી ભાષાનું પુસ્તક "સતપંથ રહસ્ય"માં [137] આપેલ છે. "સતપંથ વિજય" [91] નામનું એક બીજું મરાઠી પુસ્તક છે, જેમાં અધૂરી માહિતી આપેલ છે, જેની ખાસ નોંધ લેશો.

**244.4. <u>વાંકાનેરના મુસલમાન કડવા પાટીદારો:</u>** વાંકાનેરની આજબાજુના વિસ્તારમાં આજે કડવા પાટીદાર જ્ઞાતિમાંથી મુસલમાન બની ગયા છે. એની સાથે કોઈ પણ હિન્દુ કડવા પાટીદાર જ્ઞાતિ સંબંધ નથી રાખતી. માટે એના કારણે કડવા પાટીદાર જ્ઞાતિમાં કોઈ સમસ્યા થતી નથી.

**244.5. <u>મિશ્ર જ્ઞાતિઓ:</u>** જે જ્ઞાતિ ધર્મ બાબતે મિશ્ર રીતે ચાલે છે, એ જ્ઞાતિમાં રોટી-બેટીના વ્યવહારોના કારણે શુધ્ધ સનાતનીઓના ઘરમાં પણ ઇસ્લામ ધર્મ ઘૂસી જાય છે. કારણ કે ઇસ્લામ પાળતા લોકો એ જ્ઞાતિમાં સ્વીકૃત હોય છે. પ્રેમ-એકતા-સંપ-સંગઠન વગેરે શબ્દોની માયાજાળમાં ફસાઈ ગયેલા છે, એ દેખાઈ આવે છે. હાલ દિનાંક 29-Dec-2022ના પ્રકાશિત ગુજરાતી સમાચાર પત્રિકા "દિવ્ય ભાસ્કર"ના મુંબઈ સંસ્કરણ[132]ના પેજ 2માં નીચેના ભાગમાં રાજસ્થાનના કાઠાત સમાજના આવા મિશ્ર સંસ્કૃતિ વિષે સમાચાર છાપેલ છે અને દફન વિધિને લઈને થયેલ વિવાદ વિષે પણ જણાવેલ છે.

---

**132** સંસ્કરણ = Edition એટલે અહીં, Mumbai Edition

**245. પોતાના અનુભવો:** ક. ક. પા. જ્ઞાતિના પોતાના અનુભવો પણ ધ્યાને લેવા જેવા છે.

**245.1. ઊંઝાની કડવા પાટીદાર જ્ઞાતિ:** ઊંઝાના વડીલોએ સતપંથ પાળતી ક. ક. પા. જ્ઞાતિ સાથે સંબંધો કાપી નાખ્યા એટલે આજે તેઓ આ સમસ્યાથી બચી ગયા. જો એમના સંબંધો ચાલુ રહ્યા હોત, તો આજે ઊંઝા પણ આ સમસ્યાથી પીડાતું હોત. વધુ જાણકારી માટે આ પુસ્તકમાં જણાવેલ પોઈન્ટ (74) જુઓ.

**246. દરવાજા બંધ કરવાના અમુક મુખ્ય કારણો:** ઉપર જણાવેલ અનુભવો, પુસ્તકમાં અગાઉ જણાવેલ મુદ્દાઓનો સારાંશ આ પ્રમાણે છે.

**246.1.** જે જ્ઞાતિઓએ સતપંથ સાથે સંબંધ કાપી નાખ્યા છે અથવા સંબંધ નથી રાખ્યા, ત્યાં આજે સતપંથની કોઈ સમસ્યા નથી.

**246.2.** જે જ્ઞાતિઓમાં મિશ્ર સંસ્કૃતિ છે, એ જ્ઞાતિઓમાં, ક. ક. પા. જ્ઞાતિની જેમ, સમય-સમય પર સતપંથને લઈને વિવાદો જન્મતા જ રહે છે.

**246.3.** ક. ક. પા. જ્ઞાતિમાં આ વિવાદ લગભગ 250 વર્ષોથી એટલે કે કેશરા પરમેશ્વરાના સમયથી ચાલે છે. હજી કેટલો સમય રાહ જોવાની?

**246.4.** 95% લોકો સનાતનમાં આવી ગયા છે, તો પછી બાકીના 5% લોકોનું ન આવવાનું કોઈ કારણ નથી. 5% લોકો 95%ને હેરાન કરે, એ યોગ્ય પણ નથી.

**246.5.** સનાતનીઓએ વર્ષોથી સતપંથીઓ સાથે સદ્ભાવ રાખીને તેમને સાથે રાખ્યા. પણ વળતરમાં તેમને દગો મળ્યો. સનાતની ઓળખ લઈને પોતાનું ઇસ્લામ પકડી રાખ્યું.

**246.6.** સતપંથીઓ દ્વારા સનાતનીઓને હેરાન કરી, એમનો અવાજ દબાવી દેવા માટે ખોટા કોર્ટ કેસો અને ખોટી પોલીસ ફરિયાદો, સનાતનીઓની મિલકતો પચાવી પાડવી વગેરે કનડગત ચાલુ જ રાખી.

**246.7.** જ્યારે પણ સમાધાન કે સમજૂતી પ્રક્રિયા હાથ ધરવામાં આવે, ત્યારે પ્રક્રિયાનો દુરુપયોગ કરવામાં આવે. ક્યાંક સનાતનીઓમાં ભાગલા પણ પાડવાની કોશિષ કરવામાં આવે છે.

**246.8.** સનાતનીઓ હજી કેટલા દિવસો સુધી જાગૃતિની સભાઓ ભર્યા રાખશે અને સમજાવતા ફરશે કે સતપંથ હિન્દુ ધર્મ નથી.

**246.9.** આજના આધુનિક સમયમાં સતપંથી બરાબર જાણે છે કે ઈમામશાહ મુસલમાન હતા અને હિન્દુઓને મુસલમાન કરવા માટે જ સતપંથ સ્થાપ્યો હતો. આટઆટલું જાણતા હોવા છતાં, જો એમને સનાતનમાં ન આવવું હોય, તો એમની મરજી. હવે આપણે સમજાવવાની જરૂર નથી.

**246.10.** સમાજ જો મિશ્રિત હશે, તો જ્ઞાતિની દીકરીઓ (નિયાણીઓ)ને સતપંથ વિષે ખબર ન હોવાના કારણે છેતરાશે. હવે નિયાણીઓને એવી કોઈ પરિસ્થિતિમાં ન મૂકવી કે કાલે એ દીકરીને એવું લાગે કે બધુ જાણતા હોવા છતાં મારા પરિવારે મુસલમાન ધર્મ પાળતા લોકો સાથે મારા સંબંધો કરાવ્યા.

**246.11.** પીરાણામાં હાલ જે રીતે ફેરફારો થયા છે, એ ફેરફારોના કારણે અજાણ ભોળી દીકરીઓ ઇસ્લામી લવ જિહાદના સહેલાઈથી શિકાર બની શકે, એવું દેખાઇ આવે છે. કારણ કે ઈમામશાહની દરગાહમાં માત્ર મુસ્લિમ પુરુષો આવે છે. એ દરગાહ અને કહેવાતા નિષ્કલંકી મંદિર એક જ પરિસરમાં છે, અને બંનેની entry એટલે આવા જવાનો એકજ માર્ગ છે. કોઈ પ્રચાર કરતું હોય કે પીરાણામાં હવે મુસલમાનો નથી આવતા, તો એ તદ્દન ખોટો પ્રચાર છે, એ સમજી શકાય.

**246.12.** પીરાણામાં જેટલા પણ કહેવાતા ફેરફારો કરવામાં આવે છે, એ ફેરફારોમાં કેવળ હિન્દુ જ ફસાય છે. કોઈ મુસલમાન ફસાય અને હિન્દુ બને એવા ફેરફારો કેમ નથી?

**ફેરફારો**

**246.13.** પીરાણાના ફેરફારો ખરેખર જો સારા અને સાચા હોય, તો **એ ફેરફારોથી કોઈ દિવસ સતપંથી હિન્દુ કેમ નથી બન્યા?** ઉલ્ટા હિન્દુમાં થી સતપંથી બને છે. આવા ફેરફારોથી સનાતન જ્ઞાતિને બચાવવાની સખત જરૂરત છે.

આવી રીતે બધી બાબતો ઉપર ઊંડો વિચાર કર્યા બાદ, કેન્દ્રીય સમાજે નવા સૂચિત જ્ઞાતિ રીતરિવાજોમાં સતપંથીઓ માટે સનાતન સમાજના દરવાજા કાયમ માટે બંધ કરવાની વાત લખી છે.

**247.** **<u>ફરીથી ક્રાંતિ જાગશે:</u>** આજે ભલે દરવાજા બંધ કરી રહ્યા છીએ પણ ખાતરી છે કે કાલે સતપંથી લોકોમાંથી જ ભગવાન લક્ષ્મીનારાયણ ફરી પ્રગટ થશે અને ફરીથી સનાતન ચળવળ એમનાંમાં જાગશે. જેથી સતપંથ ફરી તૂટશે. અને એમાંથી જ પીરાણા સતપંથનો વિરોધ એક દિવસ ઊગી આવશે, આવી વાતો લોકમુખે સંભળાઈ રહી છે.

**248.** **<u>2.5 સતપંથી બચ્યા:</u>** વડીલો અને ઘણા લોકો પાસેથી સાંભળેલ છે કે ઈમામશાહ કહી ગયા છે કે સતપંથમાં એક દિવસ માત્ર 2.5 મુમના બચશે [94:Page 12]. આ એ મુહાવરા રૂપ 2.5 મુમના છે, જે કોઈ દિવસ સનાતનમાં નહીં આવે. હવે એમના માટે દરવાજા ખુલ્લા રાખવાની કોઈ જરૂરત નથી, એવું સમજી શકાય એવી વાત છે.

**249. <u>પહેલું સનાતની અધિવેશનમાં દરવાજા બંધ કરવાનો નિર્ણય:</u>** ક. ક. પા. જ્ઞાતિના ઇતિહાસમાં પહેલવહેલું સનાતની અધિવેશન દિનાંક 14-May-2023ના ભરાવા જઇ રહ્યું છે. જે દિવસે ક. ક. પા. સનાતની જ્ઞાતિના રીતરિવાજો પાસ કરવામાં આવશે. (દિનાંક 11 થી 13-May-2023 વચ્ચે સનાતની શતાબ્દી મહોત્સવ છે અને એના પછી દિનાંક 14-May-2023ના જ્ઞાતિ અધિવેશન છે.)

આ અધિવેશન માટે સૂચિત જ્ઞાતિના રીતરિવાજોની નકલ[133] આગાઉથી બધી સ્થાનિક સમાજો અને ઝોનને મોકલાવી દીધી છે. અપેક્ષા છે કે અધિવેશનમાં આ અંગે ઠોસ નિર્ણય લેવામાં આવશે. અને કદાચ દરવાજા બંધ કરવાની તારીખ, કોઈ કારણ સર, આગળ ઠેલાય, તો પણ એક વાત સ્પષ્ટ છે કે આજે નહીં તો કાલે, આ નિર્ણય લેવાશે જ.

**250. <u>ખરા અર્થમાં ઘરવાપસી:</u>** ક. ક. પા. જ્ઞાતિના ઘરવાપસીના ઇતિહાસમાં સતપંથીઓ માટે દરવાજા બંધ કરવાનો નિર્ણય એક મહત્વનું સીમાચિન્હ[134] સાબિત થશે.

સંપૂર્ણ ઘરવાપસીનું આ છેલ્લું પગથિયું છે. આ પગથિયું પાર થવાથી જ ઘરવાપસીનું કામ ખરા અર્થમાં પરિપૂર્ણ થસે. કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ આ છેલ્લા પગથિયાંને પણ સફળતાપૂર્વક પાર કરીને સમસ્ત હિન્દુ સમાજને સાચા અર્થમાં ગૌરવવંત કરશે અને ઘરવાપસી કરાવનાર લોકો માટે જરૂરી માર્ગદર્શક દાખલો પણ પૂરો પાડશે.

ભારતમાં આ રીતે, કોઈ પોતાની મેળે જ્ઞાતિઅંદરથી વિધર્મ સામે લડી હોય અને આ પુસ્તકમાં જણાવ્યા પ્રમાણે પદ્ધતિ સર, તબક્કા વાર ખરા અર્થમાં ઘરવાપસી પરિપૂર્ણ કરી હોય અને એનો પદ્ધતિસર ઇતિહાસ પણ લખાયો હોય, એવા દાખલાઓ જૂજ હશે. અને એમાં કચ્છ કડવા પાટીદાર સનાતન જ્ઞાતિનો દાખલો હવે પછી મોખરે રહેશે, એ સ્પષ્ટ છે.

---

**133** જ્ઞાતિના રીતરિવાજોનો નમૂનો = https://abkkpsamaj.org/go/fn133

**134** સીમાચિન્હ = milestone

27

# નિષ્કર્ષ / Findings

**251.** **<u>જ્ઞાતિની અધોગતિના કારણો:</u>** ક. ક. પા. જ્ઞાતિની અધોગતિ પાછળનું મુખ્ય કારણ હતું કે એ પોતાનો ધર્મ બચાવી ન શકી. એમના ઉપર થયેલ "વિચારધારાના વિનાશ / Ideological Subversion"નો પ્રહાર ન ઓળખી શકી. એનો પ્રતિકાર[135] કરવાના બદલે એને સહયોગ કરી બેઠી. માટે જરૂરી છે કે "વિચારધારાના વિનાશ"થી જ્ઞાતિ/સમાજને કેવી રીતે બચાવી શકાય એ સમજવું. આના પર નિષ્ણાતોનું તારણ, જે જાણવા મળ્યું, એ અહીં નીચે મુકેલ છે.

**252.** **<u>નિરાશાના ફેલાવને પલટી નાખવું:</u>** જ્યારે "વિચારધારાનો વિનાશ"નો પ્રહાર શરૂ થાય ત્યારે આત્મ-સંયમ સહુથી વધારે કામ આવે. આત્મ-સંયમ સિખડાવવાનું કામ ધર્મનું જ હોય છે. ધર્મ આપણને શીખવાડે છે કે ભૌતિક મૂલ્યો[136] સારા છે, પણ એ મનુષ્યના જીવનનું અંતિમ લક્ષ્ય નથી. જીવનનું લક્ષ્ય માત્ર ભૌતિક સુખ માણવાનું નથી, એનાથી વધારે કઇંક ઊંચું છે.

અન્ય ધર્મના પ્રોપગંડા (ભ્રામક પ્રચાર પ્રસાર)માં ફસાવું ન જોઇએ. એમના પ્રોપગંડાની પોલ ખોલતો અથવા એમના પ્રોપગંડાથી સારો આપણો પ્રોપગંડા હોવો જોઇએ. જેથી કરીને સમાજ આપણને આદર અને સન્માનથી જુવે.

**253.** **<u>સમાજ:</u>** સમાજ શક્તિશાળી, બહાદુર અને એટલો સજાગ હોવો જોઇએ કે બાહ્ય વિચારોને પોતાના સમાજમાં અનુસરવા ન આપે. જો આવું કરી શકે તો "વિચારધારાના વિનાશ"માં જણાવેલ બધાજ તબક્કાઓ તરતજ અટકી જશે.

**254.** **<u>સમાજને ધર્મ જોડી રાખે:</u>** સમાજને ધર્મ સાથે જોડી રાખો. ધર્મ એટલે એવી ચીજ જેને તમે ખાઇ, સ્પર્શી કે પહેરી નથી શકતા. પણ ધર્મ એ ચીજ છે, જે સમાજને નિયમ બધ્ધ વ્યવસ્થિત રાખે છે, ચલાવે છે અને એનું રક્ષણ પણ કરે છે.

**255.** **<u>અલિપ્ત થવું:</u>** ઇતિહાસ કહે છે કે જે સભ્યતાઓનો ધર્મ છૂટી ગયો, એ સભ્યતાઓ આ ધરતી પરથી અલિપ્ત થઇ ગઇ. મોહેંજો-દડો, ઇજિપ્ત[137], બેબીલોન (Mohenjo-Daro, Egypt, Babylon) વગેરે આના દાખલા છે.

---

[135] પ્રતિકાર = resist

[136] ભૌતિક મૂલ્યો = material values. Things made up of basic elements.

[137] ઇજિપ્ત = મૂળ ઇજિપ્ત. આજના ઇજિપ્તમાં ઇસ્લામ ધર્મ છે.

**256.** **<u>સમાજનું વિઘટન (ટુકડા થવું):</u>** કોઈ આધુનિક ટેક્નોલોજી કે કોમ્પ્યુટર સમાજને વિઘટન અને અંતે સર્વનાશથી બચાવી નહીં શકે. પણ ધર્મ બચાવી શકશે. ભલે ધર્મને તમે હમેશા સાબિત ન પણ કરી શકો.

શું તમે કોઈને જોયો છે કે જે પોતાનું જીવન 2 x 2 = 4 માટે આપી દેવા તૈયાર છે, કારણ કે એ સત્ય છે. શું એ સાબિત થઈ શકે માટે પોતાનું જીવન આપી દે એવો વ્યક્તિ જોયો છે. કોઈ નહીં મળે. પણ સ્વતંત્રતા, આરામ, પૈસા અને એવી દરેક ચીજો જે ધર્મ અને ભગવાન તુલ્ય હોય, એના માટે મરી ફિટનારા લાખો છે. એમના માટે એ સન્માનની વાત છે. ધર્મ જે ભૌતિક નથી, છતાં સમાજ ચલાવે છે અને જીવવા માટે મદદ રૂપ છે, એના માટે મારી ફિટવા ઘણા મળી જશે.

જે ક્ષણે આપણે 2 x 2 = 4 ને આપણા જીવનનો માર્ગદર્શક સિદ્ધાંત બનાવ્યો, તો સમજી લો કે આપણે ખતમ થઇ ગયા. ભલે એ સત્ય છે અને બીજી બાજુ ભગવાન છે, જેને સાબિત નથી કરી શકતા. આપણે માત્ર અનુભવ કરી શકીએ અને શ્રદ્ધા રાખી શકીએ. માટે જીવનનો ધ્યેય ધર્મ હોવો જોઇએ.

**257.** **<u>ધર્મ છોડવો નહીં:</u>** જો સમાજને બચાવવો હોય તો ધર્મને કોઈ દિવસ છોડવો નહીં. તેમજ ધર્મને ભ્રષ્ટ પણ થવા દેવો નહીં. ભ્રષ્ટ ધર્મને અપનાવવો પણ નહીં. માટે શાસ્ત્રોમાં કહ્યું છે કે;

**ધર્મો રક્षति रक्षितः**

**ધર્મો રક્ષતિ રક્ષિતઃ**

**ધર્મનું મહત્વ**

- મહાભારત, વનપર્વ, અધ્યાય 313/128
- મનુસ્મૃતિ 8.15

**અર્થ:** ધર્મની રક્ષા કરવાથી, રક્ષા કરવા વાળાની રક્ષા થાય છે.

28

# Bibliography / સંદર્ભ સૂચિ

Format: [Creator Name, if any]. [Year of publication, if any]. [Section of Book, if any]. ***[Book Name].*** [Page Nos of Section, if any]. [Publisher Name, if any].


1. ABKKP Samaj. 1993. *ABKKP Samaj -4th Adhiveshan -Report (Includes brief note on 2nd and 3rd Adhiveshan) [287]*. ABKKP Samaj.

2. ABKKP Samaj. 2006. *ABKKPS Gnati Reet Rivaj Niyam [299]*. ABKKP Samaj.

3. ABKKP Samaj. 2007. *ABKKPS Nyay Samiti Dharadhoran [297]*. ABKKP Samaj.

4. ABKKP Samaj. 2010. *Kachchhna (Kutchna) Kadva Patidarono Itihas [46]*. Akhil Bharatiya Kutch Kadva Patidar Samaj Swarnim Mahotsav Ayojan Samiti.

5. ABKKP Samaj. 2013. *ABKKPS Ahmedabad -Satpanth ange 11 tharavo [1000]*. ABKKP Samaj.

6. ABKKP Samaj. 2023. *Abhilekh 2023*. ABKKP Samaj.

7. ABKKP Samaj and Patidar Sarvoday Trust. 2012. *Mandvi Hostel Scam FAQs and Reply [848]*. ABKKP Samaj and Patidar Sarvoday Trust.

8. ABKKP Saraswat Parivar. 2010. *Swarnimna Sathvare Chalya Samarth Patidar [251]*. ABKKP Samaj.

9. Akbarally Meherally. 1991. *A History of The Agakhani Ismailis [20]*. .

10. Akhil Bharatiya Kutch Kadva Patidar Samaj (ABKKPS). 2010. *ABKKPS -Swarnim Mahotsav -5th Adhiveshan Smruti Granth [183]*. Akhil Bharatiya Kutch Kadva Patidar Samaj.

11. Akhil Bharatiya Sanatan Satpanth Seva Mandal. 2012. *Dashabdi Mahotsav -Sant Sammelan & Nanakdas Maharaj (Kaka) -Smruti Granth [310]*. Satpanth Prakashan Samiti.

12. Akhil Vishva Satpanthi Dharmiya Sangh, Kolkata. 1994. *Pancham Ved -Bhag-1 -Mahapujana Mantro [6]*. Self.

13. Akhil Vishva Satpanthi Dharmiya Sangh, Kolkata. 1996. *Pancham Ved -Bhag-2 -Dasavatar [7]*. Self.

14. Akhil Vishva Satpanthi Dharmiya Sangh, Kolkata. 1996. *Pancham Ved -Bhag-3 -Atharvediya Ginan [8]*. Self.

15. Akhil Vishva Satpanthi Dharmiya Sangh, Kolkata. 1997. *Pancham Ved -Bhag-3.1 -Allah Hindu Dev - Kaba Dham Makleshwar Mahadev [9]*. Self.

16. Akhil Vishva Satpanthi Dharmiya Sangh, Kolkata. 1998. *Pancham Ved -Bhag-4 -Satpanth Dharmni Ruprekha [10]*. Self.

17. Akhil Vishva Satpanthi Dharmiya Sangh, Kolkata. 1998. *Pancham Ved -Bhag-5 -Momin Geeta - Gotra Imamshah [11]*. Self.

18. Akhil Vishva Satpanthi Dharmiya Sangh, Kolkata. 2001. *Pancham Ved -Bhag-7 - Muhmaamad Avatar [13]*. Self.

19. Akhil Vishva Satpanthi Dharmiya Sangh, Kolkata. 2006. *Pancham Ved -Panch Dev -Dev Ahmad [14]*. Self.

20. Akhil Vishva Satpanthi Dharmiya Sangh, Kolkata. --. *Pancham Ved -Bhag-6 -Mahapooja Mantro [12]*. Self.

21. Arbitration Panel appointed by Umiya Mataji Vandhay. 2018. *Mandvi Hostel Judgement by Umiya Mataji Vandhay [1042]*. Arbitration Panel appointed by Umiya Mataji Vandhay.

22. Azim Nanji. 1972. *The Nizari Ismaili Tradition in Hind and Sind [681]*. Islamic Studies, McGill University.

23. Azim Nanji. 1978. *Nizari Ismaili Tradition in Indo Pakistan Subcontinent [754]*. Caravan Books.

24. Bhuj Swaminarayan Sadhus. 1945. *Bhuj Swaminarayan Sadhu Against Diksha to KKP Sadhu [1066]*. Bhuj Swaminarayan Sadhus.

25. Bombay High Court. 1866. *Aga Khan or Khoja Case - Bombay High Court Judgement [344]*. AIR (All India Reporter).

26. CA Ramanik / Ramesh M Vagadiya. 2023. *Sanatani Chalvalni 4thi Krantina Sansmarano*. .

27. Chandrakant Patel. 2019. *Maa Uma no Aadesh Satpanth Chhodo [1018]*. ABKKP Samaj.

28. Chandubhai Ratanshi Jadeja. 1986. *Ishwar Vihari Vilas - Bhag 1 and 2 -4th Edition [975]*. Kutch Kadva Patidar Samaj, Umiya Mataji Sansthan, Vandhay, Kachchh.

29. Devji Mavji Limbani. 2015. *Samaj Bhaktini Sachchai [758]*. Devji Mavji Limbani.

30. Dionne Bunsha. 2004. *Frontline -Chains of Pirana -A short article about recent changes in Pirana [242]*. Frontline Magazine.

31. Dominique Sila Khan. 2002. *The Tale of Hidden Pir -ISIM [375]*. ISIM.

32. Dominique Sila Khan. 2003. *Muslim Saints and Hindu Rulers -and Taqiyya [376]*. Institute of Ismaili Studies.

33. Dominique-Sila Khan. 2004. *Crossing The Threshold [70]*. I B Tauris.

34. Dr Mangubhai Ramdas Patel. 2009. *Kadva Patidar Parishadoma Sudharvadi Abhigam -1918 to 1960 [260]*. Patidar Hitwardhak Trust.

35. Dr Navinchandra A Acharya. 1983. *Gujaratna Dharmsampraday [129]*. University Granth Nirman Board, Gujarat State.

36. Dr Niranjan Rajguru. 2020. *Bijmargi Gupt paat Upasana [1100]*. Gujarat Sahitya Academy, Gandhinagar.

37. Farhad Daftary. 1988. *Ismailiono Tunk Itihas [56]*. N M Thakkar, Mumbai.

38. Farhad Daftary. 2007. *The Ismailis Their History and Doctrine [692]*. Cambridge University Press.

39. Ganpatram Trambakram Dwivedi, Swaminarayan Mandir, Ahmedabad. 1945. *Swaminarayan Bhuj Mandir -Approval of Diksha to Sadhus from KKP [1041]*. Ganpatram Trambakram Dwivedi, Swaminarayan Mandir, Ahmedabad.

40. Govind H Desai. 1911. *Census of Baroda State [363]*. Govt of Baroda State.

41. Gujarat State Gazetteer. 1984. *Ahmedabad District Gazetteer [179]*. Government of India.

42. Gujarati Vishvakosh Trust. 1990. *Gujarati Vishvakosh -Vol 2 [219]*. Gujarati Vishvakosh Trust.

43. Gujarati Vishvakosh Trust. 2006. *Gujarati Vishvakosh -Vol 11 [220]*. Gujarati Vishvakosh Trust.

44. Hansraj Sankhala. 2013. *Samaj Bhaktini Tsunami [315]*. Hansraj Sankhala.

45. Imam Shah. 1923. *Moto DasAvatar -[24]*. Mukhi Lalji Devraj.

46. Imam Shah. 1994. *Satpanth Yagna Vidhi -1st Edition [154]*. Satpanth Seva Prakashan Samiti.

47. Imam Shah. 2010. *Shreemad Dasavatar [284]*. Satpanth Sahitya Prakashan, Faizpur.

48. Imam Shah. To Check. *Satpanth Manuscript 11 -Pooja Vidhi & Others [161]*. .

49. Imam Shah Bawa. 2017. *Satpanth Dasavatar [962]*. Satpanth Prakashan Samiti.

50. Imtiaz Ahmad & Helmut Reifeld. 2004. *Lived Islam in South Asia [222]*. Social Science Press.

51. Ishtiaq Hussain Qureshi. 1998. *Muslim Community of Indo-Pakistan Subcontinent [793]*. Renaissance Publishing House, New Delhi.

52. Ismaili.net. 1866. *Khoja Case of 1866 - A Paraphrase (Aga Khan Case) [345]*. Ismaili.net.

53. James M. Campbell, ed. 1899. *Muslim & Parsi of Gujarat -Gazetteer of Bombay Presidency - Vol IX -Part II [108]*. Vintage Books.

54. John Norman Hollister. 1953. *The Shia Of India Vol-VIII [678]*. Luzac & Co.

55. Kaka Gordhanbhai Nagindas. 2010. *Alivanshi Harivansh [78]*. Kaka Gordhanbhai Nagindas, The Athia Trust Samast Panch Committee, Pirana.

56. Kantibhai K Patel. 1972. *Jagruti [189]*. Jagruti.

57. Kantilal M Patel. *Patidar Vishwakosh [326]*. Shri Akhil Gujarati Kadva Patidar Parishad.

58. Kasimali Durveshali, Pirana. 1954. *Satpanth Shastra Yane Moksh Gatino Sacho Marg [47]*. Patel Lalji Nanji, Gadhkampa.

59. Khimji Nagji Limbani Mastar Parivar. 2022. *Maastar -Biography of Khimji Master [1137]*. Khimji Nagji Limbani Mastar Parivar.

60. KKP Dhansura Samaj. 1954. *Kadva Patidar Sanatan Samaj Gujarat at Dhansura -Hirapur Adhiveshan Report and Constitution [1154]*. KKP Dhansura Samaj.

61. KKP Gnati Bandhu from Ugamna Panchada residing in Karachi. 1936. *Pirana Satpanth Patidar Gnati Bhaione Vinanti Patra [830]*. KKP Gnati Bandhu from Ugamna Panchada residing in Karachi.

62. KKP Samaj. 1971. *KKP Samaj -Gnati Reet Rivaj [294]*. KKP Samaj.

63. KKP Samaj. 1977. *KKP Gyanti Reet Rivaj [1156]*. KKP Samaj.

64. KKP Samaj. 1985. *Kutch Kadva Patidar Samaj Gnati Reet Rivaj [738]*. KKP Samaj.

65. KKP Sanatan Samaj. 1945. *Khedoi Laxminarayan Temple Inauguration -Draft Minutes [1054]*. KKP Sanatan Samaj.

66. KKP Sanatan Samaj. 1946. *Khombhadi Laxminarayan Inauguration [1063]*. KKP Sanatan Samaj.

67. KKP Sanatan Samaj. 1946. *Ukheda Laxminarayan Inauguration [1064]*. KKP Sanatan Samaj.

68. KKP Sanatan Samaj. 1946. *Kadiya Athamana Laxminarayan Inauguration [1065]*. KKP Sanatan Samaj.

69. KKP Sanatan Samaj. 1995. *Satpanth Sadhu Sammelan -Stop Improper Rituals [748]*. KKP Sanatan Samaj.

70. Kutch Kadva Patidar Community. 1937. *Laxminarayan Mandir -Nakhatrana & Maganpura - Inauguration Report [781]*. Kutch Kadva Patidar Community.

71. Kutch Kadva Patidar Samaj. 1963. *Patidar Vidyarthi Bhavan Opening / Inauguration Souvenir & 1st Adhiveshan of ABKKP Samaj [215]*. Kutch Kadva Patidar Samaj.

72. Kutch Kadva Patidar Sanatan Samaj. 1944. *KKP Sanatani Samaj -Constitution & Report [210]*. Kutch Kadva Patidar Sanatan Samaj.

73. Kutch Kadva Patidar Sudharak Yuvak Mandal. 1940. *Ratri Shala Report [827]*. Kutch Kadva Patidar Sudharak Yuvak Mandal.

74. M S Commissariat. 1938. *A History Of Gujarat -Vol I [585]*. Longmans Green & Co.

75. Manoj Tulsi Shivdas Nakrani. 2012. *Manoj Tulsi Nakrani - Mari Vinanti [913]*. Manoj Tulsi Shivdas Nakrani.

76. Narayan Ramji Limbani / Contractor. 1918. *Patel Fakirdas Gopaldas ne Javab [729]*. Narayan Ramji Limbani / Contractor.

77. Narayan Ramji Limbani / Contractor. 1921. *Khulla Patro nu Avlokan -Bhag 1 [776]*. Narayan Ramji Limbani / Contractor.

78. Narayan Ramji Limbani / Contractor. 1922. *Desh Pardeshma Sthapayela Yuvak Mandalo nu Avlokan Kulla Patro nu Avlokan [774]*. Narayan Ramji Limbani / Contractor.

79. Narayan Ramji Limbani / Contractor. 1922. *Khulla Patro nu Avlokan -Bhag 2 [777]*. Narayan Ramji Limbani / Contractor.

80. Narayan Ramji Limbani / Contractor. 1922. *Narayan Bapa's Speech on Das Avtaar -07-Oct-1922 [Series 25]*. .

81. Narayan Ramji Limbani / Contractor. 1927. *Satpanthiona Sadhiyarane Sapato [779]*. Narayan Ramji Limbani / Contractor.

82. Narayan Ramji Limbani / Contractor. 1934. *Dhanlaxmibenne Smarananjali [338]*. Narayan Ramji Limbani / Contractor.

83. Narayan Ratanshi Patel -Shantipura Kampa. 1943. *Borditimba -Kutch Kadva Patidar Gnati Sammelan [786]*. Bordi Timba Vijay Mandal.

84. Narayanji Ramji Contractor / Limbani. 1921. *Pavitra Veddharmano Prakash Ane Pirana Satapanthna Pakhand [600]*. Narayanji Ramji Contractor / Limbani.

85. Narayanji Ramji Contractor / Limbani. 1924. *Ek Prastavik Nibandh [206]*. Narayanjibhai Ramjibhai Contractor / Limbani.

86. Narayanji Ramji Contractor / Limbani. 1924. *3rd KKP Gnati Parishad -held between 18 to 22-Apr-1924 -Ghatkopar [201]*. Narayanji Ramji Contractor / Limbani, Secretary of Kutch Kadva Patidar Parishad.

87. Narayanji Ramji Contractor / Limbani. 1925. *Pirana Satpanthni Pol Sambandhi Saiyad Bawasaheb Ahmad Ali Khakhi Ne Jawab [212]*. Narayanji Ramji Contractor / Limbani.

88. Narayanji Ramji Contractor / Limbani. 1926. *Pirana Satpanth ni Pol ane Satya no Prakash [1]*. Self.

89. Narayanji Ramji Contractor / Limbani. 1926. *Pirana Satpanthni Pol Sambandhi Saiyad Bavasaheb Ahmadali Khakine Javab [602]*. Narayanji Ramji Contractor / Limbani.

90. Nathabhai Gohil. 2018. *Baramati Sampradaya: Kutch-Saurashtrana Meghavaḷa Samsjama Chalti Baramati Upasana [1199]*. Navabharat Sahitya Mandir, Ahmedabad.

91. Natoo Devram Mahajan. 1926. *Satpanth Vijay [147]*. Self.

92. Odhavram Bapa. 1956. *Odhavram Bapa Will - Kutchhi Lalram Ashram - Haridwar [697]*. Odhavram Bapa.

93. Patel Devshi Ramji Gogari, Dist Guna, Gwalior. 1945. *Umiya Mataji Vandhay Mandir - Inauguration on 02-Apr-1944 [211]*. Kutch Kadva Patidar Sanatan Samaj.

94. Patel Gopal Somji Bhagat. 1968. *Puchhela Prashno -Gopal Somji Bhagat [39]*. Patel Gopal Somji Bhagat.

95. Patel Gopal Somji Bhagat. 1983. *Sansanto Jabdatod Javab -Swaminarayan [197]*. Gopal Somji Bhagat.

96. Patel Gopal Somji Bhagat. 1983. *Kesara (Parmeshwara) Mukhi Sankhalanu Sankshipt Jivan Ane Karya [57]*. Kutch Kadva Patidar Satsang Samaj.

97. Patel Gopal Somji Bhagat. 2005. *Kesara (Parmeshwara) Mukhi Sankhalanu Sankshipt Jivan Ane Karya [58]*. Kutch Kadva Patidar Satsang Samaj.

98. Patel Jivraj Vasta Contractor. 1926. *Kirti Dhwaj [213]*. Patel Jivraj Vasta Contractor.

99. Patel Shivgan Kanji Velani. 1987. *Sandesho [118]*. Patel Shivgan Kanji Velani.

100. Pir Sadruddin. 1925. *DasAvatar -by Sadruddin [663]*. Hussain Sherif.

101. Pir Shamshuddin. 1921. *Mulbandh No Achhodo Yane Hans Hansali Ni Varata [597]*. Mukhi Lalji Devraj.

102. Pirzada Syed Shamshuddin Ahmad Ali Khaki. 2006. *Satpanthi Yagna Vidhi Arthat Vari Yagna Poojana Mantro [26]*. Pirzada Syed Shamshuddin Ahmad Ali Khaki, Pirana Gurkul Education Trust.

103. Pirzada Syed Sikander Ali -Copied by. 1910. *Satpanth Manuscript 28 -Mulband -Original [178]*. .

104. Purshottam Dharmguru Maharaj. 1989. *Mahatma Shri Sadguru Imam Shah Maharaj Jivan Vruttant [21]*. Jagannath Purshottam Maharaj, Faizpur.

105. Purshottam Lallubhai Parekh. 1912. *Kunbi Kshatriya Utpatti Ane Itihas (1st Edition) [1129]*. Purshottam Lallubhai Parekh.

106. Purshottam Lallubhai Parekh. 2015. *Kunbi Kshatriya Utpatti Ane Itihas [716]*. Umiya Mataji Sansthan, Unjha.

107. Raiyya Nagji Chaudhary / Patel of Nakhatrana. 1936. *Mubarakbadi [835]*. Raiyya Nagji Chaudhary / Patel of Nakhatrana.

108. Raiyya Nagji Chaudhary / Patel of Nakhatrana. 1937. *Shu Pirana Satpanth Hindu Dharm Tharashe [833]*. Raiyya Nagji Chaudhary / Patel of Nakhatrana.

109. Raiyya Nagji Chaudhary / Patel of Nakhatrana at Karachi. 1937. *Piranapanthi Patidar Bhaione Janvajog [831]*. Raiyya Nagji Chaudhary / Patel of Nakhatrana at Karachi.

110. Ramsingh Rathod. *Kachchhnu Sanskruti Darshan*. .

111. Ratanshi Khimji Khetani. 1918. *Dana Bunder -Jaher Sabha [198]*. Kunbi Ratanshi Khimji Khetani / Patel, Virani Moti, President of the meeting.

112. Ratanshi Khimji Khetani. 1920. *KKP Gnati Jaher Sabha -Virani Moti [207]*. Ratanshi Khimji Khetani, President.

113. Ratanshi Khimji Khetani - Viraniwala. 1919. *Kutch Deshna Piranapanth Kadva Kanbi Dana Bunder -Jaher Sabha in Mumbai [767]*. Ratanshi Khimji Khetani - Viraniwala.

114. Ratanshi Shivji Nakrani. 1922. *2nd KKP Gnati Parishad -held between 07 to 09-Oct-1922 at Karachi [200]*. Parishad Secretary, Ratanshi Shivji Nakrani, Ranchhod Lane, Karachi.

115. Ratanshi Shivji Patel. 1924. *Patidar Uday -1 to 11 Editions [45]*. Ratanshi Shivji Patel.

116. Ratanshi Shivji Patel from Ravaparvala. 1925. *Oshani Nu Oshad Athava Bhaktini Bhadvai [204]*. Swadharm Vardhak Gnati Hitchintak Mahamandal.

117. Ratanshi Shivji Patel from Rvapar. 1932. *KKP Gnati Sudharak Yuvak Mandal -Report [203]*. Ratanshi Shivji Patel, Secretary.

118. Ravji Kanji Patel (alias Anami Antaratma), Likhi Kampa, Himmatnagar, Gujarat. 1965. *Manhar Gyan [18]*. Arjan Kanji Patel & Devji Kanji Patel, Santoshpura Kampa, Himmatnagar.

119. Real Patidar. 2011. *Satya Prakash -v2 [184]*. Real Patidar.

120. Rowena Robinson & Sathianathan Clarke, ed. 2011. *Religious Conversions in India -ISBN: 9780195663297 [705]*. Oxford University Press.

121. Sant Odhavramji Maharaj. 1943. *Ishwar Viharivilas -Bhag 1 & 2 -2nd Edition [784]*. Mistri Manji Jairam, Madhapar and Mistri Hirji Vishram, Hajapar.

122. Satish Chandra Misra (Mishra). 1964. *Muslim Communities in Gujarat [598]*. Asia Publishing House.

123. Satpanth Prakashan Prachar Samiti. 1997. *Dashabdi Mahotsav -Sant Sammelan & Karsandas Maharaj (Kaka) -Smruti Granth [311]*. Satpanth Prakashan Samiti.

124. Satpanth Prakashan Samiti, Pirana. 2009. *Satpanth -Bhagwat Dasavatar [264]*. Satpanth Prakashan Samiti, Pirana.

125. Satpanthi Mukhi Kanji Ratna. 1956. *Satpanth Prakash Arthat -DasAvatar [687]*. Saiyed Shamshuddin Bawa Khaki.

126. Savji Ramji Kaka. 1982. *Bhankheli Pooja Vidhi Tatha Gyan [2]*. Savji Ramji Kaka, the Chairman of The Imam Shah Bawa Roza Santhan Committee Trust of Pirana.

127. Secretary Patel Shivji Kanji. 1926. *Kutiloni Kutilta Upar Search Light [1034]*. Kutch Kadva Patidar Gyati Sudharak Yuvak Mandal, Karachi.

128. Shafique Virani. 1995. *The Voice of Truth -Life and Works of Sayyid Nur Muhammad Shah [94]*. Islamic Studies, McGill University.

129. Shambhudan Gadhvi. *Kachchh Darshan*. .

130. Shivji Kanji Parasiya. 1920. *1st KKP Gnati Parishad -held between 08 to 11-Aug-1920 at Karachi [199]*. Shivji Kanji Parasiya, Nakhatrana, Secretary of the Yuvak Mandal.

131. Shivji Kanji Parasiya. 1926. *KKP Gnati Sudharak Yuvak Mandal -Report [202]*. Shivji Kanji Parasiya, Nakhatrana, Secretary of the Yuvak Mandal.

132. Shivji Kanji Parasiya, Secretary of Kutch Kadva Patidar Gnati Sudharak Mandal, Karachi. 1937. *Kaka Ravji Laxmanne Khas Chetavani [832]*. Shivji Kanji Parasiya, Secretary of Kutch Kadva Patidar Gnati Sudharak Mandal, Karachi.

133. Shri Akhil Bharatiya Kutch Kadva Patidar Satsang Samaj. *Kutch Kadva Patidar Samajma Satsangna Paglan*. .

134. Shri Kutchi Kadva Patidar Sudharak Yuvak Mandal. 1920. *Pamphlet -Shu Sadgor Nahi Jage [771]*. Shri Kutchi Kadva Patidar Sudharak Yuvak Mandal.

135. Shri Kutchi Kadva Patidar Sudharak Yuvak Mandal. 1921. *786 Vinanti Patra - Karachi - Pamphlet Pro Satpanth and its reply Anti-Satpanth [773]*. Shri Kutchi Kadva Patidar Sudharak Yuvak Mandal.

136. Shri Purshottam Gurudharma Maharaj, Faizpur. 1971. *Imam Shah Maharaj Jivan Vruttant [187]*. Shri Purshottam Gurudharma Maharaj, Faizpur.

137. Sonu Tukaram Patil. 1936. *Satpanth Rahasya - Also see Satpanth Vijay [691]*. Sonu Tukaram Patil.

138. South Asia, Vol. XXII, Special Issue (1999), pp. Dominique-Sila Khan and Zawahir Moir. 1999. *Coexistence and Communalism the Shrine of Pirana in Gujarat [25]*. South Asia, Vol. XXII, Special Issue (1999), pp. 133-154.

139. Syed Ahmad Ali Khaki. 1978. *Satpanth Prakash Arthat -DasAvatar [3]*. By Shamshuddin Bawa Khaki On behalf of Satpanth Sahitya Seva Mandal.

140. Tazim R Kassam & Francoise Mallison, ed. 2010. *Ginans Texts and Contexts [223]*. Primus Books.

141. Teena Purohit. 2012. *The Aga Khan Case [308]*. Harvard University Press.

142. The Imam Shah Bawa Roza Sansthan Committee Trust. 1939. *Constitution of Imam Shah Bawa Roza Sansthan Committee Trust -No E738 [245]*. The Imam Shah Bawa Roza Sansthan Committee Trust.

143. Umiya Mataji Sansthan Unjha. 1983. *Umiya Mataji 18mi Shatabdi Mahotsav Smruti Granth [314]*. Umiya Mataji Sansthan, Unjha.

144. Umiya Mataji Sansthan Unjha. 2013. *Umiya Mataji 18mi Shatabdi Mahotsav Smruti Granth [235]*. Umiya Mataji Sansthan, Unjha.

145. Umiya Mataji Sansthan Vandhay. 2010. *Umiya Mataji Sansthan Vandhay -Smruti Granth [303]*. Umiya Mataji Sansthan, Vandhay.

146. Unknown. 2012. *Satpanth Pooja Vidhi Tatha Gyan [17]*. Unknown.

147. Valdas Maharaj. 1989. *Valdas Maharaj -Satpanth is a Muslim Religion [249]*. Valdas Maharaj.

148. Valji Jivraj Limbani. 1942. *Kartavya Panthe [128]*. Valji Jivraj Limbani.

149. Valji Vadiya. 2010. *Valji Vadiya -Maval Niti video [562]*. Valji Vadiya.

150. Valuma / Vanitaben Arjan Chhabhaiya, Darsadi, Borivali. 2013. *Valuma -Jago Patidar [914]*. Valuma / Vanitaben Arjan Chhabhaiya, Darsadi, Borivali.

151. Varsha Joshi and Satish Chandra, eds. 2002. *Culture, communities, and change [816]*. Rawat Publications, Jaipur - Institute of Rajasthan Studies.

152. Virani Moti Kadva Patidar Sanatan Samaj. 2014. *Virani -Laxminarayan Temple Silver Jubilee -Smaranika [756]*. Virani Moti Kadva Patidar Sanatan Samaj.

153. Virani Patidar Samaj. 2004. *Laxminarayan Mandir Hirak Jayanti Mahotsav Smaranika -Virani Moti [900]*. Virani Patidar Samaj.

154. Vishram Ratanshi Rudani. 2013. *Vaidik Atharved Satpanth Itihas Ek Jhalak [619]*. Vishram Ratanshi Rudani.

155. William Rashbrook. *Black Hills of Kachchh*. .

156. Wladmir Ivanow. 1936. *The Sect of Imam Shah in Gujarat -Journal of Bombay Branch of Royal Asiatic Society -Vol 12 (Old) [42]*. Bombay Branch of Royal Asiatic Society.

157. Wladmir Ivanow. 1948. *Collectanea [5]*. Ismaili Society.

158. Zawahir Moir and Dominique-Sila Khan. 2010. *South Asia -New Light on the Satpanthi Imamshahis of Pirana [74]*. Journal of South Asian Studies.

159. 1490. *Satpanth Manuscript 29 -Mulband (Fake) - Set of 3 books. [306]*. .

160. 1922. *Satyapad Bodhini - Imam Shah & Bai Budhai [27]*. Syed Bawa Saheb Ahmad Ali Khaki, Pirana.

161. 2009. *Sufi Sant Shri Sadguru Shri Imam Shah Maharaj Jivan Vruttant [32]*. Satpanth Prakashan Samiti, Pirana.

162. 2012. *Ekta Manch ni Pol -2 files [479]*. .

163. 2012. *Sandesh [330]*. .

164. *Char Yugna Poojana Mantroni Yadi [23]*. Satpanth Prakashan Samiti, Pirana.


**|| જય લક્ષ્મીનારાયણ || || જય મા ઉમિયા || || જય સનાતન ||**

ખંડ 1 અહીં પૂર્ણ થાય છે.

# ખંડ 2

## મળેલ સાથ-સહકાર તેમજ સામાન્ય લોકોના સાથે અને બલિદાનોના અમુક પ્રેરણાદાયી કિસ્સાઓ

આ ભાગમાં એવા વડીલોના યોગદાનનોની નોંધ લેવામાં આવી છે, કે જેમના વિષે જ્ઞાતિના લેખિત ઇતિહાસમાં ઘણું નથી લખાયું.

જ્ઞાતિના મોટા નેતાઓના અને સંતોના કાર્યો ઉપર ઘણા પુસ્તકોમાં છે, જેવા કે કચ્છમાં કડવા પતિદરોનો ઇતિહાસ, પીરાણાની પોલ, કેશરા પરમેશ્વરા મુખી સાંખલાનું સંક્ષિપ્ત જીવન અને કાર્ય વગેરે પુસ્તકો. જે આજે પણ ઉપલબ્ધ છે. ઇચ્છુક વ્યક્તિ એને મેળવી શકે છે. માટે એ માહિતીનું પુનરાવર્તન અહીં નથી કરવામાં આવ્યું, જેની ખાસ નોંધ લેશો.

આ પુસ્તકમાં ઘરઘરના નાના-મોટા, પણ ખૂબ પ્રેરણાદાયી અને ગૌરવ અપાવતા અમુક કિસ્સાઓ છે. આ નવતર પ્રયોગ હોવાથી અલ્પ સમયમાં જે કિસ્સાઓ ઇતિહાસવિદ સમિતિના સભ્યોને મળ્યા એ કિસ્સાઓના ટૂંક સારને અમે અહીં લેવાનો નિખાલસ અને પ્રામાણિક પ્રયત્ન કરેલ છે.

સનાતની ચળવળ માત્ર બે-ચાર આગેવાનોએ ચલાવેલ મોહિમ નહીં, પણ જન-જન અને ઘર-ઘરની મોહિમ છે, એવો સંદેશો આપવાનો પ્રયત્ન આ ખંડ મારફતે કરેલ છે.

આવા નાના-મોટા કિસ્સાઓને અહીં સામેલ કરવા પાછળનો હેતુ માત્ર એટલોજ છે કે વાચક વર્ગને ખબર પડે કે ઘરવાપસીની ચળવળમાં નાના-મોટા લોકોએ પણ ખૂબજ હૃદયથી સાથ આપ્યો છે, યતનાઓ પણ ભોગવી છે તેમજ બલિદાનો પણ આપેલ છે. આ ખંડ સામાન્ય લોકોને બલિદાનોને સન્માન આપવાની દૃષ્ટિથી જોવા વિનંતી.

**આ ખંડના સંપાદકો**



CA શ્રી પટેલ ચંદ્રકાંત કાંતિલાલ છાભૈયા



પ્રો. ડો. વસંત અર્જણ ધોળુ

# 29 વાંઢાય દ્વારાનું ઋણ



CA પટેલ ચંદ્રકાંત કાંતિલાલ છાભૈયા

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિનો ઇતિહાસ વાંઢાયના દ્વારા વગર અધૂરો છે. ઈશ્વર આશ્રમ, વાંઢાયનો આ દ્વારાના એટલા બધા ઉપકારો આ જ્ઞાતિ ઉપર છે કે જ્ઞાતિ ચાહે તો પણ એનું ઋણ કોઈ દિવસ ઉતારી નહીં શકે. વિક્રમ સંવત 1755 (ઈ. સ. 1698) માં સંત વિહારી મહારાજે હમલાથી વાંઢાય આવીને હરિહર પરંપરાથી શરૂઆત કરી. ત્યાર બાદ એમના પછી બીજા સંતો આવ્યા. એ વિષે જાણવા માટે ઈશ્વર વિહારી વિલાસ પુસ્તક વાંચવું જોઇએ. આ કોઇ દૈવી યોગ હશે અને જ્ઞાતિના પૂર્વજન્મોના સત્કર્મો હશે કે "ઈશ્વર આશ્રમ"ના નામથી ઓળખાતો આ ગુરુદ્વારાના સંસર્ગમાં જ્ઞાતિ આવી.



***સંત ઓધવરામ મહારાજની સમાધિ - સંચાલક ઈશ્વર આશ્રમ (ગુરુદ્વારા), વાંઢાય (ટ્રસ્ટ રજી A-217)***

*Location: Ishwar Ashram Vandhay*

આપણે અહીં વાત શરૂ કરીશું સંત લાલરામજી મહારાજ થી. સંત લાલરામજી મહારાજનું શરીર પાટીદાર જ્ઞાતિનું હોવાથી એ જાણતા હતા કે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સનાતન ધર્મથી ભટકીને ઇસ્લામ ધર્મના એક ફાંટા ગણાતા સતપંથ ધર્મમાં ફસાઇ ગઇ છે. જેનું એમને પારાવાર દુઃખ હતું. પણ એમનો કાર્યકાળ ટૂંકો હોવાથી આ અંગે પ્રત્યક્ષ રીતે કોઇ વિશેષ સિદ્ધિ ન મેળવી શક્યા. એમના અંતિમ દિવસોમાં એમના અધૂરા રહેલા કાર્યને પૂર્ણ કરવાનું વચન એમના પટશિષ્ય સંત ઓધવરામ મહારાજે પોતાના ગુરુને આપ્યું. ભલે સંત લાલરામજી મહારાજને જ્ઞાતિ માટે વધારે કાર્ય કરવાનો સમય ના મળ્યો, પણ જતાં-જતાં એમના મુખમાંથી નીકળેલી વાણીમાં પરમાત્માની વાણી છુપાયેલી હતી. સંત લાલરામજી મહારાજ ઉપર વિસ્તૃત જાણકારી શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા પ્રકાશિત પુસ્તક "કચ્છના કડવા પાટીદારોનો ઇતિહાસ"ના પેજ 141માં જોવા મળશે.

સંત ઓધવરામ મહારાજે પોતાના ગુરુને આપેલ વચનની પૂરતી કરવા એમનું આખું જીવન ક. ક. પા. જ્ઞાતિ માટે ખપાવી નાખ્યું. સંત ઓધવરામ મહારાજના શિષ્યો ઘણી જ્ઞાતિઓમાંથી આવતા હતા. એમના પૂર્વાશ્રમની

ભાનુશાલી જ્ઞાતિના પણ ઘણા શિષ્યો હતા. પણ આ બધા વચ્ચે હમેશાં એમણે ક. ક. પા. જ્ઞાતિને પહેલ આપી છે. કદાચ અન્ય શિષ્યોને એક બાજુ કરીને ક. ક. પા. જ્ઞાતિને આગળ રાખી છે. એમના માટે નિયમો અને બંધનોમાં પણ વિશેષ છૂટ આપેલ હતી. જેવી કે વાંઢાયમાં ભણતા છોકરાઓ કુંવારા હોવા જોઈએ એવો નિયમ હતો, પણ આ નિયમ ક. ક. પા. જ્ઞાતિના છોકરાઓને લાગુ ના પડતો. ક. ક. પા. જ્ઞાતિના ઉદ્ધાર માટે પરણેલા છોકરા પણ વાંઢાય પાઠશાળા/છાત્રાલયમાં રહી ભણી શકતા હતા. સંત ઓધવરામ મહારાજે પોતાના ઉપર ભેદભાવનો આક્ષેપ લાગવાની ચિંતા રાખ્યા વગર ક. ક. પા. જ્ઞાતિની સેવા કરી છે. ખરેખર જ્ઞાતિના દરેક વ્યક્તિનું રોમેરોમ સંત ઓધવરામ મહારાજનું ઋણી છે.

સંત ઓધવરામ મહારાજે જ્ઞાતિને સતપંથમાંથી છોડાવી અસલ સનાતન ધર્મમાં યશસ્વી ઘરવાપસી કેવી રીતે કરાવી એના વિષે આ પુસ્તકના ખંડ 1માં જણાવેલ પોઈન્ટ 150.4થી શરૂ થાય છે. જેમાં ભગવાન લક્ષ્મીનારાયણને ઇષ્ટદેવ તરીકે જ્ઞાતિને આપવા થકી જ્ઞાતિને સનાતન ધર્મમાં ધર્મ પરિવર્તન થયું, એ ખાસ વિશિષ્ટતા છે. ભગવાન લક્ષ્મીનારાયણ જ શા માટે? આ અંગે એક અલગ લેખ આ પુસ્તકમાં પ્રકાશિત કરેલ છે, જેણે વાંચવાથી ખ્યાલ આવશે કે સંત ઓધવરામ મહારાજ કેવા દૂરંદેશી હતા અને પોતાનો સ્વાર્થ જોયા વગર જ્ઞાતિનું હિત કેમાં છે, એ જોયું. આ બધી બાબતોને લઈને, સંત ઓધવરામ મહારાજના જીવન ઉપર ટૂંકમાં સારો લેખ "કચ્છના કડવા પાટીદારોનો ઇતિહાસ"ને પેજ 142માં જોવા મળશે. વિસ્તૃત જાણકારી "સંત ઓધવદાસ" નામના પુસ્તકમાં જોવા મળશે.

સંત ઓધવરામ મહારાજે હરિદ્વારમાં કચ્છી લાલરામેશ્વર આશ્રમ અને બદ્રીનાથમાં ઓરડી પણ જ્ઞાતિને આપી. વધુ જાણકારી માટે આ પુસ્તકના પોઈન્ટ 152.3 જોવા વિનંતી.

સંત ઓધવરામ મહારાજ વખતે અને એમના પછી એમના પટ શિષ્ય સંત દયાલરામ મહારાજે પણ તનતોડ મહેનત કરી જ્ઞાતિની સેવા કરી છે. કચ્છના ગામેગામ અને ગુજરાતના કંપેકમ્પામાં સંત દયાલરામ મહારાજે સનાતન ધર્મનો પ્રચાર કર્યો. જ્ઞાતિ સુધારના કામમાં વડીલ રતનશી ખીમજી અને એમની ટીમ સાથે સંત દયાલરામ મહારાજ પગલે-પગલે ભેગા હતા.

ત્યાર બાદ, CA પટેલ ચંદ્રકાંત કાંતિલાલ છાભૈયા દ્વારા લિખિત "વાંઢાય દ્વારાનો - અકથિત ઇતિહાસ" નામનો લેખ જે પાટીદાર સંદેશ, પાટીદાર સૌરભ અને સનાતન ધર્મ પત્રિકાના Nov-2021 મહિનાના અંકમાં પ્રકાશિત થયેલ છે, અને "ઉમિયા માતાજી વાંઢાય - અકથિત ઇતિહાસ ભાગ – ૨" જે અને સનાતન ધર્મ પત્રિકાના Dec-2021ના અંકમાં તેમજ  પાટીદાર સંદેશ અને પાટીદાર સૌરભ Jan-2022ના અંકમાં પ્રકાશિત થયેલ છે. આ બંને લેખો પરથી અમુક વાતો સંક્ષિપ્તમાં હવે પછી લેવામાં આવેલ છે.

ક. ક. પા. જ્ઞાતિમાં સનાતન ધર્મના પ્રચાર પ્રસાર માટે મોટાપાયે કચ્છ અને ગુજરાતના કંપાઓમાં ઠેર ઠેર સનાતની ચળવળની સભાઓ થતી હતી. આવી જાગૃતિના કાળમાં મોતિસરી કંપાના શ્રી હરિભાઇ કરમશીભાઈના મનમંદિરમાં થયેલ અલૌકિક પ્રેરણાને મૂર્તિમંત કરવા સંત ઓધવરામ મહારાજના માર્ગદર્શન હેઠળ, શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજના આગેવાનોએ ઉમિયા માતાજીની પાનમૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા તા. 02-Apr-1944ના શુભદિવસે કરી. આ અંગે પ્રકાશિત મૂળ (original) અહેવાલ શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજ, હેડ ઓફિસ નખત્રાણા દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ છે. જેણે "અભિલેખ 2023" નામના પુસ્તકમાં પેજ 436માં જોઈ શકો છો.


શ્રી હરી
શ્રી કડવા પાટીદાર કુળ વર્ધિની શ્રી ઉમીયા દેવીની પ્રતિષ્ઠા મહોત્સવનો ટુંક અહેવાલ
સંવત ૨૦૦૧ સને ૧૯૪૫
શરણાગત દિનાર્ત પરિત્રાણ પરાયણે ।
સર્વાર્તિ હરે દેવી નારાયણી નમો સ્તુતે ॥
સ્થાપના:- ઉદ્ધવ આશ્રમ ઈશ્વર નગર (વાંઢાય)
પ્રકાશક:- શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
હેડ ઓફીસ—નખત્રાણા કચ્છ
(પ્રત ૨૫૦)

ઉમિયા માતાજી વાંઢાયની સ્થાપનાનો અહેવાલ
**પ્રકાશક:** શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ – હેડ ઓફિસ નખત્રાણા

માતાજીના મંદિરની સ્થાપનાથી પહેલાંની આ વાત છે. કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને ધાર્મિક અધોગતિથી મુક્ત કરવાના હેતુથી, પીરાણા સતપંથ ધર્મથી છોડાવ્યા બાદ, સનાતનીઓએ કયા-કયા નિયમો પાળવા જોઈએ એનું માર્ગદર્શન આપવા માટે સંત ઓધવરામ મહારાજે **"કડવા પાટીદાર જ્ઞાતિની ઉત્પત્તિ", "કડવા પાટીદાર ભાઈઓને પાળવા યોગ્ય નિયમો"** તેમજ **"કડવા પાટીદાર ભાઈઓને કરવા યોગ્ય દૈનિકક્રિયા"** જેવા નામો હેઠળ અમુક પ્રકરણો (chapter) વર્ષ 1943માં પ્રકાશિત "ઈશ્વર વિહારી વિલાસ – ભાગ 1 અને 2" પુસ્તકની બીજી આવૃત્તિના પાના ક્ર. 351 થી 364માં પ્રકાશિત કરેલ છે.

વર્ષ 1944માં મંદિરની સ્થાપના થઈ, ત્યારે મંદિરનું સ્વરૂપ એક નાના દેરાનું હતું. કાયમી પૂજારી કે કોઈ પણ કર્મચારી પણ નહોતા. આ મંદિર ઠાકર દ્વારો/ઉદ્ધવ આશ્રમની અંદર ઊભું કરવામાં આવ્યું હતું. આ સમય હતો સંત ઓધવરામ મહારાજ અને તેમના પછી એમના ગાદીના વારસદાર સંત દયાલદાસજી મહારાજના કાર્યકાળનો. મંદિર પ્રત્યે જાગૃતિ લાવવા પાછળ સંત દયાલદાસજીએ કરેલ અથાક મહેનતનું ઋણ આપણે સ્વીકારવુંજ રહ્યું. જ્ઞાતિના ઇતિહાસમાં સંત દયાલદાસજી પણ એક એવા ઐતિહાસિક સનાતની અકથીત નાયક છે કે જેમના યોગદાનનું યશોગાન આપણે જોઈએ એટલા પ્રમાણમાં નથી ગાઈ રહ્યા. વાંઢાયનો ગુરુદ્વારા એટલે કે "ઈશ્વર આશ્રમ (ગુરુદ્વારા) વાંઢાય (ટ્રસ્ટ રજી A-217 કચ્છ)" જે મૂળ વાંઢાયની સંત પરંપરા દ્વારા સંતોના સમાધિ સ્થાનકની અંદર રહીને વહીવટ કરે છે.

ઉમિયા માતાજી વાંઢાયનું મંદિર જે ઊભું થયું, એ થયું છે સંત ઓધવરામ મહારાજ જેના ગાદીપતિ હતા એવા દ્વારાની અંદર. એ દ્વારો હાલ ઈશ્વર રામજી દ્વારાથી અલગ હતો. ત્યારે એ દ્વારાનું નામ હતું "ઉદ્ધવ આશ્રમ/ઠાકર ગુરુદવારો". સંત ઈશ્વરરામજીની તપોભૂમિમાં આ આશ્રમ હતો. સંત વિહારી સાહેબે જે ગુફા/ભોંયરામાં બેસીને તપ કર્યું હતું, બરાબર એ ગુફાની ઉપર ઉમિયા માતાજીનું જૂનું મંદિર બાંધવામાં આવ્યું હતું. મૂળ મંદિર એવી આધ્યાત્મિક તેમજ પુણ્યશાળી જગ્યા ઉપર ઊભું થયું હતું. પણ વર્ષ 2009 જૂના મંદિરની જગ્યા

ઉપર હવન કક્ષ બનાવવામાં આવેલ છે અને મંદિર સામેની ખૂલી જગ્યામાં ખસેડી દેવામાં આવેલ છે. જેના વિષે વિસ્તૃત જાણકારી સ્મૃતિ ગ્રંથમાં આપેલ છે જ.


જૂનું મંદિર

તા. 02-Apr-1944ના માતાજીના પહેલાં પાનમૂર્તિ (છબી/ફોટો)ની પ્રાણ પ્રતિષ્ઠા થઇ અને ત્યાર બાદ ત્રણ વર્ષ પછી માતાજીની પાકી મૂર્તિ સ્થાપિત કરવામાં આવી. ત્યારે એ સંપૂર્ણ જગ્યા ઠાકર દ્વારાની હતી અને ઠાકર દ્વારો ત્યાં કાર્યરત હતો. અમુક સાધુ સંતો ત્યાં રહેતા હતા. મુખ્યતઃ સંત ઓધવરામ અને સંત દયાલરામજીની અહીં બેઠક હતી. હાલ જ્યાં ઈશ્વર આશ્રમ ગુરુદ્વારો ચાલી રહ્યો છે, ત્યાં ઈશ્વરરામજીની સમાધિ હતી અને ત્યાં સંત ઓધવરામજી મહારાજે વિક્રમ સંવત 1993ની વસંત પંચમી (15-Feb-1937)ના ગુરુકુળ શરૂ કરેલ. શોષિત, પછાત અને ગરીબીથી રિબાતી ક. ક. પા જ્ઞાતિ શિક્ષણમાં ખૂબ પાછળ હોવાના કારણે આ ગુરુકુળમાં ક. ક. પા. જ્ઞાતિના છોકરાઓ માટે વિશેષ છૂટછાટો આપવામાં આવેલ હતી, જે અન્ય જ્ઞાતિ માટે નહોતી. આના સિવાય ત્યાં કંઇ નહોતું.

માતાજીની સેવા અર્થે પહેલી વ્યવસ્થાના ભાગ રૂપે શરૂઆતના ૨૦ વર્ષ જેવા લાંબા સમય ગાળા સુધી માતાજીના મંદિરની સેવા ચાકરી વાંઢાયના ગુરુદ્વારાએ (ઉપર જણાવેલ) કરી. રોજ સવાર અને સાંજે ગુરુદ્વારાથી અચૂક નિયમિત રીતે એક સાધુ મોકલવામાં આવતા. માતાજીના મંદિરની દીવા-બત્તી, પૂજા અર્ચના, વગેરે તમામ સેવાઓ કરવામાં આવતી. ભલે ક. ક. પા. જ્ઞાતિમાં માતાજી પ્રત્યે જાગૃતિ વધી રહી હતી, પણ ધાર્મિક અધોગતિથી સંપૂર્ણ રીતે જ્ઞાતિ છૂટી નહોતી શકી. એ સમયે, જોઈતી જાગૃતિની કમીના કારણે ભાગ્યેજ કોઈ માતાજીના દર્શને આવતું. મંદિરની આવક નહીંવતું હતી. આવા કઠિન સમયને પસાર કરવાનું બીડું ઈશ્વર આશ્રમે ઉપાડેલ હતું, તે માટે ક. ક. પા. જ્ઞાતિ ઈશ્વર આશ્રમ (ગુરુદ્વારા)ની ઋણી છે.

પણ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ ધાર્મિક રીતે એક જગ્યાએ સંગઠિત થાય અને ધર્મ બાબતે સ્વતંત્ર રહે એવો આશય સંત ઓધવરામ મહારાજને હતો. એના માટે સંત ઓધવરામ મહારાજે વાંઢાયનું મંદિર "કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજ"ને સંપૂર્ણ રીતે સોંપી દેવા માટે કેન્દ્ર સમાજની દિનાંક 05-Jul-1947ની મિટિંગમાં રજૂઆત કરી હતી. જેના વિષે વધુ જાણકારી આ પુસ્તકના પોઈન્ટ 150.26 જોવા વિનંતી.

ઓધવરામ મહારાજના છેલ્લા દિવસોમાં મહારાજશ્રીની ઈચ્છા હતી કે તેમને ઈશ્વરરામજી મહારાજની સમાધિ નજીક રહેવું છે. એટલે ઓધવરામ મહારાજના રહેવા માટે પહેલાં ત્યાં મકાન બનાવવામાં આવ્યું. જે આજે પણ છે. શ્રધ્ધાળુઓ ઓધવરામ મહારાજનો ઢોલિયો એજ મકાનના પહેલા માળા પર જોઈ શકે છે.



પ. પૂ. બ્રહ્મલીન શ્રી શાંતિદાસજી મહારાજ

પાછળથી જ્યારે સંત દયાલરામજી મહારાજને જ્યારે ગાદીપતિ બનાવ્યા ત્યારે તેમણે હાલના ઈશ્વર આશ્રમનો વિકાસ કર્યો. ઓધવરામ મહારાજે સમાધિ લીધી પછી દયાલરામજી મહારાજ ધીરે-ધીરે ઈશ્વર આશ્રમનો વિકાસ કરતા ગયા. અને ત્યાર બાદ ધીરે ધીરે વહીવટી વ્યવસ્થાઓ પણ ઈશ્વર આશ્રમમાં ગોઠવતા ગયા.

સંત શાંતિરામજી મહારાજ જ્યારે ગાદી પર આવ્યા, ત્યારે એમને ઈશ્વર આશ્રમનો વિશેષ વિકાસ કર્યો. સંત શાંતિરામજી મહારાજનું પૂર્વાશ્રમ એટલે મૂળમાં કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના છે. તેઓ ગામ નાની અરલના છાભૈયા પરિવારના છે. ઈશ્વર આશ્રમના વિકાસના કાર્યો કરતા હતા તે સમયમાં શાંતિરામજી મહારાજે દિનાંક 14-May-1964ના ધમધમતો એ ઠાકર દ્વારા આશ્રમને કેન્દ્રીય સમાજના આગેવાનો અને સનાતની ક. ક. પા. જ્ઞાતિના આગેવાનો એમ કુલ 6 ભાઈઓની સમિતિને સ્વતંત્ર રીતે **"કૃષ્ણાર્પણ"** કરી દીધો. સરળ ભાષામાં કહીએ તો આખા આશ્રમને કોઈ આર્થિક અપેક્ષા રાખ્યા વગર અર્પણ/દાન કરી દીધો.

**<u>સમિતિના સભ્યોના નામો:</u>**

1) પટેલ ડાયાભાઈ હરિલાલ – મોતીસરી કંપા – મૂળ ગામ મથલ
2) પટેલ પરબત લખુભાઈ પોકાર – મથલ (કેન્દ્રીય સમાજના પૂર્વ પ્રમુખ)
3) પટેલ ખીમજી નાગજી લીંબાણી – મથલ (કેન્દ્રીય સમાજના પૂર્વ પ્રમુખ)
4) પટેલ કરસન ઉકેદા – દેસલપર
5) પટેલ કાનજી ગોપાલ – દેસલપર
6) પટેલ રવજી વેલાણી – લુડવા

આ ઠાકર દ્વારા આશ્રમ સનાતની ક. ક. પા. જ્ઞાતિને અર્પણ કરી દીધા હોવા છતાં, એક વર્ષ સુધી ઈશ્વર આશ્રમથી રોજ સાધુ નિયમિત રીતે માતાજીની સેવા કરવા માટે મોકલવામાં આવતા.

સંત ઓધવરામ મહારાજની આંતરિક ઈચ્છા પૂરતી અને સંત શાંતિરામજી મહારાજનો ભાવ એવો હતો કે જે પરંપરા એટલે કે હરિહર પરંપરાના એ સાધુ છે, એ પરંપરામાં બધીજ 18 વર્ણના લોકો આવે છે. પણ ઉમિયા માતાજી તો કડવા પાટીદારોના કુળદેવી છે. મંદિર સ્થાપનાની પાછળ ઓધવરામ બાપાનો એ આશય હતો કે સતપંથ ધર્મ છોડનાર કડવા પાટીદાર જ્ઞાતિના ભાઈઓ એક તાંતણે બંધાઈ રહે, એ આશયને ચરિતાર્થ કરવા માટે જરૂરી હતું કે માતાજીના મંદિરનો વહીવટ સનાતની ક. ક. પા. સમાજના ભાઈઓ કરે. માટે એમને પોતાની માલિકીનો ઠાકર દ્વારો આજની સનાતની કેન્દ્રીય સમાજ/જ્ઞાતિના આગેવાનોની દેખરેખમાં સાવ અર્પણ/દાન કરી દીધો. કોઈ પણ વળતર લીધા વગર.

ત્યાર બાદ વર્ષ 1973ના અરસામાં ત્રીજી વખત વ્યવસ્થામાં ફેરફાર કરવામાં આવ્યો. માતાજીનું મંદિર જાગૃત થાય, દર્શન કરવા આવનાર લોકોને પૂરતી સગવડો મળે, તેમજ અન્ય વ્યવસ્થાઓ ઊભી થાય એ માટે સંત વાલદાસજીની પ્રેરણાથી એક નવી કમિટી બનાવવામાં આવી.

કચ્છ કડવા પાટીદાર સમાજના મુંબઇ વસતા અગ્રણી ભાઇઓએ આ બાબતનું બીડું ઝડપ્યું હતું. અને પૂજ્ય વાલદાસજી મહારાજે આ કામ માટે વર્ષમાં બે મહિના વાંઢાયમાં રહેવા સહમતી દર્શાવીને કાર્યકરોના ઉત્સાહમાં અનેરો વધારો કર્યો હતો. મૂળ ગામ કોટડા (જ)ના અને થાણા નિવાસી શ્રી સામજી જીવરાજ લીંબાણી પોતે વર્ષમાં 6 મહિના વાંઢાય રહેતા અને તેમની સાથે શ્રી ધનજી પૂંજા જેવા અન્ય વડીલોએ આ કામ ઉપાડી લીધેલ હતું. અન્ય વડીલોએ જે જવાબદારી ઉપાડી હતી એ છે;

1. મણિલાલ વાલજી (પટેલ એન્ડ કું., મુંબઈ)
2. શ્રી શિવગણ રાજા
1. શ્રી કરસન મૂળજી
2. શ્રી પ્રેમજી પૂંજા (કેન્દ્ર સમાજના પૂર્વ પ્રમુખ અને સ્થાપક સહમંત્રી)

રૂ. 1,001/- ભરીને લગભગ 80 લોકો આજીવન સભ્ય બન્યા હતા. અને વિશેષમાં શંકર વિજય સો મીલ, મુંબઈવાળા, મૂળ ગામ ઉખેડાના વડીલ શ્રી મનજી વાલજી સાંખલાએ રૂ. 10.000/- આપવાનું વચન આપેલ હતું. આ અંગે વિસ્તૃત જાણકારી Mar-1973ના જાગૃતિ માસિક પાત્રના પેજ 11 માં જોવા મળે છે.

વર્ષ 1977માં ફરીથી મંદિરના વહીવટીય વ્યવસ્થામાં ફેરફાર કરવામાં આવ્યો. વર્ષ1977માં સંત શ્રી વાલદાસજી મહારાજની પ્રેરણાથી એક નવું ટ્રસ્ટ બનાવવામાં આવ્યું, "શ્રી ઉમાદેવી તથા ઈશ્વર રામજી અન્નક્ષેત્ર એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ", જેના પહેલા પ્રમુખ શ્રી પ્રેમજી રામજી, કલ્યાણપરવાળા હતા. આ ટ્રસ્ટમાં પણ કેન્દ્રીય સમાજના દિગ્ગજ નેતાઓએ ટ્રસ્ટી, મંત્રી, કારોબારી સભ્ય વગેરે હોદ્દાઓમાં રહીને મહત્વની સેવાઓ આપી. આ ટ્રસ્ટના હોદેદારોની યાદી વર્ષ 2010માં પ્રકાશિત સ્મૃતિગ્રંથના પાના ક્ર. 108થી શરૂ થાય છે. અને ત્યાર બાદનો વ્યવસ્થા અંગેનો ઇતિહાસ પણ એમાં છે.

આ દ્વારાના ઋણની વાત તો શું કરીએ. આ દ્વારાના માર્ગદર્શનમાં સતપંથ ધર્મના વિરુદ્ધ જે મોહિમ ચાલી, એના અનુયાયીઓ પણ આજે પોતાને સતપંથી કરતાં સનાતન-સતપંથી કહેડાવવામાં ગૌરવ અનુભવે છે, એના સાધુઓ પણ આ પ્રકારનો પ્રચાર કરે છે, એ વાંઢાય દ્વારાનો જ પ્રભાવ છે, એનોજ ઋણ છે.

ક. ક. પા. જ્ઞાતિના રોમેરોમમાં વાંઢાયના દ્વારાનું ઋણ ભારોભાર છે, જે કોઈ દિવસ ઉતરી શકે એમ નથી.

|| હરિહર ||

|| જય લક્ષ્મીનારાયણ || || જય ઉમિયા મા || || જય સનાતન ||

# 30

# ઇષ્ટદેવ તરીકે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનું મહત્વ

**<u>લેખક:</u>** શ્રી સૂર્યકાંતભાઈ પરષોત્તમભાઈ ધનાણી, વિરાણી મોટી.



ક.ક.પા. જ્ઞાતિને સૈયદ ઇમામશાહ બાવા અને સતપંથ ધર્મથી મુક્ત કર્યા બાદ, સંત ઓધવરામ મહારાજ સામે પ્રશ્ન હતો કે હવે જ્ઞાતિને હિન્દુ ધર્મની કઇ શાખા સાથે જોડવી?

જ્ઞાતિની પરિસ્થિતિ અને ઇતિહાસ એવો છે કે મોટે ભાગે જ્ઞાતિ અંધશ્રદ્ધા, અજ્ઞાનતા, ભોળા, ચમત્કારોથી અંજાઇ જાય એવા લોકોની હતી. બાવો ગમે તે હોય પણ આપણને ફળે છે, આપણને મૃત્યુ પછી અમરાપુરી / ભેસ્ત મળશે વગેરે ખોટી લાલચોના કારણે જ્ઞાતિ એટલી હદ સુધી આંધળી થઇ ગઇ હતી કે પીરાણાના કાકા અને સૈયદોના હાથે સંપૂર્ણ લુંટાવવા તૈયાર થઇ જતી. એમના એજન્ટ એવા જુલ્મી ગેઢેરાઓ, મુખીઓ અને જ્ઞાતિ પટેલોની જોહુકમી નીચે રહેવાની આદત પડી ગઇ હતી. સ્વમાન ખોઇ બેઠી હતી અને પોતાના ધર્મના નિર્ણયો પોતે લઇ શકે એના માટે જરૂરી આત્મ-વિશ્વાસ પણ ખોઇ બેઠી હતી.

માટે જરૂરી હતું કે ઓધવરામ બાપા જે કોઇ ઉપાય સૂચવે એ ઉપાય આવી પરિસ્થિતીમાં જ્ઞાતિને બહાર તો કાઢે, પણ ભવિષ્યમાં ફરીથી આવા ખાડામાં ન પડી જાય, એવો ઉપાય જોવો જોઇએ. તે ઉપરાંત સિકરાના વિશ્રામબાપા નાકરાણીને જ્ઞાતિએ આપેલ કૃષ્ણ જન્માષ્ટમીના ગોકુળિયું મનાવવાના વચનના અનુરૂપ હોય, તો શ્રદ્ધાને બહુ ફેરવવી ન પડે, એવા ઉપાયની જરૂરત હતી.



સનાતની કચ્છ કડવા પાટીદાર જ્ઞાતીના ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ

માટે શોધ હતી સનાતન ધર્મની એવી શાખાની કે જેનો કોઇ માલિક ન હોય. જેનો કોઇ સ્થાપક ન હોય, જેનો કોઇ માણસ ગુરુ ન હોય. કારણ કે જો કોઇ સ્થાપક હશે અથવા તો ગુરુ હશે, તો એનું વચન-પાલન ચેલાઓની ફરજમાં આવશે. માંડમાંડ ઇમામશાહ જેવા ગુરુથી જ્ઞાતિને છોડાવી છે, તો પછી ફરીથી જ્ઞાતિને કોઇ બીજા ગુરુ ના રવાડે નથી ચડાવવી. જ્ઞાતિને સનાતન ધર્મના મૂળમાં જોડવી જરૂરી હતું કે અને પોતાના ધર્મની વ્યવસ્થા સંપૂર્ણ રીતે જ્ઞાતિના હાથમાં રહે.

સંત ઓધવરામ મહારાજ અગર ચાહત તો આ જ્ઞાતિને પોતાના હરિહર પરંપરામાં વાળી, સતપંથમાં જે ફરજિયાત દશોંદ અને ધાર્મિક કર આપવામાં આવતા, એ પૈસા પોતાના પાસે વાળી શકતા હતા. જ્ઞાતિતો ધાર્મિક રીતે આંધળી હતી, એના પડ્યા બોલ ઝીલતી હતી. બીજા શબ્દોમાં કહીએ તો જ્ઞાતિ એક રીતે એમના કબ્જામાં હતી. એ કોઇ ઢોંગી, સ્વાર્થી, પોતાના વંશજો કે વાંઢાયની ગાદી માટે કાયમી આવકનું સ્ત્રોત તરીકે જ્ઞાતિનો દુરોપયોગ કરવા વાળા લેભાગુ અને કહેવાતા સંત નહોતા. એ ખરા અર્થમાં સંત હતા. એમને તો મિલકતો ક. ક. પા. જ્ઞાતિને આપી છે. હરિદ્વારનો કચ્છ લાલરામેશ્વર આશ્રમ, બદ્રીનાથની ઓરડી, વાંઢાયનું ઉમિયા માતાજી મંદિર આપ્યા છે. એમને જ્ઞાતિ સુધાર માટે પોતાનું જીવન ખપાવી દીધું. આ પુસ્તકમાં વાંઢાય દ્વારાનું ઋણ નામના અલગ લેખમાં આ બાબતે જાણકારી આપેલ છે જ.

સતપંથથી જુદી પડ્યા બાદ ક. ક. પા. સનાતની જ્ઞાતિ પોતાના પગ ઉપર સ્વમાન ભેર ઊભી રહે એના માટે, આર્થિક શોષણથી મુક્ત કરી, જ્ઞાતિને સનાતન ધર્મ, શિક્ષણ અને સમાજ વ્યવસ્થાઓ વગેરેને નવેસરથી ઊભા કરવા માટે અમૂલ્ય માર્ગદર્શન કર્યું છે. સંત ઓધવરામ મહારાજ માંગવાવાળા સંત નહોતા, આપવા વાળા સંત હતા. કારણ કે આજે પણ એ આપણાં વચ્ચે સૂક્ષ્મરૂપે હાજર છે. એમની મીઠી નજર સદાય આપણાં પર છે, એવું હું માનું છું.

આવી રીતે બધી બાજુનો વિચાર કરીને સંત ઓધવરામ મહારાજે જ્ઞાતિને ભગવાન લક્ષ્મીનારાયણને ઇષ્ટદેવ તરીકે સ્વીકારવાની સલાહ આપી. ભગવાન લક્ષ્મીનારાયણ એટલા માટે કે હિન્દુ ધર્મમાં, નિર્ગુણ નિરાકાર રૂપી પરમાત્માનો સગુણ-સાકર-સ્વરૂપ એટલે ભગવાન લક્ષ્મીનારાયણ છે. એટલે એ સનાતન છે. એટલે એનો કોઇ સ્થાપક પણ નથી અને એ પરંપરાને ચલાવવા એકાધિકાર રાખતો કોઇ વ્યક્તિ નથી. જ્ઞાતિ વર્ષોથી નારાયણ (કૃષ્ણ જન્માષ્ટમી)ની ઉપાસક હોવાના કારણે નારાયણના મૂળ સ્વરૂપની ઇષ્ટદેવ તરીકે પૂજા કરવાનું જ્ઞાતિને કહેવામાં આવ્યું.

આવી રીતે ઇષ્ટદેવ તરીકે ભગવાન લક્ષ્મીનારાયણની ઉપાસના કરવાનું કહી, ઓધવરામ બાપાએ જ્ઞાતિને એવો જબરદસ્ત ઉપાય આપ્યો કે જેના થકી ભવિષ્યમાં જ્ઞાતિ ધર્મના ખોટા વાડામાં ફસાય નહીં, કોઇ ખોટા ધર્મગુરુના રવાડે ચડી ન જાય. સનાતન ધર્મના મૂળ પાયામાં રહેશે, તો હિન્દુ ધર્મના વિશાળ વટવૃક્ષની છાયા સદાય એમના પર રહેશે.

|| જય લક્ષ્મીનારાયણ ||

31

# જ્ઞાતિના વહીવંચા બારોટ શ્રી ખંડેરાવજીનું યોગદાન

લેખક: વહીવંચા શ્રી રશ્મિનભાઈ વિનોદભાઈ ખાંડેરાવ બારોટ





**સ્વ. ખંડેરાવ રામસીંગ બારોટ**

રામસીંગ દોલજીના ત્યાં સાત બહેનો પછી મા ખોડિયારની બાધાથી દીકરાનો જન્મ થયો. તેથી મા ખોડિયારના નામ ઉપરથી ખંડુભાઇ નામ પાડવામાં આવ્યું અને બ્રિટીશ શાસનમાં રાવનો ઈલકાબ મળેલ તેથી ખંડેરાવ તરીકે ઓળખાયા.

ખંડેરાવજી બાળપણથી જ ધાર્મિક હતા. એ વખતે એસ.એસ.સી.ની પરીક્ષા પાસ કરેલ અને તે વખતે બ્રિટીશ સરકારમાં તેમને જમાદાર તરીકેની નોકરી મળેલ. તેમના કામથી પ્રભાવિત થઈને બ્રિટીશ શાસનમાં અનેક વખત પુરસ્કાર પ્રાપ્ત કરેલ. પરંતુ ચુસ્ત હિન્દુ ધર્મમાં માનતા હોવાથી એક અંગ્રેજ અધિકારીએ માંસાહારને લગતી વસ્તુઓ લાવી આપવાનું કીધું. એમાં વાંધો પડતા તકરાર થઈ અને તાત્કાલિક ધોરણે નોકરી છોડી દીધી.

ત્યારબાદ ખંડેરાવજી ધર્મમાં ખૂબ ઉંડા ઉતારતા ગયા. શંકરાચાર્ય મહારાજને ગુરુ બનાવેલ. કાંચી પીઠમાં વારંવાર મુલાકાત લેતા અને પરમ પૂજ્ય ડોંગરેજી મહારાજ સાથે પણ ગાઢ સંબંધ ધરાવતા અને એમની સાથે સત્સંગ કરતા. ખંડેરાવજી એ વખતે ગીતાનો ૧૫મો અધ્યાય અંગ્રેજીમાં ગાઈને અનુવાદ સાથે કહેતા. ગીતાનું અધ્યયન રોજ કરતા અને પ્રખર શિવ ભક્ત હતા.

મોટાભાગના કચ્છ કડવા પાટીદાર ભાઈઓએ વિ.સં.૧૬મી સદીમાં ધીમે ધીમે ઈમામશાહ બાવા પીરનો ધર્મ સ્વીકારેલ અને ત્યારબાદ સૈયદોના કહેવાથી બ્રાહ્મણ, ભાટ (બારોટજી વહીવંચા)ને સંવત 1832ના ઠરવા કરીને બંધ કરવામાં આવ્યા. કેમકે બ્રાહ્મણ અને વહીવંચા ચાલુ રહે તો આપણે કોણ છીએ, ક્યો ધર્મ છે એનું જ્ઞાન જીવતું રહે, તે કારણથી બંધ કરવામાં આવ્યા. વિ.સં.૧૯૬૭ (ઈ. સ, 1911) થી ૧૯૯૫ (ઈ. સ. 1939) સુધી ઘણીવાર રજુઆતો કરવા છતાં તે સમયના સંતો મહંતો અને સ્વામીનારાયણ સંપ્રદાયના મહંતોએ જ્યારે દિક્ષા ન આપી ત્યારે જ્ઞાન થયું કે ભાટના ચોપડે જે આપણો ઈતિહાસ છે તેજ આપણે મુમના નહી હિન્દુ છીએ તેમ સાબિત થાય છે. એટલે તે સમયે ઈ.સ.૧૯૩૯માં સમસ્ત કડવા પાટીદાર સમાજની સભા કરી વહીવંચાને બોલાવાનો નિર્ણય કરવામાં આવ્યો.

ઈ.સ. ૧૯૨૦ થી ૩૦ દરમિયાન વારંવાર રજુઆત કર્યા પછી ઈ.સ. ૧૯૩૯માં કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજે વહીવંચાને બોલાવાનું નક્કી કરેલ. ઈ.સ.૧૯૩૯ પછી જ્યારે ખંડેરાવજીને બોલાવામાં આવ્યા ત્યારે તેમને આપણા સમાજને પર શાખા અને પર ગોત્ર આપેલા અને આપણે હિન્દુ જ છીએ અને ઉત્પત્તિ હિન્દુ ધર્મથી છે. એવું સમગ્ર સમાજે સ્વીકારેલ.

## 31 જ્ઞાતિના વહીવંચા બારોટ શ્રી ખંડેરાવજીનું યોગદાન

તે વખતે પણ સૈયદોએ વટહુકમ બહાર પાડેલ. સાધુ કે પાર્ષદનો રાંધેલો પ્રસાદ લેવા નહીં. જે લેશે તો નાતના ગુનેગાર ગણાશે અને ગુના બદલ ૫૧ કોરી દંડ લેવામાં આવશે.

ત્યારે ફરીથી કડવા પાટીદાર સમાજે નક્કી કર્યું કે હવે આખી નાતે આપણા વહીવંચાને કર આપવો અને કાગળ લખી વહીવંચાને બોલાવ્યા. એમાં નાથા સોમજી પટેલ, નાગજી સોમજી પટેલ, પટેલ જેઠા ભીમજી, પટેલ નારણ ડોસા વડીલોની સહીઓ લીધેલ છે.

આઝાદીના વર્ષ પછી જ્યારે ખંડેરાવજીએ વહીવંચા તરીકે સમાજનું કાર્ય શરૂ કરેલ, ત્યારે ખૂબ જ કઠીન પરિસ્થિતિનો સામનો કરેલ. અનેકવાર એમનો તિરસ્કાર કરેલ, હડહડતું અપમાન કરવામાં આવતું, એમના પુસ્તકોની પેટીને ફેંકી દેવામાં આવતી, પરંતુ તે હિંમત ન હાર્યા અને આખો સમાજને સાચો રસ્તો બતાવવામાં સફળ થયા. કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને સનાતન ધર્મના મૂળિયાં સાથે પાછા જોડવામાં ખાંડેરાવનો બહુજ મોટું યોગદાન છે, જેની જ્ઞાતિ સદાય ઋણી રહેશે.

32

# મા ઉમિયા સંસ્થાન વાંઢાયનો ઘર વાપસી અભિગમ

લેખક: ગૌરાંગ ખેતા ધનાણી



મૂળ વાસ્તવિકતા તો એક છે કે મૂળ સનાતન પ્રવાહમાં આપણે સમાજને લાવવા માટેના પ્રયાસનું આ શ્રધ્દ્ધા કેન્દ્ર છે. આ બાબતથી સહુની સંમતિ હશે જ એમાં બીજું કોઇ વજુદ પણ નથી. તેમાં અગ્રિમ સામાજિક ભાવના અને તેમાં પણ પીરાણાને મુકવાની ભાવના વાળા ઓની જે સમાજ વ્યવસ્થા દ્વારા સંત શ્રી ઉધ્દ્ધવ રામજી મહારાજ અને ત્યારબાદના સંતો દ્વારા આપણી સમાજને બચાવવાનું આ પ્રથમ કેન્દ્રસ્થાન શ્રધ્દ્ધા સાથે નિર્માણ પામ્યું..

તે નિર્માણ કરવામાં કેવા કેવા સજ્જનો સામેલ થયા તે સમજવા માટે પ્રકાશક - શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ નખત્રાણા કચ્છ દ્વારા લખાયેલ કડવા પાટીદાર કુલ વર્ધીની ઉમિયા દેવીની પ્રતિષ્ઠા મહોત્સવનો ટૂંકો અહેવાલ કથિત છે તે સમજવો જરૂરી છે. અત્રે ઉલ્લેખ કરવો રહ્યો છે કે હરિહર સંપ્રદાયના સંતોનો અભિગમ અને સામાજીક કડવા પાટીદાર સંસ્થાના કર્મધારો સનાતન અભિગમ થકી માતા ઉમિયા મંદિરની સ્થાપના કરવાનો ઘટનાક્રમ બન્યો છે. જેની પૂર્ણ સાક્ષી આ પુસ્તક પૂરે છે અને થયેલા કર્તવ્યનો અહેસાસ પણ એમાં છે. જેમાં ખાસ કરીને ગુજરાત કંપાવાસીઓનો અભિગમ ઉમિયા માતા મંદિર નિર્માણ કચ્છમાં થાય તે રહ્યો છે. જેની સિધ્દ્ધિ પ્રાપ્ત થઇ છે.

કંપાની આ વાત સ્પષ્ટ છે હંસરાજભાઈ નારણભાઈ પોકારના અધ્યક્ષ સ્થાને જેઓ વિજય મંડળના સભ્ય હતા તેવા સુધારકો ભેગા થયા, સનાતન ધર્મના આદેશ પૂરતા યથા ઘટીત ઠરાવો નક્કી કર્યા. ઓધવ આશ્રમ તરફથી સાધુ દયાળદાસજીએ અને ધાર્મિક પ્રવચનો આપી સનાતની તરીકેની ફરજોનું દિગ્દર્શન કરાવયું.

આમ સંસ્થાની રચના જ મૂળભૂત રીતે સંતો દ્વારા સ્પષ્ટ અભિગમ સાથે થઇ હોય એવી બાબત સાથે શરૂઆતમાં રતનશીભાઇ ખેતાણીથી લઇને આ જ પ્રયત્ન પ્રમુખો દ્વારા સનાતન ધર્મ વાપસી કરવાની ભૂમિકા કરવામાં આવી રહી છે. જેમાં થાણાના સામજી જીવરાજ લીંબાણી વડીલ જે મૂળ કોટડાના (જ) સક્ષમ વ્યક્તિત્વ દ્વારા મા ઉમિયાના મંદિર નિર્માણનો ધુણો ધખાવ્યો. ખૂબ વ્યવસાયમાં વ્યસ્ત વ્યક્તિત્વ મંદિર બેન તે માટે મુંબઇ મૂકી લાંબો સમય રહેતા અને કાર્ય કરવામાં આવતી વિધર્મીઓની અડચણનો નિવેડો લાવતા. કેમકે મોહિમને નબળી કરવા અનેક લોકો સતર્ક હતા. જે આ વડીલની હાજરી અને જવાબદારીથી નિષ્ફળ થતાં. આમ મંદિરની મહિમા અનેક સંઘર્ષ સાથે પૂર્વ નિષ્ઠાથી વધતી થઇ.. તેઓ વાલદાસજી મહારાજ સાથે ૮૦ જણાને લઇએ લાઇફ મેમ્બર બનાવ્યા અને રૂ. ૧૦,૦૦૦ ની રકમ એકલા મનાજીબાપા સાખલા પરીવાર રે રોડ મુંબઇ તરફથી આર્થિક સહાય મળવાથી વિકાસના કામને વેગ મળ્યો.

આમ વિકાસ સમાજનો અને પરિવારનો થતો રહ્યો અને કલ્યાણપરના પ્રેમજીભાઇ અમૃતિયા પણ અત્રે નિર્માણમા સહયોગી બન્યા અને પ્રચાર પ્રસાર પણ સનાતનીઓ દ્વારા ખૂબ થયો. પરિણામ સ્વરૂપ એક પૂર્ણ મંદિર સાથે તમામ વ્યવસ્થાનો આરંભ થયો. આ સમયે સમગ્ર ભારતમાં સનાતની પ્રવાહ વધ્યો. આ ઇશ્વર આશ્રમ "દવારો"ના સંતના તપ કારણેમાં ઉમાનો ઓરો / તેજસ્વી બન્યો અને પીરાણાનો ત્યાગ વધ્યો.

જેમ જેમ પીરાણાનો ત્યાગ કર્યો તેમ તેમ સામાજિક આર્થિક સધ્દ્ધરતા પણ વધી અને સાહસિકો સફળ થાય તો સમાજ વ્યવસ્થાનો પણ વિકાસ થાય તેવું થતું રહ્યું. આ વાંઢાય સ્થળથી નજીક ગામના યુવા જેની ઉંમર

૪૫ વર્ષની જેઓ મુંબઇ અને રાજપર કચ્છના એવા જેઠાલાલ ચોપડાના પ્રમૂખ પદે નિશ્ચિત વિકાસ કદમે સંસ્થા નવા આવિષ્કાર થકી સનાતન કલરવ કેન્દ્ર બન્યું. જેમાં ડો. વી. એચ. પટેલ સાહેબ પણ પ્રમુખ પદે રહ્યા. જેમના માનવતા અભિગમની લાગણી ધરાવતા તેવા બૌદ્ધિક ભક્તો સમૂહના મેળાવડા સત્સંગ કરી સકતા અને જુદા જુદા ટ્રસ્ટના વિલીનીકરણ જેવા સ્પષ્ટ કાર્ય કરેલ. અત્રે પાંડુરંગ શાસ્ત્રીજી, ડોંગરેજી મહારાજની કથાનું આયોજન કરી વિકાસ ફંડ પણ એકત્ર કર્યું અને એ થકી પણ પીરાણા મૂકીને અનેક કુટુંબ પાંડુરંગ શાસ્ત્રીના ઉત્તમ વિચાર ધારા થકી પણ આવ્યા અને વિસ્તાર આચરણ સાથે ધાર્મિક બન્યો જેની અસર આજે પણ અનુભવી સકાય, છે જે મદીરને આભારી છે.

આ ઉમિયા ધામ મંદિરમાં સંકલન અને સામાજિક વૈચારિક આદાન પ્રદાન થકી તો લક્ષ્મીનારાયણ સંસ્કાર ધામ વાંઢાય એટલે કે જેઓ ઇષ્ટ દેવમાં લાગણી ધરાવતા હોય તેવા પૂર્ણ  કેન્દ્ર સ્થાન નિર્માણની ચળવળના મંગલાચરણ અત્રેથી કરવામાં આવેલ જે પણ ઉમા સંસ્થા અને કેન્દ્રીય સમાંજની સિદ્ધિ છે.

વડીલો સાથેના સ્મરણ આદાન પ્રદાન કરતા એટલું તો ખાસ પ્રભાવિત કરે એવી આ સંસ્થાની બાબત છે કે બને ત્યાં સુધી સંસ્થાનું પાયાનું માળખું જ સનાતની ચળવળનો આધ્યાત્મિક અભિગમ છે. અત્રે મા ઉમિયાના સંતાન તરીકે જો બાગબાન નિર્માણ કરવામાં સફળતા મળી છે તે કચ્છમાં પોતાની વગ ઊભી કરનાર મા ઉમિયાના ગૌરવ કાજે સંગઠનની સતત પ્રવૃતિઓ કરી કરીને આજ નહિ તો કાલ આવશે એમ સમજીને તેવા ભાવ સાથે તે સમયના સહુએ કેન્દ્રીય સમાજ સાથે સહુએ લક્ષ્મીનારાયણ સંસ્કાર ધામ કેન્દ્ર સ્થાન નિર્માણ કરવાનું સાહસ પણ નીડરતા પૂર્વક કરી સ્પષ્ટ સિદ્ધિ મેળવેલ છે. જેને આભારી મા ઉમિયા સંસ્થાન છે.

રમેશ વાગડીયા બેંગલોરની નખત્રાણામાં થયેલી સતપંથના કીનાખોરો સાથેની ધરપકડની ઘટના કાંડ આપણે સનાતન મૂળ મુરાદનો અભિગમ સપસ્ત કર્યો અને જાણી જોઈને કરી બેઠલ સતપંથ સમાજના મોવડીઓનો પર્દાફાશ અને એકતાના નારા ફૂકાનાર સમાજના અગ્રણીઓનો પસ્તાવાનો વારો...પણ કહેવાયને કે આ ઘટનાથી વાસ્તવિકતાની અનુભૂતિ કરનાર તમામ સનાતનીઓનો ભાવમાં ઉમિયા સંસ્થાન કેન્દ્ર અને લક્ષ્મીનારાયણ કેન્દ્ર સંસ્થાન તરફનો અતિશય લાગણી સભર બનતો ગયો.

સંસ્થાના મા ઉમાના વિકાસમાં બાળપણ અને યુવા સાથે સાહસની અનેક સિદ્ધિઓ સાથે પરિપકવ વ્યક્તિત્વ હંસરાજભાઇ ધોળુની પ્રમુખપદે વરણી, એ સનાતની ચળવળનું સુપર કાર્ય બન્યું. તેઓ ખૂબ અભ્યાસુ વ્યક્તિત્વ હોવાથી ઇતિહાસના ઘટનાના જાણકાર તો ખરાજ કથિત અને અકથિત અનેક ઘટનાઓને તેઓ સમજી શકનાર પણ એક મુદ્દે તો સ્પષ્ટ અભિગમ મારી મા ઉમિયાએ ઇમામને પડકારવા માટે અને તેના સંતાનને સનાતની વૈદિક બનાવવા માટે છે. જ્યારે જ્યારે આપત્તિ આવી તેઓ સ્પષ્ટ અભિગમ સાથે ભાઇ સતપંથમાં હોયને ત્યાગ કરવો પડે તો કર્યો છે. માંડવી હોસ્ટેલમાં પણ વિવાદિત માળખાને સ્પષ્ટ અભિગમ સાથે લેખિત જજમેંટ આપનાર જરાપણ સાડીબારી ના રાખનાર વ્યક્તિ સનાતન સમાજના કેન્દ્ર સ્થાનમાં ઉમા અને ભગવાન લક્ષ્મીનારાયણના વિકાસ વ્યવસ્થા અને જતન આજે સુરક્ષિત છે.

તેમનો સ્પષ્ટ અભિગમનો હાલ અમુત મહોત્સવ પહેલાંનો જ દાખલો છે. સતપંથના મોવડીઓ સાથેની બેઠકમાં મોટી રકમ દાનની ઓફર આવી, પણ મક્કમતાથી પ્રતિકાર કર્યો એને જણાવી પણ દીધું મારી મા ને આવા ઇમામબાવાના કોઈ સહયોગની જરૂર નથી.. તેમની ધમકીઓને પણ વળતી ચીમકી આપી છે.

મા ઉમિયાના સનાતની સંતાન. અભિગમ એક સમાજ બેસ્ટ અને શ્રેષ્ઠ બને. ભાવ પ્રગટ કરવાનો કાર્યક્રમ હોવો જ જોઇએ. વિજય ધ્વજ કે ઉદઘાટન હોય મા ની જ્યોત ત્યાં અવશ્ય હોય તે જ તેજોમય દીપોત્સવનું નિર્માણ કેન્દ્ર છે. માં ઉમિયા નાં સનાતની સંતાન. અભિગમ એક સમાજ બેસ્ટ અને શ્રેષ્ઠ બને..

33

# લક્ષ્મીનારાયણ સંસ્કાર ધામનું યોગદાન



લેખક: વસંત અર્જણ ધોળુ

<u>**સૌજન્ય:**</u> કરસનભાઇ પ્રેમજી મેઘાણી,નાના-અંગિયા, ગાંધીધામ અને રામજી ભીમજી ડાયાણી, ધાવડા, જોરાવરનગર

સતપંથીઓનો ત્રાસ ખુબજ વધતો જતો હતો. ગામેગામ રોજ સનાતનીઓને હેરાન કરવા માટે સતપંથીઓ દ્વારા ખોટા કોર્ટ કેસો અને પોલીસ ફરિયાદો કરવામાં આવતી હતી. એમની પાછળ પીરાણા સંસ્થાનું પીઠબળ હતું. સનાતનીઓ પાસે કોઇ સંસ્થાકીય પીઠબળ નહોતું. કેન્દ્રીય સમાજમાં સતપંથીઓ ઘૂસી ગયા હોવાના કારણે કેન્દ્રીય સમાજમાં સતપંથ બાબતે ખૂલીને કોઇ સહયોગ નહોતો મળતો. સનાતની સંગઠન ટકાવી રાખવા કંઇ કરવાની સખત જરૂરત હતી.

તે માટે વર્ષ 1995માં જોરાવરનગરના ભાઇઓએ મુખ્ય આગેવાની લીધી અને જોરાવરનગરમાં (સુરેન્દ્રનગર) બધા ભેગા થયા. ત્યાં એ લોકોએ નક્કી કર્યું કે આપણે સનાતનીઓનું એક એવું સંગઠન ઊભું કરીએ કે જે સતપંથીઓ દ્વારા કરવામાં આવતા ખોટા કોર્ટ કેસો અને પોલીસ ફરિયાદોના માધ્યમથી સનાતનીઓ ઉપર કરવામાં અત્યાચાર અને જુલ્મોનો સામનો કરે અને સનાતનીઓને આ લડાઇમાં પીઠબળ પૂરું પાડે. એના માટે સનાતન ધર્મનું એક કેન્દ્ર સ્થાન કરવાની વાત આવી. જેમાં ગામેગામના લક્ષ્મીનારાયણ મંદિરોને એકસૂત્રે બાંધવામાં આવે જેથી સનાતની સંગઠનને મજબૂતાઇ મળે અને સંસ્થા દ્વારા ધર્મ પ્રચાર-પ્રસારનું કાર્ય થાય.

આ કાર્યને બર લાવવા માટે મહેનત કરવી પડે. તે માટે અસલ કોલકાતાવાળાઓ અને તત્કાલીન જોરાવરનગરમાં સ્થાયી ભાઇઓની ટીમે જવાબદારી સ્વીકારવાનું નક્કી કર્યું. આમાં પંચામૃત સમાન મુખ્ય પાંચ ભાઇઓમાં કરસનભાઇ પ્રેમજી મેઘાણી – અંગિયા નાના, રામજી ભીમજી ડાયાણી – ધાવડા, અખઇ વાલજી પારસિયા – અંગિયા, વિશ્રામ હંસરાજ ધોળુ – કોટડા (જ.), વાલજી કેસરા નાકરાણી – સાયરાં શરૂઆતમાં હતા.

તે વખતે સમાજના વડીલ શ્રી પ્રેમજીભાઇ પૂંજા વાસાણીને આ ભાઇઓએ રજૂઆત કરી. એટલે પ્રેમજી પૂંજા આ મિત્રોને સાથે લઇને જેઠા લાલજી ચોપડા, તત્કાલીન ઉમિયા માતાજી વાંઢાયના પ્રમુખ અને અન્ય અમુક આગેવાનોને મળ્યા. શિવદાસ ગોવિંદ છાભૈયાએ કહ્યું કે અમે આ બાબતે ઘણી મહેનત કરી છે, પણ અમને સફળતા મળી નથી. ત્યારે કરસનભાઇ અને રામજીભાઇએ કહ્યું કે ગમે તે થાય આપણે આ કામ કરવું જ છે. સતપંથવાળા દબાવી જાય એ ચાલે નહીં. બધાને આ વાત ગમી. જોરાવરનગરના ભાઇઓએ ફરી પોતાની કટિબદ્ધતા દર્શાવતા કહ્યું કે અમે ભેગા છીએ જે કહેશો એ બધુંજ કરીશું. પણ આપણે સંગઠન બનાવીએ.

કચ્છના 140 ગામના પ્રતિનિધિઓ વાંઢાય ખાતે ભેગા થયા અને **લક્ષ્મીનારાયણ ધર્મ પ્રચાર સમિતિ** ઊભી થઇ. જેના પહેલા પ્રમુખ શ્રી પ્રેમજી પૂંજા વાસાણી હતા અને પહેલા મહામંત્રી હતા શ્રી અખઇ પ્રેમજી માનાણી, વિથોણ.

કરસનભાઇ અને રામજીભાઇએ નક્કી કર્યુ કે કચ્છના છેવાડે ભલે 2 ઘરનું ગામ કેમ ના હોય, તોય આપણે ત્યાં જવું અને આપણો પ્રચાર કરવો. શરૂઆતમાં એમને ઘણી તકલીફો પડી. ગામોમાં જઇને કોઇને કહે કે ગામના આગેવાન કોણ છે, એમની સાથે અમારી મુલાકાત કરાવી આપો, તો એ માણસ પાછો પણ ના આવતો. તેમ છતાં

લાગ્યા રહ્યા. આવી રીતે કચ્છના ગામેગામ આ વડીલોએ પ્રચાર કર્યો. પછી ગુજરાતના કંપાઓમાં પણ આ બે વડીલો ફર્યા. બીજા લોકો પોતાની સગવડ પ્રમાણે એકાદ બે સભામાં જોડાય અને પાછા નીકળી જાય. પણ આ બે વડીલો બધે જ સાથે હતા. આ બે વડીલોએ ધર્મ પ્રચાર કરવાનો મુખ્ય સનાતની ઝંડો ઉપાડ્યો હતો.

ધર્મનો પ્રચાર કરવા માટે સંત જોઈએ. એના માટે વિરાણી-મોટીના શાંતિદાસ મહારાજ તૈયાર થયા. અન્ય સાધુ-સંતોએ પણ સહયોગ આપ્યો. પ્રચાર કામને વેગ આપવા ઉમિયા માતાજી વાંઢાયમાં ભેગા થયા અને ત્યાંથી સનાતન ધર્મની જાગૃતિ લાવવનાર નારાયણ રામજી લીંબાણીનું ગામ વિરાણી-મોટી સુધી ધર્મ-યાત્રાનું દિનાંક 04-Feb-1996ના આયોજન કરવામાં આવ્યું. વિરાણી મોટીમાં પહેલી સભા કરવામાં આવી. ત્યાર બાદ બીજી સભાનું ભીમજી કેશરા લીંબાણીના ગામ કોટડા-જડોદરમાં દિનાંક 12-Feb-1996ના રોજ આયોજન કરવામાં આવ્યું.

અહીંથી લક્ષ્મીનારાયણ ધર્મ પ્રચાર સમિતિના પ્રચાર કામે વેગ પકડ્યો. પછી 19-Feb-1996 ઉખેડા, 20-Feb-1996 નારાણપર રોહા, 21-Feb-1996 સાંગનારા, 23-Feb-1996 મથલ, 24-Feb-1996 રસલિયા, 25-Feb-1996 સુખપર (વિરાણી), 26-Feb-1996 આણંદસર (વિથોણ), 27-Feb-1996 જતાવીરા ગામોથી શરૂઆની સભાઓ યોજવામાં આવી.

મહિનાઓ સુધી આ બંને ભેખધારી વડીલો ઉમિયા માતાજી – વાંઢાય ખાતે જ રહેતા હતા. ઘરે જતા નહીં. એક જ હેતુ, ગમે તેમ કરીને સનાતન ધર્મનું કામ થવું જોઇએ અને સનાતનીઓનું કેન્દ્ર સ્થાન બનવું જોઈએ. ધીમે ધીમે લોકો જોડાતા ગયા અને સારો પ્રતિસાદ મળતો ગયો. તેમની સાથે નારાયણ હીરા ધોળુ – નાગલપર અને નારાયણ પૂંજા નાકરાણી – વિરાણી મોટી પણ જોડાયા અને એમની જીપ (કાર)માં આ લોકો પ્રચાર કરવા જતા.

આ લક્ષ્મીનારાયણ ધર્મ પ્રચાર સમિતિના બીજા પ્રમુખ બન્યા જેઠા લાલજી ચોપડા. જેના નેતૃત્વમાં દેશલપર-વાંઢાય મુકામે લક્ષ્મીનારાયણ કેન્દ્ર સ્થાન સમુ “સંસ્કાર ધામ” ઊભું થયું, આપણા સનાતન ધર્મ માટેની કેન્દ્રીય સંસ્થા “શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ”નું નિર્માણ થયું. જ્યાં ભગવાન લક્ષ્મીનારાયણનું ભવ્ય મંદિર નિર્માણ અને નવી પેઢીને અહી આવવા માટેનો ભાવ પ્રગટે અને આસ્થાથી જોડાય તેવું પર્યટન સ્થળ સમું આધ્યાત્મ કેન્દ્ર, સાહિત્ય કેન્દ્ર, આપણા બાળકોમાં બાળપણથી જ શિક્ષણ સાથે સનાતની સંસ્કારોનું સંસ્કરણ થાય તે હેતુ વિદ્યા મંદિરનું નિર્માણ, વેદ શાળા વગરેના નિર્માણ માટેનું કાર્યનો આરંભ થયો.

2010માં કેન્દ્રીય સમાજ દ્વારા શ્વેત પત્ર જાહેર થયા બાદ સનાતની ચળવળ પૂરા ભારતમાં ચરમ સીમાએ પહોંચેલ હોઈ આ સનાતન જાગૃતિ અને સનતાનીઓના રાખોપા કરનાર સંસ્થાનના નિર્માણ કાર્યમાં સહુનો જબરજસ્ત પ્રતિસાદ મળ્યો. કેન્દ્રીય સમાજ, ઉમિયા માતાજી સંસ્થાન, યુવાસંઘ, મહિલાસંઘ પણ સાથે જોડાયા. અને ભગવાન લક્ષ્મીનારાયણ મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં સનતાનીઓ ખૂબ મોટી સંખ્યામાં જોડાયા અને સનાતની ગૌરવની લાગણી સાથે સૌએ તન-મન-ધન થી સહકાર આપ્યો.

હાલમાં શ્રી ગંગારામભાઈ રામાણીના નેતૃત્વમાં આપણા સંસ્કાર ધામમાં અનેક વિધ પ્રવૃતિઓ થઇ રહેલ છે. જેમાં સાહિત્ય કેન્દ્ર, સત્સંગ સભાઓ, ધાર્મિક વ્યાખ્યાનો, સંતવાણી જેવા કાર્યો માટે સત્સંગ હૉલ, વેદ મંદિર, CBSC સ્કૂલ નિર્માણ સાથે, વિવિધ ધાર્મિક ઉત્સવો સાથે યુવાસંઘ અને મહિલા સંઘના સથવારે ભારતભરમાં બાલ સંસ્કાર કેન્દ્ર દ્વારા બાળકોને સનાતન ધર્મ, કુળદેવી મા ઉમિયા અને ઇષ્ટદેવ ભગવાન લક્ષ્મીનારાયણ અને આપણા સંતો અને જ્ઞાતિવીરોના કાર્યથી જોડવામાં આવી રહ્યા છે. હાલ, વલ્લભભાઈ કરસન મૈયાતને મુખ્ય પ્રચારક સાધુ તરીકે નીમવામાં આવેલ છે.

# 34

# સનાતની ચળવળના પરિપેક્ષ્યમાં શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘની દીવાદાંડી સમાન ભૂમિકા



(સંકલન : ડો. વસંત ધોળુ)

ઇતિહાસ સાક્ષી છે કે વિશ્વમાં જ્યાં જ્યાં ક્રાંતિ થઇ છે ત્યાં યુવાઓની ભૂમિકા જ મહત્વની રહેલ છે. સામાજિક પરિપેક્ષ્યમાં યુવાઓએ સમાજનું રક્ષા કવચ છે. તેઓની શક્તિઓને પારખીને યોગ્ય અને સમયોચિત પ્લેટફોર્મ આપવામાં આવે તો સમાજની તાસીર બદલવાનું કાર્ય હાથવેંતમાં હોય છે. જયારે આપણી સમાજના ગેઢેરાઓ ધાર્મિક અંધશ્રધ્ધામાં ફસાયા અને તેઓને ગુજરાતના ઊંજા વિસ્તારના પોતીકા પાણીદાર પ્રદેશ છોડીને કચ્છના સુકાભઠ્ઠ વેરાન પ્રદેશમાં વસવાટ કરવો પડ્યો અને મુમના પાટીદાર તરીકેની અસહ્ય ઓળખથી અન્ય જ્ઞાતિઓમાં નીચાજોવાપણું થયું ત્યારે ક્રાંતિના બીજ યુવાઓએ જ રોપેલા.

અખિલ ભારતીય લેવલે સમાજની વિધિવત રચના થયા બાદ યુવાનોના દિલમાં પણ એવી ભાવના અને લાગણી થવા લાગી કે અખિલ ભારતીય લેવલે યુવક મંડળની પણ વિધિવત રચના થવી જોઇએ. તે માટે કલકત્તાના યુવાન ભાઈઓએ જે નવચેતન યુવક મંડળ સાથે સંકળાયેલા હતા તેમને બીડું ઝડપ્યુ અને ભારતના વિવિધ પ્રાંતોમાંથી સમાજના યુવાઓને તારીખ 24-25-26, ડિસેમ્બર-1972માં કલકત્તા ખાતે **"શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવકસંઘ"**ની સ્થાપના કરી.



***યુવાસંઘની રચના માટે કોલકાતા ખાતે હાજર રહેલ સમાજના યુવાનો***

યુવાનોની આ સભામાં નીચે મુજબના પાંચ ઉદેશ્યો/ઠરાવો સર્વાનુમતે મતે પસાર કરવામાં આવેલ. તેમનો પાંચમો ઉદ્દેશ હતો;

સમાજમાં ચાલતી અંધશ્રદ્ધાઓને નાબૂદ કરવા યુવકસંઘે **સનાતન ધર્મનો પ્રચાર કરવો** અને યુવકોએ ધાર્મિક ભાવના કેળવાય તે માટે ધાર્મિક સભાઓ તેમજ સંમેલનોમાં ભાગ લેવો અખિલ ભારતીય લેવલે ધાર્મિક સંસ્થાની સ્થાપના ના પ્રયાસો કરવા માટે સમાજને યુવકસંઘ વતી વિનંતી કરવી.

તારીખ 23.05.1977ના બપોર પછી પાટીદાર વિધાર્થી ભવન-નખત્રાણાના પ્રાંગણમાં દેશભરમાંથી પધારેલ હજારો યુવક યુવતીઓની વિશાળ ઉપસ્થિતિમાં યુવકસંઘના પ્રથમ અધિવેશનમાં યુવક કાર્યકર્તા શ્રી ખીમજી લખમશી લીંબાણીના પ્રમુખપણા હેઠળ યુવક સંઘનું બંધારણ સર્વાનુમતે પસાર કરવામાં આવેલ અને શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘને વિધિવત બંધારણીય સંસ્થા તરીકે જાહેર કરવામાં આવેલ.

ભારતભરમાં તમામ યુવક મંડળોને એકસૂત્રે બાંધી યુવકસંઘે કેન્દ્રીય સમાજને મોટું પીઠબળ પૂરું પાડ્યું. જ્ઞાતિના 1977ના અધિવેશનને સફળ બનાવવા અને તેમાંય બંધારણની 18મી કલમ(દફનને બદલે અગ્નિ સંસ્કાર કરવા)ના અમલીકરણમાં યુવકસંઘે પાયાની ભૂમિકા ભજવેલ અને જ્યાં જ્યાં સમાજના કાર્યોમાં યુવાનોની જરૂરત પડતી તેમાં યુવકસંઘે સમાજ સાથે રહી કામ કરેલ છે.

યુવાસંઘ સમય-સમય પર, પૂના, ગાંધીનગર, હૈદરાબાદ, સુરત, હિંમતનગર, ચેન્નઈ વગેરે સ્થળોએ રમતોત્સવોના માધ્યમથી યુવાઓને સંગઠિત કરવાનું કામ કરે છે.

ભારતભરનો પ્રવાસ ખેડીને **ઝોન રચના**નું ભગીરથ કાર્ય પૂર્ણ કરી યુવકસંઘની કાર્ય ગતિને અતિ વેગવાન બનાવી. જેમાં પ્રેમજી કેશરાણીની હનુમાન ભૂમિકા વિસરી શકાય તેમ નથી. આમ, ઝોન રચનાને લીધે સમગ્ર ભારતમાં સામજિક કામગીરીમાં ખૂબ જ વેગ મળેલ.

સગપણની સમસ્યાના નિવારણ માટે "જીવનસાથી પરિચય મેળા" જેવા આયોજનોની શરૂઆત થઇ. તેમજ 26-જાન્યુઆરી, 2001ના રોજ કચ્છમાં આવેલ ભૂકંપમાં સેવા કરવા યુવક સંઘના દરેક ઝોનના પદાધિકારીઓ, કાર્યકર્તાઓ તેમજ કેન્દ્રીય હોદ્દેદારોએ કચ્છમાં આવી તન, મન, ધનથી રાત દિવસ સેવા આપેલ જે અવિસ્મરણીય છે.

શૈક્ષણિક ક્ષેત્રે પણ યુવસંઘ સારું કામ કરેલ છે. વલ્લભ વિધાનગર ખાતે ભાડાના મકાનમાં ચાલતી હોસ્ટેલ માટે મકાન ખરીદી કરી કેન્દ્રીય સમાજના નામે દસ્તાવેજ કરવામાં આવેલ. ટર્નીંગ પોઈન્ટ સમાન યુવકસંઘની ટીમ દ્વારા આગામી સુવર્ણ સમય માટેના માર્ગ નિર્માણનો પાયો નંખાયો. **પ્રો. ભરતભાઈની ટીમે ચાણક્યના "શિક્ષક કભી સાધારણ નહિ હોતા... પ્રલય ઓર નિર્માણ ઉનકી ગોદમેં પલતે હૈ" ને સાર્થક કરી બતાવ્યું.**

સૌ પ્રથમ વખત કાર્યકર્તાઓને પ્રશિક્ષણ આપવા તિથલ ખાતે **"અમૃત મંથન કાર્યશાળા"**નું આયોજન થયું. નવા બંધારણમાં સામેલ "આકસ્મિક સંજોગોમાં સભ્યોના પરિવારને યુવાઓને આર્થિક સુરક્ષા પૂરી પાડવી"ને ધ્યાને લઇ "યુવા સુરક્ષા કવચ (YSK) યોજના"નો પ્રારંભ થયો.

2010માં કેન્દ્રીય સમાજની બંધારણીય રચનાના 50 વર્ષની ઉજવણીનો "સુવર્ણ જયંતી મહોત્સવ" અને પાંચમા અધિવેશનની તૈયારીઓમાં ટીમ ઉત્સાહથી માત્ર વિકાસની થીમ પર કામ કરી રહેલ હતી. ત્યાં પુનઃ સનાતન ધર્મ જાગૃતિના કાર્યએ વેગ પકડ્યો. કેન્દ્રીય સમાજના પ્રમુખશ્રી રામજી કરમશી નાકરાણી દ્વારા આ સમાજ સનાતાનીઓની બનેલ છે તેવું શ્વેતપત્ર પ્રસિધ્ધ કરવામાં આવ્યું. પછી તો, સમગ્ર ભારત શ્વેતપત્રના રંગે રંગાઇ ગયું. કેન્દ્રીય યુવાસંઘે હોસુર ખાતે કારોબારી મિટિંગ બોલાવી અને યુવાસંઘ સ્થાપનાના હેતુને ધ્યાને લઇ **"કેશરિયો પત્ર"** બહાર પાડી **"સનાતન પરમો ધર્મ"**નો શંખનાદ કર્યો. સભાઓમાં કુળદેવી મા ઉમિયા, ઇષ્ટદેવ ભગવાન લક્ષ્મીનારાયણ અને સનાતન ધર્મનો જયઘોષ થવાનો શરુ થયો. **પીરાણા સતપંથ સામેની લડાઈમાં યુવાસંઘના સંગઠને અર્જુનની ભૂમિકા અદા કરી શ્રી સમાજના સનાતની અભિગમને સાર્થક કર્યો.**

ઓક્ટોબર-2015માં બિઝનેસ ટીમ સાથે રહી **મહાત્મા મંદિર – ગાંધીનગર ખાતે બિઝનેસ સમિટ**નું આયોજન કરવામાં આવ્યું. જેમાં 6000 જેટલા યુવા બિઝનેસ મિત્રોએ ભાગ લીધો. આ સ્થળે આ પ્રકારનું આયોજન કરનાર પ્રથમ સમાજ બનવાનું ગૌરવ કેન્દ્રીય સમાજને અપાવ્યું. જેની **બચતમાંથી અમદાવાદ ખાતે સુવિધા કેન્દ્ર ખરીદ કરવા માટે શ્રી સમાજને મોટું ફંડ આપવાનું નક્કી કરવામાં આવ્યું.**

સમિતિના વિવિધ કાર્યક્રમો, મહામંત્રી ડો. વસંત ધોળુ દ્વારા સનાતની **"નારાયણ કથા"**ના અનેક આયોજનો સાથે **મધ્ય અને પૂર્વોત્તર પ્રદેશમાં દરેક યુવા મંડળોમાં "મોદ પરિષદરૂપી સંપર્ક યાત્રા"** યોજીને પુનઃ જાગૃતિનું કાર્ય થયું. સનાતની ચેતના ઉજાગર કરવા પૂ. કેશરા પરમેશ્વરા અને પૂ. નારાયણ રામજી લીંબાણીની સ્મૃતિમાં ભારતભરમાં **મે - માસમાં મેઘા બ્લડ ડોનેશન કેમ્પ**ના સફળ આયોજન થયા.

2016-18ના કાર્યકાળમાં આપણા ઉમા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સતરાવાળા ઉમા વિદ્યાપીઠ (SUV), સુરતના દશાબ્દી મહોત્સવ પ્રસંગે યુવાસંઘે **"SUV Knowledge Carnival"**નું ભવ્ય આયોજન સાથે **"Broom Dance" માં ગ્રીનીસ બુકમાં વિશ્વ વિક્રમ** અંકિત કરી સમાજનું નામ રોશન કરેલ.

**"વિદ્યા લક્ષ્મી અમૃત કુંભ"** જેવી નવતર યોજનાએ સંગઠનને મજબૂતાઈ આપી. દરેક ઝોન-રીજીયનને પણ સામાજિક કાર્ય માટે અનુદાન મળવાની સાથે ફક્ત 72 લાખમાં **હિમતનગર ખાતે પંચમ યુવા ઓલિમ્પિયાડ**નું **ગુજરાતના મુખ્યમંત્રીશ્રીની વિજય રૂપાણીની હાજરી**માં સાબર સ્ટેડીયમમાં અત્યંત સફળ અને કરકસર યુક્ત આયોજન કરી બચતની માતબર રકમ **શ્રીસમાજને "વિદ્યાસેતુ" યોજના માટે અર્પણ** થઇ. આ રમતોત્સવ દરમ્યાન **"અતિથિ દેવો ભવ:"** યોજના બનાવી અને તમામ ખેલાડીઓ અને મહેમાનોના ઉતારા હિમતનગર શહેર અને આસપાસના કંપામાં આપ્યા. જ્યાં સૌએ દિલથી મહેમાનગતિ કરાવી અને **કચ્છ અને કંપા કાયમ માટે એકરસ થઇ ગયા. આ મહોત્સવ થકી સાબરકાંઠા – અરવલ્લી વિસ્તારમાં કેન્દ્રીય સમાજના સનાતની અભિગમ અને વિવિધ યોજનાઓને બળ મળ્યું..**

સામાજિક – આધ્યાત્મિક સમિતિ દ્વારા બાળકોને આધ્યાત્મિક કાર્યમાં જોડવા માટે મહિલા સંઘ અને સંસ્કારધામને સાથે રાખી **મિશન અભિમન્યુ** રૂપી બાલ સંસ્કાર કેન્દ્રો શરુ થયા. કોરોના મહામારી આવતાં લોકડાઉનમાં ઓનલાઈન **"રામાયણ-મહાભારત ક્વિઝ"** જેમાં 1 લાખ 56 જેટલા મિત્રો જોડાયા. વકતૃત્વ, ગીત, નિબંધ, નૃત્ય અને ક્વિઝ સાથેની આ **પંચામૃત સ્પર્ધા** દ્વારા કાર્યક્રમોની વણઝાર લાવી સૌને કપરા સમયમાં સમાજ-યુવાસંઘ સાથે જોડી રાખ્યા.

આમ, આ એક સૈકામાં સમાજીક કાર્ય શીખાવની કાર્યશાળા સમા યુવાસંઘે કેન્દ્રીય સમાજના સનાતની અભિગમને જન-જન સુધી પહોચાડવામાં અને જ્ઞાતિના સંગઠનને મજબૂતાઇ આપવામાં દીકરા તરીકે હનુમાનજીની ભૂમિકા ભજવી દીવાદાંડી સમાન કાર્ય કરેલ છે.

# 35 સમાજમાં મહિલાઓનું યોગદાન



જયશ્રીબેન પ્રકાશભાઇ છાભૈયા - બલ્લારશાહ

જગતની સ્ત્રીઓમાં સનાતન હિંદુ સ્ત્રી(આર્યા)નું સ્થાન અનોખું છે. વિશ્વનારીઓમાં આર્યરમણી જુદી ભાત પાડે છે. સુંદર ગૃહવ્યવસ્થા અને પતિ સેવાના આજસુધીના ઇતિહાસની નજરે આર્યા એકજ અને અજોડ છે. આપણી જ્ઞાતિ જ્યારે સતપંથના કપરા આતંકમાં ફસાયેલી હતી ત્યારે, તેમાંથી નિકળવા સમાજના બહુજ ઓછા પુરુષો તેના વિરુદ્ધ ઝુંબેશ ચલાવી રહ્યા હતા અને સમાજને જાગૃત કરી રહ્યા હતા. આ કાર્યમાં સમાજની મહિલાઓનો ફાળો પણ અનન્ય હતો. તેઓએ સમાજને મુમનના કલંકમાંથી ઉગારવા કરેલ પ્રેરણાદાયી કાર્યની નોંધ ભાવિ પેઢી માટે અત્રે શબ્દ સ્વરૂપે રજૂ કરેલ છે.

**ધનલક્ષ્મીબેન રાજારામ ધોળુ:**

એક સન્નારી જેના પવિત્ર જીવન સમાજ અને ધર્મ પ્રત્યેની પોતાની નિષ્ઠા બતાવી અને આપણા સમાજ માટે એક મિશાલ કાયમ કરી અને સમાજની બીજી મહિલાઓને ઉદાહરણરૂપ બન્યા એવા ધનલક્ષ્મીબેન.

જ્યારે સતપંથની પાપલીલા અને પ્રપંચ લીલાની વિરુદ્ધ આપણો સમાજ જાગૃત થયો, તેમાં પણ આપણા સમાજની મહિલાઓનો મૂળભૂત સહયોગ હતો. તેમાં પણ પહેલી કચ્છ કડવા પાટીદાર પરિષદની શુભ શરૂઆતમાં સૌ ધનલક્ષ્મીબેનની અપૂર્વ સહાયની સહકારિતા હતી. આપણે ક્ષત્રીય વીરો કેમ મૂંગા બેસી રહી પ્રપંચીઓના જોર જુલમ સહતા રહીએ? આ પ્રચંડ ચળવળમાં મુંબઇ અને ઘાટકોપર ખાતે વસતા પાટીદાર ભાઇઓના યુવક વર્ગે સવંત ૧૯૬૪થી સ્થાપેલું "સ્વધર્મવર્ધક અને જ્ઞાતિહિત ચિંતક મંડળ" આગેવાની ભર્યો ભાગ લેતું હતું અને તેને કરાચી માં તેમ જ પરદેશોમાં વસતા જ્ઞાતિ ભાઇઓને સારી રીતે જાગ્રત કર્યા હતા. કરાચીના વીરોએ પોતાને આંગણે પરિષદ ભરવાનું ભાવભીનું આમંત્રણ મોકલ્યું અને મુંબઈના મંડળને લાયક પ્રમુખ ચુંટી કાઢવાની માંગણી કરી.

એ સમયે ધંધા રોજગાર તેમજ નાતમાં આગળ પડતા મુંબઇના રાજારામભાઇની એક મતે પસંદગી કરવામાં આવી. મંડળના નક્કી કરેલા સભ્યોનું એક ડેપ્યુટેશન રાજારામ ભાઇની મુલાકાતે આવ્યું અને પોતાની ઇચ્છા તેમને વિનયપૂર્વક નિવેદન કરી, ત્યારે આવા જોખમદારી ભરેલા કાર્યમાં આગેવાની કરવાની તેમને ચોખ્ખી ના કહી સંભળાવી. એથી બધા ભાઇઓ બહુજ નિરાશ અને નારાજ થયા છેવટે છેલ્લી આશા લઇ તેઓ રાજારામ ભાઇના ઘરે તેમના ધર્મપત્ની ધનલક્ષ્મીબેનને મળ્યા. તેમને વસ્તુ સ્થિતિ સમજાવીને કહ્યું કે લાયક પ્રમુખના અભાવે આવું રૂડું કાર્ય અટકી રહ્યું છે.

આવી વાત સાંભળીને ધનલક્ષ્મી બહેને કહ્યું કે ભાઇ-ભાઇઓનું કામ કરે અને આમાં પાંચ પૈસાનો પણ ખર્ચ થાય તો તે કરવો જ જોઇએ. તમે પણ મારા પતિદેવને કહો અને હું પણ તેમને સમજાવીશ. ત્યારે ભાઇઓએ ખુલાસો કર્યો કે અમોએ સમજાવવાની બનતી મહેનત કરી પણ નાતના માણસો સાથે વિરોધ થાય અને નાત બહાર મૂકે તે સારું ન લાગે. પણ તમારા ઉપર અમને પાકો વિશ્વાસ છે. ધનલક્ષ્મી બહેને ખાતરી આપીને જણાવ્યું કે જો તમે આટલા

દુ:ખો વેઠી નાત માટે મહેનત કરી રહ્યા છો તો તેમાં અમારે પણ મદદ કરવી જોઇએ, તમે પણ અમારા જ છો, જેવી દશા તમારી થશે તેવી અમારી થશે. હું તમારા બાપાને ભલામણ કરીશ. તમે તમારા કામમાં આગળ વધો.

શ્રીમતી ધનલક્ષ્મી બહેને પોતાનું આપેલું વચન પાળવા માટે જ્યારે શ્રી રાજારામ ભાઈ પાસે પરિષદની વાત કહી. ત્યારે રાજારામ ભાઈએ કહ્યું કે મારી પાસે પણ ભાઈઓ આવ્યા હતા અને મને પ્રમુખનું સ્થાન લેવાનો આગ્રહ કર્યો હતો પણ મેં ના પાડી દીધી કારણ કે, આખી નાતથી વિરોધ થાય, કુટુંબમાં ક્લેસ થાય અને આપણે એકલા થઈ જઈએ.

રાજારામ ભાઈ ધનલક્ષ્મીબેનને સમજાવતા કહ્યું કે આ કામ બહુ કપરું છે, પીરાણા પંથ આપણી જ્ઞાતિમાં ખૂબ ઊંડે પહોંચી ગયો છે. આપના સગા વાલા પણ આ જ પંથમાં છે તો આ બધાનો ત્યાગ કરવો પડશે. દ્રઢ વિચારના ધનલક્ષ્મીબેન, પોતાના આપેલ વચનને પાળવા દલીલથી ન દબાણા અને સામે દલીલ કરી કે ધર્મની મોટી વાતો કરી પીરાણા પંથને તજવાની વાતો કરો છો. જાહેરમાં પણ હિમત બતાવી જોઇએ નહિતર આપણે જગતને, આપણને પોતાને અને પરમાત્માને પણ ઠગીએ છીએ. "પીરાણા પંથ" એ પાપ છે એ જાણ્યા પછી જાહેર હિમતથી તેની વિરુદ્ધમાં કામ કરતી વખતે છાતી મજબૂત રાખી કામ લેવું જોઇએ. તમારા પ્રમુખ પદ નીચે તમામ કામ તો જ્ઞાતિને લગતા જ થાશે. રાજારામ ભાઈ પ્રમુખ પદ સ્વીકારવા તૈયાર ન થયા. જાહેર રીતે આખી નાતનો વિરોધ કરી પ્રમુખ પદે રહેવાનું સાહસ થઈ શકે તેમ નથી. ધનલક્ષ્મી બહેને સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ કે આપણે **દૂધમાં અને દહીંમાં** પગ રાખી બંને બાજુ ઢોલકી વગાડવી એ તો ઠગાઈ છે. **તમે સુધારક અને ખરા ધર્માત્માનો દેખાવ કરો અને અંદર ખાનેથી પીરાણા પંથીઓ સાથેનો સહેજ પણ સંબંધ ઓછો કરવા રાજી નથી.** આ વાતની જાણ હું બધાને કરીશ નહિતર, આપણા સુધારક ભાઈઓને સાથે મળી જાવ. આવી સચોટ દલીલો, સમજાવટ અને સુશીલ બહેનના દ્રઢ આગ્રહ આગળ રાજારામ ભાઈ જેવા વ્યવહાર કુશલ અને દૃઢ વિચારવાદી પુરુષને પણ નમી જવું પડ્યું. ઉદારચિત ધર્મિષ્ઠ બહેનના પ્રયાસે કરાચીમાં પરિષદ સફળ થઈ હતી. સમાજમાં જ્યાં પુરુષોનું વર્ચસ્વ હતું ત્યાં આવી સાહસી અને હિમતવાન, ઉદાર અને વિવેકી સૌ. ધનલક્ષ્મી બહેનના કારણે આવી ઐતિહાસિક બેઠક પાર પડી.

**દયાપરની વીરાંગનાઓ:**

એક નાનું ગામ હતું "દયાપર" જેમાં પુરુષવર્ગ કરતા પણ ગામની બહેનોએ ધર્મ તરફ પોતાની ભક્તિ અને દ્રઢતા વિશેષ બતાવી. બહેનોની હિમત અને હૃદય શક્તિના પ્રભાવ આગળ ધીરતા અને સહનશીલતા માટે વીર નરોના ગુમાન પણ ગળી જાય તેમ હતું. બહેનોમાં દ્રઢ હિમત હતી તેમને પોતાના સતપંથ પાળનારા માવિત્રો, કુટુંબીઓ અને સગા સંબંધીઓને છેલ્લી વાર મળીને તેમની સાથેના સંબંધો કાપી નાખવા તૈયાર હતી અને બીજા કોઈપણ જાતના સંબંધ ન રાખવા તૈયાર હતી. બહેનો પોતાના શુદ્ધિકરણ માટે ખૂબ જ તત્પર હતી. એક પણ દિવસ તેમના માટે પસાર કરવા માન્ય ન હતો. જેઠ સુદ પાંચમને દિવસે પ્રાયશ્ચિત કરી પાવન થયા અને પીરાણા સતપંથને તિલાંજલિ આપી. આવી ઉદાર, પ્રેમાળ અને પવિત્ર છતાં એ દ્રઢતા ભર્યા ઉદગારોને પણ આવી ભોળી અશિક્ષિત ક્ષત્રિય બહેનોના હતા. પોતાના અંતરમનની પ્રેરણાથી પવિત્રવેદ ધર્મને માટે એ મોટા મનની બહેનોએ પોતાના મા-બાપ, સગા ભાઈ બહેનો, પોતાના પેટની સગી પુત્રીઓએ માતાઓનો પણ સદા ને માટે ત્યાગ કરી દીધો. આવી જ મહિલાઓના શ્રદ્ધાને પવિત્ર વિચારોથી દયાપર ગામના વિક્રમ સવંત ૧૯૭૯ ના પ્રથમ જેઠ સુદ પાંચમના માંગલિક

દિવસે યજ્ઞ-હોમ-દેવપૂજન પૂર્વક વેદવિધીએ દેહ શુધ્ધિ પ્રાયશ્ચિત કરાવીને એક જ મુહુર્તે ૧૬૩ ભાઈ બહેનોએ પરમ પવિત્ર સનાતની વેદ ધર્મ નો અંગીકાર કર્યો.

**કંકુબાઇ – પાનેલી:**

કંકુબાઈ ઉપર આજ પુસ્તકમાં અલગથી વિસ્તૃત લેખ આપેલ છે, એટલે એનું પુનરાવર્તન અહીં કરવામાં યાંથી આવતું.

**જ્ઞાતિના અધિવેશનો**

સાલ ૧૯૬૦ માં પ્રથમ અધિવેશન ભરાયું ત્યારે હજારોની સંખ્યામાં મહિલાઓ અને બાળકો હાજર હતા. આપની જ્ઞાતિમાં પ્રથમ મેટ્રિક પાસ થનાર સૌ. લક્ષ્મીબેન ભાદાણીના શુભ મંગળ ગીત દ્વારા અધિવેશનની શરૂઆત કરવામાં આવી હતી. અધિવેશનમાં લક્ષ્મીબેનને પોતાના વિચારો વ્યક્ત કરવાનો મોક્કો મળ્યો. તેમને જણાવ્યુ કે કેળવણી માત્ર છોકરાઓની નહી પણ, કન્યા કેળવણીનો પ્રશ્ન પણ એટલો જ મહત્વ નો છે. સ્ત્રી અને પુરુષ રથના ચક્ર સમાન છે, બન્ને ને સાથે ગતિ કરવી પડશે.

૧૯૭૭ માં આપણી જ્ઞાતિનું બીજું અધિવેશન નખત્રાણા ખાતે થયેલ. બહેનોએ બહોળા પ્રમાણમાં હાજરી આપી. બહેનોને પોતાના વિચાર પ્રગટ કરવા માટે અલગ સમય ફાળવવામાં આવ્યો જેમાં મહિલાઓએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. ત્યાર બાદ ભારતભરમાં મહિલા જાગૃતિથી મહિલા મંડળો સક્રિય બન્યા.

સાલ ૧૯૮૫માં જ્ઞાતિના ત્રીજા અધિવેશનમાં સામાજિક પરિવર્તનની આ નિશાની સમાન વિવિધ ઠરાવો લગ્ન પ્રસંગે સાસરા પક્ષ તરફથી ઘરચોળું આપવું તથા મામાએ મોસાળામાં પાનેતર જ આપવું, ઘુંઘટ પ્રથા, અંધશ્રધ્ધા, કન્યા કેળવણી, સમાજમાં પ્રવર્તતા કુરીવાજો, દીકરી અને દીકરામાં સમાનતા વગેરે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા.

સન ૧૯૯૩માં શ્રી સમાજનું ચોથું ખુલ્લુ અધિવેશન રાખવામાં આવ્યું. અધિવેશનમાં મહિલા શક્તિનો અહેસાસ મહિલાઓએ કરાવ્યો. સામાજિક ઠરાવોની સાથે બહેનોને લગતા વિવિધ પ્રશ્નોની પણ ચર્ચા કરવામાં આવી સાથે સાથે મહિલા સંઘની સ્થાપના માટે પણ ચર્ચા કરવામાં આવી અને તારીખ ૨૧/૫/૯૭ રોજ કેન્દ્રિય મહિલા મંડળની વિધિસર સ્થાપના કરવામાં આવી અને તેનું સુકાન લક્ષ્મીબેન ભાદાણી અને મહામંત્રી પદે રતનબેન ભગતને સોંપવામાં આવ્યું.

આમ, આપણા સમાજની મહિલાઓએ દરેક કાર્યમાં પોતાના પુરુષોને સાથ આપ્યો છે. વિધર્મીઓ સામેની ઝુંબેશમાં પણ મહિલાઓએ વિરાંગના બની પુરુષોને સાથ આપ્યો હતો. મહિલા અશિક્ષિત હતી પણ સમય પસાર થતા તેમને ભણવાનુ મહત્વ સમજાયું. દિકરીઓને ઘરકામની સાથે શિક્ષણ આપવાનુ શુરુ કર્યુ. આજે આપણા સમાજની દિકરીઓ ભણી ગણી આગળ વધી રહી છે અને દરેક ક્ષેત્રમાં આપણી જ્ઞાતિનુ નામ આગળ વધારી રહી છે.

36

## અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ અધિગ્રહીત કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન સંચાલિત GMDC પ્રયોજિત

# મણિભાઈ વાલજીભાઈ રામાણી અને મણિલાલ પૂંજાભાઈ રામાણી કોમર્સ કોલેજ રતનશી ખીમજી ખેતાણી આર્ટસ કોલેજ

લેખક : શ્રી રામજી કરમશી નાકરાણી
પૂર્વ પ્રમુખ શ્રી
અ. ભા. ક. ક. પા. સમાજ





CA ભવાનભાઈ હરિભાઈ લીંબાણી
કોલેજના ટ્રસ્ટી અને મહામંત્રી

### કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન અને કેન્દ્રીય સમાજનું જોડાણ

કચ્છના સૌથી આંતરિયાળ વિસ્તારમાં આવેલ અને આપણી સમાજનું પાટનગર એટલે નખત્રાણા. જ્યાં શિક્ષણ માટે આપણા વડીલોએ 1960માં હોસ્ટેલનું નિર્માણ કરેલ. આ શહેરમાં સમાજ સંચાલિત કોઈ પણ વિદ્યા સંકૂલ નહોતું. પરંતુ લેવા પાટીદાર સમાજ દ્વારા GMDC પ્રેરિત નખત્રાણા ખાતે શ્રી કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન તરફથી આર્ટસ તથા કોમર્સ કોલેજ ચાલુ કરવામાં આવેલ, જેમાં સરકારની કોઈ સહાય મળતી ન હતી. અને કોલેજ આર્થિક સંકડામણ અનુભવતી હતી.

ઉપરાંત કચ્છ વિદ્યા પ્રતિસ્થાનના તે સમયના માનનીય ટ્રસ્ટી શ્રી આર. આર. પટેલ તથા હિરાણી સાહેબની મુંબઇ મધ્યે આપણી સમાજના અગ્રણી મુરબ્બી શ્રી રતીભાઈ મણિલાલ રામાણી તથા હિમતભાઈ રતનશી ખેતાણી સાથે અવારનવાર મુલાકારો થતી અને કોલેજના વહીવટ તથા ચલાવવાની મુશ્કેલી બાબતે પણ ચર્ચાઓ થઈ. આપણી સમાજના આ બંને વડીલો તરફથી શ્રી કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાનને, કોલેજ ચલાવવા માટે, તે સામે માતભર રકમ પણ દાનમાં આપેલ. જેથી કોલેજની આર્થિક સંકડામણ દૂર થઈ શકે, તેમજ લાઇબ્રેરિ થતા અન્ય પ્રવૃત્તિ માટે ભંડોળ આપેલ. આ રીતે કોલેજ હસ્તગત કરવાની કડી તૈયાર થઈ.

સતત આર્થિક સંકડામણમાં ચાલતી આ કોલેજને ચલાવવા માટે તે વખતના કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાનના ટ્રસ્ટીઓ તરફથી આ કોલેજ આપણી કેન્દ્રીય સમાજ ચલાવે એવી દરખાસ્ત આપવામાં આવી, જેથી કરીને આપણી સમાજના નખત્રાણાની આસપાસના વિસ્તારમાં રહેતા વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ કરવાનો લાભ મળી શકે. આ હેતુ અને ઉદ્દેશથી આ સંસ્થાએ આપણી સમાજે હસ્તગત કરવાનું નક્કી કરેલ.

આપણી સમાજના મોભી અને સેવાના ભેખધારી ભુજના રહીશ એવા ડો. વી. એચ. પટેલ જેઓ આ કોલેજના પણ ટ્રસ્ટી હતા તેઓ મારફતે આ સેલ્ફ ફાઇનાન્સ કોલેજ આપણને 2009માં હસ્તગત કરવા માટે વાત આવી હતી. આ વાત ઉપર કેન્દ્ર સમાજની દિનાંક 06-Aug-2009ની કારોબારી સભા અને દિનાંક 07-Aug-2009ની સામાન્ય સભામાં રતીભાઈ રામાણીએ પ્રસ્તાવ રજૂ કર્યો, જે બંને સભાઓમાં સર્વાનુમતે પાસ કરવામાં આવ્યો.

આ પ્રમાણે કેન્દ્રીય સમાજની કારોબારીમાં ટ્રસ્ટીઓ તરફથી રજૂઆત થઈ, ટ્રસ્ટી હોદેદારોમાં ચર્ચા કરી કે આ કોલેજ ચલાવવા ફંડ કેમ કરવું. અને ચર્ચા વિચારણાના અંતે કોલેજને સરકારમાં રજૂઆત કરી ગ્રાંટેબલ કરવાના ધ્યેય સાથે હાલ તુરંત જે પ્રતિવર્ષ વર્ષ પાંચ લાખ રૂપિયા આપે તે ટ્રસ્ટી થઈ શકે. તે મુજબ સમાજના નીચેના મિત્રોના સહકારથી કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાનને હસ્તગત કરવામાં આવ્યું અને ટ્રસ્ટીઓ બન્યા..

1. રામજી કરમસી નાકરાણી: રાયપુર
2. દેવજી રામજી ભાવાણી: સુરત
3. મનસુખભાઈ વિશ્રામ રૂડાણી: અમદાવાદ
4. લખમસી લધા વાસાણી: મુંબઈ
5. શામજી નારણ નાકરાણી: મુંબઈ
6. ધનસુખભાઈ હરજી લિંબાણી: માનકુવા
7. ભવાનભાઈ હરીભાઈ લિંબાણી: મુંબઈ

આ સાત ટ્રસટીઓ એ નક્કી કર્યા મુજબ ત્રણ ચાર વર્ષ સુધી જબદારી સંભાળી અને જરૂરી અનુદાન આપ્યું. પ્રયાસો છતાંય કોલેજ ગ્રાન્ટેબલ થઇ નહીં. આથી સમાજને કોલેજ ચલાવવાનું કહેવામાં આવ્યું. સમાજે ત્યાર બાદ આજ દિવસ સુધી કોલેજ ચલાવેલ છે. પછીથી, વારંવાર સરકારમાં રજૂઆતો કરી અને હાલે આ કોલેજને ગ્રાન્ટ મળવા લાગી છે.

આ કોલેજમાં લગભગ 500 વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જેમાં 66% વિદ્યાર્થિનીઓની સંખ્યા છે. એટલા માટે આ કોલેજ ખાસ વિદ્યાર્થિનીઓ માટે આશીર્વાદ રૂપ છે. 60 kmના પરિઘમાં આવી કોઈ કોલેજ ન હોતાં આ કોલેજ તમામ વિદ્યાર્થીઓ માટે વરદાન રૂપ છે. It's like an oasis in the desert. શિક્ષણનું સ્તર પણ આ કોલેજનું સદાય ઊંચું રહેલું છે. અને કચ્છ યુનિવર્સિટિના પરિણામોમાં આપણી કોલેજના 2-3 વિદ્યાર્થીઓ ટોપ 10માં હોય જ છે. આ શિક્ષણનું ઉચ્ચ સ્તર જાળવવા માટે પ્રો. ડો. મોહનભાઇ પટેલ, આણંદ વાળાનો પણ સિંહ ફાળો રહેલો છે. એવી જ રીતે વિશાળ પટાંગણની સાથે રમતગમતના ક્ષેત્રે પણ યુનિવર્સિટિ સ્તરે અગ્રેસર છે.

# 37 "પાટીદાર યુવા ક્રાંતિ દળ"



ડો. શાંતિલાલ મેઘજી સેંઘાણી,નખત્રાણા.

સમાજની મિટિંગોમાં આપણે સમાજના વિકાસમાં ઘણી બધી ચર્ચાઓ કરતા. પરંતુ સમાજના રક્ષણ માટે પૂરતી ચિંતા નહોતા. ઇ.સ. ૧૯૮૫માં મેં મારું ક્લિનિક નખત્રાણા ખાતે શરૂ થયું. એ અરસામાં કચ્છમાં આપણા ભાઇઓની પરિસ્થિતિ ખુબ જ દયાજનક હતી. મોટાભાગના લોકો કચ્છ છોડી બહાર ચાલ્યા ગયા હતા. પાછળ જે ભાઇઓ હતા તેઓને બીજી જ્ઞાતિના ચીટર લોકો દ્વારા ખોટા કેસો ઊભા કરી ફસાવી પૈસાનો તોડ કરી લુંટવામાં આવતા હતા. એ વખતે આપણે રાજકીય રીતે સક્ષમ ન હતા અને આ લોકો સામે બાથ ભીડે તેવો કોઇ લીડર પણ ન હતો. પોલીસ અને અધિકારીઓનો આપણને ખુબ ડર લાગતો. એટલે અમુક રાજકીય માણસો પોલીસ અને અધિકારીઓ હાથમાં રાખી આપણા લોકો ઉપર એટ્રોસીટી જેવા અનેક ખોટા કેસો ઊભા કરી જેલમાં જવાની બીક બતાવી કેસનો નિકાલ કરવા પૈસા પડાવતા. આપણી બહેન-દીકરીઓ ઉપર કોઇ અત્યાચાર કરે તો તેની સામે લડવાની હિંમત આપણી પાસે ન હતી. પોલીસ, તલાટી કે રેવન્યુ જેવો કોઇ સરકારી ડીપાર્ટમેન્ટ તરફથી કોઇ ખોટી કનડગત થાય તો તે અટકાવવાની વગ કે હિંમત આપણામાં ન હતી.

આપણે એ સમયે એટલી હદે ગરીબડા અને બીચારા હતા કે કોઇ બે કોમના લોકો ઝઘડતાં હોય તો કચ્છી ભાષામાં એમ કહેતા કે, "તુ મુકે કણબી સમજે તો કુરો ?" (અર્થ: શું તું મને કણબી સમજે છે?) સમાજની આવી લાચાર પરિસ્થિતિ વચ્ચે એક બે બનાવો એવા બન્યા કે યુવાઓને આ બધા લુખ્ખાઓ સાથે લડવા અને સંગઠીત થવાની ફરજ પડી.

એક બનાવમાં બીજી જ્ઞાતિના અમુક રાજકીય અગ્રણીએ સી.બી.આઇ. ઓફિસર બની સુખપર (વિરાણી)ના એક વડિલનું મોટી રકમમાં ચીટિંગ કર્યું. તેમના દીકરાએ પરદેશથી આવી એ લોકો સાથે આ બાબતે બેઠક કરી. તે બેઠકમાં એનું શંકાસ્પદ મૃત્યુ નીપજાવવામાં આવ્યું. બીજા એક કેસમાં આપણા ભાઇઓની તૈયાર ભુતડીના પાક ઉપર કોર્ટમાંથી સ્ટે લઇને લોકો એ કબજો લઇ લીધો. આ દરમિયાન આપણા છોકરાઓએ ભેગા થઇ એક જ રાતના પાક ઉખેડી આપણા ભાઇઓને સુપરત કર્યો.

આવા રોજ બનતા બનાવો વિરુદ્ધ લડવા માટે અમે ઘણા યુવાનોએ ભેગા થઇ એક સંગઠન બનાવ્યું જેનું નામ આપવામાં આવ્યું "પાટીદાર યુવા ક્રાંતિ દળ". આગળ જતાં આ સંગઠનમાં ગામે ગામથી આપણા હજારો યુવાનો જોડાયા. પાટીદાર યુવા ક્રાંતિ દળનું કોઇ બંધારણ કે હોદ્દેદારો નહોતા. ફક્ત એક પ્રમુખની વરણી કરવામાં આવતી. જેની મુદત ફક્ત એક જ વર્ષની રહેતી. મોટા ભાગના નિર્ણયો એક સલાહકાર સમિતિ લેતી. દળના પ્રથમ પ્રમુખ રમેશભાઇ કાનજીયાણી વીરાણી વાળા હતા. આ રોજબરોજની માથાકૂટોમાં કોર્ટ, કચેરીઓના ધક્કા અમારી બધી બાબતો સંભાળે એવા એક બાહોશ, વકીલ સંજયભાઇ ત્રિકમભાઇ પટેલ અમારી ટીમમાં સ્થાપક સભ્ય તરીકે સામેલ હતા.

દળના કોઇ સભ્યોને પ્રસિદ્ધિ કે હોદ્દાઓનો કોઇ મોહ ન હતો. કાર્ય કોઇ પણ સભ્ય કરે, પણ તેનો યશ ક્રાંતિ દળના નામે ચડતો. અમારી કાર્ય કરવાની પદ્ધતિ એવી હતી કે કોઇ એક કામ હાથમાં લેતા પહેલાં તેની ગહન ચર્ચા અમારી એક

થિક ટેન્ક કરતી. તેમણે બનાવેલી સ્ટ્રેટેજી મુજબ બીજી એક ટીમ એટેક કરતી. ત્રીજી એક ટીમ કોર્ટ કચેરી કે વિપરિત પરિણામો સંભાળતી. તો વળી ચોથી ટીમ જ્યારે શક્તિ પ્રદર્શન કરવાની જરૂર પડે ત્યારે મોટું ટોળું ભેગું કરવાનું કામ કરતી.

ક્રાંતિદળ બનાવવાનો મુખ્ય હેતુ આપણા યુવાનોને જાગૃત કરી, એમનો ઇન્ફીરીયાલીટી કોમ્પ્લેક્ષ (લઘુતા ગ્રંથિ) દુર કરી, પોલીસ, લુખ્ખા તત્ત્વો, રાજકારણીઓ, તલાટી, અધિકારીઓનો જે ખોટો હાઉ તેમનામાં ઘર કરી ગયો હતો તે દુર કરવાનો હતો. તે વખતે અમે બધા આર્થિક રીતે નબળા હતા. કોઇની પાસે દાદાગીરી કરવા ગાડી પણ ન હતી. અમારી કોઇ રાજકીય વગ નહોતી કે સમાજના મોટા અગ્રણીઓનો સાથ-સહકાર પણ ન હતો. પરંતુ શિવસેનાની માફક **“ધોકાના મારથી ખોટા લોકો ડરે”** એ સિધ્દ્ધાંત ઉપર અમે અમારું કાર્ય શરૂ કર્યું.

આપણા યુવાનોમાં આ બધા સામે લડવાની હિંમત વધવા માંડી અને સામે લુખ્ખા તત્ત્વોમાં પણ ભય ફેલાવા માંડયો. ક્રાંતિ દળે સમાજ વિરૂધ્દ્ધના તત્ત્વો સામે ઘણી બધી લડાઇઓ લડી અને મા ઉમિયાની કૃપાથી બધી જ લડાઇઓમાં સફળતા મળી. કારણ કે મૂળમાં સાચા હતા. એ બધી લડાઇઓની વાતો લખવા બેસીએ તો એક અલગ પુસ્તક બને એટલે અહીં ક્રાંતિ દળના કાર્યોની ઝલક રૂપે અમુક કિસ્સાઓમાં ટૂંકમાં જણાવું.

- પટેલોને લુંટતી એક ચીટર ટોળકી વિશે “પાટીદાર સૌરભ”ના તંત્રી શ્રી સી. કે. પટેલ દ્વારા “મારતીમાર ટોળકી” એ શીર્ષક હેઠળ કચ્છ મિત્ર દૈનિકમાં એક લેખ પ્રકાશિત કરવામાં આવ્યો. જેના કારણે તેમને આ લોકો દ્વારા ખુબ હેરાન કરવામાં આવ્યો. પરંતુ ક્રાંતિ દળે તેમના પડખે રહી ફાઇટ આપી.
- મારી પણ એક પત્રકાર સાથે લડાઇ થઇ અને અમને પંદર મિત્રોને જેલવાસ થયો. અમોને જેલમાં નાખનાર પોલીસ અધિકારી આપણા ખેડૂતોના ટ્રેક્ટરો ડીટેન કરી મોટી રકમ પડાવતો તે બાબતે અમે ત્રણ ખેડૂતોના સોગંદનામા રેવન્યુ મિનિસ્ટર પાસે રજૂ કરી તેમને સસ્પેન્ડ કરાવ્યા.
- બે ખોટા પોલિસ કેસમાં પોલીસ દ્વારા આપણા ભાઇઓને ધોકાનો માર મારતાં બે પોલીસ રાઇટર સામે ખાતાકીય તપાસ ઊભી કરાવી સસ્પેન્ડ કરાવ્યા.
- દેવપર ખાતે આપણી બેન-દીકરીને હેરાન કરતાં એક શખ્સને મેથીપાક દઇને અને બીજાને ઝાડ સાથે બાંધી સજા કરી. તેજ રીતે ઐયર ખાતે બહેન દીકરીઓને હેરાન કરતા એક શખ્સને ટકો મુંડો કરી ગધેડા પર સરઘસ કાઢ્યું.
- ધાવડાના આપણા ભાઈ પર એટ્રોસીટી કેસ કરી એના લગ્નમાં આગલા દિવસે ધરપકડ કરવામાં આવી. તેમાં ક્રાંતિ દળની ટીમે જઇને મળી, એજ દિવસે કેસ પૂરો કર્યો.
- તાલુકા પંચાયતના માજી પ્રમુખ રવજીભાઇના ઘરે પોલીસ દ્વારા ખોટો દરોડો પડાતા, નખત્રાણા બંધનું એલાન કરી તેમને છોડાવ્યા.
- દેશલપર રેલવે ટ્રેક ઉથલાવવાના ટાડા કેસમાં ધરપકડ થયેલ કિશાન અગ્રણીઓને ત્યારના મુખ્યમંત્રી ચીમનભાઇ પટેલની નખત્રાણા ખાતે એક જાહેર સભા ભરી, રજુઆત કરી નિર્દોષ છોડાવ્યા.
- કેટલાક અસામાજીક તત્ત્વોને આપણા યુવાનોએ બાઇક રેલી કરી નખત્રાણા છોડાવ્યું.

## 37 "પાટીદાર યુવા ક્રાંતિ દળ"

- સ્કૂલમાં દીકરીઓની છેડતી કરતાં એક શિક્ષકની આપણા છોકરાઓએ પાંસળીઓ ભાંગી નાખવાનો કેસ સમરી ભરાવ્યો.
- કોટડા ખાતે ટ્રેક્ટર ટેપ ચોરી કરનારને પોલીસમાં સોંપતા પોલીસે ઉલટો આપણા ભાઇ ઉપર કરેલ કેસ પતાવ્યો.
- કોટડા ખાતે મુસલમાનના કબજામાં રહેલ વાડો ખાલી કરાવી મંગળભાઇ ખેતાણીને સુપરત કર્યો.
- ઉખેડામાં પુનાવાળાનો બુટલેગર દ્વારા કબજો કરેલ પ્લોટ છોડાવ્યો.
- ભાગેડુ લગ્નના ઘણા કિસ્સાઓમાં નાગલપરની એક દીકરીને ભુજના રાજગોર સમાજના ગુંડાઓ પાસેથી છોડાવી. મેઘપરની એક દીકરીને પંચમહાલના જંગલોમાંથી પાછી લઇ આવ્યા. નખત્રાણાની એક પંજાબી સાથે ભાગી ગયેલ દીકરીને છોડાવી. તે સિવાય સાંયરા-રામપર વગેરેના ઘણા કિસ્સાઓમાં મારકૂટ કરી દીકરીઓને પાછી લઇ આવતા. ક્રાતિ દળની એવી ધાક બેસી ગઇ કે ભાગેડુ લગ્નના લગભગ કિસ્સાઓ બનતા બંધ થઇ ગયા.

સમાજનું ન માનતા કેટલાક છુટાછેડાના કેસોનો નિકાલ કર્યો. સમાજના પૂર્વ પ્રમુખ સ્વ. ખીમજી લખમશીના કહેવાથી એક કેસ પતાવ્યો. બીજા એક કેસમાં સમાજના જ્ઞાતિ અધિવેશનમાં એક બાપ-દીકરી સમાજના સ્ટેજ ઉપર આવી ન્યાય મોટે અપીલ કરી. અમે ચાલુ અધિવેશને વચન આપી એક જ મહિનામાં કેસ પતાવ્યો.

અમારી આ બધી પ્રવૃત્તિઓની કદર રૂપે તે સમયે સમાજના અધિવેશનમાં સમાજે ક્રાંતિદળને સ્ટેજ ઉપર બે કલાકનો સમય ફાળવ્યો અને ક્રાંતિ દળને સમાજની ચોથી પાંખ ગણાવી કદર કરી. આ બધી પ્રવૃત્તિઓ સાથે રાજકારણમાં બંને પક્ષમાં સક્રિય થઇ કેટલાક સમાજ વિરોધી રાજકારણીઓને હરાવી તેમને ટુંકા કર્યાં. પટેલોને કોઇ રાજકીય પક્ષ વિધાનસભાની ટીકીટ આપતા નહોતા. એટલે અમે અબડાસા અને માંડવીમાં અપક્ષ લડયા. જેના પરિણામે આજ પર્યંત કચ્છમાં આપણા કોઇને કોઇ ભાઇ વિધાનસભા લડતો આવ્યો છે.

આ દરમિયાન અમારી રાજકીય પહોંચ એટલી વધી હતી કે નખત્રાણા ખાતે અમે આપણી પસંદગીના ડેપ્યુટી ક્લેક્ટર, મામલતદાર કે ડી.વાય.એસ.પી. જેવા પોલીસ અધિકારીઓ લઇ આવતા જેના કારણે આપણા ભાઇઓ જાતે આ અધિકારીઓ પાસે જતા આવતા થયા. અમારી વગથી ઘણા ભાઇઓને સરકારી નોકરીઓ અપાવી, વિથોણ સમાજવાડીની જમીન અપાવી. આ બધી પ્રવૃત્તિઓમાં અમને આપણા ઘણા અધિકારીઓએ મદદ કરી હુંફ આપી.

હવે ક્રાંતિદળના કારણે પાછળની યુવા પેઢી તૈયાર થઇ ગઇ હતી. અમારું સમાજને જાગૃત કરી નીડર બનાવવાનું મિશન પૂરું થઇ ગયું હતું. વળી આવી બધી પ્રવૃત્તિઓ સમાજના લોકોને પસંદ ન પણ હોય એટલે અમારી પ્રતિષ્ઠા થોડી વિવાદાસ્પદ ગણાતી. આ બધું ભવિષ્યમાં વેવાઈ વેલા બનવામાં નડે અને અમારે બધાની આર્થિક સ્થિતિનું પણ વિચારવાનું હતું. એટલે અમે બધા મિત્રોએ પાટીદાર યુવા દળને સુષુપ્ત કરી નાખ્યું.

દળ ભલે સુષુપ્ત હોય, પરંતુ સમાજને જ્યારે જરૂર પડે ત્યારે અમો સૌ સક્રિય થઇ સમાજના પડખે ઊભા રહેવા તૈયાર છીએ. જે થોડા વર્ષો પહેલાં રમેશભાઇ વાઘડીયાની ધરપકડ અને ત્યાર પછીના દરેક ઘટનાક્રમમાં આપે જોયું હશે. ભવિષ્યમાં નવું ક્રાંતિદળ, યુવાસંઘ અને નવચેતન ગ્રુપ સાથે મળી સમાજની અંદરમાં રહી સમાજની સુરક્ષા માટે વિચારે એવી આશા સાથે.

# 38 સ્વાધ્યાય પ્રવૃત્તિઓનું યોગદાન



શ્રી રામજી કરમશી નાકરાણી -પૂર્વ પ્રમુખ શ્રી. અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજમાં આધ્યાત્મિ પ્રચાર-પ્રસાર કરવા આપણા વડીલોએ પરમ પૂજ્ય પાડુરંગ શાસ્ત્રીજી (દાદાજી)ને મળ્યા. ૧૯૭૭માં તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠમાં ૧૨૦૦ જેટલા ભાઇઓ-બહેનોને દાદાજીએ પાટીદાર શીબીર આપેલ. પછી, ૧૯૭૯માં લક્ષ્મીનારાયણ શીબીર આપી જેમાં ૨૦૦૦ લોકો ભેગા થયા. ભારત ભરમાં ૧૯૮૦થી પાટીદાર મિલનો કરવાની શરૂઆત થઈ જેમાં ૬૦ જેટલા મિલન થયેલ. ૧૯૮૬માં તીર્થરાજ મીલન થયું જેમાં ગંગા કિનારે ત્રિવેણી સંગમમાં અઢી લાખ લોકો ભેગા થયેલ. ત્રણ દિવસના આ મિલનમાં આપણા ઘણા ભાઇ-બહેનો હાજર રહ્યા હતા. આ કાર્યમાં આપણા વડીલોએ જાતે ફરીને ગામ-શહેર અને પ્રાંતમાં સ્વાધ્યાય પ્રવૃતિને વેગ આપેલ.

જેમાં મુખ્ય વડીલો :

(૧) મનજી વાલજી સાંખલા ઉખેડા: મુંબઇ
(૨) ખીમજી નાગજી માસ્તર લીંબાણી મથલ: મુંબઇ
(3) પ્રેમજી પુંજા વાસાણી: વિથોણ
(૪) ખીમજી કચરા રવાપર: મુંબઇ
(૫) વિરજી કરસન જંજાય: મુંબઇ
(૬) જેઠાભાઈ મનજી સાંખલા ઉખેડા: મુંબઇ
(૭) પુંજાભાઈ ખેતસી સાંખલા ઉખેડા: મુંબઇ
(૮) નાનજીભાઈ સાંયરા: અમદાવાદ
(૯) લાલજી ભાણજી પોકાર: પુના

આ વડીલોએ ભક્તિફેરી અને મિલનો દ્વારા ખૂબ મહેનત કરી સમાજમાં આધ્યાત્મિકતાનું પગથિયું સ્થાપિત કરેલ. સ્વાધ્યાય પ્રવૃતિના માધ્યમથી પૂ. દાદાએ સમાજને પ્રાતઃ પ્રાર્થના, જમતાં પહેલાંની અને રાત્રે સૂતા પહેલાંની પ્રાર્થના એમ "ત્રિકાળ સંધ્યા" આપીને ભગવાનને ત્રણ ટાઇમ યાદ કરવાનો અને એક જ સમયે એક સમાન સાયં પ્રાર્થનાનો આધ્યાત્મિક વારસો આપ્યો. હાલના સંજોગોમાં પરિવાર-સમાજ અને દેશને આધ્યાત્મ જ બચાવી શકશે. તેથી આપણા સમાજમાં સ્વાધ્યાયના વિચારો ઘર-ઘરમાં, ઝોપડી-ઝોપડીમાં અને ખોપડી-ખોપડીમાં પહોંચવા જોઇએ.

આ સીલસીલો સન ૨૦૦૦ સુધી જોરશોરથી ચાલ્યો. સતપંથીઓ પણ સ્વાધ્યાયમાં જોડાયા જેથી લક્ષ્મીનારાયણમાં ન જવું પડે, અમે સ્વાધ્યાય તો કરીએ છીએ કહી સનાતનમાં જોડાતા નહીં. તેઓને સ્વાધ્યાય એક બહાનું મળી ગયું એટલે લક્ષ્મીનારાયણમાં વેગ ધીમો થયો છતાં હજી પરિવર્તનનો વેગ ચાલુ છે.

39

# શ્રી નારાયણ કથા – જ્ઞાતિમાં સનાતની ચેતનાનું પ્રહરી



(કીર્તિભાઈ દિનેશ દિવાણી, થાણા)



શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘનું સાબર રીજીયન એટલે આપણી સમાજની કચ્છ પછી સૌથી વધુ વસ્તી ધરાવતો પદેશ. જેને બીજા કચ્છ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ સાબર રીજીયનમાં સંપૂર્ણ સાબરકાંઠા, અરવલ્લી જીલ્લો અને બનાસકાંઠા, મહેસાણા, ગાંધીનગર, ખેડા, મહીસાગર જીલ્લાના મુખ્યત્વે ખેતી સાથે સંકળાયેલ પ્રદેશો એમ સાત જીલ્લાના 350 ઉપરાંત કંપા/ગામો કે ફાર્મ અને 8 વિભાગીય સમાજોનો સમાવેશ થાય છે. ટૂંકમાં કહીએ તો કપડવંજથી અમીરગઢ અને વિજયનગર થી ગાંધીનગર સુધીના વિસ્તારમાં સનાતની સંગઠનની મિશાલ કાયમ કરતુ રીજીયન એટલે સાબર. અતિતની અટારીએથી જોઇએ તો સનાતન ધર્મ માટે આ વિસ્તારના વડીલો અને યુવાઓનું અનેરું પદાર્પણ રહેલ છે.

પૂ. નારાયણ રામજી લીંબાણીની ૧૩૦મી જન્મ જયંતીને આપણી કેન્દ્રીય સમાજના પ્રમુખશ્રી ગંગારામભાઈ સાંખલા અને ટીમે નખત્રાણા ખાતે મોટાપાયે ઉજવવાનું નક્કી કર્યું. તે માટેના કંઇક નવીન પ્રોગ્રામ કરવાની જવાબદારી તેઓને સોપી.

ડો. વસંત ધોળુ કોલેજમાં વનસ્પતિ શાસ્ત્રના પ્રોફેસર ઉપરાંત તલોદમાં ટ્રીનીટી સ્કૂલના સંચાલનમાં પણ સંકળાયેલ. જ્યાં વિધાર્થીઓને ઈતિહાસ જેવો વિષય વિડીઓ અને ઓડીઓ દ્વારા શીખવવામાં આવતો અને આ અગરા વિષયમાં તેઓને રૂચી પડતી, જે તેઓના ધ્યાનમાં આવી. તેના પરથી **એક નવો વિચાર આવ્યો કે સમાજના સનાતની ઈતિહાસના નાના-નાના પ્રસંગો નાટ્ય સ્વરૂપે ભજવવા, બીજી કેટલીક બાબતોને ચલચિત્રના માધ્યમથી રજુ કરવી અને બાકી કથાકારની જેમ વ્યાસપીઠ પર બિરાજમાન થઇ સંગીત સાથે સનાતની ગાથા એક જ સેશનમાં રજુ કરવામાં આવે તો સૌ યુવાઓ અને વડીલો તેને પસંદ કરશે અને ખબર ના પડતાં પોતાના ઇતિહાસથી વાકેફ થશે.** આ માટે ગીત –સંગીત, વિડીઓ – ઓડીઓ અને કથા સ્વરૂપે **"શ્રી નારાયણ કથા"** કરવાનું નક્કી કરી વડીલોને જાણ કરવામાં આવી. તેઓએ આ પ્રયોગ માટેની મંજુરી આપી.

પ્રો. આશિષ ઠાકર (વિસનગર)એ ૭ થી ૮ જેટલા સનાતની પસંગોને નાટ્ય રૂપાંતરમાં ભજવવા સ્ક્રીપ્ટ તૈયાર કરી આપી. જેમાં કલાકાર તરીકે ભૂમિકા માટે રૂશાત કંપાના રૂશાત પરિવારના યુવાઓ રોનક, જીગર, મધુસુદન, ભાર્ગવ, જયદીપ અને રોઝડના સંજય રવાણીએ ભજવી. તખતગઢના મહેન્દ્રભાઈ ધોળુએ વાયોલીન વાદકની સેવા આપી. શ્રી નારાયણ કથાને સૌ પ્રથમ પ્રાયોગિક રીતે રૂશાતકંપામાં રજુ કરી.

શ્રીસમાજના દ્વારે નખત્રાણા ખાતે તા. 25.05.2013 ના રોજ "શ્રી નારાયણ કથા" સાંભળવા અને નિહાળવા

મોટી સંખ્યામાં જ્ઞાતિજનો બોર્ડીંગના પટાંગણમાં ગોઠવાઈ ગયેલ. નારાયણ બાપાના જીવન પ્રસંગો નાટ્ય અને કથા સ્વરૂપે એક પછી એક ભજવાતા ગયા અને **જ્ઞાતિજનોની આંખોમાં ક્યારેક સનાતની જુસ્સો, તો કેટલાક દર્દનાક પ્રસંગોએ અશ્રુધારા વહેતી જોવા મળી.** સતત તાળીઓ અને તેઓના હાકોટા સાથેના જુસ્સાએ અમારી ટીમનું મનોબળ વધાર્યું. બે કલાક બાદ "શ્રી નારાયણ કથા"નો પ્રથમ પ્રયાસ પૂર્ણ થયો. આમ, કથા સ્વરૂપે એક નવીન સનાતની પ્રયોગના બીજ રોપાયા અને ડો. વસંત ધોળુ યુવાસંઘના હોદ્દેદાર ઉપરાંત કથાકારના નવા સ્વરૂપે કાર્ય કરતાં જોવા મળ્યા.

આ સભામાં સમાજના પ્રમુખ ગંગારામભાઈ સાંખલા, પૂર્વ પ્રમુખ રામજીભાઈ નાકરાણી, યુવાસંઘ પૂર્વ પ્રમુખ જયંતીભાઈ રામાણી, હિમતભાઈ ખેતાણી, અબજીભાઈ કાનાણી, ડો. શાંતિલાલ સેંઘાણી, યુવાસંઘ-મહિલાસંઘના કાર્યકર્તાઓ અને સૌ સમાજપ્રેમી યુવાઓ, બહેનો, વડીલો 4000 કરતાં વધુ સંખ્યામાં હાજર હતા. આમ, આ નાટ્ય-ગીત-વિડીઓ-કથાના પ્રથમ પ્રયોગથી જ સર્વે જ્ઞાતિજનોના દિલમાં સનાતની ઈતિહાસ કંડારાતો જોવા મળ્યો.

ત્યારબાદ કથામાં પૂ. નારાયણ રામજી લીંબાણી સાથે નરવીર પૂ. કેશરા પરમેશ્વરા, સંતશ્રી પૂ. લાલરામ મહારાજ, સંત શ્રી પૂ. ઓધવરામ મહારાજ, પૂ. રતનશી ખેતાણી, પૂ. નારણ રૈયાએ કરેલ સનાતની કાર્યોને વણી લઈને "શ્રી નારાયણ કથા" ને "સનાતન ગાથા" તરીકે રજુ કરવાનાં ભારતભરમાંથી આમંત્રણ મળવા લાગ્યા. બીજી કથા મુંબઈ (કાલિદાસ નાટ્ય ગૃહ, મુલુંડ), ત્રીજી અંકલેશ્વર યોજાઈ.

હિમતનગર (નલીનકાંત ગાંધી હોલ)ખાતે "સનાતન ગાથા"ના આયોજન પીરાણાપંથીઓ સ્વીકારી શક્યા નહિ અને તેઓએ કલેકટરમાં તેને રોકવા અરજી કરી. મોડી રાત્રીએ પોલીસ વડાએ આ કથા બાબતમાં ત્રણ મીનીટમાં જણાવવા કહેતાં ડો. વસંત ધોળુએ તેઓને જણાવ્યું કે **"જેમ ભારતમાં સૌ બાળકોને સરદાર પટેલ, ગાંધીજી, સુભાષચંદ્ર એમ અનેક સ્વાતંત્ર્ય સેનાનીના કાર્ય ભણાવવામાં આવે છે તેમ મારી સનાતની જ્ઞાતિને બચાવવા માટે અમારા વડીલોએ કરેલ સંઘર્ષની વાત આજે સૌને કહેવાનું આયોજન છે. આપના ડીપાર્ટમેન્ટના કોઈપણ ઓફિસરને ત્યાં હાજર રાખશો અને જો પીરાણાપંથીઓએ આપ સમક્ષ રજુ કરેલ જુઠ્ઠી વાતો મુજબ આપને યોગ્ય ના લાગે તો જેલમાં પૂરી દેશો."** ત્યારબાદ સૌ સનાતાનીઓના સહિયારા પ્રયાસથી મંજુરી મળતાં 102 ડીગ્રી તાવમાં પણ 750ની કેપીસીટી વાળા નલીનકાંત ગાંધી હોલમાં 1200 જ્ઞાતિજનોની હાજરીમાં "નારાયણ કથા" કરી અને હાજર **પોલીસ તંત્રે કીહ્યું કે આપના સમાજના આ ઇતિહાસની અને તમારા વડીલોએ કરેલ સંઘર્ષની અમોને જાણ નહોતી. સતપંથીઓએ અમારી સમક્ષ ખોટું ચિત્ર ઉભું કરેલ. પરંતુ, આજે આ કથા માણ્યા પછી આપને આ બાબતે કોઈ કનડગત નહિ થાય તેવી જાહેરમાં ખાતરી આપી.**

**આ "સનાતની નારાયણ કથા"એ સમાજના યુવાઓ અને જ્ઞાતિજનોમાં નવીન ઉર્જાનો સંચાર કર્યો અને સમાજની સનાતની ચળવળને ખુબ મોટો સહયોગ મળ્યો. કેટલાય ઢીલું વલણ ધરાવતા જ્ઞાતિજનોના દિલમાં આ કથાના માધ્યમથી સનાતની મજબૂતાઈ કાયમ કરવામાં સફળતા મળી. એ વખતના વડીલોના સમર્પણનું ચિત્ર આબેહુબ રજુ કરી હાલની સામાજિક યોજનાઓમાં પણ તેઓને મોટી સંખ્યામાં આસાનીથી જોડી શકયા. આમ, "શ્રી નારાયણ કથા" એ સનાતની ચળવળમાં શ્રીસમાજ માટે મોરપીંછ સાબિત થઈ.**

ડો. વસંત ધોળુ યુવાસંઘ સાબર રીજીયનના ચેરમેન ત્યારબાદ કેન્દ્રીય યુવાસંઘના મહામંત્રી, ઉપપ્રમુખ અને પ્રમુખ બન્યા બાદ પણ તેઓએ આ કાર્ય **"જય સનાતન... છે ટનાટન... દે ધનાધન..."** નારા સાથે અવિરત રાખ્યું. ક્રમશઃ અંકલેશ્વર, હિમતનગર, ખીરસરા (રોહા-કચ્છ), દિલ્હી, નેત્રા, ઔરંગાબાદ, દયાપર, નરોડા-અમદાવાદ, નાગપુર, હૈદરાબાદ, સુરત, વિરાણી મોટી, પોંડીચેરી એમ કુલ ૧૮ સ્થળોએ "શ્રી નારાયણ કથા" કે "સનાતન ગાથા" ને રજુ કરવાનું ડો. વસંત ધોળુ અને યુવાસંઘ ટીમ સાબરને સનાતની સૌભાગ્ય મળ્યું.

40

# ઐતિહાસિક સનાતની નાટિકા : સ્વર્ણિમ ને સથવારે ચાલ્યા કડવા પાટીદાર... સમર્થ પાટીદાર...



(ભરતભાઈ સુરાણી - ઈશ્વરપૂરા કંપા)

કેન્દ્રીય સમાજના પ્રમુખશ્રી રામજી કરમશી નાકરાણીના પ્રમુખ પદે નખત્રાણા ખાતે મળેલ અભૂતપૂર્વ અસાધારણ સભામાં સમાજે **"શ્વેતપત્ર"** જાહેર કરી જ્ઞાતિની સનાતની ઓળખ પુનઃ પ્રસ્થાપિત કરવાનું ભગીરથ કાર્ય કર્યું. ૧૯૬૦માં બંધારણીય રીતે થયેલ સમાજ રચાનાના ૫૦ વર્ષની ઉજવણી **"સુવર્ણ જયંતી મહોત્સવ"** તરીકે અને સાથે **જ્ઞાતિનું પંચમ અધિવેશન"** નખત્રાણા ખાતે તા. ૧૦ થી ૧૩ મે -૨૦૧૦ના યોજવાનું નક્કી કરવામાં આવ્યું. શ્રી ગંગારામભાઈ સાંખલાને સુવર્ણ જયંતિ મહોત્સવના કન્વીનરની જવાબદારી આપવામાં આવી.



તે સમયે સમાજના શિક્ષણ ક્ષેત્રે સંકળાયેલ ભાઈઓ-બહેનોનું સંગઠન - શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સારસ્વત પરિવારની સુરેન્દ્રનગર ખાતે અલ્ટ્રાવિઝન સ્કૂલમાં આયોજિત કારોબારી સભામાં તે વખતના યુવાસંઘના પૂર્વ પ્રમુખ એવા ભરતભાઈ પોકાર દ્વારા એક સામાજિક નાટિકા સુવર્ણ જયંતી મહોત્સવમાં રજુ કરવાનું સુચન કરવામાં આવ્યું. જેનો સહર્ષ સ્વીકાર કરવામાં આવેલ અને આ કાર્યક્રમની જવાબદારી સારસ્વત પરિવારના મહામંત્રી ડો. વસંત ધોળુને સોપવામાં આવી. માર્ગદર્શક તરીકે શિક્ષણવિદ અને કેન્દ્રીય સમાજ સાથે વર્ષોથી સંકળાયેલ કારોબારી સભ્ય અને કેન્દ્રીય યુવાસંઘના પ્રથમ ઉપપ્રમુખ એવા તલોદ સાયંસ કોલેજના પ્રિન્સીપાલ રતિભાઈ છાભૈયાને જવાબદારી આપવામાં આવી.

સમાજ ઇતિહાસના જુના સંદર્ભ પુસ્તકો મેળવીને એક નાટીકા તૈયાર કરવા માટેનું કામ નાટ્ય લેખક શ્રી આશિષ ઠાકર, પાલનપુરને અને દિગ્દર્શનનું કામ સાયન્સ કોલેજના પ્રાધ્યાપક ડો. દીપુભાઈ પબ્રેજાને સોપવામાં આવેલ. તલોદ સાયન્સ કોલેજમાં ફરજ નિભાવતા આપણા સમાજના પ્રોફેસર ડો. વસંત ધોળુના નેતૃત્વમાં સાયન્સ – આર્ટસ અને કોમર્સ કોલેજ, તલોદમાં અભ્યાસ કરતા અને સમાજના અન્ય મળીને કુલ ૫૫ યુવાઓએ **"સ્વર્ણિમને સથવારે ચાલ્યા કડવા પાટીદાર... સમર્થ પાટીદાર"** નાટીકામાં અભિનયના ઓજસ પાથર્યા. બે માસ સુધી ઉનાળાની ધોમ ધખતી ૪૮ ડીગ્રી ગરમીમાં આ કલાકારો અને સહાયકોએ ટ્રીનીટી સ્કૂલ, તલોદ ખાતે સખત પ્રેકટીસ કરેલ અને સ્વયં નાટકની પ્રોપર્ટી તૈયાર કરેલ. આ નાટીકામાં કેશરા પરમેશ્વરાના પાત્રમાં ડો. વસંત ધોળુ, નારાયણ

રામજી લીંબાણીના પાત્રમાં પ્રતિક લીંબાણી(બાણી કંપા), તેઓના માતા રાજબાઇની ભૂમિકા શિલ્પા ધોળુએ, બાળ કલાકાર તરીકે ધૈર્ય ધોળુ, અન્ય મુખ્ય પાત્રમાં નિરલ ભાદાણી(અલવા કંપા), સુત્રધારની છટાદાર ભૂમિકામાં ભાવિકા નાકરાણી (રખિયાલ) અને નમ્રતા ભાવાણી (મોતેસરી), દિવ્યા, પાર્થ અને નિલમ ભગત (તલોદ), નિકેશ ભોજાણી (ગણેશપુરા), પાયલ પોકાર (જગતપુરા કંપા), શ્રધ્ધા, પાર્થ અને ઓમ ભાવાણી (હીરાપુર કંપા), મયુર (ધનપુરાકંપા), ડ્રેસ અને પ્રોપર્ટી માટે મયંક પ્રજાપતિ (તલોદ), વડીલ પ્રિ. વિઠ્ઠલભાઈ છાભૈયા (તખતગઢ)એ મુખ્ય ભૂમિકા અદા કરેલ.

આ નાટીકામાં આપણા સમાજના વડીલોને ઊંજા પ્રદેશ છોડી, પોતાના જ ભાઇઓથી હડધૂત થઇ કેવા સંજોગોમાં કચ્છ પ્રદેશમાં વસવાટ કરવો પડ્યો, પીરાણા પંથી સ્વીકાર કર્યા બાદ કરવામાં આવતી મુસ્લિમ છાંટ વાળી ધાર્મિક વિધિઓ, જ્ઞાતિને અંધકારમાં ધકેલતો ગેઢેરાઓએ સંવત ૧૮૩૨માં કરેલ કાળો ઠરાવ, પુનઃ સનાતન ધર્મ અંગીકાર કરવા માટે નેત્રાવાસી નરવીર પૂ. કેશરા પરમેશ્વરાના સંઘર્ષ બાદ જ્ઞાતિમાં આવેલ પરિવર્તન અને ત્યાર બાદ પૂ. નારાયણ રામજી લીંબાણી દ્વારા સનાતન ધર્મ અંગીકાર માટે યુવાઓ દ્વારા કરવામાં આવેલ દેહશુદ્ધિ માટેના ક્રાંતિકારી નિર્ણયો અને ગેઢેરાઓ સાથેનો સંઘર્ષ, સનાતની કાર્ય માટેના મુંબઈના પ્રસંગો, ભગવાન લક્ષ્મીનારાયણ મંદિરની સ્થાપના સાથે વહીવંચાઓ અને હાલરડા ગાવાની પધ્ધતિ જેવા અનેક બાબતોનો સમાવિષ્ટ કરતી આ નાટીકાએ ૧૦,૦૦૦ ઉપરાંત દર્શકોને પિનડ્રોપ સાયલન્સ અને ઉત્કંઠા સાથે ઝકડી રાખ્યા હતા. નાટક નિહાળી રહેલ બૌધિક સતપંથી મિત્રો હકીકત સહન ના થતાં અધવચ્ચેથી ઉભા થઇ ચાલ્યા ગયા. આ નાટીકાનું લાઇવ પ્રસારણ પણ થઇ રહ્યું હતું. નાટીકામાં રજુ થઇ રહેલ ઇતિહાસની સચ્ચાઈ સાંખી ના શકનાર **પીરાણાપંથીઓએ લાઇવ પ્રસારણના કેબલો કાપીને તેને રોકવાનો નિરર્થક પ્રયાસ કરેલ.**

આમ, આ **"સ્વર્ણિમને સથવારે ચાલ્યા કડવા પાટીદાર... સમર્થ પાટીદાર"** નાટીકાએ **સનાતની ચળવળને જબ્બર ટેકો આપેલ. આ નાટીકાની ૧૦,૦૦૦ કરતાં વધુ CD નું વેચાણ થયેલ. તેનું કર્ણપ્રિય સંગીત આજે પણ સમાજના દરેક કાર્યક્રમોમાં વાગી રહ્યું છે.** લેખન, દિગ્દર્શન, ડ્રેસિંગ, અભિનય, સંગીત, ડાયલોગ્સ, અદ્દલ જુના સમયની જ લાગતી પ્રોપર્ટી વાળા સેટ વગેરે ઈશ્વરીય ચમત્કારથી ઓછું નહોતું. **આ નાટીકા પછી સમાજના બૌધિક વર્ગનો સનાતની જુસ્સો બળવત્તર બનતાં સમયાંતરે મિક્સમાં ચાલતા સંગઠનોએ શુધ્ધિકરણ અપનાવી કેન્દ્રીય સમાજને મોટું બળ આપ્યું. ત્યારબાદ સનાતન એજ્યુકોઝ, સનાતન મેડીકોઝ, સનાતન એડ્વોકેટ્સ, સનાતન CA & CS જેવાં સંગઠનોએ કેન્દ્રીય સમાજની સનાતની વિચારધારાને વધુ વેગવંતી બનાવવાનું કાર્ય કર્યું.** વિશેષમાં આ નાટીકાની જવાબદારી લેનાર અને પૂ. કેશરા પરમેશ્વરાની ભૂમિકા અદા કરનાર અને યુવાસંઘમાં વિવિધ જવાબદારી સ્વીકારી અનોખા કાર્યો થકી ભારતભરના યુવાઓ, મહિલાઓ અને વડીલોમાં નવી ચેતના જગાવનાર પ્રો. ડો. વસંત ધોળુ અને નાટકમાં ભૂમિકા ભજવનાર કલાકારોમાંથી સમાજને સનાતની લડવૈયા પ્રાપ્ત થયા.

41

# નારાણ રૈયા લીંબાણી



કાંતિભાઇ  લખમશી લીંબાણી

દયાપરના પટેલ રૈયા કરસન લીંબાણીના પરિવારમાં છ દિકરા અને દિકરીનો પરિવાર હતો. તેમાં સૌથી નાના દિકરા નારાણ રૈયાનો જન્મ ઈ.સ.૧૮૯૦માં દયાપર ખાતે થયો. નારાણ રૈયા બાળપણથી હોંશિયાર અને ઉધમી હતા. તેમને સ્કુલમાં અભ્યાસ કરવાની તક નહોતી મળી. પણ, તેમના પિતા રૈયા કરસનની પાસે અક્ષર જ્ઞાન હતું. તેથી તેમની પાસેથી નારાણ રૈયાએ વાડીમાં કોશ ચલાવતા ચલાવતા અક્ષર જ્ઞાન પ્રાપ્ત કરેલ.

ત્યારબાદ નાની ઉંમરથી કરાંચીમાં કામ કરવા જતા ત્યાં ઈ.સ.૧૯૨૦ સુધી રહ્યા અને રોડ કન્સ્ટ્રક્શનનું કામ કરતા. તેમના લગ્ન લખપત તાલુકાના ધારેશી ગામના પટેલ જેઠા રતનશી સાંખલાની દિકરી જાનબાઇ સાથે થયેલ અને ચાર દિકરા અને બે દિકરીનો પરિવાર હતો. નારાણ રૈયા ૧૯૨૦માં પહેલી પરિષદ કરાંચીમાં ભરાણી ત્યારથી નારાણ રામજી લીંબાણીના પરિચયમાં હતા અને પરિષદમાં ભાગ પણ લીધો ત્યારથી પીરાણા અને સનાતનનો ભેદભરમ જાણવા લાગ્યા.

ઈ.સ.૧૯૨૦ પછી કરાંચીને બદલે મુંબઈ કર્મભૂમિ બનાવી અને ઘાટકોપર વસવાટ કરતા અને મકાન બાંધકામના કોન્ટ્રાક્ટ રાખતા. ત્યારબાદ દાદર ખાતે પોતાની માલિકીની જગ્યામાં શ્રી સ્પ્રીંગ કોન્ક્રીટના નામે ઈ.સ. ૧૯૩૦માં ટાઈલ્સ તેમજ ઝાળી બનાવવાનું કામ ચાલુ કરેલ અને ટુંક સમયમાં સારી સફળતા મળેલ. પાછળથી તેમના દિકરા વિશ્રામ નારાણ, દામજી નારાણ અને નાનજી નારાણનો પણ બહુ સારા સહકારથી ધંધામાં સારી સફળતા મળેલ અને તે એરીયો પણ નારાણ પુરી તરીકે ઓળખાતો અને કચ્છમાંથી આવતા જતા આપણી સમાજના ભાઈઓ માટે એક આશ્રય સ્થાન બન્યું.

કરાંચી ખાતે બીજી પરિષદ પુરી થયા પછી નારાણ રૈયાએ નારાણ રામજીને કહ્યું કે અમારા દયાપર ગામમાંથી ૩૦૦ થી ૪૦૦ જણા સનાતનમાં આવવા તૈયાર છે. તો તમારી હાજરીમાં આ કામ કરવું છે. તો તમો ટાઈમ આપો. આવું સાંભળતા નારાણ રામજીનો ખુશીનો પાર ન રહ્યો. **કારણ કે ૧૯૦૮થી અથાગ પ્રયત્નો કરવા છતાં મુંબઈ તેમજ કચ્છમાં કોઈ સારી સંખ્યામાં માણસ કે પરિવાર હિંમત ન કરી શક્યો અને એક સાથે આવડું મોટું જુથ અને તે પણ કચ્છમાં ગેઢેરા અને મુખીની હાજરીમાં હિંમત કરવી કોઈ નાની વાત ન હતી.**

નારાણ રૈયા કરાંચીથી દયાપર ગયા ત્યાં બધા મળતીયા મિત્રો પરિવારને મળી ભેગા કરી સમજાવ્યા. ત્યારબાદ મુંબઈ આવી નારાણ બાપાને મળ્યા અને સમય આવે ઉનાળે બધા કચ્છમાં ગયા અને નારાણ રામજી અને તેમના મિત્રો દયાપર આવ્યા અને બધાને ભેગા કર્યા. ત્યારે નારાણ રામજીએ કહ્યું બરાબર વિચારી લેજો આ કામ સહેલું નથી. કારણ કે ભાઈ, બહેન, પરિવાર, સગા-સંબંધી સાથે સંબંધ પુરા કરવા પડશે. ત્યારે **દયાપરની બહેનોએ બહુ જ હિંમત બતાવી અને નારાણ બાપાને કહ્યું. ભાઇ તમે હવે ઢીલી ઢીલી વાત ન કરો. અમો બધુ સમજી ગયા છીએ. અમો એક પણ પળનો વિલંબ કરવા માંગતા નથી. પણ તમોએ નાસીક ખાતે જેઠ સુદ પના દિવસે સનાતન ધર્મના સ્વીકાર કરેલ તો અમો પણ તેજ દિવસે સનાતન ધર્મ સ્વીકારીશું.** આજે જેઠ સુદ ૧ છે. તો તમારાથી ચાર દિવસ દયાપર ખાતે રોકાઈ શકાય તો રોકાવો નહી તો મોટી વિરાણી આંટો મારી આવો. બાકી અમો બધુ વિચારી બેઠા છીએ. ઘણા દિવસ અમી

નુરની ગોળી ખાધી, સૈયદના એઠા ખાધા. હવે અમોને કઈપણ વિચારવું નથી. આમ જેઠ સુદ ૫ના દિવસે દયાપર ખાતે ભુજ રાજ્યની સાહયતાથી મડના રા.રા. જટાશંકર અને લખપતના સત્તાવાળા આપણી સાહયતા માટે હાજર હતા અને સામે પક્ષે ખાનાવાળાના ૭-૮ ગામના ગેઢેરા દયાપર ખાતે ભેગા થયા અને લાપસીના આંધણ મુકાણા અને ઘણી તડજોડ ચાલી અંતે **૧૬૧ જણે દયાપર ખાતે સનાતન ધર્મનો સ્વીકાર કર્યો**. તે ગઢશીશાવાળા પરાશર શર્માના વરદ્ હસ્તે શુદ્ધિકરણ કરાવેલ.

આમ, કચ્છ રાજ્યમાં કડવા પાટીદારમાં શ્રી નારાણ રૈયા લીંબાણીના નેતૃત્વ નીચે દયાપરથી સનાતની સૂરજ ઉગ્યો અને ત્યારથી પ્રથમ સનાતની સમાજ શ્રી સત્ય નારાયણ સમાજની દયાપર ખાતે સ્થાપના થઇ. આ વાતની જાણ કચ્છ તેમજ કચ્છ બહાર આપણી સમાજમાં થઇ ત્યારે હાહાકાર થઈ ગયો. કારણ કે ભલભલા માણસની કચ્છમાં પહેલ કરવાની હિમત નહોતી ચાલતી. કારણ કે ૧૯૦૮ થી ૧૫ વર્ષ સુધી નારાણ રામજી લીંબાણી તેમજ તેમના મિત્રોએ ખૂબ પ્રયત્ન તેમજ સંઘર્ષ કર્યા પણ ધારી સફળતા મળી ન હતી. આ વાત મુંબઇ પહોંચી ત્યારે ત્યાંના ભાઇઓ ખુબ ખુશી થયા અને શરમથી માથા ઝુકી પણ ગયા કારણ કે કરાંચી અને મુંબઇ કચ્છથી ઘણા દૂર હોવા છતાં કોઇની કચ્છના ગેઢેરાના જુલ્મ સામે હિમત ન ચાલી. આની અસર રૂપે ૧ મહિના પછી અષાઢ મહિનામાં શુધ્ધિકરણનો પ્રોગ્રામ મુંબઇ ખાતે રાખવામાં આવેલ, તેમાં મુંબઇના સ્થાનિક ભાઇઓ અને દયાપરથી મુંબઇ આવી શુધ્ધિકરણમાં જોડાયેલ.

અને કચ્છમાં પણ દયાપરના શુદ્ધિકરણની સીધી અસર થઇ તેના ભાગરૂપે આષો સુદ ૧૦ વિજયા દશમીના દિવસે દયાપરના બાજુમાં પાનેલી ખાતે ૧૬ પરિવાર શુદ્ધિકરણમાં જોડાયેલ તે દયાપરના શાસ્ત્રી મણીનગર અંબાલાલ ત્રિપાઠીના વરદ્ હસ્તે શુદ્ધિ કરાવેલ. ત્યારબાદ શુદ્ધિકરણનો કાર્યક્રમ દિવાળી પછી ભાઈબીજના દિવસે રવાપર ખાતે થયો. ત્યારબાદ કરાંચી ખાતે થયો. આમ ૧૫-૧૫ વર્ષથી જે માણસો ગભરાઇને પોતાની ઈચ્છા વ્યક્ત ન કરી શક્યા તે દયાપરના સનાતની ધર્મના શુદ્ધિકરણના કાર્યક્રમ પછી દરેક પરિવારના એક-બે જણ પણ હિમતમાં આવી ગયા અને શુદ્ધિકરણમાં જોડાતા ગયા. **આમ, નારણ રૈયા અને તેઓના સથીઓની મહેનતના લીધે ૧ થી ૧.૫ વર્ષમાં ૪૬૧ જણાની સનાતનમાં ઘર વાપસી થઇ.** તેવું નારાણ રામજી લીંબાણી પીરાણાની પોલમાં લખ્યું છે.

દયાપરના આજુબાજુના ગામમાં નારાણ રૈયા તેમજ તેમના મિત્રો મળતીયાના પ્રચારથી દયાપરના આજુબાજુના દરેક ગામમાં સારી અસર થઈ અને કચ્છમાં લખપત તાલુકાના પાટીદારના દરેક ગામ નારણ રૈયા લીંબાણીના પ્રયાસથી સનાતની બની ગયા. કરાંચી ખાતે પહેલી પરિષદ ૧૯૨૦, બીજી પરિષદ ૧૯૨૨માં ભાગ લેનાર સમાજના પ્રથમ હરોળના આગેવાનોમાં પણ દયાપરના શુદ્ધિકરણના પ્રોગ્રામ પછી જ હિમત આવી અને શુદ્ધિકરણ માટે આગળ આવ્યા.

નારાણ રૈયાએ ૧૯૫૯માં બોર્ડીંગ માટે નખત્રાણા ખાતે રૂ. ૫૦૦૦/- અંકે પાંચ હજારનું દાન આપેલ તે નખત્રાણા ખાતે આરસની તકતીમાં કંડારેલ છે. ૧૯૬૦-૧૯૭૦ના સમય દરમ્યાન દવાખાનું અને સ્ટેશન દયાપર ખાતે સ્વ ખર્ચે બનાવી ગામને અર્પણ કરેલ અને દયાપર હાઈસ્કુલમાં પણ વિશેષ ફાળો આપી માતૃશ્રી જાનબાઇ નારાણ રૈયા હાઈસ્કુલ નામકરણ કરાવેલ. તેઓએ દોલતપર ખાતે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનું મંદિર જાતે હાજર રહી નિર્માણ કરાવેલ. તેઓએ દયાપર ખાતે પોલીસ પટેલ તરીકે અને કોઇ વાદવિવાદમાં પંચ તરીકે સારી સેવા આપતા.

વિક્રમ સંવત ૨૦૦૯ના એક કામ માટે વહીવંચા પાસે અમદાવાદ ગયા ત્યારે અમોને પુછવામાં આવ્યું તમો ક્યા ગામથી આવો છો. અમોએ કહ્યું દયાપરથી, તો વહીવંચાએ સીધું જ કહ્યું નારાણ રૈયાવાળું દયાપર. અમોએ કહ્યું તમો એમને કે ઓળખો છો. તેમને કહ્યું અમારા બાપ દાદા એમ કહેતા હતા કે પિરાણાવાળાએ જ વહીવંચો બંધ કરાવેલ તે

## 41 નારાણ રૈયા લીંબાણી

ચાલુ કરાવવા  નારાણ રામજી લીંબાણી અને નારાણ રૈયા લીંબાણી અમારા વડીલોને શોધતા શોધતા ધોળકા આવેલ અને અમારો હક્ક પાછો આપવા અને ચોપડા ચાલુ કરવા સહયોગ કરેલ તેથી અમારા વડીલોએ કહ્યું આ વડીલને ભુલવા નહીં.

ઉપર મુજબના ધાર્મિક, સામાજિક, પારિવારીક, કામ કરતા કરતા આખરે તા.૨૮-૫-૧૯૭૦ વૈશાખ વદ-૮ના કોલ્હાપુર ખાતે અવસાન થયું. નારાયણ રૈયાનો પરિવાર અત્યારે કોલ્હાપુર અને હુબલીમાં રહે છે.

**42**

# રતનશીભાઈ શીવજીભાઈ નાકરાણી
## ગામ: રવાપર

લેખક: કિશોર હરીશ નાકરાણી – નાગપુર



મધ્યમ વર્ગીય પરિવારમાં જન્મેલા પણ પારિવારિક સુથારના કુશળ હુનરના લીધે વ્યવસાયિક રીતે સ્વતંત્ર અને આત્મનિર્ભર એવા ભાઇશ્રી રતનશીભાઇ શિવજીભાઇ નાકરાણીનો જન્મ ઇ.સ.1896ની આસપાસ કચ્છમાં રવાપર ગામે થયેલ. સમયના હિસાબે સારા એવા વિદ્યાભ્યાસી તથા વાંચન લેખનની વિશેષ રૂચિના લીધે કરાચીમાં આપડા સમુદાયમાં આગળ પડતા અને વિશેષ ખ્યાતિ પ્રાપ્ત હતી. કરાચી યુવક મંડળની સ્થાપના અને કરાચીમાં યોજાયેલી આપણી જ્ઞાતિની પરિષદોનો યોજવામાં સિંહ ફાળો આ રતનશીભાઇના નામે છે. જ્ઞાતિની જનજાગૃતિ માટે છપાયેલ "પાટીદાર ઉદય" જેવા આપણી જ્ઞાતિના સૌથી પહેલા મુખપત્ર અને જ્ઞાતિની કેળવણી માટે શુરૂ કરાયેલી શાયદ પહેલી કહી શકાય એવી આપણી કરાચીની રાત્રી શાળાના શિલ્પીકાર પણ આ ભાઇને કહી શકાય.

જ્ઞાતિના અંધકારમય કાળમાં કચ્છમાં વસતા આપડા ગેઢેરાઓને પોતાની સતાને પડકારાય એવો એક પણ અવસર સ્વીકાર્ય નહોતો. જ્ઞાતિમાં શિક્ષા અને કેળવણીની વાત તેઓના માટે એક અપરાધ સમાન હતી. જેનો એક અનુભવ વર્ષોથી કરાચી જેવા મોટા શહેરમાં રહેતા આપણા આ ભાઇશ્રી રતનશીને પણ થયેલ. શિક્ષા અને દિક્ષામાં નિપુણ એવા લેખન પ્રવુતિના વિદ્વાન ભાઇને પહેલા ક્યારેય આ ગેઢેરાઓનો વિશેષ અનુભવ થયો ન હતો. એ દિવસોમાં ગેઢેરાઓને આદર્શ અને હિતરક્ષક માનનારા આ રતનશીભાઈને ભાન ત્યારે થયું જ્યારે એમણે આપણી જ્ઞાતિ કેળવણી અને આચાર વિચારથી ખુબજ પછાત છે એમ વિચારીને અજાણપણે સમુદાયની જાગૃતિ વિશે એક પુસ્તક છપાવવા માટે લખાણ તૈયાર કરેલ. જયારે આ વાતની જાણ કચ્છમાં રહેતા આપણા આગેવાનોને થઇ ત્યારે ઉશ્કેરાઇને તેમને રતનશીભાઇના પિતાશ્રી શિવજીભાઇને બોલાવેલા અને આપણા સમુદાયની જાગૃતિ માટે લખેલા આ પુસ્તકમાં કાંઇ જ ખોટું નથી એ સારી રીતે જાણતા હોવા છતાં એમને 25 કોરીનો દંડ કરેલ અને આજ પછી આવું લખાણ કરવા બદલ ભારી પરિણામ ભોગવવાની ચીમકી આપેલ. જ્યારે રતનશીભાઈએ આ ઘટના વિશે અધ્યન કરેલ ત્યારે જણાયું કે એ જે આગેવાનોને એ જ્ઞાતિના શુભચિંતક માને છે એતો નાતના કલ્યાણને નામે કેટકેટલીય કોરિયું ઉગારવીને સત્તાના નશા અને ભોગમાં ડૂબ્યા અને રચ્યા પડ્યા છે. આ ઘટના થકી અપમાનિત થયેલા રતનશીભાઇએ જ્ઞાતિના સંગઠન અને સાક્ષરતા માટે કંઇ કરી છૂટવા માટેની મનમાં ગાંઠ બાંધેલ. (સ્રોત: કચ્છ દેશના પીરાણાપંથી કડવા કણબીની મુંબઇમાં મળેલી જાહેર સભાનો રિપોર્ટ પાના નં 23)

ગેઢેરેઓથી શોષિત અને ગુલામો જેવી જીંદગી જીવનારા આપણા દયનીય સમુદાયને નિડર અને નિસ્વાર્થપણે આ કચ્છના આગેવાનોની પરવા કર્યા વગર એકઠા કરીને, ધર્મજાગૃતિ અને કેળવણીના માર્ગે પર લઇ જઇ શકે એવા સાચા સુધારકવાદી આગેવાનોની તથા સમુદાયની એકી થાય એવા મંચોની કરાચીમાં રહેતા આપણા જ્ઞાતિસમુદાયને તાતી જરૂરિયાત જણાતી હતી. એમાંય ઘાટકોપર અને કચ્છના સુધારાવાદી ભાઇઓની પહેલથી જે યુવક મંડળો સ્થપાયા અને સભાઓ ભરાવાની શરૂઆત થઇ એનાથી ઉત્સાહિત થઇને કરાચી જેવા

બહોળી જનસંખ્યા ધરાવતા આપડા સમુદાયમાં પણ આવી ભાવનાઓ પ્રબળ થવા લાગી. આ પરિસ્થિતિ રતનશીભાઈ માટે માનો ઉડવાને પંખ સમાન સિદ્ધ થઈ.

## કરાચી યુવક મંડળની સ્થાપના

ઈ.સ.1918માં નખત્રાણાના ભાઈશ્રી નાનજી પચાણભાઈ નાકરાણી, શ્રી શિવાજી કાનજીભાઈ પારસીયા અને શ્રી ખેતા ડોસાભાઈ પોકાર જેવા મિત્રોની સાથે રતનશી શિવજીભાઈ નાકરાણીએ કરાચી મુકામે આપણા સમુદાયના સર્વે ઉત્સાહી ભાઈઓની લાગણી અને જોશથી શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિસુધારક યુવક મંડળની વિધિવત નીવ રાખેલ. યોગ્યતાને આધારે આ નવા બનેલા મંડળમાં રતનશીભાઈને સયુંકત રીતે મંત્રીપદ જેવો જવાબદારી ભર્યા હોદ્દો સોંપવામાં આવેલ.

આજથી સો એક વર્ષ પહેલા વીસમી સદીની શરૂઆતમાં આપણા સમુદાયનો કચ્છ પછી સૌથી વધારે વસવાટ અગર ક્યાંય હતો તો એ કરાચીની આસપાસ સિંધ પ્રાંતમાં હતો. લગભગ મુંબઈ કરતાં પણ ચાર ગણો વધારે આપણા સમુદાયમાં આર્થિક રીતે કમજોર અને અજ્ઞાની લોકો જ ખાલી ગેઢેરાઓના જુલ્મના શિકાર હતા એવું નહોતું. કરાચી જેવા શહેરમાં રહી આર્થિક રીતે સક્ષમ અને ઉધોગ ધંધા કરનારા વર્ગના લોકો પણ આપણા આ જાલીમોના સિતમથી અછૂતા નહોતા. અનીતિની આ જ્વાલામાં જુલસવું તો એમને પણ પડતું. જ્યારે એ લોકો પોતાની સ્ત્રીઓને દાગીના અને છોકરાને સારા વસ્ત્રો પહેરાવીને પોતાના વતન કચ્છમાં જતા ત્યારે માંડવી બંદરે ઉતારતા જ એ બધું ઉતારી નાખવામાં આવતું કારણ કે કચ્છમાં રહેતા ગેઢરાઓનો ડર એના મનમાં સમાયેલો રહેતો હતો. જો કોઈ સારા દાગીના અને ઠીકઠાક વસ્ત્રો પહેરીને કચ્છના ગેઢરાઓની સામે ઉભા રહેતા તો એ પણ એમનાથી બરદાસ્તના થતું અને એમને વિશેસ રંજામણીથી બધુંયે પડાવી લેવા માટે નાત બહારની ધમકીઓનો પણ સામનો કરવાનો રહેતો. કુલ મળીને સરવાળે આર્થિક રીતે પછાત અને મજદુરી કરનારો આપનો કમજોર વર્ગ હોય કે સાધનસંપન્ન અને આત્મનિર્ભર, સહેવું બધાએ પડતું. (સ્ત્રોત: કચ્છ દેશના પીરાણાપંથી કડવા કણબીની મુંબઈમાં મળેલી જાહેર સભાનો રિપોર્ટ પાના નં 11)

યુવક મંડળની સ્થાપના સાથે સમુદાયના આ રોષ અને અપેક્ષાને અનુરૂપ કરાચી યુવક મંડળના હોદ્દેદારોને માથે જિમ્મેદારીનો ભાર પણ કંઈક વધારે જ હતો. માટે લેખક પ્રવૃત્તિના અને ભણેલા ગણેલા એવા રતનશીભાઈ અને એમની ટીમ દ્વારા ધર્મ જાગૃતિ માટે પેમ્પલેટ અને કેળવણી માટે સાહિત્ય છપાવીને જ્ઞાતિમાં બાટવાની અને નાનીમોટી સભાઓના આયોજનો કરીને જનજાગૃતિની શુરુઆત કરવામાં આવેલ. ટૂંક સમયમાંજ સ્વામી શ્રી રેવાનંદજીના કહેવાથી મંડળના ધારાધોરણ અને નિયમોના માર્ગદર્શન માટે મુંબઈથી આપણી સમાજના આધસુધારક ભાઈશ્રી નારાયણજીભાઈ રામજીભાઈ તથા ઘાટકોપર યુવક મંડળના મંત્રીશ્રી રતનશીભાઈ ખીમજીભાઈ ખેતાણીને આમંત્રિત કરવામાં આવેલ. એ વખતે નારાયણજીભાઇ દ્વારા નિખાલસ મને એક અભિપ્રાય આપવામાં આવેલ કે આવી છૂટીછવાઈ પ્રવૃત્તિથી આપણે સારું કામ કરી શકીશું પણ આપણી કામગીરીને વિશેષ અસરકારક બનાવી હશે તો આપણી સમસ્ત કચ્છી કડવા પાટીદાર ભાઈઓની એક વિશેષ મહાસભા બોલાવીને આ સભામાં આપણી જ્ઞાતિના હિત અને સ્વધર્મ વિષે ચર્ચા કરીને સર્વ સહમતીથી ધારાધોરણ

અને મજબૂત ઠરાવો કરવા ખુબજ જરૂરી છે. નારાયણજીભાઈની આ સલાહથી સહમત થઈને કરાચીના ઉત્સાહી યુવક મંડળે આપણી જ્ઞાનીની પહેલી પરિષદને કરાચીમાં જ આયોજીત કરવાની જિમ્મેદારી સ્વીકારેલ.

## જ્ઞાતિની પહેલી પરિષદ – કરાચી

એકાદ દોઢ વર્ષમાં જ તૈયારી ઓ કરીને માનનીય રાજારામભાઇ શામજીભાઈ ધોળુ (માનકુવા)ના અધ્યક્ષ સ્થાને તા. 08-Aug-1920ના વિશેષ આમંત્રિત સંતો અને ગણમાન્ય અતિથિઓની ઉપસ્થિતિ અને હર્ષ ઉલ્લાસ સાથે આપણી કચ્છી પાટીદારોની પ્રથમ પરિષદનું આયોજન થયેલ. આ પરિષદના વિવિધ ઠરાવો માંયલા એક સંતાનોની વિધા અને કેળવણી બાબતના ઠરાવ વિશે બોલતા મહામંત્રી રતનશીભાઇ નાકરાણીએ જણાવેલ કે આપણી સ્થિતિ હાલમાં દયાજનક છે અને આ દયાજનક સ્થિતિ લાવનારા પણ આપણે પોતેજ છીએ. જયારે આપણે અજ્ઞાન અને અવિધાના ભારથી દબાયેલા હતા અને જયારે સ્વાર્થી લોકો આપણા પર જુલમ ગુજારતા હતા ત્યારે આપણે દબાઇ ગયા પણ હવે આ કેળવણીના જમાનામાં આ જુલમગારોનો જુલ્મ કોઇ હિસાબે ચાલી શકે નહિ. તમે બધા ખેડૂત છો માટે એટલુંતો જાણતાજ હસો કે તમે કેટકેટલા દુઃખ વેઠી મોલ ઉછેરીને અનાજ પેદા કરો છો અને છતાં પણ તમારા પરિવારને પોતાને ખાવા પૂરતું અનાજ કે શરીર ઢાંકવા પૂરતા વસ્તો પણ નથી હોતા. આ બધું જાણવા છતાં એ આપણે ક્યારેય પ્રયત્ન કરેલ નથી. આ સ્થિતિ ક્યારે સુધરશે? અંધકાર આપની દ્રષ્ટિ પર છવાઇ ગયેલ છે તેથી આપ સારું કે નરસું કાંઇ જોઇ શકતા નથી. જો અંધારાનો આ પડદો આપણી દ્રષ્ટિથી ઉપડી જાય અને વિધા, વિવેક અને ખંત આપણા મનમાં પેદા થાય તો આપણે કંઇક સુધરી શકીએ. આજના જમાનામાં વિધાનો અભાવ અને મૂર્ખાઈએ ગરીબી પણાનું સાધન ગણાય. આપણે અભણ છીએ એટલેજ વેપારી આપણી મૂર્ખતાનો લાભ લે છે. હવે તમે ભલે ના ભણી શક્યા પણ તમારા સંતાનોને ભણાવો અને સારી વેપારી લાઇનનો મહાવરો કરાવો. જેથી આપણી દશા કંઇ સુધરે. . (સ્ત્રોત: કચ્છ દેશના કડવા પાટીદાર જ્ઞાતિની કરાંચીમાં મળેલી પ્રથમ પરિષદ નો રિપોર્ટ પાના નં 28)

યુવક મંડળોની સ્થાપના અને આ પ્રથમ પરિષદની તૈયારીઓ ચાલી રહ્યી હતી એ અરસામાં જ કંઈક એવું બન્યું કે આ ચળવળને શુરુઆતે જે હોંશેહોંશે સમર્થન મળેલ એ ધીરે ધીરે ઓસરવા લાગ્યું હતું. કારણ કે પૂર્ણ રીતે સતપંથને તજીને સનાતની બનનારા આપણા ગણ્યા ગાંઠ્યા ભાઈઓ પાધરા થઇને ગેઢરાઓ અને કચ્છ આગેવાનોની નજરમાં કાંકરાની જેમ ખૂંચવા લાગતા હતા અને દેશમાં (કચ્છમાં) રહેતા એમના નિર્દોશ સગા સંબંધીને સહેવું પડતું હતું. આ કારણથી મોટા ભાગના લોકો દેહશુદ્ધિ અને જનોઈ ધારણ કર્યા વગરના ભાઈઓને સુધારક મંડળોમાં ન લેવાના સુધારાવાદી ભાઈઓના હઠાગ્રહથી પરે ગેઢરાઓના જુલ્મને સહેતા હોવા છતાં પણ પારિવારિક મજબૂરીવશ હાલમાં પીરાણાના જુના પંથે જ રહીને સનાતની કર્મકાંડ અને રીતભાતને અપનાવાનું પસંદ કરવા લાગ્યા હતા. આમ જન જાગૃતિ એક જ દિશાએ રેલવેના પાટા સમાન અલગ અલગ બે પદ્ધતિઓથી ચાલવા લાગ્યા હતી. આથી પીરાણાના પાપ અને આગેવાનોના જુલ્મ વિશે આપની આ પરિષદમાં ઉદગાર તો જોરશોરથી થયા પરંતુ પ્રથમ જ પરિષદ હોવાથી ઉપરોક્ત હકીકતને જાણનારા આયોજકોને નાતની એકતા ખાતર ધાર્મિક કટ્ટરતાને લગતા આ બંને નિર્ણયોથી સમય પર સમજોતાઓ કરવા પડ્યા હતા. આવા અનેક કારણોથી મોકો હોવા છતાં પણ મનમાં ફૂટી-ફૂટીને કંઇક કરી છૂટવાની ભાવના અને જોશ ભર્યું હોવા છતાં પણ રતનશીભાઇ

જેવા બાહોશ વ્યક્તિએ પારિવારિક દબાવથી આ પરિષદમાં પડદા પાછળજ કાર્ય કરવા મજબૂર થવું પડ્યું હતું. એની એ મજબૂરીનું કારણ તેમણે જ્ઞાતિની બે વર્ષ પછી યોજાયેલ બીજી પરિષદમાં ખુલ્લા મનથી સ્વીકારેલ.

પહેલી પરિષદ આપણી જ્ઞાતિ માટે એકડે એક તથા કઠિન પરીક્ષા સમાન હતી. પરંતુ જ્ઞાતિ હિત સાધવા માટે એકત્ર થઇને આગળ કેમ વધાય એનો સારો એવો અનુભવ એણે યુવક મંડળના હોદ્દેદારોને કરાવી દીધેલ. આપસી વિશ્વાસ અને સમન્વયનું જ્ઞાન આપણી જ્ઞાતિને આ પરિષદથી જ પ્રાપ્ત થયેલ. પ્રતિકૂળ સંજોગો અને ગેઢેરેઓનો આવડો મોટો ડર હોવા છતાં પણ જે એકતા અને એર્નજી પ્રથમ પરિષદથી સાંપડેલ એ અભૂતપૂર્વ હતી. એનાથી ઉત્સાહિત અને પ્રથમ પરિષદની ભૂલોથી સબક લઇને બે વર્ષના ટૂંકા ગાળામાંજ ફરીથી જ્ઞાતિની બીજી એક પરિષદને કરાચી મુકામે જ આયોજિત કરવા માટે યુવક મંડળના ઉત્સાહી કાર્યકર્તાઓએ ભેખ લીધો. (સ્ત્રોત: પીરાણા સતપંથ ની પોલ ભાગ 1 માંથી)

## <u>જ્ઞાતિની બીજી પરિષદ – કરાચી</u>

ઓછા સમયગાળામાં જ ફરી એક વાર કરાચી યુવક મંડળે તા. 07-Oct-1922ના શ્રીમાન માવજીભાઈ પુંજાભાઈ જબુઆણીના અધ્યક્ષ સ્થાને અને રતનશીભાઇ શિવજીભાઈ નાકરાણીને પરિષદના મહામંત્રી બનાવી સન્માનીય સંતો તથા મોંઘેરા મહેમાનોની ઉપસ્થિતિમાં વિશાળ જન સમુદાય સાથે આપડી જ્ઞાતિની બીજી પરિષદની ખરાબ પરિસ્થિતિની વિવેચના કરેલ. વરસોથી ગેઢેરાઓના ગુલામો સહી રહેલી આપણી પારેવા જેવી માસુમ જ્ઞાતિમાં પ્રથમ પરિષદ પછી જે આત્મબળ અને વિશ્વાસ પેદા થયો હતો એ સભા મંડપમાં ઉપસ્થિત જનસંખ્યાથી આ વખતે સાફ નજર આવતો હતો.

આ પરિષદમાં અતિ મહત્વપૂર્ણ ગેઢેરાઓના જુલ્મ વિશેના ઐતિહાસિક ઠરાવને પ્રસ્તુત કરતા પરિષદના મહામંત્રી શ્રી રતનશી શિવજી નાકરાણીએ જણાવેલ કે દેશમાં રહેતા આપણા ગેઢેરા અને આગેવાનો પોતેજ નાતના આગેવાન છે એવું ખોટી રીતે માની આપણા જે ભાઇઓ હિન્દૂ રીત રિવાજના રસ્તે ચાલવાની કોશિશ કરે છે એમને પીરાણાના અધર્મ યુક્ત પંથમાં જ જકડી રાખવા અને સમગ્ર જ્ઞાતિને તેમાંજ ડુબતી રાખવા પ્રયત્નો કરે છે. અને તેમની ઈચ્છા વિરુદ્ધ જનારને તેઓ જ્ઞાતિ બહાર કરીને એમના પરિવારને રંજાડવાની કોશિશ કરે છે. દશોંદ જેવા લાગા ઉગરાવીને જ્ઞાતિ પંચના પૈસાનો હિન્દૂ ધર્મને ના છાજે એવા અવળે માર્ગે વ્યય કરે છે. તેમજ હિસાબ આપતા નથી. માટે અગાઉના બીજા નંબરના ઠરાવમાં જે આગેવાનોના નામ છે એમને ઉદ્દેશીને આ ઠરાવ કરવામાં આવે છે કે "પોતે જ્ઞાતિના આગેવાન કે ગેઢેરા છે અને પોતાને ન્યાય અને ફેસલાઓ કરવાની એમને જ સતા છે એમ માનીને જ્ઞાતિ પંચનું કોઇ કાર્ય એમને આજ પછી કરવું નહિ. વળી એવો ઠરાવ પણ કરવામાં આવે છે કે આ ઠરાવને જાણ્યા પછી પણ જો તેઓ આપણા અજ્ઞાન અને ભોળા ભાઇઓની ઉપર જુલમ ગુજારતા કે નાત બહારના ફેંસલા કરતા બંધ ન થાય અને ગેઢેરાપણું કરતા જણાય તો આ પરિષદ જ્ઞાતિના દરેક મંડળોના મેમ્બરને કાયદેસર રીતે એને અટકાવાની આગ્રહ પૂર્વક ભલામણ કરે છે"

ગેઢેરાઓના જુલ્મ વિશે ઉલ્લેખ કહેતા રતનશીભાઇએ આપવીતી કરતા લેખની શરુઆતમાં જણાવેલ ઘટના સાથે નાતની પ્રથમ પરિષદનો ઉલ્લેખ કરતા કહેલ કે નાતની આ પરિષદ વખતે મારા પિતાશ્રીના કહેવાથી

કે "આપણે આગળ પણ નાતમાં પાધરા છીએ અને વળી પણ તું જો પરિષદમાં આગળ પડીને ભાગ લઇસ અને કમીટીમાં નામ નોધાવીશતો નાતીલા આપણા જેવા સામાન્ય પરિવારને વધારે હેરાન અને પરેશાન કરીને આર્થિક રીતે પાયમાલ કરવાની કોશિશ કરશે" આ કારણે હું મારી લાગણીઓ વિરુદ્ધ પ્રથમ પરિષદમાં સક્રિયતાથી આપની સેવા કરવાથી હીન ભાગ્ય રહ્યો હતો. છતાં પણ એ નીચ આગેવાનો એ હું અને મારા પિતાશ્રી હજી કરાચીમાંજ હતાને દેશમાં મારા દાદી અને મારી માતાશ્રીને નાત બહાર કરેલ અને એ બંને અબળાઓને રંજાડવાની કોશિશ કરેલ. થોડા વખત પછી અમે વિવાહ અર્થે જયારે દેશમાં ગયા ત્યારે અમારા ગામના ગેઢેરાની સલાહે અમે નેત્રાના કરમશી ગેઢેરા પાસે ગયા અને આ વિશે ખુલાસો માંગેલ તો તેમણે નફટાઇ કહેલ કે જો તમે પીરાણા ધર્મને માનશો, સૈયદોને ગુરુ માનીને ઘરે જમાડશો અને ગેઢેરા જેમ કહે એમ સ્ટેમ્પના પાના ઉપર લખી આપસો તો જ નાતમાં ભેળવશું અન્યથા નહિ. આ સાંભળીને મારા પિતાશ્રીને ખુબજ ગુસ્સો આવેલ અને કહેલ કે મારાથી સૈયદોને મનાશે નહિ અને હું કે મારા કોઈ સંતાન સૈયદોને ગુરુ કરશે નહિ અને હવે અમે જાજા દિવસ અમે બહાર પણ રહીશું નહિ. આ ઘટનાઓ પછી મારા મન મસ્તિષ્કમાં આ ગેઢેરા અને આગેવાનો પ્રત્યેની તિરસ્કારની ભાવના સીમા ઓળંગી ગઈ અને જ્ઞાતિને આ દહનકારી જુલ્મોથી આઝાદ કરવાની તમ્મનાઓ વેગ પકડાતી થઇ.

રતનશી શિવજીના ઉપરોક્ત ગેઢેરાના જુલ્મ વિશેના ઐતિહાસિક ઠરાવ પછી અનુમોદન માટે ઉભા થયેલ ઘાટકોપર યુવક મંડળના મંત્રીશ્રી રતનશીભાઈ ખીમજીભાઈ ખેતાણી દ્વારા પણ જે હિસાબે જ્ઞાતિના એકએક ગેઢેરાઓના નામ અને કુકર્મ વિશે બેબાકપણે ઘટનાઓ સાથે વર્ણન કરેલ એ પછી માનો કે સભામંડપમાં ઉપસ્થિત જનમાનસની લાગણીઓ અને હિમ્મતને પંખ લાગી ગયેલ. આમ કરાચી અને ઘાટકોપરના બંને રતનની સિંહ જેવી દહાડથી ગેઢેરાઓ અને કચ્છના આગોવાનો વિરુદ્ધ જે ઠરાવ મુકવામાં આવ્યો એ સાંભળીને જોષનો એવો પ્રાણવાયુ ફુંકાયો કે વરસોથી દબાવી રાખેલો આગેવાનોનો ડર માનો બાષ્પીભવન થઈને જ્વાલા રૂપે વરસાવા લાગ્યો અને શરમ શરમના પોકારો ચારે ઓર ગુંજવા લાગ્યા. વરસોથી સંતાપ સહેનારા અને આવેશને દબાવી રાખનારા એક પછી એક વક્તાઓએ આ ઠરાવના અનુમોદનમાં પોતપોતાની આપવીતીઓને વર્ણવી મનને હલકું કરેલ. આ રીતે જ્ઞાતિની આ બીજી પરિષદ આપણી નાતના જુલમ સહેનારા સામાન્ય થી સામાન્ય માનવીના મસ્તિષ્કમાં આત્મવિશ્વાસ અને ઉમ્મીદની એક કિરણ જગાવનારી સાબિત થઇ હતી. (સ્રોત: કચ્છ દેશના કડવા પાટીદાર જ્ઞાતિની કરાંચીમાં મળેલી બીજી પરિષદના રિપોર્ટ માંથી)

## પાટીદાર ઉદય માસિકની શુરુઆત – રણછોડ લાઈન, કરાચી

બીજી પરિષદની કામયાબીથી આગબબુલા થયેલ કચ્છના આગોવાનોએ રતનશીભાઈને પરેશાન કરવા માટે એમના સુપુત્રના જે નાગવીરીમાં સગપણ થયેલ હતા એ તોડાવવા જેવા પ્રયાસો આદરેલ. પણ રતનશીભાઈ હવે કોઈ તિકડમથી રોકાય શેનાં. એમનેતો બમણાં જોશથી ગેઢેરાઓને લલકારવા ઈ.સ.1924ના જુલાઈ માસમાં આપણી કચ્છ કડવા પાટીદાર સમાજનું કરાચીથી પહેલું મુખપત્ર છાપવાની શરૂઆત કરેલ. આ મુખપત્ર છાપવાનો ઉદેશ સમજાવતા એમને લખેલ કે ઘણા લાંબા સમયથી કેટલાંક લુચ્ચા અને સ્વાર્થી લોકોના મોહથી આપણી સમાજ ખરો રસ્તો છોડી અવળે માર્ગે દોરાઇ ગયેલ છે. તેમાંથી બચાવવા યાની પીરાણા પંથ રૂપી મુસલમાની ધર્મમાંથી થઇ ખરા હિન્દુપણાનું ભાન કરવાની પ્રથમે જરૂર છે. એ સિવાય જુના રિત રિવાજો જે સમાજને

અધોગતિએ મૂકી દે છે તેમાંથી પણ બહાર આવી નીતિ અને ન્યાય પારાયણ રસ્તે ચાલવાની આપને ખાસ જરૂર છે. આવા મુખ્ય સુધારા માટે આપણી સમાજમાં કોઈપણ માધ્યમ હજી સુધી હતું નહિ અને એની ખોટ ઘણા લાંબા સમયથી દરેક સુધારક જ્ઞાતિબંધુને જણાતી હતી. પણ સંજોગો જ્યારે અનુકૂળ થાય ત્યારેજ આવી ખામી દૂર થાય એમ હોવાથી એ કાર્ય હજી સુધી થઇ શક્યું ન હતું. હાલમાં અમોએ એ ખોટ દૂર કરીને આ પાટીદાર ઉદય નામનું પરીપત્ર શરૂ કરેલ છે. રતનશીભાઈના આ મુખપત્રને મંગાવાણાવાળા ખીમજીભાઈ શીવજીભાઈ અને નખત્રાણાવાળા ખેતાભાઈ ડોસાભાઈ પોકારનો ભરપૂર આર્થિક તેમજ અન્ય સહયોગ પ્રાપ્ત થયેલ. જ્ઞાતિ સુધારક શ્રી નારાયણ રામજીભાઈ દ્વારા પાટીદાર ઉદયના મહત્વ વિશે જણાવેલ કે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના ભાવિ ઉદયનો પડઘો પાડનારું ભાઈશ્રી રતનશી શીવજી દ્વારા શુરૂ કરાયેલું આ પત્રક જુદા જુદા સ્થળે રહેતા આપણા જ્ઞાતિના ભાઈબહેનોને સત્ય વસ્તુ સમજાય અને જુલ્મી આગેવાનોના ત્રાસમાંથી ખુલ્લા થાય તેના માટે આવા જ્ઞાતિ હિતના માસિકની ગણી જરૂર હતી અને એ ખોટ ભાઈશ્રી રતનશીએ પુરી પાડી છે. પરમ કૃપાળુ ઉમિયામાતાની કૃપાથી માસિકના તંત્રી અને પ્રકાશક એવા ભાઈશ્રી રતનશી શીવાજીને જે જ્ઞાતિ સેવાનું આ સ્ફુરણ સ્ફુરાવેલું અને એમને તન, મન અને ધનના ભોગે આને અમલમાં મુકવાનો શ્રમ સેવી અંતરની લાગણીઓથી પ્રદર્શિત કરેલ છે એ ખરેખર સ્તુતિ પાત્ર છે.

આ માસિક પત્રકમાં આપણી જ્ઞાતિના સુધારકભાઈઓના અભિપ્રાયો અને વિચારો, મંડળોના આદેશ, પરિષદ તથા સભાઓની વિસ્તારથી માહિતી, સમાજ કેળવણી, જન જાગૃતિ, અજ્ઞાનતા, કુરિવાજો, કર્મકાંડ, બાળલગ્ન, સ્વાસ્થ્ય અને ઉપચાર જેવા સમાજ ઉપયોગી વિષયોને લગતા સંતો અને વક્તાઓના અહેવાલો હર માહ પ્રકાશિત કરવામાં આવતા. સાથે સાથે વ્યવસાય અને વ્યાપારને લગતી જાણકારીઓ અને સ્વરચિત કાવ્યોને પણ આમાં છાપવામાં આવતા. પત્રકને હર પોસ્ટ દ્વારા જ્યાં જ્યાં આપડો સમુદાય રહેતો હતો ત્યાં સુધી પહોંચાડવામાં આવતું. એ સમયે ટેલિવિઝન કે ફોન જેવા સાધનો ન હોવાથી રતનશીભાઈનું આ પત્રક જ્ઞાતિ સંપર્ક માટે એક સશક્ત માધ્યમ સાબિત થયેલ. ત્રીજી પરિષદની રજેરજ માહિતી અને પરિષદના ઠરાવોની જાણકારીને આપણા પુરા જ્ઞાતિ સમુદાય તક પહોંચાડવાનો શ્રેય રતનશીભાઈના આ પાટીદાર ઉદયને આપી શકાય. પાટીદાર ઉદયના સુધારા વાદી ધર્મ જાગૃતિના લેખોથી ગિન્નાયેલા મુસ્લિમ પીરાણા પંથના કહેવાતા ધર્મગુરુઓ દ્વારા એમને કોર્ટ કચેરીથી પરેશાન કરવાનો પ્રયાસ પણ આદરેલ પણ એમાં પણ એમને માત મળેલ.

ઈ.સ. 1924માં આપણી જ્ઞાતિની ઘાટકોપર મુકામે જે ત્રીજી પરિષદ ભરાઈ હતી એની રજેરજની માહિતી સાથેની જાણકારી આપણા પુરા જ્ઞાતિ સમુદાય સુધી પહોંચાડવાનો શ્રેય આ રતનશીભાઈના પાટીદાર ઉદયને આપી શકાય. જ્ઞાતિના ત્રીજા પરિષદમાં કરાચીના અન્ય ભાઈઓ સાથે ભાગ લેવા આવેલ આ પરિષદની સબ્જેકટ કમિટીના કોર મેમ્બર એવા રતનશીભાઈએ ઉભા થઈને પ્રતિજ્ઞા લીધેલ કે હવે એક દિવસ પણ પીરાણા પાપી પંથનું કલંક માથે રાખી શકાય નહિ. આજની આપણી પરિષદમાં વિદ્વાન ભાઈઓ અને પંડિતોએ જે હૃદય ભેદક ચિતાર ખડો કર્યો છે. તે સાંભળી મારુ હૃદય ચિરાઈ જાય છે. આ સભાને હું ખાતરી આપું છું કે મારુ કુટુંબ હાલમાં દેશમાં છે તેને ખૂબજ જલ્દ બોલાવીને સહકુટુંબ દેહ શુદ્ધિ પ્રાયશ્ચિત લેવાની હું પ્રતિજ્ઞા કરું છું. આ ત્રીજી પરિષદમાં ઠરાવો, અનુમોદનો પર પોતાના મહત્વપૂર્ણ વિચારો રાખીને જયારેએ મંડળના અન્ય સાથીઓ સાથે કરાચી પાછા આવ્યા ત્યારે એમણે અને એમના હર સુખ દુઃખના સાથી એવા એમના પ્રેરણાસ્ત્રોત અને ભાઇ સમાન એવા લાલજીભાઈ સોમજીભાઈ નાકરાણી, રવાપરવાળાએ સાથે મળીને વૈશાખ મહિને બ્રાહ્મણોની હાજરીએ સહપરિવાર મંડળના એમના અન્ય મિત્રો સાથે દેહ શુદ્ધિ કરાવેલ. (સ્ત્રોત: પાટીદાર ઉદય ના માસિક અંક માંથી)

જ્ઞાતિની બબ્બે શુરૂઆતી પરિષદો અને કેટકેટલા જનજાગૃતિના કાર્યોની આગેવાની કરનારા કરાચીના આ મંડળને માનો કે કોઈની નજર લાગી હોય એમ એક પછી એક એવી ઘટનાઓ ઘટી કે રતનશીભાઇ અને શિવજીભાઇ જેવા મંડળના ઉત્સાહી યુવાનોને પણ થોડા સમય માટે હતોત્સાહના અંધારામાં રહેવું પડ્યું. કરાચી યુવક મંડળના પાયાના ચાર સ્તંભ પૈકીનાં એક એવા ભાઈશ્રી ખેતા ડોસા બીજી પરિષદ પછી અને ભાઈશ્રી નાનજી પચાણ ત્રીજી પરિષદ પછી સ્વર્ગવાસી બની પ્રભુ સરણે પ્રસ્થાન કરી ગયા. આવા આત્મીય ટેકો ગુમાવવાનો ગમ મંડળ તથા એમના બંને ઉત્સાહી મંત્રીઓને ઓસરાવી ગયો. ગતિ મંદ થયેલા આ મંડળ વચ્ચે હજી એકાદ એવી ઘટનાઓ ઘટી કે એમને મંડળના આપસી ભાઇચારાને પુરી રીતે છિન્નભિન્ન કરી નાખ્યો. આ રીતેથી પાંચ વર્ષ સુધી ઘાયલ અવસ્થામાં ચાલી ગયેલા મંડળને પાછું ગતિમાન કરવા માટે રતનશીભાઇએ અન્ય સાથી મિત્રો સાથે ફરીથી પ્રયાસ આદરેલ. સંજોગોવસાત કરાચી આવેલા આપણા આધસુધારક ભાઈશ્રી નારયણજીભાઈની હાજરીએ મંડળના અમુક ભાઇઓના મનમાં વરસોથી જે મનમુટાવ થયેલ એમને શાંતિ સુલેહ કરાવી અધૂરાં પડેલાં સુધારાના કાર્યોને શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક મંડળને નામે નવા ધારાધોરણ સાથે ફરીથી નવા જોશ અને ઉમંગથી શુરૂઆત કરેલ.

## રાત્રી શાળાની શુરૂઆત – કરાચી

વિધાનો પ્રચાર કરવાનો કાયદોતો આપણા જ્ઞાતિમંડળોમાં ઘણા દિવસોથી ઘડાઇ ગયો હતો. પણ આજ દિવસ સુધી કોઇપણ જ્ઞાતિ મંડળે એને યોગ્ય રીતે અમલમાં મુક્યો નહોતો. કેળવણી અને શિક્ષા આમેય રતનશીભાઈનો સૌથી મનપસંદ વિષય હતો. એમના સમકક્ષ કેળવણી પ્રાપ્ત કરેલ ભાઇઓ આપણાં સમુદાયોમાંએ વખતે આંગળીના વેઢે ગણી શકાય એટલા જ રહેતા. રતનશીભાઇ સારી રીતે જાણતા હતા કે આપણી જ્ઞાતિનું પાયમાલીનું મુળ કારણ શિક્ષા અને અજ્ઞાનતા જ છે. અને જો નાતનું સાચું ઉસ્થાન કરવું હશે તો એમને વધારેમાં વધારે જ્ઞાતિની સાક્ષરતા પર જોર આપવું પડશે. પણ એ સમયે એમના મંડળની સ્થિતિ એવી નહોતી કે એ સ્કૂલ જેવા કોઇ ખર્ચને નિભાવી શકે. આમેય એ વખતે મોટા ભાગની આપણી જ્ઞાતિની સ્થિતિ પણ કમજોર જ હતી. કરાચી યુવક મંડળની જ્ઞાતિ સેવાની ધગશ અને અભિલાસાને જોઇને નાતના જ એક ભાઇ શ્રી લાલજીભાઇ પેથાભાઇ પોકારે વગર પગારે શિક્ષક તરીકે સેવા બજાવાની સામેથી ઇચ્છા જાહેર કરેલ. આથી ઇ.સ.1938ના ઓકટોબર માહે આપણી જ્ઞાતિની શાયદ પહેલી કહી શકાય એવી રાત્રી શાળાનું શુભારંભ કરવાનું સૌભાગ્ય પણ કરાચીના આ ઉત્સાહી યુવક મંડળના ભાગે જાય છે. આ શાળામાં સિર્ફ બાળકો નહિ, દિવસના કામે જતા આપણા કોઇપણ ભાઇ પણ રાતના અક્ષરજ્ઞાન લઇ શકતા. મુફત શુરૂ કરેલ શાળામાં વિધાર્થીઓની સંખ્યામાં ધીમેધીમે વધારો થતાં, વ્યવસ્થા માટે ચાર આનાની નહિવત ફીસ લેવાનું નક્કી થયેલ. ઠંડીના દિવસોમાં ટાઢના લીધે સંખ્યા ઓછી ન થાય અને અભ્યાસમાં ખલેલ ન પડે એટલા માટે મંડળ દ્વારા દાતાઓથી ફંડફાળા કરીને વિધાર્થીઓ માટે ગંજી ફડાક અને માસ્તરો માટે સાલની વ્યવસ્થા કરવામાં આવતી. દિન પ્રતિદિન વિધાર્થીઓની સંખ્યા વધવાથી હજી એક માસ્તરની જરૂર જણાયેલ. આથી ફરી પાછા હાલના શાળા માસ્તરની સેવા આપતા ભાઈશ્રી

લાલજીભાઈના નાના ભાઈ શ્રી નારાયણજી પેથાભાઈએ પણ માસ્તર તરીકે યોગદાન આપવાની ઈચ્છા જાહેર કરેલ. આથી એક માંથી વધારે વર્ગો કરી શકાયા. પરીક્ષામાં પાસ થનારા વિધાર્થીઓને વાર્ષિક સભા બોલાવી વિશેસ અતિથિઓના હાથે મંચથી ઇનામમાં આગલાં ધોરણની એક ચોપડી અને મેવાનું એક પડીકું આપવામાં આવતું. માસ્તરોને કાંડા ઘડિયાળ તથા સાલ અને ધોતિયા જેવી ભેટ સોગાદો આપવામાં આવતી. આવીજ એક વાર્ષિક સભામાં અતિથિ તરીકે આવેલા સજ્જન શ્રીમાન ડૉ. પોપટલાલની હાજરીએ ભાઈશ્રી રતનશી શિવજીએ જયારે શાળાના હિસાબો વાંચી સંભળાવ્યા ત્યારે આશ્ચર્ય સાથે એમને કહેલુ કે મેં પણ બે ત્રણ રાત્રિ શાળાઓ ચલાવી છે તેથી મને પુરતો અનુભવ છે કે આટલા ટુંકા ખરચમાં કોઇપણ સંસ્થા વિધાર્થીઓને અભ્યાસ કરાવી શકે નહિ. આના માટે શાળા સંચાલકો ધન્યવાદને પાત્ર છે.

આ રાત્રી શાળાના એક રિપોર્ટમાં લાચારી સાથે રતનશીભાઇએ લખેલ છે કે આપણી જ્ઞાતિના ભાઈઓ સનાતન ધર્મ ભૂલી અવળે માર્ગે ચડી ધર્માદાના નામે પોતાના નાણાં વેડફી રહ્યા છે. બીજી કેળવાળેલી કોમોને જોતા આપણી કોમે કેટલાયે નાણાં અન્ય કોમોના ભોગ વિલાસ પાછળ જ બર્બાદ કરી નાખેલ છે. એક કહેવત મુજબ "ઘરના છોકરા ઘંટી ચાટે ને ઉપાધ્યાય ને આટો" આપણી જ્ઞાતિના ભાઈઓ જેટલા નાણાં ધર્માદાને નામે બહાર વેડફે છે તેના અડધા નાણાં પણ જો તેઓ પોતાની જ્ઞાતિના બાળકોને આગળ વધારવા માટે ખર્ચે તો જે આપણે પરાઈ આશા પર રહેવું પડે છે એ ના રહેવું પડે. (સ્રોત: કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળની રાત્રી શાળાના રિપોર્ટ માંથી)

આમ, એ વખત સમુદાયના સૌથી મોટા મંડળ તથા ઐતિહાસિક બીજી પરિષદના મહામંત્રી અને કરાચીની આસપાસ વસવાટ કરતી આપણી રંક અને અજ્ઞાની જ્ઞાતિના ઉત્થાન માટે થયેલી હર નાનીમોટી સુધારક પહેલના કેન્દ્ર સ્થાને રહેલા આ પ્રતિભાશાળી યુવા ભાઈને આજના આપણા જ્ઞાતિ ઇતિહાસના પુસ્તકમાં એક નાનકડું સ્થાન આપી તેઓના કાર્યને સનાતની અંજલિ આપવાનો સ્તુત્ય પ્રયાસ કરેલ છે. (આ લેખના બધા સ્રોત રિયલ પાટીદાર લાયબ્રેરીની અત્રે આપેલ લિંકના આધારે પ્રાપ્ત થયેલ છે. જેના માટે એમની પુરી ટીમનો ખુબ ખુબ આભાર. લિંક: www.realpatidar.com/library)

# 43

# સનાતની આર્યનારી વિરાંગના "કંકુબાઈ"

લેખક: કાન્તીલાલ લખમશી લીંબાણી - થાણા (ઘડુલી)



પૂજ્ય વડીલશ્રી નારાણ રામજી લીંબાણી તથા એમના ૬ મિત્રોએ ઈ.સ.૧૯૦૮માં નાશિક ખાતે ગોદાવરી નદીના કિનારે દેહશુધ્ધિ કરાવી. ખીચડીયા સતપંથનો ત્યાગ કરી શુદ્ધ વૈદિક સનાતન ધર્મ અંગીકાર કર્યો અને સતપંથ વિરુદ્ધ સનાતન ધર્મની ઝુંબેશ ચાલુ કરી.



સ્વ. કંકુબાઈ રામજીભાઇ રામાણી

સંવત ૧૯૭૯, જેઠ સુદ-૫ તા.૨૦-૫-૧૯૨૩ના દયાપર ગામના કુલ્લ ૧૬૧ જણાએ નારાણ રામજીની હાજરીમાં દેહશુધ્ધિ પ્રાયશ્ચિત કરાવીને, જુલ્મી ગેઢેરાઓના ત્રાસને નાબૂદ કરી, ખીચડીયા પીરાણા સતપંથને તિલાંજલી આપી શુદ્ધ વૈદિક ધર્મની દીક્ષા લીધી. દયાપર ગામમાં સનાતની જાગૃતિનો અભૂતપૂર્વક પ્રસંગ થવાથી આજુબાજુના ગામોમાં પણ સતપંથ વિરુદ્ધ અસાધારણ ખળભળાટ શરૂ થયો. આ લડતમાં યુવાનો અને બહેનો પણ જોડાવા લાગ્યા. અનેક સમજુ બહેનોએ પોતાના સાસરીયા અને પિયરીયામાં પણ ધર્મ જાગૃતિની ચળવળ શરૂ કરી દીધી.

આ સનાતની ચળવળના પ્રથમ પડઘા પાનેલી ગામે પડ્યા. દયાપરના ભાઈ-બહેનોએ દેહશુધ્ધિ કરાવેલ હોવાથી પાનેલી ગામના ભાઇ-બહેનો વહેલી તકે સતપંથને છોડી શુદ્ધ વૈદિક ધર્મ અપનાવવા તલપાપડ થઈ રહ્યા હતા. હવે વધારે સમય રાહ જોવાય એમ ન હતું. એમની ધીરજનો અંત આવી ગયો હતો. અંતે સંવત ૧૯૭૯, આસો સુદ-૧૦ (વિજયા દસમી)ને તા.૧૮-૧૦-૧૯૨૩ના પવિત્ર દિવસે પાનેલી ગામના ૧૬ પરિવારો અને ૬૭ જણાએ દયાપરના મહારાજશ્રી મણીશંકર અંબાલાલ ત્રિપાઠીના હસ્તે દેહશુધ્ધિ પ્રાયશ્ચિત કરાવી શુદ્ધ વૈદિક સનાતન ધર્મનો અંગીકાર કર્યો.

પાનેલી ગામના ૬૭ જણાએ દેહશુધ્ધિ કરાવવાથી આજુબાજુના ગામોમાં અને સતપંથી ગેઢેરાઓમાં હાહાકાર મચી ગયો. તેઓ બમણા જોરથી વળતો પ્રહાર કરવા તૈયાર થયા. એકબાજુ પુરો સતપંથી સમાજ અને બીજી બાજુ મુઠ્ઠીભર સનાતની ભાઈઓ. પછી કહેવાનું શું હોય? સતપંથના અત્યાચારીઓ અને ખટપટીયાઓએ ત્રાસ આપવાનું શરૂ કર્યું. નાત બહાર કરવાની અને હેરાન કરવાની ધમકીઓ મળવા લાગી. પરંતુ આ ૬૭ જણાને સનાતન ધર્મનો એવો તો નશો ચડ્યો હતો કે તેઓએ ગેઢેરાઓને સ્પષ્ટ કહી દીધું કે તમે ગમે એટલો ત્રાસ આપો પણ અમો સનાતન ધર્મને છોડશું નહીં.

પાનેલી ગામના આ બનાવથી બાજુના ગામ વાલકા મોટામાં ખળભળાટ મચી ગયો. વાલકા ગામના (જગ્યા) ખાનાના મુખી ખેતાભાઈ જીવરાજ પોકાર હતા. એ ખેતા મુખીની દીકરી કંકુબાઇના લગ્ન ગામ પાનેલીના પટેલ રામજી રાજા નાથાણી સાથે થયા હતા. કંકુબાઈના પિતા ગામના મુખી હતા. કંકુબાઈ મુખીની દીકરી હોવા છતાં પોતાના પતિ સાથે રહી, પાખંડી પીરાણા સતપંથનો ત્યાગ કરી શુધ્ધ વૈદિક ધર્મનો અંગીકાર કર્યો હોવાથી ખેતા મુખીના મળતીયાઓએ ખેતા મુખીને શુરાતન ચડાવ્યું. ખાનાના મુખીની દીકરી જો સુધારાવાળાઓ સાથે મળી જાય તો એની એકવીસ પેઢીઓ દોઝખ (નરક)માં જાય. એમ સમજાવીને ખેતા મુખીને દીકરીને સમજાવવા સલાહ આપી અને આ કામમાં ખાનાની જેટલી રકમ વાપરવી પડે તો વાપરો એમાં અમો પણ તમને મદદ કરવાનું કહ્યું.

આવી વાતો સાંભળીને ખેતા મુખીને વધારે ધર્મ ઝનૂનનો નશો ચડી ગયો. તેઓએ કંકુબાઈને બોલાવીને સમજાવી. ખૂબ સમજાવવા છતાં પણ કંકુબાઈ એકના બે ન થયા. આખરે કંકુબાઈને ડરાવવાનું, ધમકાવવાનું અને ત્રાસ આપવાનું શરૂ કર્યું. પણ, કંકુબાઈ જેનું નામ ! તેમણે પિતા ખેતા મુખીને સ્પષ્ટ કહી દીધું કે હું મારા પતિ સાથે જ શુધ્ધ સનાતન ધર્મમાં રહીશ. તમે મને ગમે એટલો ત્રાસ આપો કે મારા શરીરના ટુકડે ટુકડા કરી નાંખો તો પણ હું તમારા પાપી પંથમાં પરત આવવાની નથી. ભલે આકાશ-પાતાળ એક થાય પણ મારો નિશ્ચય અડગ છે. આવી પ્રતાપી, દૃઢ નિશ્ચયવાળી વિરાંગના કંકુબાઈ આગળ પાપી પીરાણા પંથની તાકાત કેટલો વખત ટકી શકે?

અંતે કંકુબાઈના પિતા ખેતા મુખીએ લાચાર બનીને દીકરી અને જમાઈને મરેલા જણાવી, એમની રૂબરૂમાં એમના નામનું સ્નાન કરી નાંખ્યું અને એમના દ્વારા આપવાના દરદાગીના કંકુબાઇ પાસેથી પાછા લઈ લીધા. કંકુબાઈએ ત્યારે કહ્યું કે ફક્ત દરદાગીના નહીં પણ તમોએ મને આપેલ કપડાં પણ પાછાં આપી દઉં છું અને એનાથી તમને સંતોષ ન થતો હોય તો મેં અત્યારે કપડાં પહેર્યાં છે એ પણ તમોએ જ મને આપ્યાં છે તે પણ હું અત્યારે જ ઉતારીને તમને પાછા આપું છું. કંકુબાઈએ પહેરેલ કપડાં તરત જ ફેંકી દીધા અને કહ્યું કે મારા માટે આજથી તમારા ઘરનું પાણી હરામ છે. આમ કહીને **પોતાના પિયરીયાં સાથેનો સઘળો સંબંધ વહેતાં આંસુઓ સાથે પવિત્ર વૈદિક સનાતન ધર્મ માટે તોડી નાખ્યો**. ધન્ય છે પવિત્ર કંકુબાઈના ક્રાંતિકારી વિચારોને જેમણે કરૂણાજનક પ્રસંગે દૃઢતા અને વિરતા બતાવી. વૈદિક ધર્મ માટે આ સન્નારીઓએ પોતાનો ભોગ આપ્યો છે એનું વર્ણન કોઈક કવિની કલમ જ કરી શકે.

આવી અનેક ક્રાંતિકારી વિરાંગના સન્નારીઓએ પૂજ્ય નારાણ રામજી લીંબાણીની સનાતની ચળવળમાં પોતાનું જીવન અર્પણ કરેલ છે. તેમાંથી આજની પેઢીએ સમજણ લેવાની જરૂર છે.

પાનેલી ગામના આ પ્રસંગ બાદ બરાબર ૧૦ વર્ષ પછી સંવત ૧૯૯૦, ઈ.સ.૧૯૩૪માં મેઘપર (તા.લખપત) ગામની સ્થાપના થઈ ત્યારથી આ રામજી રાજા નાથાણી પરિવાર મેઘપર ગામમાં રહે છે. આ પરિવારના વારસદારો હાલમાં કોસંબા (ગુજરાત) ખાતે રહે છે અને આજે પણ આ પરિવારના વારસદારોમાં સનાતન ધર્મનું એટલું જ ઝનુન છે.

સંદર્ભ : પીરાણાની પોલ

44

# ક્રાંતિકારી સાહિત્ય રસિક પ્રથમ મેટ્રિક્યુલેટ સનાતની લડવૈયા શ્રી દાનાભાઈ અરજણ જાદવાણી

લેખક: CA ચંદુભાઈ ભવાનજી નાકરાણી





વર્ષો પહેલા જ્યારે આપણી જ્ઞાતિ પીરાણાના અર્ધદગ્ધ પંથમાં સપડાયેલી હતી અને સૈયદો તેમજ કાકાઓના જુલમી વહીવટની એડી નીચે સપડાયેલી હતી, ત્યારે કચ્છ રવાપરના જાદવાણી પરિવારના દાનાભાઈ નામના યુવાને કરાંચીમાં સૌ પ્રથમ મેટીક્યુલેટની પરીક્ષા પાસ કરી, કેળવણી ક્ષેત્રે તો ક્રાંતિના મંડાણ કર્યા. સાથોસાથ સાહિત્ય ક્ષેત્રે ડગ માંડી ધાર્મિક અને સામાજિક બદી સામે બંડ પોકારતા કાવ્યો રચી જ્ઞાતિને જાગૃત કરવાનું બ્યૂગલ ફૂંકનાર યુવા દાના અરજણના સનાતની યોગદાનના નીડર કિસ્સાઓને જાણીએ.

સંવત 1965 ના વૈશાખ સુદ ત્રીજ અક્ષય તૃતીયા (અખાત્રીજ) દિનાંક 23-Apr-1909ના કરાચીમાં જન્મેલ દાનાભાઈ નાનપણથી જ શાંત, મૃદુતા, સત્ય, વિનયશીલતા તેમજ પરોપકાર વૃતિના ગુણ ધરાવતા હતા. અભ્યાસ દરમ્યાન ખૂબ હોશિયાર વિધ્યાર્થી હોઇ શિક્ષકોનો પ્રેમ મેળવ્યો હતો. એકવાર દાનાભાઈએ તેની મિસનરી સ્કૂલના પ્રિન્સિપાલને નમ્રતાથી કહ્યું કે અહીં અમને ખ્રિસ્તી ધર્મ વિશે ભણાવાય છે, જે અમારા માટે નકામો છે. જેથી અમને અમારા ધર્મનું શિક્ષણ મળવું જોઇએ. સ્કૂલના પ્રિન્સિપાલે પોતાના કાયદા બતાવતા તેઓએ નીડરપણે પાંચ થી છ મિત્રો સાથે એ શાળા છોડી દીધી. આમ, પોતાના હિન્દુ ધર્મ પ્રત્યેના પ્રેમના દર્શન થાય છે.

તેઓએ મિશન સ્કૂલમાં પણ ઇંગ્લીશ સાથે સંસ્કૃત વિષય લીધો હતો અને તેમના મિત્રોએ ભેગા મળી “ગુજરાત કુમાર સંઘ” સ્થાપી વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રહિત માટે ઉચ્ચ વિચારો કેળવવા શરૂ કર્યા હતા. જૈન મિત્ર મંડળ લયબ્રેરીના પણ મેમ્બર હોઇ તેઓનો સંપર્ક મોટા વિદ્વાનો સાથે થતાં અને મહાકવિ કરસનદાસ માણેક જેવાનું માર્ગદર્શન મળતાં સમાજના પ્રથમ મેટ્રિક્યુલેટ એવા દાનાભાઈએ 17 વર્ષની નાની ઉંમરથી જ કાવ્ય લખવાની શરૂઆત કરી દીધેલ. તેમના પ્રકાશિત અને અપ્રકાશિત કાવ્યોમાં આપણી જ્ઞાતિની તે વખતની ગુલામીની મનોદશા અને ધાર્મિક અધોગતિનું પ્રતિબિંબ સચોટ ઝીલાયું છે. તેઓએ લખેલ કાવ્યો અને તેઓનું જીવન કવન શ્રી પૂંજા ખેતસીએ “યુવકના ઉદગાર અને ભાતૃભાવ” માં પ્રગટ કરેલ છે.

દાનાભાઈમાં સ્કૂલના વખતથી જ સનાતન ધર્મ પ્રત્યેનો પ્રેમ હતો. આપણા એક જ્ઞાતિ ભાઈએ રવાપરમાં પોતાની વાડીએ દાનાને કહ્યું કે "તું પીરાણાપંથને માનતો નથી જેથી બહુ ભણ્યો પણ બરાબર લેને ન ચડ્યો". ત્યારે દાનાએ ખૂબ શાંતિથી તે ભાઈને વાત સમજાવી અને કહ્યું કે "મને તમે ઠીક અથવા અઠીક કહેશો પણ, હું તો સત્યના

સિધ્ધાંતોને બુધ્ધિપૂર્વક માનું છું. હવે હું મારા જીવનમાં એ પાખંડોને ગ્રહણ ન જ કરી શકું." આવી વીરતાથી તેમજ ધીરતાથી પોતાના અંતરથી ધારેલા કાર્યના અડગપણાનો પૂછનાર ભાઈને સરળ જવાબ આપ્યો.

ખીરસરાના ભાવાણી પરિવારની ગોમતીબેન સાથે દાના ભાઈના બાળલગ્ન થયેલ. એક નાની આઠ માસની દીકરીનું અકાળે અવસાન થયા બાદ, તુરંત તે જ સમયગાળામાં, દુર્ભાગ્યે માત્ર 20 વર્ષની નાની ઉંમરે, દાના ભાઇનું ટૂંકી બીમારીમાં મૃત્યુ થયેલ. એમનામાં ઉચ્ચ પ્રતિભાસ હતી કે એમની તબિયત બાબતે અંગત પૂછા કરવા મહાકવિ શ્રી કરસનદાસ માણેક જેવી વ્યક્તિઓ આવતી. પરંતુ, દાના ભાઇના બીજા કોઈ ભાઈઓ ના હોય તેમના પત્નીએ પુનઃ લગ્ન કરવાને બદલે તેમના માતા પિતાની સેવા ચાકરી કરેલ. છેલ્લે 79 વર્ષની વયે તેઓનું અવસાન થયું ત્યારે તેમની બચત 33,333/- રૂ. કન્યા છાત્રાલયમાં અને પોતાનું ઘર લક્ષ્મીનારાયણ સમાજને અર્પણ કરેલ.

જ્ઞાતિનો આવો પ્રતિભા સંપન્ન તેજસ્વી તારલો નાની ઉંમરે અચાનક ખરી પડતા જે શૂન્યાવકાશ સર્જાયો તે આજ દિન સુધી પૂરો થઈ શક્યો નથી. કવિ કલાપીની જેમ કવિ દાનાભાઈનું નામ પણ સમાજમાં અમર થઈ ગયુ. આમ, ખમીરવંતા પરિવારે સનાતન ધર્મ માટે પોતાનું સર્વસ્વ આપીને છેલ્લે દાનવીરની પણ ભૂમિકા અદા કરી આપણ સૌને પ્રેરણા આપેલ છે.

# 45

# મુખી પણાનો ત્યાગ કરનાર પરિવાર નખત્રાણાનું રામાણી પરિવાર

લેખક: ઝવેરીલાલ માવજીભાઈ રામાણી - સુરત (નખત્રાણા)
ક.ક.પાટીદાર સમાજ - સુરત પ્રમુખશ્રી



અમારા દાદાના પિતાજી એટલે કે વીરજીભાઈ અબજીભાઈ મુખી (રામાણી) નખત્રાણા. જેઓ નખત્રાણામાં સતપંથનું મુખીપણું કરતા હતા. જેમના ત્રણ દિકરાઓ (૧) કેશરાભાઈ વીરજીભાઈ રામાણી (૨) ધનજીભાઈ વીરજીભાઈ રામાણી (૩) કરમશીભાઈ વીરજીભાઈ રામાણી હતા.

**સંપાદકીય ટિપ્પણી**

આ ભલે ખૂબ નાની ઘટના આજે લાગતી હોય, પણ બહુજ મોટી વાત અને સંદેશ છુપાયેલો છે.

આજના જમાનામાં જે પૈસા માટે લોકો ધર્મ પરિવર્તન કરતા હોય છે અથવા એવી નબળી માનસિકતા રાખતા હોય કે પીરાણા ભલે મુસલમાન ધામ છે, પણ આપણને પૈસા મળે છે ને.. ત્યારે જ્ઞાતિમાં આવા પણ દાખલાઓ છે કે જ્યાં સનાતન ધર્મ માટે વ્યક્તિગત લાભો, સમાજમાં ઉચ્ચ મોભો અને આર્થિક કમાણીનું સાધનનો ત્યાગ કરવા વાળા પરિવારો પણ છે.

જય હો આ રામાણી પરિવારનો .

વીરજીબાપા (મુખી)ની ઉંમર થતા તેમના દિકરાઓને મુખીપણુ વારસામાં આપવાની વાતો થઈ. ત્યારે મુખીપણુ ગ્રહણ કરવાનો પ્રસંગ નક્કી થયો. આ વખતે પીરાણાથી ગેઢેરાઓ તથા સૈયદો આવ્યા હતા.

ત્યારે જે પણ પ્રરકરની વિધી થતી હતી તે કરવામાં આવી. ત્યાર બાદ સૈયદોએ પોતાના મોઢામાં પાણી ભરી કોગળા કરી પાણી થાળીમાં નાખ્યું અને આ એઠું (કોગળા કરેલ) પાણી મુખીપણુ ગ્રહણ કરનાર વ્યક્તિઓએ ચરણમૃતના સ્વરૂપે પીવું આવું કહેવામાં આવ્યું.

આ વખતે વીરજીબાપા (મુખી) એ આ વાતનો વિરોધ કર્યો અને અમારા ત્રણે દાદાઓએ પણ આનો વિરોધ કર્યો. સૈયદોને કહી દેવામાં આવ્યું કે અમો અમારી રીતે જે કાર્ય કરીએ છીએ તે રીતે જ કરશું. બાકી તમો કહો છો તેમ નહી કરીએ. અને તમારું એઠું પાણી અમે નહી પીએ. તમને મુખીપણું આપવું હોય તો આપો.

આ કારણે અમારા પરિવારે મુખીપણાનો ત્યાગ કર્યો.

માવજીભાઈ કેશરાભાઈ રામાણી - અ.ભા.ક.ક.પાટીદાર સમાજ - નખત્રાણા - પૂર્વ ટ્રસ્ટીશ્રી
કેશરાભાઈ વીરજીભાઈ રામાણી - અ.ભા.ક.ક.પાટીદાર સમાજ - નખત્રાણા - પૂર્વ ટ્રસ્ટીશ્રી
વીરજીભાઈ અબજીભાઈ રામાણી (મુખી) - પૂર્વ ટ્રસ્ટીશ્રી

# 46

# કર્તાહર્તા પાકા મુખીના દીકરા એવા કરમશીભાઈ કાનજી વાસાણી - વિરાણી નાની - માંડવી કચ્છની આપ બિતી



લેખક: સ્વયં

એક સમયે અમે પાકા સતપંથી હતા. હું શ્રધ્ધા અને વિશ્વાસની સાથેએ પંથને માનતો હતો. કારણ કે દાદા પરદાદાના વખતથીએ પંથને માનતા હતા એટલે ચીલાચાલુ ઘરમાં ચાલતી રીતથી પંથમાં રંગાઇ ગયેલ હતો. સતપંથનું ધર્મસ્થાન ગામમાં આવેલ. તે સમયમાં તેને "જગ્યા" નામથી ઓળખવામાં આવતું હતું. તે જગ્યામાં પુજા વિધી અને દર્શન સેવામાં જે જે ક્રિયાઓ થતી હતી તે અને વ્યાખ્યાન આખ્યાન જે વંચાતા બોલાતા તે મુસ્લિમ ધર્મ લાગે વળગે તેવા હતા. એ મુસ્લિમ દુવા કલમાઓ બોલાતા એમાં હોશે હોંશે હું પણ ભાગ લેતો અને સહયોગી થઇને રહેતો હતો.

ધીમેધીમે સમજણ આવતાં મારા મનમાં એક ચળવળનું તુફાન ઉઠ્યું. દિલમાં બહુ દુવિધા થવા લાગી. વિચારોમાં ઉફાણા ઉઠવા લાગ્યા. આ શું છે? અમે હિન્દુ છીએને આ તો ઈસ્લામની જેમ દુવા-કલમા પઢાય છે. બધી વિધીઓ હિન્દુધર્મ સાથે ભળે તેવી નહોતી. મનમાં મુંઝવણ થવા લાગી. હવે શું કરવું. એટલે પહેલું તો મે  કર્યું જગ્યામાં જવાનું બંધ. જગ્યામાં દર્શને જવાનું બંધ કર્યું એટલે મારા બાપુજીને (બાપુજી જગ્યાના પાકા કર્તાહર્તા મુખી હતા) ખોટું લાગવા માંડ્યું તો બાપુજીએ મને એમ કહ્યું કે તું જગ્યામાં દર્શન કરવા કેમ નથી જતો? અને આ ગામના માણસો મને ટોણાં મારીને કહે છે કે તમારો દિકરો પાકો મુખી જેવો હતો ને જગ્યામાં દર્શન કરવા કેમ નથી આવતો? તમે પણ આવા પાકા મુખીને વળી એ વંઠી ગયો લાગે છે. મને સાંભળવું પડે છે.

જવાબમાં મને એમ જ કહેવું પડ્યું કે બાપા મને આ બધું મુસ્લીમ જેવું લાગે છે. એટલે બાપાએ કહ્યું કે તું જે શાસ્ત્ર જગ્યામાં બોલે છે તેમાં એક શાસ્ત્રમાં ગાય છે કે ભાઇ **ત્યારે યુગમાંથી અંધારું ટાળશે અને હોંશે તે એક જ વેણ, અથરવેદમાં એમ ભાંખીયા સબ હિન્દુ હોંશે મુસલમાન.** (ગોરવાણીનું ગીનાન ૬૬). આવું સાંભળતા મારા મનમાં ઓર ઉધાપો ઉઠ્યોને કહેવાઈ ગયું કે બાપા આવું છે તો બીજા હિન્દુ મુસલમાન બને તેનાથી પહેલા આપણે સતપંથીઓએ મુસલમાન થઈ જવું જોઇએ. આ સાંભળીને બાપા ગુસ્સે થયા. લાલ આંખો કરીને કહે કે ઉઠ ભાગ અહીંયાંથી. હું તારો બાપ છું કે તું મારો બાપ છે? આવો ગુસ્સો જોઇને તે વખતે ભાગી જવું પડ્યું. અને પછી તો આવાને આવા વિચારોની ઉથલપાથલમાં મન ચકડોળે ચડ્યું.

આવામાં મનને આશ્વાસન મળી ગયું. તે એવી રીતે કે એક ઇતિહાસીક પુસ્તક મળ્યું. જેના લેખક નારાયણજી રામજી લીંબાણી ગામ મોટી વિરાણીવાળા. જે પુસ્તકનું નામ સતપંથ પીરાણાની પોલ. વાંચ્યું ખૂબ વાંચ્યું. મનમાં હતી દુવિધાનો પુરેપુરી મટી ગઇ. સનાતન ધર્મના શાસ્ત્રો અને વેદોનો ખાસ અભ્યાસ કર્યો અને ઘણા શ્લોકો/ઋચાઓ કંઠસત પણ કરી. એના પરથી ખાતરી થઇ ગઇ કે મનમાં જે શંકા થતી હતી એ શંકા ખોટી ન હતી. સાચી જ હતી કે પીરાણા સતપંથ હિન્દુ ધર્મ નથી જ. અને હવે તો એજ આભાર માનવો રહ્યો એ બાપાનો જેને તે વખતના કપરાકાળમાં આવડી મહેનત કરીને કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને ઢંઢોળીને જગાડવાનું કામ કર્યું. ધર્મના નામે અંધ બનેલ પાટીદારને જગાડ્યા. આપણે તો એ વિચારીએ કે એ વડીલ તે વખતેના ગુમાની ગેઢેરા રીઢા સતપંથી બાપાને ત્રાસ દેવામાં ઓછું નહી કર્યું હશે. વાહરે બાપા વાહ તમારી આ ક્રાંતિકારી મહેનત. બાપા તમને આ કચ્છ કડવા પાટીદાર હજુ પણ કેટલાય એવા છે કે તમને ન ઓળખી શક્યા, ન જાણી શક્યા, ન તમારા વિચારો પચાવી શક્યા અને હજી સનાતન સમાજના મુખ્ય પ્રવાહમાં ભળ્યા નથી.

હું તો એ જ કહીશ કે સતપંથનો એ માર્ગ કલીયુગના વારા પ્રમાણે અથર્વવેદી ધર્મ છે તે ખોટું છે. તે પંથ હિન્દુ સનાતન ધર્મનું હળાહળ અપમાન, હડહડતી નિંદા, ટીકા અને એટલી હદે સનાતન શાસ્ત્રોને ગંદી રીતે ચીતર્યાં છે. વેદ-ઉપનિષદો, દર્શન શાસ્ત્રો અને મહાપુરાણોને ગલત ચિત્રીને પોતાની મગજરૂપી ખોપરીના કારખાનામાંથી ઉપજ કાઢીને, હાથે લખેલ થોથા બનાવીને હિન્દુઓને ઉલ્લુ બનાવી, આ કલીયુગના વારા પ્રમાણે અથર્વવેદ છે, આવી કપોળ કલ્પીત કપટી જાળમાં પાટીદારોને ઉંધે પાટે ચડાવી દીધા. તેથી સૈયદ ઈમામશાહ બાવા સ્થાપિત સતપંથ છોડ્યો છે. સનાતન ધર્મને અંગીકાર કર્યો છે.

# 47

# અનોખું સમર્પણ – કોટડા જાડોદરનો ગૌરવવંત કિસ્સો



લેખક: કાંતિભાઈ વાલજી રામાણી

કોટડા (જ) હંમેશા હર કોઇ બાબતમાં આગળ જ રહ્યું છે, તે વિકાસનું કાર્ય હોય કે પછી ધર્મ બાબત હોય. ધર્મ બાબતમાં તો હંમેશાં જ ચુસ્ત સનાતની રહ્યું છે તથા ચુસ્ત રહે સૌ કોઇ એવો જ આગ્રહ રાખ્યો છે. ધાર્મિક બાબતે બાંધછોડ કરવાનું સ્વીકાર્યું નથી. સતપંથ તથા સનાતનના વિવાદ માં કોટડા (જ) પાછળ નથી રહ્યું.

આવો જ એક દાખલો પારિવારિક પરંતુ, નિષ્ઠાની સાથે કટ્ટરતાનો છે. જે અહીં રજૂ કરેલ છે.

વાત છે વર્ષ 1974થી એકાદ વર્ષ અગાઉની જ્યારે કોટડા(જ) લક્ષ્મીનારાયણ મંદિર સમાજ તથા કોટડા(જ) સતપંથ સમાજ એમ બે સમાજો સક્રિય હતી અને બંનેમાં પરિવારોની સંખ્યા પણ લગભગ બરાબરની હતી, પરંતુ સતપંથ સમાજ પીરાણાના બળે જોરામાં હતી. જોહુકમીથી અથવા આર્થિક રીતે મદદ કરીને સનાતન તરફ વળતા પરિવારોને રોકી લેવા જેવી પ્રવૃત્તિઓ અપનાવીને ટકી રહી હતી. 1970ના દાયકામાં એક માહોલ ઊભો થયો તથા ઘણા પરિવારો જે ભાઈઆતમાં નાના હતા તેઓ સનાતનમાં ભળ્યા અને સનાતનની બની ગયા. લીંબાણી, વેલાણી, પોકાર, સેંઘાણી, છાભૈયા અને મુખી વગેરે જેવા પરિવારમાં સતપંથ સનાતન બે ભાગો થતાં સતપંથ લઘુમતીમાં આવી ગયા હતા. તેઓ સનાતનમાં આવ્યા તથા ઘીના કામમાં ઘી પડ્યું તથા ભાઇઓ ભેગા થયા.

આ સમયમાં જુજ પરિવારો સતપંથમાં રહ્યા, બાકીના સનાતની બની ગયા. બાકીના નાના મોટા પરિવારોમાં આર્થિક રીતે કે સંબંધની રીતે દબાયેલા સિવાય મોટાભાગના સનાતન બની ગયા. આ સમયે કોટડાનો એક મોટો પરિવાર પદમાણી ભાઈઓના આપશી દબાણથી કે પીરાણાની આર્થિક મદદને લઇને સતપંથને વળગી રહ્યો.

1973ના અરસામાં લીંબાણી પરિવારના મનજીભાઈ લાલજીભાઈ તથા પદમાણી પરિવારના નથુભાઈ કરસનભાઈ પરિવારમાં સંતાનોના સગપણ સંબંધ થયા. પદમાણી પરિવારની દીકરી લીંબાણી પરિવારે લીધી. મનજીભાઈ લાલજીભાઈ લીંબાણી પરિવાર એકાદને છોડી મોટાભાગે સનાતનમાં આવી ગયો હતો. જ્યારે પદમાણીમાંથી કોઇ ન્હોતું આવ્યું. પરંતુ, આ સંબંધ થયા ત્યારે લીંબાણી પરિવારના સમજાવવાથી નથુભાઈ પદમણીએ સનાતન સ્વીકારી સંબંધ ચાલુ રાખવાનું જણાવ્યું. પરંતુ એમના મોટા ભાઈ પ્રેમજી કરસન તથા નાનાભાઈ રામજી કરસન સનાતનમાં આવવા તૈયાર ન થયા તથા નથુભાઈને ધમકી આપી કે જો તું સનાતની થઈશ તો અમો તારા ઘરનો ત્યાગ કરશું, પ્રસંગમાં આવશું નહીં, જોઈ લેશું, લગ્ન કેવી રીતે કરે છે. તારા ઘરે જાન કેવી રીતે આવે છે. છતાં નથુભાઈ મનથી અડગ રહ્યા તથા લીંબાણી પરિવારે તથા લક્ષ્મીનારાયણ સમાજ વાળાએ આશ્વાસન આપ્યું કે તારા પ્રસંગે સમાજ ખડે પગે રહેશે ચિંતા કરવાની નથી.

એવું જ થયું 1974માં મનજીભાઈ લાલજીભાઈ લીંબાણી પરિવારના સુપુત્ર શામજીભાઈનાં લગ્ન નથુભાઈ કરશનભાઈ પદમાણીની સુપુત્રી જમનાબેન સાથે નિર્વિઘ્ન થયા. પદમાણી પરિવારનું એક ઘર નથુભાઈનું છતાં લીંબાણી પરિવાર તથા લક્ષ્મીનારાયણ સમાજના પરિવારોએ ભેગા મળી પ્રસંગને સરસ રીતે પાર પાડ્યો. સમયાંતરે બંને પરિવારોમાં સારા માઠા પ્રસંગો આવતા રહ્યા તથા જ્યાં જ્યાં નથુભાઈ પરિવારને ભાઈઓની જરૂર જણાઈ ત્યાં લીંબાણી પરિવાર તથા લક્ષ્મીનારાયણ મંદિર સમાજ ભેગી રહી.

## અનોખું સમર્પણ – કોટડા જાડોદરનો ગૌરવવંત કિસ્સો

આ ઘટનાના નાયક લીંબાણી પરિવારના શ્રી શામજીભાઇ મનજીભાઇ લીંબાણી તથા પદમાણી પરિવારની સુપુત્રી "વિરાંગના" જમનાબેન જેમણે ઘણી બધી માવતર પક્ષ પદમાણી પરિવાર તરફથી મેણાં ટોણાં સાંભળ્યા તથા સહન કર્યા. જેમ જેમ દિવસો વીતતા ગયા તેમ તેમ બંને જણ શામજીભાઈ તથા જમનાબેન મનના કઠોર થતાં ગયા. ત્રણ સંતાનોમાં દીકરા, ત્રણેના બાળપણના પ્રસંગો, બોલામણા, પછેડા વગેરેમાં માત્ર નથુભાઈનો પરિવાર જ હાજર રહ્યો. મોટા બાપા, કાકા, કાકાઈ, પિતરાઇ ભાઈઓને આમંત્રણ સુધ્ધાં ન આપ્યાં અને સ્પષ્ટ કહ્યું **મારે ઘરે માત્ર સનાતનીઓને જ આમંત્રણ છે.**

વર્ષ 1998 માં મોટા પુત્ર કિશો ના, 2001 માં વચ્ચેટ તુલસીના તથા ત્યારબાદ વર્ષ 2003માં નાનાપુત્ર મૂકેશના લગ્ન પ્રસંગે પણ નથુભાઇના પરિવાર સિવાય માવતર પક્ષના સગામાં ફઇ, માસી, મામા વગેરે માં જેઓ સતપંથી હતા તેઓને પણ આમંત્રણ નહોતું આપ્યું. એમની ધાર્મિકતાની પરાકાષ્ઠા તો ત્યારે દેખાઈ જ્યારે નાનો દીકરો મુકેશ જ્યારે માત્ર એક વર્ષના દાંપત્યજીવન પછી 2004માં અકસ્માતનો ભોગ બની સ્વર્ગવાસી થયો. આવા સમયે પણ બંને જાણે કઠોર નિર્ણય લીધો તથા ગામમાં જ જમનાબેનના પિયર પક્ષે મોટો પરિવાર હોવા છતાં બેસણાંમાં આવવાની પણ સ્પષ્ટ ના પાડી દીધી હતી.

નથુભાઇ પદમાણી કચ્છમાંથી નાની ઉંમરે જ બંગાળના આરામબાગ ખાતે સોમીલ ના વ્યવસાય માટે સહ પરિવાર ચાલ્યા ગયા હતા. આમ જમનાબેનનું બાળપણ તથા શિક્ષણ બંગાળમાં સનાતનની વાતાવરણમાં થયું હોવાથી માનસિક રીતે સનાતનની મનોબળધારી હતાં. જે એમના જીવનનું જમા પાસું હતું. એમને પણ ખબર હતી કે માવતર પક્ષમાં મોટા ભાગના સતપંથી હોવાથી અંતર જાળવવું પડશે, એવું મનોમન નક્કી કરી લીધું હોવાથી પ્રસંગોપાત ક્યાંય મનમાં દુઃખ થયું નહી તથા પતિ પત્ની સનાતન મુખ્ય ધ્યેયને વળગી રહ્યા. કુટુંબના નાના-મોટા પ્રસંગોએ તેઓ માવતર પક્ષને સ્પષ્ટ કહેતા કે **તમો સનાતનની બની પછી મારે ઘરે આવશો તો દરવાજા ખુલ્લા છે નહીંતર કોઈ પણ પ્રસંગે આવવાની તસ્દી લેતા નહીં. કોઈ પણ વરણના લોકો હરિજન, કોળી, મુસલમાન વગેરે મારે ઘરે આવકાર્ય રહેશે પરંતુ સતપંથી તો નહીં જ ચાલે.**

આજે પણ ધર્મ બાબતે કોટડા (જ)માં લીંબાણી પરિવાર એમાં પણ શામજીભાઈ લીંબાણીનો પરિવાર ચુસ્ત માનવા વાળો લેખાય છે. એમને સતપંથ બાબતમાં કોઇ બાંધ છોડ કરવાનું કહી પણ ન શકે. આવા ચુસ્ત સનાતનની શામજીભાઇ તથા જમનાબેનને એમના સનાતની વિચારો માટે નમન કરવાનું મન થાય.

બલિદાન માત્ર સંગ્રામમાં જ નથી દેવાતાં, સંસારિક જીવનમાં પણ આપી શકાય છે. રણસંગ્રામમાં એક જ વખતનું હોય છે જ્યારે પરિવાર વ્યવહારોમાં કોઇ દીકરીને માવતર પક્ષે અવારનવારના આવવાનું કહેવું એથી સંસારિક માટે મોટું બલિદાન કયું હોઇ શકે??? જે જમનાબેનેઆપી દાખલો પ્રસ્તુત કર્યો છે.

જમનાબેન માવતર પરિવારમાં મોટાં હોવાને કારણે નથુભાઈના સ્વર્ગવાસ બાદ શામજીભાઈ તથા જમનાબેને તેમના ત્રણ ભાઈ તથા પાંચ બહેનોના માવતરની જવાબદારી નિભાવી છે. ભાઇ બહેનોના લગ્ન સહિતના પ્રસંગો સંભાળ્યા છે. આજે જ્યારે એમના માવતર પક્ષના પરિવારો મોટાભાગના સનાતનમાં આવી ગયા છે ત્યારે તેઓ જૂની વાત દોરાવે છે કે 'પહેલાં તમો મારા ઘરે આવો પછી અમો આપને ત્યાં આવશું' તેનો અમલ પણ કરી રહ્યા છે.

ધન્યવાદ સામજીભાઇ તથા જમનાબેન ને.

48

# ધનસુરા સનાતન જાગૃતિની પહેલ....



(શ્રી અમૃતભાઈ રામાણી, પૂર્વ મંત્રી ધનસુરા સનાતન સમાજ )

**<u>સૌ પ્રથમ સનાતની સમાજ અને છાત્રાલયનું ધનસુરા ખાતે નિર્માણ</u>**

આજીવિકા રળવા માટે માદરે વતન કચ્છને અલવિદા કરીને કચ્છના પાટીદારોએ વિશ્વની વાટ પકડી. જેમાં એક મોટો વર્ગ ખેતીનો વ્યવસાય સ્વીકારી સાબરકાંઠા, ખેડા પંથકમાં સ્થાયી થયો. જેમાં સંતોએ આપેલ સનાતન સંસ્કૃતિને સ્વીકારનાર વર્ગ અલાયદુ સનાતની સંગઠન બનાવી કાર્ય કરતો હતો. જે ઇશ્વર આશ્રમ વાંઢાયની ગુરૂગાદી સાથે જોડાયેલ હતો. દેશની આઝાદીના અંતિમ પડાવ સમયે સન ૧૯૪૩માં રામપુરા કંપા (અણીયોર કંપા) ખાતે આ વિસ્તારના જાગૃત ભાઈઓએ એક સંમેલન બોલાવી ચર્ચા-વિચારણાના અંતે **શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (ગુજરાત), ધનસુરા**ની રચના કરી. જેના પ્રથમ પ્રમુખ તરીકે શ્રી હંસરાજભાઈ નારણ પોકાર અને મંત્રી તરીકે કરશનભાઇ પચાણ દીવાણીની નિમણુંક થઇ.

આ સમાજમાં રહેલ પરંતુ દિલથી સતપંથી એવા સભ્યોએ ૧૯૭૭-૭૮માં વડાલી અને અન્ય વિસ્તારના પીરાણાપંથીઓને મોટી સંખ્યમાં આ સમાજના સભ્યો બનાવવાની ઝુંબેશ ચલાવી અને સમાજના નામમાંથી **સનાતન શબ્દ દુર કરવા** માટે તોફાન મચાવ્યું. આ બાબતમાં મોડાસા કોર્ટ કેશ દાખલ થયો અને ૧૭ જેટલી મુદતો પડી. જયારે કોર્ટનો ચુકાદો સનાતન તરફી આવવાનો છે, તેવું લાગતાં પીરાણાપંથીની આદત મુજબ સમાધાન માટેનો રસ્તો અપનાવવા માટે મીઠી-મીઠી અને આદર્શવાદી વાતોના દમ પર બેઠક કરવા આગેવાનોને વિનંતી કરી. મુંબઈના તે વખતના પ્રખર સનાતની આગેવાનો સાથે બેઠકને અંતે નક્કી થયું કે **સમાજના નામમાં કોઈ જ ફેરફાર થશે નહિ. આમ, શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (ગુજરાત), ધનસુરા** સમાજરૂપી **સનાતની વિજય સ્તંભ** આ કંપા વિસ્તારમાં આજ પર્યન્ત લહેરાઇ રહ્યો છે.

**સંતશ્રી દયાલ દાસજી મહારાજ**ના ધાર્મિક જાગૃતિ માટેના દાયકાના વિચરણથી આવેલ જાગૃતિના ભાગરૂપે તા. ૧૫ થી ૧૭ એપ્રિલ-૧૯૫૪ દરમ્યાન **હીરાપુર કંપા ખાતે પૂ. સંતશ્રી ઓધવરામ મહારાજના સાનિધ્યમાં જ્ઞાતિજનોની વિશાળ ઉપસ્થિતિમાં ત્રણ દિવસીય અધિવેશન યોજાયેલ.** જેમાં ગુજરાત બહારના સનાતન ધર્મ જાગૃતિના કાર્ય સાથે સંકળાયેલ રતનસી ખીમજી ખેતાણી, રાજારામ ધોળુ જેવા આગેવાનો પણ ઉપસ્થિત રહેલ. મહારાજશ્રીના સમાજની ઉન્નતિના મૂળ પાયારૂપ કેળવણી પર ભાર મૂકતાં કંપા પ્રદેશના મધ્યવર્તી સ્થાને જ્ઞાતિની બોર્ડીંગ બનાવવાની પ્રેરણા આપી અને તે માટે જરૂરી રકમ રૂ. ૬૦,૧૭૫/- જેટલી માતબર રકમ સભામાંજ એકત્રિત કરી આપી (સંપાદકીય નોંધ: આ ઘટનાના સ્વયં સાક્ષી એવા ધનસુરા સમાજના પૂર્વ મહામંત્રી વડીલ શ્રી બેચરભાઇ ભાવાણી, મોતીસરી કંપાવાળાએ સંત ઓધવરામ મહારાજ દ્વારા એક પગે ઊભા રહી ફાળાઓ કરવી આપવાની વાત આ પુસ્તકના ખંડ 1ના પોઇન્ટ 150.34માં જણાવેલ છે, જે પ્રકાશિત અહેવાલમાં નથી). સમાજને પ્રથમ કેળવણી ધામ(કુમાર છાત્રાલય)ની ભેટ આપેલ. ત્યારબાદ ૧૯૬૮માં જ્ઞાતિનું પ્રથમ કન્યા છાત્રાલય ધનસુરા ખાતે નિર્મિત થયું.

આમ, સંતો દ્વારા મળેલ આશિર્વાદથી સમાજમાં આવેલ શિક્ષણની જાગૃતિના લીધે તખતગઢ, રણજીતપુરા, મોતેસરી, અમલાઇ, રામાપીર કંપા, વજેપુરા કંપા જેવા અનેક કંપાઓમાં હાઇસ્કુલની સ્થાપના થઈ. ધનસુરા ખાતે પૂ. ઓધવરામ મહારાજની સ્મૃતિમાં સન ૨૦૦૧માં શ્રી ઓધવ વિધા મંદિર શરુ કરવામાં આવી.

ધનસુરા સમાજની યુવા પાંખ દ્વારા પ્રતિ વર્ષ વસંત પંચમીના ઉજવાતા સનાતની સમૂહ લગ્નોત્સવના ૨૫ વર્ષ (૨૦૨૪) પૂર્ણ થવા જઇ રહ્યા છે.

**આમ, કંપા વિસ્તારે દેશમાં સૌ પ્રથમ સનાતની સમાજ અને બોર્ડીંગના નિર્માણ થકી સનાતની સંગઠન અને કેળવણી ધામના શ્રી ગણેશ કર્યાં. આગળ જતાં સમગ્ર દેશમાં કેશરિયો લહેરાવવાની શરૂઆત થઇ.**

## <u>જાગૃતિ માસિક મુખપત્ર</u>

કેળવણી માટે સંસ્થાનું નિર્માણ થતાં સમાજના વડીલો તથા યુવક મિત્રોની સૂઝબૂઝથી સમાજમાં ક્રાંતિકારી વિચારો દ્વારા જાગૃતિ આવે તેવા શુભઆશયથી સને ૧૯૬૫માં **"જાગૃતિ"** માસિક પ્રસિધ્ધ કરવાનું નક્કી કર્યું. જેના પ્રથમ તંત્રી તરીકે શ્રી શામજીભાઈ નારણભાઈ ધોળુ (તલોદ-હાલ ગોઆ)ની નિમણુંક કરવામાં આવી. જાગૃતિ માસિકનો પ્રચાર અને પ્રસાર સાબરકાંઠા પૂરતો ન રહેતા ભારતભરમાં તેના વાચકો અને ગ્રાહકો નોંધાયા હતા. ત્યાર પછી ટીંબા કંપા-હરસોલના શ્રી કાંતિભાઈ ખીમજીભાઇ પટેલે પણ તંત્રી તરીકે ખૂબ લાંબો સમય સુંદર કામગીરી કરી હતી. છેલ્લે જાગૃતિ માસિક સને 1983 સુધી સારી રીતે ચલાવવામાં આવ્યું. છેલ્લા બે-ત્રણ વર્ષમાં શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવકસંઘે પણ જાગૃતિ માસિક પ્રકાશિત થતું રહે તે માટે પ્રયત્ન કર્યા હતા. તેમ છતાં જે તે સમયે આર્થિક સંકડામણને કારણે તેને બંધ કરી સમાજને અર્પણ કરવામાં આવ્યું.

**આમ, આ જાગૃતિ માસિક અંકમાં સનાતના ધર્મ જાગૃતિના કાર્યો અને લેખો સતત પ્રસિધ્ધ થતાં રહેતા હોઇ આજે તે ઐતિહાસિક ઘટનાઓનું પુરાવા સહિતનું સાક્ષી બનીને ઉપયોગી થઈ રહ્યું છે.**

## <u>સનાતન ધર્મ જાગૃતિ પ્રથમ ચિંતન સભા – ધનસુરા</u>

મોડાસા ખાતે ઉમિયા માતાજી મંદિર નિર્માણને લઈને ટ્રસ્ટ રચના બાબતમાં ઉપસ્થિત થયેલ સનાતન – સતપંથ વચ્ચેનો વિવાદ પરાકાષ્ઠાએ પહોચતાં સનાતન ધર્મીઓને જાગૃત અને સંગઠિત કરવાના હેતુસર મોડાસા વિભાગના સનાતની ભાઈઓની રજુઆતના પગલે ધનસુરા ખાતે "સફાઇ અભિયાન" અંતર્ગત સનાતન ધર્મ જાગૃતિની પ્રથમ ચિંતન સભા ધનસુરા સનાતન સમાજના પ્રમુખ શ્રી શિવદાસ રત્ના માવાણીના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી. આ સભામાં હિમંતભાઈ ખેતાણી, રમેશભાઈ વાઘડીયા અને પ્રેમજીભાઈ કેશરાણીની ત્રિપુટીની જુસ્સાદાર વાણીએ સૌ સભ્યોમાં સનાતની જુસ્સાને બળવત્તર કરેલ.

**આમ, ધનસુરા પંથક પુનઃ સનાતની ચેતનાની મશાલ બન્યો. ત્યારબાદ આ લાલ,બાલ અને પાલ જેવી સનાતની ત્રિપુટીએ ભારતભરમાં ૬૬ જેટલી સનાતન ધર્મ જાગૃતિની સભાઓ દ્વારા સમગ્ર જ્ઞાતિમાં સનાતની અજવાળા પાથર્યા.**

49

# દક્ષિણ ભારત ઝોનનાં ઐતિહાસિક નિર્ણયો



શ્રી અમૃતભાઈ પ્રેમજી ભાવાણી

કેન્દ્રીય સમાજના ૨૦૧૦નાં પંચમ અધિવેશન બાદ જ્ઞાતિમાં ફરી એક વખત સનાતની જાગૃતિની ચળવળ જાગી હતી. આ અધિવેશનનાં ખર્ચને પહોંચી વળવા નખત્રાણા ખાતેની કેન્દ્રીય સામાન્ય સભામાં દક્ષિણ ભારત સતપંથ સમાજનો ફાળો નોંધાયો અને જાહેર થયો, ત્યારે ત્યાં ઉપસ્થિત દક્ષિણ ભારત સમાજના સનાતની અગ્રણીઓ ચોંકી ઉઠ્યા હતા.

વર્ષ ૨૦૧૧માં દક્ષિણ ભારત ઝોન સમાજના યુવાઓએ સનાતની ભેખ ધારણ કરી દરેક સમાજના યુવા મંડળ માંથી સતપંથ તરફી હોદેદારોને રાજીનામા અપાવાના પ્રયાસોમાં લાગ્યા હતા. પરંતુ, જ્યાં સુધી સમાજના વડીલો નક્કર પગલાં ન લે, ત્યાં સુધી કાર્ય મુશ્કેલ હતું.

ધીરે ધીરે સમાજના સનાતની વિચારધારા ધરાવતા વડીલોએ પણ જંપલાવ્યું. કારોબારી સભામાં ઘર્ષણ થયું, દક્ષિણ ભારત ઝોન અંતર્ગત ચાર ઝોન (મદુરાઇ ઝોન, ચિદમ્બરમ ઝોન, ચેન્નાઇ ઝોન અને નમક્કલ ઝોન)માં સનાતની ધ્વજ લહેરાતો દેખાયો.

ભારતની અન્ય ઝોન સમાજોમાં જે નવા નીતિ નિયમો બન્યા એ અનુરૂપ દક્ષિણ ભારત સમાજમાં પણ નવા નિયમો બનવા જોઈએ એવી માંગ ઉપડી. કચ્છના જે ગામના વતની હોય તે ગામના મંજૂરી પત્ર સાથે દક્ષિણ ભારત સમાજના નવા નિયમોનું "સમર્થન પત્ર" તૈયાર થયું અને કુંભકોણમ ખાતે યોજાયેલ ૨૦૧૨ની કારોબારીમાં રજુ થયું. જેનો તીવ્ર વિરોધ થયો, તે સમયના પ્રમુખ શ્રી ચુનીલાલ ચોપરા તેમજ અન્ય સનાતની સભ્યોએ સમજાવવા અથાગ પ્રયત્નો કર્યા. છતાં, દક્ષિણ ભારત સમાજના મહામંત્રી કરશનભાઈ રંગાણી સહિત સતપંથ સાથે જોડાયેલ ઉપસ્થિત સર્વે લોકો સભાનો બહિષ્કાર કરી ત્યાંથી નીકળી ગયા. તે વાર્ષિક સામાન્ય સભામાં સર્વાનુમતે દક્ષિણ ભારત સમાજનું નામ "શ્રી દક્ષિણ ભારત કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ" રાખવામાં આવ્યું.

ભારતભરની કડવા પાટીદાર સમાજમાં દક્ષિણ ભારતનો આ પ્રથમ દાખલો હતો જ્યારે સતપંથ અને સનાતન એમ બે સમાજો બની. ત્યારબાદ, દક્ષિણ ભારત ઝોનમાં સભ્યો પાસેથી સનાતની હોવાનું સમર્થન પત્ર માંગવામાં આવ્યું. એમાં અમુક શંકાસ્પદ લોકોએ પણ સમર્થન પત્રો આપ્યા. ત્યારે એવા લોકો પાસેથી વધારામાં એમના ગામના દાખલાઓ માંગવામાં આવ્યા, જે જે લોકોએ આ બધી બાબતો પૂરી કરી એ લોકો દક્ષિણ ભારત સનાતન સમાજના સભ્ય તરીકે રહ્યા. અને બાકીના સૌ દક્ષિણ ભારતની સતપંથ સમાજમાં રહ્યા.

ત્યારબાદ, પારિવારિક અને સામાજિક પ્રસંગોમાં સતપંથી પરિવારોને આમંત્રણ ન આપવા તેમજ ધંધાકીય ભાગીદારીમાંથી છૂટા પાડવા જેવા નિયમો બન્યા. આવા નિયમો બનાવવાનો મુખ્ય હેતુ એ હતો કે, આવું કરવાથી આપણા જ ભાઈ ભાડું પાછા સનાતન પ્રવાહમાં ભળી જાય. પ્રસંગોપાત નાના નાના ઘર્ષણ થતાં રહ્યા. પણ, દિવસો વીતતા ગયા તેમ બધુ શાંત પડતું ગયું.

## 49 દક્ષિણ ભારત ઝોનનાં ઐતિહાસિક નિર્ણયો

વર્ષ ૨૦૧૭થી અમુક પરિવારો સતપંથ સમાજ છોડી સનાતન સમાજમાં જોડાવા લાગ્યા. ધીમે-ધીમે આ પ્રવાહ વધવા લાગ્યો. સનાતન સમાજના મોવડી મંડળે સતપંથ સમાજના સર્વે સભ્યો એક સાથે સનાતન પ્રવાહમાં જોડાય એવી માંગ મૂકી. જેનો અમુક સનાતની સભ્યોએ મત આપ્યો કે જેઓ કટ્ટર સતપંથી છે એવા પરિવારો માટે થોડી રાહ જોવી જોઈએ. એ પ્રકારનો સુજાવ આપ્યો. પણ કોઈપણ કારણસર અગ્રણી ટીમને એ મંજૂર ન હતું. આ ઘર્ષણ ચરમસીમાએ પહોચ્યું. દક્ષિણ ભારતના કટ્ટર સનાતની વડીલોએ કેન્દ્રને આ બાબત મધ્યસ્થી કરવા જણાવ્યું. તે સમયના કેન્દ્રીય સમાજના પ્રમુખ શ્રી, ઉપપ્રમુખ શ્રી અને યુવાસંઘ પ્રમુખ શ્રી સહિત કુલ પાંચ સભ્યો મધ્યસ્થી માટે આવ્યા. મામલાને શાંત પાડવા અને સનાતની સમાજમાં એકબીજા સામે બાંયો ન ચડાવવાની સમજાવટ ભરી વાતો થઈ. સતપંથ સમાજમાંથી સનાતન સમાજમાં જોડાવા માંગતા સભ્યોને રોકવા ન જોઇએ એવી રજૂઆત થઈ. સૌ સભ્યોએ એ વાતને વધાવી લીધી.

ત્યારબાદની કારોબારી સભામાં ૧૦૦ રૂપિયાનાં સ્ટેમ્પ પેપર સાથે સમર્થન પત્ર પર સહી અને કચ્છ સમાજનો દાખલો રજૂ કરે અને નિર્ધારિત ફી ભરે એ પરિવારોને ૨૦૨૦ની ચેન્નાઇ ખાતેની વાર્ષિક સભામાં ભેળવી લેવાનો આખરી નિર્ણય લેવાયો. તેમજ જે કોઈ પરિવાર સમર્થન પત્રમાં જણાવેલ કોઈપણ નિયમોનું ઉલંઘન કરશે તો તે પરિવારને કોઈપણ સંજોગે દક્ષિણ ભારત સમાજના સભ્યપદથી બરતરફ કરવામાં આવશે એવો નિર્ણય મંજૂર થયો. આ સમર્થન પત્ર સાથે એક અગત્યનો નિર્ણય એ લેવાયો હતો કે ૨૦૨૦થી આગામી ૬ વર્ષ સુધી નવા જોડાયેલા સભ્યો દક્ષિણ ભારત ઝોન, ઘટક સમાજ, દક્ષિણ ભારત યુવાસંઘ, યુવા મંડળ, મહિલા મંડળ વગેરે કોઈ પણ સામાજિક સંસ્થામાં કોઈપણ હોદ્દા પર રહી શકશે નહિ.

આ નિયમોનું પાલન કરવાની બાહેંધરી સાથે ૧૪-જાન્યુઆરી-૨૦૨૦માં ચેન્નાઇ ખાતે યોજાયેલ પોંગલની વાર્ષિક સામાન્ય સભામાં ૧૪૦ પરિવારો સનાતન સમાજમાં જોડાયા હતાં.

નિયમોનું કડક પાલન થાય એ હેતુથી ઘટક ઝોન સમાજમાંથી સભ્યોની નિમણુક કરવામાં આવી અને એક સમિતિની રચના થઈ, આ સમિતિના સભ્યો આગામી ૬ વર્ષ સુધી જેઓ પણ નિયમોનું ઉલંઘન કરે તેની જાણ પુરાવા સાથે દક્ષિણ ભારત સમાજને કરે અને એ ઉલંઘન કરનાર પરિવાર પર જરૂરી કાર્યવાહી દક્ષિણ ભારત ઝોન કરે એવો ઠરાવ પાસ થયો હતો.

આજે દક્ષિણ ભારત ઝોનમાં અંદાજે ૧૫ થી ૧૭ પરિવારોને બાદ કરતા બાકી બધાજ સતપંથ છોડી સનાતની બની ગયા છે.

50

# G30 ઇન્ફ્રા એક વ્યવસાયિક સનાતની સંગઠન



લેખક: શ્રી અમૃતભાઈ પ્રેમજી ભાવાણી

આમ તો જૂથમાં ચાલતા અને ઊભા થતાં, ધંધાકીય સંસ્થાનો નાણા ઉપાર્જન માટે અને વિશેષમાં આર્થિક રીતે ભિન્ન કક્ષાના ઉધોગપતિઓ માટે હોય છે. પરંતુ, G30 ઇન્ફ્રાનો આરંભ કંઇક વિશેષ હેતુથી થયો છે.

આ કંપનીની રચનાનાં પાયામાં સામાજિક સબંધો અને મિત્રતાએ મોટો ભાગ ભજવ્યો છે. દક્ષિણ ભારત રીજિયનનાં અગ્રેસર કાર્યકર્તાઓએ પોતાની ટર્મમાં ખૂબ સારા કાર્યો કર્યા અને તેથી અનેક મિત્રોનો ભેટો થયો. પરંતુ, જેમ જેમ વય વધતી ગઇ, રીજિયનનાં કાર્યભારમાંથી નિવૃત્ત થતાં ગયાં અને એ વારંવાર મળતા રહેતા મિત્રો ધીરે ધીરે વિખૂટા પડવા લાગ્યા. નિવૃત્ત થતા સૌ મિત્રોના મનમાં પ્રશ્ન એક જ હતો, "ફરી ક્યારે મળશું..?"

સૌના મુંઝવતા આ પ્રશ્નનો જવાબ એટલે G30 ઇન્ફ્રા.

૨૦૧૫માં આવા જ એવા એક ઉત્સાહી પોંડિચેરીના મિત્ર નરસિંહભાઈ જબવાણીની દીકરીના લગ્નનાં શુભ પ્રસંગે DBRના અમુક મિત્રો જેવા કે જીતેન્દ્ર જાદવાણી, કાંતિભાઇ જાદવાણી અને રમેશભાઇ છાભૈયા સાથે મળ્યા અને જૂની વાતોને યાદ કરતા સહેજે વાત વાતમાં G30 ઇન્ફ્રાનું બીજ રોપાઇ ગયું. મિત્રો તો અવારનવાર મળતા રહેવા જોઇએ એવો ભાવ એક બીજાએ દર્શાવ્યો. એ મિત્રો પણ કેવા !! શુદ્ધ સનાતની ડાયનેમિક ટીમ.

ત્યારબાદ, કોડાઈકેનાલ ખાતે યોજાનાર DBRના "એક દૂજે કે લિયે" કાર્યક્રમની ગોઠવણી અર્થે ડીંડીગલથી કાર દ્વારા અમુક મિત્રોનું કોડાઈકેનાલમાં જગ્યાનું નિરીક્ષણ કરવા જવાનું થયું.

ડુંગર ચડતી વખતે ફરી પાછી મિત્રોની ચર્ચાઓ શરૂ થઇ. જ્યારે કાર્યક્રમનું સ્થળ નક્કી કરીને નીચે પરત ઉતરવાનું શરૂ કર્યું તેની સાથે એક વિચાર-એક આચારથી જેઓ સંગઠિત રહી શકે એવા સનાતની મિત્રોને ફોન પરથી આ વ્યવસાયિક સંગઠનમાં જોડાવા માટે ભાવ જગાડવામાં આવ્યો. આમ 30 સનાતની મિત્રોને ફોન દ્વારા સંગઠનમાં જોડવામાં સફળ રહ્યા. કોડાઈકેનાલનાં ડુંગરની નીચે પહોંચ્યા ત્યાં સુધીમાં તો સનાતની સંગઠન રૂપી કંપની ઊભી થઇ ગઇ.

આમ, એક વિચારધારા ધરાવતા મિત્રોના સંગઠનની પ્રથમ મિટિંગ માટે ચેન્નઈ નજીક ક્રોમ્પેટ (તામ્બરમ) સ્થળ નક્કી થયું. ક્રોમ્પેટની સરવના ભવન હોટેલ ખાતેની પ્રથમ મિટિંગમાં કંપનીનું નામકરણ કરવામાં આવ્યું, તેમાં ૩૦ મિત્રોનો ગ્રુપ હોવાથી "G30 ઇન્ફ્રા" નામ સૌની સહમતીથી નક્કી થયું. આ મિટિંગમાં વધુ પાંચ મિત્રો આ જૂથમાં જોડાવાના રહી ગયા હતા તેમને પણ સાથે લઇ કુલ ૩૫ જણાનું ગ્રુપ બન્યું. કંપનીનાં કાર્યો બાબતે ચર્ચા થઇ, તેમાં દરેક મિત્રોએ અમુક નિર્ધારિત રકમ કંપનીમાં જમાં કરાવવાની અને એ કુલ રકમ કંપનીનાં જ કોઇ એક અથવા બે જણાને વ્યાજ દરે આપવી, આવું કરવાથી દર છ મહિને એક બીજાને મળવાનો હેતુ પાર પડે એમ હતો.

## 50 G30 ઇન્ફ્રા એક વ્યવસાયિક સનાતની સંગઠન

સનાતની વિચારધારાને વળગેલા આ ૩૫ ધંધાર્થીઓનો એક મત એ પણ હતો કે સમાજમાં વિધર્મી પ્રભાવ વધે તો એકજૂટ થઇ આ સંગઠન સમાજના અન્ય સનાતની મિત્રોને સાથે રાખી સામનો કરશે. વ્યવસાયિક આ ગ્રુપનો આ એક મૂળભૂત એજન્ડા નોંધવામાં આવ્યો. સાથે સાથે સામાજિક કાર્યોમાં જ્યાં જ્યાં આર્થિક કે વ્યવહારિક જરૂર જણાય ત્યાં આ કંપની જરૂરી સહયોગ માટે ઊભી રહેશે એવો નિર્ધાર થયો. દક્ષિણ ભારત સમાજમાં ચાલી રહેલ આરોગ્ય નિધિ, શિક્ષણ નિધિ હોય કે સમૂહ લગ્ન હોય આ ગ્રુપના મેમ્બરનો ફાળો જરૂરથી હોય છે.

કંપનીની ઓફીસ ચેન્નાઇ ખાતે રાખવામાં આવી, સમય જતાં કડલુર નિવાસી રવાપર-નવાવાસ વાળા જીતેન્દ્ર જાદવાણીએ કંપનીને નાના પાયે રિયલ એસ્ટેટમાં ઉતારી, એક-બે-ત્રણ એમ નાના-નાના સાહસ સફળ થયા. મિત્રોનો ઉત્સાહ વધ્યો, મીટીંગોનો દોર શરૂ થયો. સાથે સાથે મિત્રો પોતાના ઘેર આવતા લગ્ન પ્રસંગો અને અન્ય શુભ પ્રસંગોએ કંપનીનાં સર્વે મિત્રોને આમંત્રિત કરવા લાગ્યા. મૂળભૂત કંપનીમાં અનૌપચારિક રીતે એક પરિવાર ભાવ જાગવા લાગ્યો. જેના થકી આ ગ્રુપના નેક્સ્ટ જનરેશનમાં પણ સામાજિક ભાવનાઓ વધારવામાં મદદ થઇ અને આ મિત્ર વર્તુળમાંથી ઘણા બધા નવા સંબંધો પણ જોડાયા. કંપનીના ભાગીદારની દીકરીનાં લગ્ન પ્રસંગે કંપની માંથી ભેંટ આપવાનું નક્કી થયું અને કંપનીનાં કોઈપણ સારા નરસા પ્રસંગે દરેક મિત્રોએ બનતા સુધી પ્રસંગમાં ઉપસ્થિત રહેવાની બાહેંધરી આપી.

કંપનીનાં નિર્ધારિત લક્ષ્યને પાર પાડવા બે મુખ્ય ટીમોની રચના થઇ, એક-જમીન ખરીદ વેચાણ નિર્ણાયક ટીમ અને બીજી-જરૂરી આર્થિક ફંડ ઉપાર્જન ટીમ. તેમની સાથે બેન્કિંગ અને એકાઉન્ટ ઓડિટ ટીમ પણ કાર્યરત થઇ. આ લખાય છે ત્યાં સુધી કંપની પોતાના નિર્ધારિત લક્ષ્યથી બે ડગલાં આગળ ચાલી રહી છે અને કંપનીના સંગઠનની સફળતામાં મિત્રોનો એક બીજા પર ભરપૂર વિશ્વાસ છે.

કેન્દ્રીય સમાજની કારોબારી મીટીંગ બેંગ્લોર મધ્યે મળેલ અને તેમાં સનાતની શતાબ્દી મહોત્સવના લોગોની ઉછામણી થઇ ત્યારે, 21 લાખ 15 હજારનો ફાળો આપીને આ ગ્રુપે શ્રી સમાજ માટેની ફરજ પણ અદા કરી અને ખરેખરા સનાતની સંગઠનની છાપ ઊભી કરી.

51

# કેસરી પત્રનું અમલીકરણ



લેખક: શ્રી અમૃતભાઈ પ્રેમજી ભાવાણી

વર્ષ 2010માં સનાતની ઝુંબેશને પ્રોત્સાહન આપવા અને મવાળવાદી પ્રવૃત્તિઓને દુર કરવા શ્રી સમાજ દ્વારા બહાર પાડવામાં આવેલ શ્વેતપત્રના આધારે દક્ષિણ ભારતના સ્થાનિક યુવા મંડળો દ્વારા પ્રથમ પ્રયાસ રૂપે કારોબારીમાંથી સતપંથીઓને બહાર કાઢવાનો નિર્ણય લીધેલ.

પરંતુ, તે સમયે દક્ષિણ ભારત રીજિયનનાં મહામંત્રી તરીકે રમેશભાઈ રામાણી જેઓ (તે સમયે, આજે નહીં) એક સતપંથી હતા. ઉચ્ચ હોદ્દા પર હોવાથી તેમનું વર્ચસ્વ વધુ હતું. તે સમયે તિરપુર ખાતે જનરલ સભાનું આયોજન હતું. તેમાં ચુંટણી પણ સામેલ હતી. પણ, માહોલ સનાતન અને સતપંથનાં વિચારોનાં ઘર્ષણથી ભર્યો હતો. તેથી, ચુંટણી મુલતવી રાખવી પડી અને ત્રણેક મહિના બાદ ચેન્નાઇ ખાતે યોજવાનું નક્કી કરવામાં આવેલ.

આ ત્રણ મહિનાના સમય દરમ્યાન દક્ષિણ ભારત રીજિયનનાં સનાતની મિત્રોએ કેન્દ્રીય યુવાસંઘ પાસે રજુઆત કરી કે, અમારા યુવાનોનું કહેવું છે કે શ્વેતપત્ર તો શ્રી સમાજે બહાર પાડેલ છે, આપણને તો યુવાસંઘ તરફથી કોઇ જ સૂચન નથી. તો આપણે શા માટે ઉતાવળ કરવી જોઇએ? આ પ્રશ્નના નિરાકારણ માટે કેશરીપત્રનો જન્મ થયો, અને 20-Jul-2010ના રોજ પૂરા ભારતમાં કેશરીપત્ર પ્રસારીત થયો.

ચેન્નાઇ ખાતે મિટીંગનો સમય થાય તે દરમ્યાન સનાતની મિત્રો સતત યુવાસંઘના સંપર્કમાં રહ્યા હતા, પરિણામે ચેન્નાઈનીએ મિટીંગમાં તે વખતના પ્રમુખ શ્રી જયંતિભાઇ રામાણી અને પૂર્વ પ્રમુખ શ્રી પ્રેમજીભાઈ કેશરાણીને બોલાવવામાં સફળ રહ્યા હતા. અને એક દિવસ અગાઉ અજ્ઞાત જગ્યાએ તે લોકો સાથે આગામી રણનીતિની ચર્ચા વિચારણા કરી શક્યા હતા.

મિટીંગના દિવસેજ પહેલું સત્ર કારોબારી સભાનું હતું. તેમાં તે સમયના મહામંત્રી શ્રી રમેશભાઈ રામાણીએ એક પત્ર રજુ કર્યો અને કહ્યું કે આપણે આનું વાંચન કરીએ. તો જવાબમાં તે સમયના સનાતની પ્રમુખ શ્રી રમણિકભાઈ એ કહ્યું કે રહેવા દો વાંચવાની જરૂર નથી. તો રમેશભાઈએ જણાવેલ કે મંડળના નામ ઉપર આવ્યો છે તો વાંચવો તો પડે ને, તો જવાબમાં પ્રમુખ શ્રીએ જણાવેલ કે એ પત્ર વાંચવો હોય તો આ પત્ર પણ વાંચો, કહીને કેશરીપત્ર હાથમાં આપવામાં આવેલ.

તે લોકોના પત્રનો ભાવાર્થ એવો હતો કે આપણે આપણું કરીએ, આપણી એકતામાં વિખવાદ થતો હોય તો આપણને શ્રી સમાજ કે યુવાસંઘની કોઇ જરૂર નથી વગેરે વગેરે... એટલે કે એકતા-સંપ-સંગઠનના ઓથા હેઠળ આપણી માતૃ સમાજ અને યુવાસંઘને તોડવાનું પ્રપંચ દેખાતું હતું. આવી રીતે લખાયેલ પત્રમાં તિરૂપુર, કાંચીપુરમ, શેગોટ્ટા અને કેરલા ઝોનના હોદ્દેદારોએ સાઈન કરેલ હતી. પણ કેશરીપત્રની સામે આ પત્ર ટકી શક્યો નહીં અને ધરાશયી થયો. સનાતની ડંકો કાયમ રહ્યો.

તે વખતે સનાતનીઓનો જનઆક્રોષ ચરમસીમાએ હતો, તેથી સામે પક્ષે વગર લડયે હથિયારો હેઠે મુકવાં પડયાં હતાં. આમ, કેસરી પત્રનું અમલીકરણ ભારતભરમાં સર્વપ્રથમ દક્ષિણ ભારતમાં થયું.

52

# સાબર : સનાતન જાગૃતિના અનોખા કાર્યો....

(સંકલન : ડો. વસંત ધોળુ)



શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું ઉત્તર અને દક્ષિણ સાબરકાંઠા ઝોન સમાજ અને યુવાસંઘનું સાબર રીજીયન એટલે આપણી સમાજની કચ્છ પછી સૌથી વધુ વસ્તી ધરાવતો પદેશ. જેને બીજા કચ્છ તરીકે પણ ઓળખવામાં આવે છે. અહી સંપૂર્ણ સાબરકાંઠા, અરવલ્લી જીલ્લો અને બનાસકાંઠા, મહેસાણા, ગાંધીનગર, ખેડા, મહીસાગર જીલ્લાના મુખ્યત્વે ખેતી સાથે સંકળાયેલ પ્રદેશો એમ સાત જીલ્લાના 350 ઉપરાંત કંપા/ગામો કે ફાર્મ અને 8 વિભાગીય સમાજોનો સમાવેશ થાય છે. ટૂંકમાં કહીએ તો કપડવંજથી અમીરગઢ અને વિજયનગર થી ગાંધીનગર સુધીના વિસ્તારમાં સનાતની સંગઠનની મિશાલ કાયમ કરતો વિસ્તાર એટલે સાબર. અતિતની અટારીએથી જોઈએતો સનાતન ધર્મ માટે આ વિસ્તારના વડીલો અને યુવાઓનું પદાર્પણ અનોખું અને સવિશેષ રહેલ છે.

**<u>સાબરકાંઠાના વડીલોએ કુળદેવી શ્રી ઉમિયા માતાજી મંદિર, વાંઢાય નિર્માણનો વિચાર અને પાયો નાખ્યો</u>**

વિક્રમ સંવત ૨૦૦૦ના કારતક વદ ૧૪ના દિવસે રામપુરા કંપા (હાલનું અણીયોર કંપા)માં વડીલ હંસરાજ નારણ પોકારના અધ્યક્ષ સ્થાને આયોજિત "શ્રી વિજય મંડળ સંસ્થાની જનરલ સભામાં કચ્છ વાંઢાયના સંત શ્રી સાધુ દયાળદાસ (શિષ્ય ગુરુ પૂ. ઓધવરામ શિષ્ય ગુરુ પૂ. લાલરામ મહારાજ)ના સનાતન ધર્મ અંગેના પ્રવચનથી પ્રેરાઇને સાબરકાંઠાના મોતેસરી કંપાના વડીલ હરિભાઇ કરમશીભાઇ ભાવાણીએ આપણા કેન્દ્રસ્થાન અને માતૃભૂમિ એવા કચ્છ – ઇશ્વર નગર વાંઢાય ખાતે કુળદેવી ઉમિયા માતાજીના મંદિર નિર્માણનો પ્રસ્તાવ મુકેલ. જેને આઠ દિવસ બાદ બોરડીટીંબા કંપા ખાતે યોજાયેલ ત્રિ દિવસીય સામાજિક સભા જે આ વિસ્તારના સનાતાનીઓ માટેના અધિવેશન સમાન હતી. જેમાં સૌ પ્રથમ જ્ઞાતિના રીતરીવાજો બનાવવામાં આવ્યા. આ સભામાં વાંઢાય ખાતે ઉમિયા માતાજી મંદિર નિર્માણના પ્રસ્તાવને સૌએ સ્વીકાર્યો. જેથી અંતરની લાગણીને સૌએ વધાવતાં દાનવીર હરિભાઇએ સ્વેચ્છાએ રૂ.૧૦૦૧ અર્પણ કરી સનાતની દાયિત્વ અદા કરેલ. આ સભામાં ઉપસ્થિત અન્ય સમાજજનોએ પણ દાન નોધાવતાં કુલ રૂ. ૧૪૮૯નું દાન મળેલ. વધારાની માહિતી આ પુસ્તકના ખંડ 1ના પોઈન્ટ 150.23 અને 150.24માં આપેલ છે.

**આમ, સાબરકાંઠા વિસ્તારના ભાઈઓ દ્વારા ૧૯૩૮માં સ્થપાયેલ સનાતની કેન્દ્રીય સમાજ રચનાને શ્રી ઉમિયા માતાજી મંદિર નિર્માણના વિચાર અને આર્થિક અનુદાન દ્વારા બળ પૂરું પાડી સનાતની વિચારધારાના અમલીકરણ માટે અન્ય વિસ્તાર માટે પ્રેરણાદાયી કાર્ય કરેલ.**

**<u>જ્ઞાતિનું સૌ પ્રથમ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ પાનમૂર્તિ મંદિર સ્થાપના</u>**

જ્ઞાતિને પુનઃ સનાતન ધર્મમાં પરત લાવવા માટે ચાલી રહેલ સનાતન ધર્મ જાગૃતિ ચળવળમાં સાબરકાંઠા વિસ્તારની ભૂમિકા પણ અગ્રેસર રહેલ છે. તે સમયે પૂ. સંતશ્રી ઓધવરામ મહારાજના આશીર્વાદ અને માર્ગદર્શનથી મુંબઈ સ્થિત પૂ. રતનશી ખીમજી ખેતાણી, નારાયણ શિવજી નાકરાણી, શિવદાસ કાનજી નાકરાણી (વિરાણી મોટી) અને રાજારામભાઈ શામજી ધોળુ(માનકુઆ)ના પ્રયત્નોથી જ્ઞાતિનું સૌ પ્રથમ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના

**પાનમૂર્તિ મંદિરની સ્થાપના** સંવત ૧૯૮૪ના બીજા શ્રાવણ સુદ-૧૧ને શનિવાર તા.૨૬.૦૮.૧૯૨૮ અત્રેના **બોરડીટીંબા કંપા** ખાતે થયેલ. ત્યાર બાદ તખતગઢ, રામસી કંપા, મગનપુરા કંપા, હીરાપુર કંપા, માધવ કંપા, અમીનપુરા લાટ, ગોટાડી લાટ, મગનપુરા લાટ, મોતેસરી, ખરોડ કંપા (રણજીતપુરા), નવાનગર વગરે સ્થળે **ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના પાનમૂર્તિ અને મૂર્તિ પ્રતિષ્ઠા મંદિર સ્થાપિત કરીને સનાતની ચેતનાની જ્યોત પ્રજ્વલિત કરેલ છે.**

## <u>યુવાસંઘ સાબર રીજીયનનો સનાતની ટંકાર...</u>

કેન્દ્રીય સમાજના શ્વેતપત્ર અને યુવાસંઘના સનાતની અભિગમ પછી નખત્રાણા ખાતે સાબરના યુવાઓ દ્વારા રજુ થયેલ સ્વર્ણિમને સથવારે... નાટ્ય કૃતિ તેમજ સમજે પાટીદાર, સનાતન ધર્મ જાગૃતિ સભાઓ વગેરેમાં યુવાઓની સક્રિય સામેલગીરીના લીધે યુવાસંઘ સાબર રીજીયનને અનેક આક્રમક વલણ ધરાવતા યુવાઓની સનાતની બ્રિગેડ પ્રાપ્ત થઇ.

## <u>સમજે પાટીદાર</u>

કેન્દ્રીય સમાજ દ્વારા શ્વેત પત્ર પ્રસિધ્ધ થયા સાબરકાંઠા વિસ્તારના જ્ઞાતિજનોમાં સનાતની જુસ્સાને વધુ બળવત્તર બનાવવા કેન્દ્રીય સમાજના ઉત્તર (નરસિંહભાઈ રામાણી-પ્રમુખ) અને દક્ષિણ સાબરકાંઠા(પૂનમભાઈ ધોળુ-પ્રમુખ) ઝોન અને યુવાસંઘ સાબર રીજીયન(સૌરભ રામાણી-ચેરમેન)ના સંયુક્ત ઉપક્રમે હિમતનગર મુકામે ૮૦૦૦કરતાં વધુ જ્ઞાતિજનોની વિશાળ જનમેદનીની ઉપસ્થિતિમાં **"સમજે પાટીદાર તો વિકસે પાટીદાર"** ના બેનર તળે યોજાઈ. જેમાં કેન્દ્રીય સમાજ પ્રમુખશ્રી રામજી નાકરાણી અને શિર્ષ નેતૃત્વ, ઊંજા ઉમિયા માતાજી સંસ્થાનથી કેશવલાલ શેઠ અને મણીભાઇ મમી, તેમજ હિમંતભાઈ ખેતાણી, રમેશભાઈ વાઘડીયા અને પ્રેમજીભાઇ કેશરાણી જેવા અનેક પ્રખર સનાતની વક્તાઓની તેજાબી વાણીએ કંપા વિસ્તારના સનાતનીઓના દિલ જીતી લીધા હતા. આ સભામાં ૫૫ જેટલા ટોચના સમાજ અગ્રણીઓની સૂચક હાજરીએ પીરાણાપંથીઓમાં ફફડાટ ઉભો કરી દીધેલ. સાથે સાથે માનવતા વાદી અને સમરસતાની ઢીલી વિચારધારા વાળા સમાજજનોમાં સનાતની મજબૂતાઇ બળવત્તર બનવાની સાથે કેન્દ્રીય સમાજના અભિગમ સાથે દિલથી જોડાણ થયું.

**આમ, સાબરકાંઠા કેન્દ્રીય સમાજના શ્વેતપત્રના ચુસ્ત અમલીકરણ માટેના ઠરાવો પસાર કરનાર ભારતનો પ્રથમ વિસ્તાર બન્યો. આ સભાથી મવાળોમાં ફફડાટ ફેલાઇ ગયેલ અને સાબરકાંઠાના યુવાઓમાં નવી સનાતની ક્રાંતિના બીજ રોપાયાં.**

## <u>કર્તવ્ય દર્શન</u>

યુવાસંઘ ટીમ સાબર રીજીયન દ્વારા સનાતની કાર્યો ફૂલ સ્પીડમાં ચાલી રહ્યા હતા, તેમાં ક્યાંક ક્યાંક પીરાણા પંથીઓ કરતાં મવાળવાદી વિચારધારા ધરાવતા મૂળ સનાતનની વડીલો સ્પીડ બ્રેકર બની વધુ મુશ્કેલી ઉભી કરતા હતા. તેઓની પીરાણાપંથીઓ તરફની કુણી લાગણી કે જાહેરમાં ખુલ્લા ન પડવું કે કોઇ રાજકીય લાભ માટે કે પછી પોતાની સીટ ટકાવી રાખવા ઢીલું વલણ અખત્યાર કરતા હતા. આ વડીલોમાં સનાતનની વિચારધારાને પુનઃ જાગૃત કરી તેઓનું સનાતની સત્વ સમાજ માટે ઉપયોગી થાય તે હેતુસર અયોધ્યા ધામ - સુંદરપુરા ખાતે યુવાસંઘના **"શરમાળ સસલાને સાહસિક સિંહ બનાવીએ અને મવાળને મર્દ બનાવીએ"**ના સ્લોગન હેઠળ **"કર્તવ્ય દર્શન"**

કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. ગામે ગામની દરેક સમાજના પ્રમુખ-મંત્રીઓ, વિભાગીય સમાજોના સૌ હોદ્દેદારોને આ મિટિંગમાં ખાસ ઉપસ્થિત રહે તે મુજબનું આયોજન કરેલ. જેમાં કેન્દ્રીય યુવાસંઘ અને કેન્દ્રીય સમાજના નેતૃત્વએ માર્ગદર્શન પૂરું આપેલ.

**આમ, આ કર્તવ્ય દર્શન કાર્યક્રમથી સાબરના સૌ વડીલોમાં પુનઃ સનાતની ચેતનાનો સંચાર કરી કેન્દ્રીય સમાજ સાથે એકરૂપ થઈ આ વિસ્તારને સંતશ્રી દયાલ દાસજી અને પૂ. ઓધવરામજી મહારાજે કંડારેલ સનાતની કેડી પર પથ સંચલન કરી કર્તવ્ય દર્શન દ્વારા મવાળવાદી વલણ ત્યજી પુનઃ કટ્ટર સનાતનની વિચારધારામાં પરિવર્તિત કરવામાં સફળતા મળેલ.**

## મોદ પરિષદ - સંપર્ક યાત્રાઓ : જન જનમાં સમાજ ભાવના પ્રગટાવી

2012માં ટીમ સાબર દ્વારા ડો. વસંત ધોળુના નેતૃત્વમાં મિશન ચેરમેન ભરત સુરાણી અને ચીફ સેક્રેટરી જીતેન્દ્ર દિવાણીના કર્મઠતાથી કેન્દ્રીય સમાજ, યુવાસંઘ દ્વારા થઇ રહેલ સંગઠન અને વિકાસ કાર્યોની જાણકારી તેમજ સનાતન જાગૃતિ માટે તમામ કંપા અને શહેરમાં વસતા પ્રત્યેક યુવાઓ, વડીલો, મહિલાઓ સુધી પહોચાવનું નક્કી કર્યું.

આ માટે કોઈપણ જગ્યાએ ખોટો ખર્ચ ના થાય, વધુ સમય ના બગડે, સ્વાગત-સન્માનને ટાળવું અને ફક્ત પ્રકાશ-પાણી અને પાથરણું જ જોઈએ તેવા આત્મીય ભાવ સાથે એક નવતર પ્રયોગ કર્યો. જેમાં **"ના માળા, ના માઈક, ના મંચ"** સાથેની સનાતની દિલ જીતવા માટેની સભાઓ યોજવામાં આવી. જેમાં મોટાભાગે પાથરણા તરીકે ખાતરની ખાલી થેલીઓથી ખેડૂતોએ બનાવેલ મોદ (ચટ્ટાઈ) વાપરવામાં આવતી. જેના પર બેસીને સૌ સાથે રચાણના સ્વરૂપમાં વાતો કરી. તેથી આ સભાઓને **"મોદ પરિષદ"** તરીકે ઓળખવામાં આવી. લોકો સાથે બેસવાથી જે પરિણામ મળ્યું તેના માટે કોઈ શબ્દો નથી. આમ, સાબરની મોદ પરિષદ પુરા ભારતમાં પ્રચલિત થઈ અને એક પ્રકારે સનાતની સંપર્ક યાત્રા સાબિત થઇ.

## પ્રથમ સનાતની ક્રિકેટ –વોલીબોલ મહોત્સવ

સમાજના યુવાનોમાં ક્રિકેટ રમત પ્રત્યેનો લગાવ જોતા તેઓ પીરાણાપંથીઓ દ્વારા સમાજને પડતી મુશ્કેલીઓ બાજુમાં મુકીને રમતમાં કણબી તરીકે સતપંથ - સનાતનનો ભેદ ભૂલી ઉનાળામાં લાંબા સમયના નાઈટ ક્રિકેટના મિક્સ આયોજન થતાં. યુવાસંઘ સાબર રીજીયન દ્વારા સનાતન મોહિમને ધ્યાનમાં રાખી આવા આયોજનો ફક્ત સનાતાનીઓ માટે થાય તેવું આયોજન વિચાર્યું.

ટીમે આ ક્રિકેટ રસિયા યુવાનોને પ્લેટફોર્મ આપવાનું કાર્ય કર્યું. જેની **શરૂઆતમાં તખતગઢ અને ખેરોજ કંપાએ સહકાર આપી નક્કી થયેલ કે મિક્સમાં શરુ થઇ ગયેલ આયોજન બંધ રાખી અને ફક્ત સનાતન સમાજ સાથે સંકળાયેલ અને યુવાસંઘ ફેમિલી આઈડી ધરાવતા મિત્રો માટેના પુનઃ આયોજન કરી યુવાસંઘ ટીમનો જુસ્સો વધાર્યો.** ત્યાર બાદ યુવાસંઘ સાબર રીજીયન દ્વારા દરેક વિસ્તારમાં એક સાથે અસંખ્ય ક્રિકેટ મહોત્સવનું આયોજન કર્યું, જેમાં પીરાણાપંથી યુવાઓને દૂર રાખ્યા.

આજ પ્રકારે સનાતની રાત્રી વોલીબોલ ટુર્નામેન્ટનો પ્રારંભ ઈશ્વરપુરા કંપાથી કરવામાં આવેલ. રમશે **સનાતની... જીતશે સનાતની... બંધુત્વની સાંકળથી બંધાશે સનાતની...** ના નારા સાથે દરેક રમતો દ્વારા યુવાઓ સાથે દાતાઓમાં પણ સનાતની સંસ્કરણ થવા લાગ્યું.

**આમ, રમત-રમતમાં યુવાનોમાં સનાતની ચેતનાના દીપ પ્રચલિત થવા લાગ્યા અને ધીમે ધીમે ફક્ત સનાતાનીઓ માટેના વિવિધ કાર્યક્રમોથી દરેક યુવાઓમાં સનાતનની કટ્ટરતા આત્મસાત થઈ.**

## સ્નેહ ગાંઠ : વિદ્યાર્થીઓમાં સનાતની સંસ્કરણ

**ધોરણ 12 કે કોલેજમાં અભ્યાસ કરતા સનાતની વિદ્યાર્થીઓનો યુવા મેળો એટલે "સ્નેહગાંઠ".** આવતીકાલે સમાજનું સુકાન સંભાળવાના છે અને જેઓ પોતીકા સનાતન ધર્મ માટે પીરાણાપંથીઓ સાથે વડીલોના સંઘર્ષની ગાથાથી અજાણ છે, તેઓમાં સનાતનની ચેતના જગાવવા માટે દર વર્ષે જાન્યુઆરી માસના પ્રથમ રવિવારે સર્વ સનાતની દીકરા-દીકરીઓના મિલનને સ્નેહગાંઠ તરીકે ઉજવવાનું નક્કી કર્યું અને મિક્સમાં યોજાતી કેકેપી પિકનિકને બંધ કરાવી.

આ કાર્યક્રમમાંથી પણ પીરાણાપંથી કોલેજીયન દુર રાખવા **દરેક શાળા-કોલેજોમાં "સનાતન વિદ્યાર્થી સંઘ"નું સનાતની સંગઠન ઉભું કરી તેને યુવાસંઘની ૧૪મી થીમ તરીકે માળખામાં સામેલ કર્યું.** આમ કોલેજમાં ભણતા યુવાઓને યુવાસંઘ દ્વારા સ્ટેજ અને કાર્યક્રમની મુક્તતા આપવામાં આવતા તેઓ અભ્યાસ સાથે સાબરની ટીમમાં લીડર તરીકે જોડાવા લાગ્યા.

**આમ, આ સ્નેહગાંઠથી કેન્દ્રીય સમાજ અને અને યુવાસંઘની સનાતનની વિચારધારાને જબરદસ્ત વેગ મળ્યો. વિશેષમાં આ કાર્યક્રમથી ઉંમરલાયક સનાતની દીકરા-દીકરીઓ સાથે કાર્યક્રમ કરતા હોઈ કેટલેક અંશે સગપણની સમસ્યાનો પણ ઉકેલ જાણવા મળ્યો અને પીરાણાપંથમાં વેવિશાળ થતાં અટક્યાં.**

## દાંડિયા કાર્નિવલ : યુવાઓ બન્યા સનાતની ખેલૈયા

આપણી સમાજના યુવાઓમાં નવરાત્રી મહોત્સવનો અનેરો ઉત્સાહ હોય છે. જેને પારખીને ટીમ યુવાસંઘે વેબકોમ, યુવા ઉત્કર્ષ, સામાજિક આધ્યાત્મિક અને મેટ્રીમોનીયલ સમિતિ દ્વારા નવરાત્રી બાદ આખા રીજીયનના સનાતની યુવા દીકરા-દીકરીઓ માટે અલાયદો દાંડિયા કાર્નિવલ યોજીને **સનાતનની વિચારધારાને કાયમ કરવાનો અને સંગઠન મજબુત બનાવવાનો સ્તુત્ય પ્રયાસ કરેલ. સમય જતાં આ આયોજનો વિભાગ પ્રમાણે પણ થવા લાગ્યાં. આ આયોજનથી પીરાણાપંથી કંપાઓ કે જ્યાં માતાજીનું નામ કે સેવા ફક્ત બાહ્ય દેખાવ પુરતી કરતા તેઓએ પણ હિંદુ શાખ જાળવવા ગામમાં નવરાત્રીના આયોજનો શરુ કર્યા.**

## પંચામૃત : બાળકોમાં પ્રવૃત્તિ સાથેનું સનાતની રસપાન

**સમાજના ૧૮ વર્ષ સુધીના બાળકોમાં પણ સનાતની વિચારધારાના બીજ રોપાય અને બીજા સનાતની બાળકો સાથે દોસ્તી નિર્મિત થાય અને તેઓમાં સાહસ, સૌમ્યતા, સાહસિકતા, સંસ્કારીતા અને સંગઠિતતાના ગુણો પ્રજવલિત કરવાનો પ્રયાસ એટલે "પંચામૃત".** આ પાંચ દિવસીય કાર્યક્રમો વિવિધતા ભર્યા કાર્ય કરાવવામાં આવતા અને અહી પણ ફક્ત સનાતનનીઓને જ પ્રવેશ આપવામાં આવતો હોઈ **પીરાણાપંથી પરિવારના નાના**

**બાળકો આવા અદભુત કાર્યક્રમથી વંચિત રહેતા તેઓ પોતાના વડીલોની વિચારધારા સામે પ્રશ્નાર્થ ચિન્હો ઊભા કરતા થઇ ગયેલ અને તેઓના માનસ પટમાં "સનાતન વિચારધારા" માટેની નાનકડી તિરાડ દ્વારા પુનઃ સનાતન જાગૃતિના આશાવાદનું વાવેતર થયું.**

## YSK (યુવા સુરક્ષા કવચ) : સાબરે આ યોજનાને આપ્યું જીવતદાન

શ્રી સમાજના આશીર્વાદથી કેન્દ્રીય યુવાસંઘ દ્વારા ચાલી રહેલ યુવા સુરક્ષા કવચ યોજના 900 આસપાસ સભ્ય સંખ્યાએ થોભી ગયેલ. ત્યારે 2012માં ટીમ સાબરે આ યોજનાને ઘર-ઘર સુધી પહોંચાડવાની નેમ લીધી. પરંતુ, તે વખતની કેન્દ્રીય ટીમ દ્વારા નાશિક ખાતે યોજાયેલ મીટીંગમાં આ યોજનાને બંધ કરવા માટેની ગતિવિધિ આરંભાઇ અને આ યોજનાની પુનઃ સમીક્ષા માટે એક ટીમની રચના કરવામાં આવી. ટીમ સાબર અને કચ્છે કેન્દ્રીય નેતૃત્વને ત્યાં સુધી કહી દીધેલું કે આ યોજના સાબર અને કચ્છ અલાયદી રીતે ચલાવશે બંધ કરવાની કોઈ જરૂર નથી. તેમાં દક્ષિણ મહારાષ્ટ્ર ગોવા રીજીયનની ટીમે પણ ખુબ મોટો સહકાર આપ્યો અને જોત જોતામાં આ યોજનાનો પ્રથમ પડાવ 2500 સભ્ય સંખ્યાનો પૂર્ણ કર્યો. આમ, ડો. વસંત ધોળુ(સાબર), પ્રવિણ ધોળુ(કચ્છ) અને રવિ ધોળુ (ડીએમજી)ની ત્રિપુટીએ ભારતભરમાં આ યોજનાને ઘર ઘર સુધી પહોંચાડવાના અદભુત કાર્યમાં અન્ય રીજીયન પણ જોડાયા અને યોજના પુરપાટ ઝડપે ચાલવા લાગી. આખરે સમિક્ષા માટેની સમિતિએ પણ યોજનાને ચાલુ રાખવા માટેનો રિપોર્ટ આપ્યો.

આમ, "અપને લીએ નહિ... લેકિન અપનો કેલીએ" ની YSK યોજના સમાજ માટે આદર્શ બની ગઇ. સમય જતાં યોજનાને રીજીયન લેવલે વેગ આપનાર મિત્રોએ કેન્દ્રીય નેતૃત્વની જવાબદારીમાં આવતાં ભારતભરના તમામ જ્ઞાતિજનોનો અદભુત સહકાર મળ્યો અને આ યોજના અત્યારે 43,000+ સભ્ય સંખ્યાએ પહોંચી ગઇ છે અને રૂ. 40 કરોડ ઉપરાંતની સહયોગનિધિ દિવંગત સભ્યોના પરિવારજનોને આપીને કૃતજ્ઞતા ભાવ વ્યક્ત કર્યો છે.

વિશેષમાં યોજના અન્ય સમાજઓએ પણ સ્વીકારી અને તેઓના સમાજમાં શરૂ કરી. કડવા પાટીદારોની વૈશ્વિક સંસ્થા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશને પણ "ઉમાછત્ર"ના નામથી આ યોજના સમગ્ર પાટીદારો માટે શરૂ કરી યોજનાની મહત્તા સાબિત કરી છે. **આમ, આપણી યુવા સુરક્ષા કવચ YSK યોજના પુનઃ ધબકતી કરવામાં સાબર ટીમે પાયાના પથ્થરની ભૂમિકા ભજવી છે**

## અમીરગઢ : સનાતની સમાજ નિર્માણ

કેન્દ્રીય સમાજના શ્વેતપત્ર બાદ સાબર રીજીયનના યુવાનો દ્વારા અમીરગઢ વિસ્તારમાં રહેતા શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજના યુવા મિત્રોનો સંપર્ક સાધવામાં આવેલ અને તેઓ સાથે આ બાબતની વિગતે ચર્ચાઓ કરી. ત્યાંના વડીલો અને યુવાઓએ કેન્દ્રીય સમાજના આદેશ અનુસાર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ અમીરગઢ વિભાગની સ્થાપના કરવા માટેનું મન બનાવ્યું. યુવા ટીમે રાત્રિ બેઠક યોજી અમીરગઢ યુવા મંડળના પીરાણાપંથી સભ્યોનું સંયુક્ત ભંડોળ અને અન્ય બાબતોની સભ્ય સંખ્યા મુજબ વહેંચણી કરવામાં સહકાર આપી, સનાતની સૂરજના અજવાળા પાથરવાનો પ્રયાસ કરેલ. શ્વેતપત્ર પછી ભારતમાં સૌ પ્રથમ તા. ૧૫.૦૨.૨૦૧૧માં અમીરગઢ પીરાણાપંથીઓથી એક જ બેઠકમાં જુદી પડી શુધ્ધ સનાતની સમાજ બની.

**આમ, આ આંતરિયાળ વિસ્તારમાં રહેતા ૭૦૦ જેટલા સભ્યોની સનાતન સમાજ અને સનાતન યુવા મંડળની રચના થઈ. આ વિસ્તારની આ સનાતની સમાજના દરેક સભ્યો કેન્દ્રીય સમાજના આજીવન સભ્યો છે જે કદાચ ભારતમાં પ્રથમ ઘટના હશે. સાથે સાથે કેન્દ્રીય સમાજની દિવાળી બોણી સહિતની દરેક યોજનાઓમાં ૧૦૦% સાથ સહકાર આપી રહ્યો છે. સાબર ઝોન અને રીજીયનમાં આ વિસ્તાર દાનમાં પણ હમેશા મોખરે હોય છે.**

## સનાતન મેડીકોઝની રચના

કેન્દ્રીય સમાજના શ્વેતપત્ર અને પંચમ અધિવેશન બાદ સમાજના સૌ બૌધીકોને ઝોન અને રીજીયન દ્વારા સનાતની મોહિમમાં સહકાર આપવા અપીલ કરતાં સૌ સનાતની ડોક્ટર મિત્રો તલોદની ટ્રીનીટી સ્કૂલ ખાતે પ્રિ. આર.એલ. પટેલ અને ડો. વસંતભાઈ ધોળુ (તલોદ), વસંતભાઈ લીંબાણી (મોડાસા) અને ઝોનના હોદ્દેદાર મિત્રોની હાજરીમાં એક મિટિંગ બોલાવવામાં આવી. ચર્ચા વિચારણામાં સૌ ડોકટર મિત્રોને સનાતની કર્તવ્ય નિભાવવા અને કેન્દ્રીય સમાજની વિચારધારાને ટેકો આપવા માટે આહવાન કરવામાં આવ્યું. સૌ સનાતની ડોક્ટર મિત્રો વતી ડો. અમૃતભાઈ ધોળુ અને ડો. સી. ડી. પટેલ (હિમતનગર), ડો. હરિભાઈ પટેલ અને ડો. ગોવિંદભાઈ રંગાણી (મોડાસા), ડો. શાંતિલાલ પટેલ (ધનસુરા), ડો. અનિલભાઈ અને જીતુભાઈ (તલોદ), ડો. વિઠ્ઠલ ભાવાણી (નરોડા) અને બીજા અનેક યુવા **ડોક્ટર મિત્રોએ "સનાતન મેડીકોઝ"ની સ્થાપના કરવાનું અને યોજાનાર મેડિકોઝ મિલન જે સતપંથ - સનાતનના વિવાદ વગર વર્ષોથી દર બે વર્ષે ઉજવાતું હતું તે બંધ કરીને ફક્ત સનાતન મેડિકોઝના બેનર હેઠળ યોજવાનું નક્કી કર્યું.** તે માટે યુવાસંઘનો સહયોગ પણ માંગ્યો અને યુવાસંઘની હેલ્થ સમિતિ સાથે રહી કાર્યમાં સહકાર આપવાનું પણ નક્કી કર્યું.

**આ રીતે "સનાતન મેડિકોઝ"નું પ્રથમ સ્નેહ મિલન "સ્પંદન-૧"ના નામે સુરત કેન્દ્રીય સમાજની સતરાવાળા ઉમા વિદ્યાપીઠ ખાતે યોજાયુ.** ત્યારબાદ બીજું મિલન મુંબઈના ડોમ્બીવલી ખાતે, ત્રીજું વડતાલ ખાતે, ચોથું ભુજ ખાતે અને પાંચમું મિલન ગીયોડ- સાબરકાંઠા ખાતે યોજાયું.

**છેલ્લા દાયકાથી સનાતન મેડીકોઝના ડોક્ટર મિત્રોએ સેવા સાથે યુવાસંઘમાં હોદ્દેદાર તરીકે પણ ભૂમિકા નિભાવી કેન્દ્રીય સમાજને ખૂબ મોટું યોગદાન આપ્યું છે. તેઓએ જ્ઞાતિજનો માટે કેટલાય કેમ્પોનું પણ આયોજન કરેલ છે. આ તબક્કે સૌ બૌદ્ધિક ડોકટર મિત્રોને વંદન સહ અભિનંદન કરીએ છીએ.**

**સનાતન મેડીકોઝ રચાયા બાદ યુવાસંઘની સક્રિયતાથી સનાતન એજ્યુકોઝ, સનાતન CA/CS, સનાતન એડ્વોકેટ્સ જેવા વિવિધ સંગઠનો સમાજના વિકાસમાં અહમ ભૂમિકા ભજવી રહ્યા છે.**

## ઊંજા પીળી પત્રિકા : આપ્યો સનાતની લડતનો અણસાર

ઊંઝા ખાતે ભારતના તમામ ઉમિયા માતાજી મંદિરના સંચાલકોની એક મિટિંગમાં યોજાયેલ. જેમાં પીરાણાપંથીઓ પણ આવેલ હતા. જેઓ દેખાવ પૂરતા જ માં ઉમિયામાં આસ્થા ધરાવતા હોવાનો ડોળ કરતા હતા જે જગજાહેર થઈ ગયું હતું છતાં પણ, ઊંઝાના મોવડીઓ સમક્ષ વારંવાર રજૂઆત છતાં પણ સતપંથ તરફ તેમનું વલણ કુણું રહેતું. જે સનાતન મુમેન્ટને અસર કરતું હતું. આ બાબતને પારખીને એ મિટિંગમાં મુંબઈથી હિમતભાઈ ખેતાણી, પ્રેમજીભાઈ કેસરાણી અને ચંદ્રકાંતભાઈ છાભૈયાની ટીમે કેટલાક મિત્રોને ઊંઝા આવવાનું જણાવતાં બીજા દિવસે ટીમ સાબર સાથે દરેક વિભાગના યુવાઓ અને વડીલો એમ 50 જેટલા સનાતની મિત્રો પહોંચી ગયા.

પીરાણાપંથીઓ ખરેખર ઉમિયા માતાજી પ્રત્યે કેવા શબ્દો વાપરે છે અને કઈ રીતે તેને માની રહ્યા છે તેનો પર્દાફાસ કરતી એક પીળા રંગના કાગળમાં છપાયેલ "પીળી પત્રિકા"ને આ સભા શરૂ થાય તેના પહેલા દરેક મિત્રોના હાથમાં ફટાફટ પકડાવી દીધી. જેથી ભારતભરના મંદિર સંચાલકોમાં પીરાણાપંથી તરફ ઉંઝાના મિત્રોનું વલણ સૌના આક્રોશનું કેન્દ્ર બન્યું.

**જેથી સભાના પૂર્ણ થયા બાદ સનાતની મિત્રો સાથે અલાયદી મીટીંગ કરી તેઓની વાતને સમજી અને અનુમોદન આપી તેઓ સામેની કાર્યવાહી માટે સહમત થયા. સમય જતાં ઉમિયા માતાજી સંસ્થાન-ઊંજાએ બંને સમાજ વચ્ચે મધ્યસ્થી કરી પીરાણા બાબતે ચુકાદો આપી સતપંથ સમાજને મોટા સમુદાયમાં ભળી જવા આદેશ કર્યો. જેની સવિસ્તર વિગત સતપંથ છોડો પુસ્તકમાં આપેલ છે.**

## અતિથી દેવો ભવઃ કચ્છ – કંપા વચ્ચેની આત્મીયતાનો સેતુ

ભારતભરમાં કેન્દ્રીય યુવાસંઘ દ્વારા પુના, ગાંધીનગર, સુરત અને હૈદરાબાદ ખાતે યોજાયેલ યુવા ઓલિમ્પિક રમતોત્સવ બાદ પંચમ યુવા ઓલિમ્પિક્સ સાબર સ્ટેડિયમ, હિમતનગર ખાતે ખાતે યોજવાનું નક્કી થયું.

ખેતી સાથે સંકળાયેલ કંપા વિસ્તાર કચ્છ સાથે સંકળાયેલ ભારતભરમાં રહેતા અન્ય મિત્રોથી ક્યાંક જુદો પડતો હતો. કારણ કે, તેઓનું કચ્છ ખાતે હાલ કોઈ રહેઠાણ કે સગા સંબંધીઓ ઓછી માત્રામાં હતા. જેથી કચ્છ સાથેનો લગાવ ફક્ત કેન્દ્રીય સમાજ કે યુવાસંઘની મિટિંગ પૂરતો સીમિત થઇ ગયેલ. આ બાબતને વર્ષોથી બારીકાઈથી ઓબ્ઝર્વ કરી **"અતિથી દેવો ભવ:"** નો એક નવો વિચાર આપ્યો. ભારતભરમાંથી આ રમતોત્સવમાં આવતા ખેલાડીઓ અને મહેમાનો તેમજ જ્ઞાતિજનોને હોટેલ કે વાડીઓમાં ઉતારા આપવાના બદલે દરેક કંપાના પરિવારમાં ઉતારા આપવા. જેથી ત્રણ-ચાર દિવસ તેઓ આ વિસ્તારમાં રહે અને અહીની રહેણીકરણી જાણે, એકબીજા સાથે ઓળખાણ થાય, આત્મીય ભાવ બંધાય પરિણામે જ્ઞાતિનું સંગઠન વધુ મજબૂત થાય.

આ **"અતિથી દેવો ભવ:"** યોજના હેઠળ હિમતનગર આસપાસના 40 કંપામાં અને હિમતનગર તેમજ તલોદ શહેરમાં 5,000 કરતાં વધુ ખેલાડીઓ, મહેમાનો અને જ્ઞાતિજનોને ઘરે-ઘરે ઉતારા આપવામાં આવ્યા. ટીમોનું ગામમાં ભવ્ય સ્વાગત થયું, રાત્રે રયાણ થઈ, ખેતરમાં ફર્યા, ધીંગા મસ્તી કરી અને ઓલિમ્પિક પૂરો થતા-થતા ખેલાડીઓ આત્મીયતાથી દરેક ગામ અને પ્રત્યેક પરિવાર સાથે જોડાયા. ગામ સાથે નવો નાતો બંધાયો. તેઓ પરત થયા ત્યારે પોતાની ઓળખમાં કંપાનું નામ ઉમેરતા ગયા. હવે એમની ઓળખમાં હાલનું ગામ, કચ્છનું ગામ અને કંપો કે જ્યાં તેઓએ આ ત્રણ દિવસ આતિથ્ય માણ્યું હતું તેનો ઉમેરો થયો. આમ, બેંગ્લોરવાસીઓનો કંપો એટલે તખતગઢ, નાગપુરવાસીઓનો કંપો એટલે નવાનગર, દક્ષિણ ભારતવાસીઓનો કંપો એટલે ગાંધીપુરા કંપા, દિલ્હી-રાજસ્થાનવાસીઓનો કંપો એટલે હરીપુરા કંપા, મુંબઈવાસીઓનો કંપો એટલે બિલપણ કંપા, હૈદરાબાદવાસીનો કંપો એટલે કાશીપુરા કંપા, કોલકત્તાવાસીનો કંપો એટલે નિકોડા કંપા, ઓડિશાવાસીઓનો કંપો એટલે ચંદ્રપુરા કંપા, કચ્છવાસીઓનો કંપો એટલે પીપળી કંપા, મધ્ય મહારાષ્ટ્રવાસીઓનો કંપો એટલે રૂપાલ કંપા.

**આમ, ભારતભરના મિત્રો ખૂબ દિલથી આ "અતિથી દેવો ભવ:" થી જોડાયા. આ ઓલિમ્પિક રમતોત્સવ ફક્ત 72 લાખ રૂપિયાના ખર્ચમાં પૂરો થયો. જે અત્યાર સુધીમાં કેન્દ્રીય યુવાસંઘ દ્વારા યોજાયેલ તમામ કાર્યક્રમો પૈકીનો સૌથી વધુમાં વધુ આત્મીયભાવ જગાવનાર અને સૌથી ઓછા બજેટમાં પૂર્ણ થનાર તેમજ આજીવન યાદ રહે તે પ્રકારે પૂર્ણ થયો. આમ, "અતિથી દેવો ભવ:" સનાતનની સંગઠન માટેનું મોરપીંછ સાબિત થયું. સાથે સાથે "વિદ્યા લક્ષ્મી અમૃત કુંભ" દ્વારા શ્રી સમાજને 1 કરોડ 35 લાખ રૂપિયાનું અનુદાન "વિદ્યા સેતુ" યોજના માટે યુવાસંઘે આપ્યું.**

## લક્ષ્મીનારાયણ મંદિર પ્રતિષ્ઠા કે સમાજ ભવન ઉદઘાટનમાં કનડગતનો સામનો –

સૌ પ્રથમ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ મંદિર સાબર કાંઠામાં બંધાયા બાદ પુ. સંતશ્રી ઓધવરામજી અને પુ. સંતશ્રી દયાલદાસજી અને પુ. રતનશીભાઈ ખેતાણીની પ્રેરણાથી સનાતન ધર્મ જાગૃતિ આવતાં અનેક કંપાઓમાં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ મંદિરના નિર્માણ થયા.

છેલ્લે કેન્દ્રીય સમાજ દ્વારા શ્વેતપત્ર બહાર પડ્યા બાદ સાબરકાંઠા વિસ્તારમાં કેટલીક જગ્યાએ મંદિરોની પુનઃ પ્રતિષ્ઠા કે નવા મંદિરોની પ્રાણ પ્રતિષ્ઠાના કાર્યક્રમો યોજાવવાના શરુ થયા. જેમાં સનાતન ધર્મ જાગરણ સમિતિની ત્રિપુટી અને કેન્દ્રીય નેતૃત્વની ઉપસ્થિતિ આસપાસના પીરાણાપંથીઓને આંખમાં કણાની જેમ ખૂંચવા લાગેલ. જેથી તેઓએ આ પ્રસંગે યોજાતી સામાજિક સભાઓમાં વિક્ષેપ પડે તેવા કાર્યો આરંભ્યા. જેના લીધે સનાતન-સતપંથ વચ્ચેનું ઘર્ષણ વધુ આક્રમક બન્યું.

ધનપુરા કંપામાં મંદિરની પ્રતિષ્ઠા દરમ્યાન પોલીસ પહેરા વચ્ચે સામાજિક સભા યોજાઈ અને તે રાત્રે વિધર્મીઓએ રસ્તા ઉપર નાની ખીલીઓ નાંખીને ટાયરમાં પંક્ચર પડે, રસ્તાઓ જામ થાય તેવા પ્રયાસ કર્યા. એજ રીતે ચામું કંપામાં પણ મંદિર પ્રતિષ્ઠામાં પીરાણાપંથીઓને પત્રિકા આપેલ નહોતી તેથી તેઓ મોટી સંખ્યામાં ગામમાં આવ્યા અને કેન્દ્રીય સમાજને ના બોલાવો અને અમોને પત્રિકા આપો કહીને બખેડો ઉભો કરેલ. ત્યાં પણ પોલીસને બોલાવવી પડેલ.

દહેગામ ખાતે સનાતન સમાજ વાડીના નિર્માણ સમયે પણ ખાનાપંથીઓની વકીલાત કરનાર સમાજના કેટલાક મવાળ મિત્રોએ સ્વ. પ્રેમજીભાઇ કેશરાણીના સનાતની વક્તવ્ય વખતે માઈક બંધ કરવાનો પ્રયાસ કરેલ. જેથી તેઓએ સભામાં હાજર સનાતાનીઓના આક્રોશનો ભોગ બનવું પડેલ.

**આમ, વિધર્મીઓની અકળામણથી સનાતની સંગઠન વધુ મજબુત થયું અને તેઓના શાસ્ત્રોમાં વધુ ફેરફાર કરવાની નોબત આવી.**

## વડાલી વિસ્તારમાં સનાતની જાગૃતિ...

સાબરકાંઠાના છેવાડે આંતરિયાળ જંગલ વિસ્તારમાં જેતે સમયે સમાજના વડીલોએ ખેતી માટે જમીનો ખરીદ કરી વસવાટ કરેલ. આ વિસ્તારમાં જુજ કંપાઓને બાદ કરતાં પીરાણાપંથીઓ ખુબમોટી સંખ્યામાં વસવાટ કરે છે. મોટાભાગના કંપાઓમાં સનાતન-સતપંથ મિક્સમાં રહેતા હોઈ અહી સનાતની કાર્યો કરવા બહુ મુશ્કેલ હતું. છતાંય પૂ. પાંડુરંગ દાદાના સહવાસથી અને ઈશ્વર આશ્રમ-વાંઢાય દ્વારાના સંતોના સતત વિચરણથી આ વિસ્તારમાં સનાતની મજબૂતાઈ આવેલ છે. આ વિસ્તારના દેરોલ, ચોટાસણ, ચામુંકંપા, કુબાધરોલ કંપામાં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરો પણ બંધાયેલ છે.

આ વિસ્તારના વડીલોએ નાની સંખ્યામાં સનાતાનીઓ હોવા છતાંય વર્ષો પહેલા વડાલી-ખેડબ્રહ્મા-ઇડર-વિજયનગર-તારંગા વિભાગીય સનાતન સમાજની રચના કરેલ અને સમય જતાં ખેડબ્રહ્મા ખાતે સનાતન સમાજવાડી માટે જમીનની ખરીદી પણ કરેલ.

કેન્દ્રીય સમાજના શ્વેતપત્ર બાદ આ વિસ્તારમાં સનાતની ગતિવિધિ તેજ થઇ અને ૪૩૦ પરિવારો અને ૨૫૦૦ જેટલી સનાતની વસ્તી ધરાવતો આ વિસ્તાર સાબરકાંઠા ઝોન કે રીજીયન અને કેન્દ્રીય સમાજમાં દાનમાં પણ મોખરે રહે છે. ઝોન આયોજીત સમૂહ લગ્નોત્સવનું પણ આયોજન કરેલ અને હાલમાં જ ૩.૫ એકર જેટલી જમીનની ખરીદી કરેલ છે. આ વિસ્તારમાં સમાજની કોઇ પણ મિલકતમાં સતપંથીઓ સાથે નથી. સંપૂર્ણ સ્વતંત્ર સનાતનીઓની છે.

**આમ, સનાતની ખુદ્દારી ધરાવતા આ પ્રદેશે કેન્દ્રીય સમાજ અને યુવાસંઘમાં પ્રખર કાર્યકર્તાઓ આપ્યા છે અને મવાળવાદી વિચારધારા વાળા અને કેન્દ્રીય સમાજની અવગણના કરનાર જ્ઞાતિજનો કે હોદ્દેદારો આ વિસ્તારનું કાર્ય જોઇને કેન્દ્રીય સમાજ સાથેના જોડાણની પ્રેરણા મેળવે છે.**

## <u>તખતગઢ : સનાતની ટંકાર</u>

સંવત ૧૯૮૧માં ફાગણ વદ ૧૪ને સોમવાર તારીખ ૦૯-માર્ચ-૧૯૨૫ના રોજ તખતગઢ (જૂનું નામ હડમતીયા કંપા) ગામનું તોરણ વડીલ પ્રેમજી પુંજાએ બાંધ્યું હતું. જે પીરાણાપંથી હતા, પરંતુ તેમના વચટ પુત્ર **વેલજી બાપા વેદાંત આશ્રમ – વલાદના સંત મઘવાતીર્થના સંપર્કમાં આવ્યા અને તેઓ સતપંથ ત્યજીને પ્રખર સનાતન ધર્મ વાહક બન્યા.** તખતગઢ ખાતે તેઓએ આશ્રમ - માધવ કુટીરનું નિર્માણ કર્યું. તેઓને **ગામના જ પ્રખર અને આક્રમક સનાતની સામજી મતાદારનો સહકાર મળ્યો. જેઓએ રાતોરાત ગામનું ખાનું તોડીને ત્યાં શિવાલયની સ્થાપના કરી આખાય વિસ્તારમાં સનાતની ટંકાર કર્યો અને તખતગઢ ગામને ખાના મુક્ત કર્યું.** તા. ૨૭.૦૧.૧૯૩૯ના રોજ ગામમાં ભગવાનશ્રી લક્ષ્મીનારાયણના મંદિરની સ્થાપના થઈ. તે વખતે ઈશ્વર આશ્રમ-વાંઢાયના સંતો અને રતનશીભાઇ ખેતાણીની ટીમ હાજર રહેલ.

થોડા સમય પછી સતપંથઓ ફરીથી ખાનું બનાવવા આડકતરા પ્રયત્ન કરવા લાગ્યા. ત્યારે ફરીથી ગામના વડીલો અને યુવાઓ સૌ મળીને ૧૯૭૫માં રાતોરાત ખાનાના પાટ અને અન્ય સામગ્રી ગામની બહાર ફેકીને તેને નાબુદ કર્યું. ત્યાર પછીતો, **પીરાણાના કોઈ નાના મુખી કે મોટા કાકા આજ દિન સુધી ગામમાં પ્રવેશ કરી શક્યા નથી. જે આ ગામનું સનાતની ખમીર બતાવે છે.**

## <u>સનાતની સમૂહ લગ્નોત્સવ</u>

સાબર કાંઠા ઝોન સમાજ દ્વારા **સૌ સનાતની પરિવારો માટે સમૂહ લગ્નોત્સવ** તુલસી વિવાહના દિવસે આ પ્રસંગ ઉજવાઇ રહેલ છે. જેમાં અત્યાર સુધી ૬ જેટલા લગ્નોત્સવ પૂર્ણ થયા છે. જેમાં ૧૪૫ સનાતની દીકરા-દીકરીઓ લગ્ન ગ્રંથીથી જોડાયા છે. હિમતનગર, વડાલી એમ અલગ અલગ વિસ્તારમાં યોજાતા આ લગ્નોત્સવમાં કેન્દ્રીય સમાજના મોવડીઓનું પ્રતિનિધિત્વ અચૂક રહે છે. જેથી આ સમૂહ લગ્નોત્સવ **કેન્દ્રીય સમાજ સાથે કંપા વિસ્તારને જોડવામાં મહત્વનો રહેલ છે.**

# 53

# મોડાસાનું નવ નિર્મિત ઉમિયા મંદિર બન્યું સનાતનની ચેતનાનું કેન્દ્ર ...

( સંપાદક - વસંતભાઈ લીંબાણી )



મોડાસા વિભાગમાં આવતા ૭૨ કંપાઓ અને મોડાસા શહેરમાં વસતા જ્ઞાતિના ભાઈઓ દ્વારા "શ્રી કચ્છ કડવા પાટીદાર પ્રગતિ મંડળ"ની સ્થાપના વર્ષ ૧૯૬૨માં કરવામાં આવી. જેના નેજા હેઠળ તેઓ સંગઠિત થઈ વિવિધ સામાજિક પ્રવૃતિઓ કરી રહ્યા હતા. આ વિભાગીય સમાજ દ્વારા મોડાસા ખાતે શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ વાડીનું નિર્માણ કરેલ જેનો વિવિધ સામાજિક કે ધાર્મિક પ્રસંગો ઉજવવા માટે ઉપયોગ થતો હતો.

"શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ મોડાસા વિભાગીય સમાજ" દ્વારા કે. પી. વિદ્યાર્થી ભવન, કન્યા છાત્રાલય અને શ્રી ઉમા કેળવણી મંડળ સંચાલિત એચ.એલ.પટેલ સરસ્વતી વિદ્યાલયની સ્થાપના કરવામાં આવી.

વર્ષ ૧૯૭૫-૭૮ના અરસામાં મોડાસા શહેરમાં રહેતા ૪૦ જેટલા પરિવારોને સામાજિક કે ધાર્મિક પ્રસંગો ઉજવવા માટે આ સમાજવાડીનો ઉપયોગ કરવાની ના પાડવામાં આવી. જેથી શહેરમાં વસતા પ્રગતિ મંડળના ભાઈઓએ વર્ષ ૧૯૮૨માં "પૈસાની સગાઈ" નામના નાટકના બે શો યોજી સમાજવાડી માટે ભંડોળ એકત્ર કરી મેઘરજ રોડ પર રૂ. ૨,૦૧,૧૧૧/- માં જમીન ખરીદ કરેલ. જેના દસ્તાવેજ પ્રગતિ મંડળના નામે કરાવવા સ્ટેમ્પ પેપર તૈયાર થયા. ત્યારે કેટલાક મિત્રોએ વિરોધ ઉભો કર્યો જેથી તે જમીનનો દસ્તાવેજ વિભાગીય સમાજ અને પ્રગતિ મંડળના કેટલાક વડીલોના નામે કરવામાં આવ્યો અને પ્રગતિ મંડળનું નામ કાઢી નાખતાં વિવાદના બીજ રોપાયા. આ જમીન બિન ઉપયોગી થઈ પડી રહી.

ત્યારબાદ પ્રગતિ મંડળ દ્વારા તે જ રોડ પર "શ્રી કચ્છ કડવા પાટીદાર પ્રગતિ મંડળ – ઉમિયા ચોક" નામથી નવી જમીન ખરીદ કરવામાં આવી. એક તરફ જૂની જમીનની વાટાઘાટો ચાલુ હતી જેનું તા. ૦૩-જૂન-૧૯૯૭ના સમાધાન થયું. **જેમાં તે જમીન પર સૌના સહયોગથી કુળદેવી શ્રી ઉમિયા માતાજી મંદિર, શિવ મંદિર અને ભોજન વાડીનું નિર્માણ કરવાનું અને તેના વહીવટ માટે, બંધારણ બનાવી શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ ટ્રસ્ટ બનાવવું, જેમાં પ્રગતી મંડળના ૮ સભ્યો અને વિભાગીય સમાજના ૩ સભ્યો અને ૧ સભ્ય શ્રી નારણભાઈ વિશ્રામભાઈ પટેલ – આંનદપુરા કંપાવાળાને સામેલ કરવાનું નક્કી કરવામાં આવ્યું.** તા. ૦૭-મે-૧૯૯૯માં તેનું ધામધૂમથી ભૂમિ પૂજન થયું. તા. ૮/૨ અને ૧૦/૨ – ૨૦૦૬ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠાની તારીખ નક્કી થઈ. પરંતુ સતપંથીઓની સતા લોલુપતાએ વિવાદને જન્મ આપ્યો. તેઓએ એક સાથે મોટી સંખ્યામાં સતપંથી સભ્યોને સભ્ય બનાવવા માટેના ફોર્મ ટ્રસ્ટમાં આપવામાં આવ્યા. વહીવટ ભૂખ્યા સતપંથીઓ બંધારણમાંથી ૮+૩ સભ્યોવાળો મુદ્દો કાઢી નાખવા મરણીયા બન્યા અને કોર્ટમાં કેસો કર્યા. જેથી પ્રતિષ્ઠા મહોત્સવ બંધ રહ્યો. આવેલ મૂર્તિઓ વસંતભાઇ રાજાભાઇ લીંબાણીના ઘરે મુકવામાં આવી.

તેથી ૭૨ કંપા સનાતનના ભાઈઓ દ્વારા શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ મોડાસા વિભાગની સ્થાપના ૨૦૦૬ માં કરવામાં આવી. જેના પ્રમુખ શ્રી ખીમજીભાઇ અરજણભાઇ ધોળુની નિમણુક કરી. સાથે ઝોન પ્રમુખ પુનમભાઇ ખીમજીભાઇ ધોળુ મડાસણા કંપા – ટ્રસ્ટ મંત્રી ડાહ્યાભાઇ જીવરાજભાઇ ગોરાણી અને વસંતભાઇ રાજાભાઇ લીંબાણીને કાર્યવાહી કરવા સત્તા આપી અને સહકાર આપવાનું નક્કી કરવામાં આવ્યું .

તા. ૧૪/૦૪/૨૦૦૬ ના રોજ ગીતાબા ગઢવીના હાથે મંદિરમાં શ્રી ઉમિયા માતાજીની પાન મૂર્તિ મૂકી અને સૌ સનાતની વડીલો અને યુવાઓને દરરોજ સેવા પૂજા કરવાનું શરુ કર્યું. સન **૨૦૧૨માં પ્રગતિ મંડળના પ્રમુખ વસંતભાઈ રાજાભાઈ લીંબાણીએ જનરલ સભા બોલાવી. જેમાં ઉમિયા માતાજીની પ્રતિષ્ઠા અટકાવવામાં સહકાર આપનાર અને પ્રગતિ મંડળના હિત વિરુધની કોર્ટમાં અને સમાજમાં ખોટી અરજીઓ કરનાર ૫૪ જેટલા સતપંથી સભ્યોને એક સાથે દુર કરવામાં આવ્યા અને પ્રગતિ મંડળ સંપૂર્ણ સનાતની બન્યું.**

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ મોડાસા વિભાગનું પ્રથમ સ્નેહ મિલન તા. ૨૦-૦૫-૨૦૦૭ ના રોજ શ્રી ઉમિયા માતાજી મંદિર પરિસરમાં વિશાળ સંખ્યામાં યોજવામાં આવ્યું.

તા. ૨૪ અને ૨૫/૦૧/૨૦૦૯ના શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ મોડાસા વિભાગ અને પ્રગતિ મંડળ દ્વારા કચ્છ સંસ્કાર ધામથી આવેલ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના રથનો કાર્યક્રમ આયોજિત કરેલ હતો. આ રથ ઉમિયા માતાજી મંદિરના કમ્પાઉન્ડમાં ના આવે અને ત્યાંથી શોભાયાત્રા ના નીકળે તે માટે સતપંથીઓએ પોલીસ ખાતામાં અરજીઓ કરી રથને અટકાવવાનું હીન કૃત્ય કર્યું હતું. પરંતુ તેમાં મોડાસા શહેર અને આજુબાજુના કંપાના સનાતનીઓ અને સાથે કેન્દ્રીય સમાજ – યુવા સંઘ, ધનસુરા, દહેગામ, હિમતનગર, વડાલી, અમીરગઢ સનાતન સમાજના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા અને તેઓએ તન-મન-ધનથી સહકાર આપ્યો. મોડાસા શહેરમાં ભગવાન શ્રીલક્ષ્મીનારાયણની ૪ કી.મી. લાંબી શોભાયાત્રા કાઢી સમગ્ર શહેરમાં કેશરીયો લહેરાવ્યો. ત્યારબાદ વિશાળ સભા કરવામાં આવી અને દરેકે સનાતની શપથ સાથે મહાપ્રસાદ લીધો .

**પીરાણા પંથીના આ હીન કૃત્યથી સનાતની સભ્યો જાગૃત થયા અને ધનસુરા ખાતેથી શરું થયેલ સનાતન ધર્મ જાગૃતિની સભાઓ દેશભરમાં યોજાઈ. આમ મોડાસા ઉમિયા માતાજી મંદિર વિવાદે જ્ઞાતિજનોમાં સનાતન ચેતના ઉજાગર કરવાનું ભગીરથ કાર્ય કર્યું. મોડાસા શહેરના પ્રગતિ મંડળમાંથી સતપંથના સભ્યોને દુર કરી શુધ્ધ સનાતન સમાજ બનવાની ઘટનામાંથી પ્રેરણા લઇ આ વિસ્તારમાં આવેલ તલોદ, વડાગામ, ધનસુરા, બાયડ, હિમતનગર, ઈડર વગેરે ઘટક સમાજોએ પણ શ્વેતપત્ર મુજબનું પાલન કરી સનાતન સમાજનું રૂપ ધારણ કરી અને સમાજના નામમાં સનાતન શબ્દનો ઉમેરો કરી કેન્દ્રીય સમાજના અભિગમને વધાવ્યો**.

# 54

# ખોંભડી ગામનો સનાતની ઈતિહાસ



લી. સનાતની ભાઇ રમેશભાઈ માવજી વાગડિયા બેંગલોર

સંવત ૨૦૦૨ ના વૈસાખ સુદ પૂનમ દિનાંક 16-May-1946ના પવિત્ર દિવસે આપણા ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનું ખોંભડી ગામમાં પાન મૂર્તિ સ્વરૂપે આગમન થયું. ત્યારની પરિસ્થિતિનું આકલન કરશું તો આપણને ખ્યાલ આવશે કે આપણા જ્ઞાતિ સુધારક વડીલો સતપંથ સામે કેટલા જજૂમ્યા હશે. સતપંથના પુર વેગે વહેતા પ્રવાહની વિરુધ્ધમાં સામે પ્રવાહે આપણા મૂળ સનાતન હિંદુ ધર્મની કેડી જ્ઞાતિમાં પુન: કંડારવી એ નાની સુની વાત નોહતી. એ કાર્ય કયા સુધારક વડીલોએ કર્યું એ મહત્વનું નથી પણ તે કાર્ય થયું તે અતિ મહત્વ નું છે. ગામમાં પાન મૂર્તિ વાળા મંદિરની (જુના મંદિરની) સ્થાપના થયાને ઠીક ૨૫ વરસ પુરા થયા પછી આપણે અત્યારે મોજુદ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનું પાકી મૂર્તિઓ વાળું મદિર આપણા વડીલોએ બનાવ્યું તે પણ નાની સુની વાત તો નથીજ.

ખોંભડી ગામના સુધારક વડીલ શ્રી નારાયણ શિવજી વાગડિયા આપણી જ્ઞાતિના આધ સુધારક શ્રી નારાયણજી રામજી લીંબાણીના અને શ્રી રતનશી ખીમજી ખેતાણીના સંસર્ગમાં આવ્યા હોવાથી આપણી જ્ઞાતિને હિન્દુપણાથી વિમુખ કરવા માટે થઈને જવાબદાર એવા ઈમામશાહ બાવા દ્વારા ઉભો કરવામાં આવેલ પીરાણા સતપંથ ધર્મને સદાયને માટે તિલાંજલિ આપી હતી. મુંબઈમાં સનાતની ચળવળ વખતે અનેક સભાઓમાં વડીલ શ્રી નારાયણ શિવજી વગાડીયાની મુલાકાતો એ બંને વડીલો સાથે થઇ હતી. ખોંભડી ગામમાં પીરાણા સતપંથ વિચારધારાને પડકાર આપીને સનાતની વિચારધારાને સુદ્રઢ બનાવવા માટે ભગીરથ પ્રયત્નો શ્રી નારાયણ શિવજી વગાડીયાએ કર્યા હતા. તેમની અને ખોંભડીના બીજા એવા સનાતની વડીલ શ્રી માધવજી ભીમજી ભગતની સનાતની વિચારધારા એટલી બધી દૃઢ અને પ્રબળ હતી કે તે બંને વડીલો સન ૧૯૪૪ માં વાંઢાય સ્થિત કુળદેવી ઉમિયા માતાજીના મંદિરની સ્થાપના વખતેની કેન્દ્રીય સનાતની સમાજની પહેલી કારોબારીના સભ્ય પણ રહ્યા હતા. તે કાળે અને તે સમયે ખોંભડી ગામમાં આ બંને વડીલોએ ખાના પંથીઓ સામે સતપંથી વિચારધારા વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો હતો.

તે સમયે સતપંથ વિરુધ્ધ આવો અવાજ ઉઠાવવો એ એક લોઢાના ચણા ચાવવા જેવી વાત હતી. છતાં પણ ખાના પંથીઓ તરફથી નાત બહાર કરી નાખવા જેવી, સંબંધો અને સગપણ સાંતરાં કપાઈ જવા જેવી અનેક મુશ્કેલીઓનો સામનો કરીને ખોંભડી ગામમાં સનાતની વિચારધારાને પ્રસ્થાપિત કરવામાં તેઓ સફળ થયા હતા. અઢાર–અઢાર વરસો સુધી નાત બાહર રહીને પણ તેઓ હિંમત હાર્યા નહોતા. ઢીલા પોચા હ્રદયના કમજોર માણસો આવી જ્ઞાતિ તરફથી યાતનાઓ આવી પડે તો શરણાગતિ સ્વીકારી લેતા હોય છે. તે સમયે આખા ખોંભડી ગામ માંથી સનાતની વિચારધારા બાબતે સાથ હતો ફક્ત અન્ય ત્રણ પરિવારોનો. તેમાંનો એક પરિવાર હતો માધવજી ભીમજી ભગતનો પરિવાર, બીજો પરિવાર હતો જેઠા બાપા ઉકાણીનો પરિવાર એટલે ડો. ગંગદાસ બાપા ઉકાણીનો પરિવાર અને ત્રીજો પરિવાર હતો મુળજીભાઈ શિવજી વાસાણીનો પરિવાર. આ પરિવારોએ ૧૮-૧૮ વર્ષ લગી સતપંથ સમાજના નાત બહાર જેવા ફતવાઓની હાડમારી ભોગવી હતી.

શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજ દ્વારા સ્થાપના પામેલ સમાજનું જુનું પાન મૂર્તિઓ વાળા મંદિરના ઉદ્ઘાટનના બીજા દિવસે જ ૮૦-૯૦ ઘર ખાના પંથીઓથી છુટા પડીને આપણી શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજમાં ભળી ગયા હતા. તેનો મુખ્ય શ્રેય વિરાણી વાળા વડીલ શ્રી રતનશી ખીમજી ખેતાણી અને ખોંભડી ગામના વડીલ શ્રી લધારામ બાપા રવાણી (હાટ વાળાને) જાય છે. વિરાણી વાળા રતનશી ખીમજી ખેતાણી તે વખતની આપણી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના (કેન્દ્રીય સમાજના) સ્થાપક પ્રમુખ હતા અને લધારામ બાપા હાટ વાળા ખોંભડી ગામના એક સાહુકાર ગ્રહસ્થ હતા, જેમનો દિલ્હીમાં મોટો કારભાર હતો. ત્યાર પછી કાળ ક્રમે લગભગ બધાએ ભાઈઓ (અમુક ભાઈઓને મુકીને) ખોંભડીની સતપંથ સમાજથી છુટા પડીને, પીરાણા સતપંથ ધર્મને સદાયને માટે તિલાંજલી આપીને આપણો મૂળ સનાતન હિંદુ ધર્મનો પુન: અંગીકાર કરીને સનાતન સમાજમાં ભળી ગયા હતા. હવે આજે અમુક જ પરિવારો સતપંથ સમાજમાં રહ્યા છે. પણ ગામના સનાતની ભાઈઓને મનમાં એક નિશ્ચયની સાથે વિશ્વાસ પણ છે કે ખોંભડી ગામના ખાના વાળા સર્વે ભાઈઓ સનાતન સમાજમાં ભળી જશે અને ખાનાની જે કાંઈ મિલકત જે મૂળ આખા ગામની હતી તો ભવિષ્યમાં એક દિવસ શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજની થઈ ને રહેશે. સત્ય આખરે સત્ય થઈને જ રહે છે.

ગામના પ્રથમ સનાતની વડીલ શ્રી નારાયણ શિવજી વગાડીયનું એક સપનું હતું કે ખોંભડી ગામમાં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ નું મંદિર બને અને તેમાં ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની પાન મૂર્તિ ની સ્થાપના થાય. પણ એમની એ ઈચ્છા તેમની હયાતીમાં પૂર્ણ થઈ શકી નહિ એ વાતનો અફસોસ તે વખતના સનાતની ભાઈઓને ખુબ જ થયો. પણ વિધિનું વિધાન સ્વીકારે જ છૂટકો. ત્યાર પછી તેમનું અધૂરું મુકાયેલું કાર્ય વડીલ શ્રી માધવજી ભીમજીએ, વડીલ શ્રી મુળજી શિવજી વાસાણીએ, ડો. ગંગદાસ ઉકાણીએ, વડીલ શ્રી જેઠા બાપા ઉકાણીએ, વડીલ શ્રી મેઘજી શિવજી વાગડીયાએ અને વડીલ શ્રી રતનશી નારણ વગાડીયાએ પરી પૂર્ણ કર્યું. મંદિરની સ્થાપના સંવત ૨૦૦૨ ની તા.૧૬.૦૫.૧૯૪૬ ના થઈ ત્યારે શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજના સ્થાપક પ્રમુખ શ્રી નારણ શિવજી વાગડિયા નો દેહ પંચ મહાભૂત માં વિલીન થઈ ચુક્યો હતો.

**<u>નવા મંદિરમાં શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની પ્રાણ પ્રતિષ્ઠા ઈ.સ.૧૯૭૦ વી.સ. ૨૦૨૬:</u>**

વી.સ. ૨૦૨૬ ચૈત્ર સુદ ૧૩ દિનાંક 19-Apr-1970ના શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજે ખોંભડી ગામમાં નવા મંદીરનું ઉદ્ઘાટન કર્યું અને ધામ ધૂમથી આપણા ઇષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા કરી હતી. આ પ્રાણ પ્રતિષ્ઠા જુના મંદિર (પાન મૂર્તિ વાળા મંદિર)ની સ્થાપના ને બરાબર ૨૫ વરસ પછી કરવામાં આવી હતી. તેથી જુના મંદિરની અને શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજની હીરક જયંતી અને નવા મંદિરની સુવર્ણ જયંતી મહોત્સવ ખોંભડી ગામના સૌ સનાતની ભાઈઓ દિનાંક 01 થી 04-May-2023 ઉજવવાના છે .

# 55

# કંઠી વિસ્તારના સનાતની શિલ્પકાર શ્રી વિશ્રામ મેઘજી રામજીયાણી



લેખક: મોહનભાઈ રતનશી રામજીયાણી



વિશ્રામ મેઘજી રામજીયાણી તે વખતે દેશલપર ગામથી ભારાપર અને ભારાપર થી કોડાઈ ગામમાં આવી વસવાટ કરેલ. કોડાઈ ગામની વસ્તી પંચરંગી હતી. આપણા તમામ વડીલો તે વખતે સતપંથ પાળતા હતા. એક વખત વિશ્રામ બાપાને કહેવામાં આવ્યું કે **આ તમારો આ કેવો હિન્દુ ધર્મ છે જેમાં, બધી કાર્યપદ્ધતિ મુસલમાનની છે છતાં, તમે તેને હિન્દુ તરીકે માનો છો?** આવો શેરીમાં ઠપકો મળતા વિશ્રામ બાપાએ મનોમન તે જ વખતે નિર્ણય કરી લીધો કે આ સતપંથને છોડીને મૂળ સનાતન ધર્મ અંગીકાર કરીશ.

પરંતુ, આ કાર્ય એટલું સરળ ન હતું. તે વખતે સમાજ સુધારક તરીકે વિશ્રામ બાપાને સતપંથ સમાજ તરફથી બહુ મોટા વિરોધનો સામનો કરવો પડ્યો. પરંતુ, બાપાએ એકદમ અડગ રહીને પરિસ્થિતિનો સામનો કર્યો અને **કંઠી વિભાગના 21 ગામમાં ભગવાન લક્ષ્મીનારાયણના મંદિરો બનાવીને સતપંથમાંથી નાતને છોડાવવાનું નક્કી કર્યું.** તે વખતે વિશ્રામ બાપાએ મદનપુરા ગામમાં પહેલું મંદિર બાંધવાની જવાબદારી લીધી અને સંવત 1994 (ઇસ. 1938)માં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરનું નિર્માણ કાર્ય શરૂ થયું.

તે વખતે દુર્ગાપુર ગામમાં જ્યારે મંદિર બનાવવાની ચળવળ ચાલુ હતી ત્યારે, જૂના ધર્મના ભાઈઓ તરફથી ગણી તકલીફ ઊભી કરવામાં આવતી. તે વખતે ત્યાંનાં પૂ. શ્રી અરજણ ગોપાલ વેલાણી સાથ સહકાર માટે કોડાઈ મદનપુરા પૂ. વિશ્રામ બાપા પાસે આવ્યા અને બધી જ હકીકત જણાવી. ત્યારે, વિશ્રામ બાપાએ કહ્યું કે આ લોકો કામમાં અડચણ ઊભી કરવાના જ છે પરંતુ, આપણે ખૂબ હિંમતથી કામ લેવું પડશે. તમે દુર્ગાપુર નવાવાસ જઈ આપણા ભાઈઓ જે તમારી સાથે જોડાયેલા છે તેમણે હિંમત આપો અને ભગવાનનું નામ લઈને આડું અવળું જોયા વગર કામમાં લાગી જાઓ. કદાચ મારી જરૂર પડે તો ખબર મોકલાવજો હું અને મારા સાથી મિત્રો પૂરી પલટન સાથે નવાવાસ આવી જઇશું. જોઉં છું કે આપણી સામે કોણ આવે છે. આપણને જેવા પડશે એનાથી ડબલ દેવાશે માટે હિંમત રાખીને કામ આગળ વધારજો.

પૂ. વિશ્રામ બાપા મદનપુરા ગામના મુખી હતા. સામાજિક, પારિવારિક, સરકારી, પોલીસ તંત્ર વગેરેમાં સારું એવું વર્ચસ્વ ધરાવતા હતા. કોઈપણ જાતની મુશ્કેલી આવે તો તેમાંથી માર્ગ કાઢવાની હિંમતવાળા હતા. તેમને પૂછ્યા વગર મદનપુરા-કોડાઈ ગામમાં પોલીસ તંત્ર પગ મુકવાની હિંમત કરી શકતું નહોતું. એવી તેમની છાપ હતી. તેઓ અને અરજણ બાપા ખાસ મિત્ર હતા. બંને મિત્રો સામાજિક કાર્યો સાથે રહીને કરતા. મદનપુરા ગામમાં બધા જ પરિવારો પૂજ્ય વિશ્રમ બાપાની આમન્યા રાખતા. તેઓએ નિર્ધારિત સામે પહેલા મદનપુરા મંદિર તૈયાર કરીને સમાજને સંચાલન સોંપ્યું.

આમ, હિંમતવાન, બુદ્ધિવાન અને સામાજિક કાર્યમાં સેવાના ભેખધારીના હસ્તે બંધાયેલ મદનપુરા ગામના લક્ષ્મીનારાયણ મંદિરને 75 વર્ષ પૂરા થવાની સાથે આખાય વિસ્તારમાં ભગવાન લક્ષ્મીનારાયણની સનાતની ધજા લહેરાવનાર આ સમુદ્ર તટના કંઠી વિસ્તારના ભેખધારીઓ એવા શ્રી વિશ્રામ મેઘજી રામજીયાણી (મદનપુરા-કોડાઈ), શ્રી અરજણ ગોપાલ વેલાણી અને શ્રી ભાણજી નાનજી વેલાણી (દુર્ગાપુર-નવાવાસ) તેમજ શ્રી રત્નાબાપા (છકોશીવાડી-તલવાડા, રામનગર) આ ચારેય વડીલોએ સાથે મળીને કંઠી વિસ્તારના 21 ગામોને સતપંથ મુક્ત કરી સનાતન ધર્મની ધજા લહેરાવતા શ્રી લક્ષ્મીનારાયણ મંદિરો ગામે-ગામ બંધાવી સનાતન ધર્મની સ્થાપનામાં પાયાનું કાર્ય કરેલ છે. આ ચારેય વડીલો અને આ કાર્યમાં સહકાર આપનાર તે વખતના સૌ વડીલોને જેટલા વંદન કરીએ તેટલા ઓછા છે.

# 56 સતપંથી ગઢમાં ગાબડું - કોલ્હાપુર

(શ્રી હરીલાલ માવજીભાઈ વાગડિયા, કોલ્હાપૂર (કચ્છ ગામ-ધારેશી, તા.લખપત)



કોલ્હાપૂર એટલે દક્ષિણ કાશી (અર્થાત એટલેજ કરવીર નિવસીની મહાલક્ષ્મી માતાજીનું પવિત્ર તિર્થસ્થાન જયા છે એ મહારાષ્ટ્રનું એક મહત્વનું ઐતિહાસીક વ્યાપારી અને ઔધોગિક મથક તરીકે વિખ્યાત કોલ્હાપૂર શહેર.

આ શહેરમાં પાટીદારો લગભગ ૧૯૪૦થી ધંધાર્થે સ્થાયી થયા છે. જોતજોતામાં અહી કોલ્હાપૂર સમાજની જનસંખ્યા ૨૫૦૦ એ પહોંચી ગઇ.

સમાજની વિધીસરની સ્થાપના થઈ ત્યારે પહેલો વહીવટ પ્રખર સનાતની વડીલશ્રી ખીમજી લાલજી ભાદાણીના નેજા હેઠળ હતો. આપણા સમાજના સનાતન ચળવળના પ્રમુખ કાર્યકર્તા હિમતભાઈ રતનશી ખેતાણીના સસુરજી છે. ત્યાર બાદ રાજરમત રમીને સમાજને એ સત્તા, વર્ષો સુધી સતપંથીઓએ પોતાની પાસે રાખી હતી. તેથીજ કોલ્હાપૂર સમાજના તત્કાલીન પ્રમુખોમાંથી સતપંથ સમાજના બે જણ પ્રમુખ થઈ ચુક્યા હતા. તેઓએ સતત કોલ્હાપૂર સમાજમાં સતપંથી પ્રચારકો અને બાવાઓને બોલાવી તેમના સગાવહાલા, આત્મીયજનો, વેવાઈઓ અને ગરીબ ભાઈઓને લાલચ આપીને તથા ફોસલાવીને સતપંથનો ખુબ પ્રચાર અને પ્રસાર કર્યો. આજેપણ બધી વાતો અને વસ્તુસ્થિતી સમજવા છતાં આ સતપંથી ભાઈઓએ પીરાણાનો એટલો બધો લાભ લીધો છે કે તે હજુપણ આ મુસ્લીમ પંથ છોડવા માંગતા નથી.

આપણી શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા નખત્રાણા ખાતે મળેલ સામાન્ય સભામાં "શ્વેતપત્ર" પ્રસિધ્ધ કર્યા બાદ, કોલ્હાપૂર ખાતે કોલ્હાપૂર પાટીદાર સનાતન સમાજની તા.૨૫-૦૭-૨૦૧૧ની સર્વ સામાન્ય સભા મળી હતી. જેમા શ્વેતપત્રના અમલીકરણનો વિષય આવતા સતપંથી વડીલશ્રીએ સૌ સમાજને ૧૫ દિવસની અંદર આમો સતપંથીઓ વિચાર કરીને જણાવશું તેમ કહીને ટાઈમ માંગી લીધું, પણ, આખા ભારતમાં સતપંથીઓની કાર્યપ્રણાલી સૌ સનાતનીઓ જાણે છે, તેમ તરતજ એમના જ એક સતપંથી ભાઇએ સમાજના થયેલ વાર્ષિક સામાન્યસભાની મિનિટ્સની માંગણી કરેલ. તેમજ સતપંથીઓની એક ચાર થી પાંચ વકીલોની ટીમ અમદાવાદથી આવીને સમાજની બધી મિલ્કતોની જગ્યા ઉપર મુલાકાત લઈને સર્વે કરેલ. તેથી કોલ્હાપૂર સમાજના સર્વ કાર્યકર્તાઓ સાવચેત થઈ ગયા હતા.

સમાજમાં આર્થિક દૃષ્ટિએ નબળા સનાતની પરિવારોને આર્થિક તેમજ ધંધાના લોભ-લાલચો આપી ને, ભરમાવીને, સતપંથીઓ દ્વારા પોતાના તરફ ખેંચવાના પ્રયાસો કરવા લાગ્યા. પણ સમાજના જાગૃત આગેવાનોએ સમય સર યોગ્ય પગલાં ભર્યા. સાચી હકીકતથી આ પરિવારોને વાકેફ કર્યા અને જરૂરી મદદ પૂરી પાડી. આ પરિવારોએ પણ સનાતન સમાજને હૃદયથી સાથ આપ્યો. જેથી પરિસ્થિતિ નિયંત્રણમાં આવી ગઈ.

દરમ્યાન કોલ્હાપૂર પાટીદાર સનાતન મહીલા મંડળની વાર્ષિક સામાન્ય સભામાં બહુમતીથી સર્વ સતપંથી બહેનોને જાકારો આપીને તેમની જગ્યાએ સર્વે સનાતની બહેનોને લેવામાં આવી અને મહીલા મંડળાના પ્રમુખ

તરીકે મારા ધર્મપત્ની સૌ. ગોદાવરીબેન હરીલાલ વાગડિયાની નિમણૂક કરવામાં આવી. તેથી સતપંથી બહેનોએ બહુ મોટાપાયે ઝગડો અને હુસાતુસી કરી અને ખિજાયેલ સતપંથી બહેનોએ ફોન કરીને તેમના ઘરના સભ્યોને બોલાવી લીધા. સતપંથીઓએ તરતજ સમાજવાડીના ઉપરથી નીચે ઉતરવાના શટરને તાળું લગાવી દઈ મહિલાઓ એક જગ્યાએ પૂરી દેવાનું હીન અને નિંદનીય તેમજ અમાનુષી કૃત્ય કર્યું. આ ખબર મળતાં જ સમાજના સનાતની ભાઈઓ તરતજ પાટીદાર ભવન પહોંચી ગયા અને તાળું ખોલીને બહેનોને મુક્ત કરવામાં આવેલ. તે વખતે સતપંથી ભાઈઓએ જોરથી બુમો પાડીને આવતી કાલે તમોને જોઇ લેશું તેવી ધમકીઓ આપી. તેથી કોલ્હાપૂર પાટીદાર સમાજના કાર્યકરો સાવચેત થઈને ઘટતું પગલું ભરેલ, જેથી સતપંથીઓનો કોઈપણ પૈતરો કામયાબ ન થઈ શક્યો.

તા.૦૮-૧૦-૨૦૧૭ ના ઉમિયા માતાજી સંસ્થાન, ઊંજાના લવાદ તરફથી આવેલ ચુકાદાનુ પાલન કરવા માટે કોલ્હાપૂર સમાજના પ્રમુખશ્રી ગોપાલભાઈ વાલજીભાઈ ભાવાણી અને સનાતની શતાબ્દી મહોત્સવનાં પણ ચેરમેનશ્રીએ અને તેમના સહકારીઓએ સતપંથીઓને સમજાવવાના ખુબ પ્રયત્નો કરેલ તેમજ સતપંથીઓએ ખોટા આશ્વાસન આપી આવતી કોર્ટની તારીખ વખતે અમો દાવો પાછો ખેંચી લેશું એવા આશ્વાસનો દરેક વખતે આપેલ.

આજની તારીખે સમજુ સતપંથીમાંથી પાંચ પરીવારો સનાતનમાં જોડાઈ પોતાના દાવા પાછા ખેંચી લીધા છે. તે બદલ તેમનો દિલથી આભાર. હજુ પણ અન્ય સતપંથીઓના દાવા ચાલુ છે જેમાં સમાજ વતીથી હું હાજર થયો છું. આથી બાકી રહેલા સતપંથીઓને શતાબ્દી મહોત્સવની શરૂઆત પહેલા એટલે કે ૧૧, ૧૨, ૧૩, ૧૪-મે-૨૦૨૩ પહેલાં, કુળદેવી મા ઉમિયા અને ઇષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણ સૌ સતપંથીઓને સદબુધ્ધિ આપે, એજ પ્રાર્થના.

આપને જાણતા આણંદ થશે કે ચેરિટિ કમિશનરની કોર્ટમાં ચાલતા કેસો સનાતન સમાજના તરફેણમાં આવ્યા છે. સનાતનીઓની બધીજ અરજીઓ સ્વીકારવામાં આવી છે. સતપંથીઓએ સનાતનીઓને હેરાન કરવા માટે કરેલ થોડા સિવિલ કેસો ચાલે છે, જેનો સમય જતાં સારો જ ઉકેલ આવશે.

હાલમાં માત્ર 2 થી 3% લોકો સતપંથમાં છે. બાકી સંપૂર્ણ સમાજ સનાતની છે. જે સમાજની સનાતની કટિબધ્ધતાનું દર્શન કરાવે છે. કોલ્હાપુર સમાજ પૂરી મક્કમતાથી કેન્દ્રીય સમાજ સાથે હમેશાં જોડાયલો રહ્યો છે અને ભવિષ્યમાં પણ હમેશાં જોડાયલો રહેશે.

હાલમાં આખો ભારત દેશ આપણા લોક લાડીલા વડાપ્રધાન નેરેંદ્રભાઈ મોદી તેમજ અમિતભાઈ શહાના યશસ્વી નેતૃત્વ હેટળ દેશને હિંદુરાષ્ટ્ર તરફ અગે કુચકરી રહયો છે, ત્યારે આ સતપંથીઓ આ વાત પાછળના મર્મને સમજે અને જાગે, એવી મા ઉમિયાને પ્રાર્થના સાથે વિરમું છું. માત્ર સનાતની કહેડવવાથી કોઇ સનાતની બનતું નથી. શું આપણે ઇસ્લામી માનસિકતાથી સંપૂર્ણ સ્વતંત્ર થયા છીએ? આ પ્રશ્નનો ઉત્તર દરેકે જાણવો પડશે.

# 57 રવાપર ગામ અને સનાતની ચળવળ

લેખક: CA ચંદુભાઈ ભવાનજી નાકરાણી



સનાતન ધર્મની જ્યોત જગાવી તેને સદા જલતી રાખવામાં અમુક ગામોનો ફાળો નોંધપાત્ર છે. રવાપર ગામની ગણના એવા સનાતની ગામ તરીકે કરી શકાય. શરૂઆતમાં ફક્ત બે કુટુંબો સનાતની થયા એટલે તેમનો સામાજિક બહિષ્કાર થવા લાગ્યો. એની પરવાહ કર્યા વગર સનાતની વિચારધારાવાળાઓની વસ્તી વધવા લાગી. જ્યોતિષધામના બે મેડામાંથી એક મેડો મેળવી શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરની સ્થાપના ઈ.સ. ૧૯૪૯ (સંવત ૨૦૦૫)માં કરવામાં આવી. તે વખત એ વિસ્તારમાં શ્રી લક્ષ્મીનારાણય ભગવાનનું મંદિર ક્યાંય ન હતું. એ રીતે લક્ષ્મીનારાયણ સનાતન સમાજની શરૂઆત થઈ. તેનો પ્રભાવ આજુબાજુના ગામોમાં પણ પડવા લાગ્યો અને સનાતન ધર્મનો પ્રસાર થવા લાગ્યો.

મંદિરની સ્થાપના તો થઈ, પણ પ્રશ્ન આવ્યો સમાજના વાસણોના વપરાશનો. લગ્ન પ્રસંગે તથા ઈત્તર પ્રસંગોએ સનાતનીઓને વાસણો તથા રસોઈનો સામાન વાપરવા ન આપવાનો નિર્ણય લેવાયો. વાસણોના રૂમ પર તાળું હતું. તેના પર સનાતન સમાજના ભાઈઓએ પોતાનું તાળું માર્યું. ઝઘડો વધતાં કોર્ટ દ્વારા સીલ મારવામાં આવ્યું. કેસ રાજકોટ કોર્ટ સુધી પહોંચ્યો. છેવટે બંને પક્ષો દ્વારા સમજુતી થઈ કે જ્યાં સુધી તે વખતના મુખી જીવતા હોય ત્યાં સુધી તેનો વહીવટ તે કરશે અને ત્યારબાદ બંને સમાજની સહમતિથી વહીવટ કરવો. વાસણો વગેરે બંને સમાજના સભ્યો વાપરી શકશે.

સમય જતાં સનાતની કુટુંબોની વસ્તી વધવા માંડી. યુવક મંડળની સ્થાપના થઈ. વિવિધ ધાર્મિક તથા સામાજિક ઉત્સવો થવા લાગ્યા અને લાયબ્રેરીની સ્થાપના થઈ. આને કારણે યુવકોમાં આકર્ષણ થવા લાગ્યું. એકબીજાને મળતા થયા અને સનાતની વિચારોને પ્રોત્સાહન મળવા લાગ્યું. બહુમતિ થતાં મુખી તથા તેમના બીજા કાર્યકર્તાઓને મળવા ગયા. સનાતની પ્રસાદથી અવગત કરાવ્યા. ત્યારે મુખીએ જણાવેલ "છોકરાઓ તો તમારા જ છે અમને રહેવા દો. અમે હવે નવું કેમ શીખીએ." તે વડીલોની ભાવનાને અનુલક્ષી તેમના પર દબાણ ન કર્યું. બંને સમાજો પોતપોતાના પંથે ચાલતી રહી.

વસ્તી વધવાને કારણે મંદિર નાનું પડવા લાગ્યું. નવા મંદિરની રચના કરવામાં આવી. ઉદ્‌ઘાટન પહેલાં એટલે કે ઈ.સ.૧૯૭૪માં ફરી મુખીને મળવા ગયા ત્યારે મુખીએ પ્રેમથી કહ્યું "હવે તમને જેમ ઠીક લાગે તેમ કરો." સહમતિ મળતાં ધાર્મિક વિધિથી પાટનું નદીમાં વિસર્જન કર્યું. બે સમાજ હતી તેમાંથી એક સમાજ થઈ. બધુ સંપ સુલેહથી થયું તેથી બંને પક્ષના ભાઈઓમાં બિલકુલ કડવાશ ન રહી. દબાણ કર્યુ હોય તો તે કામ કદાચ વહેલું થઈ શક્યું હોત, પણ લોકો વચ્ચે ખટાશ તો રહી ગઈ હોત. નવા મંદિરનું ઉદ્‌ઘાટન રંગેચંગે થયું. મુખીને ઉદ્‌ઘાટન વખતે મંચ પર યોગ્ય સ્થાન અપાયું હતું. આ રીતે એક કઠીન કામ સંપ અને પ્રેમથી પાર પડ્યું અને ઈ.સ.૧૯૭૪થી રવાપરમાં સતપંથ સમાજનું સનાતન સમાજમાં એકીકરણ થઈ ગયું. સનાતન સમાજના વડીલોનો ખાસ આગ્રહ હતો આ પૂરી પ્રક્રિયામાં ક્યાંય હલકી ભાષા વાપરવી નહિ. તેથી જ સમાજમાં પ્રેમ જળવાઈ રહ્યો છે. આ પ્રયોગનું અનુકરણ આજુબાજુના બીજા ગામોમાં પણ થયું.

યુવકોમાં એવી જાગૃતિ થઇ હતી કે તેઓ કાકાની વેલ આવતી ત્યારે ગામના પ્રવેશદ્વાર અને રસ્તા પર ગોઠવાઇ જઇ વેલને ગામમાં દાખલ થવા દેતા નહીં.

એ સમય એવો હતો કે છોકરા-છોકરીઓને વધારે ભણાવવા ન જોઈએ એવું ઠસાવવામાં આવ્યું હતું. પરંતુ રવાપરના વડીલો તેથી અલગ વિચારના હતા. તેઓ વિદ્યાર્થીઓને આગળ ભણવાનું પ્રોત્સાહન આપતા. એટલું જ નહિ પણ વિદ્યાર્થીઓના અભ્યાસ બાબત વ્યક્તિગત રીતે રસ લેતા અને તેમને જોઇતી મદદ પણ કરતા. તેથી રવાપરમાં શિક્ષણનું પ્રમાણ ઊંચું રહેતું. ખૂબ જ ગર્વની વાત છે કે આપણી સમસ્ત સમાજમાં મેટ્રીકમાં પ્રથમ પાસ થયેલ યુવક અને યુવતી બંને રવાપરના છે. (સ્વ.શ્રી દાનાભાઈ અરજણ જાદવાણી અને શ્રીમતી લક્ષ્મીબેન પોકાર (ભાદાણી).

સમાજના ધારા ધોરણોની વાત કરીએ તો કહી શકાય કે તે ચુસ્ત રીતે પાળતા. રવાપરમાં છેલ્લાં લગભગ ૭૦ વર્ષોમાં મૃત્યુબાદ કોઇને દાટવાનો પ્રસંગ બનેલ નથી. મુખી અને તેમના પત્નીને પણ અગ્નિદાહ આપવામાં આવેલ.

રવાપરમાં અત્યારે શ્રી લક્ષ્મીનારાયણ સમાજ અને શ્રી સ્વામીનારાયણ સત્સંગ સમાજ એમ બે સનાતની સમાજો છે. બંને સમાજો સંપથી હળીમળીને પોતાની પ્રવૃત્તિઓ કરે છે. એકબીજાના ઉત્સવોમાં સહભાગી થતા હોય છે.

રવાપરમાં સનાતન ધર્મનો પ્રસાર થયો તે સમાજના વડીલોના અથાગ પ્રયત્નોને આભારી છે. પણ અપૂરતી માહિતીને કારણે કોઇ વડીલનું નામ લખવાનું રહી જાય તો તેમને અન્યાય થઇ શકે, તેથી કોઇપણ વડીલોના નામોનો અહીં ઉલ્લેખ કરેલ નથી અને અહીં ફક્ત સનાતનને સ્પર્શતા વિષયોનો જ ઉલ્લેખ કરેલ છે.

## પૂ. સ્વ. શ્રી લાલજી સોમજી નાકરાણી અને સનાતની ચળવળ

રવાપર નિવાસી સ્વ.શ્રી લાલજીભાઈ નાકરાણી કરાંચીમાં રહી બિલ્ડીંગ કોન્ટ્રાકટરનો વ્યવસાય કરતા હતા. કરાંચીમાં જે સનાતની ચળવળો થઇ, તેમાં ખંતપૂર્વક ભાગ લેતા. તેમણે કરાંચીમાં થયેલ અધિવેશનોમાં ભાગ લીધેલ હતો. પોતે ચુસ્ત સનાતની હતા. સૌ સમાજના ભાઈઓને સનાતન ધર્મમાં આવી જવા સમજાવતા અને મુશ્કેલીમાં તેમને મદદ કરતા. તે વખતના ગેઢેરાઓ એ કેમ સહન કરી શકે? તેથી તેમના અને રવાપરના જ શ્રી રતનશી શીવજી નાકરાણી (પાટીદાર ઉદયના તંત્રી)ના પરિવારોને નાત બહાર કરી બંનેના કુટુંબોનો બહિષ્કાર કરવામાં આવેલ. તેમને કૂવામાંથી પાણી ભરવા ન આપવું, તેમનું ઘર કોઇએ ન બતાવવું, લગ્ન કે બીજા પ્રસંગો માટે સમાજના ગાદલાં, ગોદડાં વાપરવા ન આપવાં, પરિવારના છોકરાં સાથે સગપણ ન કરવા વગેરે રીતે હેરાનગતિ કરવામાં આવતી. તેના ઉપાય રૂપે પૂ. બાપાએ રસ્તા શોધવા પ્રયત્નો કર્યા હતા. જેમકે, પાણી માટે આંગણામાં જ કૂવો ખોદાવ્યો. તેમના ભાણેજ સ્વ. શ્રી દાનાભાઈ, જે સારા ચિત્રકાર હતા તેમણે ઘરની બહાર કરા પર તેમનું નામ મોટા અક્ષરે ચિત્રિત કરી આપેલ. વાસણો તથા ગાદલા વગેરે પોતાના જ વસાવી લીધેલ. સગપણો દૂર રહેતા સનાતનીઓ સાથે કરવાની શરૂઆત કરી. લગ્ન પ્રસંગોએ આપણા સમાજ સુધારકો સ્વ. શ્રી નારાયણભાઈ રામજી તથા સ્વ. શ્રી નારાયણભાઈ શીવજી વગેરેની ટીમ હાજરી આપતી.

તે દરમ્યાન એક કિસ્સો એવો બન્યો, જે તેમની મક્કમતાનો પરિચય આપે છે. પ્રસંગ હતો તેમની બે ભત્રીજીઓના લગ્નનો. બંને જાનો આવી ગઇ. પણ વિગોડી ગામના સ્વ. શ્રી મુળજી ખીમજી ગોરાણીની જાનના વડીલોએ હઠ પકડી કે લગ્ન તો મુખીથી થવાં જોઇએ. પૂ. લાલજીબાપાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવેલ કે તેમ નહીં બની શકે. લગ્ન ચોરીમાં વેદમંત્રોથી જ થશે. એક બહેનના લગ્ન થયાં. બીજી બહેનના લગ્ન અટકી પડ્યાં. મોડી રાતે વેવાણ આવ્યા. કરગરવા લાગ્યા કે લીલા

તોરણે આવેલી જાન પાછી કેમ જાય? પણ પૂ. બાપા પોતાના નિર્ણયમાં મક્કમ હતા. છેવટે વેવાણ તૈયાર થયાં. બ્રાહ્મણોએ મુહુર્ત કાઢ્યાં અને બીજે દિવસે બપોરે લગ્ન થયાં. તે સમયમાં દીકરાવાળા તરફથી આવી હિંમત તો ભાગ્યે જ કોઇ કરી શકે.

ઈ.સ.૧૯૪૯માં રવાપરમાં લક્ષ્મીનારાયણ સમાજની રચના થઇ અને મંદિરની શરૂઆત થઈ. તેમાં સમાજના પ્રથમ પ્રમુખ તરીકે તેમની નિમણુંક થઇ. મંદિરમાં ધાર્મિક અને સામાજિક પ્રસંગોની ઉજવણી થવા લાગી. આજુબાજુના ગામોને પણ લક્ષ્મીનારાયણ મંદિર નિર્માણ કરવાની પ્રેરણા અને પ્રોત્સાહન આપતા અને કોઇ પ્રશ્નો ઉભા થાય તો તેનું નિરાકરણ પણ કરી આપતાં. તેમના માર્ગદર્શન હેઠળ કેટલાંય ગામોમાં મંદિરોના નિર્માણ થયાં હતા.

એક વખત તેમને પૂછવામાં આવ્યું હતું કે સમાજના વાસણ વાપરવા બાબતના કેસમાં રાજકોટ સુધી લડી ખર્ચ કર્યો તેના બદલે નવા વાસણો લઇ લીધાં હોત તો કદાચ સસ્તું પડ્યું હોત. ત્યારે તેમણે જવાબ આપેલ કે **"સવાલ પૈસાનો નથી, પણ સિધ્ધાંતનો છે. આપણે આજુબાજુના ગામોના લીડર કહેવાઈએ અને આપણે જતુ કર્યું હોત તો બાકીના ગામોને પણ તેમનો હક્ક ન મળ્યો હોત. કોર્ટનો ચુકાદો આપણી તરફેણમાં આવવાથી બધા ગામોને યોગ્ય લાભ મળી શક્યો."**

ભારતના ભાગલા થયા બાદ કરાંચી છોડી આવ્યા પછી રવાપરમાં જ સ્થાયી થયા હતા. એ કહેતા "અમે પણ કમાવા માટે કચ્છ બહાર જઇ શક્યા હોત પણ સનાતન સમાજમાં આવેલ લોકો હજી મક્કમ નથી. તેમને કોઇ ભોળવી ન જાય તે માટે સતત ઘસારાની જરૂર છે. તેથી તેમને સતત ઘસારાથી મક્કમ કરવાના મિશનથી કચ્છમાં બેઠા છીએ." તેથી લોકોને મળતા ટુચકા અને ધાર્મિક દૃષ્ટાંતો આપી તેમને મક્કમ કરતા હતા. રવાપરમાં ઈ.સ.૧૯૭૪માં નવા લક્ષ્મીનારાયણ મંદિરનું નિર્માણ થયું ત્યારે મંદિરના શિખરનો કળશની સ્થાપના તેમના હાથે થઇ હતી.

પૂ. બાપા ભણેલ ન હતા, પણ વિધાર્થીઓને શિક્ષણ માટે પ્રેરિત કરતા. પ્રોત્સાહન થયેલા વિધાર્થીઓ આજે પણ તેમને યાદ કરે છે. છેલ્લે પાટીદાર વિધાર્થી ભવન, નખત્રાણાની બાંધકામ સમિતિના એક સભ્ય તરીકે સેવા આપેલ.

કહેવાય છે કે એક ગામમાં વિધાર્થીઓએ સનાતન ભાઇઓની જનોઇઓ તોડી નાખી. પૂ. બાપાને જાણ થતાં તે તુરંત કરાંચીથી કચ્છમાં આવ્યા. દેવીસર જઇ રતુ મહારાજ (જે આપણી સનાતન ચળવળ સાથે સંકળાયેલ હતા.)ને લઇ તે ગામે પહોંચીએ ભાઇઓને જનોઇ ફરીથી પહેરાવી હતી. કરાંચીમાં પણ જ્યારે કોઇની તબિયત બગડતી કે મુશ્કેલી આવતી તો તેમને લઇ કચ્છમાં જઇ બનતી આર્થિક મદદ કરી તેમને ઘરે પહોંચાડતા.

પૂ. બાપા હિન્દુ ધર્મના સિધ્ધાંતો અને સામાજિક ધારા ધોરણોનું ચુસ્તપણે પાલન કરતા. જ્યારે સમાજના નેતાઓ જ સામાજિક નિયમો ઉલ્લંઘન કરતા, ત્યારે તેમને ખૂબ જ દુઃખ થતું અને સ્પષ્ટ વક્તા હોવાને નાતે કહેતા કે જો તેમનું ઘરમાં ન ચાલતું હોય તો પહેલાં ઘરે પૂછીને પછી જ સમાજના ધારા ધોરણો બનાવો. તેમની કથની અને કરણીમાં બિલકુલ ફરક ન હતો.

પૂ. બાપા વિષે બનેલ બીજી એક ઘટના જાણવા જેવી છે. ભુજની એક ધર્મશાળામાં ઉતર્યા હતા (ત્યારે આપણી વાડી ન હતી) ત્યાં એક બ્રાહ્મણ પરિવાર પણ આવ્યું હતું. બોલવામાં ચતુર એવા તેમણે તેમની સાથે દોસ્તી કેળવી અને જાણી લીધું કે તે પરિવાર હાજીપીરની યાત્રા કરીને આવ્યું હતું. જમવા સમયે એ પરિવારે પૂ.બાપાને જમવાનું આપવા લાગ્યા. તેનો પૂ. બાપાએ અસ્વીકાર કર્યો અને કહ્યું "તમારું જમવાનું અમને ન ચાલે." પેલા બ્રાહ્મણ ભાઈને ખૂબ આશ્ચર્ય થયું અને કહ્યું કે "અમે તો ઉચ્ચ કોટીના બ્રાહ્મણ છીએ તો તમને કેમ ન ચાલે" ત્યારે બાપાએ જવાબ આપ્યો "જે બ્રાહ્મણ

હોઈ હાજીપીરની યાત્રાએ જાય, એવા બ્રાહ્મણનું જમવાનું અમને ન ચાલે." બ્રાહ્મણ ભાઈ એકદમ સમજી ગયા અને કહ્યું, "પટેલ, મારી ભૂલ થઈ. તમે મારી આંખો ઊઘાડી દીધી. હવે પછી હું ક્યારેય હાજીપીર જેવાં સ્થળોએ નહીં જાઉં." પોતે તો હિન્દુ ધર્મ ચુસ્તપણે પાળતા, પણ સામેવાળાને પણ ચતુરાઈથી તેનો ધર્મ બતાવી દીધો.

સનાતની ક્રાંતિમાં આપણી બહેનો અને માતાઓએ પણ યોગ્ય સહકાર આપેલ. પૂ. લાલજીબાપાના ધર્મપત્ની માતાજી વાલબાઈ પણ પિયર જતાં ત્યારે પોતાનું જમવાનું પોતે જ અલગ બનાવતાં.

પૂ.બાપા પોતે કરાંચીમાં હતા ત્યારે તેમના બાળકનું મૃત્યુ થયું. તે વખતની સમાજે તેમનો બહિષ્કાર કર્યો હોવાથી એ મૃત બાળકને અંતિમ ક્રિયા માટે કોણ લઈ જાય? તેથી માતાજીએ હિંમત દાખવી, મૃત બાળકને ઘરે છોડી, ઘરને તાળુ મારી વાડીઓમાં પોતે જઈને સ્વામીનારાયણ સંપ્રદાયના પરિવારના ભાઈઓને જાણ કરેલ.

આવા કેટલાંય નામી, અનામી વીર અને વીરાંગનાઓએ આપેલ ભોગને પરિણામે આપણો સનાતન સમાજ આજના સ્તરે પહોંચ્યો છે. સૌને કોટી કોટી વંદન. જય સનાતન.

# 58 વેરસલપર ઇતિહાસ

લેખક: ડાયાભાઈ જેઠાભાઇ દિવાણી (માતૃભૂમિ પુસ્તકમાંથી સાભાર)



વિક્રમ સંવત ૧૯૭૨ (ઇ. સ. 1916)થી અગાઉ લોકોમાં પીરાણા સતપંથ પ્રત્યેની અંધશ્રદ્ધાથી વટાળવૃત્તિનો સૂરજ તપતો હતો. તે દરમ્યાન અમારા ગામમાં પીરાણાથી ધર્મગુરૂ તે વર્ષે આવ્યા હતા. તે દરમ્યાન ગામમાં પરજ્ઞાતિના તેમના અનુયાયીઓના ઘરે નિરામીષ ભોજન આરોગેલ અને તેમણે તે ભોજનની ખુલ્લેઆમ પ્રશંસા કરી. તેથી અમારા વડીલો (૧) મુખી ગોપાલ રતના (૨) પટેલ રાજા કરસન (3) દીવાણી મૂળજી કેશરા તેમજ ગામના અગ્રેસર ભાઇઓએ નારાજગી વ્યક્ત કરી. તે આપણી જ્ઞાતિના રચાયેલ સિદ્ધાંતની વિરુદ્ધ હોવાથી આવા ધર્મગુરૂઓની નાગચૂડમાંથી આપણા ભાઈઓને મુક્ત કરવા ગામમાં આવવા પર તેમની ઉપર પ્રતિબંધ મૂકવો. જેથી આપણા ભોળા અજાણ ભાઇઓ તેમના ગેરમાર્ગે દોરાવણીથી મુક્ત થાય.

વિક્રમ સંવત ૧૯૭૨ શ્રાવણ માસના જન્માષ્ટમીના તહેવારના દિવસો (Aug 1916) દરમ્યાન રાંધણછઠ્ઠના દિવસે લિહાણી કરવા કાકાશ્રી રામજી વેરસલપુર ગામે પધાર્યા. લિહાણીનું કામકાજ પત્યા બાદ સમાજના વપરાશ માટે મજુસની ખરીદી બાબતમાં વિખવાદ થતાં રામજી કાકાશ્રી ગામ છોડી ચાલ્યા ગયા. ત્યારબાદ ભડલી ગામથી માજીમાંનું વેરસલપુર ગામે આવવાનું થતાં ગામના વડીલોએ તેમનો બહિષ્કાર કરી ઊતરવા આપેલ નહીં.

વિક્રમ સંવત ૧૯૭૯માં કાકાશ્રી રામજી પીરાણા ગાદીપતિ થતાં કચ્છમાં આગમન થયું. સમાજની જોહુકમીથી અમારા ગામના આગેવાનો એ આમંત્રણથી બોલાવ્યા તે દરમ્યાન સમાજના લાગા-લગમ જેવા કે (૧) દર્શોદ - કુટુંબમાં કમાતિ વ્યક્તિ દીઠ ચાર કોરી. (૨) સરબંધી - ચુલાદીઠ સવાકોરી મુજબ વસુલ કરતા. હિસાબ બાબત વિખવાદ થતાં કાકાશ્રી વહેલી સવારના કોઇને જાણ કર્યા વિના ગામ છોડી ચાલ્યા ગયા.

ત્યારબાદ અમારા ગામે સતપંથ સમાજના કોઇ ફંડફાળાઓ ચુકવ્યા નહિ. તેમજ ધર્મગુરૂઓ તથા કાકાશ્રીઓનું પણ આગમન થયું નથી. તે રીતે બહુ વહેલાસર ગામશ્રી વેરસલપુર સતપંથના નાદથી મુક્ત થઈ ગયું.

વર્ષો વીતતાં વિદેશમાં વસતા યુવાન ભાઈઓમાં શહેરના વાતાવરણથી જાગૃતિ આવતાં દેશમાં વસતા વડીલોના મનનું સમાધાન કરી વિક્રમ સંવત ૧૯૯૪ના આષાઢ સુદ-૨ બીજ એટલે 29-Jun-1938ના દિવસે સતપંથના પાટનું ઉત્થાપન કરી સનાતન સમાજની સ્થાપના કરી. શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની પાન મૂર્તિનું સ્થાપન કર્યું. ધજાના બદલે પવન પાવડીથી ધજાગરો ચડાવ્યો.

વિક્રમ સંવત ૧૯૯૫માં ગામમાં બાળકો માટે ગામઠી સ્કૂલની સ્થાપના કરી. બાળકોને શિક્ષણ આપવાની શરૂઆત કરવામાં આવી. સંચાલન ગામ તરફથી થતું, મંદિર શિખરબંધ બનાવવાના આયોજનમાં ત્રણેક વર્ષ વીતી ગયાં. વિક્રમ સંવત ૧૯૯૭ના અખાત્રીજના દિવસે નીજ મંદિરના પાયા મુહુર્ત કરી તેનું આયોજન કર્યું. નીજ મંદિર સફેદ

પથ્થરમાંથી શિખરબંધ બનાવવામાં આવ્યું. ગામમાં વસતા દરેક નાના મોટા સર્વે ભાઇઓએ ખભેખભા મિલાવી કાર્ય પરિપૂર્ણ કર્યું.

વિક્રમ સંવત ૧૯૯૮ના શ્રાવણ સુદ-૧૩ એટલે 24-Aug-1942ના શુભ દિવસે મંદિરમાં પાનમૂર્તિની પ્રતિષ્ઠા દેશલપર વાંઢાયના મહારાજશ્રી ઓધવરામજી ગુરૂ લાલદાસજીના વરદ હસ્તે કરવામાં આવી. મંદિરને પચાસ વર્ષ થતાં મંદિરની સુવર્ણ જયંતિ ઉજવવાની ચર્ચાઓ થઇ. જેમાં દેશમાં તેમજ વિદેશમાં વસતા ભાઇઓએ સર્વાનુમતે નક્કી કર્યું કે જુના મંદિરની જગ્યાએ નવા નખશા મુજબ મંદિર બનાવી આરસ પાણાની મૂર્તિઓ પધરાવવી તેવું આયોજન કરવામાં આવ્યું.

જુના મંદિરની ઉત્થાપન વિધિ તેમજ નવા મંદિરના પાયા મુહુર્ત વિ.સંવત ૨૦૪૭ના શ્રાવણ સુદ-૧૨ ગુરુવારના તા.૨૨-૮-૯૧ના રોજ હરિદ્વાર વસતા મહારાજશ્રી વાલદાસજી ગુરૂશ્રી ઓધવરામજીના હસ્તે કરવામાં આવ્યું.

મુંબઇ વસતા ભાઇઓ (૧) દિવાણી નરસિંહ કાનજી (૨) લીંબાણી હીરજી કરમશી (૩) દિવાણી ખીમજી જેઠા. જેમણે તન-મન-ધન અને સમયનો ભોગ આપી કામ કર્યું છે. તેમનું કાર્ય જોઇ ગામના દરેક ભાઇઓએ તેમના કાર્યને બિરદાવવું જોઇએ.

શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા વિક્રમ સંવત ૨૦૪૮ શ્રાવણ સુદ-૧૩ મંગળવાર તા.11-Aug-1992ના રોજ બ્રહ્મકાંડી જ્યોતિષી મોટી વિરાણીવાળા આચાર્યશ્રી રેવાશંકર રતિલાલ રાવળના હસ્તે કરવામાં આવી.

59

# વિરાણી નાની (ગઢશીશાવાળી) કોર્ટમાં લડત

લેખક: કરમશીભાઈ કાનજીભાઇ વાસાણી



ગામ વિરાણી-નાની શરૂઆતમાં સૌ કોઇ પીરાણાપંથી જ હતા. લગ્ન અને મરણોત્તર વિધિ પણ પીરાણા સતપંથના ધર્મ મુજબ જ થતી હતી. ગામમાં સૌ પ્રથમ સતપંથનો ત્યાગ કરનાર સુરાણી (ભગત) પરિવાર હતો. તેઓના વડીલશ્રી મુળજી કેશરા સુરાણી (ભગત)ના સૌ પ્રથમ અગ્નિસંસ્કાર કરવામાં આવેલ. ધીમે ધીમે બીજા પરિવારોએ પણ, પીરાણા સતપંથનો ત્યાગ કરી ગામના અન્ય જ્ઞાતિના સમાજજનોને સાથે રાખી ઈ.સ.૧૯૬૩માં નવરાત્રી ગરબીની સ્થાપના કરવામાં આવી હતી. કેટલાક વર્ષો બાદ ગામમાં શંકર ભગવાનનું મંદિર નિર્માણ કરવામાં આવ્યું.

ગામની સ્થાવર મિલકત જેમ કે જગ્યા, સમાજવાડી, વરંડો વગેરે સમસ્ત કડવા પાટીદાર સમાજે સાથે મળીને વસાવી. જેનું રજીસ્ટ્રેશન ઈ.સ. ૧૯૬૨માં "કડવા પાટીદાર સમાજ - ગામ વિરાણી નાની" નામાભિધાન કરવામાં આવ્યું હતું. તે સમયમાં સૌ સાથે મળીને જ રહેતા. અમુક વર્ષો બાદ ઈ.સ.૧૯૯૮માં "શ્રી લક્ષ્મીનારાયણ સનાતની સમાજ"ની રચના કરવામાં આવી અને પીરાણાને માનવાવાળાએ બીજી સતપંથ સમાજની રચના કરી.

1994માં કડવા પાટીદાર સમાજની મિલકતને પીરાણાપંથીઓએ સતપંથ જ્યોતિધામ મંદિર એવા નામે નાયબ ચેરીટી ઓફીસ ભુજમાં ચૂપચાપ ફેરબદલી કરાવી નાખી. આનાથી ગામમાં કુસંપના બીજ રોપાણા. ધીમે ધીમે સતપંથી ભાઈઓના વાણી-વર્તન અને વહેવારમાં બદલાવ જોવા મળતાં સનાતની ભાઈઓને શંકા થવા લાગી કે આમાં કાંઇક કાળું છે. જેથી 1998માં મળેલ એક મિટિંગમાં સનાતનીભાઈઓ એવી માંગણી મુકી કે આ મિલકતની રજીસ્ટ્રેશન કોપી બતાવો. તે વખતે મગન દાના ભગત કોપી લેવા ગયા અને મિટિંગમાં આવ્યા ત્યારે અસલ કોપીના બદલે ફાલતુ કાગળ બતાવ્યા. ગરમા ગરમી થઇ અને સનાતની ભાઇઓ નાયબ ચેરીટી ભુજથી નકલ કોપી કઢાવી ત્યારે સતપંથીઓના અસલી કરતૂતની ખબર પાડી. આગાઉ જણાવ્યા પ્રમાણે જે કુસંપના બીજ રોપાણા હતા એ હવે ઝઘડાનું રૂપ લેવા લાગ્યા.

આ મુદ્દે ચર્ચાઓ અને સમાધાન માટે મિટિંગની તારીખ નક્કી થાય પણ, તેમના પક્ષે કોઈ હાજરી જ ના આપે. સનાતની ભાઈઓએ આખરે ન્યાય માટે 1999માં રાજકોટ ચેરેટી કમિશનરમાં કેસ દાખલ કર્યો અને તારીખ ૨૦-૦૨-૨૦૦૨ના રોજે માનનીય ચેરીટી કમિશ્નર અધ્યક્ષ સાહેબે 1994માં ફેરફાર થયેલ મિલકતને પુનઃ ૧૯૬૨ના બનેલ ટ્રસ્ટ "કડવા પાટીદાર સમાજ"ના નામે કરવાનો હુકુમ આપ્યો. આ હુકમને સતપંથી માન્ય ના રાખ્યો અને ભુજ જીલ્લા કોર્ટમાં અપીલમાં ગયા. આ રીતે કોર્ટ કચેરીના કેસ ચાલતા રહ્યા.

સતપંથીઓના આવા વર્તનથી નારાજ થયેલ સનાતની ભાઈઓએ તેજ વર્ષે ઓગસ્ટ માસે વિરાણી નાની ના કોટેશ્વર મહાદેવ મંદિરનો ૨૫ વર્ષની રજત જયંતિનો ઉત્સવ સતપંથીઓને દૂર રાખી માત્ર સનાતન સમાજે ધામધૂમથી ઉજવ્યો. તેના પ્રત્યાઘાતમાં સતપંથીઓએ સનાતન સમાજના પ્રમુખ નારાણ નાનજી વાસાણી અને કોટેશ્વર મંદિર સમિતિના પ્રમુખ કરસન કાનજી વાસાણી સામે માંડવી તાલુકા કોર્ટમાં બદનક્ષીનો દાવો માંડીને કેસ કર્યો. અન્ય સાત

## વિરાણી નાની (ગઢશીશાવાળી) – કોર્ટમાં લડત

સતપંથીઓએ પણ અલગ અલગ તાલુકા કોર્ટમાં જઇને બીજા સનતાનીઓ પર પણ ખોટા કેસ દાખલ કરવાનું શરૂ કર્યું. આમ, કુલ 12 સનતાનીઓ પર સાવ ખોટે ખોટા કેસ કરી હેરાનગતિ ચાલુ રાખી.

થોડા વર્ષ પહેલાં સતપંથીઓએ ગ્રામ પંચાયતમાંથી ખોટો ઠરાવ લઇને પાટીદાર સમાજવાડીમાં સુધારો કરવા લાગ્યા. નળીયા કાઢીને પતરા ચડાવ્યા. તે કામ કરતી વખતે સનાતન સમાજવાળા વિરોધ ના કરે અને બિકમાં રહે તે માટે દલિત સમાજના ભાઇઓને કાન ભંભેરણી કરી ચોકીદાર તરીકે રાખ્યા. સમાજ વાડીના એક રૂમમાં સનાતન યુવક મિત્ર મંડળનો નવરાત્રિનો સામાન હતો તે બહાર રસ્તા પર ફેંકી દીધો. દલિત સમાજના ભાઇ-બહેનો ચોકીદાર હતા એટલે આ લોકો ઉલટા સુલટા દાવા કરશે તેવી બીકમાં કોઇએ વિરોધ કરવાની હિંમત ના દાખવી. નવરાત્રી મંડળનો સમાન એક સતપંથી ભાઈના ઘરેથી ચુપચાપ યુવક મંડળ સામાન પરત લઈ આવ્યા.

હાલમાં સનતાનીઓએ પણ વળતા સામા કેસ કરેલ છે. આમ, કડવા પાટીદાર સમાજની મિલકત બાબતે ઘર્ષણ ચાલુ જ છે. ક્યાંક સામો પક્ષ આપણા યુવા ભાઇઓને ભોળવીને સનાતની એકતા તોડવામાં સફળ તો ક્યારેક નિષ્ફળ રહે છે. સારા અને સાચા પરિણામની અપેક્ષાએ કાર્ય કરી રહ્યા છીએ. તેમ છતાં સનાતનીઓની એકતા ખૂબ સારી છે.

60

# અતિતના ઝરૂખેથી આણંદસરનો ઇતિહાસ



શાંતિલાલ લીંબાણી

ખાનાપંથી સંપ્રદાયમાં ઘરકાવ થતા પાટીદાર જ્ઞાતિના સમુહને બહાર કાઢવાની ઝુંબેશ ફરથી જુસ્સો ૧૯૪૭ના પંજાબ, કલકત્તા અને અન્ય પ્રાંતોમાં હિન્દુઓની કત્લે આમ પછી જ ચાલુ થઇ છે.

આપણા આધ સુધારકો પૂજ્ય નારણજી બાપા કેશરાબાપા ઓધવજીરામને યાદ ના કરીએ તો આપણે નગુણા કહેવાઈએ. આપણો સંપ્રદાય ઈષ્ટદેવ અને કુળદેવતાને ભુલીને ઈમામશાહ જેવા લોકોની પુંજામાં પોરવાઇ ગયો હતો. જ્ઞાતિના બહોળા સમુહને ખાનાપંથીમાંથી બહાર કાઢવા આપણા નરબંકાઓએ ખૂબ જ મહેનત કરી હતી. અપમાનની પાઘડીઓ પહેરીને જ્ઞાતિને સાચી દિશા બતાવવી ખૂબ જ મહેનત કરી હતી.

વર્ષ ૧૯૭૧ના ભારત પાકિસ્તાન યુધ્ધ દરમ્યાન મોટી સંખ્યામાં પાકિસ્તાનથી સોઢા હિન્દુ પરિવારોને હિજરત કરવા મજબુર થવું પડ્યું હતું. તેઓએ કચ્છમાં આવીને મુસ્લિમ લોકોની અત્યાચારી ભાષાની આપવીતી આપણા વડીલોને કહીને હિન્દુ ધર્મમાં આવવા આહ્‌વાન કર્યું હતું. તેવા સમયે કચ્છના અંતરિયાળ ગામોમાં ચાલતા ખાનાપંથની દુકાનો ધીરે ધીરે બંધ થવા લાગી. સતપંથી આકાઓનું પરિવર્તન કામ લાગ્યું નહિ. ખાનામાંથી ઈમામશાહની જગ્યા જ્યોતિધામ, જ્યોતિમંદિર, નિષ્કલંકીદામ અને છેલ્લે નિષ્કલંકી નારાયણનું મંદિરના પરિણામો એળે ગયા છે.

આજે નખત્રાણા તાલુકાના વિથોણ, ધાવડા, સાંગનારા, સાંયરા (યક્ષ) ગામો લગભગ સનાતની ગામો છે. ગામોમાં એકાદ બે પરિવારો હજુ પણ દહીં-દુધવાળી ભાષા બોલે છે.

આણંદસર (વિ.)માં ૫૦ વર્ષ પૂર્વે આપણા જ વડીલ સ્વ.કરશન મેઘજી લીંબાણીએ પરિવર્તન અને વાસ્તવિકતાને સ્વીકારીને ગામના પાટીદાર લોકોને સનાતની બનાવવા પહેલ કરી હતી. ઈમામશાનો પાટ ઉપાડીને પોતે જ લક્ષ્મી નારાયણની પાન મૂર્તિ બેસાડી હતી. અને સતપંથના ધાર્મિક સ્થાન એટલે કે "જગ્યા"ની ધજા પણ પોતે ઉતારીને સનાતની ચળવળનો ગામડામાં પ્રારંભ કરાવ્યો હતો ત્યારે ખાનપંથીઓ તરફથી ભ્રામક પ્રચાર અને ધમકીઓ પણ આપવામાં આવતી હતી. પરંતુ કરશન બાપા જેવા અડીખમ રહીને પાટીદાર સમાજને સાચા માર્ગે ચાલવા બીડું ઝડપ્યું હતું.

જગ્યામાંથી મંદિર બનાવ્યા પછી ભગવાન લક્ષ્મીનારાયણની સેવા આરતી કરવાનું બીડું પણ એમણે ઉપાડ્યું હતું અને ગામમાં સનાતની માહોલ ઉભો કરવામાં ગામના વડીલ કરશન મેઘજી લીંબાણીનું બહુમૂલ્ય યોગદાન રહ્યું છે. આ રીતે અનેક ગામોમાં સનાતની ચળવળના મંડાણ થયા અને સફળતા પણ મળી છે.

# 61

# શ્રી નાના અગીયા લક્ષ્મીનારાયણ સમાજ



લેખક: શ્રી નવીનભાઇ ઉર્ફે હીરાલાલ દેવજી પારસીયા – પ્રમુખશ્રી

શ્રી નાના અગીયા ખાના સતપંથ છોડીને સનાતનનો અંગીકાર કરનાર કર્મવીર માવિત્રો સંતપથ છોડે ખુબ ઝઘડા કર્યા અને મારા મારી પણ થઇ અને કેસ પણ કર્યા. પછી સતપંથીઓએ ભાઇચારીથી જુદા કરીના ખેલ કરેલ. જેનાથી સનાતની વડીલોને ખુબ જ મુશ્કેલીનો સામનો કરેલ. સતપંથી ભાઇઓ ખાનામાંથી એક પણ વાસણ તથા કોઇ મિલકતમાં ભાગ આપેલ નથી. આ હતી તેની કુટીલ નીતિ. પછી એક રૂમની અંદર ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની એક પાન મુર્તિ સ્થાપના કરેલ.

પ્રથમ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરની સ્થાપના દીવસ સંવત ૨૦૦૫ શ્રાવણ વદ આઠમને બુધવાર તા. ૧૭-૦૮-૧૯૪૯ના દીવસે કરેલ. ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ મંદિરમાં પાનમૂર્તિની પ્રાણ-પ્રતિષ્ઠા સંવત ૨૦૧૭ શ્રાવણ સુદ ૭ ને શુક્રવાર તા. ૧૮/૦૮/૧૯૬૧ કરેલ. શિખરબંધ જીર્ણોધ્ધાર મંદિરમાં શ્રી લક્ષ્મીનારાયણ તેમજ પરિવાર દેવતાઓની મૂર્તિ પ્રાણ-પ્રતિષ્ઠા સંવત ૨૦૫૫ શ્રાવણ સુદ ૭ ને બુધવાર તા. ૧૮/૦૮/૧૯૯૯ ના કરેલ છે.

કર્મવીર સમાજ સુધાર વડીલોની યાદી નીચે લખેલ છે :

| | |
|---|---|
| 1. કાનજી નારાયણ ભગત | 2. નાનજી દેવશી ભગત |
| 3. દેવશી શિવદાસ પારસિયા | 4. શામજી નથુ પારસિયા |
| 5. અબજી સીવજી મેઘાણી | 6. પ્રેમજી મેગજી મુખી (મેઘાણી) |
| 7. શિવગણ ભીમજી મુખી (મેઘાણી) | 8. હંસરાજ નાનજી મેઘાણી |
| 9. ગાભા કાનજી ચોપડા | 10. શિવજી પચાણ કેશરાણી |
| 11. શિવજી રૂડા કેશરાણી | 12. રામજી પોના પારશીયા |
| 13. ધનજી માસ્તર પારશીયા | 14. પ્રેમજી બાપા ચોપડા |
| 15. વેલજી હીરજી કેશરાણી | |

આ વડીલોએ ખુબ સાહસ કરેલ અને તેની અંદર સેવા પૂજા ૧૫ વર્ષે હંસરાજ નાનજી મુખી (મેઘાણી) એ કરેલ અને તે જ પરીવારના શિગણ ભીમજી મુખી (મેઘાણી) ખાનાના મુખી હતા. તેનું ત્યાગ કરીને સનાતનનો અંગીકાર કરેલ અને તેમના દીકરા દેવજી શિગણ ભીમજી મુખી (મેઘાણી)ની ખાનાની અંદર મુખીની પાઘડી હતી. તેનું ત્યાગ કરીને સનાતનનો અંગીકાર કરેલ અને તેમના દીકરા દેવજી શિગણ, અરજણ શિગણએ બ્રાહ્મણો હાથે દેહ શુદ્ધિ કરાવેલ અને જનોઇ ધારણ કરાવેલ. શિગણ બાપા, હસરાજ બાપા મેઘાણી પરીવારમાં વિક્રમ સંવત ૨૦૦૫થી ૨૦૭૯ સુધી એક પણ સંતપથીની છોકરી લીધેલ નથી અને આપેલ પણ નથી. અને સંતપથીની દફન વિધી તથા ધાર્મિક ક્રિયામાં ગયેલ પણ નથી. એ પ્રથા તે પરીવારમાં આજે પણ ચાલુ છે. ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની બીજું મંદિર પાન મૂર્તિની સ્થાપના શ્રાવણ સુદ સાતમ શુક્રવાર તા. ૧૮-૦૮-૧૯૬૧માં કરેલ છે. ધીમે-ધીમે દીવસો જતા એક પછી એક પરીવાર સતપંથ છોડી સનાતનમાં જોડાતા ગયા. ત્રીજી વખત પ્રાણપ્રતિષ્ઠા શીખર બંધ મંદિરમાં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની તેમજ પરિવાર દેવતાઓની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા સંવત ૨૦૫૫ શ્રાવણ સુદ સાતમનો બુધવાર તા. ૧૮-૦૮-૧૯૯૯માં કરેલ છે. આ છે શ્રી નાના અગીયા લક્ષ્મીનારાયણ સનાતનનો અછેરી રૂપરેખા.

વર્ષો વીતી ગયા હોવા છતાં અંગીયામાં સતપંથનું જગીયું છે અને ગામમાં હજી સતપંથની વસ્તી છે. મીલકતોના ભાગલા કરી નાખેલ છે. અમુક મિલકત સાથે છે સમાજના નિયમ પ્રમાણે કોઇ પ્રકારનો સતપંથ જોડે વ્યવહાર કરતા નથી. અંતિમ ક્રિયા કે ધાર્મિક ક્રિયામાં કદાપિ ભાગ લેતા નથી. જન્માષ્ટમી કે નવરાત્રિ જેવા પ્રસંગો તેઓ અલગ કરે છે અને ૨૦૧૦ના સવર્ણમ મહોત્સવના દ્દ્દા અધિવેશન પછી અત્યારથી અનેક પરિવારો સતપંથ છોડીને સનાતનમાં જોડાતા જાય છે.

# 62

# શ્રી લક્ષ્મીનારાયણ મંદિર તથા ધાવડા મોટા ગામનો ઇતિહાસ

<u>**લેખક:**</u> પરસોત્તમ જી. ડાયાણી – મહામંત્રી



આજથી અગાઉ ૩૬૦ વર્ષ પહેલાં આપણી જ્ઞાતિમાં શીરવી પરિવારનાં ડાહ્યા બાપા તથા પોકાર પરિવારનાં વિભા બાપા તથા ધોળુ પરિવારનાં વડીલો એ સાથે મળીને વિ.સંવત ૧૭૧૯ માગશર સુદ ૫ અને તા. ૧૬-૧૧-૧૬૬૨ના રોજ મોટા ધાવડા ગામનું તોરણ બંધાવેલ અને ગામ વસાવેલ. ગામમાં અત્યારે જે શીવ મંદિર છે, તેમની બાજુમાં ધબડા નામનું ઝરણું વહેતું હતું તો તેમના નામ પરથી ધાવડા ગામનું નામ પડેલ છે. શિરવી શાખાના ડાહ્યા બાપાના નામ પરથી તેમના વંશજો ડાયાણી કહેવાયા, જે અહીં રહે છે. તેમજ પોકાર પરિવારના ભાણેજ એવા પારસીયા પરિવારનાં વડીલો અંગીયા ગામથી આવીને ધાવડા ગામે વસ્યા.

ગામની સ્થાપના થયા બાદ જેમ આપણો પાટીદાર સમાજ સતપંથ સમાજને અનુસરતો હતો, એજ રીતે ધાવડા ગામ પણ આજ ધર્મને અનુસરતો હતો. સમય જતાં આપણા સમાજ સુધારક વડીલ શ્રી રતનશી ખીમજી ખેતાણીની પ્રેરણાથી ગામે ગામ લક્ષ્મીનારાયણ મંદિરો બનાવવાની ચળવળ ચાલુ હતી. તે દરમિયાન **વિ. સંવત ૨૦૩૦માં શ્રી નારાયણ સરોવર જાગીર ટ્રસ્ટનાં અધ્યક્ષ પરમ પૂજ્ય શ્રી મધુસુદન લાલજી મહારાજનું વડીલોની પ્રેરણાથી ગામમાં આગમન થતાં, મહારાજશ્રી એ પુછેલ કે આ ગામમાં લક્ષ્મીનારાયણનું મંદિર છે કે નહિ. ત્યારે અમારા વડીલોએ જણાવેલ કે અમારા ગામમાં લક્ષ્મીનારાયણ ભગવાનનું મંદિર નથી. ત્યારે મહારાજશ્રીએ અમારા વડીલોની કડક શબ્દોમાં ઝાટકણી કાઢેલ તથા અમારી સમાજનાં દરેક પરિવારના આગેવાનોને સાથે રાખીને સંકલ્પ લેવડાવેલ કે કોઈ પણ સંજોગોમાં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરની સ્થાપના કરો તેવો આદેશ કરેલ**.

જેમાં અમારા ગામના વડીલોએ આપસમાં સલાહ સુચન કરીને સર્વ સંમતિથી મહારાજશ્રીના સુચનને વધાવી લીધેલ. ત્યારે પૂજ્ય મહારાજશ્રીએ સૌ પ્રથમ રૂપિયા ૧,૫૫૧નો પોતાનો અમુલ્ય ફાળો લખાવેલ અને મંદિરનું જેમ બને તેમ જલદીથી જલદી બાંધકામ કરવાનું જણાવેલ. મહારાજશ્રીએ આર્શીવાદ આપેલ કે તમારા મંદિરના કામમાં કોઈ પણ જાતનું વિઘ્ન નહિ આવે અને કામ સારી રીતે પૂર્ણ થઈ જશે. મહારાજશ્રીના આદેશથી અમારા ગામનાં વડીલો આ કાર્યમાં તે દિવસથી જ કામે લાગી ગયેલ. ગામની આર્થિક પરિસ્થિતિ સારી નહોતાં રૂપિયાને પહોંચી વળવા માટે અમારા વડીલો દેશ-પરદેશમાં ફરીને ફંડ ફાળો એકત્ર કરેલ. મંદિરનું બાંધકામ પૂરું થઈ જતાં વિક્રમ સંવત ૨૦૩૩ શ્રાવણ સુદ ૧૦ને તા. ૨૪-૦૮-૧૯૭૭ને બુધવારનાં રોજ લક્ષ્મીનારાયણ ભગવાનની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવેલ તથા દર વર્ષે શ્રાવણ સુદ ૧૦ના રોજ પાટોત્સવની ઉજવણી કરવામાં આવે છે.

મંદિરને ૨૫ વર્ષ પૂર્ણ થતાં સંવત ૨૦૫૮ શ્રાવણ સુદ ૧૦ને તા ૧૭-૦૮-૨૦૦૨નાં રોજ રજત જયંતિ મહોત્સવ ઉજવવામાં આવેલ તથા અમારા ગામમાં આજથી ૬૦ વર્ષ પહેલાથી ચાલી આવતી પરંપરાગત મુજબ દર સોમવારે રાત્રે ભજન સંતવાણી સ્થાનિક કલાકારો દ્વારા કરવામાં આવે છે. જે પરંપરા આજે પણ ચાલુ છે અને લક્ષ્મીનારાયણ મંદિરમાં વર્ષ દરમિયાન આવતા દરેક હિન્દુ તહેવારોની ઉજવણી કરવામાં આવે છે. અગાઉ અમારા ગામનો વહીવટ દરેક સમજદાર વડીલો દ્વારા કરવામાં આવતો હતો. જેમાં સમય જતાં વહીવટમાં માળખાકીય સુધારાની જરૂરીયાત જણાતાં પ્રમુખ તથા કારોબારીની રચના સન ૧૯૯૮નાં વર્ષથી શરૂ કરવામાં આવેલ છે.

63

# ધડુલી પાટીદાર સમાજના સનાતની ક્રાન્તિવીરો

લેખક: કાંતીલાલ લખમશી લીંબાણી થાણા (ધડુલી)



ગુજરાત રાજ્યના કચ્છ જીલ્લાના ઉત્તર-પશ્ચિમ ભાગમાં છેવાડાના વિસ્તારમાં ધડુલી ગામ આવેલ છે. આ વિસ્તાર કચ્છ જીલ્લાનો સુક્કો અને પછાત વિસ્તાર ગણાય છે. વરસાદનું પ્રમાણ નહિવત્ છે. ભગવાનની ઇચ્છા હોય તો ક્યારેક બે-ચાર ઇંચ વરસાદ પડે. કોઈ વર્ષ ન પણ પડે. એ જમાનામાં આપણા વડીલોનો મુખ્ય વ્યવસાય ખેતીનો હતો. આખું વર્ષ ખેતીકામ કરતા દુષ્કાળના વર્ષોમાં ઊંટ દ્વારા અથવા બળદગાડાં દ્વારા રણ પ્રદેશના રસ્તે સીંધમાં ખેતીકામ કરવા અને મજુરી કામ કરવા જતાં. કચ્છમાં વરસાદના સમાચાર મળે ત્યારે પાછા ખેતીકામ કરવા માદરે વતનમાં આવતા.

ગામ ધડુલીના સ્વ. રામજી કાનજી ચૌધરી (સલાટ) પણ નાનપણથી કામ કરવા કરાંચી ગયા હતા. જ્યાં તેઓ સલાટ (બાંધકામનું)નું કામ કરતા. પૂજ્ય નારાણ રામજી લીંબાણીએ આપણા સમગ્ર સમાજને અર્ધદગ્ધ ખીચડીયા સતપંથ ધર્મમાંથી બહાર લાવવા ઝુંબેશ શરૂ કરેલ. તેના પડધા કરાચીમાં પણ પડ્યા હતા. કરાંચીમાં વસતા આપણા ભાઇઓ પણ સતપંથ (પિરાણા) છોડીને સનાતન ધર્મમાં આવવા માગતા હતા. પણ, જુલમી ગેઢેરાઓની જોહુકમીના કારણે સનાતન ધર્મમાં આવી શકતા ન હતા. એવા સમયમાં કરાંચી મધ્યે પીરાણાથી કાકા આવ્યા હતા. આપણા ભાઈઓને ભેગા કરીને આદેશ કર્યો કે તમે મૂછ કાપી નાખો અને દાઢી રાખવાનું ચાલુ કરો. રામજી બાપાએ એનો વિરોધ કર્યો અને કહ્યું કે તમે અમોને મુસલમાન બનાવવા માંગો છો. અમે મૂછ કાઢશું નહિ અને દાઢી રાખશું નહિ. ત્યારે પીરાણાથી આવેલ કાકાએ કહ્યું કે અમે તમને સમાજમાંથી બહાર કાઢી નાખશું અને તમારો બહિષ્કાર કરશું. એ વખતે લગભગ કુલ ૮૦ (એંસી) જેટલા વડીલો હાજર હતા. જેમાં રવાપરવાળા લાલજી સોખજી પણ હતા. આ સર્વે વડીલોએ કાકાનો વિરોધ કર્યો.

રામજીબાપા કરાંચીથી ધડુલી આવ્યા. એમના સસરા સિયોતમાં હતા. બાપા કચ્છમાં આવીને પણ સનાતન ધર્મનો પ્રચાર-પ્રસાર કરવા લાગ્યા. પરિણામે એમના સાસરવાળાઓ, બાપાના ધર્મપત્ની માતાજી કાનબાઇને સાસરે મુકવા તૈયાર ન થયા. પણ રામજી બાપાના સાળાયલી હોશિયાર હતાં. એમણે રામજી બાપાને મેસેજ મોકલ્યો કે તમો અમારી વાડીએ આવો. ત્યાં હું કાનબાઇને લઇ આવીશ (ચોરી છુપીથી). એમના સાળાયળીએ વાડીએથી મા કાનબાઇને ચોરી છુપીથી વિદાય કરેલ. ટુંકમાં કહી શકાય કે જેવી રીતે મહાભારતમાં ભગવાન કૃષ્ણ અને માતા રુક્મિણીનું હરણનો પ્રસંગ છે, એવો પ્રસંગ રામજી બાપા અને માતા કાનબાઇનો હતો. જેમાં રુક્મિણીની જેમાં માતા કાનબાઇનો પણ સાથ હતો.

ત્યારબાદ વડીલશ્રી રામજી બાપા સહપરિવાર મુંબઈ કમાવવા ગયા. જ્યાં તેઓ સલાટ (બાંધકામનું)નું કામ કરતા. ત્યાં તેઓ પૂજ્ય નારાણ રામજી લીંબાણીના સંપર્કમાં આવ્યા અને પૂર્ણપણે સનાતનના રંગમાં રંગાઇ ગયા. અને એમનું સ્વપ્ન પૂરું થયું. આખરે સંવત ૧૯૭૯, અષાઢ સુદ-૩, સોમવાર, તા. ૧૬-૦૭-૧૯૨૩ના રોજ ઘાટકોપર, મુંબઇ મધ્યે તેઓએ એમના ધર્મપત્ની માતાજી કાનબાઇ, પુત્ર ચિ. અરજણ અને પુત્રી ચિ. કેશરબેન સાથે દહશુદ્ધિ પ્રાયશ્ચિત કરાવી જુલમી ગેઢેરાઓના ત્રાસથી મુક્ત થયા. અને પાપી ખીચડીયા સતપંથને તિલાંજલિ આપી શુદ્ધ વૈદિક ધર્મની દિક્ષા લઇને જનોઇ ધારણ કરી.

રામજી બાપાના સાઢુભાઇ ગામ ધડુલીના શિવદાસ કરસન ભાદાણી પણ મુંબઈમાં કામ કરવા ગયા હતા. એમનાથી આપાખંડી સતપંથ ધર્મ સહન ન થતાં સંવત ૧૯૮૦, કારતક સુદ-૩, રવિવાર તા. ૧૯-૧૧-૧૯૨૩ના દિવસે મુંબઈ-ઘાટકોપર મધ્યે હળવદવાળા શુક્લ છગનલાલ કાનજીના હાથે દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરી શુદ્ધ વૈદિક ધર્મની દિક્ષા લીધી.

શુદ્ધ વૈદિક સનાતન ધર્મ અપનાવ્યા બાદ વડીલ રામજી બાપા જ્યારે કચ્છમાં આવ્યા ત્યારે એમના માતાજીએ કહ્યું કે, "દીકરા, રામજી, તું કાયમ પરદેશમાં રહે છે. તને દૂધ, ઘી ક્યારે ખાવા મળતું હશે?" હું તને દૂધ અને ઘી ખવડાવું. ત્યારે રામજી બાપાએ કહ્યું કે, **"મા, આજથી મને તમારા માટલાનું ઘી અને દૂધ નહિ ચાલે. તમારા માટલાં વટલાયેલાં (અભડાયેલાં) છે. એ વટલાયેલા માટલાનું ઘી અને દૂધ મારાથી નહિ ખવાય."**

વડીલશ્રી રામજી બાપા શુદ્ધ વૈદિક ધર્મનો પ્રચાર-પ્રસાર કરતા હોવાથી, જુલમી ગેઢેરાઓએ એમના સંતાનોના સગપણઓ તોડી નાખવા માટે ફતવો બહાર પાડેલ. પરિણામે એમના સંતાનોના સગપણ તોડી નાખવામાં આવ્યા અને રામજી બાપાના પરિવારનો બહિષ્કાર કરવામાં આવ્યો. પરિણામે તેઓ નાછુટકે માંડવી (કચ્છ) રહેવા ગયા. જ્યાં તેઓ પરિવાર સાથે ૭ (સાત) વર્ષ રહ્યા. જ્યાં એમના સંતાનોના લગ્ન સનાતની પરિવારો સાથે થયા હતાં.

આવા ક્રાંતિકારી વિચારોના વડીલશ્રી રામજી બાપાએ એમના સાસરા પક્ષ સાથેના સંબંધો તોડી નાખ્યા હતા. જીવનની અંતિમ ક્ષણ સુધી સાસરાના ઘરે ગયા ન હતા અને એમનું પાણી પણ પીધું ન હતું. જેમાં એમના ધર્મપત્ની માતાજી કાનબાઈએ પૂરો સહકાર આપ્યો હતો. રામજીબાપાના બહેનના લગ્ન ગામ ઉગેડીમાં કર્યા હતા. પણ એ પરિવાર સતપંથ ધર્મમાં હોવાથી રામજી બાપાએ એમના બહેન-બનેવી સાથે પણ સંબંધ તોડી નાખ્યા હતા. જીવનના અંત સુધી એમના ઘરનું પાણી પીધું ન હતું અને એમના ઘરે ગયા ન હતા.

સંવત ૧૯૭૯, જેઠ સુદ-૫, તા. ૨૦-૦૫-૧૯૨૩ના રોજ પૂજ્ય નારાણ રામજીની હાજરીમાં દયાપર ખાતે ૧૬૧ લોકોએ સામુહિક દેહશુદ્ધિ કરાવીને સનાતન ધર્મનો અંગીકાર કરેલ તેમાં ગામ અકરીના રામજી રતનશી ભાવાણીના પરિવારના ૯ (નવ) સભ્યોએ દેહશુદ્ધિ કરાવી શુદ્ધ વૈદિક ધર્મની દિક્ષા લીધેલ. જેમાં એમના ધર્મપત્ની સૌ. હિરબાઈ, પુત્રો: ચિ. ધવજી, ચિ. કાયા, ચિ. રણમલ, પુત્રીઓ: ચિ. હાંસબાઈ, ચિ. લાલબાઈ, ભત્રીજા નથ્થુ માંડણ ભાવાણી અને ભત્રીજી માવજી માંડણ ભાવાણી સાથે શુદ્ધ વૈદિક ધર્મની દિક્ષા લીધેલ. થોડાં વર્ષો પછી ચાકરી ગામ નાશ પામવાથી આ પરિવાર ઘડુલી ખાતે રહેવા આવી ગયો હતો.

આ સર્વે વડીલોના પ્રચાર-પ્રસાર કરવાથી ધીરે-ધીરે સામાન્ય માણસોમાં સનાતન ધર્મની જાગૃતિ આવી. લોકો ખીચડીયા સતપંથ ધર્મ છોડીને સનાતન ધર્મમાં આવવા લાગ્યા. ઘડુલી ગામમાં આ પરબત ખીમા સાંખલા સ્વ. ધનજી માવજી રામાણી, સ્વ. રામજી કાનજી ચૌધરી તથા અન્ય જાગ્રત વડીલોએ સંવત ૨૦૦૪ની સાલમાં મંદિરના ડેલામાં ભગવાનથી લક્ષ્મીનારાયણની પાન મૂર્તિની સ્થાપના કરી. આજે ઘડુલી ગામમાં એક પણ પરિવાર સતપંથી નથી. પૂર્ણ સમાજ શુદ્ધ સનાતની છે એનું અમો ગર્વથી અભિયાન લઈ શકીએ છીએ.

આવા સનાતન ધર્મપ્રેમી ક્રાંતિકારી વડીલોએ જીવનમાં ખુબ સંઘર્ષ કરીને, કષ્ટો વેઠીને સનાતન ધર્મની જ્યોત જલતી રાખી છે. અને આપણને સનાતન ધર્મનો રાહ બૂતાવ્યો છે. એ સનાતની જ્યોતને હંમેશને માટે જલતી રાખવાની જવાબદારી હવે આપણા શિરે છે.

આવા ભડવીર, નરવીર, શુરવીર વડીલોને શ્રી ઘડુલી પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ કોટી કોટી વંદન સહ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

# 64

# નાગલપર ગામની માહિતી

પ્રવીણ ધોળુ



ગામની સ્થાપના વિક્રમ સંવત ૧૮૫૧ના નાગજી બાપા ધોળુ અને પૂંજા બાપા ધોળુએ કરેલ. નાગજી બાપાના નામ ઉપરથી નાગલપુર ગામનું નામ પડ્યું. ધાર્મિક વ્યવસ્થામાં જ્યોતિષ ધામ હતું. સંપૂર્ણ ધાર્મિક ક્રિયાઓ સતપંથના નિયમો પ્રમાણે થતી. જ્યારે નારણજી બાપાએ સનાતન ધર્મનો શંખનાદ કર્યો ત્યારથી ગામમાં ધર્મ પરિવર્તનની ચળવળ ચાલુ થઇ. કરાચી ધર્મ પરિષદમાં પણ ગામના અગ્રણીઓ હાજર રહેલ.

ગામના વડીલોને સતપંથના આચરણો બરોબર ના જણાતાં ઈ. સ, ૧૯૨૩માં ૧૨ વર્ષે પણ સમુહ લગ્નમાં ગામના પ્રથમ નારણ બાપાના આદેશથી હિન્દુ ધાર્મિક વિધીથી લગ્ન કરવામાં આવેલ. ત્યારબાદ એના હરદા ધોળુ પરિવાર, સોમજી ખેતા ધોળુ પરિવાર, હરજી રામજી ધોળુ પરિવાર સાથે બીજા પણ પરિવારોએ સતપંથને સદંતર છોડી સનાતન ધર્મ અંગીકાર કર્યો. જગીયાની બાજુમાં વિક્રમ સંવત ૨૦૦૨માં (વર્ષ ૧૯૪૫-૪૬)માં વાંઢાયના સંત શ્રી ઓધવરામ અને ગુરૂ લાલરામની પ્રેરણાથી ભગવાન લક્ષ્મીનારાયણનું પાનમૂર્તિ વાળું મંદિર બનાવવામાં આવેલ.

તે સમયે માતાજીની નવરાત્રી ઉજવવાની શરૂઆત કરવામાં આવેલ. પણ, સતપંથવાળા ભાઈઓએ ચોકમાં નવરાત્રી ઉજવવાનો ઈન્કાર કર્યો. તો સનાતની ભાઈઓએ વથાણના ચોકમાં નવરાત્રીની શરૂઆત કરી. અત્યારે પણ આ ગામમાં જન્માષ્ટમી ચોકમાં થાય અને નવરાત્રી વથાણમાં થાય છે. તે સતપંથના વિરોધની નિશાની છે.

વિક્રમ સંવત ૨૦૦૨ પછી ૨૫ વર્ષ સુધી ભગવાન લક્ષ્મીનારાયણની પાન મૂર્તિની પૂજા અને જગ્યાની પૂજા ચાલુ રહી. પણ જે વડીલોએ સનાતન ધર્મનો અંગીકાર કર્યો હતો તે મજબુત અને તાકાતવર હોવાથી વિક્રમ સંવત ૨૦૨૬ વૈશાખ સુદ ૬ને તા. ૧૫ થી ૧૮-૦૫-૧૯૭૨ના ૩ દિવસ આજુબાજુના ગામોમાંથી બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં જ્યોતિષ ધામ (જગીયું)ને સદંતર તોડીને ભગવાન લક્ષ્મીનારાયણની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી. અને જગીયાની સાધન સામગ્રીને નારણ સરોવરમાં પધરાવી દેવામાં આવી. ત્યારબાદ કેન્દ્રીય સમાજના નીતિ નિયમો પ્રમાણે ફરજીયાત અગ્નિસંસ્કાર કરવાનું શરૂ કરવામાં આવ્યું. જે પણ સતપંથની વિધી કરે અને સતપંથના કાર્યક્રમોમાં જાય તેને ન્યાત બહાર કરવાના કડક નિયમો બનાવવામાં આવ્યા. આજે ગામ ૧૦૦ ટકા સનાતની છે. કેન્દ્રીય સમાજના બધા જ નીતિ નિયમો પાળવામાં આવે છે.

65

# શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ લકડગંજ, નાગપુર. સંક્ષિપ્ત ઇતિહાસ

લેખક: શ્રી ભીમજી લાલજી સેંઘાણી



**સૌજન્ય: શાંતિલાલ નાનજી પોકાર, પ્રમુખશ્રી અને કાંતિભાઈ ગોપાલ દિવાણી – મહામંત્રીશ્રી**

જીવનના વિવિધ તબક્કામાં સમય સમયે માણસને સમાજ કે રાષ્ટ્ર રૂપી સંગઠનની આવશ્યક્તા રહે છે. સમાન આચાર વિચાર અને સંસ્કૃતિ ધરાવતા માણસોનું સંગઠન એટલે જ સમાજ.

કચ્છ મધ્યે દુકાળની પરિસ્થિતિને કારણે કડવા પાટીદારો ભારતભરના જુદા જુદા વિસ્તારોમાં સ્થળાંતર કરવા લાગ્યા. સ્થળાંતરની આ કડીમાં માદરે વતન કચ્છ બહાર આજીવિકા રળવા નીકળેલા વડીલો પૈકીના કેટલાક વડીલો મધ્ય ભારતના નાગપુર શહેરમાં મોતીબાગ વિસ્તારમાં આવીને વસ્યા હતા.

તે વખતે કચ્છમાંથી આવવાથી પીરાણા પંથ પણ નાગપુરમાં વડીલો સાથે આવ્યો હતો. મોતીબાગ વિસ્તારમાં જગ્યું પણ બનાવવામાં આવ્યું હતું. પણ અહીંના વડીલોમાં ધાર્મિક અને સામાજીક જાગૃતિ અનેરી હતી. સતપંથનો સદંતર ત્યાગ કરી દેવામાં આવ્યો અને છેલ્લા ઘણા દાયકાઓથી નાગપુર સમાજ સંપૂર્ણ રીતે સનાતની સમાજ છે. કચ્છના વડીલો તેમજ નખત્રાણા ખાતે તે સમયના પ્રમુખશ્રી રતનશી ખીમજી અને મંત્રીશ્રી નથુ નાનજીની પ્રેરણાથી પાટીદારોનું સંગઠન અને પૂજ્ય શ્રી નારાયણ રામજી લીંબાણીના જ્ઞાતિ સુધારાના ઉદેશ્યને ધ્યાનમાં લઈને તા. ૨૭-૦૧-૧૯૪૬ના શુભ દિવસે નાગપુરના પાટીદારોની સભા લઈને "શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ"ની સ્થાપના કરવામાં આવી. જેના સ્થાપક પ્રમુખશ્રી શિવજી જેઠા નાકરાણી અને મંત્રીશ્રી કરસન મનજી સાંખલા બન્યા હતા.

જ્ઞાતિમાં એકતાની ભાવના જળવાઈ રહે એવા સામાજીક કાર્યો કરવામાં આવતા હતા. પાછળથી સમાજને શ્રી કચ્છ પાટીદાર સમાજ (નાગપુર)ના નામથી ઈ.સ. ૧૯૫૬માં રજીસ્ટર કરવામાં આવી. નાગપુર સુધાર પ્રન્યાસ પાસેથી ૪૯,૦૦૦ હજાર વર્ગનો સાર્વજનિક ઉપયોગ માટે એક પ્લોટ મેળવેલ હતો. સૌના સાથ સહકાર અને વડીલોના તન, મન, ધનના સહયોગથી "પાટીદાર ભવન"નું નિર્માણ કરવામાં આવ્યું. આ ભવનને તા. ૧૦-૦૨-૧૯૬૦ના દિવસે વડીલશ્રી ભીમજી કેશરા લીંબાણીના વરદ હસ્તે જ્ઞાતિજનોના ઉપયોગ માટે ખુલ્લું મુકવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ભારતભરથી અગ્રણી વડીલો પધારેલ હતા. જે આ કાર્યક્રમ જોઈ ખુબ જ પ્રભાવિત થયેલ હતા. આ જ સમયે નખત્રાણા બોર્ડિંગનું કાર્ય પૂર્ણતાને આરે હતું અને તેના સંપૂર્ણ કાર્યક્રમની રૂપરેખા નાગપુર ખાતે ઘડવામાં આવેલ હતી.

સમયાંતરે મા ઉમિયાની કૃપાથી નાગપુર શહેરમાં પાટીદારોની વસ્તી વધવા લાગી. સમાજના અગ્રણીઓની દીર્ઘદ્રષ્ટિથી આંબેડકર ચોક મધ્યે ૧૨,૦૦૦ વર્ગ ફુટનો પ્લોટ સમાજવાડી માટે ખરીદ કરી બાંધકામ કરવામાં આવ્યું. વડીલોના વાવેલ ઝાડના મીઠાં ફળ અને શીતલ છાંયડી અમો સૌ માણી રહ્યા છીએ. આ ઉપરાંત ભવિષ્યમાં સમાજ

ઉપયોગ માટે વર્ષ ૨૦૦૭માં ભરતવાડા ક્ષેત્રમાં ૧.૫ એકરનો પ્લોટ સંપાદિત કરવામાં આવેલ છે. "શ્રી પાટીદાર ગુજરાતી બાળ વિદ્યાલય"નો પણ શુભારંભ તે સમયમાં કરવામાં આવેલ.

આ સમાજ ૧૯૮૭થી સમુહ લગ્નના આયોજન સાથે સમાજના જરૂરિયાત વાળા પરીવાર માટે ૧૯૯૨થી "શ્રી પાટીદાર સેવા સમિતિ" નિરાધાર પરિવારોને આર્થિક સહાયતા, મેડિકલ સહાયતા, વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે વ્યાજ મુક્ત લોન, આકસ્મિક સંજોગોમાં તત્કાળ સહાયતા જેવા કાર્યો થકી સામાજિક કર્તવ્ય નિભાવી રહી છે.

સમાજના નેતૃત્વ હેઠળ પાટીદાર ભવનમાં સમાજ વિકાસલક્ષી, વિવિધ સામાજીક, ધાર્મિક પ્રવૃત્તિઓ સફળતાપૂર્વક થઇ રહી છે. તેના મુખ્ય પ્રેરક બળ યુવક મંડળ અને મહિલા મંડળ છે. જે સમાજની બે મજબુત પાંખો છે. સમસ્ત કાર્યકર્તાઓ સમાજના સંગઠિત સૈનિકો છે. આમ, વડીલો, યુવાઓ અને મહિલાઓના સંગઠન દ્વારા ભારતના મધ્યમમાં નાગપુર સમાજ સાચા અર્થમાં સામાજિક કાર્ય માટેની પ્રેરણા પૂરી પડે છે.

# 66 કચ્છ યુવાસંઘ - સનાતની હુંકાર



પ્રવીણ ધોળુ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું પાટનગર નખત્રાણા કચ્છ ખાતે આવેલ હોઇ, કોઈપણ પ્રકારની સામાજિક પ્રવૃત્તિઓમાં, સ્થાનિક વિસ્તારના યુવાનોની ભૂમિકા ખૂબજ અગત્યની હોય છે. સતપંથ-સનાતન મુદ્દે વર્ષોની લડાઇ પછી પીરાણાપંથીઓએ ખોટા કેસ કરેલ અને રમેશભાઈ વાગડિયાની ધરપકડ કરવા માટે પોલીસ નખત્રાણા બોર્ડિંગમાં આવી ત્યારે, આ કચ્છના યુવા મિત્રોને ખબર પડતા માત્ર એક જ કલાકમાં ખૂબ મોટી સંખ્યામાં યુવાનોનો કાફલો ભેગો કરી દીધો. રમેશભાઈને અમદાવાદને બદલે દેવાશિષ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા ત્યારે, હોળીનો તહેવાર હતો છતાં પણ કચ્છ યુવાસંઘના મિત્રો તે રાત્રે હોસ્પિટલ ઉપર જ હતા. રમેશભાઇએ અમોને નિર્દેશ કર્યો કે હોસુર ખાતે યોજાઇ રહેલ કેન્દ્રીય યુવાસંઘની મિટિંગમાં અચૂક જાઓ અને અહીં ઘટીલ ઘટનાનો અહેવાલ રજૂ કરીને હવે સતપંથને સમાજમાંથી કાયમ માટે કાઢવાનું કાર્ય હાથમાં લેવડાવો.

તે વખતે મારે અને બીજા હોદ્દેદારોએ વડીલ વિમાન યાત્રામાં હરિદ્વાર ખાતે જવાનું હોવા છતાં, એ કામ છોડીને તે વખતના કચ્છ યુવસંઘ પ્રમુખ દામજી વાસાણી સાથે અમો સીધા હોસુર પહોંચ્યા. તે મિટિંગમાં નખત્રાણા ખાતે રમેશભાઇ વાગડિયાની ધરપકડના બનેલ બનાવની સંપૂર્ણ માહિતી આપી. આ મિટિંગમાં મોટી સંખ્યામાં સતપંથી યુવાનો હાજર હતા. તેઓ આ રિજીયનના મુખ્ય હોદ્દેદાર પણ હતા અને આ મિટિંગના દાતા પણ સતપંથી હતા. છતાંય, કોઇની સેહ શરમ રાખ્યા વગર આ બાબતો પર ખૂબ ચર્ચા કરવામાં આવી. ઉગ્ર વાતાવરણ વચ્ચે તે વખતના કેન્દ્રીય યુવાસંઘના પ્રમુખ જયંતીભાઈ લાકડાવાળા અને મંત્રી ગૌરાંગભાઇ ધનાણી અને ટીમે નક્કી કર્યુ કે યુવાસંઘ સમાજના આ ધાર્મિક પ્રશ્નમાં ઝંપલાવશે. આ મીટીંગ પહેલા યુવાસંઘ ક્યારેય સતપંથનો "સ" પણ બોલી શકાતો ન હતો. અમારી રજૂઆતોને ભરતભરના યુવાઓએ સમર્થન આપ્યું અને ચર્ચાને અંતે કેન્દ્રીય યુવાસંઘે સતપંથી યુવાઓને કારોબારીમાંથી દૂર કરવા માટેનો અને સમાજને અડીખમ ટીકો આપવા માટે "કેસરિયો પત્ર" બહાર પાડ્યો. (સતપંથ છોડો પુસ્તકના પેજ 74માં આ કેશરી પત્ર પ્રકાશિત કરેલ છે.

સમગ્ર કચ્છના યુવાનો નખત્રાણા બોર્ડિંગમાં અમારી રાહ જોઇને બેઠા હતા. તેઓને યુવાસંઘના નિર્ણયની જાણકારી મેળવવાની અતુરતા હતી. તે વખતે સમાજના ઘણા વડીલોમાં પણ છૂપો ભય હતો અને કોઇ વડીલ આ માથાકૂટમાં પડવા માંગતા ન હતા. તેઓના મનમાં એક જ ઇચ્છા હતી કે સતપંથીઓ સાથે રહે અને આપણો સુવર્ણ જયંતી મહોત્સવ ઉજવાઇ જાય. પરંતુ, અમો યુવાનોએ નક્કી કરેલ કે સમાજનો સુવર્ણ-જયંતી મહોત્સવ રંગેચંગે ઉજવીશું પરંતુ, એક પણ સતપંથીને તેમાં પ્રવેશ નહીં આપીએ.

રમેશભાઈની ધરપકડ પછીની પ્રથમ મીટીંગ બોર્ડિંગમાં રાખવાનું નક્કી કર્યું. પણ, સમાજના વડીલોએ મંજૂરી ના આપી. જેથી એ મીટીંગને તાત્કાલિક વિરાણી ગામે ગોઠવી. જેમાં ખૂબ મોટી સંખ્યામાં ભાઇઓ-બહેનોએ હાજરી આપી અને સતપંથીઓ સ્વર્ણિમ મહોત્સવ પહેલા કરેલ કેસો પાછા ન ખેંચે તો તેઓને આ મહોત્સવમાં ભાગ લેવા ન દેવો જોઇએ, તેવી ચર્ચાઓએ જોર પકડયું. થોડા દિવસમાં બીજી સભા સમાજની મંજૂરી વિના બોર્ડિંગમાં યોજી. આ દરમિયાન સનાતનીઓના હિતો માટે અને ભગવાન લક્ષ્મીનારાયણના પ્રચાર પ્રસાર માટે સંસ્કાર ધામનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું હતું. સમાજમાં પાછો નવો વાડો થઇ રહ્યો છે તે પ્રકારની ચર્ચાઓને લઇ તેમાં ખૂબ ઓછા લોકો

જોડાતા હતા. અમોએ આ ચળવળની કેટલીક મિટિંગો સંસ્કારધામ ખાતે યોજી. સંસ્કારધામનો અમોએ ખૂબ પ્રચાર કર્યો, જેથી અનેક લોકો સંસ્કારધામમાં જોડાવા પ્રેરિત થયા.

કચ્છ રિજીયનની કારોબારીમાં નક્કી કરીને સમાજને એક પત્ર પાઠવ્યો. જો સતપંથ વાળાને સુવર્ણ જયંતિ મહોત્સવમાં સામેલ કરશો તો કચ્છ રીજીયનના કોઇપણ મિત્રો, કોઇપણ પ્રકારના કાર્યમાં સહયોગ નહીં આપે. આ પત્રમાં ઉપપ્રમુખ તરીકે મારી સહીથી કેન્દ્રીય સમાજના પ્રમુખ રામજીભાઇને હાથો હાથ આપ્યો. થોડી ઉગ્ર શબ્દોમાં તકરાર પણ થઇ.

આખું કચ્છ આ વિરોધમાં જોડાઇ ગયું હતું. આ કાર્યમાં ક્રાંતિદળના પૂર્વ મિત્રો ડો. શાંતિલાલ સેંઘાણી, જયંતભાઇ (કોટડા), રતિલાલ ખેતાણી, ડાહ્યાભાઇ સેંઘાણી, અમૃત ધોળુ, દેવરામભાઇ રૂડાણી જેવા અનેક મહારથીઓનું માર્ગદર્શન અને સહયોગ હતો. અંતે કેન્દ્રીય સમાજે અસાધારણ સભા યોજવાનું નક્કી કર્યું. જેમાં ભારતભરમાંથી જ્ઞાતિજનો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. કચ્છ યુવાસંઘે પણ અહી ખૂબ તાકાત લગાવીને ગમેગામથી સનતાનીઓને એકઠા કર્યા. તે સમયે અમોએ આ મિટિંગમાં કોઇપણ સતપંથીઓ આવી વિઘ્ન ઊભુ ના કરે તે માટે બોર્ડિંગ આસપાસ સનાતની સૈનિકની ભૂમિકામાં સતત પહેરો ભરવામાં લાગી ગયેલ.

સનાતનની વિજય દિવસ સમા આ દિવસે કેન્દ્રીય સમાજે “શ્વેત પત્ર” બહાર પાડી આ સમાજ સનાતનીઓની જ છે તેઓ હુંકાર ભણી સૌ સનાતનીઓમાં ચૈતન્ય-સ્ફૂર્તિ અને ઉત્સાહનો સંચાર કર્યો.

આમ, સુવર્ણ જયંતિ મહોત્સવ અને સમાજના પાંચમા અધિવેશનને સફળ બનાવવામાં કચ્છના યુવાઓની મહેનતને આજે વંદન કરું છું.

# 67 વિથોણ ગામનો ઘરવાપસીનો ઇતિહાસ

લેખક: ધીરજભાઈ લધારામભાઈ ભગત



ગુજરાત રાજ્યના કચ્છ પ્રદેશમાં નખત્રાણા થી ભુજ જતા ધોરીમાર્ગથી 4 કિલોમીટર ઉગમણી બાજુ પરમ પૂજ્ય સંત શિરોમણી ખેતાબાપાનું સ્થાનક વિથોણ ગામ આવેલું છે. માનકુવાથી સંત શ્રી ગોપાલ બાપાના સુપુત્ર શિવજી બાપા અને પૌત્ર સંત શ્રી ખેતાબાપા સાથે ભડલી અને થરાવડા થઈને સવંત 1666ની (ઈ. સ. 1609-10) સાલમાં ગામનું તોરણ બાંધ્યું, જ્યાં આજુબાજુના ગામોના વથાણ હોવાથી વિથોણ એવું ગામનું નામ પડ્યું, સંત અને સુરાનું આ ગામ શૂરવીરતા અને ભક્તિભાવથી છલોછલ હતું, એવું કહેવાય છે કે અગાઉના સમયમાં પારિવારિક કે સામાજિક સમસ્યાઓના ઉકેલ માટે સૌપ્રથમ સમસ્યાથી પીડિત બે ગામો ભેગા મળતા અને એમાં નિરાકરણ ના મળતા ત્યારબાદ 11 ગામ ભેગા મળતા અને તેમાંથી પણ સમસ્યાનો ઉકેલ ન મળે તો ત્રણ પાંચાડાના ગામો ભેગા મળી અને વિથોણ મધ્યે નિર્ણય લેતા. આવી રીતે એ લેવાયેલ નિર્ણયોમાં કોઈપણ મીન અને મેખ ના થાય એવી આ ગામની તાસીર અને આજુબાજુના વડીલોની શાખ હતી.

હાલ જ્યાં બેંક છે તે મકાન ઉપર પહેલા નળિયા વાળો મેડો હતો જ્યાં તમામ ગામોની સમસ્યાના નિવારણ થતાં. તે વખતે સમાજ વાડીની મોટી જગ્યા અને મેડા વાળું ડબલ માળનું મકાન હતું. ખૂબ સારી વ્યવસ્થાના કારણે પીરાણાથી કાકાઓ કચ્છની મુલાકાતે આવતા તો પ્રથમ ઉતારો વિથોણ મધ્યે જ કરતા. ત્યારબાદ, કચ્છના બીજા ગામોની મુલાકાત લેતા. મોટા વડીલો સાથે ચર્ચા કરતા એવું જાણવા મળ્યું કે આપણા કણબી ભાઈઓના દસોદ અને વિશોદથી અમદાવાદમાં એક ધર્મશાળાનું નિર્માણ કરવામાં આવ્યું. જેને કાકાના ડેલા તરીકે ઓળખ આપવામાં આવી. જ્યારે આપણા ભાઈઓ બહેનો પીરાણે જતા ત્યારે ત્યાં ઉતરતા અને રાતવાસો કરતા. સમયાંતરે એ જગ્યા માટે સૈયદોએ કેસ કર્યો જે કેસ આપણા ભાઈઓ હારી ગયા અને આપણા ભાઈઓ દ્વારા બનાવેલ કાકાનો ડેલો સૈયદોના હાથમાં ચાલ્યો ગયો.

ગેઢેરાઓની બીકથી અને નાત બાર થઈ જવાના ભયથી લોકો બધું સહન કરી લેતા, કંઈ પણ બોલતા નહીં. પરંતુ ધીરે ધીરે અમુક જાગૃત વડીલોના મનમાં સુધારાનો વાયરો ફૂંકાયો. જેથી જેને પ્રથમ ખાનું અને ત્યાર પછી જગ્યા અને ત્યારબાદ જ્યોતિષ ધામ કહેવામાં આવ્યું અને ત્યારબાદ નિષ્કલંકી નારાયણ મંદિર એવી રીતે સમયાંતરે બાહ્ય રીતે બદલાવ થતો આવ્યો.

ગામના વડીલ શ્રી શાંતિલાલ વાલજી પોકારે મુંબઈ મધ્યે પૂજ્ય નારાયણજી બાપા લીંબાણી સાથે જનોઈ ધારણ કરી અને ગામમાં સનાતનની ચળવળની શરૂઆત કરી. વિથોણ મધ્યે અમુક પરિવારો દ્વારા ઈ. સ. 1946 માં લક્ષ્મીનારાયણ મંદિરની સ્થાપના કરાઈ. જેમાં ભગવાન લક્ષ્મીનારાયણ નારાયણની પાનમૂર્તિની સ્થાપના કરવામાં આવી. આ પાનમૂર્તિ વડીલ શ્રી શિવદાસભાઈ કરમશીભાઈ નાયાણીના ઘરેથી મળી. જેનું મંદિરમાં સ્થાપન આપવામાં આવ્યું. જે હાલ પણ લક્ષ્મીનારાયણ મંદિરમાં ઉપલબ્ધ છે. કંઈક નવસર્જન થાય તો વિરોધ થાય જ. પરંતુ સંતોના ગુણોવાળા આ ગામમાં સામાન્ય વિરોધ બાદ ઈ. સ. 1956માં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની મૂર્તિ પ્રતિષ્ઠા

કરવામાં આવી. જેમાં સમગ્ર પાટીદાર સમાજ સાથે મળીને ત્રણ દિવસનું ભોજન પણ લીધેલ અને લક્ષ્મીનારાયણ ધર્મ સિવાયના ભાઈઓ દ્વારા રૂપિયા 501/-ની ભેટ પણ આપવામાં આવેલ.

સમજદાર વડીલોની હાજરીના કારણે આ ગામ હંમેશા વિવાદોથી દૂર જ રહેલ. કેન્દ્રીય સમાજના પ્રમુખ અને ગામના વડીલ શ્રી પ્રેમજી પુંજા વાસાણી બાકી રહેલ પરિવારોને કેવી રીતે સનાતની વિચારધારામાં જોડવા તેના માટે કાયમ ચિંતિત રહેતા. તેમની પાસે અમુક વડીલો સૂચન કરતાં ત્યારે પ્રેમજી બાપા કહેતા ભલે થોડું મોડું થાય પણ હવે આમૂલ પરિવર્તન કરવું છે. વર્ષ 1963ની નાગપાંચમની મિટિંગમાં વડીલ શ્રી રૈયાભાઇ શામજીભાઈ નરસિંગાણીએ રજૂઆત કરી કે હવે અમારો પરિવાર લક્ષ્મીનારાયણમાં જશે. જેને વાલજી બાપા નાકરાણીએ પણ ટેકો આપ્યો. ત્યારે પણ પ્રેમજી બાપાએ જણાવ્યું કે આપણે સંપૂર્ણ પરિવર્તન ઈચ્છીએ છીએ. થોડાક પરિવારો રહી જશે તેના કરતાં થોડોક સમય રાહ જોઈ સંપૂર્ણ પરિવર્તનના પ્રયત્નો કરીએ. આમ, પ્રેમજીબાપની સમજદારી અને દૂરદર્શીતાના કારણે વિથોણમાં બાકી રહેલ પરિવારોએ વર્ષ 1965ના સંપૂર્ણ સનાતની વિચારધારામાં જોડાવાનું નક્કી કર્યું. પણ જગ્યા ઉપર રહેલ ધજાને ઉતારવાની કોઈપણ હિંમત કરતું ન હતું. પરંતુ, વડીલ શ્રી કરમશી પ્રેમજી પદમાણી દ્વારા આ જ્યોતિષ ધામની ધજાને ઉતારવામાં આવી અને ત્યારબાદ એને નળિયાવાળા મકાનમાં ભગવાન શ્રી સત્યનારાયણની પાનમૂર્તિની સ્થાપના કરી અને **સમગ્ર ગામ સનાતનની માળામાં પોરવાઇ ગયું.**

વર્ષ 1973માં આ નળિયાવાળા મકાનને જમીન દોસ્ત કરી સમસ્ત ગામે જાત મહેનત કરી બે માળના શ્રી સત્યનારાયણ ભગવાનના મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું. શ્રી સત્યનારાયણ મંદિર સમાજના પ્રથમ પ્રમુખ એવા વડીલ શ્રી પ્રેમજી પુંજા વાસાણી રહેલ અને તેઓ લક્ષ્મીનારાયણ ધર્મ પ્રચાર સમિતિના સ્થાપક પ્રમુખ પણ રહેલ. ગામો ગામ જઇને લક્ષ્મીનારાયણ ધર્મની આલેખ જગાવી. લોકોના મનમાં રહેલ સતપંથની વિચારધારાને ધીરે ધીરે સમજાવીને જડમૂળથી કાઢી નાંખી. હાલમાં વિથોણમાં બે સમાજો હોવા છતાં પણ ગામનો યુવક મંડળ અને મહિલા મંડળ સંયુક્ત રીતે એક જ છે. ગામના દરેક ઉત્સવો સાથે મળીને ઉજવાય છે. જે આ વિથોણ ગામની પ્રગતિ માટે ખૂબ જ પ્રેરક છે.

# 68 થરાવડા (ભડલી)નો સનાતની ઇતિહાસ



શાંતિલાલ એ. લીંબાણી

થરાવડા ગામ નખત્રાણાથી ૨૦ કિ.મી. પૂર્વમાં આવેલું ગામ છે. જ્યાં પાટીદારો અને આહિરની મુખ્ય વસ્તી છે. આહિર જ્ઞાતિ પહેલાંથી જ કૃષ્ણ ભક્તિમાં માને છે. પરંતુ પાટીદારોનો સમુહ જ્યોતિધામને માનતો હતો. ૧૯૬૫માં સનાતની જુવાળ થરાવડા ગામને સ્પર્શી ગઇ. એકાએક પાટીદારો જાગૃત બન્યા અને સનાતન ધર્મ તરફ વળ્યા.

થરાવડાના સ્વ.વસ્તાભાઇ નાગજી ભાવાણીએ ધર્મ પરિવર્તનનું બીડું ઝડપ્યું અને સતપંથ છોડીને લક્ષ્મીનારાયણ (સનાતન) ધર્મનો ખેસ ધારણ કર્યો. ઈમામશાનો પાટ ઉઠાવ્યો, ધજા ઉતારી અને લક્ષ્મીનારાયણની ધજા ફરકાવીને વસ્તાબાપાએ ધર્મ જાગૃતિનું રણશીગું ફુંક્યું હતું. યોગાનુયોગ વસ્તાભાઇ નાનજી ભાવાણીએ પક્ષપાત (લકવા)ની અસર થઇ હતી. ત્યારે ખાનાપંથીઓએ અફવા ફેલાવી કે જુવો પરિણામ ભોગવવા પડે છે. તેવો બેહુદો પ્રચાર પણ કર્યો હતો.

માંડવી તાલુકાના લાયજા ગામના રહેવાસી મુળ શંકરભાઇએ સેવાનો ભેખ લઇને સનાતની ચળવળના સાધુ બન્યા. તાલુકાના અનેક ગામોમાં જેમણે ૫૦ વર્ષ પહેલાં ભગવત કથાના માધ્યમથી સતપંથમાં માનતી પાટીદાર જ્ઞાતિને જાગૃત કરવાનું બીડું ઝડપ્યું હતું. ગામે ગામ સતપંથના પાટોનો ઉપાડીને ત્યાં ભગવાન લક્ષ્મીનારાયણના પતાકા લહેરાવ્યા હતા.

આ સનાતની જુવાળથી અનેક ગામોમાં જાગૃતા આવી અને જ્ઞાતિનો મોટો વર્ગ સનાતનમાં જોડાઇ ગયો. જેમાં તાલુકાના વિથોણ, આણંદસર, દેવપર, ધાવડા, થરાવડા, ભડલી, લક્ષ્મીપર, આણંદપર, પલીવાડ અને મંજલ (નવી) જેવા ગામોનો સમાવેશ થાય છે. ત્યારથી લોકો મુળશંકર સાધુને ભગવાનનંદ (સ્વામીજી) તરીકે ઓળખવા લાગ્યા હતા. તેમણે કથાઓ યોજી જાગૃતિ લાવી હતી. આ દિવ્ય આત્માની સમાધિ થરાવડાની ભાગોળે આવેલી છે.

આપણી જ્ઞાતિના ધર્મધુરંધરોનું અધુરું કામ કરવા અનેક સનાતન વીરપુરુષો આગળ આવ્યા અને સમાજે સાચી દિશા પ્રદાન કરી હતી. તેમ છતાં ભડલી ગામે સંપ્રદાયના નામે લાંબો વિવાદ ચાલ્યો હતો. અમુક જડ વિચારધારા પરિવારો ઈમામશાહ પંથને છોડવા તૈયાર ન હતા. ત્યારે સમાજજનો દ્વારા બહિષ્કાર કરવામાં આવ્યો હતો. તેમણે સમાજમાં આવવાનું ઓછું કર્યું પણ ઈમામશાને વળગી રહ્યા. પરંતુ પાટીદારના વિરોધ વચ્ચે જ્યોતિધામમાં પુંજા પાઠ બંધ થયા અને અંતે તાળા લાગી ગયા. પણ જગ્યા છોડવા હજુ પણ તૈયાર નથી.

ભડલી ઉપરાંત કલ્યાણપર, માધાપર, જીયાપર, મોમાયમોરા, દેવપર, કાદિયા, નાના અંગીયા જેવા કેટલાક ગામોમાં સતપંથની જગ્યાઓ કાર્યરત છે. તો કેટલાક ગામોમાં પુજાહિન ખંડર પડ્યા છે અને મોટી સંખ્યામાં તાલુકાના ગામો સંપૂર્ણ સનાતની છે. જેમાં થરાવડા, વેસલપર, ખીરસરા, સાંગનારા, નાગલપર, આણંદસર (વિ.) જેવા અનેક ગામોમાં ભગવાન લક્ષ્મીનારાયણ મંદિર સિવાય કોઇ અન્ય ધાર્મિક સ્થાનો નથી રહ્યા.

## 68 થરાવડા (ભડલી)નો સનાતની ઇતિહાસ

વર્ષ ૧૯૬૦ પછી ધર્મ બાબતે પાટીદાર જ્ઞાતિમાં સનાતની ક્રાંતિનો સૂર્ય ઉદય થયો છે. આપણા ક્રાંતિવીરોને જેટલા વંદન કરીએ તેટલા ઓછા છે. આપણા વડીલો રતનશીબાપા, નારણજીબાપા, કેસરાબાપા, ઓધવરામજી બાપા જેવા નરબંકાને સત્ સત્ વંદન છે. આવી દિવંગત આત્માઓ પાટીદાર સનાતની રંગમંચના પ્રેરણા શ્રોત છે. જેમના બલિદાનને જો ભૂલી જઇએ તો આપણે નગુણા કહેવાઇએ.

હિન્દુ સનાતન વિરુદ્ધના આચરણ કે આડંબર કરનાર વ્યક્તિ હિન્દુઓ માટે નિશાચર કહેવાય. સનાતન ધર્મનો મુખોટો પહેરવાથી સનાતની બની શકાય નહિ. માટે આચરણો પણ સુધારવા જરૂરી છે. આખા ભારતમાં સમાજ અને યુવાસંઘે સનાતનની રણશિંગું ફુંક્યું છે. જેને ચારે તરફનો જબ્બર પ્રતિસાદ સાંપડ્યો. ત્યારે આપણા બનવાનો ઢોંગ કરતા આપણા કહેવાતા લોકો આપણા ઉપર કાયદાનું શસ્ત્ર ઉપાડીને આપણને હેરાન કરનાર લોકો ક્યારેય આપણા બની શકે નહિ.

એક વાત દરેક સમાજજનોને સ્વીકારવી પડશે કે આપણા સુરધનોમાં મોટે ભાગે ભેળસેળ ચાલે છે. લગભગ દરેક જગ્યાએ સુરધનોના કાર્યક્રમોમાં સનાતન અને સતપંથનું એકીકરણ જોવા મળે છે. આપણી સંસ્થાઓ અને સમાજના હોદ્દેદારોની ઉપસ્થિતિ જોવા મળે છે. પરંતુ અગમ્ય કારણોસર બધા જ લોકો ખામોશ રહે છે. આ એક ચિંતાનો વિષય તો છે જ. પરંતુ ચિંતન કરવાનો પણ વિષય છે. જો શક્ય હોય તો આ વિષય ઉપર આપણા સમાજના તજજ્ઞો દ્વારા ચર્ચા કરવામાં આવે, એવું મારું માનવું છે. ઇતિહાસ સુવર્ણ અક્ષરે લખાય અને વર્તમાન, ભૂતકાળ અને ભવિષ્યની ચિંતાનું ધ્યાન રાખવામાં આવે તેવી અભ્યર્થના.

69

# મુંબઈ અને કંઠી વિભાગમાં શ્રી લક્ષ્મીનારાયણ સનાતની ચળવળને પુનર્જીવન

લેખક: શ્રી કેશવલાલ દામજી લીંબાણી



સુષુપ્ત બની ગયેલ સનાતની ચળવળને જોમવંતી બનાવનાર પરિવર્તનનું મુખ્ય બિંદુ જો કોઇ હોય તો તે શ્રી રમેશભાઇ વાઘડીયાની નખત્રાણા ખાતે ફેબ્રુઆરી ૨૦૦૯ માં થયેલ ધરપકડ હતી. આજ કારણે મુંબઈ ઝોનની ઘાટકોપર પાટીદાર વાડી ખાતે મળેલ જંગી સભામાં સનાતની જ્ઞાતીજનોએ માર્ચ ૨૦૦૯ માં "શ્વેતપત્ર" બહાર પાડવા શ્રી સમાજને જાગૃત કરેલ અને શ્રી સમાજે "શ્વેતપત્ર" બહાર પાડેલ. વર્ષ ૨૦૧૦ માં ઉજવાયેલ શ્રી સમાજનો સુવર્ણ જયંતી કાર્યક્રમ આ કારણે જ ચેતનવંતો બની ગયેલ.

ઓગસ્ટ ૨૦૧૧માં શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, નખત્રાણાના પ્રમુખ પદે વડીલ શ્રી ગંગારામ ભાઇ સાંખલાની વરણી થયા બાદ હોદ્દાની રુએ તેઓશ્રી માંડવી હોસ્ટેલ ખાતે વિદ્યાર્થીઓના સરસ્વતી સન્માન કાર્યક્રમમાં હાજરી આપવા આવેલ. ત્યારે માંડવી વિસ્તારના સનાતની જવાબદાર ભાઇઓની હાજરીમાં ઉપસ્થિત સતપંથી ભાઇઓ દ્વારા અપમાનજનક ટીપ્પણીઓ કરવામાં આવેલ. જેને કારણે કંઠી વિભાગના અમુક આગેવાન સનાતની ભાઇઓના દીલને ઠેશ પહોંચી. જે માંડવી તાલુકાના કંઠી વિભાગમા સનાતની ચળવળની જાગૃતિનું પરિવર્તન બિંદુ બનેલ. આજ કારણથી **"શ્રી કંઠી વિભાગ ક. ક. પા. લક્ષ્મીનારાયણ સનાતન સમાજ સંચાલિત સમૂહ લગ્ન સમિતિ"** અસ્તિત્વમાં આવેલ. કંઠી વિભાગે સનાતની ચળવળમાં એવું જોમ ભરી દીધું કે તેનો ડંકો અખિલ ભારતીય લેવલે વાગ્યો. કંઠી વિભાગ સમુહલગ્ન સમિતિની પ્રથમ બેઠક તારીખ ૦૯-૧૧-૨૦૧૧ ના માંડવી હોસ્ટેલ ખાતે સમિતિના પ્રમુખ શ્રી કેશવલાલ દામજી લીંબાણીના અધ્યક્ષ સ્થાને મળેલ. તેમાં કંઠી વિભાગના આગેવાન વડીલો ઉપસ્થિત રહેલ અને સનાતની માર્ગદર્શન આપેલ.

કંઠી વિભાગમાં અગાઉ પણ સમૂહલગ્ન સમિતિ હતી. જેમાં સતપંથના ભાઇઓ સાથે મળી કાર્ય કરતા હતા. એપ્રિલ ૨૦૧૨ના અખાત્રીજના લગ્નકાર્ય માટે બંને સમિતિ કાર્યરત થયેલ. લક્ષ્મીનારાયણ સમિતિના સમૂહલગ્નમાં ૭૫ જોડી અને જૂની સમિતિમાં ૫ જોડીના લગ્ન નોંધાયેલ. માંડવી હોસ્ટેલ કઇ સમિતિને ફાળવવી આ બાબત હોસ્ટેલ નિર્માણ સમિતિને પ્રશ્ન ઉભો થયેલ. લક્ષ્મીનારાયણ સમૂહલગ્ન સમિતિએ પ્રશ્નનો ઉકેલ આપતા જણાવેલ કે આપણી પાસે બે હોસ્ટેલ છે, કુમાર હોસ્ટેલ ૭૫ જોડી વાળાઓને આપો અને કન્યા હોસ્ટેલ ૫ જોડી વાળાઓને આપો. પરંતુ હોસ્ટેલ નિર્માણ સમિતિના આગેવાનો સતપંથી ભાઈઓના દબાણ હેઠળ આવી જતા હોસ્ટેલો કોઇને પણ ફાળવી નહિ. લક્ષ્મીનારાયણ સમિતિના આગેવાનો અને યુવાનો મક્કમ હોવાથી તા. ૨૫-૦૩-૨૦૧૨ ના બિદડા સમાજવાડી ખાતે આયોજિત સામાજિક સભામાં અંદાજે ૪૫૦૦ થી ૫૦૦૦ ની સંખ્યામાં ઉપસ્થિત જ્ઞાતિગંગાની હાજરીમાં શ્રી સમાજના પ્રમુખ શ્રી ગંગારામ સાંખલાની હાજરીમાં આગેવાનો દ્વારા સતપંથ અને સનાતન અંગેના સચોટ ઈતિહાસ રજુ કરવામાં આવેલ. જેને જ્ઞાતિગંગાએ ઉમળકાભેર વધાવી લીધેલ. ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ તેમજ કુળદેવી મા ઉમીયાના આશીર્વાદથી સમૂહલગ્ન કોડાયપુલ સ્વામીનારાયણ ગુરુકુળમાં આયોજિત કરવાની જાહેરાત કરવામાં આવી.

કંઠીવિભાગના જ્ઞાતિજનોમાં આવેલ ધાર્મિક જાગૃતિ તેમજ સનાતની ચળવળને કારણે માંડવી તાલુકાના અમુક નબળી માનસિકતા વાળા સનાતની અને સતપંથી ભાઇઓ ભેગા થઇ માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિ દ્વારા

ઠરાવ કરી હોસ્ટેલની મિલકત બારોબર (સમાજને અંધારામાં રાખી) પાટીદાર સર્વોદય ટ્રસ્ટના નામે તબદીલ કરવાની પ્રક્રિયા કરેલ. જેની જાણ શ્રી સમાજને જુલાઇ/ઓગસ્ટ ૨૦૧૨ માં થયેલ.

પાટીદાર સર્વોદય ટ્રસ્ટના મોટાભાગના આગેવાન જવાબદાર ભાઈઓ મુંબઈના હતા. એટલે મુંબઈ ઝોને આ બાબત દખલ લેતા તા. ૦૧-૧૨-૨૦૧૨ના ઘાટકોપર વાડી મધ્યે સભા બોલાવેલ. જેમાં કેન્દ્રીય સમાજના હોદ્દેદારશ્રીઓ તેમજ અન્ય આગેવાનોને આમંત્રિત કરેલ. શ્રી સમાજના પ્રમુખ શ્રી ગંગારામભાઇ સાંખલાને સ્થાનિક સર્વોદય સમર્થક સનાતની ભાઈઓ તેમજ સતપંથી ભાઈઓએ વિરોધ કરી સભામાં બોલવા ન દીધા. લધાભાઇ વિશ્રામ પોકાર (LV)ના શ્રી સમાજના ટ્રસ્ટી પદને લઇ ખોટી દલીલો કરેલ. જેને કારણે ઉપસ્થિત આમ જનતા સામસામે આવી ગયેલ. સતપંથ તરફી ભાઈઓ મારહાણ પર ઉતરી આવેલ, જેના કારણે આ સભા કલંકિત થયેલ. છેલ્લે પ્રમુખશ્રી ગંગારામ ભાઈએ ટૂંકમાં બોલતા જણાવેલ કે અત્યારે તમો મારી વાત સાંભળવાની સ્થિતિમાં નથી એટલે મારે જે સંદેશ આપવો છે તે તમોને પત્ર દ્વારા લખી મોકલાવીશ. આ સંદર્ભે પ્રમુખશ્રી ગંગારામભાઈએ તા. ૨૫-૧૨-૨૦૧૨ના લખેલ પત્ર મુંબઈમાં વસતા દરેક પાટીદાર ભાઈઓના ઘરે મોકલવામાં આવેલ. આ પત્ર મળતાંજ જાગૃત જ્ઞાતિજનો માંડવી હોસ્ટેલ પ્રકરણમાં સામેલ મુંબઈના આગેવાનોના કરતુતથી વાકેફ થયા.

**આ પ્રસંગ મુંબઈ ખાતે સનાતની ચળવળ માટે પરિવર્તનનું કેન્દ્ર બનેલ.** આ સભા નજરોનજર જોનાર આગેવાન અરુણભાઈ નાકરાણી તેમજ કેશવલાલ લીંબાણી અને યુવાનો પ્રકાશ માવાણી, કીર્તિ દીવાણી, ગૌતમ કેશરાણી અને મહેન્દ્ર સેંઘાણી તા. ૦૬.૧૨.૨૦૧૨ના અરુણભાઇની ઘાટકોપર ઓફિસે મળ્યા અને મનોમંથનના ફળ સ્વરૂપે મુંબઈ ખાતે લક્ષ્મીનારાયણ સમાજ બનાવવાના બીજારોપણ થયેલ.

આજ સંદર્ભે તા. ૦૮-૧૨-૨૦૧૨ના શ્રી હિમત ભાઇ ખેતાણીના નિવાસ સ્થાને એક બેઠક યોજાઈ. જેમાં ઉપરોક્ત ૬ ભાઈઓ સહીત ૨૪ આગેવાનો હાજર રહેલ અને ચર્ચા વિચારણાના અંતે મુંબઈ ખાતે **"શ્રી કચ્છી કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ, મુંબઈ"**ની સ્થાપના કરવાનો નિર્ણય લેવાયો. ઉપસ્થિત સભ્યોની એડ હોક સમિતિની રચના કરવામાં આવેલ અને અન્ય ૨૦ નામો ફોન દ્વારા સહમતી મેળવી જોડવામાં આવેલ. ઉપરાંત બંધારણ સમિતિની નીચે મુજબ સર્વાનુમતે નિમણુક કરવામાં આવી. ૧) રતિભાઈ મણીલાલ રામાણી (ઘાટકોપર), ૨) ચંદુલાલ ભવાનજી નાકરાણી (થાણા), ૩) હિંમતભાઈ રતનશી ખેતાણી (ઘાટકોપર), ૪) અરુણભાઈ હંસરાજ નાકરાણી (ઘાટકોપર), ૫) ભવાનભાઈ હરિભાઈ લીંબાણી (અંધેરી), ૬) કેશવલાલ દામજી લીંબાણી (મુલુંડ) અને ૭) ગૌતમ મણીલાલ કેશરાણી (મુલુંડ).

ત્યારબાદ વિસ્તારિત એડ હોક સમિતિની સભા તા. ૨૩.૦૧.૨૦૧૩ ના મળેલ જેમાં સંયોજક તરીકે વડીલશ્રી ધનજીભાઈ શિવગણ રૂડાણી (મુલુંડ/જીયાપર)ની નિમણુક સર્વાનુમતે કરવામાં આવેલ અને સહસંયોજકની જવાબદારી શ્રી અરુણભાઈ નાકરાણી તેમજ કેશવલાલ લીંબાણીને સોપવામાં આવેલ. ત્યારબાદ બંધારણ સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવેલ બંધારણને આજની સભામાં શ્રી ભવાનભાઈ લીંબાણી દ્વારા વાંચન કરી રજુ કરવામાં આવેલ. મુળ બંધારણ અંગ્રેજીમાં તૈયાર કરેલ હોવાથી ગુજરાતીમાં અનુવાદ કરી રજુ કરેલ. ઉપસ્થિત સભ્યોના આવેલ સુચનોની નોંધ લેવામાં આવેલ. આવેલ સૂચનોને ધ્યાનમાં લઇ જરૂરી અને આવશ્યક ફેરફાર કરવાની સત્તા બંધારણ સમિતિ અને સંયોજકશ્રીઓને આપવામાં આવેલ. ત્યારબાદ બંધારણને હાજર સર્વે સભ્યોએ સર્વાનુમતે બહાલી આપેલ. આપણી જ્ઞાતિને ધાર્મિક અંધકારમાંથી બહાર લાવનાર પૂજ્ય સંતશ્રી ઓધવરામજી મહારાજની નિર્વાણ તિથીના દિને તેમની પ્રેરણા અને કૃપાથી તેમના બતાવેલ માર્ગ પર ચાલીને લક્ષ્મીનારાયણ સનાતન સમાજની સ્થાપનાને મૂર્ત સ્વરૂપ આપવામાં આવેલ.

## મુંબઈ અને કંઠી વિભાગમાં શ્રી લક્ષ્મીનારાયણ - સનાતની ચળવળને પુનર્જીવન

મુંબઈમાં સનાતનનો વાયરો એવો ફુંકાયો કે સર્વે અબાલ વૃધ્ધ સમાજની રચનામાં જોડાઈ ગયા. સંસ્કારધામ દેસલપરથી નીકળેલ ભગવાન લક્ષ્મીનારાયણનો રથ દક્ષિણ મહારાષ્ટ્રનો પ્રવાસ કરી પાછા ફરતા જાણે કે સાક્ષાત ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ અને કુળદેવી મા ઉમિયા આશીર્વાદ આપવા આવ્યા હોય તેમ પનવેલ/ખારઘર/કામોઠા ખાતે રોકાણ કર્યું અને સંતો પૂનમ ભરવા કચ્છમાં ગયા. આ સમયગાળા દરમ્યાન નવી મુંબઈ વાસીઓને ભગવાનશ્રી લક્ષ્મીનારાયણ અને મા ઉમીયાની સેવા આરતી કરવાનો લાભ લીધેલ.

મુંબઈ સમાજ રચનાના કાર્યને અંતિમ સ્વરૂપ આપવા તા. ૩૦/૩૧ માર્ચ-૨૦૧૩ નિર્ધારિત કરેલ. ડોમ્બિવલી પાટીદાર વાડી ખાતે તા. ૩૧.૦૩.૨૦૧૩ નો સમાજ રચના અંગેની સામાજિક સભાનું આયોજન કરવામાં આવેલ. જેમાં સંસ્કારધામથી પધારેલ સંતો તેમજ પ્રમુખશ્રી જેઠાબાપા હાજર રહેલ. આ સભામાં શ્રી કચ્છી કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ, મુંબઈના પ્રથમ પ્રમુખ તરીકે વડીલ શ્રી ધનજીભાઈ શિવગણ રૂડાણીની સર્વાનુમતે નિમણુક થયેલ અને એડહોક સમિતિ દ્વારા પ્રથમ કારોબારી સમિતિ જાહેર કરવામાં આવેલ. સમાજ રચના થાયાના ટૂંક સમયમાં જ 10,000 થી વધુ આજીવન સભ્યો બની ગયેલ. અત્યાર સુધીમાં લગભગ 2600 પરીવાર એટલે 13,000થી વધુ લોકો સમાજ સાથે જોડાઈ ગયા છે. સમાજના ટ્રસ્ટનું રજીસ્ટ્રેશન ૨૦૧૪ માં થએલ. ત્યારબાદ, લોક માંગણીને ધ્યાનમાં લઇ મુંબઈ ખાતે મીની સંસ્કારધામ ઉભું કરવાના ભાવથી જમીન સંપાદનનું કાર્ય ઓગસ્ટ ૨૦૧૫ના હાથ ધરવામાં આવેલ. થાણા ઘોડબંદર રોડ પર કાસાર વડવલી ગામ ખાતે અંદાજે ૬૮૦૦ ચો.મી. જમીન પર ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ તેમજ કુળદેવી મા ઉમીયાના ભાવ મંદિરની સ્થાપના ૧૯-૦૨-૨૦૧૭ના રોજ કરવામાં આવેલ. જેનું નામકરણ "શ્રી લક્ષ્મીનારાયણ - ઉમાધામ" કરવામાં આવેલ.

કચ્છના આપણા દરેક ગામેગામ શ્રી લક્ષ્મીનારાયણના મંદિરો છે. છતાંપણ મુંબઈમાં લક્ષ્મીનારાયણ સમાજનો, પાટીદાર સર્વોદય ટ્રસ્ટના આગેવાનો અને તેમના સમર્થકો દ્વારા વિરોધ કરવામાં આવેલ. આ વિરોધની અસર મુંબઈ જ્ઞાતી ટ્રસ્ટ ફંડની ૨૦૧૪ની ચૂટણીમાં દેખાઈ આવેલ. લક્ષ્મીનારાયણ પેનલે ટ્રસ્ટ ફંડમાં પોતાનું માનભેર સ્થાન મેળવેલ. ત્યારબાદ ૨૦૧૭ની ચૂટણીમાં સતપંથી સમર્થક પેનલને હરાવી સંપૂર્ણ લક્ષ્મીનારાયણ પેનલ ચૂંટાઈ આવેલ.

આવી રીતે મુંબઈના સનાતની ચળવળનું કેન્દ્ર બિંદુ હાલ લક્ષ્મીનારાયણ સમાજ બનેલ છે. એમના પગલે આગળ ચાલતા, બંધારણમાં સુધારા કરીને મુંબઈ યુવક મંડળ સંપૂર્ણ સનાતની બની ગયું છે. મુંબઈ મહિલા મંડળ પણ સંપૂર્ણ સનાતની બની ગયું છે એડ બંધારણ સુધારાનું કામ ચાલી રહ્યું છે.

70

# ઇતિહાસના ઝરૂખેથી લગ્ન તથા સાતમ આઠમના પૌરાણિક રીતિ રિવાજો

લેખક: શ્રી કાંતિભાઈ લખમશી લીંબાણી



માનવીની વિકાસગાથા એ ઇતિહાસ છે. માણસો ભૂલો કરે છે અને માણસો જ સુધારે છે. અને આપણી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ પણ એમાંની જ એક છે. આપણા વડીલો ગુજરાતમાંથી કચ્છ વાગડમાં શિકરા ગામે આવ્યા. એને આજે લગભગ 500 વર્ષ થયા. આપણા વડીલો નિરક્ષરતા નિર્ધનતા અને ગરીબાઈના લીધે પોતાના જીવનને ઉન્નત બનાવી શક્યા નહીં. કદાચ આ કારણોને લીધે બધા પોતે શુધ્ધ હિન્દુ હોવા છતાં તે વખતની વિધર્મીય ધર્માન્ધ શક્તિઓના ભોગ બન્યા હશે. પરિણામે પોતાના સાચો ધર્મ ભૂલી પીરાણા સતપંથની કપટી અને ખતરનાક ચાલનો અજાણતા શિકાર બન્યા.  પણ કહેવાય છે કે અતિની ગતિ નથી હોતી. પરમ કૃપાળુ પરમાત્માએ યોગ્ય સમયે આપણને સાચા ધર્મની રાહ બતાવી અને આપણે આપણા મૂળધર્મમાં પાછા આવી ગયા.

**આજથી લગભગ 75 થી 100 વર્ષ પહેલા આપણી સમાજમાં લગ્નના રીત રિવાજો તથા જન્માષ્ટમીના તહેવારો કેવા હતા અને આજે કેવા છે? તેના વિશે થોડી વાત કરવી છે.**

**<u>12 વર્ષમાં એક જ વખત લગ્ન થતાં:</u>** જુના જમાનામાં બાળ લગ્ન થતા હતા. તેવી જ રીતે આપણી સમાજમાં પણ સામૂહિક બાળ લગ્ન થતા દર 12 વર્ષમાં એક વાર. 15 માસથી 12 વર્ષના દીકરા દીકરીને પરણાવી દેવામાં આવતા હતા. છેલ્લા 12 વર્ષીય લગ્ન સંવત 2002 ઇ.સ.1946 માં થયા હતા. ત્યારબાદ સરકારી નિયંત્રણોના કારણે દર 12 વર્ષીય સામુહિક લગ્ન બંધ થયા.

એ જમાનામાં પારણામાં ઝૂલતાં નાના બાળકોના વેવિશાળ સાથે લગ્ન કરવામાં લોકો ગૌરવ અનુભવતા. પાંચાડાના ગેઢેરાઓ લગ્નની જે તિથિ કાઢતા તે દિવસે બધા ગામોમાં લગ્ન કરવામાં આવતા. લગ્ન વિધિ ગામના મુખી દ્વારા કરવામાં આવતી. બધા લગ્ન 12 વર્ષના ગાળામાં એક જ દિવસે થતા હોવાથી નાના નાના બાળકોને કાંખમાં તેડીને લગ્નના ફેરા ફરાવવામાં આવતા અને ચાલતા શીખી ગયા હોય તે બાળકો પોતે લગ્નના ફેરા ફરતા .

**<u>એ પ્રથાની અનોખી સમસ્યાઓ:</u>** અમુક પરિવારો તો દીકરો છ માસનો હોય અને દીકરી ત્રણ ચાર વર્ષની ઉંમરની હોય તો પણ બન્નેના લગ્ન કરાવી નાખવામાં આવતા. પરિણામે કજોડા થવાથી ઘર સંસાર ઝેર જેવો બની જતો. એ જમાનામાં જાનમાં વધારે માણસો આવતા નહીં. કારણ કે એક ઘરમાં ત્રણ-ચાર નાના બાળકો હોય અને એ બધાને એક જ દિવસે પરણાવવાના હોવાથી બાપ દીકરાને પરણાવવા ગયા હોય અને મા દીકરીને પરણાવવા ઘરે રહી હોય. બીજા ભાઇ બહેનોને કાકા – કાકી, મામા – મામી, વગેરે પરણાવવામાં મદદ કરતા અને એને તેડીને જાન લઈ જતા. અમુક પરિવારમાં તો ચાર ચાર જાનો લઈ જવાની રહેતી અને દીકરીઓ હોય તો ચાર ચાર જાનું ઘેર આવતી. આ લગ્ન લગભગ વૈશાખ મહિનામાં જ થતા.

**<u>આણા પ્રથા:</u>** બાળવયમાં લગ્ન થયેલ હોવાથી દીકરીઓ જ્યારે લગભગ 15 વર્ષની થાય ત્યારે સાસરા પક્ષ વાળા આણું લઈને તેડવા આવતા. પ્રથમ આણા વખતે દીકરી લગભગ 15 થી 20 દિવસ સાસરાંના ઘરે રોકાઈને જેઠ મહિનાના પ્રથમ રવિવારના દિવસે દિતવાર (રવિવાર) રમવા જતી. બીજો દિતવાર એ જેઠ મહિનાના બીજા રવિવારે થતો.

વૈશાખ માસમાં આણાની પ્રથા હતી. જે દીકરીના માવતર પૈસાદાર હોય કે ખાધેપીધે સુખી હોય તેઓ બીજા વર્ષે બીજું આણું અને ત્રીજા વર્ષે ત્રીજું આણું પણ કરતા. જે દીકરીના માવતરની આર્થિક પરિસ્થિતિ નબળી હોય તેવો પ્રથમ આણા વખતે જ દીકરીને મોકલાવતા અને બીજુ આણું કરતા નહીં.

બીજા આણા બાદ દીકરીઓ વધારે દિવસ સાસરાના ઘરે રોકાતી. વૈશાખ માસમાં બીજું આણું આવે ત્યારબાદ જન્માષ્ટમી પછી તરત જ સાસરાવાળા વધુને (વહુને) તેડવા આવતા. ત્યારબાદ દીકરી સાસરાના ઘરે જ રોકાતી.

**<u>મામા-માસીને મળવા જવું:</u>** દિવાળી બાદ શિયાળામાં દીકરી મોટું પરબ કરવા માવતરના ઘરે જતી. ત્યાર સગા સંબંધીઓ ઘરે દિકરી માત્ર મળણ કરવા જતી. જેમાં ફઈના ઘરે, માસીના ઘરે, મામાના ઘરે મોટું મળણ કરવા જતી. આજથી લગભગ ૨૦ વર્ષ પહેલાં પણ આ રિવાજ હતો. ક્યાંક આજે પણ આ રિવાજ ચાલુ છે.

**<u>છૂટક લગ્ન શરૂ થયાં:</u>** સમાજમાં સામાજિક અને ધાર્મિક ક્રાંતિ થવાથી અનેક સરકારી નિયંત્રણો આવવાથી સંવત 2002 ઇ.સ.1946 પછી છૂટક લગ્ન થવા લાગ્યા. સરકારી નિયમ મુજબ તે વખતે લગ્ન કરતા દીકરાની ઉંમર ઓછામાં ઓછી 18 વર્ષ અને દીકરીની ઉંમર 16 વર્ષ નક્કી કરવામાં આવેલ હતી. પણ અંદરખાને ચોરી છુપેથી વયમર્યાદા કરતા નાની ઉંમરે કોઈ-કોઈ લગ્નો થતા હતા. જે તેની સરકારી અમલદારો કે પોલીસ ડિપાર્ટમેન્ટને કોઈ જાણ કરતું તો તે લોકો લગ્ન અટકાવવા આવતા. પણ સમજૂતી કરીને ચાલ્યા જતા.

**<u>કરૂણ પરિસ્થિતિનું નિર્માણ:</u>** લગ્ન કરવાની વય મર્યાદામાં સરકારી નિયંત્રણ આવવાથી આપણી સમાજમાં બહુ મોટી કરુણતા સર્જાણી. કારણ કે સંવત 2002 સુધી સરખી ઉંમરના દીકરા દીકરીઓના લગ્ન થઈ ગયા હતા. ત્યાર પછીના બાળકો 16 વર્ષના થાય ત્યારે લગ્ન થાય એમ હતું.

દીકરીની ઉંમર જ્યારે 16 વર્ષની થાય ત્યારે એના મા બાપ યોગ્ય છોકરો શોધીને દીકરીના લગ્ન કરે એ સ્વાભાવિક છે. પણ સામા પક્ષે દીકરાની ઉંમર પણ 16 વર્ષની જ હતી એટલે દીકરાના લગ્ન થઈ શકતા ન હતા. સાથે સાથે એ જમાનામાં દીકરાઓએ વધારે ભણવાની શરૂઆત કરી હોવાથી એમના મા-બાપ એમના લગ્ન મોડેથી કરાવવા લાગ્યા.

આ બાજુ દીકરીની ઉંમર વધતી જતી હતી તેથી તેઓના મા બાપને ચિંતા થવા લાગી. એટલે ઈ. સ. 1965 થી 1980ના સમયગાળા દરમિયાન આપણા સમાજમાં ઘણી દીકરીઓને ના છુટકે ગુજરાતમાં પરણાવી પડી. આપણી દીકરીઓનું ગુજરાતમાં પરણાવવવાનો ખરું કારણ આ છે. એ સમય કાંઈ દીકરીઓ વધારે ન હતી પણ ઉંમરનો બે ત્રણ વર્ષનો જે તફાવત હતો તેના કારણે આપણે દુષ્પરિણામો ભોગવવા પડ્યા. આજે સરકારી નિયમ મુજબ દીકરાની ઉંમર 21 વર્ષ અને દીકરીની ઉંમર 18 વર્ષ છે.

**સાતમ-આઠમ તહેવાર:** આપણા વડીલો ભલે અભણ અને ભોળા હતા પણ એક વાતનું આપણે ગર્વ લઈ શકીએ છીએ કે એ લોકો પીરાણા સતપંથમાં હતા છતાં પણ જન્માષ્ટમીનો તહેવાર ઉજવવાનો ચાલુ રાખ્યું હતું. એટલે કહી શકાય કે આપણે વિધર્મમાં જવાથી બચી ગયા. સતપંથ ધર્મમાં હોવા છતાં આપણા વડીલો સાતમ આઠમની તહેવાર ધૂમધામથી ઉજવતા હતા.

**કૃષ્ણ જન્માષ્ટમી માનવવાની ક. ક. પા. જ્ઞાતિની વિશેષ રીત:** કૃષ્ણ જન્માષ્ટમી સમસ્ત હિન્દુ સમાજ મનાવે છે, પણ કચ્છ કડવા પાટીદાર સમાજમાં આ તહેવાર કઇંક અલગજ રીતે અને અલગાજ જોમથી ઉજવાતો હોય છે. આપણી સમાજમાં છુટક લગ્નની શરૂઆત થયા બાદ લગભગ વૈશાખ માસમાં છૂટક લગ્ન થતાં. પૂરા વૈશાખ માસમાં ગામો ગામ લગ્ન થતા. એ વખતે ઈલેક્ટ્રીક લાઈટ ન હોવાથી પેટ્રોમેક્સ ગેસ બત્તીના અજવાળે રાત્રે લગ્ન થતાં. જાન એક રાત અને બે દિવસ રોકાતી. બીજે દિવસે બપોર પછી જાનને વિદાય આપવામાં આવતી. લગ્નનું મેન્યુ પણ સાવ સાધારણ રહેતું. લગ્ન બાદ દીકરી પક્ષવાળા 20 થી 25 માણસો વેવાઈના ઘરે આણું લઇને દીકરીને તેડવા જતા. આણાં વખતે જમાઇને પણ સાથે લાવતા બે ચાર દિવસ રોકાઇને દીકરીને (વહુને) સાથે લઈ જતા.

ત્યાર પછી જેઠ મહિનાનો પ્રથમ રવિવાર આવે ત્યારે દીકરી માવતરના ઘરે દિતવાર (રવિવાર) રમવા જાય. દિતવારના દિવસે સવારના ભાગમાં વાડીએ રમવા જાય. જ્યાં લીમડો, પીપળો કે આમલીના ઝાડ ઉપર હિંચકો બાંધીને રમતો રમે. વાડીએ પાણીના ટાંકામાં સ્નાન કરી બપોર બાદ નદીની રેતીમાં રમતો રમવા જાય.

ત્યારબાદ શ્રાવણ માસના સાતમ આઠમનું પરબ આવે એટલે જન્માષ્ટમીથી એક માસ પહેલા માવતરના ઘરે પરબ રમવા જાય. જન્માષ્ટમીના સાતમ આઠમ તહેવાર આવે એના પહેલા ગામની દીકરીઓ એક માસ અગાઉથી સાતમ આઠમના ગીતો ગાય. પ્રથમ 15 દિવસમાં બેઠા બેઠા ગીતો ગાય અને બીજા પંદર દિવસમાં ફરતા-ફરતા ગીતો ગાય. આ ગીતો ગાવાના રિવાજ આજે પણ અનેક ગામમાં ચાલુ છે. આજે પણ નવીન લગ્ન થયેલ હોય એ દીકરીઓ સાતમ આઠમ રમવા માવતરના ઘરે જાય છે. કૃષ્ણ ભગવાનનું ગોકળ્યું તૈયાર કરે છે અને દીકરીઓ ગોકળ્યું રમવા જાય છે. બીજા શબ્દોમાં કૃષ્ણ ભગવાનનું ગોકુળિયું તૈયાર કરે છે અને જન્માષ્ટમીનો તહેવાર મનાવે છે.

જન્માષ્ટમીનો તહેવાર પૂર્ણ થયા બાદ સાસરા પક્ષવાળા વહુને તેડવા આવે છે. ત્યારબાદ દિવાળી સુધી સાસરે રહે છે. અને દિવાળીનો તહેવાર સાસરે ઉજવીને શિયાળાનું મોટું મળણ કરવા દીકરી માવતરના ઘરે જાય છે. આજે પણ આ રીત રિવાજો ચાલુ છે.

**નોંધ:** આ લેખ સંવત 2002 ની સાલમાં જેમના બાળવયમાં લગ્ન થયા હતા, એવા જીવિત (હયાત) વડીલોના મુખેથી સાંભળેલ વાતો ઉપરથી તૈયાર કરેલ છે. આમાં અલગ અલગ વિસ્તારના રીત રિવાજોમાં થોડોક ઘણો ફેરફાર હોઈ શકે છે.

આ લેખ માધ્યમથી, સમયાંતરે, તહેવાર માનવવાની પદ્ધતિમાં થતા ફેરફારોની નોંધ લેવાની નાનકડી કોશિશ છે.

71

# જ્ઞાતિની વિશિષ્ઠ પ્રથા – સુરધન



- CA શ્રી પટેલ ચંદ્રકાંત કાંતિલાલ છાભૈયા

ક. ક. પા. જ્ઞાતિમાં એક અનોખી પ્રથા ચાલે છે, જેણે "સુરધન"[A] કહેવામાં આવે છે. આ પ્રથા અનોખી એટલા માટે છે કે આ પ્રથા કચ્છની અન્ય જ્ઞાતિઓમાં નથી, તેમજ કચ્છની બહાર વસતા મૂળ કડવા પાટીદાર જ્ઞાતિમાં પણ નથી. બીજી એક વાત જોવા મળી છે કે સુરધનોની શરૂઆત લગભગ આ સમય કાળમાં થઇ હોય એવું પહેલી નજરે દેખાય છે. આમાં હજુ સંશોધનને અવકાશ છે, પણ લગભગ સુરધન થવાનો ઇતિહાસ આ સમયકાળનો જાણવા મળે છે.

આ વિશેના ઘણા બૌદ્ધિકોનું એવું માનવું છે કે જ્યારે કણબી કચ્છમાં આવ્યા ત્યારે પોતાની સાથે હિન્દુ મંદિરો કે દેવો લાવ્યા નહોતા. એમના ધર્મનું સ્થાનક તો ખાનું હતું. જેમાં માત્ર ઇમામશાહનો એક પાટ હોય અને એના ઉપર ધર્મ ગ્રંથ મુકેલ હોય. ઇમામશાહનો પાટ કોઇ ભગવાન કે દેવ નથી, કે એની માન્યતા (માનતા) લોકો રાખે.

માણસને પોતાના ખરાબ સમયમાં ભગવાન ઉપર શ્રદ્ધા રાખીને માન્યતા (માનતા) રાખવાની ટેવ હોય છે, ખાસ હિન્દુ ધર્મમાં આ પ્રથા બહુજ જૂની છે. સંવત 1832ના ઠરાવ પછી હિન્દુ મંદિર કે હિન્દુ ભગવાન ઉપર બંધી મૂકી દેવામાં આવી, એટલે કોઇ વિકલ્પની જરૂર પડી હોય, એવું અનુમાન લગાડવામાં આવે છે.

પીરાણાની માનતા રાખ્યા બાદ એને ઉતારવા કચ્છથી પીરાણા જવું બહુ મુશ્કેલી વાળું હતું.. એ જમાનામાં કચ્છથી ચાલીને કે ગાડા પર બેસીને પીરાણા સુધી જવું અને એના ખર્ચાઓ ઉપાડવા, બધા માટે હર સમયે શક્ય નહોતું. એટલે કોઇક એવો ઉપાય જોઇતો હતો જે સ્થાનિક હોય અને સહેલો હોય.

વિકલ્પની શોધમાં એક એવી વ્યવસ્થાની જરૂર હતી કે લોકો હિન્દુ મંદિરોથી દૂર રહે, એમની માનતા કરી શકે અને ઇસ્લામ ધર્મ સાથે સુસંગત પણ હોય. એટલે સુરધન પ્રથા અહીં ફિટ બેસે છે. હિન્દુ દેવોની જગ્યાએ પોતાના પૂર્વજો (કે જેઓ સતપંથી હતા)ને સુરધન બતાવ્યા. એમની માનતા રાખવા લોકોને પ્રોત્સાહિત કર્યા. નવ દંપત્તિની લગ્ન પછી છેડાછેડીB છોડવા માટે સુરધન પાસે લોકો જવા લાગ્યા. બાળક જન્મે એટલે વાળની લટ પણ આપવાની પ્રથા શરૂ થઇ.

---

[A] સુરધન = સુરધન એટલે કોઇ શૂરવીર જેણે લોક-હિત માટે પોતાના જીવનું બલિદાન આપેલ હોય. દા. ત. ભારત દેશના સૈનિકો જેમ દેશ માટે પોતાના જીવનું બલિદાન આપે છે. ક. ક. પા. જ્ઞાતિના સુરધનના ઇતિહાસની વાર્તાઓમાં લગભગ બધીજ જગ્યાએ એવું જોવા મળ્યું છે કે સિંધ તરફથી આવેલ મુસલમાન ડાકુ/લુંટારાઓ ગામની ગાયોને ચોરીથી લઇ જતા હોય, ત્યારે એમની સામે લડાઇ કરી હોય અને એ લડાઇમાં સુરધનનો જીવ ગયો હોય છે.

[B] છેડાછેડી = લગ્ન થાય ત્યારે વિધિ પ્રમાણે વર-કન્યાના વસ્ત્રોના છેડાઓને એક ગાંઠના માધ્યમથી બાંધવામાં આવે છે. એને છેડાછેડી બાંધી કહેવાય. લગ્ન પછી યોગ્ય સમયે છેડાછેડીની એ ગાંઠને ભગવાનના કોઇ સ્થળે છોડવામાં આવે.

પણ આ બધુ કયાં કરવું? એટલે જે જગ્યાએ સુરધનનું મૃત્ય થયું હોય, એ જગ્યાને પસંદ કરવામાં આવી. કદાચ (પૂરી ખાતરીથી કહેવું મુશ્કેલ છે અને કોઇને આસ્થા અને શ્રધ્ધાને ઠેસ પહોંચાડવા વગર) કહીએ તો ઇસ્લામમાં જે રીતે મૃતકની કબર ઉપર દરગાહ હોય અને ત્યાં પૂજાઓ થતી હોય, તેવું કદાચ સુરધન પૂજામાં સામ્યતા દેખાતી હોવાથી સતપંથના મુખી, કાકા અને સૈયદોએ પણ પ્રોત્સાહિત કર્યા હશે, એવું પહેલી નજરે ઘણા બૌદ્ધિકોને લાગી રહ્યું છે.

આ સમજણને સમાજમાં બનતી ઘટનાઓ સાથે સરખાવીને જોશું તો પણ ઘણો ખુલાસો મળશે. આપણે ઇતિહાસમાં જોતા આવ્યા છીએ કે ભગવાન લક્ષ્મીનારાયણ કે ભગવાન સ્વામિનારાયણના મંદિરો બનતા ત્યારે સતપંથીઓ એનો વિરોધ કરતા અને એને તોડી પાડવા કે કામ અટકાવવા અનેકો પ્રયાસો કરતા. પણ સુરધન વિષે આવો કોઈ વિરોધ કે પ્રયાસ થયો હોય એવું જાણવા નથી મળ્યું.

જ્ઞાતિમાં સ્વામિનારાયણ સંપ્રદાય વાળા અને આર્ય સમાજ સંપ્રદાય વાળા સુરધન પ્રથાને નથી માનતા. એ લોકો છેડાછેડી છોડાવા, તેમજ નાના બાળકના વાળની લટ સુરધન પાસે નથી ઉતારતા. આ જગ જાહેર વાત છે.

ક. ક. પા. જ્ઞાતિનું સનાતન ધર્મમાં ધર્મ પરિવર્તન કરાવનાર પરમ પૂજ્ય ઓધવરામ મહારાજે સ્વયં લખેલ “ઈશ્વર વિહારી વિલાસ” પુસ્તકના ભાગ 2માં હિન્દુઓ માટે 16 પ્રકારના સંસ્કારની જાણકારી આપી છે. તેમ 7માં[C] સંસ્કારમાં બાળકના ઝંડા[D] એટલે વાળ પ્રભુ મંદિરે ઉતારવાનું કહ્યું છે. તેમજ વર-કન્યાની છેડાછેડી કુળદેવીના સ્થાનકે છોડવાનું[E] કહ્યું છે.

બીજી બાજુ એક સારી વાત એ છે કે આ સુરધનોના સ્થાનકો મોટે ભાગે સનાતની લોકોના હાથમાં છે અને એમાં લગભગ બધીજ જગ્યાએ સનાતન હિન્દુ ધર્મ પ્રમાણે વિધિઓ થાય છે. ઘણા સ્થાનકોમાં તો સતપંથીઓને માત્ર દર્શન કરવાની અનુમતિ છે. સંગઠનમાંથી એમને દૂર કરી દેવામાં આવ્યા છે. આનું કારણ તો સ્પષ્ટ છે કે જ્ઞાતિમાં આવેલ સનાતન ધર્મ બાબતે ધાર્મિક જાગૃતિ, એમા બે મત નથી.

એક વાત અત્રે સ્પષ્ટ કરવા માંગીએ છીએ કે સુરધનને માનવું કે એમની પૂજા કરવી કે ન કરવી એના પર અમે કોઇ વિચાર કે ટિપ્પણી નથી કરવા માંગતા. એ દરેક વ્યક્તિની વિવેક બુદ્ધિ પર નિર્ભર છે. કોઈની લાગણી દુભાવવા કે કોઈ પણ પ્રકારનો વિવાદ ઊભો કરવો નથી. જ્યારે ઇતિહાસ લખી રહ્યા છીએ, ત્યારે ઇતિહાસકાર તરીકે અમારી ફરજ છે કે જે વાતો અમારા ધ્યાને આવી હોય, એ તમારા સામે મૂકવી જોઈએ.

ઘણા સમજુ બૌદ્ધિક લોકોના પ્રશ્નોના ઉત્તર અમારી પાસે નથી, એ પણ તમારી સમક્ષ મૂક્યા. તેવી જ રીતે જ્ઞાતિનો સ્વામિનારાયણ સંપ્રદાય, આર્ય સમાજ સંપ્રદાય અને સંત ઓધવરામ મહારાજના વિચારો પણ તમારી સામે મૂક્યા. આ બાબતે અમે ઇતિહાસ જેમ છે, તેમ તમારી સમક્ષ મૂક્યો.

---

[C] 7માં સંસ્કાર – માટે જુઓ પેજ 365

[D] ઝંડા = વાળ (ઝંડીયાં)

[E] છેડા-છેડી છોડાવવાનું – જુઓ પેજ 368

# 72

# સનાતની પરિવારોનો સહકાર



લેખક: શ્રી કરસનભાઇ વિશ્રામભાઇ પોકાર – દિલ્હી

આપણી શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં પહેલેથી જ વડીલોને સન્માન અને નિયાણી (દીકરીઓ)ના પૂજનની પ્રથા રહેલી છે. તેથી જ આપણા માવતર પરિવાર માટે ભગવાન સમાન ભૂમિકામાં છે. આપણા પિતૃઓ કે જેઓએ આપણને સંસ્કારનો વારસો આપ્યો છે, આપણી ઉન્નતિ માટે કાળી મજૂરી કરી છે, પરિવારને એક જૂથ રાખી સૌના વિકાસમાં પરિવારના વિકાસને અગ્ર ગણ્યો છે તેવા પૂજનીય પિતૃઓ માટે આજે પણ દરેક પરિવારમાં તેમની તિથિ ભાવપૂર્વક ઉજવાઇ રહી છે. આપણા વડીલોએ બેન દીકરીઓના કે ગાયોના રખોપા કરવા માટે પોતાની જાતનું બલિદાન આપી દીધું છે. તેઓના સ્થાનક (પાળિયા) આજે પણ ડાડા (દાદા) તરીકે પૂજાય છે. પરિવારમાં નવ આગંતુકના કેશ મુંડન વિધિ બને ત્યાં સુધી ત્યાં જ કરાવીએ છીએ કે લટ આપીએ છીએ.

આપણા બાવન ગોત્રના ઋષિઓ અને દાદાના સ્થાનક આપણી માતૃભૂમિ એવા કચ્છના વિવિધ ગામોમાં આવેલા છે. અષાઢી બીજના પવિત્ર ઉત્સવ જ્ઞાતિના સર્વેજનોએ વડીલોને સમર્પિત કરેલ છે. તે દિવસે અચૂક વડીલોને નમન કરવા કચ્છ જઇએ છીએ કાંતો પોતાના ઘરે તેમના નામની સુખડી અને નારિયેળ વધેરવા, દીકરીને કે નિયાણીને જમાડવી અને ભેટ આપવાની અનોખી રીત ફક્ત આપણી જ્ઞાતિમાં જ જોવા મળે છે.

આમ, ઋષિઓએ આપેલ સાંસ્કૃતિક – આધ્યાત્મિક વારસાને જાળવી રાખવાનું પવિત્ર કાર્ય પણ જે તે ગોત્રના સઘળા જ્ઞાતિજનો "ગોત્રીય પરિવાર"ના નામે સંગઠિત થઇ કરી રહ્યા છે. ગામ કે સમાજની જેમ પરિવારો પણ ધીરે-ધીરે સંસ્થાકીય સ્વરૂપ ધારણ કરી રહ્યા છે. પરિવારોના સમયાંતરે મિલનો યોજાઇ રહ્યા છે, જેમાં ઋષિઓના યોગદાનને નવીન પેઢીમાં સ્થાપિત કરી, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે નીયાણીઓને દાનપુણ્ય આપવાનો મહિમા અગ્રીમ સ્થાને છે. પરિવારના માધ્યમથી યુવાઓ માટે અનેકવિધ પ્રવૃત્તિઓ પણ કરવામાં આવી રહી છે. જે સમાજના સંગઠન માટે સારી નિશાની છે.

અત્યાર સુધી આપણે સનાતની અને સતપંથી સાથે રહી પરિવારના કાર્યક્રમ યોજાતા રહ્યા છીએ. સતપંથ સમાજ જુદા આચાર-વિચાર ધરાવતી હોવા છતાંય તેઓ પાછલા બારણે આપણા સનાતની સંગઠનમાં ઘૂસીને પોતાની મૂળ વિધર્મીની ઓળખ છુપાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. પરિવાર અને નિયાણીના બહાના હેઠળ તકીયા શસ્ત્ર દ્વારા સૌ સનતાનીઓને છેતરી રહ્યા હતા.

2010માં કેન્દ્રીય સમાજ દ્વારા શ્વેત પત્ર જાહેર કરાયા પછી શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ (કેન્દ્રીય સમાજ) સનાતનીઓ ની જ બનેલી છે. તેવું જાહેર થયા બાદ દરેક ગામ વિસ્તાર અને ઝોનની સમાજોએ પૂર્ણ સનાતનની સ્વરૂપ ધારણ કર્યું. ગામે-ગામ પીરાણાપંથી મિત્રોને સનાતનના મોટા પ્રવાહમાં ભળી જવા ઉમિયા માતાજી સંસ્થા, ઊંઝાના લવાદે પણ આહવાન કરતો ચુકાદો આપ્યો.

## સનાતની પરિવારોનો સહકાર

શ્રી સમાજના આ સનાતનની અભિગમને અનુમોદન આપવા માટે સૌપ્રથમ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર છાભૈયા પરિવાર સનાતની જાહેર થયો. ત્યારબાદ નાકરાણી, રૂડાણી, હળપાણી, રામાણી જેવા અનેક પરિવારો સનાતની જાહેર થયા. બીજા તમામ પરિવારો પણ આ દિશામાં ગંભીરતાથી વિચારણા કરી સનાતની અભિગમને અગ્રિમતા આપવા મક્કમ થયા છે.

આપણા દેશના આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીજી ભારત સહિત પુરા વિશ્વમાં સનાતન સંસ્કૃતિના જતન સાથે ઋષિઓએ આપેલ આધ્યાત્મિક જ્ઞાન દ્વારા યુવા પેઢીને શૌર્યવાન અને તેજસ્વી બનાવવાના હેતુસર વિવિધ ઋષિના જીવન સંદેશ સાથે મંદિરોનો પુનરોધ્ધાર કરી રહ્યા છે. જેથી આજે આપણા ઋષિઓએ માનવ જીવન માટે આપેલ વિવિધ પધ્ધતિઓ, સંશોધનો, પરંપરાઓ અને જ્ઞાનને પામવા આખાય જગતની ભારત પર મીટ મંડાઈ છે.

આ ઋષિ પરંપરાને આપણા સમાજમાં પણ પ્રસ્થાપિત કરવા માટે કેન્દ્રીય સમાજ દ્વારા આયોજિત "સનાતની શતાબ્દી મહોત્સવ" અને "પહેલા પૂર્ણ સનાતની અધિવેશન" સાથે "ઋષિ મંદિર" બનાવવાનું સૈધ્ધાંતિક રીતે નક્કી કરેલ છે. જેમાં આપણા 52 ગોત્રીય ઋષિઓના એક જ સાથે જ્ઞાનસભર સાંસ્કૃતિક મંદિર નિર્માણ કરવામાં આવનાર છે. આ ઋષિ મંદિર દરેક પરિવારની આવનાર યુવા પેઢી માટે "જ્ઞાન પિપાસાની પરબ" સમાન સાબિત થશે.

હાલમાં જ કેન્દ્રીય સમાજ દ્વારા તમામ પરિવારોના મુખ્ય હોદ્દેદારોને નખત્રાણા ખાતે કાર્યાલય ખાતે મીટીંગ યોજીને સૌને પરિવારમાં પણ ચોખાઈ કરી સનાતનની પરિવારનું નિર્માણ કરવા આગ્રહ ભરી વિનંતી કરતા સૌએ સમાજના સનાતનની અભિગમને અવકારી સમાજનું સંગઠન મજબૂત કરવાની ખાતરી આપી છે. આશા રાખીએ કે સૌ સતપંથીઓ ઘરવાપસીના અભિયાનમાં જોડાઇને વર્ષોના સંઘર્ષને પૂર્ણ કરી નવીન સનાતની ક્રાંતિના વાહક બને. સૌ એક બને.. સૌ નેક બને..

73

# સનાતની એક એક મિશાલ સાથેનું બેસ્ટ દક્ષિણ ગુજરાત

લેખક: ગૌરાંગભાઈ ખેતા ધનાણી



શ્વેત પત્રનો અમલ આ સમય સુરતમાં શ્રી સમાજના સ્વર્ણિમ  મહોત્સવ આરંભ પછી પાંચમાં અધિવેશન પહેલા જે રમેશ વાગડિયાની ઘટના બની અને સર્વ તરફ સતપંથીઓ સામે ફિટકાર ગયો. જાગૃતિનો પડકાર કરનાર હિંમતભાઇ ખેતાણી અને રમેશભાઇ વાગડિયાની વાતો સાથે યુવાસંઘના તે સમયના કર્ણધારો પણ મૂળ વાસ્તવિક પરિસ્થિતિને સમજવાનો પ્રયાસ કર્યો. કેમકે એ દસકા સમયમાં પીરાણા સતપંથ અને સનાતન સંગઠન જેવી બાબત સુસુપ્ત થઇ ગઇ હતી. આ બાબતે અભ્યાસ કરતા યુવાસઘની કારોબારી હોસૂર (દક્ષિણ ભારત) સભામાં ઠરાવ કર્યો કે આ યુવાસંઘ સનાતનની વિચારધારાને સુરક્ષિત કરવા માટેના જતન કરવા માટેનું એક મૂળભૂત મેન્ડેડ સાથેનું યુવા સંગઠન શ્રીસમાજ મૂળ હિત રક્ષા કાજે રચના થયેલી છે.

વિચારોનું આદાન-પ્રદાન અને ઇતિહાસનું વાંચન કરતા હેતુ સ્પષ્ટ થયો અને આવનાર અધિવેશનમાં સનાતનનીઓનો સંગઠનનો મૂળભૂત હેતુ સ્પષ્ટ કરવા શ્વેત પત્ર ઘોષિત કરવા યુવા સંકટિબધ્ધ સાથ સાથે આગળ વધ્યો. એના પરિણામ સ્વરૂપ સમગ્ર ભારતમાં દરેક જડ બની વ્યવસ્થામાં પીરને માનનારા લોકો અને તેની સાથે દૂધ દહીં વાળા લોકોના કારણે સમાજમાં ઘર્ષણ અને વૈચારિક વિવાદ થયા.

દક્ષિણ ગુજરાતમાં અનેક પીરાણાને પૂજનારા લોકો પરિવાર સાથે રહેતા હતા પરંતુ સમાજ વ્યવસ્થાના નામે તમામ એક સાથે એક જૂથ થઇને રહેતા હતા. આવા સમાજ વ્યવસ્થાના સનાતનીઓ જાગૃત થયા અને શ્વેતપત્રનો અમલ ઘટક સમાજમાં યુવા મંડળોમાં, મહિલા મંડળમાં અને સામાજિક પ્રસંગોમાં પણ થાય તેવો આગ્રહ રાખતા થયા.

મુખ્ય વાત જ્યાં અને ત્યાં, એ જ બની કે પરિપત્રો અને અગ્રીમ લોકોનું મૌન અને કોઇકનું દહીં દૂધ ભર્યું વલણ કે સમજાવવા કેમ ? સત્ય તરત સ્વીકારે કોણ કહે કોણ ? અથવા તો સક્ષમ પીરાણાવાળાને મુહતોડ જવાબ ના આપો ગોળ ગોળ વાતો કરીને તેઓ સાથે સંબંધો રાખવા આથી આચરણ એક અને વિચાર જુદા જેવા કારણો થી સંપ તૂટ્યો પણ તોય પ્રેમ અડીખમ..

આ સમયે યુવાસઘની કેન્દ્રીય ટીમમાં દક્ષિણ ગુજરાતનું નેતૃત્વ તેમજ દક્ષિણ ગુજરાતના મોવડી ઓનું પણ કેન્દ્રિય સમાજમાં ઉચ્ચ સ્તરે આધિપત્ય સાથેનું નેતૃત્વ અને સામાજિક આર્થિક ઉત્તરદાયિત્વ પણ સરાહનીય.

કેન્દ્રીય સમાજના અભિગમ મુજબ આધુનિક કોટીનું ઉચ્ચ શિક્ષણનું કેન્દ્ર દક્ષિણ ગુજરાતમાં સુરત નજીક સ્તરાવાળા ઉમાં વિદ્યાપીઠ આકાર પામી ચૂકેલ અને સંગઠનનું મજબૂત પાસુ દક્ષિણ ગુજરાતમાં નેતૃત્વમાં હતું જ. પરંતુ મજબૂત સંગઠન અને વિકાસના ગઢ ગણાતા અંકલેશ્વરમાં સતપંથિઓ કેસ કબાલા કર્યા. ભરૂચમાં પણ છમકલાં થયા, બીલીમોરામાં સવિશેષ મતભેદની અસર થઈ. એકતા માટે પ્રખ્યાત બીલીમોરા સમાજ પણ નવરાત્રી અલગ ઉત્સવો અલગ એક બે નહીં ત્રણ ત્રણ ભાગમાં વહેંચાયલા અને શ્વેત પત્રનો અમલ ઈચ્છનાર સનાતનની વ્યક્તિઓનો નિર્ણય કોઈકને ના પણ ગમ્યો. સતત ખેંચતાણ પણ સત્ય તો સમજ્યા અને કેટલાક તો સમાજમાં વૈચારિક ભાગલા પડ્યા તેમાં પડયા પણ નહિ.

અહીં નોંધ લેશો અને લેવા સાથે લખવું પડે રમેશભાઈ લીંબાણી બીલીમોરાના યુવાન સાથે હેમંત માકાણી અને વિનોદ નાકરાણીનો સંવાદ એક મત થઈને કેમ જોડાઈ એ ભાવ તેઓએ યુવાસઘના (દક્ષિણ ગુજરાત) સાથે થયો. અભિગમને આકાર આપવા ચિંતા હતી કેમ જોડાવું કેમ કરવું. રમેશભાઈ લીંબાણીની પોઝિટિવ સોચ અને સાથે બીલીમોરાના અનય તમામ યુવાઓનો સાથેનો એમનો પ્રેમ મહોબત લાગણીઓનો સમન્વય સાધીને તેઓ એ એક મહત્વનો ભાવનો પ્રભાવ દાખવ્યો અને અન્યનો સાથે સમગ્ર દક્ષિણ ગુજરાતનો એકતા અને ભવત્યતાનો વિચારીને પોતે એકલા પરિવાર સાથે પોતાને બદલે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આ સનાતનની એકતા સધાય એવા પ્રયાસો આદર્યા.

પણ પરિણામ સ્વરૂપ પાણી પુનઃ સ્પષ્ટ અને ચોખ્ખું સનાતન એકતા એકરૂપતા અને પવિત્રતા ભાવ સાથે રમતું ગમતું ઝુમતું પુનઃ દક્ષિણ ગુજરાત એક બની ગયું.

ઝોન સમાજ વ્યવસ્થામાં  રમેશભાઈ પારસીયા જેવા સ્પષ્ટ વક્તાના ઓરા કામ્યાબ બન્યા પરિણામ સ્વરૂપ એક મગના બે ફાડીયા પુનઃ એક થયા આજે દક્ષિણ ગુજરાત કેન્દ્રીય સમાજના કોઈપણ અભિગમમાં અવવલ છે. આદર સહ સહુની કોઈપણ અવહેલના વિના સ્વાગત થયું એને ખારું પાણી મીઠું બની ગયું. આ જ તો છે દક્ષિણ ગુજરાતની તાસીર.. શતાબ્દી મહોત્સવની શુભેચ્છા સહ .. આવનાર પર્વ ને મહોત્સવ તરીકે ઉજવીએ...

# ખંડ 3

## ઐતિહાસિક તિથિઓ



સંકલન: CA શ્રી પટેલ ચંદ્રકાંત કાંતિલાલ છાભૈયા

74

# કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના ઇતિહાસની મહત્વની તિથિઓ

# Important Dates in History of KKP Community

| ક્ર. | Date / તિથિ | Historical Events | ઐતિહાસિક પ્રસંગો |
|---|---|---|---|
| 1 | • Before: 1297<br>• VS-Kartak: 1353 | Hindu Rulers ruled Gujarat | ગુજરાતમાં સનાતન હિન્દુઓનું રાજ્ય હતું |
| 2 | • Onwards: 1297<br>• VS-Kartak: 1353 | Start of Muslim rulers in Gujarat | ગુજરાતમાં મુસલમાન રાજાઓની શરૂઆત |
| 3 | • Before: 1400<br>• VS-Kartak: 1456 | History shared with Patidars of Gujarat (Unjha) till this period. Was considered as part and parcel of Patidars of Gujarat. No separate KKP Community had come into existence. | આ સમય કાળ સુધી ગુજરાત (ઊંઝા)ના પાટીદારોના ઇતિહાસ સાથે સંલગ્ન. ગુજરાતના પાટીદારો તરીકેની જ ઓળખ હતી. અલગ ક. ક. પા. જ્ઞાતિ બની નહોતી. |
| 4 | • Around: 1419<br>• VS-Kartak: 1475 | A Sect called "Gupt Panth" (Secret Sect) was started by Pir Sadruddin, the grandfather of Imamshah. Within few years this sect was renamed to "Satpanth".<br><br>**<u>Note:</u> Islamic conversion strategy of Taqiyya is used in formation of Satpanth. In order to attract and convert Hindus, using of Hindu Gods and religious texts, Satpanth outwardly adopted look and feel of Hindu religion and engulfed the main Islamic seed at the centre.** | ઈમામશાહના દાદા પીર સદરૂદ્દીન દ્વારા એક "ગુપ્ત પંથ" (છુપો પંથ) નામનો પંથ શરૂ કરવામાં આવ્યો. જેને પાછળથી થોડા જ સમયમાં "સતપંથ" નામ આપવામાં આવ્યું.<br><br>**નોંધ: સતપંથની સ્થાપના પાછળ, ઇસ્લામની ધર્મ પરિવર્તન પદ્ધતિ, "તાકીયા" નો ઉપયોગ કરવામાં આવ્યો છે. હીન્દુઓને આકર્ષિત કરવા અને તેમનું ધર્મ પરિવર્તન કરવા આમાં હીન્દુ દેવો અને હિન્દુ શસ્ત્રોનો ઉપયોગ કરી બાહ્ય હિન્દુ ધર્મનું આવરણ/ઓળખ તૈયાર કરીને કેન્દ્રમાં મુખ્ય ઇસ્લામી બીજને ગોઠવવામાં આવેલ છે.** |

| ક્ર. | Date / તિથિ | Historical Events | ઐતિહાસિક પ્રસંગો |
|---|---|---|---|
| 5 | • 26-Apr-1452<br>• VS-Kartak: 1509 Chaitra Vad 13<br>• Monday | Birth of Imamshah at Uchh Sharief, near Multan, now in Pakistan on 27 Rabiutsani-First 856. Imamshah's father was Pir Kabiruddin. | હાલ પાકિસ્તાનના, મુલતાન શહેર પાસે આવેલ ઉચ શરીફ નામના નાના-શહેરમાં ઈમામશાહનો જન્મ થયો. ઈમામશાહના પિતાનું નામ પીર કબીરુદ્દીન છે. જન્મની ઇસ્લામી તારીખ ૨૭ રબિઉત્સાની-પહેલો ૮૫૬. છે. |
| 6 | • Around: 1470<br>• VS-Kartak: 1526 | Imamshah settled in Pirana (Girmatha) to propagate / promote Satpanth. He married to Khatija Begam, the daughter of King Sayyed Muhammad Bhukhri of Bhadiyad, near Dholera (Not to be confused with Muhammad Begada). | સતપંથના પ્રચાર-પ્રસાર માટે ઈમામશાહ પીરાણા (ગિરમથા)માં વસ્યા અને ઢોલેરાની બાજુમાં આવેલ ભડિયાદ ગામના બાદશાહ સૈયદ મોહમ્મદ ભૂખરી (મોહમ્મદ બેગડા નહીં, એ અલગ છે.) ની દીકરી ખતીજા બેગમ સાથે લગ્ન કર્યાં. |
| 7 | • Decade of: 1470<br>• VS-Kartak: 1526 | Imamshah built a Tomb/Roza (Dargah) for his burial at Pirana. | ઈમામશાહએ પોતાના માટે પીરાણામાં એક દરગાહ/રોજા (કબર) બનાવી જ્યાં એમની મૃત્યુ પછી તેમને દફનવવામાં આવ્યા છે. |
| 8 | • Around: 1490<br>• VS-Kartak: 1546 | Nur Muhammad Shah, the only alive son of Imamshah, was married to Bujrakh Begam, the daughter of Badshah of Ahmedabad Sultan Muhammad Shah (aka Muhammad Begada)<br><br>In the books of Pirana Satpanth, Nur Muhammad Shah is declared as the avatar of Vishnu alias Nishkalanki Narayan. | ઈમામશાહના એક માત્ર જીવત પુત્ર, નર મોહમ્મદ શાહના લગ્ન અમદાવાદના સુલતાન મોહમ્મદ (ઉર્ફે મોહમ્મદ બેગડા)ની દીકરી બુજરખ બેગમ સાથે થયાં.<br><br>પીરણા સતપંથના શાસ્ત્રોમાં નૂર મોહમ્મદ શાહને વિષ્ણુનો અવતાર ઉર્ફે નિષ્કલંકી નારાયણ બતાવવામાં આવ્યા છે. |
| 9 | • Around: 1491<br>• VS-Kartak: 1547 | During Imam Shah's lifetime Satpanth was declared as Muslim and thus Satpanthis were separated from Hinduism. | ઈમામશાહના જીવન કાળમાં જ સતપંથ ધર્મને મુસલમાન ધર્મ જાહેર કરવામાં આવેલ અને તેના કારણે સતપંથીઓ હિન્દુ ધર્મથી જુદા પડ્યા. |

| ક્ર. | Date / તિથિ | Historical Events | ઐતિહાસિક પ્રસંગો |
|---|---|---|---|
| 10 | • Around: 1500<br>• VS-Kartak: 1556 | Imamshah met Maharao (King) Bharmalji of Kutch;<br><br>1) With offer to bring in highly talented and skilful farmers to Kutch, who were in great need for the kingdom.<br>2) King gave KKP leaders (gedhera) powers like Police Patel and Darbari Patel. Whatever said by Gedheras was final.<br>3) King of Kutch never interfered in affairs of KKP community.<br>4) Any disputes within community would not go to local courts. If need arose disputes would be solved by Maharao personally.<br><br>**Note:** By keeping normal courts out of reach of KKP community, (like in case of Sharia), the community remained at the mercy of Gedheras and hence it was easy to control / quash rebellion against Satpanth. Nobody could dare to go against Satpanth. | ઈમામશાહ કચ્છના મહારાવ ભારમલજીને મળ્યા અને;<br><br>૧) કુશળ અને ગુણવાન ખેડૂતોને કચ્છમાં લાવવાનો પ્રસ્તાવ આપ્યો, જેની કચ્છ રાજ્યને સખત જરૂરત હતી.<br>૨) રાજાએ કણબી ગેઢેરાઓ (જ્ઞાતિના આગેવાનો)ને પોલીસ પટેલ તેમજ દરબારી પટેલ જેવી વિશેષ સત્તાઓ આપી. ગેઢેરાના મોઢેથી જે નીકળ્યું એ સર્વેને પાળવું પડતું.<br>૩) કચ્છના રાજાએ ક. ક. પા. જ્ઞાતિમાં કોઇ દિવસ દાખલ ગિરિ કરી નહીં.<br>૪) કડવા પાટીદાર જ્ઞાતિના આંતરિક મામલાઓ કોઇ દિવસ સ્થાનિક કોર્ટમાં જતા નહીં, પણ જરૂર પડે મહારાવ સ્વયં નિવારણ લાવતા.<br><br>**નોંધ:** કણબી જ્ઞાતિને સામાન્ય કોર્ટોથી જુદા રાખીને (શરીયાની જેમ), જ્ઞાતિ ગેઢેરાઓની અબાધિત સત્તાની ઉપર નિર્ભર રહેવા લાગી. જેના કારણે જ્ઞાતિમાં સતપંથ સામે બળવો / વિદ્રોહ પોકારનાર ઉપર ગેઢેરાઓ માટે નિયંત્રણ રાખવું સહેલું બન્યું. સતપંથની સામે કોઇની બોલવાની હિંમત ન ચાલતી. |
| 11 | • 25-Nov-1513<br>• VS-Kartak: 1570 Kartak Vad 3<br>• Tuesday | Imamshah died on Hijri 919, 25th Ramzan (Islamic Calendar). The Gregorian date (international calendar) recorded by various sources as either 1513 or 1520. But most instances are of 1513 and matches with Hijri date. | ઈમામશાહનું મૃત્યુ ઇસ્લામી પંચાંગ પ્રમાણે હિજરી ૯૧૯ રમજાન ૨૫ના થયું. દસ્તાવેજોમાં આંતરરાષ્ટ્રીય વર્ષ ૧૫૧૩ અથવા ૧૫૨૦ એમ ઉલ્લેખ મળે છે. પણ વધારે પડતાં વર્ષ ૧૫૧૩નો ઉલ્લેખ મળે છે અને હિજરી તારીખ પ્રમાણે સુસંગત છે. |
| 12 | • 1523<br>• VS-Kartak: 1580 | After migrating to Kutch from around Viramgam Shri Parbat Velani founded Sikra village, near Bhachau. | વિરમગામ વિસ્તારમાંથી કચ્છમાં આવીને પરબત વેલાણીએ શિકરા ગામ વસાવ્યું |

| ક્ર. | Date / તિથિ | Historical Events | ઐતિહાસિક પ્રસંગો |
|---|---|---|---|
| 13 | • Around: 08-Nov-1535<br>• VS-Kartak: 1592 Kartak Sudh 2<br>• Friday | Peak of migration of Satpanthi Kadva Patidars from Gujarat to Kutch, which started during Imamshah's time, reached its peak.<br><br>**Effect:**<br>**1) Got separated from Hinduism**<br>**2) Got separated from Umiya Mataji, Unjha, the centre of its community.**<br>**3) Unknowingly, started to tread the path of clandestine and slow religious conversion from Hindu to Islam / Muslim.** | ઈમામશાહના કાળમાં શરૂ થયેલ, ગુજરાતથી કચ્છ તરફ કડવા પાટીદારોનું થયેલ સ્થળાંતર, ચરમ સીમાએ પહોંચ્યું.<br><br>**અસર:**<br>**૧) હિન્દુ ધર્મ થી જુદા પડ્યા**<br>**૨) પોતાની જ્ઞાતિ એટલે કેન્દ્રમાં રહેલ ઉમિયા માતાજી ઊંઝા થી જુદા પડ્યા.**<br>**૩) અજાણતામાં, છુપા અને સૌમ્ય રીતે ધર્મ પરિવર્તન કરી હિન્દુમાં થી મુસલમાન બનાવવાના રસ્તા પર ચાલી પડ્યા.** |
| 14 | • Around: 1626<br>• VS-Kartak: 1682 | First settlements were in Sikra village, near Bhachau, Kutch. Soon Sikra village became the headquarters. Later on as the time progressed, with the help of Maharao of Kutch, the KKP community started settling in small villages deep inside Kutch.<br>- The identity of "Kutch Kadva Patidar" (KKP) community got established. | ભચાઉની બાજુમાં આવેલ સિકરા ગામમાં મુખ્ય મથક બનાવ્યા બાદ, કચ્છના મહારાવની મદદથી કચ્છના આંતરિક પ્રદેશોના નાના-નાના ગામડાઓમાં વસાવવા લાગા.<br>- કચ્છ કડવા પાટીદાર (ક. ક. પા.) જ્ઞાતિ તરીકે ઓળખ ઊભી થઈ. |
| 15 | • Around: 1628<br>• VS-Kartak: 1684 | In order to ensure that KKP community does not get converted to Islam, Vishram Bapa Nakrani of Sikra asked KKP community to take two vows;<br><br>**That community will;**<br>**1) Never STOP celebrating Krishna Janmashtami festival, and**<br>**2) Never consume Non-Veg food.** | ક.ક.પા. જ્ઞાતિ ભવિષ્યમાં મુસલમાન ન બની જાય એના માટે ગામ સિકરામાં વિશ્રામ બાપા નાકરાણીએ પોતાના અંતિમ સમયે જ્ઞાતિ પાસેથી ૨ (બે) વચનો લીધા હતાં. કે..<br><br>**જ્ઞાતિ કોઈ દિવસ;**<br>**૧) ગોકુળ અષ્ટમી મનાવવાનું બંધ નહીં કરે, અને**<br>**૨) માંસાહાર નહીં કરે** |

| ક્ર. | Date / તિથિ | Historical Events | ઐતિહાસિક પ્રસંગો |
|---|---|---|---|
| 16 | ● 1758<br>● VS-Kartak: 1814 | Hindu Marathas came to power in Gujarat after winning Ahmedabad. End of Muslim Rule. | હિન્દુ મરાઠા સામ્રાજ્યની સત્તા ગુજરાત પર. મુસલમાન રાજનો અંત. |
| 17 | ● 02-Apr-1768<br>● VS-Kartak: 1824 Chaitra Sudh 15<br>● Saturday | Birth of Kesara Parmeshwara | કેશરા પરમેશ્વરાનો જન્મ |
| 18 | ● 19-Jan-1776<br>● VS-Kartak: 1832 Posh Vad 13<br>● Friday | Under the guidance and supervision of Pragji Kaka, the then head Kaka of Pirana and Sayyed Vali Miya, decision was taken by KKP community to;<br><br>1) Ban all auspicious rituals including marriage (Vedic) rituals and inauspicious rituals like death (Agni sanskar) rituals that were then performed as per Hindu customs.<br><br>2) Ban Genealogists (Vahivancha and Barots) and<br><br>3) Introduced Islamic rituals of marriage (Nikah) and burial (Dafan).<br>4) Further asked all KKP members to stop following Brahmins.<br><br>**<u>Note:</u> By this decision they attempted to cut the Hindu roots of the KKP community** | પીરાણાના મુખ્ય કાકા પ્રાગજી કાકા અને સૈયદ વલિમિયાની આગેવાની હેઠળ નખત્રાણામાં ત્રણે પાંચાડાની જ્ઞાતિ ભેગી થઇ અને નિર્ણય લેવામાં આવ્યો કે હવે પછી;<br><br>૧) લગ્ન અને મરણના કર્મો હિન્દુ વિધી પ્રમાણે બ્રાહ્મણોના હાથે કરાવવા નહીં.<br><br>૨) તેમજ બારોટ અને વહીવંચા પાસે પોતાના કુટુંબની વંશાવલી લખાવવી નહીં.<br><br>૩) નિકાહ પદ્ધતિથી લગ્ન અને દફન વિધિ શરૂ કરવામાં આવી.<br><br>૪) તેવી જ રીતે બધાજ બ્રાહ્મણોનો બહિષ્કાર કરવો, એવા ઠરાવો કરવામાં આવ્યા.<br><br>**<u>નોંધ:</u> આ નિર્ણયથી ક. ક. પા. જ્ઞાતિના હિન્દુ મૂળિયાં કાપી નાખવાના પ્રયત્નો કરવામાં આવ્યા.** |

| ક્ર. | Date / તિથિ | Historical Events | ઐતિહાસિક પ્રસંગો |
|---|---|---|---|
| 19 | • 26-Mar-1805<br>• VS-Kartak: 1861 Fagan Vad 11<br>• Tuesday | Keshara Mukhi and Natha Mukhi came in contact with two Swaminarayan Sants, Sant Muktanandji and Sant Swarupanandji, who were on visit of their carpenter neighbour's house in Netra Village. Both renunciated Satpanth religion and acccepted Sanatan religion. This is the first instance in recorded history where someone from KKP renunciated Satpanth religion. | નેત્રા ગામના એક સુથારના ઘરે સ્વામીનારાયણ સંપ્રદાયના બે સંતો મુક્તાનંદજી અને સ્વરૂપાનંદજીનો સંપર્ક કેશરા મુખી અને તેમના નાના ભાઈ નાથા મુખી સાથે થયો. બન્ને ભાઈઓએ સતપંથ ધર્મ ત્યાગી સનાતન ધર્મ અંગીકાર કર્યો. ક. ક. પા. જ્ઞાતિના લેખિત ઇતિહાસમાં સતપંથ ધર્મ છોડવાનો આ પહેલો દાખલો છે. |
| 20 | • 28-Feb-1809<br>• VS-Kartak: 1865 Fagan Sudh 13<br>• Tuesday | Keshara Mukhi and Natha Mukhi got Kanthi tied at the hands of Bhagwan Swaminarayan. Thus, marking the start of Sanatan Hindu religion in the community. | કેશરા મુખીએ તેમના ભાઈ સાથે ભગવાન શ્રી સ્વામિનારાયણના હસ્તે કંઠી પહેરીને જ્ઞાતિમાં સૌ પ્રથમ સનાતન ધર્મની પુનઃ શરૂઆત કરી |
| 21 | • Around: 1816<br>• VS-Kartak: 1872 | Due to the decision taken on 19-Jan-1776 under the guidance of Pragji Kaka and Sayyed Vali Miya, identity of KKP community as Hindus started to get diminish and instead new identity of Mumna got established. | દિનાંક ૧૯-જાન્યુઆરી-૧૭૭૬ના પ્રાગજી કાકા અને સૈયદ વલિમિયા દ્વારા લેવડાવવામાં આવેલ નિર્ણયના કારણે કચ્છ કડવા પાટીદારની હિન્દુ ઓળખ ધીરે-ધીરે સમાપ્ત થઇ ગઇ અને મુમના તરીકે ઓળખાણ ઊભી થઈ. |
| 22 | • 19-Apr-1816<br>• VS-Kartak: 1872 Chaitra Vad 7<br>• Friday | Keshara Parmeshwara/Mukhi was ex-communicated in a meeting of entire community gathered at village Vithon. | કેશરા મુખીને જ્ઞાતિ બહાર કરવામાં આવ્યા. આ કામ માટે વિથોણ ગામમાં સમસ્ત જ્ઞાતિ ભેગી થઈ હતી. |
| 23 | • 13-May-1853<br>• VS-Kartak: 1909 Vaishakh Sudh 5<br>• Friday | Swaminarayan Mandir, the KKP Community's first Hindu Dharmic mandir was built at village Netra. The mandir was built by and the Pran-Pratistha ritual of murti was conducted by Keshara Parmeshwara. | સ્વામીનારાયણ મંદિર જે ગામ નેત્રામાં આવેલ ક. ક. પા. જ્ઞાતિનું પહેલું હિન્દુ મંદિર બન્યું. ગામ નેત્રામાં શ્રી કેશરા પરમેશ્વરાએ બંધાવ્યું અને મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા પણ કરી. |
| 24 | • 26-Apr-1857<br>• VS-Kartak: 1913 Vaishakh Sudh 2<br>• Sunday | Birth of Sant Lalramji Maharaj | સંત લાલરામ મહારાજનો જન્મ |

| ક્ર. | Date / તિથિ | Historical Events | ઐતિહાસિક પ્રસંગો |
|---|---|---|---|
| 25 | • 25-Oct-1878<br>• VS-Kartak: 1934 Aso Vad 14<br>• Friday | Death of Kesara Parmeshwara at the age of 110 years on the day of Kali Chaudas. | ૧૧૦ વર્ષની ઉમરે કાળી ચૌદસના દિવસે કેશરા પરમેશ્વરાનું સ્વર્ગવાસ થયું. |
| 26 | • 22-May-1883<br>• VS-Kartak: 1939 Vaishakh Sudh 15<br>• Tuesday | Birth of Narayan Ramji Limbani at Virani Moti | ગામ વિરાણી મોટીમાં નારાયણ રામજી લીંબાણીનો જન્મ |
| 27 | • 1887<br>• VS-Kartak: 1944 | Birth of Ratanshi Khimji Khetani at Virani Moti (Year 1887-88) | વર્ષ ૧૮૮૭-૮૮ માં રતનશી ખીમજી ખેતાણીનો જન્મ |
| 28 | • 09-Apr-1889<br>• VS-Kartak: 1945 Chaitra Sudh 9<br>• Tuesday | Birth of Sant Odhavram on this Ram Navami day at Jakhau Village, Tal. Abdasa | સંત ઓધવરામ મહારાજનો જન્મ - ગામ જખૌ, તા. અબડાસા |
| 29 | • Around: 1902<br>• VS-Kartak: 1958 | Narayan Ramji came to Mumbai at the age of 19 years. | ૧૯ વર્ષની ઉમરે નારાયણ રામજી મુંબઇ આવ્યા. |
| 30 | • 25-May-1906<br>• VS-Kartak: 1962 Jeth Sudh 2<br>• Friday | It was declared that people from Kurmi community are Kshatriyas. This declaration was made at a large sammelan of Kurmis held at village Bharheta, Near Antchunara, Dist. Mirzapur, UP. | "કુર્મીઓ ક્ષત્રિય છે" - ઉત્તર પ્રદેશના મીરજાપુર જિલ્લાના અંતર્ગત અંતચૂનારની પાસે ભરહેટા ગામમાં કુર્મી જ્ઞાતિનું એક વિશાળ સંમેલનમાં આ નિર્ણય લેવામાં આવ્યો. |
| 31 | • 04-Jun-1908<br>• VS-Kartak: 1964 Jeth Sudh 5<br>• Thursday | Narayan Ramji and other 6 persons - Performed Dehshuddhi and Janoi Ritual. | નારાયણ રામજી અને અન્ય ૬ વ્યક્તિઓએ દેહ શુદ્ધિ કરાવીને જનોઇ ધારણ કરી. |
| 32 | • After: 04-Jun-1908<br>• VS-Kartak: 1964 Jeth Sudh 5 | Immediately after Dehshuddhi, "Swadharm Vardhak Ane Gyanti Hitchintak Mandal" was formed in Ghatkopar, Mumbai. This mandal was exclusively of people who had performed Dehshuddhi ritual. | દેહ શુદ્ધિ પછી તરતજ "સ્વધર્મ વર્ધક અને જ્ઞાતિ હિતચિંતક મંડળ"ની રચના ઘાટકોપરમાં કરવામાં આવી. આ મંડળને "જ્ઞાતિ હિતચિંતક સ્વધર્મ વર્ધક મંડળ" પણ કહેવામાં આવે છે. આ મંડળ માત્ર દેહશુદ્ધિ કરાવેલ ભાઇઓનું હતું. |
| 33 | • 1914<br>• VS-Kartak: 1971 | Sant Lalramji was anointed as head sadhu. Chadar ritual was performed and Sant Lalramji was anointed to the gadi (seat). VS 1971 (between 20-Oct-1914 and 02-Feb-1915). | ગુજરાતી વિક્રમ સંવત ૧૯૭૧માં (એટલે તા. ૨૦-ઓકટોબર-૧૯૧૪ અને ૦૨-ફેબ્રુઆરી-૧૯૧૫ વચ્ચે) ચાદર વિધિ કરીને સંત લાલરામ મહારાજને ગાદી પર બેસાડવામાં આવ્યા. |

| ક્ર. | Date / તિથિ | Historical Events | ઐતિહાસિક પ્રસંગો |
|---|---|---|---|
| 34 | • 1914<br>• VS-Kartak: 1971 | Sadhupad and Shishyapad Diksha of Sant Odhavram at the hands of Guru Lalramji Maharaj, (between 20-Oct-1914 and 02-Feb-1915). | ગુરુ લાલરામ મહારાજના હસ્તે સંત ઓધવરામ મહારાજને સાધુપદ અને શિષ્યપદની દીક્ષા આપવામાં આવી. સંવત ૧૯૭૧માં (એટલે તા. ૨૦-ઓકટોબર-૧૯૧૪ અને ૦૨-ફેબ્રુઆરી-૧૯૧૫ વચ્ચે). |
| 35 | • 02-Feb-1915<br>• VS-Kartak: 1971 Maha Vad 2<br>• Tuesday | Death of Sant Lalramji Maharaj. | સંત લાલરામ મહારાજનો સ્વર્ગવાસ. |
| 36 | • Before: 01-Aug-1918<br>• VS-Kartak: 1974 Ashadh Vad 9 | Shri Kachchh Kadva Patidar Yuvak Mandal, Ghatkopar established, where anyone (including Satpanthi) could be a member even if dehshuddhi ritual is not performed. First secretary was Shri Ratanshi Khimji Khetani as per the guidance from Narayan Ramji Limbani.<br><br>Year is estimated based upon the activity of their General Meetings. Similar Yuvak Mandals were formed in Karachi, Virani Moti and Nakhtrana also. | શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ, ઘાટકોપરની રચના કરવામાં આવી. મંડળની સ્થાપના સેક્રેટરી રતનશી ખીમજી ખેતાણીની આગેવાનીમાં અને નારાયણ રામજીના માર્ગદર્શનમાં કરવામાં આવી. આ મંડળમાં કોઈ પણ વ્યક્તિ (સતપંથી સહિત) સભ્ય બની શકતો હતો, ભલે એણે દેહશુદ્ધિ કરવાની ન પણ કરવી હોય તો પણ.<br><br>મંડળની જાહેર સભાઓના આધારે વર્ષનું અનુમાન લગાડવામાં આવેલ છે. આવા મંડળો કરાચી, વિરાણી મોટી અને નખત્રાણામાં પણ રચવામાં આવેલ હતાં. |
| 37 | • 01-Aug-1918<br>• VS-Kartak: 1974 Ashadh Vad 9<br>• Thursday | General meeting of Satpanthis of KKP community at Dana Bunder, Masjid, Mumbai.<br><br>This is the first meeting to bring together the KKP community. | દાણા બજાર, મસ્જિદ, મુંબઈમાં ક. ક. પા. જ્ઞાતિના સતપંથીઓની એક જાહેર સભા મળી.<br><br>ક. ક. પા. જ્ઞાતિમાં સુધારાની આ પહેલી સભા હતી. |
| 38 | • Around: 1919<br>• VS-Kartak: 1975 | Virani Moti became the first village to stop giving dasond and other religious taxes to Pirana. | ગામ વિરાણી મોટી, પહેલું ગામ બન્યું કે જેણે દસોંદ, લાગાઓ અને અન્ય ધાર્મિક કરો પીરાણાવાળાને આપવાનું બંદ કરી દીધું. |

| ક્ર. | Date / તિથિ | Historical Events | ઐતિહાસિક પ્રસંગો |
|---|---|---|---|
| 39 | • 11-Jan-1919<br>• VS-Kartak: 1975 Posh Sudh 10<br>• Saturday | A General Sabha of "Kachchh Deshna Pirana Panthi Kanbi" was organised by Mumbai Yuvak Mandal, Ghatkopar at Seth Harji Govindji's Wadi. | "કચ્છ દેશના પીરાણા પંથી કડવા કણબીની જાહેર સભા" મુંબઇ યુવક મંડળ, ઘાટકોપર દ્વારા શેઠ હરજી ગોવિંદજીની વાડીમાં ભરવામાં આવી. |
| 40 | • 1920<br>• VS-Kartak: 1976 | 1) Renaming of Satpanth Jamatkhana / Khana to Jyoti Dham started from Virani Moti.<br><br>2) A movement to stop the Sayyeds of Pirana Satpanth from coming to Kutch, was started from Virani Moti village. | ૧) સતપંથ જમાતખાના (ખાના) નું નામ બદલીને જ્યોતિ ધામ રાખવાની શરૂઆત વિરાણી મોટી ગામથી થઇ.<br><br>૨) પીરણા સતપંથના સૈયદોને કચ્છમાં આવવાથી રોકવાની ચળવળ વિરાણી મોટીથી શરૂ થઇ. |
| 41 | • 28-Mar-1920<br>• VS-Kartak: 1976 Chaitra Sudh 9<br>• Sunday | Virani Moti Gaam Samast Jaher Sabha on issue of Pirana Satpanth. | વિરાણી મોટી - ગામ સમસ્તની જાહેર સભા - પીરાણા સતપંથ મુદ્દા ઉપર ચર્ચા. |
| 42 | • Before: 28-Mar-1920<br>• VS-Kartak: 1976 Chaitra Sudh 9<br>• Sunday | Virani Moti Yuvak Mandal formation - by the efforts of Ratanshi Khimji Khetani. | વિરાણી મોટી યુવક મંડળની સ્થાપના - રતનશી ખીમજી ખેતાણીના પ્રયાસોથી. |
| 43 | • After: 28-Mar-1920<br>• VS-Kartak: 1976 Chaitra Sudh 9<br>• Sunday | Karachi Yuvak Mandal formation. | કરાચી યુવક મંડળની સ્થાપના. |
| 44 | • 08-Aug-1920 to 11-Aug-1920<br>• VS-Kartak: 1976 Shravan-Adhik Vad 9 to 12<br>• Sunday to Wednesday | KKP Gnati's (community's) 1st adhiveshan (conference) which lasted for 4 days held in Karachi. | કરાચીમાં કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિનું પહેલું અધિવેશન, જે ચાર દિવસ ચાલ્યું. |
| 45 | • In: 1920 - 21<br>• VS-Kartak: 1977 | Sant Odhavramji was anointed as head sadhu. Sant Odhavramji's "Chadar Vidhi" was performed and "Guru Gaadi" was handed over to him. | સંત ઓધવરામ મહારાજની ચાદર વિધિ કરીને તેમને ગુરુ ગાદી સોંપવામાં આવી. |

| ક્ર. | Date / તિથિ | Historical Events | ઐતિહાસિક પ્રસંગો |
|---|---|---|---|
| 46 | • 1921 Feb/Mar<br>• VS-Kartak: 1977 Maha | 12 Yearly marriage season in Kutch**Note:** Marriages in those days used to happen every 12 yearly in summer season only.For the first time in this marriage season, some marriages where conducted according to Hindu rituals. This marks the beginning of new era where Hindu marriages rituals started (instead of Satpanthi/Islamic rituals). | ૧૨ વર્ષીય લગ્ન વિધિઓ કરવાનો સમય/વર્ષ ગાળો**નોંધ:** તે જમાનામાં સંપૂર્ણ ક. ક. પા. જ્ઞાતિમાં લગ્નો ૧૨ વર્ષમાં એક વખત (ઉનાળામાં) જ લેવાતાં.આ વખતે પહેલી વાર અમુક લગ્નો હિન્દુ રીત રિવાજ પ્રમાણે કરવામાં આવ્યા. સતપંથ / ઇસ્લામિક રીત રિવાજ પ્રમાણે નહીં. અહીં થી હિન્દુ રીત રિવાજ પ્રમાણે લગ્નો કરવાની પ્રથા શરૂ થઇ. |
| 47 | • 1921 Feb/Mar<br>• VS-Kartak: 1977 Maha | For the first time, in the KKP community, marriages as per Hindu Vedic Sacrament were started, in departure from the Islamic Nikah system. | સતપંથના મુખી ન હાથે ઈસ્લામિક પદ્ધતિ છોડી ને, જ્ઞાતિમાં પહેલી વખત શુદ્ધ વૈદિક પદ્ધતિથી લગ્નો શરૂ કરવામાં આવ્યા. |
| 48 | • 1921<br>• VS-Kartak: 1977 | 2nd KKP Gnati Adhiveshan was proposed. But could not be held, mainly because of clash with 12 yearly marriage season in that year. | ક. ક. પા. જ્ઞાતિની બીજું અધિવેશનની યોજના કરવામાં આવેલ હતી. પણ ૧૨ વર્ષીય લગ્ન કાર્યક્રમો હોવાના કારણે અધિવેશન યોજાય ન શક્યું. |
| 49 | • 25-Feb-1922<br>• VS-Kartak: 1978 Maha Vad 14<br>• Saturday | Formation of "KKP Gnati Sudharak Yuvak Mandal"<br>- as rebellion and separate from Narayan Ramji Limbani.<br>- under leadership of Rajaram Shamji and Mavji Shamji. | નારાયણ રામજી સામે બળવાના રૂપે "ક. ક. પા. જ્ઞાતિ સુધારક યુવક મંડળ"ની રચના શ્રી રાજારામ શામજી અને માવજી શામજી દ્વારા કરવામાં આવી. |
| 50 | • 07-Oct-1922 to 10-Oct-1922<br>• VS-Kartak: 1978 Aso Vad 1 to 4<br>• Saturday to Wednesday | 2nd KKP Gnati adhiveshan in Karachi. | કરાચીમાં કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિનું બીજું અધિવેશન. |

| ક્ર. | Date / તિથિ | Historical Events | ઐતિહાસિક પ્રસંગો |
|---|---|---|---|
| 51 | • Around: Jan-1923<br>• VS-Kartak: 1979 | Entry of Sant Odhavram into KKP community. Sant Odhavramji met Ratanshi Khimji for the first time. Since Sanatanis were in minority, Sant Odhavram-ji's gave strategy of winning hearts of fellow Satpanthi community members and then bringing them to Hindu fold. | સંત ઓધવરામજી મહારાજનું ક. ક. પા. જ્ઞાતિમાં આગમન. પહેલી વાર સંત ઓધવરામ બાપાનો ભેટો રતનશી ખીમજી સાથે થયો. સનાતનીઓ અલ્પ-સંખ્યામાં હોવાના કારણે, ઓધવરામ મહારાજે સતપંથીઓના દિલ જીતીને તેમનું હિન્દુ ધર્મમાં પરિવર્તિત કરવાની કારગર રણનીતિ આપી. |
| 52 | • 19-Jun-1923<br>• VS-Kartak: 1979 Jeth Sudh 5<br>• Tuesday | Formation of 1st Sanatani Samaj in KKP community. | ક. ક. પા. જ્ઞાતિની પહલી સનાતની સમાજની સ્થાપના. |
| 53 | • 16-Jul-1923<br>• VS-Kartak: 1979 Ashadh Sudh 3<br>• Monday | Ratanshi Khimji Khetani alongwith brothers and their families performed Deh Shuddhi ritual at Ghatkopar. | રતનશી ખીમજી ખેતાણી અને એમના ભાઈઓના પરિવારો સમેત દેહ શુદ્ધિ કરવી. |
| 54 | • 18-Apr-1924 to 21-Apr-1924<br>• VS-Kartak: 1980 Chaitra Sudh 14 to Vad 2<br>• Friday to Monday | 3rd KKP Gnati adhiveshan in Mumbai during which difference of opinion about the strategies of re-conversion to Hinduism between Narayan Ramji Limbani and Rajaram Shamji Dholu (Mankuva) came out in public. | મુંબઈમાં કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિનું ત્રીજું અધિવેશન અને નારાયણ રામજી અને રાજારામ શામજી ધોળું (માનકૂવા) વચ્ચે પાછા સનાતની બનાવવાની રણનીતિઓ વિષે મતભેદ જાહેરમાં આવ્યો. |

| ક્ર. | Date / તિથિ | Historical Events | ઐતિહાસિક પ્રસંગો |
|---|---|---|---|
| 55 | • Around: 1925<br>• VS-Kartak: 1981 | Joint efforts of Narayan Ramji and Ratanshi Khimji relating the community reforms, primarily related to Satpanth, were not yielding desired results. Hence, around this time, under the guidance of Sant Odhavram Maharaj under the leadership of Shri Ratanshi Khimji Khetani the path of introducing the present *Ishtdev* (primary deity) Laxminarayan Parampara in the KKP community was adopted. As a result, this step brought in the desired results going forward.<br><br>For additional details see entry date 19-May-1937 below. | નારાયણ રામજી અને રતનશી ખીમજી બંને મળીને જે સતપંથને લઈને જ્ઞાતિ સુધારનું કામ કરતા હતા, એમાં ઇચ્છિત પરિણામ ન મળતાં, આ સમય ગાળામાં, સંત ઓધવરામ મહારાજની સલાહ પ્રમાણે, શ્રી રતનશી ખીમજી ખેતાણીની આગેવાનીમાં જ્ઞાતિમાં હાલ પ્રચલિત ઇષ્ટદેવ લક્ષ્મીનારાયણ પરંપરાને દાખવાલ કરવાનો રસ્તો અપણવામાં આવ્યો. પરિણામે આગળ જતાં એમાં ઇચ્છિત પરિણામો મળ્યા.<br><br>વધારે માહિતી માટે નીચે વાંચો દિનાંક ૧૯-મે-૧૯૩૭માં જણાવેલ વિગતો. |
| 56 | • 1926<br>• VS-Kartak: 1982 | Pirana Satpanth ni Pol Ane Satyano Prakash book authored by Narayanji Ramji was published. (Before 14-Mar-1926) | નારાયણજી રામજી દ્વારા લેખિત પીરાણા સતપંથની પોલ અને સત્યનો પ્રકાશ પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું. (૧૪-માર્ચ-૧૯૨૬ થી પહેલાં) |
| 57 | • 14-Mar-1926 to 23-Mar-1926<br><br>• VS-Kartak: 1982 Fagan Vad Amavasya to Chaitra-Adhik Sudh 10<br><br>• Sunday to Tuesday | Karachi Yuvak Mandal reformation meeting. | કરાચી યુવક મંડળના પુનર્ગઠન માટેની સભા ભરવામાં આવી. |

| ક્ર. | Date / તિથિ | Historical Events | ઐતિહાસિક પ્રસંગો |
|---|---|---|---|
| 58 | • 26-Aug-1928<br>• VS-Kartak: 1984 Shravan (2nd i.e., Non-Leap) Sudh 11<br>• Sunday | 1) Bordi Timba (Keshavpura) Kampa, Gujarat Laxminarayan Temple opening under the leadership of Ratanshi Khimji Khetani. First Laxminarayan Temple in overall KKP Community.<br>2) The "Pan Murti" or Photo of Bhagwan Laxminarayan was meant for temple to be opened at Virani Moti village on 07-Sep-1928. However, after the temple was constructed, due to disputes, the work stopped, and the Photos of God were used for Laxminarayan Temple at Bordi Timba.<br>3) This started the movement of building Laxminarayan Temples in KKP community.<br>4) This ushered religious revolution in KKP Community.<br><br>Slowly, in about next 6 to 7 decades, Laxminarayan temples were built across almost all KKP villages in Kutch and other places across India where the community resides. | ૧) બોરડી ટીંબા (કેશવપુરા) કંપામાં સમસ્ત ક. ક. પા. જ્ઞાતિના પહેલા લક્ષ્મીનારાયણ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા રતનશી ખીમજી ખેતાણીની આગેવાનીમાં કરવામાં આવી.<br>૨) મૂળમાં ભગવાન લક્ષ્મીનારાયણની "પાન મૂર્તિ" અથવા "છબી" તા. ૦૭-સપ્ટેમ્બર-૧૯૨૮ના વિરાણી મોટીના મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા માટે તૈયાર કરેલ હતી. પણ મંદિર બંધાઈને તૈયાર થયા પછી, વિવાદ થવાના કારણે કામ અટકી ગયું અને એ પાન મૂર્તિઓ બોરડી ટીંબાના લક્ષ્મીનારાયણ મંદિરમાં મૂકવામાં આવી.<br>૩) આ ઘટના પછી, કચ્છ તેમજ કચ્છ બહાર વસતા ક. ક. પા. જ્ઞાતિ જનો દ્વારા લક્ષ્મીનારાયણ મંદિર બાંધવાનો પ્રવાહ શરૂ થયો.<br>૪) આના થી જ્ઞાતિમાં ધાર્મિક સુધારાની પહેલ થઈ.<br><br>ત્યાર બાદના આગામી ૬ થી ૭ દાયકાઓમાં લગભગ ક. ક. પા. જ્ઞાતિના કચ્છના તમામ ગામો તેમજ ભારતભરમાં વસવાટ કરતા શહેરોમાં લક્ષ્મીનારાયણ મંદિરો ઊભા થયાં. |
| 59 | • 15-Aug-1930<br>• VS-Kartak: 1986 Shravan Vad 6<br>• Friday | Virani Moti village Laxminarayan temple opening under the leadership of Ratanshi Khimji Khetani. First Laxminarayan Temple in Kutch belonging to KKP Community. | કચ્છ ખાતે ક. ક. પા. જ્ઞાતિનું પહેલું લક્ષ્મીનારાયણ મંદિરની પ્રતિષ્ઠા ગામ વિરાણી મોટીમાં રતનશી ખીમજી ખેતાણીની આગેવાનીમાં કરવામાં આવી |

| ક્ર. | Date / તિથિ | Historical Events | ઐતિહાસિક પ્રસંગો |
|---|---|---|---|
| 60 | • 15-Aug-1930<br>• VS-Kartak: 1986 Shravan Vad 6<br>• Friday | Ratanshi Khimji Khetani and others first started Eating together (Khava Pivano Vyvahar) with the general KKP community members (who became Sanatani but had not performed Deh-Shuddhi ritual) - on the day Laxminarayan Temple of Virani moti was inaugurated. | રતનશી ખીમજી ખેતાણી અને અન્ય લોકોએ ક. ક. પા. જ્ઞાતિ સાથે (એટલે કે જે લોકો સનાતની થઇ ગયા હોય પણ દેહ શુધ્ધિ ન કરવી હોય - તેવા લોકો સાથે) ખાવા પીવાનો વ્યવહાર શરૂ કર્યો. પ્રસંગ - વિરાણી મોટી લક્ષ્મીનારાયણ મંદિરની પ્રતિષ્ઠાના દિવસે. |
| 61 | • 24-Aug-1931<br>• VS-Kartak: 1987 Sharavan Sudh 12<br>• Monday | Satyanarayan Temple inaugurated at Virani (Koravali) (Tithi/Date is recorded in Kutchi Samvat Year, which starts in Ashad Month, as 1988 Shravan Sudh 12). | વિરાણી કોરાવાળી ગામમાં સત્યનારાયણ મંદિરની પ્રતિષ્ઠા (અષાઢ મહિનાથી શરૂ થતા કચ્છી સંવત પ્રમાણે તિથિ નોંધાયલી છે, જે છે ૧૯૮૮ શ્રાવણ સુદ ૧૨). |
| 62 | • 15-Feb-1937 Vasant Panchami<br>• VS-Kartak: 1993 Magh Sudh 5<br>• Monday | Formation of Ishwar Nagar, Vandhay. | ઈશ્વરનગર વાંઢાયની સ્થાપના. |
| 63 | • 19-May-1937<br>• VS-Kartak: 1993 Vaishakh Sudh 11<br>• Wednesday | During a meeting of whole KKP community (i.e., spread in '3 Panchadas') Shri Ratanshi Khimji Khetani clarified the reasons and situation behind his team adopting a completely different approach for **"Gnati Sudhar"** (community reform, welfare and upliftment).<br><br>Under the guidance of Sant Odhavram Maharaj, Ratanshibhai chose the path of establishing Bhagwan Laxminarayan as Ishtdev (Primary Deity) of KKP community.<br><br>Today, history has invariably proved that this path turned out to be a great success. Also see entry date 'Around 1925' above. | સંપૂર્ણ જ્ઞાતિ એટલે ત્રણે પાંચાડાની જ્ઞાતિની સભામાં શ્રી રતનશી ખીમજી ખેતાણીએ ખુલાસો કર્યો કે જ્ઞાતિ સુધારના કાર્યોમાં તેમની ટીમ દ્વારા કેવા સંજોગોમાં અને પરિસ્થિતિમાં **"જ્ઞાતિ સુધાર"**નો કઈ રીતે અને કેવો નવો રસ્તો અપનાવ્યો.<br><br>રતનશીભાઇબાપાએ સંત ઓધવરામ મહારાજના માર્ગદર્શન હેઠળ ભગવાન લક્ષ્મીનારાયણને ઇષ્ટદેવ તરીકે જ્ઞાતિમાં પ્રસ્થાપિત કરવાનો રસ્તો અપનાવ્યો.<br><br>ઇતિહાસએ સાબિત કરી બતાવ્યું છે કે એ રસ્તો ખુબજ કારગર અને સફળ નિવડ્યો. વધુ માહિતી માટે ઉપર જણાવેલ દિનાંક "Around 1925" જૂવો. |

| ક્ર. | Date / તિથિ | Historical Events | ઐતિહાસિક પ્રસંગો |
|---|---|---|---|
| 64 | • 20-May-1937<br>• VS-Kartak: 1993 Vaishakh Sudh 11<br>• Thursday | Nakhtrana Navavas's Laxminarayan Mandir inauguration. | નખત્રાણા નવાવાસમાં લક્ષ્મીનારાયણ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા. |
| 65 | • Around: 1938<br>• VS-Kartak: 1994 | After leaving Satpanth, the members of KKP community, who by then had adopted Sanatan Hindu religion, **formed their first Mother/Central Samaj (for the benefit of Sanatanis).**1) At the time of formation, this Samaj was called "Shree Kutch Kadva Patidar Sanatani Samaj" 2) Thereafter on 10-May-1960 this Samaj was legally registered as "Shree Kutch Kadva Patidar Samaj".3) Later, on 24-Aug-1994, this Samaj was renamed as "Shri Akhil Bharatiya Kutch Kadva Patidar Samaj". | સતપંથ ધર્મથી છૂટા પડેલા સનાતનીઓએ દ્વારા **પોતાની (સનાતનીઓ માટે) માતૃ/કેન્દ્ર સમાજ ઊભી કરી.** ૧) સ્થાપના વખતે તેનું નામ હતું "શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજ" હતું. ૨) ત્યાર બાદ તા. ૧૦-મે-૧૯૬૦માં એ સમાજને કાયદાકીય રીતે "શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ"ના નામથી રજિસ્ટર કરવામાં આવી. ૩) ત્યાર બાદ તા. ૨૪-ઓગસ્ટ-૧૯૯૪ના આ સમાજનું નામ "શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ" રાખવામાં આવ્યું. |
| 66 | • Around: 1938<br>• VS-Kartak: 1994 | - Formation of this "Shree Kutch Kadva Patidar Sanatani Samaj" gave rise to a momentum of Formation of several Samajs at local village/city levels, which turned out to be a major step in institutionalizing the KKP community.<br>- Similarly Yuvak Mandals and Mahila Mandals were setup in those villages and cities.<br>- Today almost all such Samajs throughout India as well as abroad are members of ABKKP Samaj.<br><br>**<u>Note:</u> the Formation of this Samaj turned out to be the main** | - "શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજ"ની સ્થાપના, જ્ઞાતિમાં સમાજ વ્યવસ્થા નિર્મિત થવા પાછળ કારણભૂત થઈ. આવનાર સમયમાં દરેક ગામ અને વિસ્તારમાં જ્ઞાતિ જનોને સંગઠિત કરવા માટે "સમાજ વ્યવસ્થા" ઊભી થઈ, જેનાથી જ્ઞાતિ પદ્ધતિસર સંસ્થાના મધ્યમથી સંગઠિત થઈ.<br>- તેવીજ રીતે ગામોગામ યુવક મંડળો અને મહિલા મંડળોની રચનાઓ કરવામાં આવી.<br>- આજે ભારત તેમજ વિદેશની લગભગ દરેક ક. ક. પા સનાતની જ્ઞાતિની સમાજો કેન્દ્રીય સમાજની સભ્ય બની ગઇ છે.<br><br>**<u>નોંધ:</u> ક. ક. પા. જ્ઞાતિના ઉત્થાન,** |

| ક્ર. | Date / તિથિ | Historical Events | ઐતિહાસિક પ્રસંગો |
|---|---|---|---|
| | | **foundation for the growth and property of KKP community.** | **વિકાસ, સમૃધ્ધિ, અને પ્રગતિમાં આ સંસ્થાની સ્થાપના પાયામાં છે.** |
| 67 | • 21-Sep-1939<br>• VS-Kartak: 1995 Bhadarvo Sudh 8<br>• Thursday | In Civil Suit 168 of 1931 the Ahmedabad Civil Court framed the Consitution of "Imamshah Bawa Roza Sansthan Committee Trust" (Reg No E-738) -Pirana, the central/main organisation of Satpanthis - where all benefits of trust were given to Saiyyeds only. Satpanthis could only have darshan of the tomb and eat in common kitchen. | વર્ષ ૧૯૩૧ ના સિવિલ સૂટ ક્ર ૧૬૮માં અમદાવાદ દીવાની કોર્ટએ "ઈમામશાહ બાવા રોઝા સંસ્થાન કમિટી ટ્રસ્ટ" (રજી ક્ર ઈ-૭૩૮) - પીરાણા, જે સતપંથીઓની માતૃ સંસ્થા છે, એ સાસંથનું બંધારણ ગાડ્યું. જેમાં ટ્રસ્ટના તમામ ફાયદાઓ માત્ર સૈયદોને આપવામાં આવ્યા છે. સતપંથીઓ માત્ર કબરના દર્શન કરી શકે અને ત્યાં ચાલતા ભોજનાલયમાં જમી શકે. |
| 68 | • 20-Oct-1941<br>• VS-Kartak: 1997 Aso Vad 14<br>• Monday | Death of Narayan Ramji Limbani (on Kaali Chaudas day) | નારાયણ રામજી લીંબાણીનો સ્વર્ગવાસ થયો (કાળી ચૌદસનો દિવસ) |
| 69 | • 02-Apr-1944<br>• VS-Kartak: 2000 Chaitra Sudh 9<br>• Sunday | Umiya Mataji Vandhay Mandir was inaugurated by Kutch Kadva Patidar Sanatan Samaj on this Ram Navami day.<br><br>**(KKP Community got reconnected to Umiya Mataji, Unjha)** | ઉમિયા માતાજી, વાંઢાય મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા આજ એટલે રામ નવમીના દિવસે, શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ દ્વારા કરવામાં આવેલ.<br><br>**(ઉમિયા માતાજી ઊંઝા સાથે ક. ક. પા. જ્ઞાતિ ફરી જોડાઇ)** |
| 70 | • 01-Oct-1944<br>• VS-Kartak: 2000 Aso Sudh 14<br>• Sunday | Gyati Reet Rivaj was framed and passed for the first time by Kutch Kadva Patidar Sanatani Samaj in a general meeting of Sanatani representatives of all villages of Kutch.<br><br>In some records the Vikram Samvat is mentioned as 2001. That is because of the Vikram Samvat Ashadh (VS-Asadh) calendar followed in Kutch region. | ડરએક ગામના સનાતની પ્રતિનિધિઓની એક જાહેર સભા બોલાવીને કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજ દ્વારા, પહેલી વખત જ્ઞાતિ રીત રિવાજો ઘડવામાં અને પાસ કરવામાં આવ્યા.<br><br>અમુક દસ્તાવેજોમાં વર્ષ ૨૦૦૧ જોવા મળે છે. તેનું કારણ છે કે એ કચ્છી વર્ષ (VS-Ashad) પ્રમાણે લખેલ છે. જેમાં અષાઢ મહિનામાં વર્ષ બદલી જાય છે. |

| ક્ર. | Date / તિથિ | Historical Events | ઐતિહાસિક પ્રસંગો |
|---|---|---|---|
| 71 | • 07-Oct-1945<br>• VS-Kartak: 2001 Aso Sudh 1<br>• Sunday | **Swaminarayan Sect gave its acceptance for the first time to its own Sadhus coming from KKP community:**- A decision by Ahmedabad Swaminarayan Temple that from now onwards Swaminarayan Sadhus coming from KKP community will be accepted by them. - Earlier they were not given Diksha because KKP community was considered and treated as outcasts and called Momna Muslims, as they were following Satpanth religion. | **સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા ક. ક. પા. જ્ઞાતિમાંથી આવતા પોતાના સંપ્રદાયના સાધુઓને પહેલી વખત સ્વીકૃતતા આપી:**- અમદાવાદ સ્વામીનારાયણ મંદિરની આગેવાનીમાં સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા ક. ક. પા. જ્ઞાતિના સાધુઓને દીક્ષા આપવાની મંજૂરી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો. - અગાઉ ક. ક. પા. જ્ઞાતિથી આવતા સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓને દીક્ષા નહોતી અપાતી. સતપંથ ધર્મના કારણે ક. ક. પા. જ્ઞાતિને મુમના મુસલમાન જ્ઞાતિ ગણવામાં આવતી અને એમની સાથે આભડછેટનો વ્યવહાર રાખવામાં આવતો. |
| 72 | • 23-Apr-1946<br>• VS-Kartak: 2002 Chaitra Vad 7<br>• Tuesday | Last 12 yearly marriage in KKP community | ક. ક. પા. જ્ઞાતિમાં છેલ્લા ૧૨ વર્ષીય લગ્ન |
| 73 | • 1954<br>• VS-Kartak: 2010 | Dhansura Chhatralay (Hostel) opening. 1st Hostel of KKP Sanatan Samaj. | ક. ક. પા. જ્ઞાતિની પહેલી વિદ્યાર્થી હોસ્ટેલ ધનસુરા ખાતે સનાતની સમાજે શરૂ કરી. |
| 74 | • Onwards: 1957<br>• VS-Kartak: 2013 | Purchase of several properties for Mandvi Samajwadi. 1) 10-Dec-1957 2) 28-Oct-1960 3) 05-Oct-1961 4) 02-Jan-1967 | માંડવી સમાજ વાડી માટે મિલકતોની ખરીદી શરૂ કરવામાં આવી. શરૂઆતની ખરીદીની અમુક તારીખો છે.. 1) 10-Dec-1957 2) 28-Oct-1960 3) 05-Oct-1961 4) 02-Jan-1967 |
| 75 | • 13-Jan-1957<br>• VS-Kartak: 2013 Posh Sudh 12<br>• Sunday | Death of Sant Odhavram on this Makar Sankranti day. | સંત ઓધવરામ મહારાજનું સ્વર્ગવાસ (મકર સંક્રાંતિના દિવસે). |
| 76 | • Around: 1958<br>• VS-Kartak: 2014 | First land purchased at Mandvi for Samaj wadi. | માંડવીમાં સમાજવાડી માટે પહેલી જમીન લેવામાં આવી. |

| ક્ર. | Date / તિથિ | Historical Events | ઐતિહાસિક પ્રસંગો |
|---|---|---|---|
| 77 | • 22-Oct-1958<br>• VS-Kartak: 2014 Aso Sudh 10<br>• Wednesday | Land along with several existing structures was purchased on which the present Bhuj Samajwadi is erected. Decision to buy the property was taken on 13-Jul-1957. | હાલના સમયની ભુજ સમાજ વાડી માટે અમુક મકાનો સાથે જમીન ખરીદવામાં આવી. મિલકત ખરીદવાનો નિર્ણય તારીખ 13-જુલાઈ-1957 નો લેવાયો હતો. |
| 78 | • 10-May-1960<br>• VS-Kartak: 2016 Vaishakh Sudh 14<br>• Tuesday | 1st KKP Gnati Adhiveshan under leadership of ABKKP Samaj. | અ. ભા. ક. ક. પા. સમાજની આગેવાનીમાં પહેલું જ્ઞાતિ અધિવેશન. |
| 79 | • 11-May-1960<br>• VS-Kartak: 2016 Vaishakh Sudh 15<br>• Wednesday | - KKP Samaj was legally registered. (See Sno. 66 & 67 about formation of ABKKP Samaj)<br>- Patidar Vidyarthi Bhavan (Hostel), Nakhtrana was inaugurated (land purchased on 11-Sep-1957).<br>- This samaj was later renamed as ABKKP Samaj. | - ક. ક. પા. સમાજને કાયદાકીય રીતે રજીસ્ટર કરવામાં આવી. (જુવો ક્ર. 66 & 67 - કેન્દ્રીય સમાજની સ્થાપના)<br>- પાટીદાર વિદ્યાર્થી ભવન (હોસ્ટેલ), નખત્રાણાનું ઉદઘાટન કરવામાં આવ્યું. (જમીન ખરીદી તા. ૧૧-સપ્ટેમ્બર-૧૯૫૭)<br>- આ સમાજનું નામ પાછળથી બદલીને અ. ભા. ક. ક. પા. સમાજ રાખવામાં આવ્યું. |
| 80 | • 14-May-1964<br>• VS-Kartak: 2020 Vaishakh Sudh 3<br>• Thursday | Without any consideration in return, the ownership and administration of the Umiya Mataji Temple, Vandhay was handed over by Sadhu Shantidasji Guru Dayaldasji to a committee of 6 persons belonging to Sanatani KKP Samaj. | કોઈ પણ વળતરની અપેક્ષા રાખ્યા વગર, સાધુ શાંતિદાસજી ગુરુ દયાલદાસજીએ ઉમિયા માતાજી વાંઢાય મંદિરનો માલિકી હક્ક અને વહીવટ સનાતની કચ્છ કડવા પાટીદાર સમાજના ૬ અગ્રણીઓની એક સમિતિને સોંપી દીધો. |
| 81 | • 18-Oct-1966<br>• VS-Kartak: 2022 Aso Sudh 5<br>• Tuesday | Purchased govt. plot opposite Patidar Vidyarthi Bhavan, Nakhtrana | પાટીદાર વિદ્યાર્થી ભવન નખત્રાણાની સામે આવેલ સરકારી પ્લોટ ખરીદી કરવામાં આવ્યો. |
| 82 | • 1967 - 68<br>• VS-Kartak: 2023 | Boys Hostel (Chhatralay) Bhuj started in Samajwadi. | ભુજ સમાજવાડીમાં કુમાર છાત્રાલય શરૂ કરવામાં આવ્યું. |
| 83 | • 28-Sep-1970<br>• VS-Kartak: 2026 Bhadarvo Vad 13<br>• Monday | Death of Ratanshi Khimji Khetani at Ghatkopar, Mumbai. | રતનશી ખીમજી ખેતાણીનો ઘાટકોપર ખાતે સ્વર્ગવાસ. |

| ક્ર. | Date / તિથિ | Historical Events | ઐતિહાસિક પ્રસંગો |
|---|---|---|---|
| 84 | • 24-Dec-1972 to 26-Dec-1972<br>• VS-Kartak: 2029 Magsar Vad 4 to 6<br>• Sunday to Tuesday | YuvakSangh (later renamed as YuvaSangh) formed by initiative of Navchetan Patidar Yuvak Mandal, Kolkata, which called representatives from all over India. Function between 24 to 26-Dec-1972 at Kolkata. | યુવક સંઘની સ્થાપના કરવામાં આવી. જેનું નામ પાછળથી યુવાસંઘ રાખવામાં આવ્યું. આ માટે નવચેતન પાટીદાર યુવક મંડળ, કોલકાતા દ્વારા સમસ્ત ભારતભરમાં થી પ્રતિનિધિઓની સભા તા. ૨૪ થી ૨૬-ડિસેમ્બર-૧૯૭૨ દરમ્યાન કોલકાતામાં બોલવામાં આવેલ હતી. |
| 85 | • 20-Sep-1973<br>• VS-Kartak: 2029 Bhadarvo Vad 8<br>• Thursday | Land purchased for constructing Boy's Hostel in Bhuj. | કુમાર છાત્રાલય, ભુજ માટે જમીન ખરીદવામાં આવી. |
| 86 | • 22-May-1977 to 23-May-1977<br>• VS-Kartak: 2033 Jeth Sudh 4 to 5<br>• Sunday to Monday | 2nd KKP Gnati Adhiveshan under leadership of ABKKP Samaj.<br>**Main Focus:** 1) Reforming Outwardly Behaviour (Bahya Acharan) especially relating to "Chori Vidhi" for marriages and "Agni Sanskar" (to cremate and not to bury) for the dead persons.2) Speaker of Gujarat Vidhana, Kundanlal Dholakiya offered government land for building Surgical Hospital to Kendra Samaj, on which today's Devashish Hospital stands. | અ. ભા. ક. ક. પા. સમાજની આગેવાનીમાં બીજું જ્ઞાતિ અધિવેશન<br>**મુખ્ય મુદ્દાઓ:** ૧) બાહ્ય આચરણમાં સુધારો લાવવા માટે ચોરી વિધિ થી લગ્ન અને મરણ પછી અગ્નિ સંસ્કાર (ભૂમિ દાહ નહીં) કરવાનો નિર્ણય. ૨) ગુજરાત વિધાનસભાના સ્પીકર કુંદનલાલ ધોળકિયાએ નખત્રાણામાં સર્જીકલ હોસ્પિટલ બનાવવા માટે સરકારી જમીન કેન્દ્ર સમાજને આપવાની જાહેરાત કરી, જેના પર આજે દેવાશીષ હોસ્પિટલ ઊભી છે. |
| 87 | • 23-May-1977<br>• VS-Kartak: 2033 Jeth Sudh 5<br>• Monday | YuvaSangh's constitution was passed. | યુવાસંઘનું બંધારણ પાસ કરવામાં આવ્યું. |
| 88 | • 16-Nov-1978<br>• VS-Kartak: 2035 Kartak Vad 2<br>• Thursday | Executive Body (Karobari) of Umiya Mataji Unjha passed resolution to stop KKP community from following Satpanth religion. | ઊંઝા ખાતે ઉમિયા માતાજી મંદિરની કારોબારી દ્વારા ક. ક. પા. જ્ઞાતિમાં સતપંથ ધર્મને રોકવા માટે લેવામાં આવેલ નિર્ણય. |
| 89 | • 24-Jul-1980<br>• VS-Kartak: 2036 Ashadh Sudh 12<br>• Thursday | Gandhidham Samajwadi's land was purchased. | ગાંધીધામ સમાજવાડીની જમીન ખરીદવામાં આવી. |

| ક્ર. | Date / તિથિ | Historical Events | ઐતિહાસિક પ્રસંગો |
|---|---|---|---|
| 90 | • 1981<br>• VS-Kartak: 2037 | Kanya (Girls Hostel) Chhatralay Bhuj started on temporary basis in Bhuj Samaj Wadi. | ભુજ સમાજવાડીમાં પ્રાયોગિક ધોરણે કન્યા છાત્રાલય શરૂ કરવામાં આવી. |
| 91 | • 18-May-1985 to 19-May-1985<br>• VS-Kartak: 2041 Vaishakh Vad 14 to Amavasya<br>• Saturday to Sunday | 3rd KKP Gnati Adhiveshan under leadership of ABKKP Samaj. | અ. ભા. ક. ક. પા. સમાજની આગેવાનીમાં ત્રીજું જ્ઞાતિ અધિવેશન. |
| 92 | • 20-May-1986<br>• VS-Kartak: 2042 Vaishakh Sudh 11<br>• Tuesday | Inauguration of building for Boys Hostel (Chhatralay) Bhuj constructed on new land. | નવી જમીનમાં બાંધેલ કુમાર છાત્રાલય, ભુજનું ઉદઘાટન. |
| 93 | • 24-Nov-1987<br>• VS-Kartak: 2044 Margsar Sudh 3<br>• Tuesday | Patidar Sewa Sangh and Gau Raksha Kendra – Mathal. | પાટીદાર સેવા સંઘ અને ગૌ રક્ષા કેન્દ્ર – મથલ. |
| 94 | • 1988<br>• VS-Kartak: 2044 | Vallabh Vidyanagar Hostel started in a rented place by Yuvasangh. | વલ્લભ વિદ્યાનગર હોસ્ટેલ - યુવાસંઘ દ્વારા ભાડાના મકાનમાં પ્રાયોગિક ધોરણે ચાલુ. |
| 95 | • 19-Aug-1990<br>• VS-Kartak: 2046 Shravan Vad 14<br>• Sunday | Gandhidham Samajwadi was inaugurated. | ગાંધીધામ સમાજવાડીનું ઉદઘાટન. |
| 96 | • 1991<br>• VS-Kartak: 2047 | "Kranti Dal" was formed to protect the members of the Samaj against the atrocities and injustice meted out by corrupt government officials, anti-social elements etc. | ભ્રષ્ટ સરકારી અધિકારીઓ અને અસામાજિક તત્ત્વો વગેરે દ્વારા સમાજના લોકો પર થતા અન્યાય અને અત્યાચાર સામે લડત આપવા "ક્રાંતિ દળ"ની સ્થાપના કરવામાં આવી. |
| 97 | • 28-Apr-1993 to 30-Apr-1993<br>• VS-Kartak: 2049 Vaishakh Sudh 7 to 9<br>• Wednesday to Friday | 4th KKP Gnati Adhiveshan under leadership of ABKKP Samaj. | અ. ભા. ક. ક. પા. સમાજની આગેવાનીમાં ચોથું જ્ઞાતિ અધિવેશન. |

| ક્ર. | Date / તિથિ | Historical Events | ઐતિહાસિક પ્રસંગો |
|---|---|---|---|
| 98 | • 28-Apr-1993<br>• VS-Kartak: 2049 Vaishakh Sudh 7<br>• Wednesday | Opening of Kanya (Girls Hostel) Chhatralay at Nakhtrana. | કન્યા છાત્રાલય - નખત્રાણાનું ઉદ્ઘાટન. |
| 99 | • 17-Apr-1994<br>• VS-Kartak: 2050 Chaitra Sudh 6<br>• Sunday | Nanji Virji Dholu Vidyarthi Chhatralay, Mandvi -(Girls Hostel) opening. | નાનજી વિરજી ધોળું છાત્રાલય (કન્યા છાત્રાલય) - માંડવીની ઉદ્ઘાટન. |
| 100 | • 28-Jan-1995 to 29-Jan-1995<br>• VS-Kartak: 2051 Posh Vad 12 to 13<br>• Saturday to Sunday | - Opening ceremony of Vallabh Vidyanagar Hostel.<br>- Yuvasangh had purchased the land along with structures in the name of ABKKP Samaj and ABKKP Samaj came up with the hostel and other facilities. | - વલ્લભ વિધાનગર હોસ્ટેલનું ઉદ્ઘાટન<br>- યુવાસંઘ દ્વારા કેન્દ્રીય સમાજના નામે બાંધકામ સાથે જમીન ખરીદી કરેલ અને કેન્દ્રીય સમાજે હોસ્ટેલ અને અન્ય સુવિધાઓ ઊભી કરેલ. |
| 101 | • 04-Feb-1996<br>• VS-Kartak: 2052 Maha Sudh 15<br>• Sunday | Under the leadership of Shri Premji Punja Vasani who was the presiding President of kendriya Samaj, a committee called Laxminarayan Sanatan Dharm Prachar Samiti was formed to bring all KKP Laxminarayan temples under one roof. Which later went on to form Laxminarayan Kendra Sthan (Sanskar Dham) at Desalpar Vandhay. | ક. ક. પા. જ્ઞાતિના સમસ્ત લક્ષ્મીનારાયણ મંદિરોને એક છત્ર નીચે લાવવા માટે, કેન્દ્રીય સમાજના તત્કાલીન પ્રમુખ શ્રી પ્રેમજી પૂંજા વાસાણીના પ્રમુખ સ્થાને લક્ષ્મીનારાયણ ધર્મ પ્રચાર સમિતિની રચના કરવામાં આવી. જેણે આગળ જતાં લક્ષ્મીનારાયણ કેન્દ્ર સ્થાન (સંસ્કાર ધામ) દેસલપર વાંઢાયની સ્થાપના કરી. |
| 102 | • 21-May-1997<br>• VS-Kartak: 2053 Vaishakh Sudh 14<br>• Wednesday | Mahila Sangh constitution passed and thus Mahila Sangh formally came into existence. | મહિલા સંઘનું બંધારણ પાસ કરીને મહિલા સંઘની વિધિસર સ્થાપના કરવામાં આવી. |

| ક્ર. | Date / તિથિ | Historical Events | ઐતિહાસિક પ્રસંગો |
|---|---|---|---|
| 103 | • 1999<br>• VS-Kartak: 2055 | Following trusts..., 1) Umiyadevi Tatha Ishwar Ramji Annakshetra And Charitable Trust (established on 28-Mar-1977), and 2) Umiya Mataji Trust, (established in 1982).<br><br>... were merged and a trust called **"Umiya Mataji Ishwar Ramji Trust"** (A-1414) was formed which presently is in charge of the affairs of the Umiya Mataji Temple, Vandhay. | ઉમિયા માતાજી વાંઢાય મંદિરનો વહીવટ ચલાવવા માટે, નીચે જણાવેલ બે ટ્રસ્ટો... ૧) ઉમિયા દેવી તથા ઈશ્વર રામજી અન્નક્ષેત્ર એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ (સ્થાપના ૨૮-માર્ચ-૧૯૭૭), અને ૨) ઉમિયા માતાજી ટ્રસ્ટ (સ્થાપના ૧૯૮૨)<br><br>... ના વિલીનીકરણ કરી એક ટ્રસ્ટ ઊભું થયું, જેનું નામ **"ઉમિયા માતાજી ઈશ્વર રામજી ટ્રસ્ટ"** (એ-૧૪૧૪) બનાવવામાં આવ્યું. હાલે આ ટ્રસ્ટ ઉમિયા માતાજી વાંઢાયના મંદિરનું સંચાલન કરી રહ્યું છે. |
| 104 | • 14-May-2000<br>• VS-Kartak: 2056 Vaishakh Sudh 11<br>• Saturday | Constitution of Shree Uma Education and Charitable Trust was passed in Extraordinary General Meeting of ABKKP Samaj. | કેન્દ્ર સમાજની અસાધારણ સામાન્ય સભામાં શ્રી ઉમા એજ્યુકેશન અને ચેરિટેબલ ટ્રસ્ટના બંધારણને બહાલી આપવામાં આવી. |
| 105 | • 11-Jun-2002<br>• VS-Kartak: 2058 Jeth Sudh 1<br>• Tuesday | Bhuj Kanya (Girls) Vidyalaya (Highschool) and Kanya (Girls) Chhatralay (Hostel) new building opening. | ભુજ કન્યા વિદ્યાલય (હાઈ સ્કૂલ) અને છાત્રાલયનું નવા મકાનનું ઉદઘાટન કરવામાં આવ્યું. |
| 106 | • 11-Jun-2002<br>• VS-Kartak: 2058 Jeth Sudh 1<br>• Tuesday | Bhuj Kanya (Girls) Vidyalaya (Highschool) started with classes std 8, 9 and 10. | ભુજ કન્યા વિદ્યાલય (હાઈ સ્કૂલ)નું ઉદઘાટન - ધોરણ ૮, ૯ અને ૧૦ ના ધોરણો શરૂ કરવામાં આવ્યા. |
| 107 | • 16-Oct-2005<br>• VS-Kartak: 2061 Aso Sudh 14<br>• Sunday | Opening of ABKKP Samaj's Devashish Hospital, Nakhtrana. | કેન્દ્રીય સમાજના દેવાશીષ હોસ્પિટલ નખત્રાણાનું ઉદઘાટન કરવામાં આવ્યું. |
| 108 | • 02-May-2007<br>• VS-Kartak: 2063 Vaishakh Sudh 15<br>• Wednesday | Opening of Lakhu Virji Dholu Vidyarthi Hostel, Mandvi (Boys Hostel) owned by ABKKP Samaj. | અ. ભા. ક. ક. પા. સમાજની માલિકીનું લખું વિરજી ધોળુ (કુમાર છાત્રાલય) માંડવીનું ઉદઘાટન. |
| 109 | • Jun-2007<br>• VS-Kartak: 2063 Vaishakh-Adhik | SUV School under Uma Education Trust, Valthan, Surat -opening. | ઉમા એજુકેશન ટ્રસ્ટ દ્વારા S.U.V. સ્કૂલ સુરતનું ઉદઘાટન. |

| ક્ર. | Date / તિથિ | Historical Events | ઐતિહાસિક પ્રસંગો |
|---|---|---|---|
| 110 | • 27-May-2008<br>• VS-Kartak: 2064 Vaisakh Vad 7<br>• Tuesday | Purchased private plot opposite Patidar Vidyarthi Bhavan, Nakhtrana | પાટીદાર વિદ્યાર્થી ભવન નખત્રાણાની સામે આવેલ ખાનગી પ્લોટ ખરીદી કરવામાં આવ્યો. |
| 111 | • 01-Apr-2009 to 03-Apr-2009<br>• VS-Kartak: 2065 Chaitra Sudh 6 to 8<br>• Wednesday to Friday | Umiya Mataji Vandhay -New Temple Inauguration function. | ઉમિયા માતાજી વાંઢાય નુતન મંદિરની પ્રતિષ્ઠા કરવામાં આવી. |
| 112 | • 07-Aug-2009<br>• VS-Kartak: 2065 Shravan Vad 1<br>• Friday | Himmatbhai's Historical Speech at AGM of ABKKP Samaj which is marked as start of present revolution relating to Satpanth. | અ. ભા. ક. ક. પા. સમાજની વાર્ષિક સામાન્ય સભામાં હિમતભાઈનું ઐતિહાસિક ભાષણ - જે હાલની સતપંથ અંગેની ક્રાંતિની શરૂઆત ગણવામાં આવે છે. |
| 113 | • 07-Aug-2009<br>• VS-Kartak: 2065 Shravan Vad 1<br>• Friday | Resolution passed in general meeting of ABKKP Samaj to take over GMDC College Nakhtrana. | GMDC કોલેજ નખત્રાણાનો વહીવટ અ. ભા. ક. ક. પા. સમાજ દ્વારા હસ્તગત લેવાનો સર્વાનુમતે ઠરાવ સામાન્ય સભામાં લેવામાં આવ્યો. |
| 114 | • 25-Mar-2010<br>• VS-Kartak: 2066 Chaitra Sudh 10<br>• Thursday | White Paper (Shwet Patra) released by ABKKP Samaj stating that ABKKP Samaj is of Sanatanis only (not of Satpanthis). | શ્વેત પત્ર - શ્રી અ. ભા. ક. ક. પા. સમાજ માત્ર સનાતનીઓની સમાજ છે (સતપંથીઓની નથી) એવો શ્વેત પત્ર બહાર પાડવામાં આવ્યો. |
| 115 | • 07-May-2010<br>• VS-Kartak: 2066 Vaishakh-Adhik Vad 9<br>• Friday | Amended constitution of ABKKP Samaj passed unanimously in presence of more than 25000 people. Though challenged in courts, the essence is that KKP community declared that Satpanth is not acceptable in ABKKP Samaj anymore. | ૨૫ હજારથી વધારે અભૂતપૂર્વ જનસંખ્યા વચ્ચે અ. ભ. ક. ક. પા. સમાજનું સુધારેલું બંધારણ પાસ કરવામાં આવ્યું. ભલે આ બંધારણ વિરુદ્ધ કોર્ટમાં કેસ ચાલતો હોય, પણ જ્ઞાતિએ સ્પષ્ટ નિર્ણય આપ્યો કે સતપંથ હવે અ. ભા. ક. ક. પા. સમાજમાં સ્વીકાર્ય નથી. |
| 116 | • 10-May-2010 to 12-May-2010<br>• VS-Kartak: 2066 Vaishakh-Adhik Vad 12 to 14<br>• Monday to Wednesday | 5th KKP Gnati Adhiveshan under leadership of ABKKP Samaj and celebration of completion of 50 years of ABKKP Samaj called Swarnim Mahotsav. Function was held at Nakhtrana. | અ. ભા. ક. ક. પા. સમાજની આગેવાનીમાં પાંચમું જ્ઞાતિ અધિવેશન અને અ. ભા. ક. ક. પા. સમાજના ૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે મનાવેલ સ્વર્ણિમ મહોત્સવ. કાર્યક્રમ નખત્રાણા ખાતે યોજવામાં આવેલ હતો. |

| ક્ર. | Date / તિથિ | Historical Events | ઐતિહાસિક પ્રસંગો |
|---|---|---|---|
| 117 | • 20-Jul-2010<br>• VS-Kartak: 2066 Ashadh Sudh 10<br>• Tuesday | One of the main objectives behind formation of YuvaSangh was to propagate Sanatan religion in order to free the KKP community completely from the clutches of Satpanth. However, Yuvasangh became victim of deceptive propaganda like Unity, Harmony, Organisation by use of Taqiyya, and forgot this main objective.<br><br>In order to bring this objective to forefront and to educate and bring clarity the youth about the religion and to propagate Sanatan Hindu religion, the YuvaSangh issued a historical order on this date. | યુવસંઘની સ્થાપના વખતના મુખ્ય ૫ (પાંચ) ઉદ્દેશોમાંનો એક ઉદ્દેશ હતો જ્ઞાતિને સતપંથમાંથી સંપૂર્ણ રીતે છોડાવા માટે સનાતન ધર્મની પ્રચાર પ્રસાર કરવો. પરંતુ એકતા સંપ સંગઠન જેવી ભ્રામક તાકીયાની રમતમાં ફસાઈ સંઘ આ મૂળ ઉદ્દેશ ભૂલી ગયેલ.<br><br>એ મૂળ ઉદ્દેશને ફરીથી ઉજાગર કરવા અને યુવાનો માટે ધર્મ બાબતે ચોખવટ કરતો અને સનાતન ધર્મને ઉજાગર કરવા માટે યુવસંઘ વતીથી ઐતિહાસિક આદેશ આપવામાં આવ્યો. |
| 118 | • 11-May-2011 to 14-May-2011<br>• VS-Kartak: 2067 Vaisakh Sudh 8 to 12<br>• Wednesday to Saturday | Laxminarayan Kendra Sthan (Sanskar Dham) Desalpar (Vandhay) inaugurated. Pranpratishtha on 11-May-2011. | લક્ષ્મીનારાયણ કેન્દ્ર સ્થાન (સંસ્કાર ધામ) દેસલપર (વાંઢાય)નું ઉદઘાટન. મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા તા. ૧૧-મે-૨૦૧૧ ના કરવામાં આવી. |
| 119 | • 09-Jun-2017<br>• VS-Kartak: 2073 Jeth Sudh 15<br>• Friday | Gandhidham - Reconstructed Samajwadi building was inaugurated. | ગાંધીધામ નુતન સમાજ વાડી ભવનનું ઉદઘાટન કરવામાં આવ્યું. |

| ક્ર. | Date / તિથિ | Historical Events | ઐતિહાસિક પ્રસંગો |
|---|---|---|---|
| 120 | • 08-Oct-2017<br>• VS-Kartak: 2073 Aso Vad 3<br>• Sunday | 1) Historic judgement by Unjha - Umiya Mataji's arbitration committee on the issue of Satpanth dispute.<br>2) Judgement asked Satpanthis to leave Satpanth and join mainstream Sanatani Samaj. **Note: This judgement gives clear message that Satpanth religion is not acceptable in Kadva Patidar community and that Kadva Patidars should leave Satpanth religion.** | ૧) ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા દ્વારા નિમયેલ લવાદપંચ દ્વારા સતપંથ વિવાદ અંગે ઐતિહાસિક ચુકાદો આપવામાં આવ્યો.<br>૨) જેમાં સતપંથીઓને સતપંથ ધર્મ ત્યાગી મુખ્ય ધારા એટલે સનાતની સમાજમાં ભળી જવાનો આદેશ આપેલ છે.<br>**નોંધ: આ ચુકાદો દ્વારા ચોખ્ખો સંદેશ આપવામાં આવ્યો છે કે સતપંથ ધર્મ કડવા પાટીદાર જ્ઞાતિ માટે પાળવા લાયક નથી. અને કડવા પાટીદારોએ સતપંથ ધર્મ ત્યાગી દેવો જોઇએ.** |
| 121 | • 22-Aug-2018<br>• VS-Kartak: 2074 Shravan Sudh 11<br>• Wednesday | Judgement by Umiya Mataji Vandhay arbitration panel on Mandvi Hostel fraud matter. Judgment stated that the Mandvi Hostel is owned by ABKKP Samaj. | માંડવી હોસ્ટેલ કાંડમાં વાંઢાય ઉમિયા માતાજી દ્વારા નિમાયેલ પંચો દ્વારા નિર્ણય આપવામાં આવ્યો કે માંડવી હોસ્ટેલ અ. ભ. ક. ક. પા. સમાજની માલિકીની છે. |
| 122 | • 27-Aug-2018<br>• VS-Kartak: 2074 Shravan Vad 1<br>• Monday | In process of implementation the Unjha's Judgement, some important resolutions passed in Vishesh Sabha (Special Meeting) of KKP Sanatan community whereby it was decided that from now onwards Sanatan Samaj will cut all social and religious ties with Satpanth Samaj. No new marital relations with Satpanthis either.<br><br>**Note: These resolutions are passed to ensure that in future, no problems relating to Satpanth, arise in the KKP community.** | ઊંઝાના ચુકાદાનું પાલન કરવાની પ્રક્રિયાને આગળ ધપાવતાં, ક. ક. પા. સનાતન જ્ઞાતિ દ્વારા વિશેષ સભા બોલાવવામાં આવી જેમાં સતપંથીઓ સાથે તમામ સામાજિક અને ધાર્મિક વ્યવહાર કાપી નાખવાના ઠરાવો કરવામાં આવ્યો. તેમજ નવા લગ્ન સંબંધો (સગપણો) ન કરવાનો ઠરાવ પણ કરવામાં આવ્યો.<br><br>**નોંધ: ભવિષ્યમાં સતપંથના કારણે જ્ઞાતિમાં સમસ્યા ઉત્પન્ન ન થાય એના માટે આ ઠરાવો પસાર કરવામાં આવેલ છે.** |
| 123 | • 28-May-2019<br>• VS-Kartak: 2075 Vaishakh Vad 9<br>• Tuesday | Purchased Suvidha Kendra's property at Ahmedabad. | અમદાવાદ ખાતે સુવિધા કેન્દ્રની મિલકત ખરીદવામાં આવી. |

| ક્ર. | Date / તિથિ | Historical Events | ઐતિહાસિક પ્રસંગો |
|---|---|---|---|
| 124 | • 16-Aug-2019<br>• VS-Kartak: 2075 Shravan Vad 1<br>• Friday | "Maa Uma no Aadesh Satpanth Chhodo" popularly known as "Satpanth Chhodo" Book was published and released. - This book covers in detail the proceedings behind Unjha's judgement and Vishesh Sabha resolutions. | "મા ઉમાનો આદેશ સતપંથ છોડો" પુસ્તક જેણે સામાન્ય રીતે "સતપંથ છોડો" પુસ્તકનું પ્રકાશન અને વિમોચન કરવામાં આવ્યું. - ઊંઝાના ચુકાદા માટે તેમજ વિશેષ સભાના ઠરાવો પાછળ થયેલ ગતિવિધિઓની વિસ્તૃત જાણકારી આ પુસ્તકમાં છે. |
| 125 | • 18-Jun-2021<br>• VS-Kartak: 2077 Jeth Sudh 8<br>• Friday | New land at Bhuj was purchased by ABKKP Samaj. | ભુજમાં નવી જમીન કેન્દ્રીય સમાજ દ્વારા લેવામાં આવી. |
| 126 | • 11-May-2023 to 14-May-2011<br>• VS-Kartak: 2079 Vaishakh Vad 6 to 10<br>• Thursday to Sunday | 1st Sanatani KKP Gnati Adhiveshan under leadership of ABKKP Samaj. Celebration of completion of 100 years of Gyati Parishads of 1920s, 50 years of YuvaSangh and 25 years of MahilaSangh. Function was held at Nakhtrana. | અ. ભા. ક. ક. પા. સમાજની આગેવાનીમાં પહેલું સનાતની જ્ઞાતિ અધિવેશન. ૧૯૨૦ના દાયકામાં યોજાયેલ જ્ઞાતિ પરિષદના ૧૦૦ વર્ષ, યુવસંઘના ૫૦ વર્ષ અને મહિલા સંઘના ૨૫ વર્ષ પૂર્ણ થવાનો મહોત્સવ. કાર્યક્રમ નખત્રાણા ખાતે યોજવામાં આવેલ હતો. |

E&OE

**Instructions**

1) ખૂટતી કે વધારાની માહિતી હોય તો મોકલાવીને આભારી કરશો જી. / Request to share additional or missing information.
2) Where it is difficult to ascertain exact date, the date which is mostly accepted or close to the exact date is considered.
3) In case of disagreement between historians, dates accepted by Research Institutions are considered.
4) When event is for more than 1-day, starting date of event is taken into consideration.
5) **a.** In India, many traditional calendars are being followed and each calendar has its own variations. Like, a particular calendar has specific variations which have different starting day of every year and then having different starting day for every month. However, in KKP community mainly two traditional calendars were followed in the past viz., VSA (Vikram Samvat Ashadh) i.e., Kutchi Calendar and VSK (Vikram Samvat Kartak) i.e., Gujarati Calendar. Nowadays only VSK calendar is widely followed, which is our default calendar.
   **b.** With respect to conversion of dates from Vikram Samvat calendar to International Calendar i.e., Gregorian Calendar, there is difficulty in identifying which Vikram Samvat calendar has been used. The problem intensifies when a mix of calendars are used, within one document, without mentioning the calendar type.
   **c.** While converting the dates, if the traditional date is accompanied by the day of the week (વાર), then great reliance is placed on that information to find out the type of calendar used.
   **d.** We have also carefully studied the contexts with respect to the dates and also have checked to ensure that all other dates in the document are sync with each other. If needed, we have relied on external document which also has recorded the date of the same event.
   **e.** Further, since the traditional calendars can have inherent variation with respect to Tithi (તિથિ), i.e., sometimes Tithi is repeated or is completely skipped. If Day of Week is not mentioned, then in such cases there is very slim possibility of having variation of one day.


હાર્દિક શુભેચ્છા
માતૃદેવો ભવ:
પિતૃદેવો ભવ:
સ્વ. દેવકાબેન
સ્વ. વિશ્રામ ગોપાલ
શ્રી અબજીભાઇ વિશ્રામભાઇ કાનાણી (દિવાણી)
શ્રીમતી શાંતાબેન અબજીભાઇ કાનાણી (દિવાણી)
પુત્રી
શોભના-નવિન-કાવ્યમ્
નેત્રા-ખારઘર
પુત્ર
પિયુષ-જીનલ-કેયા-કાવ્યા
વિરાણીમોટી-બેંગ્લોર
પુત્રી
તૃષા-તુષાર-હેત-દિતી
દરશડી-બેંગ્લોર
વિરાણીમોટી, તા.નખત્રાણા-કચ્છ.

# માવિત્ર માવજીભાઇ કેશરાભાઇ રામાણી પરિવાર

**નખત્રાણા-સુરત**

**તરફથી ઇતિહાસવિદ ગ્રંથની હાર્દિક શુભકામનાઓ**



**સ્વ. માવજીભાઇ કેશરાભાઇ રામાણી**



**ગં. સ્વ. જાનીબેન માવજીભાઇ રામાણી**

### શુભેચ્છક

ગં.સ્વ.જાનીબેન માવજીભાઈ રામાણી
નિર્મળાબેન ભરતકુમાર માવજીભાઈ રામાણી
ગીતાબેન ઝવેરીલાલ માવજીભાઈ રામાણી
કોમલ મનીષ ભરતભાઈ રામાણી
કિંજલ પાર્થ ઝવેરીલાલ રામાણી
પાર્થવી મનીષ રામાણી
તાલીની મનીષ રામાણી
પાર્થવ પાર્થ રામાણી

### દિકરી-જમાઇ

પુષ્પાબેન અરવિંદભાઈ દિવાણી (ધુલીયા)
લક્ષ્મીબેન લખમશીભાઈ રૂડાણી (રાયપુર)
નિરંજનાબેન રામલાલ લીંબાણી (વિશાખાપટ્ટનમ)
મિનાક્ષીબેન ગૌતમકુમાર પોકાર (આણંદ)

### પૌત્રી-જમાઇ

રીમા જતનકુમાર દડગા (મોડાસા)
નેહાલી મિતુલકુમાર પોકાર (કડોદરા)

### સંબધિત-પ્રતિસ્થાન

| | | |
|---|---|---|
| BZ STUDIO<br>S-7, સેન્ટ્રલ પ્લાઝા ન્યુ સીટીલાઈટ રોડ-સુરત | વિકેતુ ઇન્ડીયા પ્રા.લી<br>વરાછા-સુરત | રામાણી ફાર્મ<br>નખત્રાણા |

Bhanjibhai Pokar
+91-98241-34101

Ashokbhai Pokar
+91-99240-81801

PRABHAT
Timber Mart

Surat-Kadodara road, Surat,
Gujarat - 394327 - INDIA

www.prabhattimbermart.com
ptm1011@gmail.com

GREEN BIRD™
PASSION FOR WOOD

INTRODUCING

**Handcrafted Wooden Crockery**

Premium Quality Kitchnware Collection

Food Grade Products

US FDA-21CFR 175:300

Premium Quality

Surat-Kadodara road, Surat,
Gujarat - 394327 - INDIA

www.greenbird.co.in

mail@greenbird.co.in

Kamlesh Pokar
98241-16531

Dinesh Divani
97235-18508

Hardik Pokar
97221-75682



# ઇતિહાસ ગ્રંથ પ્રકાશન નિમિત્તે શુભેચ્છા



**શ્રી માવજીભાઇ રામજીભાઇ વાગડિયા ◆ સૌ. માનબાઇ માવજીભાઇ વાગડિયા**

માજી ટ્રસ્ટી : અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ - નખત્રાણા
માજી ઉપપ્રમુખ : લખપત તાલુકા કડવા પાટીદાર સમાજ - દયાપર
માજી પ્રમુખ : કોલ્હાપુર સનાતન પાટીદાર સમાજ - કોલ્હાપુર
માજી પ્રમુખ : ધારેશી કચ્છ કડવા પાટીદાર સમાજ - ધારેશી, તા. લખપત

## સંબંધિત ફર્મ

KSM Group

**દિ કોલ્હાપુર સો મિલ એન્ડ ટિમ્બર મર્ચન્ટ - કોલ્હાપુર**
**દિ કોલ્હાપુર વુડન પેકીંગ સો મિલ - શિરોલી**
**મે. કોલ્હાપુર ટિમ્બર એન્ડ ફર્નિચર માર્ટ - ગોકુલ શિરગાંવ**
**મે. કનિતા એન્ટરપ્રાઇઝ, કોલ્હાપુર**
**કોલ્હાપુર ટ્રેડીંગ પ્રા. લિ. - ફાઇવ સ્ટાર એમ. આઇ. ડી. સી., કોલ્હાપુર**
**જે. ડી. વુડસ્ - કોલ્હાપુર**
**કોલ્હાપુર નર્સરી - કણેરીવાડી, કોલ્હાપુર**

શ્રી હરીભાઇ માવજીભાઇ વાગડિયા, શ્રી ડાયાલાલ માવજીભાઇ વાગડિયા,
શ્રી ભાવેશ હરીભાઇ વાગડિયા, હિતેશ હરીભાઇ વાગડિયા, દેવાંગ ડાયાલાલ વાગડિયા તેમજ
ધારેશી વસતા સમસ્ત સ્વ. રામજીભાઇ રૈયાભાઇ વાગડિયા પરિવાર તરફથી

**શ્રી જય લક્ષ્મીનારાયણ જય મા ઉમિયા જય સનાતન**

FRONT SIDE

LEGENDS REACHING
NEW HEIGHTS OF

# LEGACY



## LEGACY OF MAKING HOMES FOR THE LEGENDS

MOST PREFERRED DEVELOPERS BY THE NRIs AND WHO'S WHO OF PUNE
WITH PROUD HOME OWNERS FROM

**USA | CANADA | UK | EUROPE | AUSTRALIA | AFRICA | MIDDLE EAST**

Over 74 Successful Completed And Ongoing Real Estate Projects

ALLIANCE® GROUP

A VENTURE BY
SANJAY MAGANBHAI BHAGAT

**Corporate Office :** Rahul Complex, 2nd floor, D-Wing, Office No.23,24,25,
Paud Road, Kothrud, Pune : 411 038. Maharashtra - India.
**Reach Us On :** +91 98230 79076 / 98220 38837 **Email :** sanjaypatel1975@gmail.com
**Website :** www.alliancedevelopers.in

BACK SIDE



LEGENDS REACHING
NEW HEIGHTS OF
LEGACY
LEGACY OF MAKING HOMES
FOR THE LEGENDS
MOST PREFERRED DEVELOPERS BY THE NRIs AND WHO'S WHO OF PUNE
WITH PROUD HOME OWNERS FROM
USA | CANADA | UK | EUROPE | AUSTRALIA | AFRICA | MIDDLE EAST
Over 74 Successful Completed And Ongoing Real Estate Projects
ALLIANCE® GROUP
A VENTURE BY
SANJAY MAGANBHAI BHAGAT
Corporate Office : Rahul Complex, 2nd floor, D-Wing, Office No.23,24,25,
Paud Road, Kothrud, Pune : 411 038. Maharashtra - India.
Reach Us On : +91 98230 79076 / 98220 38837 Email : sanjaypatel1975@gmail.com
Website : www.alliancedevelopers.in